કો લદાવમાં ઉભી ભીંતસું બેઠા બેહુ દીશે કરી અને હારજી
એમ અગણીત શ્રષ્ટી અપારનો કહેતાં આવે નહીં પારજી ।૩૬૦।
કો આવ્યા ને કો આવતા જાએ છે કો મારગે કો હવેલી માંહાંજી
કો પોંહોંચ્યા કો પોંહોંચે છે ઉતાવલા વેગ સીધ થઈ જયાંહાં ત્યાંહાંજી ।૬૧।
હવેલીઓ દુધઘર ખરીકના અને ઘાટ જસોદાના જેહજી
ઉથાપનનો સમય તે લહી અને સીધ થઇ થઈ આવ્યા છે તેહજી ।૬૨।
જે આવે તે સ્વકીય સમાજમાં બેસી જાએ છે મલતી પાણેજી
કોએ દ્વાર આગલ જઇ ઉભા રહે પહેલા દરશન હોયે એમ જાણેજી ।૬૩।
આહીં સર્વ પરસ્પર એમ કહે તમો આહાટ મ કરસો કોઇજી
હલવા હલવા ડગલા ભરો અને બોલજો મુખે થકી જોઇજી ।૬૪।
એક આજ અવાર થઇ ઘણી પોઢવાને પ્રથમ તેણીવારજી
કાંઇ હવડા નીંદ્રા આવી હસે તેણે પોઢયા છે પ્રાણાધારજી ।૬૫।
માટે આહાટ કોઇ કરસો માં બેસી રહો મૌન ગ્રહીયજી
હવે સમય ઉથાપનનો થયો વેગા ઉઠસે તેહ લહીજી ।૬૬।
કોઇ કહે જે અવાર થઇ ઘણી ઉથાપન પહેલા ઉઠે છે રાજજી
સમે થયો છે ઉઠયાનો તે એહોને હવે વીલંબ કાં થાએ છે આજજી ।૬૭।
કોએ રસીઆ કહે રસભર થઈ રસમઇના રસમાં પાગીજી
રસીકાસું રસે વીલસી અને રસદાન કર્યું હસે જાગીજી ।૬૮।
તેણે નીંદ્રા હવે આવી હસે માટે પોઢયા છે પ્રાણાધારજી
અતી શ્રમીત સુખાનંદે પાગીઆ તે થકી થઇ છે અવારજી ।૬૯।
કો નીસવાસ મુકીને આરત ભરી બોલે કુશલ હો કહીજી
તેહને પોઢયા વાર મ લાગસો દરશન કરસું ક્ષણુ રહીજી ।૭૦।
એહને પ્રતીક્ષણુ પ્રાણઆધારની આરત મનમાંહાં રહે ઘણીયજી
સુખ ઇચ્છીત સુખદાયક સદા એહવા પ્રબલ ભાવના ધણીયજી ।૭૧।
કોએ વીપ્રયોગ વસ થકી કહે વેગ દરશન આપશો કયારેજી
એમ ચીંતામાં ચેન પડે નહીં સુખ હસે તે નીરખસું ત્યારેજી ।૭૨।
કહે નયણુ એ રૂપ તૃષારત તેહને રૂપામૃત રસે ભરીજી
કયારે અંગઅંગ દાન કરીને સીંચન કરસો ફરી ફરીજી ।૭૩।
કયારે રૂચીર અંબોડે લલકતે અને ઝલકતે ભાવ સુદેશજી
રેખા રૂચીર ઉભય શુભ તીલકની તે દેખાડસો કયારે વરેસજી ।૭૪।
શ્યામ રેખા સુશોભીત સોહતી મોહતી મન મનસીજ તણુજી
વંક વામ દીશે જે વલી રહી તેહને જોવાને મન રહે ઘણુજી ।૭૫।
વંક ભૃકુટી જે ભાવ સમોહસું શુભ ઉભય ઉભય રસે ભરીજી
તેહને નીરખતાં મનોરથ કરી કરી કોણ શકે ધીરજ ધરીજી ।૭૬।
નાશીકા જે નવલ અનુરાગસું ને પરાગે પ્રમુદીત જેહજી
જેહને નીરખતા નયન અમી ઢરે વેગે દેખાડો અમને તેહજી ।૩૭૭।

નયણ મયણ રસે રસ પાગીયા સૌભાગીયાને સંગ જાગીજી
તે કૃપા કરી કયારે દેખાડશો અંતરમાં અતી અનુરાગીજી ।૭૭૮।
જે નયણ કરૂણા રસનું ભર્યાં નવરસ ભર્યાં રસીક રસાલજી
તે નયણ સનમુખ કરી અમ દીશે કયારે નીરખીશો પરમ દયાલજી ।૭૯।
એ સુરતીની આરતે અકુલાઈને વીપ્રયોગે વહે જલ નયણેજી
રુદય અંતરમાંનું અંતર દહે પણ કહયું જાએ ન વયણેજી ।૮૦।
એણે ભાવે ભાવાધીન થઈને રસમઈને ઉરમાં લહીજી
વીરહ આરતે દરશન પ્રારથે ભાવે અંતર વચન કહીજી ।૮૧।
એ અધર જે તાંબોલ રસે પગ્યો રંગમગી રહયો પીક પરાગજી
લીક લીકે પીક રસ પ્રસરીયો છેલી રહયો અતીસય અનુરાગજી ।૮૨।
જે ઘસીને સનમુખ આવીઓ દાન દેવાને રસીક વરેસજી
તેહને જોયાની આરત અતી ઘણી તે દેખાડીએ પરમ સુદેસજી ।૮૩।
અહીં મનોરથે મન અટકી રહયું મટકી શકે નહીં લગારજી
દીઠે સ્વાદ તે સુખમાં પગે અને રૂદય દ્રવે તેણી વારજી ।૮૪।
વલી અંગ અંગ પુલકીત થઈને રસમાં રોમાંચીત થાએજી
અને મનમાં અનુભવ જે હોએ તે તો વચને કહયો નવ જાએજી ।૮૫।
જેહને જોવાને મન અકુલાએ છે વ્યાકુલતા તે સહીય ન જાએજી
એહના પાનને માન મુકી કહું વેગા દરશન દીયો મહા સુખદાઈજી ।૮૬।
ગાલ ઉભય ઉભય રસે જે ભર્યાં ઉભર્યાં અતી આનંદ મુલજી
જેહને જોઈ જોઈને અમો જીવીએ તે કયારે કરશો અનુકુલજી ।૮૭।
કર્ણ કમનીય કોમલ પાતાલા સરૂઆ સુખાનંદનુ રૂપજી
ગુંજપાત્ર અમારા સદા લગી તે દેખાડીએ પરમ અનુપજી ।૮૮।
શુભ ચીબુક ચતુરવરનો જેહ નેહ ભરીયો પુરણ કામજી
તેણે ચીબુકે ચીબુક અનુસરીને રસપાનનો જહાં વીરામજી ।૮૯।
તેહની સુરતે સુરતી સહુ વીસરી રહેતી નથી અંગ સંભાલજી
તે દેખાડોજી વેગે કરીને કરૂણામય પરમ દયાલજી ।૯૦।
એહવું મુખ સુખાનંદ રસે ભર્યું પ્રતીઅંગ રૂપ રસ ધારજી
મારા નેત્ર તૃપીત જે રૂપારતે તેહને સીંચન કરે આધારજી ।૯૧।
મુસકનીમાં ભોંહ મોડી અને નયણ જોડી દુરી દ્રષ્ટી કરીજી
અમ સનમુખ કયારે નીહાલસો રસ ભરીને ફરી ફરીજી ।૯૨।
ગ્રીવા ઢલકનીએ સત્કાર એહનો કરી અબલાઓના આધારજી
વેગા એ અનુભવ કરવાવીએ ક્ષણ મ લાવશો વારજી ।૯૩।
કંઠ કમનીયે માલા જે સોહતી મોહતી મન મનસીજ તાણજી
જેહને દીઠે ધીરજ ધીરાનું ચલે ને રહે નહીં પોતાપણુજી ।૯૪।
એણી દુલરીએ મન દોહરાવીયું વીપ્રયોગ સંયોગનુ રૂપજી
એક અનુભવમાં બીજો સંપજે ઉભય અનુભવ્યો પરમ અનુપજી ।૯૫।

ફરી સંયોગનું સુખદાન દયો આતો અસહી સહયો ન જાએજી
હવે ભાલા દેખાડો શ્રી કંઠથી આરતી હર અતી સુખદાઇજી ૧૩૯૬।
એણી ગુંજાએ જે મન ગુંથીત કર્યા અલગા કર્યા અલગા ન થાએજી
સેત અરૂણ અસેત રંગે પાગીઆ અનુરાગીયા અંગ ન માએજી ૧૯૭।
એ જોવાને આરતી રહે અતી ઘણી રૂદે વીલસતીનું લહી હેતજી
તે દેખાડો રૂદય પર લલકતી હીતભર થઇ કરૂણા સમેતજી ૧૯૮।
શુભ ઉભય ઉરોજ ઉતમત ઘણુ તદાત્મક રસ ભાવે ભરીજી
એહને જોઇ જોઇ ઉર જે અમારડા વારી નાખીએ ફરી ફરીયજી ૧૯૯।
શું શું કીજીયે શું અભીલાષીએ શા શા મનોરથ મનમાં ધરીએજી
અમો વીગતમ શકય અશકય છું નીજ રસે કરી રસમાં ભરીએજી ૧૪૦૦।
ઉપરણાની ભાંત તે અટપટી લટપટી જોઇ મન લપટાઇજી
ઉરમાં રહે છે અટખટી નયણે જોવાને ચટપટી થાઇજી ૧૧।
ઉપવીત જે ઉતમ અંગે પરસીને વરસી રહયું શોભાએ જેહજી
જમણી દીશ જંધાએ પરસીઉં વેગે દેખાડો અમને તેહજી ૧૨।
બાહુદંડ વીશાલ રસાલ જે કરકમલે અંગુલીદલ રાજેજી
રેખા રૂચીર રસીલી હંસી રહી નખમણી અનુપમ બીરાજેજી ૧૩।
એણે કરકમલે ભાવાદીક બહુ બેઠા જે કરે છે ચરીત્રજી
અન્ય ઉપદેશે પ્રતીએક અભીનવ તે દેખાડો પરમ વીચીત્રજી ૧૪।
અંગુલીદલે મુદ્રીકા મણી જુત વલી સાદી ગોલ સુઢાલજી
કર ચલણ વલણે ચલકે ઘણુ તે દેખાડીએ પરમ રસાલજી ૧૫।
હૃદય રસભર સદા બીરાજતું આધીદૈવીક આનંદ રૂપજી
કૃપા કરૂણા ઉદારતા રસભરી એહનું આલય પરમ રસાલજી ૧૬।
જ્યાંહાં સ્વદીય સમુહના ભાવની અને દાન સમુહની રાસજી
રસ ઉદીપન પોષણ તણી ગતી કરી રહી છે નીવાસજી ૧૭।
એહવું રૂદય ઉદય કર કામનું અભીરામ હમારૂં જેહજી
જેહને જોઇ જોઇને અમો જીવીએ વેગે દેખાડો અમને તેહજી ૧૮।
શુભ ઉદર અનુપમ રસ ભર્યું મધ્યે રોમાવલી રસધારજી
ત્રીવલીની રેખ વલી રહી શોભા નીરખતા પામું નહીં પારજી ૧૯।
નાભી નવલ નયણે ભરી નીરખીએ અને હરખીએ કરી હેતજી
તે તો અખીલ ઉદારતાએ કરી દેખાડીએ પ્રેમ સમેતજી ૧૧૦।
કટીલંકે નીસંક ધોતી કસી વસી રહી છે તે ઉર માંહાંજી
જેહને જોવાને મન લલચાય છે આરતે ભર્યું ફરીફરી ત્યાંહેંજી ૧૧૧।
પૃષ્ટ ભાગના અંગ તે અભીનવા હવા હશે ન કે એહ સમાનજી
પ્રતીએકને લેઇ ઉરમાં ધરૂં રસે વસ મહા રસવાનજી ૧૧૨।
જોઉં અંગને કે પ્રતીઅંગને તેહના રૂપને કે જોઉં ચરીત્રજી
એહના અલંકૃત જોઉં કે હું ગુણ જોઉં જે લોકોતર પરમ વીચીત્રજી ૧૪૧૩।

એક અંગમાં મન અરૂજી રહે અલગું કરે અલગુ ન થાએજી
જોવા માંહે નીમેખ ન કીજીયે તોએ જોવાને મન લલચાએજી ।૪૧૪।
જાનુ જંઘ ઉભય સંગ ઉભયનો કામ ઉભયનું સદા છે એ શરણુજી
તેહના અનુભવની તે સુરતી દહે તે દેખાડીએ આરત હરણુજી ।૧૫।
પીંડુરી જે પરમ સોહામણી મોહામણી મનોહર રૂપજી
અતી અરૂણ તેજમઈ ઝલકતી દેખાડીએ પરમ અનુપજી ।૧૬।
પદકમલ શીતલ પ્રકુલીત સદા પ્રેમરૂપી પરમ સુવાસજી
તે પરસ કરી હૃદય શીતલ કરે જ્યાંહાં અમારા મનનો નીવાસજી ।૧૭।
નખમણી કીરણની જ્યોતે કરી મારા નયણને કરીએ પ્રકાસજી
એમ દેખતા કરીને દેખાડો દરશન દેઇ પુરીએ આશજી ।૧૮।
અતી આરત્યાની આરત લહે મહા ચતુર શીરોમણી જાણુજી
ભકત વીરહ કાતર કરૂણામઈ નીતપ્રતી તમારી છે ણાણુજી ।૧૯।
એ ઉદારતા કરૂણા અને કૃપા દયા ઢાતુર્યતાના સંયોગજી
એહવા ગુણ તે ગોપન કરી કાં રહ્યા કયારે આણુસો અમ વીનીયોગજી ।૨૦।
મહા પરમ પુરૂષ રસ ભોગીયા સંયોગીયા સ્નેહનું ધામજી
અબલાઓને બલ દાયક સદા રસે પુરીત પુરણ કામજી ।૨૧।
હરદય તપ્ત રહે છે પરસ વીના નયણ તૃપીત રૂપરસ પાનેજી
અંગ આરત્યા આનંદ અંગને જે તૃપ્ત કરે સ્વરૂપને દાનજી ।૨૨।
અંગ ભુષણ રૂપ જે તમ તણા સરવોપર ઉતમ સારજી
એણે ભુષણે મારા એ અંગને વીભુપીત કરીએ આધારજી ।૨૩।
શ્યામને વીપ્રયોગે કરીને નીરજીવ થયા છે એ દેહજી
તે સ્વરૂપ સંજીવન મુલીએ જીરતવ્ય દયે કરી નેહજી ।૨૪।
શ્યામને જોવા વીન જે અમારડા નયણ મલીન થયા છે અપારજી
હવે સ્વરૂપ સુધા રસે કરીને વેગે ક્ષાલણ કરીએ આધારજી ।૨૫।
શુભ અંગઅંગ સુખદ તમારડા જે છે મહા પુરૂષારથ રૂપજી
તે મારે વીષે હે પુરૂષારથી ફલીતારથ કરીએ અનુપજી ।૨૬।
એમ રૂપ હૃદયમાં લેઇને અંતર રમણે રસ ભરીજી
ભાવે ભાવનાએ તે ભાવીત થઇ અંગે પ્રતીઅંગે મને અનુસરીજી ।૨૭।
કરે પ્રાર્થના તે પ્રેમે ભરી ફરીફરીને આરત ધરીજી
વીપ્રયોગથી સાત્વીક ભાવસું વાહાલાજીસું વીનય કરી કરીજી ।૨૮।
ભાવાત્મિકથી સ્વરૂપાત્મિક થયા હવું સ્વરૂપ તે રૂદયા રૂઢજી
ત્યાંહાં વીવીધ મનોરથે મન રમે રસ પ્રગટ હોએ અતી ગુઢજી ।૨૯।
પ્રાણ વલ્લભ પ્રાણ સ્થાની થયા એહને પ્રાણ થયા દેહને ઠામજી
તે પ્રાણેશની રક્ષાએ સ્થીતી કરી નહીં તો ન રહે વીયોગને ધામજી ।૩૦।
એહવી રસીક અવસ્થા વીયોગની ભુગતે છે સંયોગને હેતજી
ભાવાધીન વીતકે થયા રસમઈ તનમન અને પ્રાણ સમેતજી ।૪૩૧।

એમ પ્રતીએક જુથ પ્રણય ભર્યા રસ ભરીઆ જે બેઠા આવીજી
તે આપાપણી જોગ્યતા સમ સહુએ વીતર્ક કરે છે સુભાવીજી ।૪૩૨।
જેહનુ જેહવું વરણ જેહવી જોગ્યતા જેહનો જેવો અધીકારજી
તે તો તેણે ભાવે ભાવારૂઢથી મનમાં કરે છે વીચારજી ।૩૩।
એણી આરત્યેથી પ્રભુ આરત્યા પ્રાણજીવન પરમ કૃપાલજી
દેવા દરશ દાન રસપાત્રને ઉદાર થયા પરમ રસાલજી ।૩૪।
પોઢયા છે જ્યાંહાં ભીતર રસ ભર્યા ઉલટ ભર્યા આનંદ ભર્યાજી
ભકત તણા તે ભાવ સમુહ ને સુખ સ્વાદ રસે પરવર્યાજી ।૩૫।
એહવા ભાવ સમુહને અનુભવી અનુભવ કરી અનુભવ કરેજી
એહના સ્વાદને હીત ફરી ભકતને બહુ ભાવના દાન તે કરેજી ।૩૬।
ભાવ ભકતના અનીરવચનીય જેહ તેહનુ અહરનીસ કરે છે પાનજી
પાન કરી પ્રમુદીત થઇને ફરી ઇચ્છવા ફરી કરે દાનજી ।૩૭।
દાન કરી અને પાન શાને કરે જો પોતા વીસે છે સહુ સીધજી
તે પોતે પોતાનો રસ અનુભવી કાં નથી રહેતા મહાનીધજી ।૩૮।
પણ ભકતના રૂદય તણે વીસે અભીલષીત પ્રેમ માધુરીયજી
તેહમાં દાન સામર્થના ભાવ તે જે કો લે છે ફરી ફરીજી ।૩૯।
એહવા ભાવનો રસ માહા પ્રભુને મીઠો લાગે છે પરમ રસાલજી
તેણે ભાવે લોભ્યા અહરનીશ રહે અનુરાગીયા ગોકુલ પાલજી ।૪૦।
ભાવાગર ભગવદી ભાવે ભર્યા એહના ભાવ તણુ નહીં માનજી
પ્રતીક્ષણ નૌતન પ્રતી એકને પ્રગટી કરે પ્રભુને દાનજી ।૪૧।
ભાવ દાનથી ફલ હોએ ભાવનુ સહસ્ત્ર વીધી નૌતન રસે વાધેજી
ફલાત્મિક રસાત્મિક રસ ભાવ એ જે ભાવને પ્રભુ આરાધેજી ।૪૨।
એહવા પ્રભુ અપેક્ષીત ભાવ તે બેઠા ભગવદી કરે છે આલુઢજી
એણે ભાવે ભાવાતુર પ્રભુ થયા એ ભાવ થયા રૂદયા તે રૂઢજી ।૪૩।
ગુઢ ભાવે ગુઢાશ્રય કરીને કર્યો અંતરમાં પ્રવેશજી
મધ્યવર્તી થઇ પ્રભુને હરદયે કહી અંતરવૃતે સુદેશજી ।૪૪।
એથી અંતરવૃત તે લહીને પોઢયા છે ત્યાંહાંથી પ્રાણાધારજી
જાણી આરતે આરત ભરીને જગાવ્યા વાહાલો તેણી વારજી ।૪૫।
પોઢયા છે તે ઉતાના આનંદ ભર્યા નીંદ્રા નાયકાસું રસપાગીજી
વીલસી વીલસી અભીલાષ રસે ભર્યા ઉનીંદ્રીત રસભર અનુરાગીજી ।૪૬।
ઉપરેણાનો પેચ તે શીષથી ખસી રહયો છે સીરહાણે દબીજી
તેણે કેશ કુંતલ વીલસી રહયા તેની અનુપમ પ્રગટી છે છબીજી ।૪૭।
ઉભય રેખ ચંદન તણી તીલકની તે તો નીજ અંગને રસે પાગીજી
તેણે આરંદ્રે અરૂણતા થઇ તે હુલસી રહી અતી અનુરાગીજી ।૪૮।
ભ્રકુટી અણીયાલી રસાલીને જોઉં વાલી વાલીને એહજી
એહનુ રૂપ હરદયમાં રમી રહયું વારી નાખું એ પર મારો દેહજી ।૪૪૯।

નયણ મુદ્રીત મનોહર ભાંતનું પાંત શોભાની કહી ન જાએજી
વરણી ફરકે તે વયારથી તેહની શોભા તે ઉરમાં ન સમાએજી ।૪૪૯।
નાસીકા શુભ નૌતન ભાંતની ઝલકી રહી છે સુભાવીજી
સમીયાનાની લહેર માંહાં કે સમે ઝાંઇ પડે છે મુખ પર આવીજી ।૫૦।
મુખકમલ વામ દીશ નીહોરીને સીરાણે સુખસું અનુસરીયજી
ગાલની નીચે તે ગાલમસુરીઆ પોઢયા ગ્રીવાને વલણે કરીજી ।૫૧।
મુછ ફરકની મનોહર ભાંતની શોભા પાંતની પરમ સુચારજી
જમણી દીશની જે વલી રહી તે ફરહરે પંખાને વયારેજી ।૫૨।
અતી અરૂણ અધર રસ રંજીઓ ને તંબોલે પુરીત અનુરાગજી
રસે દ્રવીત થઇ ઢલી આવ્યેા લીકે અનુસરીને વામ ભાગજી ।૫૩।
નીંદ્રામાં સ્વાસ શ્રીમુખ થકી આવાગમન કરે છે સુદેશજી
તેણે અધર ફરહરે સોહામણેા અતી રાજે છે પરમ સુવેસજી ।૫૫।
ગલ મંડલ માંહાં જે બીડી રહી ઉકસીને અનુપમ ભાંતજી
તે ઉતંગતા અનુપમ દેખીએ અને નીરખીએ કરી ખાંતજી ।૫૬।
કર્યું દક્ષણ દક્ષ ગતે રહ્યો કહ્યું જાએ ન એહનું રૂપજી
વામ વામ દીશે સીરાહણે પરસી રહ્યો પરમ અનુપજી ।૫૭।
માલા તુલસીની દુલરી સોહામણી મોહામણી રહી વલીજી
ગુંજ તણી વામ દીશે વલી અને ગ્રીવા પર લટકી રહી ઢલીજી ।૫૮।
હરદય ઉન્નત ઉચ્ચ ઉરોજ તે ઉન્નત ગતે અભીનવ દીશેજી
કામોદીપન કામ રસે ભર્યા જોઇ જોઇને હૈયલડું હીસેજી ।૫૯।
વામ કર તે ઉલટો તે સીરાહાણે ધરી પોઢયા છે પ્રમુદીત થઇજી
કર દક્ષીણ નાભી ઉપર ધર્યો પાટલીએ પરસી રસમઇજી ।૬૦।
ઉપવીત જે જમણી દીશે ખસીને સેજ ઉપર રહ્યું છે ધસીજી
ઉર ઉદર ઉરોજે પરસીને કયાંહું કુંજલક રહી છે લસીજી ।૬૧।
કટી નીતંબ જંઘા જાનુ રાજતા ભ્રાજતા ધોતી મધ્યે રસાલજી
પંચતોદીયાની તે ચાદર ખસી રહી પદ પર પરમ વીસાલજી ।૬૨।
વામ ચરણ વંક કાંઇ એક કરી રસ ભરીને પોઢયા છે પ્રીતેજી
શીખનખ લગી નવલ શોભા ભર્યા એમ રાજે છે એણી રીતેજી ।૬૩।
પંખે પવન મંદ પ્રસરી રહયેા અતી શીતલ સુખદ સુવાસજી
મકરંદ મુદ્રીત મહમહી અને ફેલી રહયેા છે થઇ પ્રકાસજી ।૬૪।
એહવા સમયમાંહાં આલસ મોડીને જાગ્યા જગત વીમોહક રૂપજી
ભગવદીયને ભાવે આરત ભરી જગાવ્યા મહા સુખદ અનુપજી ।૬૫।
જાગીને જમણી કરવટ ફર્યા અંગડાઇને આલસ મોડીજી
જંભા જુત મુખ વીકસીત કરીને નયણ ઉભય સુખદ શુભ જોડીજી ।૬૬।
એમ સુખ ભર આનંદીત થઇને અલવેસું ઉઠયા પ્રાણાધારજી
એહવેા આહાટ સુણીને આવીયા ભગવદી ત્યાંહાં તેણી વારજી ।૪૬૭।

તેણે ટેરા ઉડાવી ઉપર કર્યા મોટો ટેરો લેઇ સરકાવ્યોજી
તેને એકગ કરી પેચ દેઇને ઉંચી ખીંટીએ લેઇ અટકાવ્યોજી ।૪૬૮।
પ્રાણ પ્રભુ બેઠા સનસુખ થઇ સેજડીએ સુખાલી રીતજી
બીડી મેહેલી શ્રીમુખ થકી તેણે સમે લીધી ભગવદી કરી પ્રીતજી ।૬૯।
જમણે ઉલટે કરે કરીને ઉર ઉકસી અને શીષ નામીજી
ઉપરેણો શીષથી અલગો કર્યો ધર્યો આણી સીરાહણે સુભાવીજી ।૭૦।
પછે કેશ ઝટકી બેહુ કરે કરી વાલ્યો અંબોડો પરમ સુઢાલજી
જંભા વીકસીત મુખે આવે ફરીફરી નયણ અરૂણ આરંદ્ર રસાલજી ।૭૧।
માલા કંઠની જે વીરલી રહી તે ગ્રહી અને સુધી સમારીજી
ઉપવીત જે દબી રહ્યું આસને ઉકસીને લીધું સમારીજી ।૭૨।
કર ઉભય પ્રસારીને માગીઓ ગડુઓ જલપાનનો જેહજી
ત્યાંહાં કો નીકટવર્તીએ નીહોરીને આપ્યો શ્રીકરમાં લેઇ તેહજી ।૭૩।
જલપાન જુગતે કરીને કરે ધરે અધ નાલવે તે અંગુઠોજી
ઝીણી ધારે પાન કરે જલ તણુ જોનારાને આનંદ મેહ ત્રુઠયોજી ।૭૪।
રહી રહી જલપાન ફરી કરે સ્વાદ લે તે શીતલતા ને જલનોજી
તે તે સમે લટકો સરાહીએ મુખ કમલનો કે કર દલનોજી ।૭૫।
જલપાન કરી રહયા એણીપેરે ગડુઓ આપ્યો ભકતને ફરીજી
મુખવસ્ત્ર ગુલાબે જે ભીંજવ્યું તે રહયા પ્રભુ આગલ ધરીજી ।૭૬।
પ્રાણ પ્રભુજીએ પાલવ બેહુ કરે ગ્રહી નેત્રસું દીધો તે જાણીજી
અતીસય સુખાનંદે આનંદીયા ભકતનો પ્રીય પ્રેમ પ્રમાણીજી ।૭૭।
એહવે મુખવસ્ત્ર ભીને ગુલાબને માખી વરજન કરે છે ભકતજી
જેથી પવન શીતલ પ્રસરી રહે સુખાવહ તણી લહીને જુકતજી ।૭૯।
એણે આહાટે ભગવદીય આતુર થયા જે કો બાહેર બેઠા છે તેહજી
ઉકતાએ અંતરગતે આરત્યા પુરીત થયા પુરણ નેહજી ।૭૯।
કો ઉડી કમાડસું અટકીયા થરેથર થઇ રહયા રસમઇજી
કહે દર્શન કરસું પહેલા અમો ઉઘડતે કીમાડે જઇજી ।૮૦।
જે લદાવમાં બેઠા હુતા સહુ ધસી અને આવ્યા તે ત્યાંહાંજી
સીઢીના ધાઇ સીઢી ઉપર ચઢયા એકઠા થયા દ્વાર છે જયાંહાંજી ।૮૧।
જગમોહનના ઉડી સીધ થયા કો ગયા જલઘરા દીશ ધાઇજી
કો ભીડે ભીડાઇને ત્યાં રહયા કો આવ્યા પણ ન શકયા સમાઇજી ।૮૨।
કેહેનો ભીતર પરીચય અતી ઘણો અને મન તણી દીઠ છે જેહજી
તે તો પાનઘરની અટાલીયે ચઢીને બેઠકમાં ઉતરીયા તેહજી ।૮૩।
જલઘરના જે જુગત બહુ કરી ભરી આરતે મન અકુલાએજી
એ કીમાડની ઓટે રોકયા રહયા કહે દરશન કહી પેરે થાએજી ।૮૪।
સીંઘદ્વારના આવે કો જલઘરે જલઘરના આવે સીંઘદ્વારજી
કેહેને ચેન કાંઇ પડે નહીં જાણે પહેલા ઉઘાડસે આ દ્વારજી ।૪૮૫।

ત્યાં સહુ એક રસ આરતે પાગીયા અનુરાગીયા દર્શન કાજજી
રૂપ વ્યસને વેધાઇને વીહવલ થયા રહી નહીં મરજાદ ને લાજજી ૧૪૮૧
હવે પલ પલ વીલંબ અસહી હોએ સહયો જાય ન એ પરીતાપજી
પ્રતીઅંગ પ્રતીઅંગે પ્રગટ હવો ઉરમાં પ્રગટયો અણુમાપજી ૧૪૭૧
એહવે ભાગ્યવાને તે ભીતર થકી ધસી ઉઘાડયા ઉભય કીમાડજી
તેણે અંગ પ્રતી અંગ શીતલ કર્યા ને ટાલી દરશન તણી આડજી ૧૪૮૧
જે કીમાડે અટકીને ઉભા રહયા તે ઉઘડતે કીમાડે ધસીયજી
ધાઇ દરશન કીધું પ્રાણેસનું આવી ઉભા રહયા ઉલસીજી ૧૪૯૧
કીમાડે ભીડ ભગવદીયની ઘણી કહી જાએ ન એ ગીણી જાએજી
દ્વારમાંહાં નીકલતાં ભીડાઇને કેમ કેમ કરીને તે અવાયેજી ૧૯૦૧
એ કીમાડ ને સૃષ્ટી સોહામણી દરશારતી અપરમપારજી
સહુ એકે સમે આવ્યાનું કરે કેમ આવી શકે એકે વારજી ૧૯૧૧
જે કેા જેમ ભીડાઇને નીસરે તે તેા આવે છે દરશને ધાઇજી
પદ ને પદ ભુષણુનીય તે ઉઠી રહીય છે તે સમે ધાઇજી ૧૯૨૧
ધસમસીયા ધાયા આવે ઉમાહયા આરત્યા જોવા પ્રાણાધારજી
ચરણ આઘાતે ધરણી ધમધમે ઘોષ મચી રહયેા તેણી વારજી ૧૯૩૧
જે કેા આવે તે નયણ ભરી મને જોઇ શીતલ કરે છે નયણજી
જે જે કરી દે આશીષ અંતરગતે પણ મુખથી ન બેાલે તે વેણજી ૧૯૪૧
કેાએ મધુરે વચને જેજે કરે કેા કહે છે જે માહારાજજી
કેા બલાએલુ કહે બલૈયા લેહુ એહવેા અનેક ભાંતનેા સમાજજી ૧૯૫૧
શીખ નખ લગી જોઇ જોઇ જોઇને નખ થકી તે શીખ લગી નિહાલેજી
કેા સનમુખે શ્રીમુખ જોઈ રહયા ત્યાંહાં થકી તે નયણ ન ચાલેજી ૧૯૬૧
કેહેના અવીલેાકી ઉર તે આરંદ્ર થયા કહેને નયણે વહી ચાલ્યાં નીરજી ૧૯૭૧
કેહને ચટપટી ચીતમાં થઇ અને અવીલેાકી થયા કેા અધીરજી ૧૯૭૧
કેહને અંગઅંગ અનંગ ઉદીત હવેા કેહને પ્રેમ પ્રચુર ગતે વાધ્યેાજી ૧૯૮૧
કેહને સુધા સીંચન હવું સર્વાંગે કેણે એ સુખ સમય આરાધ્યેાજી ૧૯૮૧
કેા પ્રસન્ન થયા પ્રમુદીત થઇ કેહને ઉલટ અંગ ન માએજી ૧૯૯૧
કેહને આરતી વાધી તે અતી ઘણી તે વીસદ કરે વીસદ ન થાએજી ૧૯૯૧
કેા ટકજક પ્રાણપ્રભુસું ભાવે ભરી અને દ્રષ્ટી તે જોડેજી ૧૫૦૦૧
મુસકાઇ મૃદુલ ગતે કરી અને માન સુચવી ભૃકુટી તે મેાડેજી ૧૫૦૧૧
કેા જોઇ રહ્યા કેા મેાહી રહયા કેા મનમાંહે રૂપને સેાચેજી ૧૧૧
કેા દીગમુઢ ઝકીત થકીત થયા કેા નયણથી આંસુ મેાચેજી ૧૧૧
કેા જોઇ દીગમુઢ થઈ રહયા કેા આશ્ચર્ય થયા રૂપમાં પાગીજી ૧૨૧
કેા હૃદયમાં લેઇ લેઇ ભીડે છે ભાવે ભરીત પરમ અનુરાગીજી ૧૨૧
નયણ એક ટક મટકે નહીં હટકે થકી ન રહે હટકયાજી
રૂપ રસમાં નીજ રસ મેહેલીને સ્વાધીન થઇ ને અટકાયજી ૧૫૦૩૧

કે એ નયન વસી રહયાં સ્વરૂપમાં કે એ સ્વરૂપ વસ્યું નયણ માંહેજી
એ તો જાણ્યું ન જાએ વીગત કરી એમ અરૂજયા સ્વરૂપસું ત્યાંહેંજી ।૫૦૪।
કો એ અંગઅંગે અંગ અંગ લઇને ભાવે પરસી શીતલ કરે અંગજી
મધુરામૃત સ્વાદ લે ભાવસું તેથી પુલકીત હોએ પ્રતીઅંગજી ।૫।
કો ચંદનની સરાહના કરે છે રેખા રહી જે લલાટે લસીજી
અમો ચંદન કાં ન હવા અહીં જે એણે સ્થલે રહેતા વસીજી ।૬।
કોએ માલાનો મનોરથ મન ધરે અનુસરે તે એણી રીતજી
અંતરાય રહીત ઉર પર રહે એમ રહેત અમે કરી પ્રીતજી ।૮।
કોએ ગુંજા ઉપર ગુણ આપણા વારી નાખે છે ફરી ફરીજી
એહનુ ભાગ્ય સરાહે સદા લગી જે વાહાલાજીએ કંઠે ધરીજી ।૮।
અમો માલા ને ગુંજા કાં ન હવા એ હૃદય કરી રહેત નીવાસજી
અંતરાય રહીત અષ્ટ જામ તે પહોંચત મારા મન તણી આસજી ।૯।
ધન્ય ધોતી જે વહાલાજીએ ધરી ધરી રસ માંહેં રસ તણે અંગજી
એહનુ ભાગ્ય સરાહું કયાંહાં લગી જે રહે લપટી નીત સંગજી ।૧૦।
એ અંગુઠીયો પર અંગ વારીએ ને વીસારીયે નહીં ઉપકારજી
કરપલવ કરી કરપલવે પેહેરી જે પ્રાણાધારજી ।૧૧।
નયણમાં રાખું રાખું જે ઉર માંહેં મન માંહેં રાખું એહને આણીજી
અંગસું લપેટું એ અંગને શું શું કરૂં એહને મન જાણીજી ।૧૨।
એમ અંગ પ્રતીઅંગને અલંકૃતનો મનોરથ મનમાં ધરીજી
અંગ અંગમાં લીન થઇ થઇ વાછે છે તે આરત ભરીજી ।૧૩।
કેહને નીરખતા તૃપ્તી થાતી નથી ઘણી આરતે જોયા છે આવીજી
કહે શું શું કરૂં શું શું કીજીએ એમ ઉપજે સેહેજ સુભાવીજી ।૧૪।
કહેના નયણ રૂપે તૃષારત હતા તે તૃપ્ત થયા તેણી વારજી
કેહેને નયણને નીરખતાં વાર તે આરત પ્રગટી છે અપારજી ।૧૫।
જે અંગને અભીલાખા જે અંગની તે તે અંગને તે રહયા જોઈજી
અયોગને અનુરોધે કો આરત્યા અને તૃપ્ત થયા ત્યાંહાં કોઇજી ।૧૬।
સહુ એક રસને પાગીયા અનુરાગીયા એક સ્વરૂપજી
ભાવે દાને જોગ્યતાએ અધીકારે રસપાનનું ન્યારૂં છે રૂપજી ।૧૭।
એણી ભાંતે અનેક પ્રકારસું કરે દરશન મુદીત થઈજી
કો આવ્યા કો આવે છે કો આવસે જુએ સ્વરૂપ ને સ્વરૂપ મઇજી ।૧૮।
કો ગયા ગડુઆના મંદીર દીશે ગડુઓ બડો રાખ્યો ભરીયજી
મૃતીકા જે મૃદુલ મન ભાવતી તે ત્યાંહાં રાખી છે નીકટ ધરીજી ।૧૯।
વલી જતન જે સમે અનુસારના કરી કરી ધર્યા છે તેહજી
પનહી તે પુંછી સુધારીને કરમાં લેઇ ઉભા છે જેહજી ।૨૦।
એહવે ઉપરેણો શ્રી કરમાં ગ્રહયો લેઇ એકત્ર કીધો સુઢાલજી
બેહુ કરે ગ્રહી પેચ તે મસ્તકે દીધા છે પરમ રસાલજી ।૫૨૧।

છેલો પેચ રાખ્યો છુટો છણીસું તે રુદયને ઉપર રહ્યો લટકીજી
એહવી છણીસું ઉઠી ઉભા રહ્યા તે શોભા રહી ઉરમાં ખટકીજી ।૫૨૨।
ઉભા રહીને કુંજલક ધોતીની નીરવારીને સુધી કરીજી
સેજની કોમલતામાં ગડી ને પદ્મકમલ ડીગે ફરી ફરીયજી ।૨૩।
શીતકાલે તે નીમો પહેરીને પધારે તે ગડુઆને ઠામજી
નહીંતર એણીપેરે એમ લટકતાં પધારે છે મન અભીરામજી ।૨૪।
મુસકનીએ ને નયણ વલણ કરી સહુ રવકીયનો કરી સતકારજી
કુમ કુમ પધારે છે લટકતાં અને અટકતા પ્રાણાધારજી ।૨૫।
અહીં ભગવદી જુથ ભેલા થઇને આવ્યા તે આગલ ધસીજી
જેમ દરશન હોએ એણીપેરે રહયા અહીં ભીડ થઇ રસમસીજી ।૨૬।
એણે સમય કો આવે પાછલ થકી તે ધસીને આગલ થાએજી
દરશન કરી પ્રાણ વલ્લભ તણુ અતી ઉલટે અંગ ન માએજી ।૨૭।
વાહાલો ચોતરીયે પધાર્યા ત્યાંહાં ઉપવીત લીધું જે હાથજી
તે લેઇને જમણે કરણે ધર્યું પેચ ઉપર વાર્યો સાથજી ।૨૮।
વામ કર તે વેદીની ચોતરીની સીઢીએ પરસાવીને ઉભાજી
તે જોઇ જોઇ જગત મોહામણી કહેતાં ન આવે શોભાજી ।૨૯।
કોએ નીરખે છે ઉપરેણો લટકતો કોએ નીરખે છે ફરકતા કેશજી
ક્યાંહું તીલકની રેખ મીટી ગઇ ક્યાંહું રહી તે રાજે સુદેશજી ।૩૦।
કોએ નીરખે છે ભ્રકુટીના ભાવને જે એ વંક રહી છે વલીજી
અને મલી રહી સનમુખ થકી વલીવલી રહી ત્રીવલીજી ।૩૧।
કોઓ નાસીકા નીરખે છે ઝલકતી ચતુરવર તણીજી
કોએ રેખા ઉપરની અભીનવી તે નીહાલે છે અતી સોહામણીજી ।૩૨।
નયણ અરૂણ ઉનીંદ્રીત રસ ભર્યા ભર્યા ભામીની સુરતે સોહાગીજી
અતી ધુર્ણીતમાન થઈ રહયા એહવા નીરખે કો અતી અનુરાગીજી ।૩૩।
વામ ગાલે જે ગાલમસુરીયા દઈ અરૂણ આભા રહી જેહજી
અને કર્ણની અરૂણતા એણીપેરે તે કો નીરખે છે કરી અને નેહજી ।૩૪।
જુએ અધર અરૂણ રસ રંજ્યો તાંબોલ રસે રસ પાગ્યોજી
પીક લીકલીકે આવ્યો ઢલીને એહવો નીરખે છે અતી અનુરાગ્યોજી ।૩૫।
ગ્રીવા નીચે જે ગુંજ ને તુલસી માલા દઈ રહી છે જે પીઠેજી
તે તો અરૂણતા જુત ઉપટી રહી મન મુદીત હોએ શોભા દીઠેજી ।૩૬।
કો જુવે ઉપવીત ઉપટી રહયું કોએ પીઠે ઉપરણાના ચીન્હજી
કો ચીન્હ તે ચતુરા તણા જુએ રસ ભાવે ભર્યા ભીન્ન ભીન્નજી ।૩૭।
કોએ ઉર ઉરાજ શોભા સોહતી સોહતી ચંદનની કયાંહું રહી છીંટજી
તેહને નીરખે છે નયણ ભરીને સનમુખ રહી માંડી મીટજી ।૩૮।
કોએ કરપલ્લવ કમનીય ને અંગુલીદલ મુદ્રીકા સારજી
તેહના વલણ વલણ ચતુરાઇના નીરખે છે તે વારંવારજી ।૫૩૯।

કો તે ઉદર નાભીને નીહાલે છે કો ધોતી જે કુંજલક વલીજી
જંઘાજાનું પીંડુરી પદકમલ જે એહને જોઇને આશા ફલીજી ।૫૪૦।
તે શોભા તણુ રૂપ સૌભાગીયા સોભાગી નયણ પાત્રે ભરીજી
પાન કરે છે પ્રેમ ભરે કરીને પલક ઘુંટ ભરી ભરીયજી ।૪૧।
કરે તૃપ્તી તૃપ્ત થાતા નથી પાન કરતાં તૃષા વાધે ઘણીજી
ઇક્ષણ થકી ક્ષણ મટકે નહીં વીલક્ષણ આરત એહો તણીજી ।૪૨।
એમ શ્રીમુખ પુરણ ચંદ્રને ભકત નયન ચકોરે કરીજી
સુધાપાન કરે સનમુખ રહી દ્રષ્ટી કરે ન પહરીજી ।૪૩।
કરપલવે કરપલ તણી મુદ્રીકા મનોહર તે ઉતારીજી
જમણી દીશે જમણે કરે કરી ધોતી કસવટે રાખી સુધારીજી ।૪૪।
કો ભગવદીએ પનહી આણીને રાખી ચોતરી ઉપર ધરીજી
ચરણાવીંદે પરસી અને પેહેર્યા છે પ્રેમ કરીયજી ।૪૫।
મુસકાતા મધુર મૃદુ બોલતા કાંઇ વચન અવ્યકત રસાલજી
લડસડતા લટકતી તે ચાલસું પધારીયા ગોકુલ પાલજી ।૪૬।
દેહકૃત્ય સ્થલે ઉભા રહયા ત્યારે જૈ જૈ કરી વલ્યો સાથજી
દેઇ આશીષ કહે કરૂણાનીધી વેગે દર્શન આપજો નાથજી ।૪૭।
એમ કહી અને કો બેઠા ચોતરી વેદીનીએ વીસદ ભરાઇજી
કોએ ઉભી ભીંતે અટકી અને બેઠા છે તે નીપટ સમાઇજી ।૪૮।
કોએ એહો સનમુખ હાર થઈ કોઇ ચરણક્ષાલણની ચોતરીયેજી
કો પરનાલા દીશ સનમુખ થઇ કો જલઘરે રહયા તે ભરીયજી ।૪૯।
કોએ ફુલઘરની સીઢી અને નીચે બેઠા તે એકત્ર થઇજી
કોએ જલઘર દ્વારની સાખાએ ઉભા છે તે અતી રસમઇજી ।૫૦।
કો ચોકમાં એમજ બેસી ગયા કો છજાવટીની નીચે તે આવીજી
એમ સ્થલ જોઈ જોઈ આપાપણા બેસે છે તે નીજ મન ભાવીજી ।૫૧।
કાજ પરાયણ તે સહુ સીધ થઇ થયા પોતાના કાજ વીધાનજી
સેજ્યા જે મધ્યાન પોઢયા તણી તે ઉઠાવે છે મહા ભાગ્યવાનજી ।૫૨।
ચાદર ને સુપેતી સુપેચ સુઘડીયે ઘડી લે સમારીજી
ગીડદા ને સીરાહણા ઉઠાવીયા તેહને રાખે સુધારી સુધારીજી ।૫૩।
કોઠા ભીતર ડામચીએ ધરી વસ્ત્ર ઢાંકે તે ઉપર આણીજી
રજ લાગે ને જંતુ ચઢે નહીં એહવા વાત્સલ્ય મનમાં જાણીજી ।૫૪।
કોએ અટાલીએ ચઢીને સમીયાના તે છોડે વેગેજી
સામાસામી અટાલીએ તે ચઢયા જેહના છે એ સેવાના નેગજી ।૫૫।
સમે ઉથાપનનો થયો અને ઘામ ગયો પશ્ચિમ દીશ ઢલીજી
શીતલતા સેહેજ પ્રગટ હવી સહુને મન પ્રગટી રલીજી ।૫૬।
જલઘરની અટાલી ઉપર થકી છોડી જે તનીયો કસીજી
બેઠકની અટારીએ રહીને ખેંચી લીધો તે અતી ઉલસીજી ।૫૫૭।

એક રસડું બાંધે ચોકમાંહાં તેણે સમીયાના તે પર થઈજી
તેણે આધારે બસીને આવે છે વલતાં તે સંકેલે લેઈજી ।૫૫૮।
ઉભી મુંડેરીએ એકઠા કરી રાખ્યા સમીયાના તે ધરીજી
વલી પ્રાત પ્રમુદીત થઈને દેસે તે એણીપેરે ફરીજી ।૫૯।
સમીયાના પહરા કર્યા તેહ સમે અચાનક પ્રગટયો તે ઉદ્યોતજી
તે શોભાને જાણે છે સૌભાગીયા જેહને નયણ વસી છે એ જ્યોતજી ।૬૦।
ત્યારે ઘસી અટાલી ઉપર ચઢયા જઈ બેઠા મુંડેરીએ અટકીજી
કેા કુલઘરની અટાલીએ રહયા એમ ભીડ રહી ત્યાં ઠઠકીજી ।૬૧।
હવે તકીયા ને ગાદી બીછાવે છે આસન તે અનુપમ કરીજી
સામ સામા રહીને સૌભાગીયા સીધ કરે છે ઉલટ ભરીજી ।૬૨।
તીબારી તણે મધ્ય દ્વારે લેઈ ઉતર દીશે સનમુખ થઈજી
સાજ કરે છે સમે અનુસારના પ્રાણપ્રભુને સુખદ સુખમઈજી ।૬૩।
પહેલા જાજમ અતી જુગતે કરીને બીછાવી તે રૂડી ભાંતજી
રાતી એક રંગ પચરંગ મગજી એ શોભા શી કહું શોભાની પાંતજી ।૬૪।
તે ઉપર ઝુલીચા તે સેાહામણા હેાદ હમરૂ મખમલ લાલજી
હાંસીયા તે હરીત સેત કીરમજી તેહના વીચીત્ર રચ્યાં ગુલદાલજી ।૬૫।
ચોક ચોહેાં ખુણે ચતુરાઈએ કર્યા મગજી એ અરૂણ પાટ તણીજી
વલી ઝલર પચરંગી રેશમી ઉભય દીશે છે સેાહામણીજી ।૬૬।
તે બીછાવ્યેા જાજમ પર જુગતસું અને વીગતસું કર ફેરીજી
વાધતેા રાખ્યેા ઉતર દીશે ઘણેા એણી ભાંતે તે ભાંત્ય અનેરીજી ।૬૭।
તે ઉપર ગાદી ધરી ઉતમ રૂએ ભરી હેાદે અરૂણ હાંસીયા તે હરીતજી
મલમલ ખાસાની બહુમેાલની પીત મગજી રહી અનુસરીયજી ।૬૮।
અતી કેામલતા પરમીત નહીં મીત નાવે તે શેાભા તણીયજી
તે તેા અણી ધરી ઝુલીચા પરે ખુંટ દક્ષીણ ભાગ ભણીજી ।૬૯।
શીતકાલે ખાસાનું લપેટણું ને ખાસાનાં ગલેફ તે તકીયેજી
પ્રેમ વાત્સલ્ય અનેક પ્રકારના હેાએ તે કયાંહાં લગી કહી શકીયેજી ।૭૦।
ગરમીનેા પ્રસંગ એહમાં લખ્યેા મારા અનુભવને અનુસરીજી
અનુભવીયા પાત્ર જે પ્રૌઢ બહુ સહુને ઉરમાંહાં ધરીજી ।૭૧।
બાસતા વરદાર મહીન ઘણુ જે છે કેામલ કમલના દલથીજી
બહુ મેાલના મનોરથ કરીને લાવ્યા મહેદ કૃપા તણે બલથીજી ।૭૨।
તેનુ દેાહરૂં વસ્ત્ર કરીને ગાદી ઉપર તે બીછાવેજી
દાબે ચાર પાસા કર ફેરવી કુંજલક ન રહે એણે ભાવેજી ।૭૩।
તકીયેા બડેા મખમલ અરૂણનેા હાંસીએ તે હરીત બહુ મેાલજી
ફેરવાજ સેવકી દરીયાઈની નહીં કેા તે એ સમતેાલજી ।૭૪।
ત્યાં કુદણાં મકતુલ શ્યામના જાવા ઝમઠતા હેમ તણાજી
ઉભય દીશ તે ઉભય ઉલે સેાહીએ રાજે અનુપમ અતી સેાહામણાજી ।૫૭૫।

બાસતાના ગલેફ તે ઉપરે ભરી બેઠા છે ભાંત અનુપજી
કુંજલક કયાંહું રંચ રહી નથી દેખીએ છીએ તે સુંદર રૂપજી ૧૫૭૬।
એહવો તકીયો બડો આણી ન્યારો ધર્યો અનુસરી રહ્યો ગાદીની પાસજી
એહને ટેકો ત્રીકુણે તે કાષ્ટનો અટકાવીને રાખ્યો છે દાસજી ૧૭૭।
જેથી ઢલી ન જાએ ટકયો રહે અને ડગે નહીં તે લગારજી
પ્રાણ પ્રભુ અટકી બેસસે જે સમે ત્યારે મટકે નહીં તેણીવારજી ૧૭૮।
છોટો તકીયો તે મખમલ અરૂણનો લીલા મખમલની ફેરવાજજી
નેફો નૌતન હરીઆઈ પીતનો ત્યાંહાં કુંદણે મફતુલ સાજજી ૧૭૯।
જવા જલકતા કનક તણા લસે વલી ચીત્રીત હરડે અનુપજી
તે ઉભય અભીનવ દીશે લટકતા તેહનું ન્યારૂ રાજે છે રૂપજી ૧૮૦।
એને ગલેફ સુખદ બાસતા તણો તે તો બેઠા છે બેહુ દીશે ભરીજી
લેઈ વામ દીશે ગાદી ઉપરે એક ઓર રાખ્યો છે ધરીજી ૧૮૧।
તેહને નેફે નીવાર દોહરી કરી અતી કોમલ રેશમ તણીજી
એહને પડછીએ એક એક કુમતુ અરૂણ કે શ્યામ સોહામણીજી ૧૮૨।
વાખ્યા કુંદણા જ્યાંહાં મફતુલના તેહને નીપટ પેચ દેઈ રાખીજી
તેહના પડછીયા ઉભય લેખને રાખ્યા તકીયા ઉપર અલીલાખીજી ૧૮૩।
એહને પ્રાણ વલ્લભજી ગ્રહીને કરમું એલાવસે પોતેજી
અને કૌતીક કરસે તે અભીનવું પ્રમુદીત થસે સહુ કો જોતેજી ૧૮૪।
છોટા તકીયાની નીકટ વામ દીશ વલી પીઠો કોર્યો જે ચોહપાસજી
તેમાં જલ ફીરતું લે ભરીને રાખ્યું છે તે કરીને હુલાસજી ૧૮૫।
જેથી જીવ જંતુ કોઈ ચઢે નહીં ત્યાંહાં રાખ્યો છે ગડુઓ ધરીજી
નેવરો છીરકીને શીતલ કરીને શીતલ જલે તે ભરીજી ૧૮૬।
તે તો કનકનો કે વા રજતનો ભાગ્યવાને મનોરથ લેરજી
કરી કરી સમર્પે છે નીત નવા તેહની કયાં લગી કહું ચેરજી ૧૮૭।
વલી કપુરદાની જે છે હેમની કુલમું કુલે જે કરવાવીજી
અને ચુનાવટી એ બેહુ લેઈ ધરી ગડુઆ નીકટ મન ભાવીજી ૧૮૮।
તષ્ટી ગડુઓ તે પુરવ દીશ ધર્યો પ્રાણપ્રભુને જમણી પાસજી
બાંબી નીકટ દેહરીને ઉપરે ઉપયોગનો કરી અને આશજી ૧૮૯।
ને જુલીચા નીકટ ઉતર દીશે જ્યાંહાં ધારવું પ્રાણેશજી
ત્યાંહાં ચરણ જુલીચી ઉપરે સેત વસ્ત્ર બીછાવ્યું સુદેશજી ૧૯૦।
તે વસ્ત્રને ચોહોદીશ દાબીને રાખ્યું જુલીચા ઉપર પરસાવીજી
એનો મનોરથ એહ પ્રકારનો વાહાલો ચરણ પુંછે આવીજી ૧૯૧।
એક શેત્રંજી છોટી આણીને વામ દીશે ભીંતસું તે બીછાવીજી
કવી પંડીત વીદ્યાપાત્ર કો ભટ પ્રતીષ્ઠિત બેસે ત્યાંહાં આવીજી ૧૯૨।
તેહનો સ્થલ રાખીને ભગવદી ભીંતે અટકીને બેઠા છે ફરીજી
તેહની આગલ સ્થલ રાકીને બેસી બેસી ગયા અનુસરીજી ૧૫૯૩।

ગુણીજન જે ગાન રસ પાગીયા અનુરાગીયા ઉલટ ભરીજી
આવી બેઠા છે સ્થલ પોતા તણે સહુ સાજ તે સીધ કરી કરીજી ।૫૬૪।
કોએ સારંગીના સ્વર કંઠથી ભેલી ભેલીને સ્વર સાધેજી
વલી તાલ મંદ ઘોર એણીપેરે વીચારીને સ્વર સાધેજી ।૬૫।
અને રૂપ રાગ આલાપીને સ્વર મધુરે ઉચરે તાનજી
એ ચતુરરાય શીરોમણીની આગલ એમ ગાસું ગાનજી ।૬૬।
કવી પંડીત માગધ ગુણી ને આવ્યા છે વીદ્યાના પાત્રજી
આપાપણા ગુણ આલુંટન કરે જેહનુ જેહવું છે ગાત્રજી ।૬૭।
કહે આ ગુણ આ એહેા આગલે તે પ્રગટ કરી કહેસું વહેલાજી
એ વીચારીને મનમાં રાખે છે પ્રાણપ્રભુ પધારતા પહેલાજી ।૬૮।
બ્રાહ્મણ વૈદીક આવ્યા છે પ્રભુને દેવા આશીરવાદજી
કહે મંગલકારી શ્લોક એ કહેસું પ્રભુ આગલ આદ્યજી ।૬૯।
જે કોા આવ્યા છે ઇચ્છીને માગવા તેણે આ સુખ વૈભવ જોઇજી
તેહને મનોરથ અધીક પ્રગટ હવા કુલાઇ છે પ્રથમ સહુ કોઇજી ।૬૦૦।
વાદી જે વાદારથ આવીયા તેણે દીઠેા એ સમાજજી
તે વીલુતી માંહાં વીસ્મય થયા પામી રહયા મનમાં લાજજી ।૧।
યદ્યપી ખટ શાસ્ત્રના જ્ઞાન છે નીજ મારગમાં અનુરકતજી
પણ આ પ્રતાપ અદભુત જોઇ બોલવાની રહી નહીં શકતજી ।૨।
એમ અનેક શ્રષ્ટી બહુ મનોરથે બહુ ભાંતની મલી છે આંહાંજી
પ્રાણપ્રભુ પધારતા આગમે આવીને બેઠક માંહાંજી ।૩।
ચોતરી જે ચરણ ક્ષાલણ તણી ત્યાંહાં ચરણ ક્ષાલણ તણે કાજજી
રીતુ લેદે સમય અનુસારના કરી ધરીને રાખે છે સાજજી ।૪।
પીઢેા પ્રેાઢેા જે કાંઇ વીસાલ છે તેહને ગાદી મખમલ તણીયજી
તે આણી રાખ્યેા બેસવાને ત્યાંહાં શેાભા રાજે છે અતી સોહામણીજી ।૫।
ગડુએા તે બડેા જલસું ભર્યેા છેાટેા ગડુએા ભરી ધર્યેા પાસજી
કસેડી એક શીતલ જલ ભરીને રાખી છે કરી હુલાસજી ।૬।
મૃતીકા તે કેામલ ને સુખદ્ય ઘણુ જે છાણી અને સીધ કરીજી
તે વેા જમદ્ગી દીશ જુગતે કરી આણીને નીકટ ધરીજી ।૭।
ત્યાંહાં ઉભા રહયા છે ખવાસજી મુખવસ્ત્ર તે કરમાં લેઇજી
કોઇ મુઠેા લેઇને ઉભા રહયા કોા ઉભા સનમુખ ચીત દેઇજી ।૮।
કોા બડેા ગડુએા પ્રાણપ્રભુના કરમાંથી ઉઠવાને હેતજી
બેઠા છે ચોતરીએ દક્ષીણ દીશે થઇ સનમુખ પ્રણય સમેતજી ।૯।
કોા પધારવાની છીરકે ગલી અને વલી કોારી કરે વેગેજી
કોા પંખેા કરે શીતલતા હીતે જેહના છે વાત્સલ્ય નેગજી ।૧૦।
કોાએ આવતા જાએ છે ઘેર થકી કોાએ આવ્યા ને આવે છે વલીજી
કોાએ સ્થલ જોઇ રહે આપણા કોાઇ રહે છે સ્વકીયમાં ભલીજી ।૧૧।

જેકો આવ્યા પાછલથી એણે સમે અને દર્શન થયા નથી જેહનેજી
વાહાલો ગડુએ પધાર્યા કયારે એમ આવીને પુછે છે કેહેનેજી ।૨૧૨।
કહે હવડાં પધાર્યા ક્ષણેક થઇ પોંચી ન શકયા તમો ધાઈજી
તે સુણીને ખેદ પ્રગટ હવો મનમાં રહે પસ્તાઇજી ।૧૩।
જુઓ સમયે ન પોંચી શકયા અમો દેહ સુખ કે ઘર પ્રતીબંધજી
તેહને નીંદે છે ફરી ફરીને એક દરશનને સબંધજી ।૧૪।
ભાગ્યવાન ભવને ભાગ્યવાનની ભીડ રહી અતી ગહ ગહીજી
તીલ પડયાનો ઠામ રહયો નથી કયાંહાં લગી તે શકીયે કહીજી ।૧૫।
સહુ પેંડો જુવે છે પ્રાણેશનો થયો સમય વરેસ વીચારીજી
સનમુખ એક ટક જોઇ રહયા દ્વારની દીશ નર અને નારીજી ।૧૬।
એ તો એક નયણ રસે ભર્યા લોભીથી થયા લોભાયમાનજી
સહુ એતદરસ પરસ થઇ રહયા અને સુરતી રહી નહીં આનજી ।૧૭।
વારતા ને પ્રસંગ ભુલી ગયા ભુલી ગયા અનુસંધાનજી
હવે સમય થયો પધારવા તેણે વીહવલ થયા ભાગ્યવાનજી ।૧૮।
તે મંદીર દીશે મન દેઇ રહયા અને શ્રવણ દેઈ રહયા ત્યાંહાંજી
નયણ દેઈ રહયા એતદ પર રૂપ લેઇ રહયા રૂદય માંહેંજી ।૧૯।
એહવે આહાટ થયો ગડુઆ તણો તેણે આહાટે થયા સાવધાનજી
આશા કુસુમીત થઈ તેહ સમે પછે થયા અપેક્ષીત દાનજી ।૨૦।
જે જયાંહાં બેઠા હતા સ્થલ લેઇ તે ત્યાંહાં થકી આવ્યા ધાઇજી
જેહને જયાંહાં રહીને દરશન હોએ તે તો ત્યાંહાં રહયા છે સમાઇંજી ।૨૧।
કો આગલ કો પાછલ કો ઉંચા કો નીચા થઇ થઇનેજી
કો તો બેસી ગયા સ્થલ ગ્રહીને એમ જોવા રહયા રસમઇનેજી ।૨૨।
સહુને મન મોદ તે અતી ઘણો કાંઇ ઉલટ અંગ ન માઇજી
એ આગમને ઉછાહ પ્રગટ હવો તે તો વચને કહ્યો નવ જાએજી ।૨૩।
એહવે પ્રાણ વલ્લભજી પધારીયા નયણ પ્રાણ તણા અભીરામજી
અભીલાખીની આશા ફલીત હવી મનોરથ થયા પુરણ કામજી ।૨૪।
દીઠા ભીતરથી પધારતા નીહોરી નીરખ્યા તેણીવારજી
ખુણે પનહી ઉતારીને લટકતા બાહેર આવ્યા જેણીવારજી ।૨૫।
કોઇ જૈજૈ શબ્દ મુખ ઉચર્યા કોઇ ઉચર્યા જે મહારાજજી
વલી આશીષ બાહય અંતરગતે મન ભાવતી દે છે સમાજજી ।૨૬।
એમ સર્વના નયણ સીંચન કરી શીતલ કરતા મનભાવીજી
ચોતરી જે ચરણ ક્ષાલણ તણી ત્યાંહાં બેઠા પીઢા ઉપર આવીજી ।૨૭।
ઉપરેણો તે મસ્તકે લટપટો બાંધ્યો છોગાલી ભાંતજી
શ્રીઅંગ ઉઘાડે સોહીએ તે શી કહું શોભાની પાંતજી ।૨૮।
ધોતી છે જે સેત સોહામણી તે શ્રીઅંગસું લપટી રહીજી
કટી નીતંબ જંઘા આભા લસે તેને વીસદ કરૂં શું કહીજી ।૬૨૯।

શુભ ચરણ ઉભય મધ્યે લેઈ ગડુએા બડો રાખ્યેા છે ધરીજી
તેહની ધારાએ જલ નામીને કર ક્ષાલે છે ફરી ફરીજી ।૬૩૦।
મૃતીકા લે છે મનેાહર હીતસું પ્રીતસું પ્રેમદાને નીહાલેજી
એક ટક થકી મટકે નહી ને દ્રષ્ટી ન અલગી થાલેજી ।૩૧।
કેા જલધરની બારસાખસું અટકી રહ્યા રસ ભરીજી
તે સમયની શેાભા મારે મન વસી તે સુરતી આવે આરતે કરીજી ।૩૨।
ભીડ મચી છે મૃગનયનીની ઝુમીઝુમી રહી ચેાંહેાંપાસજી
નીરખે છે નયણ અભીરામને અને પુરે છે નયણની આશજી ।૩૩।
ચરણ ક્ષાલણ કરી પેાંહેાંચી અને ગડુએા જમણી દીશ ફીધેાજી
કર થકી કેા ભગવદીએ ત્યાહાં વાત્સલ્યસું વેગ લીધેાજી ।૩૪।
પછે જમણે કરે ગડુએા ગ્રહીને ક્ષાલણ કરે છે ચરણજી
અગ દક્ષીણ દીશે મેાડી અને મૃતીકા લે છે જગ આભરણજી ।૩૫।
મૃતીકા લેઈ લેઇ ભીડીને પદ ઉભય ક્ષાણુલ કર્યા વેગજી
પછે તે ગડુએા વામ દીશે લેઈ અને કેાગલા કરે જેમ નેગજી ।૩૬।
ઉપવીત ઉતાર્યું પછે કર્ણથી અને આચમન લે આધારજી
દ્રષ્ટી તીરછી જમણી દીશ કરી કરે સ્વકીય તણેા સતકારજી ।૩૭।
મેાટે ગડુએ થકી જલ લેઇને પેાંહેાંચી રહ્યા કેાગલા કરીજી
પછે પ્રમુદીત થઈ ઉલટ ભર્યા પીઢા ઉપર બેઠા ફરીજી ।૩૮।
મુખવસ્ત્ર ખવાસજીએ લેઇ તે તેા આપ્યું પ્રભુજીને હાથજી
મુખ પુંછન કરી કર પુંછીયાં અને ફરી મુખ પુંછે છે નાથજી ।૩૯।
અને કસવટથી અંગુડી લેઈ અંગુલીદલે પહેરી તેહજી
ભગવદીના જુથ સમાજને નીરખે છે ભરી નેહજી ।૪૦।
પીઢે બેઠા તે પ્રમુદીત થઇ અને કરે વીવીધ ભાંતે રસવૃષ્ટીજી
નયણ પ્રતીઅંગ સીંચન થાએ છે ભાગ્યવાન સેાહાગી સૃષ્ટીજી ।૪૧।
હવે ગાદીમુઢે બેસીને લીલા કરસે ઉથાપન તણીજી
તે તેા આગલે માંગત્રીયે મેાદસું કહીસ અતી રલીયામણીજી ।૪૨।
કૃપાળલે અને મહેદ કૃપા થકી કહેવાસે પ્રસંગ રસાલજી
ઉથાપન દરશન કરવાવી એ વીનવે દાસ ગેાપાલજી ।૬૪૩।

ઈતીશ્રી સ્વરૂપ રસાવલી ગ્રંથ વ્યારાના ગેાપાલદાસ વિરચિત
મધ્યાહને ભગવદીને ઘેર ખાનપાન આદી ઉથાપન સુધીનેા પ્રસંગ
માંગલ્ય-૯ નવમું સમાપ્ત

માંગલ્ય – ૧૦

પ્રાતથી ઉઠી ભોજન કરી પોઢયા પોઢી ઉઠયા લગણનો પ્રસંગ
વલી ગડુઆને મંદીર જઇ આવ્યા કર્યા ચરણ ક્ષાલણ મનરંગ ।૧।
અહીં લગી પ્રથમ કાંઇ કહી આવ્યો છું અનુભવને અનુસાર
મારી જોગ્યતા સમ જે દાન દીધું તેહનો ભાવે કર્યો વીસ્તાર ।૨।
વલી ગાદી મુઢાનો સાજ સઘલો કરી રાખ્યો છે બેસવા કાજ
અને સૃષ્ટી અનેક પ્રકાર તણી તેહનો આવી મલ્યો છે સમાજ ।૩।
બેઠક તે બહુ મનોરથ ભરી મનોરથીઓના મનોરથ હેત
દાન સાંપ્રત્ય લઇ સનમુખ રહી સ્વરૂપાત્મક સ્વરૂપ સમેત ।૪।
અહીં દાનપાત્ર અતી રસ ભર્યા દાન લેવા પરમ વરેસ
તે તો સહસ્ત્રા વીધી સનમુખ ઉભા નીરખે છે તે સ્વરૂપ સુદેશ ।૫।
પ્રાણવલ્લભજી પીઢે બેઠા ચરણ ક્ષાલણ કરીને આપ
રૂપ દ્રવીત રસે સીંચન કરી ટાલે ભક્ત તણા પરીતાપ ।૬।
ઉભા નયણવંત જેહ સૌભાગીયા નીરખે છે તે નયણ અભીરામ
એ નયણ માંહેં રૂપ લઇ રહયા ને નીમીષ નથી કરતા વીરામ ।૭।
આપ વસ થકી નયણને વસ થયા નયણ તે રહયા સ્વરૂપાધીન
સ્ફુરણા કો અવસ્થાની રહી નથી રૂપ રસમાંહાં થયા છે એ લીન ।૮।
દેહ અંગ અંગ વ્યાવૃત ઇન્દ્રીયની અને સુખ દુખનુ જે હેત
વીધી ન્યામીક સર્વ સ્વરૂપ મઇ થઇ રહયું તે પ્રાણ સમેત ।૯।
તેણે સ્વારથ પરમારથ અને લૌકીક અલૌકીક અને જ્ઞાન
તે સમે સહુ વીસ્મારક થયું કરતાં એ રૂપ રસપાન ।૧૦।
એહવું સ્વરૂપ જે સર્વસ્વ નયણનું તે લેઇ રહયા નયણ મંજાર
અનુસંધાન ઇતર ન દેખીએ સ્વાત્મક એ આધાર ।૧૧।
એણીભાંતે ઉભા તે સૌભાગીયા મહાભાગીયા ભાગ્યવાન
નયણ પાત્રે ભરી ભરીને રૂપામૃતનું કરે છે પાન ।૧૨।
ઉપરેણો જે મસ્તક ઉપર બાંધ્યો તે તો લીધો છે કરમાંહાં છોડી
સ્કંધ ઉપર પેચ દેઇ અને તે હમેલ ધર્યો અંગ મોડી ।૧૩।
ભગવદીના ભાવ અનેકનો વેગા તે કરે સતકાર
જોગ્યતા સમ દાન વીવીધ આપે ઉલટ ભર પરમ ઉદાર ।૧૪।
કો સમે ત્યાંહાં કો ભગવદી હોયે કાંઇ પુછે પ્રભુજીને તેહ
તેનો ઉતર પ્રમુદીત થઇને આપે તે કરીને નેહ ।૧૫।
તેથી સમાધાન તેહનુ હોયે અને ભાજે તે સહુ સંદેહ
વ્હાલો અંતરવૃત લેઇ અને કહે જે વીચારીને પુછે છે તેહ ।૧૬।
વલી એહ સમે કોઇ પરગામથી આવી ઉભા છે દરશન કાજ
તે એણે સમે દરશન કરી અને દંડવત કરે કહી મહારાજ ।૧૭।

તેહને પુછે નીકા હે કબે આયેા કબ નીકરયેા હુતેા તું ત્યાંહાંતે
કછુ વહન હે પ્યાદેા આવ્યેા વીચ વરયેા અણ આયેા કહાંતે ।૧૮।
એહવા મધુરામૃત વચને ભરી સીંચન કરી પુછયું જ્યારે
એ તેા શ્રમગત થઇ સાત્વીક ભાવે અતીસય ભરી આવ્યા ત્યારે ।૧૯।
એણે ઉતર દેવાણેા નહીં ગદગદ કંઠ થયેા રોધ
પ્રાણપ્રભુજી પ્રસન્ન થયા ઘણુ અંતર માંહાં લેઇને અનુરોધ ।૨૦।
કેાએ માખી રાખે છે મુઠે કરી કેાએ ઉભા છે મુખવસ્ત્ર લેઇ
કેાએ કાજ પરાયણ કાજ માંહાં એતદપર થઇ મન દેઇ ।૨૧।
હવે ઉઠે છે વાહાંલેા પીઠેથી ગાદી તકીયે તે બેસવા કાજ
એહ જોઇને સનમુખ ઉભા તે ચલણ વીચલણ થયેા સમાજ ।૨૨।
કેા આગલ થકી સ્થલ આપાપણે રાકીને બેઠા છે જઇ
કેા રહ્યા તે સનમુખ નીરખવા સ્વરૂપાત્મક સ્વરૂપ મઇ ।૨૩।
સહુ સહુને ઠેકાણે ઉભા રહ્યા જે બેઠા તે ઉભા થયા જ્યારે
પ્રાણપ્રભુજી પીઠેથી પ્રમુદીત થઇ ઉઠીને ઉભા રહયા ત્યારે ।૨૪।
ઉભા રહી અને વામ કરે કરી જટકીને સુધારી છે ધેાતી
જમણે ઉપવીત સુધુ કીધું તેહ નીરખે છે પરમ પનેાતી ।૨૫।
ત્યારે ભગવદી સહુ ભેલા થયા કેહેની કેહને રહી ન સંભાલ
જે જે સ્થલે રાકીને ઉભા હતા ત્યાં બીજા આવ્યા તતકાલ ।૨૬।
ને બ્રહ્મવાસજી આગલથી આવ્યા બીડું સીધ કરવાને કાજ
તે તેા કેાઠા ભીતર જઇને બેઠા અને કરે છે તે સહુ સાજ ।૨૭।
ક્રમક્રમ કરૂણાનીધી પધારે છે તેમ વારે છે ભગવદી તન
જેહની આગલ થઇ પધારે છે તેહને થાએ છે પ્રાપ્ત સંપન્ન ।૨૮।
વલી બીજા આગલ આવે તેના મકરંદે મનેારથ પુરે
વલી વામ દક્ષણ તીરછુ જોઇ કેહેની આરત એણીપેરે ચુરે ।૨૯।
એક આગલના મનેારથ કરે ને નીકટના એ રસ ચાખે
પાછલના તે પ્રેમ ભર્યા રહયા ફરી એ રસને અભીલાખે ।૩૦।
વીપ્રયેાગ સંયેાગ સુક્ષ્મ ગતીમાંહાં અનુભવ થાયે છે ત્યાંહાં
રૂપ રસ અભીલાખીને એમ હેાએ પ્રાણ પ્રભુ પધારતા માંહાં ।૩૧।
એમ અનેકને અનેક પ્રકારસું પ્રેમનેા કરતાં તે પ્રબેાધ
અને કેવલ સ્વરૂપ બલે કરી નીરાવણું કરે છે નીરેાધ ।૩૨।
એણીપેરે પધારે છે લટકતા અટકતા અનુપમ ભાંત
નખશીખ શીખનખ અને રૂપની કયાંહાં લગી કહું શેાભાની પાંત ।૩૩।
અતી સુખદ પરમ સૌભાગીયા તે આગલથી ચાલે છે ધસીય
પેંડેા કરવાવે પ્રમુદીત થઇને વચન કહે અતી હુલસીય ।૩૪।
કેા ઓસરા ઓસરી આપ થકી રહેને સ્વરૂપને નયણ માંહાં લેઇ
કેા હાથ જોડી હાર કરી રહે પાછે પગે તે ભાર દેઇ ।૩૫।

એમ ચોંહોંદીશ ચતુરાએ ભરી પરવરી રહે રસરૂપ
મધ્યે પાએોધારે પ્રમુદીત થઇને મધ્ય નાયક ગોકુલ ભુપ ૧૩૬।
એણે સમે જે ભીડ હતી તીબારી માહાં ભગવદી અને ભટ ગુણી તણીય
કવી પંડીત રાજસી ભરી રહયાં તે સમૃધ્ધ ન જાએ ગણી ૧૩૭।
પ્રાણ વલ્લભ ચરણવસ્ત્ર ઉપરં ઉભા રહીને ચરણ તે પુંછે
પદપકંજ કટીને લેહેકે લપટી લપટી ને અંગુછે ૧૩૮।
પછે ગાદી ઉપર આવ્યા જ્યારે ત્યારે જે જે હવેા ઉચાર
સનમુખ થઇ તકીયે અટકીને બેઠા તે પ્રાણાધાર ૧૩૯।
શીતકાલ હેાયે ત્યારે તેહ સમે પહેરે છે દેાહેારી કબાય
અતલસ ઉતમ પટવસ્ત્રની જેહના રંગ કહયા નવ જાય ૧૪૦।
નાના ભાંત્યની જાત અનેકની મગજી અને બંધ સુદેશ
ઉતમ અનુપમ ભાંત્યની દાલગુલ લેહેરીયા વીશેષ ૧૪૧।
માંહે અસ્તર તનસુખ મલમલનુ ને મલાઈ કેામલ જાત
એહવી સુખદ સુખાવહ સેાહતી બેસતી અને સુંદર ભાંત ૧૪૨।
તે તેા મનેારથ કરીં મહાંભાગીયાં લાવ્યા ઉપયેાગ ને કાજ
તેહના બંધ તે બેહુ દીશાના બાંધી દામેણ દાબી ચોંહોં પાસ ૧૪૩।
એક ધેાતી તે ચેાહેારી કરી અને આગલ લેઇ રાખે દાસ ૧૪૪।
તે કરે ગ્રહીયને મસ્તકે બાંધે ચીપની ચીપ ભાવ સમેત
ઉથાધી રહીત આધીકયમું અને શીત નીવારણ હેત ૧૪૫।
વલી ફરગુલ અનુપમ ભાંત્યની રંગરંગ જાત વીશેષ
તે તેા તકીયા ઉપર વીરલી રાખે છે ઓઢે છે પરમ સુદેશ ૧૪૬।
એક અંગીઠી જમણી દીસ રહે રાખી છે તે કરી વીવેક
એમ શીતકાલે તે સૌભાગીયા એહના જતન કરે અનેક ૧૪૭।
પણ હવડાં કહું છું હું ગરમીનેા ચાલ્યેા આવે છે પ્રસંગ
ધેાતી ઉપરેણાસું આવી બેઠા અને ઉઘાડે શ્રી અંગ ૧૪૮।
એહવે બીડું લેઇને ખવાસજી આવી ઉભા વામ ભાગ
છેાટા તકીયા દીશે તે નીકટ રહયા મનમાંહાં આણીને રાગ ૧૪૯।
ત્યારે પ્રાણપ્રભુ સનમુખ થઇ જંઘા ઉપર ધેાતીને સાથ
અવલેા સવલેા કરી પુંછે છે પેાતે પ્રમુદીત થઈને હાથ ૧૫૦।
કર પુંછી અને બીડી લીધી તેના હાથથી શ્રીકરે ત્યાંહાં
પછે વીકસીત મુખ કરી લટકનીએ મેલી છે શ્રીમુખમાંહાં ૧૫૧।
વલી કપુરદાની તે ખવાસજીએ કરમાંહાં લીધી અભીલાખી
સંપુટ ઉઘાડી અને ત્યાંહાં પ્રાણપ્રભુની આગલ રાખી ૧૫૨।
તે માંહે તે કરદલ મેહેલી અને પછે તે ફાંક કપુરની લીધી
કર લટકનીએ ઉછાલી અને મુખ વીકસીત તે મુખમાંહે કીધી ૧૫૩।

ચુનાવટીથી ચુનો અંગુલીયે લેઇ અને આગલ રાખ્યો ખવાસે
તે અંગુલીએ અંગુઠે કરીયને લીધો ગોલી વાલી તે પરમ હુલાસે ।૫૪।
હોએ આરંદ્ર તો ઉપરેણાસું દાણી અને કોરો કરી
ગોલી વાલીને શ્રીમુખ માંહાં મેહેલે વીકસીત મુખ ઉંચું ધરી ।૫૫।
તે કર જમણો લાંબો કરી તષ્ટી માંહાં લીધો પખાલી
છોટે તકીયેથી શ્રીમુખવસ્ત્ર લેઇ અને પુંછે છે વાલી વાલી ।૫૬।
મુખ પુંછી અને પાછું મેલ્યું મુખવસ્ત્ર તે તેણે ઠામ
એમ બીડું આરોગીને બેઠા વાહાલોજી તે પુરણ કામ ।૫૭।
અહીં ભગવદી ગુણે ભાવે પુરા બેઠા છે જે સ્થલ સ્થલ લેઇ
તે ભાવ સહીત સુચન કરૂં એહની પદ રજ શીષ દેઇ ।૫૮।
ત્યાંહાં ભાગ્યવંતા સૌભાગીયા સૌભાગ્ય સભા શ્રંગાર
છોટા તકીયા નીકટ દુવારની આગલ બેઠા નીરખે છે પ્રાણાધાર ।૫૯।
એ તો વાછલ્યે વીવસ થયા રહે પ્રભુના સુખ વાંછીત જેહ
એહોના સુખમાંહાં નીજ સુખ લહે સુખ ઇચ્છે નહીં નીજ દેહ ।૬૦।
સુખ નીજ સદા લગી વારતા અને અહરનીસ એહ વીચાર
જેણી ભાંતે અધીક સુખ સંપજે મલી કરે છે તેહ પ્રકાર ।૬૧।
વસ્ત્ર કોમલ મહીન સુખદ ઘણુ રીતુ ભેદે આવે ઉપયોગ
સૌરભ જે સોહાતા છે પ્રભુને વેગ આણવા તે વીનીયોગ ।૬૨।
અંગહીત ઔષધ બહુ ભાંત્યના હીરા મોતી માણેક બહુ મોલ
તેના ચુર્ણ કરે ચીત માંહાં ધરી દ્રવ્ય રાસ ગીણે તૃણ તુલ્ય ।૬૩।
શ્રીઅંગના સુખ હેત અંગનું સુખ ગણે નહીં તે લગાર
સેવા પરાયણ મનમાંહાં એમ જાણે અંગ વારૂં હું વારંવાર ।૬૪।
શ્રી અંગનું સુખહીત લહી ગોપ્ય પ્રભુ કને કરવાવે દાન
વાત્સલ્ય પરાયણ થઇને દાન પાત્રનું કરે સનમાન ।૬૫।
દાને આયુષ બલ વધે ઘણુ આરોગ્યતા હોયે અંગ
એહવા વાત્સલ્ય મન વીચારી અને એ કરે છે તે એહ પ્રસંગ ।૬૬।
ભોજનાદીક ભોગ તબકડી અને જે જે પ્રભુને રૂચતા જાણે
દ્રવ્યે વસ્ત્રે ઉપક્રમ કરી અને વીનયોગ કરાવાને આણે ।૬૭।
સુખ પરીવસાઇ સામગરી જે તેહનો ઉદ્યમ કરે અનેક
અષ્ટ પ્રહર રહે એહ વીચાર માંહાં તેહનો ક્યાંહાં લગી કહું વીવેક ।૬૮।
રહે એતદભાવ રસે ભર્યા સુખ વાંછીત જ્ઞાન સમેત
પ્રીય સુખમાંહાં સુખ સોંપી રહયા પ્રાણપ્રભુના હીતમાંહાં હેત ।૬૯।
એણી આપતે અતી આરત ભર્યા વેપ્યાજ રહે છે મન
નીશદીન રહે સોચ શ્રી અંગનો ને પ્રસન્નો રહે તે પ્રસન્ન ।૭૦।
કરૂણાએ દયા ભરી નેહ ભરી દ્રષ્ટે જુએ ફરીફરી
દેહ દ્રવ્ય પ્રાણ લગી સહુ કરે જાણે શકયા નથી કાંઇ કરી ।૭૧।

ધર્મવાન પુષ્ટ રસ પ્રેમસું નેષ્ઠીક અતી નીપુણ સુજાણ
અન-યતા તો કીહે. લેખે જ્યાંહાં સોંપી રહયા તન પ્રાણ ૧૭૨।
બેઠા સાંમત સનમુખ થઇને પ્રાણપ્રીયનુ કરે દરશન
પણ વાત્સલ્ય માંહાં વેધા રહે ને કાજ પરાયણ મન ૧૭૩।
એહને દરશન સાધન ફલ અને સ્વારથ પરમારથ જેહ
લૌકીક અલૌકીક વાત્સલ્ય માંહાં વાત્સલ્ય જનીત નીત નેહ ૧૭૪।
જેણે લૌકીક અલૌકીક સુખ તજયા વાહાલાજીને સુખ તણે હેત
નીજ સુખ પ્રીયના સુખમાંહાં સોંપ્યા તન મન ધન પ્રાણ સમેત ૧૭૫।
નીરપેક્ષ નીરૂપાધી અને વલી નિરહેતુક હીતકારી
સુખ વાંછીત સુખ સદા લગી અને નિત્ય પ્રભુના ઉપકારી ૧૭૬।
આદ થકી જે પરમ પરમારથી જેહને સ્વારથનો નહીં લેસ
ફલ સ્વરૂપ લગી વાંછીત નહીં વાંછીત સુખ પ્રીયનુ વરેસ ૧૭૭।
પ્રીયને સુખે સુખ કરી અને માને દેહ પ્રાણ ગીણે તૃણ તુલ્ય
એહ સાધન ને એહ ફલ એહને પ્રીયના સુખસું અનુકુલ ૧૭૮।
સેવા સમર્થ પરાયણ પ્રેમસું ને વલી નીત નૌતન રીત
જેહનુ વરણન વાણીને વસ નથી એવા બેઠા છે કરીને પ્રીત ૧૭૯।
કાજ પરાયણ કેા વલી ભીતર બેઠા ત્યાં ખવાસજી પાસે જઇ
નીરાવરણ નીરૂપાધીતા સાથે કરે દરશન દરશન મઇ ૧૮૦।
વલી સનમુખ કરી અને ખાંભીસું અટકીને પાસ
બેઠા છે તે બહુ ભાવે ભર્યા બહુ ભાંતની કરીને આસ ૧૮૧।
જાણે મારગની પર પીઠીકા અને શ્રીભાગવત માંહાં જ્ઞાન
વલી સાત્વીક ભાવ સબંધસું મહા પ્રભુ રાખે સનમાન ૧૮૨।
એ તેા જગત હીતારથ વારતા પુછી પ્રશ્ન કરી કરે પાન
કૃપા કરી અને પ્રાણ પ્રભુ કહે એહવા શ્રોતા મહા સાવધાન ૧૮૩।
અતી નીપુણ જ્ઞાત નાગર માંહાં પંચોલી માલજી નામ
એ તેા બેઠા રહે સનમુખ ત્યાંહાં એહના સરીયા તે પુરણ કામ ૧૮૪।
વલી કલ્યાણ ભટ ખંભાલીયાના જે સાત્વીક પરમ સુજાણ
પીતા પુર્વક પ્રેમ ધરે અને વાહાલેા રાખે બહુ કાણ ૧૮૫।
એ તેા વચન ચાતુરી વીવેકસું દિનતા જુત કરી મનુહાર
કરે પ્રશ્ન પ્રમુદીત થઇને વાહાલેાજી કરે સતકાર ૧૮૬।
વલી કલ્યાણ ભટ મઠપતી જે દક્ષણાયત જ્ઞાત સુદેશ
જેહને અધ્યયન બલ અદભુત રહે ગ્રંથ શાસ્ત્રમાં બુધી વીશેષ ૧૮૭।
પ્રભુજી તે કૃપા કરે અતી ઘણી ભગવદી કરે બહુ હેત
એ તેા એતદ અર્થ અહીં રહયા તન મન હીત બુધ્ધી સમેત ૧૮૮।
હાસ્ય વારતા અનેક પ્રકારની વચનામૃતના હેાએ દન
તેને અનુમેાદન કરી કરી અને ફરી દેાહરાવી કરે પાન ૧૮૯।

અને પ્રશ્ન પ્રભુજીને કરે તેથી પ્રસન્ન હોયે બહુ ભક્ત
ગુઢ પ્રશ્ન પુછાવે કેા એહેા કને પ્રભુ કહે થઇ અનુરક્ત ૧૯૦
એ આગલ બેઠા સનમુખ થઇ સમે સમે તે કરવા વાત
પ્રશ્ન પુછસે પ્રમુદીત થઇને વાહાલેા કહેસે તે નાના ભાંત ૧૯૧
એહના પુછ્યા માંહાં બહુ ભાવસું વચનામૃતની હસે વૃષ્ટી
જોગ્યતા સમ ભાવ સમાન સુને સીંચન થાસે સૃષ્ટી ૧૯૨
બાંધ દીશ ભીતસું અટકી અને શેતરંજી જેહ બીછાવી
ત્યાંહાં પંડીત જ્ઞાત પ્રતિષ્ઠિત કેા રાજસી બેઠા છે આવી ૧૯૩
પંડીત પરમ વીધી જોગ્ય ખટ શાસ્ત્રના જેહને જ્ઞાન
વલી જોતસી જોગ્ય નીપુણ ઘણું ભુત ભવીષ્ય લહે વર્તમાન ૧૯૪
કવી નવીન ઉગતે ભર્યા જુગતે જગ માંહાં નહીં કેાઇ
શીઘ્ર ગતીએ કવીત કરે નવા એહવા કેાથી ન હેાએ ૧૯૫
એ તેા ચતુર રાજ શીરેામણીનેા ગુણ લહી અને પરમ ઉદાર
દુર દેશથી આવ્યા ઉદ્યમ કરી નીજ ગુણ કરવા વીસ્તાર ૧૯૬
વાદી જે વાદારથ આવીયા લેઇ નીજ મતના સીધ્ધાંત
તેહને સતકાર કરી બેસાડીયા બેઠા છે તે થઇ શાંત ૧૯૭
રાજસી અને રાજ સભા તણા રાજસ ગુણ ભર સંપન્ન
સેવક છે વા સેવક થાવા આવ્યા છે તે થઇ પ્રસન્ન ૧૯૮
તેહને માન દેઇ સનમાનસું બેસાડયા છે આદર કરી
તેહને સમાધાને કરી અને વચનામૃતની માધુરી ૧૯૯
જ્ઞાત વર્ગમાં ઉત્કર્ષ ને વલી તીધરા મહાંના જેહ
આવી બેઠા છે તે બીછાવણે આવકારે બેસાડયા તેહ ૧૯૦૦
વૈદીક જેહ નીપુણ વીતપન ઘણુ જેહને વેદ વેદાંતના જ્ઞાન
તે તેા આવ્યા છે સુજસ સુણી અને તેહને બેસાડયા દેઇ માન ૧૧
એણીપેરે બીછાવણે આવી અને બેસે છે તે તેણીવાર
જે સમે જે તે આવી બેસે એને બેસવાનેા અધીકાર ૧૨
એહને નીકટ ભગવદી ભીંતે અટકી બેઠા છે તે કરી અને હાર
તે તેા એક ટક નયણમાં રાખી અને નીરખે છે તે વારંવાર ૧૩
એ તેા સર્વ ઉપર ભગવદીયના સંગી અને પરમ સુજાણ
પ્રાણ વલ્લભને સેાંપી રહયા સર્વાત્મક દેહ ને પ્રાણ ૧૪
રૂપમાર્ગી ધર્મી સ્વરૂપના ફલ ભારગી ફલાત્મક રૂપ
જે સ્વરૂપ રસે અંગી કર્યા ફલ રૂપ એહેાના સ્વરૂપ ૧૫
સ્વરછતા ભવ્ય ભુષણ ભાવતા સેાહાવતા લક્ષણ સાર
મન સ્વરૂપ રસે પાગ્યા રહે અને ભાવ તણા ભંડાર ૧૬
વલી આગલ તે આગલ બેઠા દેાહેારી તેાહેારી કરી હાર
સમ ઇષ્ટ સમ ભાવે ભર્યા અને એક એકની અનુહાર ૧૦૭

એમ ખાંભી નીકટ દેહરી સુધી બેઠા છે તે ભરીને એહ
રૂપ નેષ્ટીક રૂપ રસે પાગ્યા અનુરાગ્યા અહરનીસ જેહ ।૧૦૮।
શીખથી તે નખ લગી નીરખી અને અંગ પ્રતીઅંગ ઉરમાંહાં રાખી
તે વીતર્ક કરે ભાવે ભર્યા સનમુખ રહી રસ અભીલાખી ।૯।
ચીન્હ લછન રગ મસ તીલ નીરખે હરખે છે અલંકૃત દેખી
એહના નયણ ઉપર મારા પ્રાણને વારૂ તે સુફલ કરી લેખી ।૧૦।
અહીં મધ્યે તે સનમુખ પ્રભુને ગુણીજન બેઠા છે જેહ
ભવ્ય ભુષીત પરમ સોહામણા પ્રાણપ્રભુસું અતીસે નેહ ।૧૧।
તે તો સાજ આપાપણે સીધ કરી ગાન રસ ભરી કરીને આશ
ઓસરો આવે કયારે આપણો જુએ છે તે અવકાશ ।૧૨।
વલી બેઠા તીબારી માંહાં તે કહું પ્રષ્ટ ભાગે જે ભાગ્યવાન
તેણે લોભે તે નીકટ બેસી અને વચનામૃત કરવા પાન ।૧૩।
સાત્વીક સુશીલ સૌભાગીયા ધર્મ નેષ્ટીક પરમ સુજાણ
જે પ્રમેય બલે પહોંચ્યા અહીં લક્ષણા અને લક્ષ પ્રમાણ ।૧૪।
દ્વારથી જમણી દીશે ભીંતસું અટકી અને ઘેરો કરીય
હોમઘર તણે દ્વારે દોહરા તીહોરા દેહેરી લગી બેઠા ભરીય ।૧૫।
બેડા તકીયા નીકટ આવી અને કાંઇ રાખીને અવકાસ
ભીડ અહીં ભગવદીની ભરી તીબારી માંહાં આસપાસ ।૧૬।
વલી આંગણ માંહાં આશા ભર્યા ભગવદી જે ભાગ્યવાન
સ્થલ જોઇ જોઇ કો બેઠા ઉભા રૂપ રસીક અપેક્ષીત દાન ।૧૭।
જેહને જયાંહાં રહી અને દરશન હોએ તે તો અટકીને ઉભા છે ત્યાંહાં
મલતી પાણે મનોરથ કરી આવી રહે તે હોયે જ્યાંહાં ।૧૮।
વલી ઉતમના અંગીકૃત ઘણુ અવીધાન તે જમુનાદાસ
સ્વરૂપાત્મક ભાવ ભર્યા સોહે સ્વરૂપે તે રત સ્વરૂપની આસ ।૧૯।
જેણે આપુ મનોરથ કરી અને ચાર પૈયાનો રથ કરાવી
ત્યાંહાં પ્રભુજી બેસાડયા ભાવસું પ્રભુ બેઠા તે અતી મન ભાવી ।૨૦।
ભરૂચના ભાગ્યવાનને નીકટ છે આંકદોડ તે એહનુ નામ
કો દીવસ ત્યાંહાં વાસ કરી રહયા પછે શ્રીગોકુલ કર્યા ધામ ।૨૧।
જેહને સ્વરૂપ રસે રતી અતી ઘણી વેધી એ સ્વરૂપના જાણ
અન્ય વાસનાને વસ એ નહીં તત્વારથ લહે સુજાણ ।૨૨।
પ્રભુ સનમુખ ખાંભીયે પરસી ને ત્યાંહાં નીકટવર્તી એહ ભકત
સેવા પરાઇ થઇ નીચા બેસે તે સાવધાન થઇ અનુરકત ।૨૩।
કરમાંહેં તે મુઠો ગ્રહી અને માખી નીવારે છે તેહ
વલી બીડી મેહેલે શ્રીમુખ થકી તે તો તષ્ટી માંહાં લે એહ ।૨૪।
કાંઇ સંદેહે કર ક્ષાલ્યો જોઇએ એ ત્યાંહાં એ નામ જલધાર
વલી પુછયા તણો ઉતર કરે શ્રીમુખ જુએ વારંવાર ।૧૨૫।

એહુ ખાંસીથી જલધર તણી ચોતરી લગી એહુ હાર
કરી એહા છે તે સૌભાગીયા અને નીરખે છે તે પ્રાણાધાર ।૧૨૬।
તેહની પાછલ હાર દોડોરી તોહરી એહા જેમ દરશન થાએ
જમણી દીશે કો ઉભા રહે કો ભીડ માંહાં ન સમાએ ।૨૭।
આગલના તે સહુ દરશન કરે પાછલનાને આગલ ઓટ
નીહોરી નીચા ઉંચા થઈ જુએ કરીને વાંકી કોટ ।૨૮।
કો વેદીની ચોતરી પર ઉભા સનમુખ રહી શ્રીમુખ જુએ
એ સ્વરૂપ હરદયમાં રાખી અને અંગ અવીલોકી મન મોહે ।૨૯।
શ્રી વચનની માધુરીની ધારાના અભીલાષી છે એહના કર્ણ
તેહને સીંચન કરે સનમુખ રહી સુણી વચન એ આરત હરણ ।૩૦।
એહવા રસીયા જે મહા રસપાનના દાન દાયક દાન વરેશ
દાન સ્વરૂપ છે જેહના અવીલોકે છે નાહો નરેશ ।૩૧।
ફલ સાધને સાધન ફલ રૂપ રસ રૂપ છે જેહના અંગ
મહા નાયક રસ ભર સંગી ઈચ્છે છે જેહનો સંગ ।૩૨।
જેના રસ તણી રસવસ થઈને તે રસીકવર કરે છે આશ
જેહને અંગે અંગ પાગી અને તે સ્વરૂપે કર્યા છે નીવાસ ।૩૩।
જેહના નયણ માંહાં રૂપ લસી રહ્યું ને હંસી રહ્યું વદન રસાલ
ગુઢ ભાવ અંતરના નયણ માંહાં ઉમડી આવે તતકાલ ।૩૪।
અવીલોકે છે અતી આરત ભર્યા પણ રયણીના રસ તણો ચાવ
તે સમયને રહે અભીલાખતા એહના એતદ રસ પર ભાવ ।૩૫।
એહની દ્રષ્ટે નીહાલે છે નયણે નયણાવીરામને ફરી ફરી
ભાવારૂઢ ભાવીત રસે થઇને અને નયણ માંહાં અંક ભરી ।૩૬।
કોએ લીંતસું અટકીને રહ્યા કોઈ ચરણ ક્ષાલણ સ્થલ જ્યાંહાં
દીગમુઢ ચકિત ચીત્રવત રહ્યા દ્રષ્ટિ રહી છે જ્યાંહાં પ્રભુ ત્યાંહાં ।૩૭।
જોતા નયણ નીમીષ કરતાં નથી સહેતા નથી એ અંતરાય
અનીમીષે અતુલ આરત ભર્યા રૂપમાંહાં રહ્યા છે સમાય ।૩૮।
દેહ ધર્મ ને જ્ઞાન ઈંદ્રીયના ભુલી ગયા તેણીવાર
એક દ્રષ્ટી માંહાં રૂપ લેઇ રહ્યા થઇ રહીત વીવેક વીચાર ।૩૯।
ફરી આવ્યા કો એ સમે દરશનને શુભ વસ્ત્રસું કરી શ્રંગાર
તે તો ઝમકતા હમકતા મોદસું અંગ સૌરભનો નહીં પાર ।૪૦।
સદપાત્ર રસીલા સ્વરુપના અહીં સુખ પ્રભુ અભીરામ
અન્ય વાસનાને વસ એ નહીં એહને સ્વરૂપેજ વીરામ ।૪૧।
રૂપ રસીક વયણ રસ માધુરી નયણાના રસ કહયો ન જાએ
મુસકાતાં મધુર માધુરી ભર્યા આવ્યા શ્રીઅંગના સુખદાઇ ।૪૨।
હાથી દીશ તીરછું અવીલોકતા ડગલા ભરે ભાવે ભરી
ઉભા રહેવાનો સ્થલ ઉરમાંહાં દેતા અને નીરખતાં ફરી ફરી ।૧૪૩।

એમ સ્વકીય માંહાં જે ઉભા રહી આંખમાંહાં લેઇ સ્વરૂપ
ભાવે ભરી ઉમાહ ભરીને રસમાંહાં ભરી જુએ રૂપ ૧૪૪
એમ રૂપ હૃદયમાંહાં વીલસે છે હુલસે છે તે વારંવાર
તે તો અનુભવીનુ મન લહે પણ થાએ નહીં વીસ્તાર ૧૪૫
એ સ્વરૂપ હૃદય આગલ લેઇ લેઇ ઉરમાંહાં રૂપ અનુપ
નયણ માંહે શોભા સંચય કરે ભાવે અનુભવે ભાવનુ રૂપ ૧૪૬
નયણ માંહેથી લેઇ ઉરમાંહાં રાખે ઉરમાંહાંથી નયણ માંહાં લેઇ
કયારે નયણ માંહાં ને કયારે ઉરમાંહાં એમ સાંચે સ્વરૂપ રસમઇ ૧૪૭
નયણ માંહેથી મન અનુભવ કરે મનસું મલી અનુભવે નયણ
એ પરસપરનો રસ અભીનવો તે તો કહેતાં ન આવે વયણ ૧૪૮
જેહ નીમીતથી નેહ પ્રગટ હવો તે નીમીત ભુલ્યા તતકાલ
સ્નેહ આત્મીક અંગ થઇ ગયા રહી નહીં તે અન્ય સંભાલ ૧૪૯
એહવે નેહે એહના ઉરમાંહાં જઇ અને નીત્ય કર્યો છે નીવાસ
એહના ઉર આતતપ રહે સદા નહીં સ્વાસ્થ્ય ન પાવે ઉસાસ ૧૫૦
દીઠે અણદીઠે ચેન પડે નહીં સુખ દુખનું રહયું નહીં જ્ઞાન
સ્વાદ રસ લગી એકો ન સંભવે તાપાત્મીક થયા એ ભાગ્યવાન ૧૫૧
જેહની આરતે આરત પ્રગટે છે તે આરતે થયા આરત મઇ
વીધી ન્યામીક સહુ ભુલી ગયા ને રહયા છે તે આરત લેઇ ૧૫૨
સ્વરૂપે સમાધાન થતું નથી ફલ સાધન સમુજે ન એહ
નેહ સાધતા નેહમાં પોગ્યા અને નેહાત્મક થયા દેહ ૧૫૩
સહુ રસથી રહે છે અજ્ઞાનતા વીપ્રયોગે અનુરકત
એહના ભાવ વીસહ થાએ નહીં ઉભા અનેક પ્રકારના ભકત ૧૫૪
એહના ભાવ અનીરવચની છે મારી દ્રષ્ટી માંહાં થઇ થઇ જાએ
પણ અનુભવ વીણ એહનાં રૂપને કહી પેરે કરી કહેવાએ ૧૫૫
અનુભવી અનુભવથી લહે એ રસનું કેહને ન જ્ઞાન
જાણે તો અનુસંધાન કેમ ભુલે અને કેમ થાએ અજ્ઞાન ૧૫૬
એહવું નેહનુ રૂપ અગાધ છે એહવે નેહે રસપાન
અહીં સામર્થ એકો ન સંપજે સામર્થ એક પ્રભુનુ દાન ૧૫૭
દાન સામર્થે પ્રભુને નીરખે છે અને હરખે છે અંગ અંગ જોઇ
સહુની દ્રષ્ટી સનમુખ પ્રભુને અલગી કરે નહીં કોઇ ૧૫૮
જે જે અગે મનોરથ કરી આવ્યા તેહનો ભાવે કર્યો વીનીયોગ
તે અયોગથી આતુર થઇને ઇચ્છે છે પ્રગટ સંયોગ ૧૫૯
ભાવે સાધાણ રહિતે અંતર રમણે સહુ અંગનો કરે છે ભોગ
મનોરથ પુરણ સમાધાનથી ફરી અનુભવ કરે અયોગ ૧૬૦
અંતરરસ અનુભવને સ્વાદે આરત વાધે અતી ઘણી
તે રસ અનુભવીયનું મન લહે કે એ જાણે છે ગોકુલ ધણી ૧૬૧

પ્રભુ નીકટ જે બેઠા સૌભાગીયા જેસું પ્રભુ સબંધનો નેહ
સનમુખ સાદર દ્રષ્ટે કરીને સ્વરૂપ નીહાલે છે તેહ ૧૬૨।
આતો પ્રભુને નીરખીને તેહને નીરખે છે ફરી ફરીય
રૂપ રસ લેઇ તેરેના નયણ માંહાં સાંચે છે એ નયણ ભરીય ૧૬૩।
એમ ઉભય બેણીપેરે ભાવસું નયણ માંહાં સ્વરૂપને લેઈ
એક એકના નયણ માંહાં સાંચે છે પરસ્પર પ્રેમ મઈ ૧૬૪।
કહેના જોતાં મનોરથ મન તણા ફલીતારથ થાએ છે સદ્ય
કેને જોતાંમાંહાં અધીક આરત હોએ એ છે જોગ્યતા સમ અણુવદ્ય ૧૬૫।
કોએ ચરણ ક્ષાલણની ચોતરીથી ઉતરતી કરીને હાર
તેણી લીંતસું અટકીને રહયા નીરખે છે તે વારંવાર ૧૬૬।
નખશીખ લગી ભુષણ સોહતા કર્યા પ્રથુક નવલ શ્રંગાર
અને વસ્ત્ર વીચીત્ર અનેકને તે તો કહેતાં ન આવે પાર ૧૬૭।
પ્રેમ ભરી પ્રેમાનંદે ભરી ગુઢ ભાવે ભરી રસરાશ
ભાવદાયની રતી રસદાયની હીતદાયની અતી ઉલાસ ૧૬૮।
રૂપવેધી સ્વરૂપ રસે પાગી જેહને ઇતર ન અનુસંધાન
કો સ્વ પ્રગટીત સ્વરૂપ સહાયની જે છે નહીં અપેક્ષિત દાન ૧૬૯।
ચંદ્રવદની અને મૃગલોચની મોચની અનંગની પીડ
સુખદાયની આનંદાયની એવી મચી છે અતીસે ભીડ ૧૭૦।
કો જલધરની ચોતરીસું અટકી અટકી અને ઉભા છે નીચા
કો દુવાર તે જલધરનું રાખી જેહુ દીશ ઉભા રહયા ઉંચા ૧૭૧।
તે તો ભાવ ભર્યા શ્રીમુખ બુએ જોતાં થકી નયણ ન ખાંચે
નેત્ર પાત્રમાંહાં રૂપ ભરી ભરી અને હૃદય માંહાં લેઇ સાંચે ૧૭૨।
રસ અનુભવીયા ઉનમત રસીયા દુરી દ્રષ્ટીસું દ્રષ્ટી જોડે
આસય અંતરગત લહી અને માનાધીનથી ભૃકુટી મોડે ૧૭૩।
એહવા અભીનવ રસે અંતર માંહાં અંતરના અંતર રીઝે
ભાવ સુચવે સનમુખ રહી અને ઉભય રસીયા તે રસમાંહાં ભીંજે ૧૭૪।
કો તો દરશન રસ તણા લોભીયા તે દરશન વીન રહે ન લગાર
એહને આયુષ ભુત સ્વરૂપ છે સરવાત્મક સ્વરૂપ આધાર ૧૭૫।
મુસકાતા પ્રસન્ન જોઇ અને શુભ દીન વા સ્વપ્ન માંહાં દેખી
ઘેર જઇ ઉછવ કરે અભીનવ આનંદ ફલીતારથ લેખી ૧૭૬।
ખાનપાન ને વસ્ત્ર ભુષણ વલી સ્વાદ સુખનો લહે નહીં ભોગ
નીશદીન ઇચ્છે અને અનુભવે એક દરશન રસ સંયોગ ૧૭૭।
લૌકીક અલૌકીક સહુ પરહર્યું એક દરશન કેરે કાજ
કેહેવું સાંભલવું ગીણે નહીં અને ગીણે નહીં કુલ લાજ ૧૭૮।
જ્યાંહાં રહી બની આવે તેમ કરે દરશન વીન રહે ન લગાર
એમ જુએ છે સનમુખ રહી અને જીવન ધન પ્રાણાધાર ૧૭૯।

એક પલક પહરી કરતાં નથી અને પલકસું પલક ન જોડે
અણ અવસરે આરત રહે અવસર લહી અને ભર્યા કોડે ૧૮૦
ક્ષણ પ્રતીક્ષણ રહે છે અધીરતા ભીરૂતાએ ભર્યા અંગ દીસે
જોઈ જીવન સફલ કરી માને વલી જોવાને હુંયલડું હીસે ૧૮૧
એ સમાજ જુએ છે એણીપેરે એહની પેર વીસદ્દ નવ થાયે
અને કૃત છે મહા કારણમાંઈ એ તો વચને કહી ન જાએ ૧૮૨
જલઘર ભીતર ભામીની બેઠા બેહુ દીશ સનમુખ કરી હાર
શુભ નયણે નાહને નીરખે છે થઇ થઈને જલઘર દ્વાર ૧૮૩
ત્યાંહાં બેઠા તે સહુ એકત્ર થઇ નીરખે છે એક ટક સાર
નેણ સર્વના પ્રભુ સનમુખ આવે જાણે કમલ પગની કતાર ૧૮૪
પ્રભુ આસન બેઠા તે જોઈ અને ભકત કરે છે પટાભીશેષ
નેણ કમલદલે કરી કરીને જાણે પ્રીયને કરે અભીશેષ ૧૮૫
એહના નયણ વયણ વીન વીનય કરી વીનતી કરે વારંવાર
પ્રાણપ્રભુ દુરી દ્રષ્ટી કરી હીત ભરી કરે સતકાર ૧૮૬
સતકારથી સતગણુ થઇને અતી આરત વાધે નયન
ભાવે ભાવતાને ઘણુ રીઝવે વસ કરી લે વીણ વેણુ ૧૮૭
કો તો સતકારને ઇચ્છે નહીં ઇચ્છે પ્રભુ દીશનો નેહ
વાત્સલ્યસું અતી આરત ભરી ભાવે વારે છે પ્રતીક્ષણ દેહ ૧૮૮
શુભ હો શુભ હો કહે સોચતા અતી આરત ભરી ભરી
વીરહ વીકલથી વીવસ રહે અને નીરખે છે ફરી ફરી ૧૮૯
કાંઇ આરત અંતરના હીતની તે તો પ્રગટ કરી ન જાએ
રૂપ નીરખે છે સન્મુખ રહી અને પણ શાન્તા કેમે નવ થાએ ૧૯૦
તે તો સ્નેહ જનીત સંયોગે ને વીપ્રયોગે તે એહોના મન
મંથન કરી મુકયા ઘણા થઇ એતદ્દ રસ સંપન્ન ૧૯૧
તેણે સ્વારથ પરમારથ અને સુખ દુખ વલી સ્વાદ ને ભોગ
સહુ સહેજમાં વીસ્મારક થયું વીપ્રયોગ અને સંયોગ ૧૯૨
વીપ્રયોગને આયુર ભાવથી વીપ્રયોગ મઇ થયા દેહ
તેણે આઠ પ્રહર તે અધીરતા એહોને મનમાંહાં રહે એહ ૧૯૩
દીઠે અણદીઠે ચેન પડે નહીં એ ચેનનું ન્યારૂ છે રૂપ
અનુભવ થકી તે જાણ્યું પડે એહવો રસ વીલસે એહ અનુપ ૧૯૪
સંપતી વૈભવ સુખ દેહનાં તે તો તૃણવત તુચ્છ ગણી
નીશદીન મનમાંહાં વેધી રહે સોચે સુરતી પ્રભુ તણી ૧૯૫
નીરખેથી તૃપ્તી પામે નહીં અતૃપ્ત રહે એહોના નેણ
તે તો ભાવારૂઢ થકી સમજે પણ કહેતા ન આવે વેણ ૧૯૬
કો તો જલ ઘરની સીઢી આગલ ભીતસું રહયા હાર કરી
કુલ ઘરની સીઢીયે ઉંચી નીચી ભીડ રહી છે ઘણી ભરીય ૧૯૭

જેહને આગલ સ્થલ જડતો નથી અને પ્રથમ શકયા નથી જઇ
હવે ભીડ ત્યાંહાં મચી ઘણી તેણે રહી ગયા અહીં સ્થલ લેઇ ।૧૬૮।
કેા તેા બેઠા અટારીયે આવી અને સનમુખ સુખ ઈચ્છે ને ત્યાંહાં
મન બુધ્ધી સ્વરૂપમાં લેઇ દર્શને રૂપ લેઇને નયણ માહાં ।૬૯।
એમ એક ટક મટકે નહીં રહ્યા મુંડેરીએ અટકીય
તેહની પાછલ કેા પાછલ બેઠા ઉભા રહ્યા કેા ઠઠકીય ।૧૦૦।
સહુ દૃષ્ટી એતદપર કરી રહયા જોતા રૂપ નયણ નવ ખાંચે
તે સમય તણી શેાભાનું શું કહું જાણે ઢાળ્યા છે એક સાંચે ।૧।
કેા તેા છાત જે ચરણ ક્ષાત્રણ તણી તે ઉપર બેઠા છે આવી
જે સકેાચ રહીત મનના ઘણી અહીં રહી નીરખે મન ભાવી ।૨।
મુસકાઇને મનમાંહાં હુલસી અને કરે વાત પરસપર તેહ
સ્થલ નીરાવરણ નીરખ્યા તણેા આપણને લાધ્યેા એહ ।૩।
અહીં રહીને વાહાલાજીની વારતા સાંભલસું કહેસે જેહ
ત્યાંહાં બેસીને અતી હરખીયાં ઉલટ ભર અતિસય નેહ ।૪।
અનુસંધાન વીસ્મારક થકા સરવાત્મક ભાવારૂઢ
બાહ્યાભ્યંતર રસ વીવસ થઇ અંતર સ્થીત આરત ગુઢ ।૫।
એણીરીતે રસીક વરને જુએ જોઇ જોઇ અને મનમાંહાં રીઝે
રેામાંચીત પુલકીત થઇ થઇને આરંદ્રતાએ ઉર ભીંજે ।૬।
વલી કેા કુલઘરની અટાલીએ પ્રફુલીત બેઠા છે આપ
ધર્મવાન સુખાનંદે ભર્યા સેવા પર હરીત પરીતાપ ।૭।
કેા તેા સીઢીની છાત ઉપર બેઠા જે સુભાવે સાત્વીકના ઘણી
મન ઉતમત રસ પાગ્યા રહે પણ સ્વભાવ જેજ સંકુચ મન ઘણી ।૮।
એ સલજ કુલીનતાને ભવે રસભર થઇ બેઠા છે અહીં
મનેારથ સનમુખ રહેવા કરે ભીડે આગલ જઇ શકયા નહીં ।૯।
પૃષ્ટ ભાગનું એ દરશન કરે ભર રસમાંહે અતી રસ પાગી
કાંઇ વચન વાહાલાજીના સાંભલે ઉલટ ભર અતિ અનુરાગી ।૧૦।
એમ અગણીત સૃષ્ટી સેાહાગની મલી બેઠી છે બેઠક માંહાં
ગહગડીને સર્વ ભરી રહયું તીલ પડવા ઠામ નહીં ત્યાંહાં ।૧૧।
વલી આવે સમાતા જાએ છે ગયે થાએ નહીં મુકતાસ
એ તેા અગણીત સૃષ્ટી નીરાધની ભકતનેા જ્યાંહાં નીત્ય નીવાસ ।૧૨।
એમ દર્શનીય પ્રાણપ્રભુનેા મલી બેઠેા છે અનેક સમાજ
વસ્ત્ર વીવીધ વીચીત્ર ભાંત ભાંત્યના કરીને બેઠા છે સાજ ।૧૩।
તે સમય કહું કે શેાભા કહું કે કહું એહેાના હું સ્વરૂપ
કે સંગાર કહું જે સુશેાભીત કહું ભુષણ વસ્ત્ર અનુપ ।૧૪।
એહની હીલગ કહું કે લગની કહું કે કહું એહેાનેા અભીલાખ
કે મનેારથ કહું એના મન તણા જે પ્રગટ હેાયે સનસાખ ।૧૫।

એહની આરત કહું કે આરંદ્રતા એહનો વીરહ વીસદ નવ થાએ
રૂપ નીરખતાં નયણ ભરી આવે અને અસહી અવસ્થા થાયે ।૨૧૬।
કહું ઈક્ષણ કે લક્ષણ કહું એહના સ્નેહ કહયો નવ જાએ
જેણે નેહે આકર્ષણ કરીને રૂપ રૂદય માંહાં રહયું અસમાય ।૧૭।
ટેક કહું કે અનન્યતા ગુણ કહું સરવાત્મીક ભાવ સુદેશ
ભાગ્ય કહું કે સૌભાગ્ય સોહાગ કહું રસભર મહા રસીક વરેસ ।૧૮।
કહું ઉત્સાહ એહોના મન તણા કે હું ઉલટ કહું કે પ્રમોદ
કહું અગણીત આનંદ વીલસત જે મેં પ્રગટ જોયો જુત મોદ ।૧૯।
દયા કહું કે દીનતા કહું કે કહું એહોના ઉપકાર
એહના ગર્વ કહું સૌભાગ્યના સુખ વાંછીત જે સમાજ ।૨૦।
હું કુલીનતા કહું કે સજન્નતા કહું ધર્મ કે કહું આચાર
નેષ્ટીકતા કહું નીપુણ વરેસની જે વીસદ કરે નાવે પાર ।૨૧।
ઉદારતા કહું કે કૃપા કહું સંપતિ નિત્ય અનેક
વૈભવ જે અસમ એહોનો સદા કહું કે કહું એહોનો જે વીવેક ।૨૨।
એહની સેવા કહું કે સાહસ કહું શું શું કહું કહે પામું નહીં પાર
એક એક ગુણ પર મારા દેહને વારી નાખું હું વારંવાર ।૨૩।
એહવી સભા સર્વોપર સોહતી મોહતી મન મનસીજ તણું
અલૌકીકભર પર છે પ્રમાણથી એ પ્રમેયમાં ન ગમ્ય કેહનો અણુ ।૨૪।
વીધી કૃત્યની વીતરેકની રાજતી ભ્રાજતી તે ભુતલ જેહ
ભય રૂપનો ભય સ્પરસે નહિ અતી નીડર નીરંકુશ એહ ।૨૫।
સુરપતી નાગપતીની જ્યાંહાં ગતી નહીં ન જાણે કો એહને લગાર
જે પરાત્પર વેદાદી અગમ્ય છે એહનો કોઇ ન પામે પાર ।૨૬।
કો સ્વકીયે કે સ્વકીય અંગીકૃત કર્યા મહેદે કરૂણા રસ ભરી
તે એ અતી ઉત્કર્ષ સભા માંહાં આવી રહયા અનુસરી ।૨૭।
જે સ્વતંત્ર અતી સુખદાઇની રસદાયની ભોગ વરેસ
ભાવાપન્ન રસીક ભાવે ભરી જેસું નીત વીલસે ગોકુલેશ ।૨૮।
સ્વરૂપાત્મક સ્વરૂપ રસે ભરી અને સ્વરૂપ મનોછવકારી
વલી સ્વરૂપ દાનારથે સીધ છે સર્વ ઇન્દ્રીય સુખ ઉપકારી ।૨૯।
રસ શ્રેણી અને પ્રેમ આવલીક આનંદના ગુણ તણી રાસ
કે એ સુખ પરીકર પરમીત નહીં કે પ્રમોદ કર્યો છે પ્રકાશ ।૩૦।
જે સોહાગ ભરી શોભા ભરી ગુણ ભરી અલૌકીક રૂપ
એ તો અતુલ પ્રગટ પ્રાગટય જેહવી પરમાવીધી પરમ અનુપ ।૩૧।
મહા મંગલ રૂપ મંગલ ભરી પરવરી રહી મંગલ ધામ
મંગલ નીધીને મનોરથે ભરી મંગલ પુરક કામ ।૩૨।
દયા ભરી અને દાન ભરી સદા માન ભરી ભરી વચન વીલાસ
કરૂણા ભરી કારણ રૂપ એ પરમ વીધી પુરક આસ ।૨૩૩।

બહુ ભાવ ભરી બહુ વરણીય ભરણીય પ્રભુજીની જેહ
આરત જુત હિત અભીલાખની જેહને ઉભય અધીક નીત નેહ ૧૨૩૪।
રૂપવાન અને ગુણવાન એ સમૃધ્ધો અને વૈભવવાન
એહવી સભા સોહાગવતી રાજે ત્રીલોક ન કોએ સમાન ૧૩૫।
જહાં જાત અનેક અનેકનો મકરંદ રહયો મહમહી
એ સુવાસ ચકલ ફેલી રહયો તે વીસદ કરીએ શું કહી ૧૩૬।
છએ શાસ્ત્ર ને વેદ વેદાંત ને જહાં અષ્ટાદશ જે પુરાણ
ચૌદ વીદ્યા કલા ચોસઠ તણા જે સભાએ બેઠા રહે જાણ ૧૩૭।
ચાર સંપ્રદા તણી વારતા નીજ માર્ગ સંપ્રદાતીત
શ્રી ભાગવત ભગવત ગીતા તણી ચર્ચા ચાલે છે પુનીત ૧૩૮।
ટીપણી સુબોધની પ્રેમસુ જેહના ભાવ છે રસતર ગુઢ
તે વીસદ કરીને શ્રીમુખે કહે રસ થાએ છે હૃદયારૂઢ ૧૩૯।
પ્રેમ આનંદ રસ ઉછલીત થઇ રહયો છે અંગ અંગ લસી
એણી ભાંતે બેસી જે સભામાંહાં વાહાલો વાત કહે હુલસી ૧૪૦।
ગાન રસ જહાં અતી છેલી રહે નવ રસ તણો જહાં નીવાસ
અષ્ટ ભાવ હાવાદીકે રસ ભર્યા જહાં દેખીએ નીત એહો પાસ ૧૪૧।
ઝલહલતી અતી ઝગમગી રહી રંગમગી રહી રસ તણે ભાર
લહલહી લસી હુલસી રહી વીલસી રહી સભા અપાર ૧૪૨।
જે કૃતારથી કૃત્ય કારણમઇ જેથી જગત કૃતારથ થાએ
સ્મણે અવીલોકને અનુસરણે મનોરથ અંત થઇને જાયે ૧૪૩।
એ સભા માંહાં જે અનુસરી બેઠા તેહનો પ્રતી કિંકર કોએ
તે પ્રસન્ન થઇને કૃપા કરે તેથી જગત કૃતારથ હોએ ૧૪૪।
એહનુ માતમ કહેવાને બુધને સામર્થ નહીં લગાર
શેષનાગને સામર્થે કહું તોએ નહીં પામું પાર ૧૪૫।
મહા ચક્રવર્તી ગોકુલેશની ચક્રી જે મહા વરેસ
જેહને જોઇ ચક્રવર્તીની ચક્રી નવ આવે તે મનમાંહાં લેસ ૧૪૬।
એહવી સભા તણો શ્રીંગાર જે મહામણીનો મુગટ મણી
મધ્ય નાયક રસીકરાય ભોગી સંજોગી સંજોગનો ધણી ૧૪૭।
ભોગવર વરેંદ્ર સર્વે ઇંદ્રીયા સ્વાદીત રસદાન અર્થ
સરવાંગે મોહક રસ પ્રગટે પ્રગટી કર નીજ સામર્થ ૧૪૮।
અતી અતુલ અસાધારણ અદભુત ભુત ભાવી ન કોએ વર્તમાન
એહ સ્વતંત્ર પર છે પ્રમાણથી પ્રગટ કરવા નીજ દાન ૧૪૯।
સર્વોપર નીત્ય સભાપતી મહારાજ રાજેશ્વર સાર
ગાદી તકીયે બેઠા રાજે સરવોપર સભા મંજાર ૧૫૦।
એણીપેરે સ્થાપને બેઠા છે સભા પુરીને પ્રાણાધાર
કોટી વૈભવ કોટી પ્રતાપને વારી નાખું કોટીક વાર ૧૨૫૧।

બીડી મેહેલી પ્રથમ તણી તેહ સમે તષ્ટી માંહાં તેણીવાર
અધરામૃત દાન કર્યું પ્રીતે ઉદારતા ને ભર ભાર ।૨૫૨।
કર ઉભય પસારીને માગીયો ગડુઓ જલપાનનો જેહ
તે ખવાસે આગલ ધરીને આપ્યો ઉલટ ભરી ભરી તેહ ।૫૩।
અંગુઠો દેઇ અધ નાલવે બેહુ કરમાંહેં ગડુઓ લેઇ
જલપાન કરે ઉંચે કરસું અતી સુક્ષ્મ ધારા દેઇ ।૫૪।
રહી રહી અને શીતલ જલ તણો સ્વાદ લેઈ લેઈ સુખરાસ
જલપાન કરીને ફરીને ગડુઓ આપ્યો કર દાસ ।૫૫।
બીજી બીડી લેઇ અને ખવાસજી આવીને ઉભા રહયા ત્યાંહાં
વાહાલેજીએ પ્રમુદીત થઇને લીધી તે શ્રીકર માંહાં ।૫૬।
વીકસીત મુખ કરી શ્રીમુખ માંહાં મેહેલે કર લટકની કરી
જે પ્રથમ આરોગ્યા જેણી રીતે તેણી રીતે આરોગ્યા ફરી ।૫૭।
તકીયે અટકીને આનંદમઇ બેઠા પ્રાણાધાર
ભકત ચોંહોંદીશ ઘેરો કરી રહયા નીરખે છે તે વારંવાર ।૫૮।
કો તો નીરખે અંબોડલો ઢલકતો જે ચલકની માંહાં
કેશ અગ્રનો છોગો ફરહરે છે કેની દ્રષ્ટી રહી છે ત્યાંહાં ।૫૯।
કો સચીકણતા શ્યામતા જુએ કો સરલતાનુ કોમલ રૂપ
કો તો કુંતલ જુએ છે ફરકતા ફરતા રહયા પરમ અનુપ ।૬૦।
કો નીહાલે લેલાટ લસી રહયું ને હંસી તેજ પ્રકાશ
જહાં લગી સદા ભાગ્ય સોહાગનો નીરંતર નીત્ય નીવાસ ।૬૧।
ત્યાંહાં કેસર તીલકની રેખ જે ઉભય અભીનવ ભાંત સુદેશ
કો મરગજી કો ખંડીત રહી તે તો રાજે છે અનુપમ વેશ ।૬૨।
મધ્ય રેખા જે શ્યામ સોહામણી મોહામણી મનસીંઝ મન
તેહને નીરખે છે નયણ ભરી અને પોતાને માની ધન્ય ।૬૩।
બાંઇ દાહીણી દીશ જે કપોલની આભા ઝલકે છે અનુપમ ભાંત
તેહને નીરખી નીરખી અને નીરખે છે વરસી રહી શોભાની પાંત ।૬૪।
લવણા જે લલીત ગતી પુલકે છે બીડી આરોગતાને પ્રસંગ
કોઇ તે જોઇને મોહી રહયા મન બુદ્ધી સહીત થઇ પંગ ।૬૫।
ભૃકુટી પર રગ રલીયામણી રાજે જે હકારને અંક
બીજી દીશની જે જંઝીર વત રહી તેહને નીરખે છે થઇ નીશંક ।૬૬।
ભૃકુટી અણીયાલી રસાલીને વલી વલી જુએ છે ભકત
એહના મોડયા માંહાં માધુરી પ્રેમની ભાવ સુચવે અતી અનુકરત ।૬૭।
એક ચલણે વીવસ કરી વસ કરેને હરે હીતનો પરીતાપ
આરતી અંતરગતીની ટાલે અને પ્રગટાવે અણમાપ ।૬૮।
કો તો નયણ જુવે નેહે ભર્યા ગુણ ભર્યા જે રસીક રસાલ
વલી અનંગને અનુમોદને ભર્યા જોતાં ન રહે તે સંભાલ ।૨૬૯।

મોહક રસ ભરીત મોહામણા સોહામણા શોભાનુ રૂપ
પ્રેમ ભરીયા પ્રેમાનંદે ભર્યા રસ ભર્યા જે પરમ અનુપ ૧૨૭૦।
સુખ સંપતી ભર ને કૃપા કરૂણા ભર અતી કરૂણાલ
માન ભરીત ને દાન ભર્યા સદા દયા ભરીત એ પરમ દયાલ ૧૭૧।
પ્રતીક્ષણ નૌતન નવરસ ભર્યા ગુઢ ભાવ ભર્યા ભર નેહ
વાછાએન ભર્ત કોક કલા ભર્યા ગુણ ભર્યા ગુણાલય એહ ૧૭૨।
ઈક્ષણ કટાક્ષ કોટીક ભર્યા આરત ભર્યા નીરખે છે ભકત
એક એક રસના એક લોભીયા અવીલોકે છે થઈ અનુરકત ૧૭૩।
કો તો વરૂણીના ભાવ વીલોકે છે કો પલક જોઈ પલક ન મેલે
કો કટાક્ષની ઈક્ષણતા જોઇ એહ રસમાંહાં નીજ રસ ભેલે ૧૭૪।
કોએ નાસીકા નીરૂપમ નીરખે છે હરખે છે સુંદર જોઈ
ઉભય રેખ રસીલી ઉપર રાજે અવીલોકે છે તેહને જોઈ ૧૭૫।
મુછ મૃદુલ ગતે મનોહર રીતે રહી તેહને કોએ નીહાલે
આદે અગ લગી અનુભવ કરે કો કો પોતાનુ આપ સંભાલે ૧૭૬।
અધરે અધરામૃત રસ છેલ્યો ફેલી રહ્યો પ્રગટ પરાગ
અરૂણાઈએ અધીક ઉદય કીધો રસ રચી રહ્યો અનુરાગ ૧૭૭।
એ સમયની અવ્યકત અરૂણતા શોભા પ્રગટાવી સુખરાસ
નીરખીને સૌભાગીયા ઉર માંહે ભાંત ભાંત કરે છે વીલાસ ૧૭૮।
તાંબોલ રસે એ અધર પાગ્યો અધરે પાગ્યો તંબોલ
ઉભય રસમાંહાં રસ પાગી રહ્યો દીશે રંગ તણો મહા રોલ ૧૭૯।
અમોઘ અરૂણતાએ કરીને રેખા ભરી આવી તે અનુપ
સર્વત્ર એ રસ પ્રસરી રહ્યો ન્યારૂં ન દીસે રૂપ ૧૮૦।
અતી અવ્યકત રસ માધુરીની ધારા જે રહી છે વસીય
તેહને અવ્યકત મનોરથ કરી અને જુએ આરત ભર હુલસી ૧૮૧।
મનોરથ પુરક એ મનોરથી ઉદારતા ને ભર ભાર
અતી રસીક રસે ભર નમીને સનમુખ આવ્યો તે ઉદાર ૧૮૨।
નીરખ્યા માંહે નયણ અમી ઢરે ને ભરે રસ રસના માંહે
સાત્વીક રસે નયણા ભરે પુલકીત અંગ હોયે છે ત્યાંહે ૧૮૩।
એહના રૂપનુ રૂપ કહી અને કહેતાં નવ પામું પાર
સ્વકીયાનુ સરવસ્વ ધન અને પરકીયાનુ પ્રાણાધાર ૧૮૪।
જુવતીઓની જીવન મુદ્રી અને સુંદરીઓનુ સર્વસ્વ સાર
મનોરથનુ રૂપ રસે ભર્યું એહને નીરખે છે વારંવાર ૧૮૫।
ગોરે ગલ મંડલે મંડલ કરી ઉભા રહયા તે નીરખે છે ભકત
ઉભય સમને મનોહર ભાંત્યસું અવીલોકે છે થઇ અનુરકત ૧૮૬।
બીડી આરોગતા જે ઉભય રીતે આવ્યા વીકસી અને પરમ રસાલ
અંતર અનુમોદન ભાવનુ સુચન કરે એ તતકાલ ૧૨૮૭।

અંતરની અરૂણતાની આભા જે તે તો બાહાજ્ય રહી પરસી
વાતને રસે વીવસ થઇને આવે છે ઉભરી ઉભરી ૧૨૮૮।
કે। તો કરણ જુએ છે કેાઠામણા મેાહામણા મેાહક ધામ
એ વચન રસ સંચયનું આલય રસાલય પુરક કામ ૧૮૯।
ગુંજપાત્ર એ ગુઢ રસે ભર્યા આનંદને અનુમેાદ
વાકય સાંભલવાને વીકલ રહે સાંભલીને પ્રગટે પ્રમેાદ ૧૯૦।
કે। સમે મુકતા ફલ મણી હેાએ કે। સમે હીરાટી સાર
સાદે કર્યું શેાભા જે પ્રગટ હેાએ તેહને નીરખે છે નર ને નાર ૧૯૧।
ઠેાડી ચીબુક ચારૂ ચતુરા નીરખે હરખે અનુભવ સ્થલ જોઇ
મન મનેારથ કરે અયેાગથી રસ સમે અભીલાખે કેાઇ ૧૯૨।
શ્રીવા ગુણનીધીની જે સેાહામણી તેહને સહુ કેાએ નીહાલે
નીલ તીલ જે મધ્ય મનેાહર રાજે તેહને જોઇ દ્રષ્ટિ ન ચાલે ૧૯૩।
કે। તો માલા જુએ તુલસી તણી દુલરી જે ઉભય રસ જાણ
એક એક મણીકા પર મન દેઇ વારી નાખીએ દેહ ને પ્રાણ ૧૯૪।
કેાએ એક લરી ગુંજ તણી કેાએ હેમની મુગતા માલ
કે। આરત કરી કે। મનેારથ ભરી કેાએ નીરખે છે ભાવ રસાલ ૧૯૫।
બાંહેાદંડ કેાપર કલા કમનીય ને અંગુલીદલ નખ ઉદ્યોત
અંગુઠી જે નંગ જડાવની તેહની ઝલકી રહી છે જયેાત ૧૯૬।
જુએ રૂદય કરણ આનંદનુ સુખકંદનુ સાંપ્રત્ય રૂપ
સુંદરતા નીસીમ સેાહામણી પરમા વીધ પરમ અનુપ ૧૯૭।
ઉપવીત જે અનુપમ ભાંતનુ એક એક ને ત્રણ ત્રણ તાર
દશ વરસે તે એક અધીક પેહેરે એહવા દસકા હેાએ અપરમપાર ૧૯૮।
તે તો વામ સ્કંધે પરસી અને પરસી રહ્યું દક્ષણ ભાગ
રૂદય પરસી ઉદરે પરસી અને જંધા પરસ્યું કરી અનુરાગ ૧૯૯।
કે। ઉરેાજ ઉતંગ અનંગ ભર્યા ભર ભાવે નીહાલે છે તેહ
એહ જોઇ જોઇને નીજ ઉર નીંદે પ્રમુદીત પ્રગટે છે નેહ ૨૦૦।
કયાંહું છીંટ છબીલી જે ચંદનની તે રહી છે રસીલી ભાત
તેહને નીરખે છે નેહ ભરીને ઉભી જે ભગવદીની પાંત ૧।
કુચ તલથી તે ઉદર મધ્યે દીસે પાન તણેા આકાર
તે સ્વરૂપ રસીક ભેાગીયા અનુભવ કરે તે નીરખણહાર ૨।
કેાએ ઉદર અનુપમ ભાંતનું ત્યાંહાં ત્રીવલી કેરી પાંત
રેામાવલીની ધાર ભલી રહી તે નીરખે છે કરી કરી ખાંત ૩।
પછવાડા જે ઉભય ઉભય દીશના તેહની કેામલ કમનીય કાંત
જેણી દીશે રહયા તે તે દીશ નીરખે શું કહું તે શેાભાની પાંત ૪।
પૃષ્ટ ભાગને નીરખવા નયણને રતી પ્રગટે તે પરમ રસાલ
તકીયા તણી ઓટે આરત વાધી જોવા ઉઠતાએ છે બાલ ૨૦૫।

ભુજ મુલના પૃષ્ટ દૃષ્ટ પડે માલાની શ્રેણ
મસ તીલ કુંતલ દૃષ્ટે પડે અંબોડે અરૂઝી રહયા નેણ ।૩૦૬।
કોએ નાભી નીહાલે છે નેહ ભર્યા ચોંપસું તે ચીતમાંહાં લેઈ
ધોતી ઓટથી દૃષ્ટી આવે નહીં જોવા રહયા આરત મઈ ।૭।
કટીતટ ઉજજવલ ધોતી ધરી ખાસાની સુખદ મહાસાર
તેણે અનુપમ અંગ આછાદીયું કો. તે નીરખે છે વારંવાર ।૮।
કટી નીતંબ તે તકીયાસું ટેકી અને જમણુ અંગ જંધા ને જાન
ઉંચી કરી અને વામ ચરણે તે ઢાણી બેઠા છે કૃપા નીધાન ।૯।
કો. તો કાંડા તે ઘાટ સુઘાટ ને ઓડી અનુપમ ભાંત
ચેની પાટલી અંગુલીદલ નીરખે નખ નીરૂપમ શોભાની પાંત ।૧૦।
કો. કાંતી જુએ કોડે ભર્યા કોએ રોમાવલી રસધાર
કોએ રૂપમાં પાગી રહયા જોતા નવ પામે પાર ।૧૧।
ચાક ચક્ષ લાવણ્યામૃત તણી ને સ્વરૂપ રસ અવિચ્છીન્ન ધાર
અસાધારણ પરમ અમોધની વૃષ્ટી થાએ છે અતી અનીવાર ।૧૨।
તેણે કરીને તેહમાં કો. મગ્ન થયા કેહેના ભીના સરવાંગ
વૃષ્ટે કરી અવશિષ્ઠ રહ્યું નહિં કો. થયા શીથીલ ગતી પંગ ।૧૩।
વૃષ્ટીની અગાધીતાએ કરી કેહેના રહયા ન અનુસંધાન
કો. તો મીટ માંડી રહયા છીંટને અને કો. ભીના ભાગ્યવાન ।૧૪।
કેહેને બુંદ કેહેને કણિકા સ્પરસી કેહેને થાયે છે સીંચન માત્ર
કો. તૃષારતી તૃપ્ત થયા ઘણુ કો. અતૃપ્ત રહયા સહપાત્ર ।૧૫।
એણી વૃષ્ટે વ્યાકુલતા તે વહી ચાલી કેહેને રહયો નહીં પરીતાપ
જોગ્યતા અધીકારના ભેદસું શીતલતા પ્રગટી અણુ માપ ।૧૬।
એણીભાંતે બેઠા છે આનંદમઈ સ્વરૂપાનંદ રસે કરે વૃષ્ટિ
ત્યાંહાં સનમુખ રહી સીંચન હોએ છે સ્વરૂપ વીમોહીની સૃષ્ટિ ।૧૭।
કોએ પંખો કરે છે પ્રમોદસું સનમુખ રહી સાત્વીક રૂપ
એ દુરથી અતી આનંદ ભર્યા અંતરગત ભાવ અનુપ ।૧૮।
તેહને પાગ તે પરમ સોહામણી અને તીલક ધર્યું છે સુદેશ
વલી માલા મનોહર ભાંતની તુલસીની પરમ સુવેસ ।૧૯।
ધોતી ધરી છે પરમ સોહામણી ખાસાની સકોમલ શ્વેત
ઉપરણો તે લેઈ કસવટ વીંટયો વાહાલાજીની સેવાને હેત ।૨૦।
કરમાંહાં પંખો મોર ચંદ્રનો અતી સુંદર પરમ મનોહર ભાંત
મુઠાને મધ્યે મખમલસું મઢયો ફરતી રહી ચંદ્રકા પાંત ।૨૧।
તેહને લેઈ ઉભા છે સૌભાગીયા પંખો કરે પ્રમુદીત થઈ
મન સોંપી મનોહર રૂપમાં ને એ સ્વરૂપ હૃદયમાં લેઈ ।૨૨।
કર ફેરે છે મૃદુલ ગતે કરી સંગ સંગ ફીરે નીજે માથ
બીજું અડધું અંગ ડીગે નહીં ઓસરા ઓસરી ફેરે હાથ ।૩૨૩।

પંખો કરતામાં જ્યારે પવનની લેહેકો આવે છે સુભાવી
તે સુખદ લહી પંખો રાખી રહે વલી પંખો કરે મન ભાવી ।૩૨૪।
મનમાં ધુકધુકી રહે ઘણી વાહાલાને કેવો સોહાય
રૂચી જોઇ અને રસ લીધે કરે જોઇ પ્રભુના મન તણો આસય ।૨૫।
વલી વચન માધુરી તે સાંભલે શ્રીમુખ રસનુ કરે પાન
સાદર દ્રષ્ટી સનમુખ રહી પંખો કરે મહા ભાગ્યવાન ।૨૬।
પંખાને વયારે કરીને કેશ કુંતલ ફરહરે જેહ
ઉપરેથાનો ખુંટ જે ફરહરે તેહને નીરખે છે કરીને નેહ ।૨૭।
વલી કો ભગવદી મનોરથ કરે પંખો કરવા તેણીવાર
ઉઠી સીધ થઇ અને ઉભા રહે કરે નયણમાં મનુહાર ।૨૮।
તે પણ એહોને જોઇને પંખો આપે લેઇ હાથ
ને નમન કરી સ્થલ આવી બેસે આ કરે છે ચઢાવીને માથ ।૨૯।
એહના મનમાં મોદ માયે નહીં આનંદનો હોએ પ્રકાશ
પંખો કરે મૃદુલ ગતે કરી અંતરગતી અતી હુલાસ ।૩૦।
ગરમી અસાધારણ હોએ પ્રાણપ્રભુને ન આવે પ્રસવેદ
એહવી ભાણ સદા લગી એહોને અંગ ધાતુ તણો એ ભેદ ।૩૧।
કયારે વસ્ત્ર ને પંખો ગુલાબસું ભીંજવીને કરે છે તેહ
તેહની શીતલતા પરમીત નહીં કરે અંતરગતને નેહ ।૩૨।
પંખાનો પવન પ્રસરી રહયો આવે છે તે મહર મહર
શ્રીઅંગને પરસી પ્રગટ હોએ તે સુવાસીત સુખ તણી લહેર ।૩૩।
કો પ્રસાદી વયારને લોભથી બેસે છે નીકટ આવી
શ્રીઅંગ પરસીને પરસ એહને હોયે સુખ પામે છે મન ભાવી ।૩૪।
અંગ પુલકીત રોમાંચીત હોયે પ્રભુ પરસનો પરસ લહી
મન અનુમોદ માયે નહીં પોતાને ધન્ય કહી ।૩૫।
ઉપકાર માને છે વયારનો સાત્વીકતા કરી કરી
મધ્ય થઇને અંગ આમોદનો કરવાવે પરસ ફરી ફરી ।૩૬।
કો તો સેહેજ વયારને લોભથી બેસે છે તે મન જાણી
પંખાનો પવન અહીંયા આવસે એહવું સુખ મનમાંહાં આણી ।૩૭।
કો વયાર એ ઉપયોગી લહી અને ભગવદીનો શ્રમ જાણી
સાત્વીક ભાવે રોકે ઘણુ સંકોચ તે મનમાં આણી ।૩૮।
એમ ઓસરા ઓસરી સીધ થઇ પંખો કરે ભાગ્યવાન
એ લીલામાં સ્વરૂપ રસે ભર્યું ભગવદીને હોયે દાન ।૩૯।
વલી કો ભગવદી તકીયા પાછલ પૃષ્ટ ભાગે ઉભા રહે આવી
માખી વરઝણુ કરમાં લઇને મક્ષીકા તે નીવારે સુભાવી ।૪૦।
શુભ વરણ અલંકૃત ભવ્યતા સ્વરૂછતા અને પરમ સુવેસ
ભાવે ભરીત ને પુંજ પ્રેમ તણા રસ જાણુ પ્રવીણ વરેસ ।૩૪૧।

ગ્રહયું હાથમાં માખી નીવારણ તે વીચીત્ર પ્રકારનું સાર
તેહની ભાંત વીસદ કરીને કહું પણ થાએ નહીં વીસ્તાર ।૩૪૨।
એકલાહે ગુલાબી રંગની તેહને દીધી છે પીત કીનાર
એને ચીપ કરી ચતુરાઇસું જેહની નહીં કો અનુહાર ।૪૩।
કોએ દરીયાઈ દોહરા રંગની તેહની હોદ ને કરી છે કોર
તે તો લાગે છે પરમ સોહામણી ફરતી રહી છે ચહું ઓર ।૪૪।
કોએ ખાસાનુ શ્વેત સોહામણુ તેહને ફરતી અતલસ લાલ
ગ્રંથી દીધી છે ચુણીને પાલવ સોંપે ચરચ્યું છે પરમ રસાલ ।૪૫।
કોએ છીંટ અનુપમ ભાંતનુ તેહને હાંસીએ છે છીંટ અમોલ
મનોરથ કરી લાવ્યા સૌભાગીયા નહીં કો આવે એહની તોલ ।૪૬।
કો કર્યું છે કસીદા રેશમ તાણુ તેમાંહે છે ભાંત અનેક
બહુરંગ વીચીત્ર પ્રકારનુ તેનો ક્યાંહાં લગી કહું વીવેક ।૪૭।
કોએ સાલુ અરૂણ ને મીહીન ઘણુ તેને ફરતી હરીત કીનાર
એ મેં અનુભવ કીધો તે નયણમાંહાં ફરી આવે છે વારંવાર ।૪૮।
કોએ સોહે સોનેરી છાપાનુ હોદ હાંસીયા ને ગુલદાર
એવા ક્યાંહાં લગી કહું વીસદ કરીને કહેતાં ન આવે પાર ।૪૯।
ભાંત ભાંતના રંગ અનેકના માંહે સોંધા અનેક સુવાસ
એમ લાવે છે મનોરથ ધરી અને ઉપયોગની કરી આશ ।૫૦।
એહવું ગ્રહી ઉભા છે સૌભાગીયા માખી રાખે છે તે મન રાખી
વાત્સલ્ય સહીત ચતુરાઇસું મનમાં અતી હીત અલીલાખી
ધોતીની લાવન લેઇ જાનુમાં ઉભા છે તે અંગ સંકુચાવી
દ્રષ્ટી પૃષ્ટ દીશે રાખીને અતી મુદીત સહીત મન ભાવી ।૫૨।
માખી વરજણુ ગ્રહી લટકા સાથે અંગ ઉપર બેહુ દીશે ફેરે
તેહનો રાવ તે રસવાચી હોએ તે તો માનુનીના મન ઘેરે ।૫૩।
ફીરતું ફટકણુ જે ફરહરે મન હરે છે મનસીજ તાણુ
તે સુવાસ જે ચોંહોં દીશે ફેલીયો તે કહેવા મારી બુધ્ધી ન અણુ ।૫૪
એમ ઓસરા ઓસરી ભગવદી વીનય પુર્વક ઉભા રહી
મનોરથ કરી અમ સેવા કરે માખી વરજણુ કરમાં ગ્રહી ।૫૫।
છોટા તકીયાની દીશ નીહોરીને સુંદર શ્રીમુખને નીહાલે
માખી બેસવાની ચોંપે કરી આગલના અંગ સંભાલે ।૫૬।
પુલકીત રોમાંચીત થઇને પોતાને માને છે ધન્ય
પ્રાણ પ્રભુના દાન સોહાગથી જાણે અમ સમાન નહીં અન્ય ।૫૭।
ભાવ ભેદે સાત્વીકતાને ભાવે વલી જાણે છે એમ સુભાવી
ભગવદીઓની કરૂણા બલે થકી અમો ઉભા છીએ આ સ્થલે આવી ।૫૮।
એહવે ભાવે અનેક પ્રકારસું રીઝી રીઝીને અંગ ન માયે
માખી રાખે છે મન રાખીને જેમ પ્રાણ પ્રભુને સોહાય ।૩૫૯।

બાંઇ દીશ છોટા તકીયા ઉપર મુખવસ્ત્ર ગુલાબે ભરી
રાખ્યું છે તે દબેહુ કરમાંહાં લેઈ નેત્રે દેઈને રાખે ફરી ।૩૬૦।
એમ અતુલ અસાધારણ વૈભવ લેઈ બેઠા છે વૈભવાધીશ
એ જગત થકી અલગા જગત મણી ને જગત તણુ જીવન ઇશ ।૬૧।
મહા અતુલ પ્રતાપીક અભીનવ ખટ ગુણ અલૌકીક સામર્થ
ભક્ત ભાગ્ય ફલોદય કરી નીજ જન સુખદાનને અર્થ ।૬૨।
પરમાનંદ કંદલ સુખ સ્વામી કરૂણાનંદ વીગ્રહ રૂપ
અક્ષય સંતોષના કોષ એ પ્રેમામૃત રસ ઉદધી અનુપ ।૬૩।
ભક્ત નેત્ર કુસુમ વીકસાવતા ભકતાનંગ નવાંકુર જેહ
પ્રતીછીનું સુખદાયક પ્રેમમે પ્રતીક્ષણુ પ્રગટી કર નેહ ।૬૪।
સુખ સંપતી રસ સંપતી સદા કામ સંપતી સમૃધ્ધવાન
ને સ્વકીય સમૃધ્ધે સુશોભીત નહીં કો એ સમૃધી સમાન ।૬૫।
એહવી સમૃધ્ધી વૈભવ અનેક ને સંપતી સુખનો નહીં પાર
કોટી ઉગ્રતા કોટી પ્રતાપસું બેઠા છે તે પ્રાણાધાર ।૬૬।
અહીં ભટ પંડીત વાદી અને બેઠા છે વેદના પાત્ર
વલી કવી શ્રોતા રાજસી તે ગાયક અને ગુણીજન માત્ર ।૬૭।
ગુણ પોતાના પ્રગટ કર્યા તણો કહેવા પુછવા કરે છે વીચાર
પણ સ્વરૂપનુ પ્રાબલ્ય જોઇને કરી શકતા નથી કોઇ ઉચાર ।૬૮।
શોભા સ્વરૂપની દેખી બેઠા રહયા અતી ઉગ્ર પ્રતાપ જોઇ
મૌન ગ્રહીને ભયચક્ર થઇ રહયા ત્યાંહાં બોલી શકે ન કોઇ ।૬૯।
નીજ સામર્થ તો ભુલી ગયા ધુકધુકી રહે મન માંહાં
સોચ પોચ કરે અંતર ઘણો કહે શું બોલીસ અમો આંહાં ।૭૦।
એહવે બાલક કો ભણવા આવ્યા જેહને મનોરથ જેહ
ટીપણી સુબોધની લઇ આવ્યા સરવાત્મક ધરી મન નેહ ।૭૧।
આગલને જુલીચે આવી બેઠા ચરણે નામીને માથ
દીનતા જુત દંડવત કરી અને પોથી લેઇને હાથ ।૭૨।
ત્યારે શ્રીમુખથી બીડી મેહેલી તષ્ટીમાં તેણી વાર
તે તો ભકતે ઉઠાવી ઉતાવલી સીધ્ધ થઇ બેઠા છે આધાર ।૭૩।
પોતે શ્રી હસ્તમાં પુસ્તક લેઇ વાંચી ભણાવે છે આપ
પ્રમુદીત પ્રતીઅંગે થઇને હરે આરત ને પરીતાપ ।૭૪।
સુબોધની કે ટીપણી ટીકા મહા પંચાધ્યાય કયારે વેણુ ગીત
વૃતચર્યા કે શ્રી આચાર્યજી કૃત સીધાંત માર્ગ જનીત ।૭૫।
એમ ભણાવે છે તે ભણી સાંભલી જેહનું જેહવું છે ગાત્ર
ત્યાંહાં તેવોજ રસ ઠેરાયે છે જોગ્યતા સમ જેહવું છે પાત્ર ।૭૬।
પાસે ભગવદી બેઠા છે સહુ રૂપ માધુરીનું કરે પાન
અધીકારના ભેદ અનેકસું બહુ વીધીનુ હોએ છે દાન ।૩૭૭।

કોઇ તો કથા લહીને સાંભલે કોઇ સમજે છે અક્ષરથી
કેહેને અક્ષરમાં છે ગમ્ય ઘણી મગ્ન થાય છે બુધ્ધી સામર્થ ।૩૭૮।
કોઇ તો અક્ષરમાં સમજે નહીં ભાવ ઉપર દ્રષ્ટી ન લેશ
કેવલ શ્રીમુખ માધુર્યતા વચનામૃત પરમ સુદેશ ।૭૯।
જે અવ્યકત મધુર માધુરીની ધારા રસ પ્રગટે છે જેહ
તેમા ભીંજી ભીંજીને મગ્ન થાએ છે ફરી ફરી તેહ ।૮૦।
કોઇ પ્રસન્ન શ્રીમુખ પ્રફુલ્લીત દેખી લાવણ્યામૃત રસ દ્રવે સાર
એ રસ તણુ પાન કરીને મગ્ન થાએ છે વારંવાર ।૮૧।
કોઇ તો સર્વાંગ અતી પ્રફુલીત દેખીને તે રસમાં થાએ છે લીન
કોઇ તો નેત્ર કમલની ચપલતા દેખી મગ્ન થાએ છે પ્રવીન ।૮૨।
કોઇ તો ભ્રુચ વિલાસ દેખીને કોઇ કપોલ ગલસ્થલ જોઇ
ત્યાંહાંના ચલણ વલણ જોઇને મગ્ન થાય છે તે વલી કોઇ ।૮૩।
કોઇ તો અવ્યકત અધર રસે ભર્યો તેહને ફરકતો જોઇ રસાલ
નયણ દ્વારા એ પાન કરી કરીને રહે નહીં તે સંભાલ ।૮૪।
કોએ રસના રસીલીની લલકની એ દંતપંગતી ઝલકની જોઇ
ચારૂ વાકય ચતુર વરના જોઇને મોહી રહયા છે કોઇ ।૮૫।
ભાવ કહેતાંમાં અન્ય ઉપદેસના તે વચન સુણીને રીઝે
સમજી શકે તે સૌભાગીયા રસીયા રસમાં તે ભીંજે ।૮૬।
કોઇ તો વચનામૃત રસ ભર્યા નીશ્રીત થાયે છે તે માંહાં
કોએ ગ્રીવાની વલણ ચલણ દેખીને મગ્ન થાયે છે તે ત્યાંહાં ।૮૭।
અંબોડાની ચલક ઝલક જોઇ અને લટકની જોઇ રસાલ
કોએ સ્કંધના ચલણ જોઇ જોઇને મોહે છે તે બાલ ।૮૮।
કોઇ કનપટીના ચલણ વલણ દેખી તેમાં થાએ છે મગ્ન
કોઇ તો શ્રીહસ્તનો લેહેકો જોઇ તેમા થઇ રહયા મન લગ્ન ।૮૯।
કોઇ તો માલાની લોલુપતા જોઇ કોઇ હરદય રસીલું નીહાલી
કોઇ ઉરોજની થરકની જોઇને નથી શકતા તે આપ સંભાલી ।૯૦।
કોઇ સંપુર્ણ સ્વરૂપને જોઇ જોઇ અનુભવ કરે નખશીખ અંગ
પ્રતીઅંગને અવીલોકી અને મન મગ્ન થયા ગતીપંગ ।૯૧।
એમ સંપુર્ણ સ્વરૂપનો ભકત અનુભવ કરે છે ત્યાંહાં
એ તો વાનગી માત્ર લખીએ છીએ યથા વીધી લખી શકીએ તે કયાંહાં ।૯૨।
એહવા અનેક કોટી વીધી ભકત છે તેહને એક એક ક્ષણ માંહાં
કોટી વીધી ભાવના તે સમુદ્રથી ઉઠે નૌતન તરંગ તે ત્યાંહાં ।૯૩।
ગેહેરી લેહેરીઓ તે ભાવની ને તરંગ ઉઠે છે અપાર
તેહને જાણવા કોઇ સમર્થ નહીં કહેતાં નાવે પાર ।૯૪।
ભાગ્યવાનને પોતે જણાવે છે તેહને બોધન કરવા કાજ
બુધ બુધ કહી અને બોધવે કરૂણાનીધી શ્રી માહારાજ ।૩૯૫।

હવે માહાપ્રભુ અનેક પ્રકારસું સંયોગ અને વીપ્રયોગ
મધ્યસ્થની વીજ્ઞપ્તી ને વલી શ્લોક છુટક જે ઉપયોગ ૧૩૯૧
કહે છે વીસદ્દ વીવરણ કરી ભકતને દ્દાનાર્થ
શ્લોક દ્વારા એ ભાવ પ્રગટ કરીને પોતા તણે સહેજ સામર્થ ૧૯૭
સાક્ષાત સ્વરૂપ રસદ્દાનનો તે સમે અનુભવ કરવાવે
અનુકરણ સહીત અનુભવ હોએ અને સહુ કેને મન ભાવે ૧૯૮
એહવું સ્વરૂપ રસોમઇ રસ ભર્યું ઉછલીત રસ ઉદાર
રસ સામગરી જોઇ જોઇને રસે ઉદ્દબોધ થઇ તેણીવાર ૧૯૯
શ્લોક દ્વારા સ્વરૂપ નીશ્ચીત કરી પ્રગટ દેખાડે છે આપ
ભકત નેત્ર દ્વારા ને ઇંદ્રીય દ્વારા અંગ અંગ દ્વારા અણુમાપ ૧૪૦૦
રોમરોમ દ્વારા રસ સ્વરૂપનો અનુભવ કરવાવીને આપ
મનોરથથી અધીક કહી ભકતનો તે શાંત કરે પરીતાપ ૧૧
અને પોતાનો રસ ઉદ્દબોધ તે તેહ સમે તે શાંત કરી
અને નૌતન રસ ઉદ્દબોધને ત્યાંહાં વૃધી કરે છે ફરી ૧૨
અને ભકતને નૌતન તાપની ફરી વૃધ્ધી કરે છે અનેક
એ પ્રકારે તે નીત્ય એણીરીતે તેહનો કયાંહાં લગી કહું વીવેક ૧૩
રસ વૃષ્ટી કરીને ભુગતે છે ભુગતાવે છે એ રસ જેહ
તે તો ઇતરને એ જ્ઞાપીત નથી અનુભવીને અનુભવ એહ ૧૪
એમ થાએ સમાધાન સર્વના અંતરંગના હોએ છે સદ્ય
વચનામૃત માધુરી માંહેથી આપાપણુ સમજે ગદ્ય ૧૫
જેણે પુર્વ પક્ષ કરી રાખ્યા તેહના એહમાં સીધ્ધાંત
સીધ્ધાંતીઓના મનને હોએ સીધ્ધાંત તે આદ્ય ને પ્રાંત ૧૬
જેણે પ્રશ્ન વીચારીને રાખ્યો છે તેહના સહેજમાં હોએ સમાધાન
જેણે કોક વસ્તુ ઇદ્દમીત કરી રાખી તેહને એ સુણી થયા સનમાન ૧૭
સંદેહીના સંદેહ સેહેજમાં સહુ મીટી ગયા તેણીવાર
પ્રશ્ન કરતા પ્રસન્ન થયા ઉચર્યા જ્યારે પરમ ઉદાર ૧૮
એમ અનેક પ્રકારે અનેકના વચનામૃતે હોએ સમાધાન
એ લીલામાં લીલા ઉપયોગીને હોએ છે વીધી વીધીના દાન ૧૯
એ સુબોધની કેહેને બોધક નહીં જ્યાંહાં કૃપા કરી એહ જણાવે
એહોને દાને કરી જ્ઞાપીત હોએ અન્યથા કેહેને નહીં આવે ૧૧૦
એણીપેરે ભણાવે છે બાલકને કરી કરીને ગાઢ ઉચ્ચાર
જેહના સીધાંતની પરમીત નડીં રસ ગુઢ તણો નહીં પાર ૧૧૧
એ પ્રસંગ પુરણ થએ પોથી તે બાંધીને નમન કરી
બાલકે આજ્ઞા માગી અને ઘેર જાએ છે વેગા ફરી ૧૧૨
એહવી લીલા એ જગત વીમોહની મોહીનીનુ મોહક રૂપ
અલૌકીક માંહાં લૌકીક રસ ભરી પરમાવીધી પરમ અનુપ ૧૪૧૩

એમ ઉથાપને ગાદી તકીયે બેઠા લીલા કરે જેહ
આગલ ઉતરોતર વાધતી કહું વીસઇ કરી કાંઇ તેહ ।૪૧૪।
ત્રીજી બીડી આવે છે તેહ સમે તેહનો કરે અંગીકાર
જે પ્રથમ આરોગ્યા જેણીપરે તે તેણીરીતે તે અનુહાર ।૧૫।
એહવે ભીતર ભોગ સર્યા તણો સમે થયો તે નાથજી જ્યાંહાં
જે પ્રમાણે નીરોધી શ્રષ્ટી છે તે તો ધાઈ ગઇ સહુ ત્યાંહાં ।૧૬।
જે જ્યાંહાં બેઠા હતા ત્યાંહાંથી ઉકતાઈને ઉઠયા વેગ
જેહને આરત તે દરશન તણી ત્યાંહાં દરશનનો નીત્ય નેગ ।૧૭।
કેા તો દ્વાર લગી આવ્યા દરશનને ત્યાંહાં સાંભલ્યો એ પ્રસંગ
તે તો ભીતર આવ્યા નહીં ને તેમજ ગયા તેહોને સંગ ।૧૮।
કેા નેટીકને નીકટ બેઠા હુતા જઈ શકયા નહીં તે સંકોચે
દેખા દેખીએ ઉઠી શકયા નહીં પણ મનમાં રહે સોચપોચ ।૧૯।
કેાએ છાના છાના જઈ આવે છે સંકુચે તે બીજા તણી કાણે
આપ દુરીને દરશન કરી આવે મનમાં એમ રખે એ જાણે ।૨૦।
એમ દરશન કરવા ગયામાં સ્થલ ઠાલા થયા જ્યાંહાં ત્યાંહાં
ભગવદી કેા ઉભા સંકોચી બેઠા મુકતાસે આવી રહ્યા ત્યાંહાં ।૨૧।
તે તો દરશન કરી કરીને આવ્યા સ્થલ જોઈને બેઠા છે આવી
સ્થલ નહીં જડયો તે ઉભા રહ્યા આપ સમજીને મન સંકુચાવી ।૨૨।
સ્વરૂપાત્મિક સ્વરૂપ રસવેધી સ્વરૂપાનંદ રસ તણા પાત્ર
સ્વરૂપે સ્થીતી સ્વરૂપ રસ ભોગી જેહના અંગઅંગ આનંદ માત્ર ।૨૩।
પોતે સ્વતઃ કૃપા કરી કીધો છે જેહનો કેવલ સ્વરૂપે નીરોધ
સરવાત્મિક ભાવી જે આદથી ને પ્રેમે કર્યો છે પ્રબોધ ।૨૪।
પ્રેમ નેમસું નીત્ય પતીવૃતા ને અનન્યનું નીજ ધામ
એ સ્વરુપે સ્વરૂપાશકિત જેહને સ્વરૂપજ મન અભીરામ ।૨૫।
જેણે વૈભવ સકલ જગત તણો અને દૈવત અન્ય વરેસ
તે તો તુચ્છ કરી જાણ્યું સહુ મનમાં નવ આવે લેસ ।૨૬।
મહા મહેદ ને મહેદે અંગી કર્યા સાર ગ્રહી સારાંશના જાણ
ઝલહલતે પ્રેમે પાગી અને સહુ તુચ્છ ગણ્યું છે પ્રમાણ ।૨૭।
દેહ ગેહ ને સર્વસ પ્રાણના સંકલ્પ કર્યા જેણે અહીં
તે તો સનમુખ રહી શ્રીમુખ જુએ બીજું ચીત આવે નહીં ।૨૮।
એહવી સૃષ્ટી અનેક પ્રકારની બહુ વરણી ભાંત અનેક
તેહનું ન્યામીક ઇદમીત કરીને કરી શકીયે નહીં તે વીવેક ।૨૯।
જેહનો જે દ્વારાએ જે નીરોધ કર્યો અને વરણ કર્યું જેહનું જેમ
અંગીકાર કર્યો છે જેણીપેરે તે તો વીચારે છે તેણીપેરે તેમ ।૩૦।
કરૂણા કરીને કરૂણાનાથ સહુ કર્યું છે તે રસપોષ
પણ પાત્ર પ્રમાણે રસ રહેો કે એ પાત્ર તણો ગુણ દોષ ।૩૧।
એકે સમય તે એહ સ્વરૂપને ત્યાંહાં સહસ્ત્ર વીધી જુએ સૃષ્ટી
તેહના વરણ અંગીકાર ભેદયું પાત્ર સમ ભાવે કરી દ્રષ્ટી ।૪૩૨।

એહની વીગત થાએ ન વીસહ કરી પાત્ર ભેદે કે અંગીકાર
એમ ઇદમીત કોણ કરી શકે જાણે પ્રભુ જાણનહાર ।૪૩૩।
અહીં ભગવદી આવતા જાએ છે ઉથાપન જોઇને જે ગયા ઘેર
કે। પ્રથમ આવી શકયા નથી તે તો આવે છે ઉલટ ભેર ।૩૪।
જે પ્રથમ પહોંચી શકયા નથી સમે ઉપર દરશન કાજ
અનુરોધથી આવી શકયા નહીં મલ્યો છે સર્વ સમાજ ।૩૫।
તે તો સંકુચીત સંકુચાતા આવે છે અને પુછતા મારગ માંહાં
પ્રાણ વલ્લભજી ગાદી તકીયે કયારેકના બેઠા છે ત્યાંહાં ।૩૬।
કે। કહે જે આજ સવારના બેઠા છે તે ઉથાપન
બાલકને ભણાવી રહયા વારતા કરે છે થઈ પ્રસન્ન ।૩૭।
તે સુણી સંકુચી અને આવે છે મનમાં પામીને ખેદ
પહેલા પહોંચી શકયા નહીં જીવને કરીને નીસેદ ।૩૮।
એમ લાજતા સંકુચાતા આવી અને ઉભા રહે સમૃખ માંહાં
જેમું મીલતું છે તે સઘલે જુએ એ હજી ન આવ્યા રહયા છે કયાંહાં ।૩૯।
આવો સમય અભીજીત નક્ષત્રનો વહી રહયો છે અનુપમ સાર
એહવા પ્રસન્ન પ્રભુને જુએ આવી આવડી કયાંહાં લગી છે વાર ।૪૦।
જેમ પ્રસન્ન જુએ છે પ્રભુને શ્રીમુખથી સુણે છે વાત
તેણે સમય સબંધી ત્યાંહાં નહીં તે સુરતે પ્રગટે પરીતાપ ।૪૧।
વલી ભાગ જુએ મીલણીઓનો ઉકતાઈને વારંવાર
વલી શ્રીમુખ સોચ કર્યા જુએ પણ ચેન નહીં તે લગાર ।૪૨।
મન આરત અણ આવ્યા તણી પેંડો જુએ છે ફરી ફરી
વચને કરી કહી શકે નહીં ઉર આવે તે ભરીભરી ।૪૩।
એવામાં એહોને દુરથી દેખે છે તે જેણીવાર
પ્રીત કોપે સયણમાં ખીજીને શીષ ધુણે છે વારંવાર ।૪૪।
સ્થલ કરી સેનમાં તેડીને તેહોને બેસાડે પાસ
ને મીલણ તાતમ્યે દુર ઉભા દરશન કરી કરે ઉલાસ ।૪૫।
ત્યારે ચેન પડે છે એહોને શ્રીમુખ જુવે થઈને પ્રસન્ન
એક એકના નયણમાં સ્વરૂપનો રસ ભરી રીઝે છે મન ।૪૬।
કે। આવી સનમુખ ઉભા રહી દંડવત કરે સાષ્ટાંગ
શીષ કર પદ ઉદર અવની પરસી હૃદય પરસી પરસી સર્વાંગ ।૪૭।
કોએ દંડવત લાંબા કર કરીને અવની પરસી કરે તેહ
મધ્યે અધ ઉભા કર જોડીને શીષ પરસી ફરી કરે તેહ ।૪૮।
કોએ સનમુખ ઘુંટણ ભર બેસી અને નમી નમાવે છે શીષ
વારી ફેરી કર ચટકાવીને કહે ચીરંજીવો ગોકુલાધીશ ।૪૯।
કોએ ઉભા થયા નીચા નમી અને કરે નમન બેહુ કર જોડી
કે। સહેજ નમીને નમન કરે સનમુખ રહી નીજ અંગ મોડી ।૫૦।
કોએ સહેજમાં એક કર ફેરીને પરસાવે છે પોતાને શીષ
કોએ નયનમાં નમન કરીને વચનમાં દે આશીષ ।૪૫૧।

કે૦ ઉભા ઉભય કર જોડી અને પરસાવે છે પોતાને માથ
કે૦એ સહેજમાં નીજકર વારીને ફરી ચટકાવે છે હાથ ।૪૫૨।
કે૦ એમજ આવે છે ઉતાવલા મન માંહાં નમન કરે તેહ
કે૦એ સહેજમાં નમન કરે નહીં આવી બેસે બર નેહ ।૫૩।
કે૦ઇ એ સ્વરૂપ જોઇને ભુલી જાએ છે તે વીધી નીષેધ
કે૦ રસ ભાવે પુરીત રહે એહવા અનેક મન તણા ભેદ ।૫૪।
એણીપેરે તે નમન કરી બેસે જેહનો જેવો અધીકાર
વલી આવતા જાએ અનેક જે તેહનો થાએ નહીં વીસ્તાર ।૫૫।
હવે માલા આવી છે પુષ્પની જે સુગંધે ભરી સુવાસ
પ્રભુએ ઉભય કર સુકલીત કર્યા કરમાં લહી મેહેલી દાસ ।૫૬।
ચમેલી નીવારો અને કુંદીમલી મનોહર ભાંત
મોગરો રાઇવેલ બોરસલી પારીજાતની કરી ખાંત ।૫૭।
સોનજુથીકા સેવંત્રી સોહે માધુરીનો મધુપ મકરંદ
એહવી માલા મનોહર ભાંતની જોઇ જોઇને સુખકંદ ।૫૮।
વલી ચંપકની ચતુરાઇસું ને ગુલાબના પુષ્પની માલ
માંહે થાક તે રંગ અનેકના જેહવી રીતુ તેહવી રસાલ ।૫૯।
કે૦ સમે કેતકીની પાંખડી કે૦ સમે હોયે કમલ અનુપ
એહવી માલાઓ પુષ્પ અનેકની કરમાં ગ્રહે ગોકુલભુપ ।૬૦।
બેહુ કરમાં લેઇ સુવાસ લેઇ છોટા તકીયા ઉપર લેઇ મહેલે
કે૦ સમે ત્યાંહાંથી ચંપક પાંખડી શ્રીકરમાં લેઇને ખેલે ।૬૧।
કે૦ સમે અંબોડામાં લેઇ રાખે કયારે લલાટસું પરસાવે
કયારે નાસીકા ડાંડી ઉપર આડી રાખે તે જોઇ મન ભાવે ।૬૨।
કયારે નેત્રસું ને કયારે ચીબુકસું કયારે કરણસું પરસ કરાવે
હરદય નાભી ઉપર ફેરવે તે શોભા કહેતા ન આવે ।૬૩।
બાહુદંડ ઉપર ચોલીને સર્વાંગસું અનુભવ કરી
એમ ચોલી ચંચોલીને પછે મહેલે ત્યાંહાં પાછી ફરી ।૬૪।
કયારે એમજ કેતકીની પાંખડી કરમાં લીધી છે અનુપ
તે પાંખડીસું વીધી વીધીસું ખેલે કહી શકીએ નહીં તેહનુ રૂપ ।૬૫।
તેહને તેમજ તેણીરીતે અંગે પરસાવીને ખેલે છે આપ
કેને જોઇ પરીતાપ પ્રગટ હોય કેના મેટે છે જોઇ પરીતાપ ।૬૬।
કયારે તે પાખંડીએ અંગુલી ઉપર કરે પોપટ પરમ સુદેસ
અનુકરણ સહીત શુભ દેખીએ કાંઇ તેહથી ભાવ વીશેષ ।૬૭।
કે૦ સમે તે પાખંડી દોહોરી કરી બેહુ અગ્રે ગ્રહે કર માંહાં
તે વળગે ભાવ રસાલસું નીરખી રીઝે સહુ ત્યાંહાં ।૬૮।
કે૦ સમે તે પાખંડી ચુણીને કુંજલક વાલે છે સાર
વલી મોકલી મુદીત થઇ કરે દીસે તેહમાં અલંકાર ।૬૯।
કે૦ સમે અંગુલીયે લપેટે છે પેચ દેખને ફરી ફરી
એહવી લીલા કરે કેતકીસું તેહને નીરખીયે નયન ભરી ।૪૭૦।

કેા સમે તે કમલ કરમાં ગ્રહી તેસું ખેલે છે ખેલ રસાલ
હાવભાવ દેખાડે છે ભાવે કરી જોતાં રહે નહીં અંગ સંભાલ ૧૪૭૧
એમ કુસુમમું ખેલ કરે ઘણી સેાહામણી શેાભાનુ રૂપ
બેઠા ઉથાપને આનંદમું શ્રીગેાકુલ કેરેા ભુપ ૧૭૨
પછે નીકટવર્તી જેહ નીકટ બેઠા પ્રભુજીને સનમુખ અહીં
તેહને પ્રભુમું વાત કર્યા તણેા એતાદ્રસ સંકેાચ તે નહીં ૧૭૩
કેાઇ વાત સુણી તે આવી કહે પ્રભુને પ્રગટાવા મેાદ
પ્રભુજીના વચન સુણી અને તેહનું કરે અતી અનુમેાદ ૧૭૪
તેણે વાત હવેલી માંહેંની સખડી લેવાઇ છે જ્યાંહાં
તેહના ભાવ ઉછાહ પ્રમેાદની વીસ્તાર કરી કહી આંહાં ૧૭૫
મહારાજ જ્યાંહાં ભગવદીને સખડી લેવાઇ છે આજ
રાજની કૃપાએ કરીને ત્યાંહાં મલીએા તે અનેક સમાજ ૧૭૬
પાક શાક સામગરી સંધાણા કાંઇ કહેતા ન આવે તેહ
ઉતમથી ઉત્તમ તે કર્યા બહુ મનમાં ધરી નેહ ૧૭૭
પરેાસ્યાની પ્રસન્નતા શી કહું એહનેા આદર કહયેા ન જાએ
અને પ્રેમ પરસ્પર તેનેા કહું તે તેા વચને વીસદ નવ થાએ ૧૭૮
હું ઉદારતા કહું કે આરદ્રતા કહું કે એહેાના જે વીવેક
એહની હાંસી કહું કે પ્રસન્નતા જે પ્રગટ હવી છે પ્રતીએક ૧૭૯
એહની વીવસતા કહું વીસદ કરીને મગ્નતાનું નહીં માન
સરવસ ત્યાંહાં ભેટ કર્યામાં જેહને રહયા ન અનુસંધાન ૧૮૦
મહારાજ તે સમય જોઇને હમેા માનુ અમારૂં ધન્ય
અમેા તેહ સમે માંહાં ત્યાં હતા જાણ્યું અમ સમાન નહીં અન્ય ૧૮૧
એ સમય જોઇ રાજના દાનની તે સરાહના કીધી ઘણી
ને વલી સરાહના ફરી ફરી કીધી તેહના ભાગ્ય તણી ૧૮૨
રાજ તેહના ભાગ્યનુ શું કહું જ્યાંહાં ઢલણી ઢલ્યા મહારાજ
તેહને અવશીષ્ઠ રહયું નહીં સરીયા તેહના સહુ કાજ ૧૮૩
પ્રભુએ પ્રમુદીત થઇ સાંભલ્યેા એહવેા ભકત તણેા ઉતકર્ષ
તે સુણીને અતી આનંદી પ્રગટયેા અતી અંગ માંહાં હર્ષ ૧૮૪
નેષ્ટા ને નીપુણતા ધર્મની ધર્મીનેા સુણી નીરેાધ
ધર્મી પ્રસન્ન થયા ઘણુ રસ પ્રગટ થયેા ઉદબેાધ ૧૮૫
અતી આરદ્ર થઇને ભરી આવ્યા ભગવદીનેા ભાવ વીસેખી
સભા સૌભાગ્ય મદે પુરીત થઇ પ્રભુજીની પ્રસન્નતા દેખી ૧૮૬
પ્રભુજીને તેહ સમે ભકતની બીજી અનેક કરી છે વાત
ભકતને ઉતકર્ષે તે પ્રભુનેા ઉતકર્ષ કહયેા બહુભાંત ૧૮૭
ભકતનેા જસ પ્રતાપ પ્રગટ કરી એ પ્રતાપે પ્રતાપીકવાન
એહને જસે કરી અને જસ માને દાન કરી ઇચ્છે છે દાન ૧૮૮
એહવેા મહા ભાગ્યવાન સૌભાગીયેા ભાવે ભર્યેા એહ સમાજ
બેહેા સંગે ઉથાપને બેસીને લીલા અનેક કરે મહારાજ ૧૮૯
તે આગલને પાંગલ્યે સુચન કરૂં ભગવદીઓની કરીને આશ
માગી બક્ષી ને અનભવ સમ કહું દીન થઇ કહે ગેાપાલદાસ ૧૪૯૦

ઇતીશ્રી સ્વરૂપ રસાવલી ગ્રંથનુ વ્યાશના ગેાપાલદાસ વીરચીત
માંગલ્ય દશમું સમાપ્ત

માંગલ્ય – ૧૧

રાગ : ઠાકુર દ્વારના ધોલની જેમ ગવાસે

નમન કરી નવકુંવર શ્રી વીઠલેશ કુમાર
ગોકુલોક જન જીવન સદા . ગોકુલ તણો આધાર ।૧।
ગોકુલ તણુ સર્વસ્વ સુખદ ગોકુલ તણુ આભરણ
ગોકુલેશજી શુભ નામ નીરૂપમ ભકત આરત હરણ ।૨।
શ્રીગોકુલ માંહાં નીજ બેઠકે બેઠા છે ઉત્થાપન
તે લીલા પરમ અગાધી કાંઈ એક કહું આણી મન ।૩।
જીવની જોગ્યતા નહીં વેદાદી નહીં પ્રવેશ
મહા મુનીગણ અમર અધીપતી કો ન સમજે લેસ ।૪।
ગોપ્ય લીલા ગુઢ રસ તે લોમી પ્રગટ કરી
આભરણ આછાદન પ્રગટ એ પ્રમાણ ઓટ ધરી ।૫।
લેખનથી અતિરિકત રસ જે પ્રગટ બાહાજ્ય અનુપ
સાંપ્રત્ય સનમુખ નીરખતા કોઈ ન સમુજે રૂપ ।૬।
જેહને જેમ જણાવીયું જેહનો જેમ અધીકાર
તેહ તે રસ ભર જુએ પણ પામતા નથી પાર ।૭।
સ્વકીયમાં કેવલ સ્વરૂપે નીરોધાયા છે જેહ
આતમ અંતઃકરણ રસ ભર પ્રાણ પ્રભુસું નેહ ।૮।
એમ વીગત ભાંત્ય અનેક ભુલવણી કરી વીચીત્ર
જેહને જણાવે તેહ જાણે સમજે નહીં કો અન્યત્ર ।૯।
અનેક રસ અનેક ભાવે અનેક આરત ભરી
પરમારથી સ્વારથી સૃષ્ટી તે તારતમ્ય બહુ કરી ।૧૦।
જે વચને વીસદ ન થાએ ભાવ બલે તે સમુજે મન
એહવે સ્વરૂપે એમ લીલા કરે ઉથાપન ।૧૧।
માંગલ દશમેં ઉથાપન આરંભ કીધો સાર
તે માંહેં સુચનીકા કરી તે કહું છું વીસ્તાર ।૧૨।
ચરણ ક્ષાલણ સ્થલ થકી ઉઠીયા પ્રાણ નરેશ
કૃમ કૃમ કૃપા વરસાવતા આવ્યા તે પરમ સુદેશ ।૧૩।
આવીને આસને બેઠા બેઠકે નીજ ધામ
સ્વકીય સૃષ્ટી સોહાગ રસ ભરતા તે પુરક કામ ।૧૪।
ત્યાંહાં ભકત ભાંત અનેક ભાવાપન્ન ઉભા જેહ
દરશન કરે સ્થલ સ્થલ રહી સુચન કર્યા કાંઇ તેહ ।૧૫।
સભાનુ વરણન કર્યું મારી બુધ્ધીને અનુસાર
સ્વરૂપ વરણન કર્યું પણ પામ્યો નહીં કાંઈ પાર ।૧૬।

મુઠો ને માખી વરઞ્યુ પંખો કરે છે ભકત
માલા જે પુષ્પ તણી આવી કહી થઇ અનુરકત ૧૧૭
ભણાવે છે બાલકને કાંઇ કહ્યો તે પ્રકાર
ભીતર ભોગ અર્યાના દર્શનનો કર્યો વિસ્તાર ૧૧૮
ભગવદી બહુ આવે ભર્યા દંડવત કરે છે જેહ
તેહના અનુકરણ રૂપ સહીત કાંઇ વીસહ કીધા તેહ ૧૧૯
સખડી લેવાઇ હવેલી માંહાં તેહની જે વાત
પ્રાણપ્રભુ આગલે ચાલી વીસહ નાના ભાંત ૧૨૦
આંહીં લગી ઉથાપને બેસી હવો જેહ પ્રસંગ
તે સમે સુચન કરી કહયો આણીને મનરંગ ૧૨૧
હવે આગલને આ માંગલ્યે ઉદેસ કીધો ઘણો
પણ બુધી બલથી પાર હું પામું નહીં તેહ તણો ૧૨૨
પ્રતી નીમેષ પ્રતી ક્ષણે પ્રતી દીને પ્રગટે અનેક
નોતન નવ નીત વાધતી તેહનો થાએ નહીં વીવેક ૧૨૩
અગાધી અપરંપારનો વીસ્તાર થાએ નહીં
વચને વીસહ ન થાએ લીલા હું શું કહું કહી ૧૨૪
મેરૂને અણુ માગ કરી અજ્ઞાની કહે કેમ જેમ
અગાધી લીલા અક્ષર માંહાં આણી કહું છું તેમ ૧૨૫
પણ શું કરૂં જો એહ લીલા વસી મારે મન
અનુભવ કર્યો આનંદ ભર એહ છે મારૂં ધન ૧૨૬
એહ વીન લીલા તે બીજી નાવે મારી દ્રષ્ટે
એ સર્વ સંસારમાં મારે એ પરમ અભીષ્ટ ૧૨૭
તેહ માટે એ ઉદ્યમ કર્યો બુધી અનુસાર
અનુભવ તણી સુરતી માંહાં મન સાધવા વારંવાર ૧૨૮
મહેહ પદ રજ દાનનુ સામર્થ મન માંહાં ધરી
કરૂણા પરમ કરૂણાલ વરની ને તે પદ અનુસરી ૧૨૯
અગ્રમ લીલા અધીક રસ આનંદ કેરી રાસ
અનુભવી સુણજો ચીત દેઇ કાંઇ કરસું તેહ પ્રકાસ ૧૩૦
પ્રાણપ્રભુજી એહ સમે બેસીને ઉથાપન
વારતા અનેક પ્રકારની તે કરે થઇ પ્રસન્ન ૧૩૧
શ્રીમુખ વચનામૃત સુણ્યાનો સરવે કહેને ચાહ
સરવાત્મ મન એકત્ર કરી ધરી રહયા પરમ ઉમાહ ૧૩૨
વચન અમીત ને વચનની કલા અમીત સાર
માધુર્ય અમીત શું કહું તે થાએ નહીં વીસ્તાર ૧૩૩
લાવણ્ય અમૃત વાકય અમીત વચન માંહાં રસ જેહ
રસીઆ તણો જે ભોગ્ય રસ વચને ન આવે તેહ ૧૩૪

સુખદ ૨સ આનંદ ૨સ અતી આનંદ બ૨ ૨સ જાંહાં
એહવા દીદલ ૨સ શ્રીંગા૨ આત્મીક અનેક ૨સ જે માંહાં ।૩૫।
પ્રેમ ૨સ ચાતુર્ય ૨સ અને જેહ સ્વતઃ પ્રમાણ
પ૨તર પ્રમાણ પ્રમેય પ્રતી નીત્ય થાએ નહીં નીર્માણ ।૩૬।
સર્વ ૨સના ભોગીઆ ભોગી એ ભોગ વ૨ેસ
મુખ્ય ૨સ શ્રીંગા૨ અનુભવ ક૨ે પ૨મ સુદેશ ।૩૭।
એથી ઉત૨તો ઉતમ જે અભીનવો ૨સ હાસ્ય
પ્રાણ પ્રભુને પ્રીય ઘણુ આનંદ ઉભય પ્રકાસ ।૩૮।
વલ્લભજીને વલ્લભ જોઈ ભકતને પ્રીય તે અતી ઘણુ
એહવો જે પ૨મ અગાધી તે માંહાંથી કહું છું અણુ ।૩૯।
શ્રીંગા૨ સા૨ શીરોમણી આનંદનુ અભીરામ
અગાધી ઉલટ ઉદય ક૨ે જે પ્રમોદ પુ૨ક કામ ।૪૦।
પ૨મ આનંદીત ઉછાહે ભોદ ભરી ભરી
પ્રગટ ક૨ે પ્રસન્નતાએ હાસ્ય ૨સ ફ૨ી ફ૨ી ।૪૧।
હાસ્ય વ્યાજે વા૨તા વા૨તા વ્યાજે હાસ્ય
નીમીતે નોતન ૨સીક તાંહાં ક૨ે વચન પ્રકાસ ।૪૨।
એક એકની અનેક હાંસી ક૨ી પ્રગટ પ્રકાસ
તે તેહનો વીસતા૨ ક૨વાને ધ૨ી મન આશ ।૪૩।
પ્રાણપ્રભુની કૃપાનુ સામર્થ મા૨ે ઘણુ
અને એ કૃપા બલે ક૨ીને અંકીત તે મહોદ તણુ ।૪૪।
મહોદને અંકીતે કૃપા પ્રભુની કૃપાએ મહોદ પ્રસન્ન
ન્યા૨ો ક૨્યો જાએ નહીં એ ઉભય ૨સ સંપન્ન ।૪૫।
એ બહે બલ મુચવી કીધો તે મન વીચા૨
શ્રીમુખ થકી જેમ વચન બોલ્યા તેમ ક૨ું વીસ્તા૨ ।૪૬।
પણ છતે સામર્થે તે મન ઓહટું મા૨ું ફ૨ી
જે અગાધી વચનામૃત તણો ૨સ તું કહીસ કેમ ક૨ી ।૪૭।
કદાચીત અક્ષ૨ાર્થ તું કહેસે કૃપાથી એહ
પણ વચનની માધુર્યતા લાવીસ ક્યાંથી તેહ ।૪૮।
આ૨ વાક્ય ૨સે ચુચુતા મધુ૨ હાસ્ય ૨સાલ
સુણતા શ્રવણ મન નયણ આંગે ૨હે નહીં સંભાલ ।૪૯।
જે વચન ૨સની અમોધ ધા૨ાએ સીંચન હોએ મહ કોઈ
ને પ્રસન્ન વીકસીત મુખાંબલ નેત્ર માંહાં લોઈ જોઇ જોઇ ।૫૦।
મુખડું મીઠું વાત મીઠી મીઠાસ વાણી તણી
વલણ વલણના ભાવ મીઠા મીઠાઈ જાએ ન ગણી ।૫૧।
એ ૨સ તા૨ા વચન માંહાં આવસે કહે કેમ
ઉદબોધ ૨સ નીરસ થસે પછે વીચા૨ું મન એમ ।૫૨।

અબટંક માત્ર સુચનીકા કરીએ તે તેણે ઠામ
અનુભવીને અનુભવ થસે વીસ્તારનુ નહીં કામ ।૫૩।
તેહ માટે વચનનો રસ સુચવું સમુદાએ
અનુભવીને અનુભવ સહીત સહુ સહેજ જ્ઞાપીત થાએ ।૫૪।
પ્રથમ હાંસીનો પ્રસંગ કહું સુણો રસપાત્ર
પછે વાતનો રસ સુચવું કાંઇ એક સુચન માત્ર ।૫૫।
કો સમય હાંસી બ્રાહ્મણની તે માંહેં વીષય અનેક
ખાનપાન સુભાવ સેહેજનો થાએ નહીં તે વીવેક ।૫૬।
કો સમે વણીક તણી હાંસી કરે મારો નાથ
કૃપણ કાયર વચન વીધીની સાંભલે સહુ સાથ ।૫૭।
કો સમે રજપુતની હાંસી કરે છે આપ
બુભુક્ષતા અને ચોસની એમ હાંસી હરે પરીતાપ ।૫૮।
વલી મીશ્ર તણી હાંસી કરે પરમ રસાલ
તે સાંભલતા સહુ કેને અંગ રહે નહિં સંભાલ ।૫૯।
શ્રોતા સુણી અને તેહ સમે કરે વાતનો સતકાર
તેવી વાતો બીજી કરે થાએ હાસ્યનો વીસ્તાર ।૬૦।
સ્વામીઓની વાત હાંસી માંહાં નીકૃષ્ટ કરી
સીધ્ધાંત સહીતે તુચ્છ કરીને કહે ભાવ ભરી ।૬૧।
સ્વામી પેટારથ એમ કહે હમ કને કરો સંસ્કાર
પણ આપથી સમુજે નહીં પોતા તણો અધીકાર ।૬૨।
તેહને કહે તું સેવક થા તેમ તેમ તે ના કરે
વલતો તે સ્વામી દોડતો તેહોની પાછલ ફરે ।૬૩।
જીવનો સંસ્કાર તે જગદીશ વીન નવ થાએ
બલે કરે કરવાવે તે ઉભય નીષ્ફલ જાએ ।૬૪।
ગ્વાલીયર ને ચંદવારની હાંસી કરે તે સુદેશ
ટોક તરક વચન તણી માંહેં સ્ત્રીની તે વીશેષ ।૬૫।
સન્યાસીના પાખંડની હાંસી કરે જેણી વાર
સ્ત્રીજન તે મુખ અંચલ દેઇને હંસે તેણી વાર ।૬૬।
ગોડીઆની દુષ્ટતા પાખંડ કેરી વાત
વીસ્મય થઇ થઇને કરે હંસીને બહુ ભાંત ।૬૭।
મથુરીઆની ટોંક ને હાંસી કરે તે અનેક પ્રકાર
કરે છે આનંદ ભર તે થાએ નહીં વીસ્તાર ।૬૮।
દામોદર ઝા તણી હાંસી કરે થઇ પ્રસન્ન
તેહ સમયનું રૂપ સમુજે અનુભવીનુ મન ।૬૯।
કોરીની કો સમય ને કો સમે ચોર તણીય
શત વાર સાંભલી હોએ પ્રથમ ફરી લાગે સોહામણી ।૭૦।

ગુજરાતીની હાંસી કરે મોદસું પરમ વરેસ
અજ્ઞાનતા આચરણની ને વલી ભાવ વીશેષ ।૭૧।
નાયક ને નાયકા જુથ સમુહ પ્રતિ જેમ
ગુજરાતની ભાવે ભરી પ્રભુ કરે હાંસી તેમ ।૭૨।
તેહ સમય વદન પ્રસન્નતા અને નયણમાં રસ ભાવ
ગુઢ રસ ઉફણી આવે અંતરમાં ન સમાવ ।૭૩।
મહા નાયકને રૂચી રસે રસ પાત્ર એ ગુજરાત
રસે અંગીકૃત તણી હાંસી કરી બહુ ભાંત ।૭૪।
ભંગી અને પોસ્તીની હાંસી કરે તે સુદ્દેસ
અનુકરણ અભીનય સહીત હંસી હંસી કહી ભાવ વીશેષ ।૭૫।
પશ્ચિમાની દેવીની સમુદાયની એ હાંસી અનેક
અને પરમ પ્રીય હાંસી કરી તેનો થાએ નહિં વીવેક ।૭૬।
જે મહા ભાગ્યવાનસું પોતે કર્યું છે હાસ્ય
તે ઉમંગીય સમાતે રસે કો સમે કરે પ્રકાસ ।૭૭।
કહેતા મહા રસ હાસ્યનો ઉફણી ચાલે ઘણુ
તેણે સમે સૌભાગીયા કરે પાન મુખ રસ તાણુ ।૭૮।
અરૂણતા ઉલસી અને વીલસી રહી સરવાંગ
નયણ અરૂણ આરંદ્ર થઈ ભરી આવીયા છે રંગ ।૭૯।
ભ્રકુટીનું શુભ વલણ ને તે ચલણ કહ્યું ન જાએ
અંતર તણો અનુમોદ ગલમંડલ ઉપર તે જણાએ ।૮૦।
અધરે રસ ઉમંગી રહ્યો રસના તે લોલુપ થાએ
પ્રહસીત મુખે હાંસી પ્રગટ કહેતા તે કહી ન જાએ ।૮૧।
જેહવી વારતા તેહવું અનુકરણ તેહવેજ ભાવે કરી
તદાત્મક આવેસ પુર્વક કહે છે ફરી ફરી ।૮૨।
એ હાસ્ય માંહાં રસ અનીરવચનીનુ હોએ છે દાન
તે નીરખી નીરખી સોહાગીયા અનુભવે ભાગ્યવાન ।૮૩।
એ હાસ્ય રસ માંહાં વચન પાખ્યા સુણીને સહુ ભકત
નયણ વયણ ને મુખકમલ અલીલોકી થયા અનુરકત ।૮૪।
હાંસી તે થોભે નહીં સહુ કેહેના મુખ માંહે
અટહાસ્યે કરીને સંકોચ ન રહયો આંહે ।૮૫।
કેને હંસી હંસીને બાલી આવે હાસ્ય ઉર ન સમાએ
ઉદર ગ્રહી અને અવની આકોટે નયણ આરંદ્ર થાએ ।૮૬।
કો મુખારવીંદની માધુરી મુખથી દ્રવે છે જેહ
તે નયણે પાન કરી અને ભુલી ગયા નીજ દેહ ।૮૭।
કો વચન રસે વીહવલ થયા રહી નહીં અંગ સંભાલ
ઉદબોધ રસ ઉફણી અને પ્રગટયો તે ભાવ રસાલ ।૮૮।
કો શ્રીમુખ ચંચલતાની લાવણ્ય જુએ ભાગ્યવાન
કેહેને અધર રસ માધુરીનુ નયણને હોએ દાન ।૮૯।

વીકસીત વદન વીલસતું જોઇ કોઇ રહ્યા એક ટક થઇ
કોએ સ્વરૂપ સરવાંગે નીહાલી થયા સ્વરૂપ મઇ ।૯૦।
કોએ પ્રાણપ્રભુને પ્રસન્ન જોઈ પોતે તે થયા પ્રસન્ન
પ્રસન્નતાસું કાજ એહને બીજુ નાવે મન ।૯૧।
કોએ મુખ ઉપર ઉર ઉપરેણો દેઇને હંસે તેણીવાર
કોએ ઓટ કરની કરી હંસે વીહવલ થાએ નરનાર ।૯૨।
કોએ ઓટ અંચલની કરે કો નીચું જોઇ મુસકાઇ
કોએ વચન હાસ્ય તણા સુણી સંકુચીને અલગા જાઇ ।૯૩।
કોઇ પરસ્પર તાલી દેઇ વલગી હંસે છે એમ
ગંભીરતાએ કો હંસે સમજ્યું ન જાએ જેમ ।૯૪।
હંસી હંસીને વલી હંસે છે હંસતા ન પામે પાર
એ વાત સુરતી માંહાં એ હાંસી પ્રગટ હોએ તેણીવાર ।૯૫।
એકાંત અલગા હોયે ને એ સુરતી આવે વાત
તે સ્વકીય આગલ ફરી કહેતાં હાંસી હૈયે ન સમાત ।૯૬।
જ્યારે જ્યારે એહ હાંસીની સુરતી આવે મન
એકલા હંસી હંસી ઉઠે થઇ પરમ પ્રસન્ન ।૯૭।
જેણે એ હાંસી સાંભલી તે મીલે મારગ માંહેં
એક એકને સનમુખ જોઇ અને હંસે ઉભા ત્યાંહેં ।૯૮।
કોએ દુર બેઠા છે તે સાંભલતા નથી એ વચન
પણ અનુકરણ પ્રભુનુ જોઇને હંસે થઇ પ્રસન્ન ।૯૯।
વલતા નીકટના ભગવદીને મલી પુછે એહ
કોણ હાંસી કોણ ભાંતે શ્રીમુખે કહી તેહ ।૧૦૦।
તે વલી તેહોને કહે હંસી હંસીને તેણીવાર
તે સાંભલીને વલી હંસે હંસતા ન પામે પાર ।૧।
એ મહા રસ ઉદબોધ એણીપેરે પ્રગટ થયો તેણે સમય
સભા સહુ એ રસે રંજી વીસદ થાએ નહીં કેમેય ।૨।
એમ હાંસીમાં હર્ષ આત્મીક આનંદીત સહુ થાએ
તે અનુભવીનુ મન લહે કહેતા કહયું ન જાએ ।૩।
જેણે એ હાંસી સાંભલી તેહને અવર ન આવે ચીત
નીરોધ એથી એમાં કીધો તેહ નીમીત ।૪।
એ પ્રાણપ્રભુનો હાસ્ય રસ કહેવા ન મારૂં ગાત્ર
અગાધી બુધીને તે મેં કરી કહયો કણીકા માત્ર ।૫।
વલી અનેક શીક્ષા અનેક કારણ અનેક માંહેં સીધ્ધાંત
અનેક રસ ભાવે ભરી કહેતા ન આવે પ્રાંત ।૬।
અનેક વાતો અનેક ભાંતે અનેક રસસું સણી
કહી પ્રમુદીત થઇને લાગે તે સોહામણી ।૧૦૭।

એહવી વારતા વાહાલોજી બેઠા કરે ઉથાપન
ભક્તના ભાવ અનેક માંહાં હોએ તે રસ સંપન્ન ।૧૦૮।
કોએ સમે પુછેથી કરે કોએ સમે કૃપા સમેત
સ્વતઃ મન માંહાં ધરી ભક્તનુ લહીને હેત ।૯।
અન્ય ઉપદેશે કરી વારતાને રસે ભરી
નીરોધ એહ પ્રકારને બહુ સૃષ્ટી સનમુખ કરી ।૧૦।
જથા જોગ્ય અધીકાર ભેદે સીંચન થાએ સૃષ્ટી
સરવેને રસ પુરીત હોએ કાંઇ રહે નહીં અવશીષ્ઠ ।૧૧।
તે અક્ષર ભાવ ને ગુઢ વાણી ચતુરવરની જેહ
વચને રસ પ્રોજી અને ત્યાંહાં પ્રગટ કરવા નેહ ।૧૨।
અંતરનું હારંદ્ર લહી સમાધાન કરવું ત્યાંહાં
નીરસે રસ ઉદ્દબોધ કરવો એ બલ એહો માંહે ।૧૩।
અતી અતુલ બલ એ અમોઘ વાણીએ ફરીફરી
વારતા અનેક રસે ભરી ત્યાંહાં કરે ઉલટ ભરી ।૧૪।
તેહનો વીસતાર વીસદ કરે ન કીધો જાએ
અહીં કેહેનુ સામર્થ નહીં અંજુલી ઉદધી ન માએ ।૧૫।
તે માટે સુચવું અવટંક ગીણના કરી
તેહનો અનુક્રમ કહું એહોને પદ અનુસરી ।૧૬।
કયારેક શ્રી આચાર્યજી ને શ્રી ગુંસાઇજીએ કહી
કહે વારતા તેહ સમયના ઉતકર્ષની મન લહી ।૧૭।
કયારેક શ્રી ગુંસાઇજીની વાત કરે અનેક
પોતાના વાત્સલ્યની અને કૃત્ય તણી એક એક ।૧૮।
પ્રમેય બલની વારતા વાહાલો કરે કો સમય
આવેસ પુર્વક અતી આનંદે આંતરીક મન ગમય ।૧૯।
વાત સુક્ષ્મ કો સમે બેઠા કરે સમુદાય
બુધ્ધી બલે સમુજે નહીં કો કૃપાથી સમજાય ।૨૦।
વીશ્વાસની વારતા વાહાલોજી કયારે કરે
પદ દુહા શ્લોકના વચન કરીને આરત હરે ।૨૧।
પ્રભુને તે ન્યામીક કાંઇ નહીં એવી વાત ઉપપત્ય સહીત
બેઠા કરે સ્વકીયને હીત અંતરાય રહીત ।૨૨।
પોતા તણી વારતા પોતે કરે થઇ પ્રસન્ન
પ્રાગટય સમય થકી તે સઘલી રૂચી સહીત ધરી મન ।૨૩।
પ્રભુ અંતઃકરણની વૃત લહે એહવા તે ભક્તાધાર
સત્ય સંકલ્પ ઇશ્વર તણુ કહયું કરી નીરધાર ।૨૪।
કયારે આત્મા પરમાત્માના ભેદ કરી તારતમ્ય
વાત એ વીસદ કહે જ્યાંહાં અવરનો નહીં ગમ્ય ।૧૨૫।

અશ્વની અનુભવ સહીત વાતો કરે ઘણી ઘણી
અતી રૂચી સહીત ઉલટ ભરી લાગે તે સોહામણી ૧૨૬।
વલી કયારે સ્નેહ સંબંધની વારતા વીસદ્ધ કરી
નીજ રસે રસ પાગીને પરમાવીધી રસ ભરી ૧૨૭।
લોહી સબંધની વારતા વાહાલો કરે બહુવાર
સંગીન ધર્મ સુચન કરીને કરે છે વીસ્તાર ૧૨૮।
સહજનની વારતા કયારે કરે છે જુત મર્મ
સરાહી સાત્વીકતા એ જાણીને નીજ ધર્મ ૧૨૯।
સંસ્કૃતનો પ્રસંગ હવો એક સમે જેહ
ગીરવાણ ભાષા અનુભવી સમુજે તે સહુ એ તેહ ૧૩૦।
જેહની વારતા વાહાલોજી કરે મન રંગ
તે સાંભલી સંધાન ભુલે સીથીલ હોએ અંગ અંગ ૧૩૧।
સ્નેહનુ સ્વરૂપ ને વલી વાત પોતે કરે
ભાવે આકર્ષી સહુને સ્નેહ રસ માંહાં ભરે ૧૩૨।
આશ્રય ને અન્યાશ્રય તણી વારતા આણી મન
કરે છે કારણે કરવા સ્વકીયને સુચન ૧૩૩।
ટેક દ્રઢતા તણી તે કો સમે ચાલે વાત
એહ ધર્મ એહોને પ્રીય ઘણો માટે કરે પક્ષપાત ૧૩૪।
કયારેક વાત અનન્યતાની કરે થઈ પ્રસન્ન
એ સ્વકીયનો નીજ ધર્મ છે કરી કહે ત્યાંહાં સંપન્ન ૧૩૫।
કયારે જોગ્યતા અયોગ્યાતાની વાત ચાલે ઘણી
અધીકાર ભેદના ભાવ સહુ જાણે તે ગોકુલ ધણી ૧૩૬।
કયારેક સીધ્ધાંતની વારતા શ્રી મુખ થકી
ઉતકર્ષ ભાવે કરી કરે તે જાએ નહીં કહી શકી ૧૩૭।
કયારે જગત શીક્ષક માર્ગ હીંડણની કરે છે વાત
નીત મરીયાદા સહીત ગ્રંથોકત નાના ભાંત ૧૩૮।
પવીત્રતાની વારતા બેઠા કરે કો સમય
એ ધર્મ અતી ઉતકર્ષ તે વાહાલાજીને મન ગમય ૧૩૯।
ભગવદ અને ભગવદીનુ માહાતમ જે અનેક પ્રકાર
તે અનીરવચની અગાધી એ કરે છે વીસ્તાર ૧૪૦।
પ્રસાદનુ મહાતમ કરે કયારેક બેઠા નાથ
તે કૃત્ય કૃતારથતા લહી સાંભલે સઘલો સાથ ૧૪૧।
કયારેક વચન વીલાસે કરે અંગીકારનો પક્ષપાત
સૌભાગ્ય મદ ભર સાંભલી સહુ ઉલટ અંગ ન માત ૧૪૨।
દુસંગથી બીગડે અને સતસંગે સમરે એહ
સ્વકીયને શીક્ષા અર્થ કરે વારતા કરી નેહ ૧૪૩।

કયારે ભાગ્ય ને નીરભાગ્યની વારતા ચાલે ઘણી
કયારે શાયપની વારતા કહે લાગે તે સોહામણી ।૧૪૪।
અનુભવે વસ્તુ જણાએ એહવી વાત શ્રીમુખે કરે
સ્વરૂપનો અનુભવી તે સાંભલી ઉર માંહાં ધરે ।૪૫।
દ્રષ્ટાંતની સાહીત્યની તે માંહે અન્ય ઉપદેશ
ઉપકાર રહીત આરત ભરી વારતા કરે વરેશ ।૪૬।
ચોંપની ચતુરાઈની સ્વચ્છતા કેરી વાત
ખુતે ન ભારી એહવી તે કરે નાના ભાંત ।૪૭।
સુરત્વની વારતા વાહાલેાજી કરે જેણીવાર
એહ રસ પ્રીય રસમઈ થઈ કરે તેણીવાર ।૪૮।
પેાતાતણુ નીરધાર ને વલી વાત અનુભવ તણી
કરે છે પ્રસણમઈ તે જાએ નહીં કેણે ગણી ।૪૯।
ગુણીની વારતા વાહાલેાજી કરે પ્રાચીન
અને પેાતાના અનુભવ તણી મહા રસીક જાણુ પ્રવીણ ।૫૦।
ધ્યાનદાસની વારતા ચાલે છે અનેક પ્રકાર
ગુણ તણી સેવા તણી શુભ ધર્મની મહા સાર ।૫૧।
ગેાવીંદ સ્વામીની વારતા કેા સમે વાહાલેાજી
એહના પ્રેમની પ્રમુદીત થઇને કરે છે રીઝી ।૫૨।
વૈષ્નવ તણા ભાવની વાતેા કરે હારંદ્ર લહી
સ્વકીયને જ્ઞાપન કરે પ્રાણલ્ય તેહેાના કહી ।૫૩।
નીરાવરણ અને સ્વતંત્ર ભાવનેા જે પ્રસંગ
તે ચલાવે છે ચતુર સુણી હેાએ મનસા પંગ ।૫૪।
વારતા પર મુખ ગઇ તે તેા પરાઈ થાએ
એવી ભેદની ભાવે ભરી વારતા કરે સમુદાયે ।૫૫।
પંચેાલી આદે પ્રવીણ શ્રોતાની તે પુછયા તણી
અને અણુપુછી ઇચ્છા થકી કરે વારતા તે ઘણી ।૫૬।
આશ્ચર્ય અસંભવીત ને અદ્‌ભુત દેશાંતરની વાત
અલીપ્રાય બુત સમય સમય કહે છે નાના ભાંત ।૫૭।
સંસારી સારાંશ ને વલી અલૌકીક અલીનવી
કહે વાત વીવીધ પ્રકારની ખુતલ ન એવી હવી ।૫૮।
જયાંહાં જ્ઞાન મારગ તણુ હેાએ સીધ્ધાંતનેા પ્રતીબેાધ
શીક્ષા તે સનમુખતા કરી જે માંહે પ્રગટ નીરેાધ ।૫૯।
ધર્મ નેમ આચાર ને અનન્યતા વલી ટેક
ચેાંપ ચતુરાઇ ને દ્રઢતા તણા બહુ વીવેક ।૬૦।
દયા દાન ને દીનતા વલી જાણવેા ઉપકાર
ઉદારતા ઉપદેશ લજ્યા સ્વચ્છતા અતી સાર ।૧૧૧।

એહવા અનેક વીષય અનેક કારણ કહે ઉથાપન
સહ ભક્તને ભાવે ભરી કરવા તે રસ સંપન્ન ૧૬૨।
લોકોમી તહ જે પ્રમાણ વાતો હવી હોસે જેહ
તે અનુક્રમે કારણ સહીત ભરી કહે છે તેહ ૧૬૩।
અશ્રુત બીજે સંભાલી આશ્ચર્ય ન પામે કોઈ
સહુ શ્રીમુખેથી સાંભલી છે મગ્ન તેમાં હોઈ ૧૬૪।
એથી નીરોધ છે ભક્તનો બીજે ન આવે ચીત
એ માંહે મગ્ન થયા રહે ગીધા તેહ એહ નીમીત ૧૬૫।
અન્ય અશ્રુત વારતા લીલા સુણે જો ભક્ત
અજ્ઞાને ત્યાંહાં મન ધરે આંહાં થાએ નહીં અનુરક્ત ૧૬૬।
અનુરક્ત વીન એ સ્વરૂપનો રસ પાન કેમે ન થાએ
એ વીના રસ બીજો રૂચે ત્યારે એહ ઉર ન સમાએ ૧૬૭।
અનન્ય પ્રભુનો અનન્ય રસ તે અનન્ય વીન રહે નહીં
અછુતાજ અનન્ય પાત્ર વીના ન રહે એ કહીં ૧૬૮।
એમજ લીલા એમજ વાતો કારણ અર્થ કરે
નીરોધી મન સ્વકીયના માંહે સ્વરૂપ રસ લેઈ ભરે ૧૬૯।
એહવી વારતા વાહાલાજીની સહુ સાંભલી સાંભલી
અંકુરીત પલ્લવીત કુસુમીત સ્નેહ આશા ફલી ૧૭૦।
રસ વીવસ થઇ વારતા કરતું જે સ્વરૂપ સુદેશ
અંતર માંહાં અનદીન રહે અલગું ન થાએ લેસ ૧૭૧।
ભાગ્યવાન એ ભગવદી સૌભાગ્યવાન એ સમય
અનુભવ તણુ કયાંહાં લગી કહું જે એ સ્વરૂપ ઉર માંહાં રમય ૧૭૨।
ચોથી બીજી તેહ સમે આવી તે વેગે કરી
પ્રથમની મેહેલી અને લીધી તેહ અતી રસ ભરી ૧૭૩।
લીધા મુકયા માંહે પ્રથમ થકી વીલક્ષણ ભાવ
તે અનુભવીનુ મન લહે નીરખે જે ભરી ચાવ ૧૭૪।
હવે માન રસ મહા પ્રભુ આગલ થાએ છે અહીં જેહ
તેહ સમયને ચરણે નમી સુચન કરૂં કાંઇ તેહ ૧૭૫।
ચતુરવરની સભા માહાં ગુણ તણા ભંડાર
પ્રવીણતા પરમીત નહીં કોએ ના પાવે પાર ૧૭૬।
રૂપ ગુણ લાવણ્ય ભુષણ વસ્ત્ર ભાંતી અનેક
ભવ્યતા ચાતુરીતાનો થાએ નહીં વીવેક ૧૭૭।
એહવા ગુણી મહા ગુણ ભર્યા ગુણવંત તણી જે રાસ
સારંગીયા શીરોમણી સુખદ મહા પ્રભુના ધ્યાનદાસ ૧૭૮।
એ ધ્યાનદાસનુ સ્વરૂપ કહું એહોની કરૂણાએ કરી
જેવા ગુણ અને સ્વરૂપ રસ ઉર માંહે જે રહ્યો ભરી ૧૭૯।

સ્વરૂપ નેષ્ટીક નીપુણ ને વલી સદા સ્વરૂપ અનુકુલ
એ સ્વરૂપ વીન બીજું સહુ જાણે તે કરી તૃણ તુલ ૧૮૦।
નેઠી રસીક એ સ્વરૂપના નેહનુ જાણે રૂપ
આરાધનીય ભજનીય જેહને સદા ગોકુલ ભુપ ૧૮૧।
ફલ સ્વરૂપ ને ફલ મારગી સાધન ન સમુજે લેશ
યહ લોક પરલોક સ્વારથ પરમારથ પ્રાણપ્રભુ વરેશ ૧૮૨।
મારગની પર પીઠીકા અને ગ્રંથનુ જે જ્ઞાન
એહોને સ્વરૂપ સ્નેહ વીન નહીં કતર અનુસંધાન ૧૮૩।
પ્રમાણને પ્રીછે નહીં ને પ્રમેયમું છે હેત
સર્વસ્વ અહીં સોંપી રહયા મન દેહ પ્રાણ સમેત ૧૮૪।
પ્રભુનોજ ઉછવ કૃત્ય પ્રભુની લીલા પરમ વરેશ
એહજ રૂચે એહોને સદા બીજું રૂચે નહીં લેશ ૧૮૫।
એહનુ હારંદ્ર ને મનવૃત લખું છું બાહાજ્ય જાણી તેહ
પ્રગટ કોણ કરી શકે એહના અંતરનો નેહ ૧૮૬।
એક સમે પ્રાણ પ્રભુ ભોજન કરીને બેઠા સેજ
ભગવદી સમુહ નીરખે છે ધરી મન હેજ ૧૮૭।
પોતી ઉપરેણો ધર્યો અને તીલક કેસર ભાલ
પાછલ અંબોડો ઢલકતો તાંબોલ અધર રસાલ ૧૮૮।
ઝલકતે વદનાંબુજે કરૂણાએ નયણ ભરી
સૃષ્ટી પર શુભ દ્રષ્ટી કરી સનમુખે બેઠા ફરી ૧૮૯।
ગુજરાતને ચાલવા બહુ વૈશ્નવ થયા છે સીધ
તેણે સેરા પધરાવવા તણા મનોરથ કર્યા મહાનીધ ૧૯૦।
કેને મનોરથ પાદુકાજી પધરાવવાનો જેહ
કેને ચરણ સેવાનો મનોરથ આવી ઉભા તેહ ૧૯૧।
ઉદારરાય શીરોમણી ઉદાર રસ વરસી
સેવા સ્વજોગ્ય કરી અને આપે તે પદ પરસી ૧૯૨।
પાદાંબુજ પધરાવવા આવે છે જયારે ભકત
પદ તલ ઉભય કેસરે રંગી કરે છે અનુરકત ૧૯૩।
તે પદ પરસ કરી વસ્ત્ર પર સેવા તે આપે તેમ
અને પાદુકાએ પદ પરસી કહે જાઓ સેવો એમ ૧૯૪।
ત્યાંહાં ભગવદી ઝુમીઝુમી રહયા છે તેણે ઠામ
ભીડની પરમીત નહીં નીરખે છે પુરક કામ ૧૯૫।
કયાનદાસ ત્યાં રહી દરશન કરે છે આપ
જોઇ પ્રસન્ન થયા ઘણુ પ્રભુનો તે ઉય પ્રતાપ ૧૯૬।
જયારે જયારે પ્રથમ અહીં માણજી પંચોલી
પ્રાચીન પ્રશ્ન પ્રભુજી આગલ કરે તે બોલી ૧૯૭।

આપ પ્રમેય રસે પાગ્યા ને પ્રમાણ શ્લોક કહી
પ્રમાણની પર પીઠીકા પુછે તે કારણ લહી ।૧૯૮।
જાણે એવા જે વલ્લભોજી કરે વચન વીલાસ
વચન રસ પ્રગટાવવા પુછે છે તે ધરી મન આશ ।૧૯૯।
પ્રમાણ મર્યાદા વચન પંચોલીજીના સુણી
તે ધ્યાનદાસને રૂચે નહીં ત્યાંહાં રહે શીષ ધુણી ।૨૦૦।
એહ સ્વરૂપ વીન સમુજે નહિ સ્નેહનો જાણે મર્મ
પુષ્ટ રસ આરૂઢ રહે ધર્મી એહોનો ધર્મ ।૧।
તેણે વચન મર્યાદા પ્રમાણ તણા રૂચે નહીં લેશ
એ સ્નેહને વીવસ હોયે એહોના ભાવ પરમ વરેશ ।૨।
તેણે સમે પ્રભુના પદ કમલનો પ્રતાપ જોઇને ઉથ
સ્વરૂપ રૂઢયારૂઢ થઇ ઉફણ્યું તે અંગ સસથ ।૩।
સૌભાગ્ય મદથી વીવસ થઇને ઓલ્ગીયા ધ્યાનદાસ
પંચોલી માલજી કહી અને કર્યા વચન પ્રકાશ ।૪।
કાષ્ટ પર પાંઓ ધરત હે અરૂ કહેત હો તુમ સેવો
જનકું સંદેહ હોએ વેગ પુછકે લેઓ ।૫।
એ ભાવ ઉદભટ સુણી પ્રભુ ઉચર્યા વચન વીલાસ
હારંદ્ર ઉભય દીશનું વીચારી કર્યું એમ પ્રકાશ ।૬।
ઈનકું તો કછુ સંદેહ નાહીં પુછી જો તોકું હોએ
એ માંહે આશય ગુઢ તે સાંભલી રહ્યું સહુ કોઇ ।૭।
એણે વચને રસ ઉછલીત બાહાલ્ય થયો તે આછાદી
પંચોલીજીની ને એહોનાં વાત દ્રઢ કીધી ।૮।
પણ એહોને એહ ભાવ ઉત્પન્ન થયો ચીત આવી
વીવેક રહીત થઇ બીજી સુરત મન ન આવી ।૯।
એહ વચન ફરી ફરી કહેતા તે ઉનમત થઇ
પ્રાણપ્રભુ પોઢયા પછી ઘરે આવ્યા એહ રસ લેઈ ।૧૦।
દેહની સંભાલ નહીં અને નીર ચાલ્યું નેણ
તે વાત ફરી ફરી કહેતા તે આવે વેણ ।૧૧।
સ્વરૂપ રસવેધીએ કીધો ભાવનો સતકાર
અન્ય અણુ ન લે જેણે લહયા તેણે કર્યા અનેક વીચાર ।૧૨।
એહવો ભાવ એ ભાગ્યવાનનો એહવી સ્વરૂપસું મનવૃત
વલી આગલ કાંઇ કહું એક એહોની જે કૃત્ય ।૧૩।
અનવૃત વીસઢ કરી કાંઇ એક લખું છું અહીં
તેહથી જણ્યું પડે વણ કહે સમુજે નહીં ।૧૪।
એક સમે આગરાને પોતે ગયા ધ્યાનદાસ
રસોઇના અશોકર્યની વીનતી કરી પ્રભુ પાસ ।૧૫।

તે રસોઇને રતનસી પ્રાહ્મણ બોલ્યો ત્યાંહાં સાથ
આજ્ઞા દીધી પ્રસાદ તું લેજે તે એહોને હાથ ।૨૧૬।
ધ્યાનદાસને દાલ રોટી નીપટ તાતી રૂચે
આદથી એહ બાણ એહોને એહ લીધું પચે ।૧૭।
તે રતનજી સમુજે નહીં એણે પાક સીધ કરી
માર્ગ રીતે સૈન્ય કલ્પી આગલ થાલ ધરી ।૧૮।
તે નાહીને ત્યાંહાં આવીયા ધ્યાનદાસ તેણીવાર
પાક શીતલ થયો જોઇ અને કર્યા વચન ઉચાર ।૧૯।
આરોગનહાર અઢાર કોસ ઉપર બેઠા રે જાહે
એ સામગ્રી શીતલ કરી ઇહાં આરોગાવત કાહે ।૨૦।
ઇહાં કોણ તારો બાપ આરોગત હે બોલ્યા તેહ
જા મુરખ તેં પાક મેરો શીતલ કીનો એહ ।૨૧।
પછે રતનજી બીજે દીવસ ઉઠી ગયો પ્રભુ પાસ
કહ્યું રાજ મેં રહેવાયે નહિં વરતાંત કર્યું પ્રકાસ ।૨૨।
ત્યારે પ્રાણપ્રભુ હારંદ્ર જ્ઞાતા ભકત મનવૃત જાણ
સ્વકીયની કૃત દ્રઢ કરી ઉચર્યા પરમ સુજાણ ।૨૩।
ઇનકે ઠાકુર તવા પર આરોગત હે રોટી
તેસેઇ તેં કયેાં નાહીં કીયો કાહે કયોં ખોટી ।૨૪।
એહવી એહની મનવૃત અને એહવો પ્રભુનો પક્ષપાત
પ્રસંગ એહોનો છે ઘણો વલી કહું બીજી વાત ।૨૫।
એક સમે એહોને કહયું જે તુમ આઓ દરશન કરી
તબહીંને તેહ સમે ઉતર કર્યા પ્રભુને કહી ।૨૬।
એહોના મનની અભાખ્રીતા જોઇ અંતર થયા પ્રસન્ન
બાહાન્ય કાહેકું કરત કહયું રાખ મનની મન ।૨૭।
પ્રેમ પુર્વક દ્રઢ સબંધની વાત છે તે ઘણી
તે ગ્રંથમાં કયાં લગી લખું એહવી અનેક છે એહો તણી ।૨૮।
તે ધ્યાનદાસે ભાગ્ય માંહાં મુકયો તે જ્યારે દેહ
પ્રાણ પ્રભુજીની આગલ કહયું આવીને તેહ ।૨૯।
ધર્મી ધર્મ તણો તે પક્ષક પ્રેમનો પંથ જાણ
પ્રાણ પ્રભુ આરંદ્ર થઇ બોલીયા એહવી વાણ ।૩૦।
તેસોઇ વૈશ્નવ આપ હતે તોસો ગુણી મહા સાર
જીને આદથી અરૂ આજલેાં જાણ્યો ન શાસ્ત્ર વીચાર ।૩૧।
તેણે વચને એહોના ધર્મની પરમાવીધી મેં કહી
સતકાર પ્રભુએ કર્યો તે ધર્મી જ્ઞાપન લહી ।૩૨।
એહના ગુણ તણુ કયાંહાં લગી કહું જેને ગુણે ગોકુલપાલ
રાગને રસ વસ થઇ રહી નથી અંગ સંભાલ ।૨૩૩।

જેહની સારંગી સુર રંગી રંગી જે રસે અનુપ
તાન રૂપ ને રાગનુ જે આધીદૈવીક સ્વરૂપ ૧૨૩૪।
સારંગીના સુરાવર્ત માંહાં રાગ રૂપ અનુપ
તેહ કાંઇ સુચન કરી રીઝવ્યા ગોકુલભુપ ૧૩૫।
ધ્યાનદાસ પ્રસન્ન થઇ સારંગી જ્યારે વાએ
એ સુણ્યા માંહાં મહા પ્રભુને બીજું ન ગાન સોહાય ૧૩૬।
એક સમે લાહોર થકી આવ્યા ધ્યાનદાસ ગુણી
પ્રસન્ન થયા ગોકુલપતી એહોની વાત સુણી ૧૩૭।
ઉથાપને ગાદી તકીયે આવી બેઠા રાજ
તેહ સમે સનમુખે બેઠા સારંગી કરી સાજ ૧૩૯।
આઠ માસ પછી આવ્યા આવ્યા નયણ ભરી
અલજે ભર્યા આતુર થઇ સારંગી કરમાંહાં ધરી ૧૪૮।
વળાડી વાહલાજી આગલ થઇને તે પ્રસન્ન
સમજ્યા ચતુરવર મુગટમણી ગુણીનુ ત્યાંહાં મન ૧૪૦।
એ સુણી જાણ શીરોમણી બોલ્યા તે શ્રી મહારાજ
આઠ માસ પાછે હમ તો રાગ સુણીયો આજ ૧૪૧।
ત્યારે ધ્યાનદાસ આરંદ્ર થઇ બોલ્યા તે મેહલી લાજ
આઠ માસ પછી મેં સારંગી વળાડી આજ ૧૪૨।
એહ વચનમાં સુચન કર્યો મેં એહોનો ગુણ માત્ર
પ્રાણ પ્રભુ નીત્ય રીઝવ્યા એહવા મહા સહ પાત્ર ૧૪૩।
તે ધ્યાનદાસે એક સમે મેહલ્યો તે પોતે દેહ
પ્રભુની આગલે આવી કહયું કેણે તેહ ૧૪૪।
આશ્ચર્ય થઇ શ્રીમુખે બોલ્યા તે તેણીવાર
ડુબી અબ સારંગી કહયું ધ્યાનદાસ ગયો જેણીવાર ૧૪૫।
અબ સારંગી જો સુનેગો સો બાવરો હે સોએ
અરૂ બાબરો હોયગો સોઇ એ બજાવેંગો કોએ ૧૪૬।
એહવો પરસ્પરનો રસ અને ગુણવાન ને ગુણ જાણ
એ ઉભયતા રસ તણુ થાએ નહીં નીરમાણ ૧૪૭।
એ ગુણ બલે સેવા કરી દેશાધીપતી વશ કરી
એહ વીન કોઇ બીજો કરે કેવલ એ કારણ ભરી ૧૪૮।
બાગના ફુરમાન કરવાવ્યા તે વેગે કરી
ગાયો ગરવાના કરાવ્યા અનેક આરત હરી ૧૪૯।
દેવાલા પર દ્રોહ દેશપતીએ કર્યો જ્યારે
તે અદ્રિષ્ટ ઇચ્છાથી એહોએ તે નીવાર્યું ત્યારે ૧૫૦।
એહવી અનેક સેવા કરી છે કયાંહાં લગી કહીયે તેહ
વીસ્તારતા અતી વીસહ થાએ સુચન કીધું એહ ૧૨૫૧।

એહવા ધ્યાનદાસ ગુણી ગુણ નીધીની સભા મંઝાર
સારંગી લેઇ અને સુરાવર્ત કરે છે તેણીવાર ૧૨૫૨।
ઘણા ગુણી ગોવિંદ સ્વામી ગાએ ગાન સુદેશ
ભાવ ભર નેહે ભર્યા પદ કરે પરમ વરેશ ૧૫૩।
કુંભનદાસ તે કેા સમે આવી કરે છે માંહાં ગાન
પ્રમાણ રીતે પદ કર્યા પ્રભુના દાન સમાન ૧૫૪।
સગુણદાસ અને ચતુર્ભુજદાસ કહીયે તેહ
પ્રમાણ પક્ષે ગાન આવી અહીં કરે છે તેહ ૧૫૫।
વલી વૃંદ્રાવનદાસ સેવક પ્રાણ પ્રભુના સાર
જેણે એ જસ વીણ અન્યનેા કીધેા ન મુખ ઉચ્ચાર ૧૫૬।
ધમાર ને પદ છંદ દ્વારા એ જસ કર્યેા વીસ્તાર
તે ગાન કરવા માન જુત બેઠા છે સભા મંઝાર ૧૫૭।
મેારારદાસ તે જાટ જ્ઞાતે કૃપાને બલે કરી
પદ કર્યા પ્રાણેશના માહાતમ માંહાં મન ધરી ૧૫૮।
ભગવાનદાસ કરેટીના મહા ભાગ્ય કેરી રાસ
અનન્ય આલય પરમ નેગ્રીક ને પ્રભુના દાસ ૧૫૯।
નેહી નીપુણ નૌતન રસીક સાત્વીક અને રીઝવાર
ગ્વાલ લેહેચારી એ ગાએ ગાએ શુદ્ધ પદ ધમાર ૧૬૦।
વસંત માંહાં એક સમય પ્રભુ પધાર્યા ઠાકુર દ્વાર
ત્યાંહાં સહેજ વૈષ્નવ મલી અને ગાયે છે ગાન ધમાર ૧૬૧।
ત્યારે પ્રભુજીએ એમ કહ્યું એ ધમાર કેરૂં ગાન
એહ ગાવું કેાન સમજે પુરવીયા વીન આન ૧૬૨।
એહવી સુરતી માંહાં આવી ગયા પેાતાના દેશ થકી
તે જોઇને આશ્ચર્ય પામી રહયું સહુ અકબકી ૧૬૩।
ભગવાનદાસ ને લખી લાલૈા ને નારાયણદાસ
ઠાલકી સાજ સહીત આવ્યા પ્રાણજીવન પાસ ૧૬૪।
પ્રસન્ન થઇ ધમાર ગાઇ રીઝવ્યા પ્રાણેશ
એ ગાન રસમાં એહ છે એહેાના ભાગ્ય વરેશ ૧૬૫।
શ્યામરામ પુર્વ તણા આવ્યા તે દરશન કાજ
એહેાને શુભ રીતે દરશન આપી ઉભા મહારાજ ૧૬૬।
સેવક થઇને તેહ સમે પદ કર્યા પરમ અનુપ
તેહેાના ભાગ્યનુ શું કહું રીઝવ્યા ગેાકુલભુપ ૧૬૭।
બલરામ મુરલી ભાઇ બેય સરસ ગાયે ગાન
કૃપા ઘણી મહેદ તણી અને પ્રભુની કૃપા ને દાન ૧૬૮।
ગેાપીભાઇ લઘુ વેસ માંહાં ગાએ તે આણી મન
ઝીલ સ્વર સાંભલીને પ્રભુ થાએ પરમ પ્રસન્ન ૧૨૬૯।

એમ અનેક ભાગ્યવાન ગાન રસે પાગ્યા જેહ
જેહ સમે જેહવો છે તે કરે કીરતન તેહ ૧૨૭૦।
રાગ રૂપ ને તાન સુર બંધાન માન સમેત
તાલ મંદ ને ઘોર સપ્ત સુર તે સમુજે હેત ૧૭૧।
અરમ રીષભ ગાંધાર મધ્યમ પંચમના સુર સાર
ધીવત નીસાત એ સપ્ત સુર સમજે તે બહુ વીસ્તાર ૧૭૨।
એકે અંગે વીવીધ તાન બંધાન સુર સાધી
આલાપ ચારી કરી એ ગોકુલપતી આરાધી ૧૭૩।
મહા ગુણી ગુણવાન ગુણનીધીની જે સભા મંઝાર
અવકાશ લહી આરંભ ગાન તણો કરે તેણીવાર ૧૭૪।
સુરદાસના કો સમે પદ ગાયે રૂદયારૂઢ
જેહના અર્થ ઉકત ને જુકત અલીનવ ભાવ અતીસય શુદ ૧૭૫।
જેહની જન્મવેલી ઉપર શુસાંઈજી થયા ઘણુ પ્રસન્ન
અને પ્રસંસા એહની ઉકતની પ્રભુએ કરી ધરી મન ૧૭૬।
વલી પરમાનંદજીના પદ કહેવાએ જેણીવાર
પ્રાણપ્રભુજી પ્રસન્ન થઈને વચન કહે તેણીવાર ૧૭૭।
પરમાનંદજીના વચન સ્વરૂપે લપેટયા ઘણુ
રૂદય માંહાંથી નીસરે છે શું કહું તેહ તણુ ૧૭૮।
વલી બાલ લીલાના પદ સાંભલી સ્નેહ સરાહે
ભરી આવી નયણે જલ વહે અતીસે તે આરંદ્રી થાએ ૧૭૯।
કો સમે ચતુર વીહારીની ચર્યા તે ચાલે ઘણી
એહેાના પદ સાંભલી રીજે તે ગોકુલ ધણી ૧૮૦।
વલી ગુણી ભુલે જેહ સમે એહેાના પદનુ રૂપ
ત્યારે પોતે સ્વર સાધીને દેખાડે રૂપ અનુપ ૧૮૧।
વીકસીત મુખે માધુરી અને ભૃકુટી નયણનુ વલણ
સ્વર સહીતે કર ઉંચો કરી અંગુલીદલનુ ચલણ ૧૮૨।
એમ તાન માન સહીત દેખાડી શીખવે તેણીવાર
તે અનુભવી અનુભવ જાણે થાયે નહીં વીસ્તાર ૧૮૩।
વલી વાત ચતુર વીહારીની પોતે પ્રસન્ન થઇ
કરે વીવીધ પ્રકારની સહુ સાંભલે ચીત દેઇ ૧૮૪।
કહે પદ નયેા જબ કરે તબ મનમેાં ધરી મન ઉલાસ
સીકરીતે સુનાએવેકું આવે મેરે પાસ ૧૮૫।
હમ વ્યારૂ કરી જમુનાજીને નીકટ ટેડમેાં બેઠે જાએ
આપુને પદ નએ કીએ સબે મેાંહે સુનાએ ૧૮૬।
તાન માન અરૂ ગાનમેાં બીતે સંપુરન રાત
રસમેાં ન કછુ જાન્યેા પડે બેઠેહીમેાં હેાએ પ્રાત ૧૨૮૭।

વે વીદા હોએ ઉતકું ચલે હમ આયે કરી સ્નાન
જબે કણહું આવે ઇહાં તણ એમ ઇનકી બાન ૧૨૮૮
વસ્ત્ર સુંદર ભવ્ય રહે સોંઘો લગાવે સાર
એહવી વારતા એહોની વાહાલો કરે બહુવાર ૧૮૯
ધોંધી કુંભનદાસના પદ કો સમે ગાયે
એહોના નાતી ગોતી વાજીંત્રી આવી વાએ ૧૯૦
કયારે વંદ્રાવનદાસ બેસી સનમુખે ત્યાંહાં પાસ
મધુર સ્વરે પદ પ્રભુના કહી કરે સુજસ પ્રકાશ ૧૯૧
ત્યારે પ્રાણપ્રભુ કહે સંકુચ હમકું હોત હે સુની એહ
તેહનો વંદ્રાવનદાસ ઉતર કરે છે ભર નેહ ૧૯૨
જથારથ એ સ્વરૂપ ઉદભટ રાજનું જેહવુ
રાજ સંકુચો છો અરૂં કહેવાએ નહીં તેહવું ૧૯૩
એણે ભાવે પદ કરીને કહયું વાહાલાજીને જેણીવાર
તે સાંભલી એહો ઉપરે તે પ્રસન્ન થયા તેણીવાર ૧૯૪
રઘુનાથજીનો વીર રસ જયારે કહે કહવે કરી
સુરત્વ પ્રીય પ્રભુ સાંભલી આવે તે અંતર ભરી ૧૯૫
સ્વામી ધર્મ અનન્યતા ટેક ને પુરૂષારથ
કહી કહી નેહનુ હનુમાનજીનું સરાહે સામર્થ ૧૯૬
અનન્ય ધર્મ તે પ્રીય ઘણુ માટે અનન્ય ધર્મ સરાહે
એ ગાનમાં વારતા ચાલે એહ રસને ચાહે ૧૯૭
બાંધાનો રાજા રામચંદ્ર તેહોના કુપદ સુણી
પ્રસન્ન પ્રભુ થાએ ઘણુ કર્યા તાનસેન ગુણી ૧૯૮
ઉદારતા ઉચ્ચતા ગાએ તે જેણીવાર
નીજ ધર્મ લહી અને પ્રભુ પોતે સરાહે તેણીવાર ૧૯૯
ચુટકી વજાડી કો સમે તકીયાસું તાલી વાએ
રામચંદ્રનો જસ સુણી અને આપુ ઘણુ સરાહે ૨૦૦
વાત શ્રીમુખે તેહની તે ઉદારતાની કરે
વીશુધ્ધ ભાવી બ્રહ્મણીક ને ધર્મ જુત આચરે ૧
સંભાષણ તે મલેચ્છ સાથે દેશપતી પરજંત
કીધું નહીં કયારે કહીં એણે તે આદી અંત ૨
એહવી વારતા બહુ ભાંતની બહુવાર ચાલે ઘણી
જેહનો જસ સુણી અને પ્રસન્ન થાએ સહેજે ગોકુલ ધણી ૩
એહવો જે રાજા રામચંદ્ર તે પ્રથવીમાં પ્રસીધ્ધ
નામ સમ અવતાર લેઇ કરૂણા કરી મહા નીધ ૪
તાનસેનના ગાનની વારતા ચાલે જેહ
સંક્ષેપ માંહાં સુચન કરૂં શ્રીમુખે કહ્યું છે તેહ ૫

તાનસેન સભામાં કરે ગાન રસ રસ છેલી
તે સભામાં રાગ સંપુરણ રહે ફેલી ।૩૦।
સભા ઉઠે જાણી એ થયા કરે છે રાગ
જેમ અગર ઉખેવ્યા તણો ફેલી રહે છે પરાગ
તેમ રાગ તેહ સભા માંહાં ફેલી રહે છે ભરી ।૭।
તાનસેનના રાગનુ સુચવ્યું એણે કરી
વલી નાયકના કીધા નવા કુપદ કેા આવી ગાએ ।૮।
ત્યારે નાયક ગુણીની વારતા પ્રભુજી કરે સમુદાએ
ગેાડી નાયક તણી વાત કહે કરી વીસ્તાર ।૯।
ગેાપાલ નાયક તણી કહી છે વીસદ કરી બહુવાર
બગસું નાયક ને વલી ચાંદખાં સુરજખાન ।૧૦।
એહના ગુણ તણી વારતા ચાલે કરીને સનમાન
હરીચંદ હીરામણી ગુણી પ્રવીણ કેરી વાત ।૧૧।
એહવા અનેક ગુણી તણી વાતેા થાએ નાના ભાંત
પ્રાણપ્રભુએ કવીશ્વર તે અઢી કહ્યા છે અહીં ।૧૨।
સુર પરમાનંદ ને અરધા મ્હેતા નરસિંહ
એ ગાન રસ માંહાં અનેક રસ પ્રગટે છે પરમ સુદેશ ।૧૩।
તે અનુભવીનું મન લહે કે લહે પ્રભુજી વરેસ
એહવા રંગ રાગ રસે ભર્યા વહાલેાજી બેઠા અહીં ।૧૪।
તે રૂપ અનુકરણ કહેવાનુ તે સામર્થ નહીં
અબટંક માત્રે વાત સુચન કીધી તે ગાન તણી ।૧૫।
હવે આગલની અનુભવ સભાને કહું સેાહામણી
હવે ભેાગ્યવર ભેાગાધીપતી અને અખીલ ભેાગ વરેશ ।૧૬।
અદય દાન દયા ભરે કરે ચરીત્ર પરમ સુદેશ
પાંચમી બીડી એહ સમે આવી તે અતી રસ સાર ।૧૭।
તેહનેા કાંઇ સંક્ષેપે કરૂં વીસ્તાર
પાન મઘઇ ગુણ વીસદ અતીસે તે સુખદ અનુપ ।૧૮।
મીઠાઇ જુત મુખ પ્રીય ઘણુ સુસ્વાદ સૌરભ રૂપ
માંહે સેાપારી છેાલીયાની કરી છીર ઉતમ ભાંત ।૧૯।
કુસુમની પાંખડી સુવાસીત કુસુમ કરી ખાંત
ખેર માંહે બરાસ કસ્તુરી અંબર સણી ।૨૦।
સેાંધા સુવાસ ભરી ગેાલી કરી સેાહામણી
તે છીર ગેાલી ગીરી મીંજ બદામ મેલ્હેલી સંગ ।૨૧।
ગનુડુ સુંદર કરી દાબ્યું તે માંહે લવીંગ
પાન ઉજ્જવલ ધેાઇને વસ્ત્રસું સ્વચ્છ કરી ।૨૨।
અનુક્રમે અગણીત લેઇ પાતમાં રાખ્યા ભરી ।૨૩।

રંગ જે ગુજરાતનો અતી ઉચ્ચ કોમલ સેત
ચીપમાં ચતુરાઇ કરી રાખ્યો તે પાત સમેત ।૧૨૪।
બીડા તે બહુ ભાવે કર્યા પાંતસુ સીક દેઇ
એંધાણ જુત એહો કાજ અલગા કરી આવ્યા લેઇ ।૧૨૫।
તે આરોગે છે અનેક નીત નવલી ભાંતે કરી
જેહવો સમે તેવા પ્રકારે તેમજ ફરી ફરી ।૧૨૬।
તેહ સમે બીડું લેઇ આવ્યા તે ત્યાંહાં ણવાસ
જલપાનનો ગડુઓ પ્રથમ આગલ ધર્યો ધરી આશ ।૧૨૭।
તે જોઇ શ્રીમુખમાં બીડી હતી પહેલી
તે મુકવાને સીધ થયા તેહ સમે ત્યાં વહેલી ।૧૨૮।
રસનાએ રસ સંકેલીને તાલુસું દાબી ત્યાંહાં
અવાલુ અને અધરસું એકત્ર કરી મુખમાંહાં ।૧૨૯।
તેહ સમે તષ્ટી લેઇ સેવકે આગલ કરી
રૂદયસું કર દાબી નીહોરી બીડી તેમાંહાં ધરી ।૧૩૦।
કો સમે કો કર પસારીને તે આગલ ધરે
પ્રસન્ન થઇ પ્રમુદીત મુખે તે માંહેં બીડી કરે ।૧૩૧।
કરમાંહેં પાત લેઇ કો તેમાંહાં મુકાવે સધ
જાણે રખે કરની વાસ આવે એહ સમજી ગધ ।૧૩૨।
તે અધરામૃત લેઇને રાખે પોતાની પાસ
આપણુ સરવસ લહીને અંતર ધરી બહુ આશ ।૧૩૩।
કો પરસપર મલતી પાણે વેંહેંચી આપે તેહ
કરમાંહેં લેઇ આરત ભર્યા મુખ માંહેં લે ભર નેહ ।૧૩૪।
કોએ સુકવી સંચય કરે પરદેશ જાવા સાજ
કો સુકવીને સંગ રાખે નીત લેવા કાજ ।૧૩૫।
કોએ રસ ભરી બીડી લેઇ પાને લપેટે એહ
તે ઉપર કોમલ પાત પીપલનું લપેટે તેહ ।૧૩૬।
એમ જતન કરી રાખી પોતાના સબંધી છે જ્યાંહાં
પઠવે પ્રમોદે કરી અને કહે આપજો તમો ત્યાંહાં ।૧૩૭।
મથુરા વેરાડીવાદ કે આગરે ભાગ્યવાન
તેહોને પ્રેમે કરી એમ પરસપર હોયે દાન ।૧૩૮।
આગરે પરમ સોહાગીયા વહેવાર હીત રહે જેહ
મલતી પાણે મોકલે તેહને કરી બહુ નેહ ।૧૩૯।
છોડી જુએ તે પાતમાં બીડી હોએ રસ ભરી
જાણે પ્રાણપ્રભુએ સધ શ્રીમુખ માંહેથી લેઇ ધરી ।૧૪૦।
તે નેત્રે દેઇ શીષે ચઢાવી રૂદયસું ચાંપી
મહા ભાગ્યવાને ભાગ્યવાનને તેહ સમે આપી ।૧૪૧।

એકઠા બેસી મલી અને ત્યાંહાં પરસપર વહેંચાએ
મોકલ્યાનો ઉપકાર માની હૈયે હરખ ન માએ ।૩૪૨।
કેને લેતા માત્રે સ્વરૂપ રસ હોએ તે રૂદયારૂઢ
કેહને એ સ્વાદે સ્વાદ રસનો હોએ છે અતી ગુઢ ।૪૩।
કો અવ્યકત માધુરી અધરની એહથી કરે છે પાન
કેહને લેતા માત્રે રસાત્મિક એ સ્વરૂપનું હોએ દાન ।૪૪
રસીકવરનો રસ ભર્યો તાંબોલ રસ રસવાચી
તેહ અતી રસીક ભાવે ભર્યા લે છે તે મન રાચી ।૪૫।
એમ અધરામૃત અમીત ભાવે લે તે ભાવ વરેશ
તે વીસદ કરી કહેતા ન આવે બુધી બલથી લેશ ।૪૬।
ગ્રંથમાં શ્રી આચાર્યજીએ કરી લખ્યું પુરુષારથ
તે અહીંયા સ્વકીયને નીત દાન હોએ સ્વરૂપને સામર્થ ।૪૭।
એમ અધરામૃત બીડી શ્રીમુખ થકી મહેલી ત્યાંહાં
ગડુઓ તે શીતલ જલ તણો લીધો તે બેહુ કર માંહાં ।૪૮।
જમણો અંગુઠો નાલવે રાખ્યો તે લેઇ અધભાગ
પાતલી ધારે પાન જલનુ કરે અનુરાગ ।૪૯।
રાખી રાખી સ્વાદ લઈ વલી સરાહી અને સ્વાદ
કહે એસો જલ કહું નાહીં એમ કહે સુખ મર્યાદ ।૫૦।
નીકટવૃતી એ વચનનું કરી અનુમોદન
હાં રાજ હાં એ એમજ છે વલી કહયું આણી મન ।૫૧।
મહાતમે હમો કહેતા નથી કહું છું જથારથ બોલ
શ્રી જમુના જલના સ્વાદની આવે નહીં કો તોલ ।૫૨।
દ્વારકાથી પુર્વ અને દીઠા અમો બહુ દેશ
આ લોક માંહેં સ્વાદ જલનો નહીં એહવો લેશ ।૫૩।
સ્વાદના ભોગી બોલીયા જલ સરાહીને અહીં
યા લોકકી કહા ચલી એસો તીન લોકમા નાહીં ।૫૪।
તેમાં જલ જસોદા ઘાટનુ સહુ ઘાટથી અતી સાર
તારતમ્ય સ્વાદનું કરી અને તે સરાહયા બહુવાર ।૫૫।
એમ સ્વાદ શીતલતા સરાહીને કર્યું જલપાન
તેહ સમે મુખની માધુરી નીરખે તે ભાગ્યવાન ।૫૬।
જલપાન કરી અને તેહ સમે ગડુઓ તે આપ્યો ફરી
મુખવસ્ત્રે મુખ પુંછન કરી બીડી કર માંહાં ધરી ।૫૭।
તર્જની અંગુઠો મધ્યમા ને અનામીકા કરી એક
કનીષ્ટ ઉંચી ધરી અને રાખી તે ભાવ વીશેક ।૫૮।
એમ બીડું ગ્રહી લટકા સહીત મુકયું તે શ્રીમુખ માંહેં
એ કરકમલ મુખકમલની શોભા તે કહીએ કયાંહાં ।૩૫૯।

અવાસે જલપાનનો ગડુઓ ગ્રહી તેણીવાર
ચોકી ઉપર લેઇ રાખ્યો કરી સુખદ પ્રકાર ।૩૬૦।
નેવરો દોહરો પ્રથમથી છીરકી રાખ્યો જેહ
તે સુધારી નાલવુ ઢાંકીને તે મહેલ્યો તેહ ।૬૧।
અવાસજીએ અરાસની બંટી જે હેમ તણી
તે ઉઘાડી આગલ ધરી દીસે તે સોહામણી ।૬૨।
બીડી લીધાનો તે કર ધોતીએ પુંછી કરી
અરાસ બંટી માંહેથી લીધું તે ચીમટી ભરી ।૬૩।
વીકસીત વદન ઉંચુ કરી નાખે તે ઉછાલી
તે કર વદન શોભા જોઇ કોણ શકે સંભાલી ।૬૪।
વલી ચુનોટી ચતુરાઇસું આણીને આગલ ધરી
જંઘા પર ધોતીસું કરકમલ પુંછ્યો ફરી ।૬૫।
ચુનોટીથી અવાસે ચુનો લેઇ અંગુલી માંહે
આગલ ધર્યો તે માંહેથી શ્રીકરે લીધો ત્યાંહે ।૬૬।
આરંદ્ર હોએ ઉપરેણાસું દાબી કરે તે રૂક્ષ
ગોલી કરી શ્રીમુખ માંહે મેહલે તે સદ્ય સમક્ષ ।૬૭।
તેહ કર લાંબો કરે ક્ષાલણ કરાવે ભકત
મુખવસ્ત્રસું પુંછી અને બેઠા તે થઇ અનુરકત ।૬૮।
એણીપેરે બીડા અનેક આરોગે તે વાહાલો નીત્ય
જેહવો સમય તેહવો તે કેમ કહી શકું કરી ઇદમીત ।૬૯।
પાનની રૂચી પ્રાણપ્રભુને નીરંતર અતી ઘણી
મુખદ પરમ હીત એ અંગ રીઝ એહ રસ તણી ।૭૦।
બીડી જો શ્રીમુખ માંહાં રહે પોઢતા હોએ સુહાણ
બીડા વીના નીંદ્રા ન આવે એહ એહોની બાણ ।૭૧।
નાગવેલી અતી રસીકના રસીક ભોગી એહ
અધરસું રસ વીલસી અને રસદાન દે ભર નેહ ।૭૨।
રસીક જન રસપાત્ર જે એહના સરાહે ભાગ્ય
એહ રસ જોઇ આપ ઇચ્છે એહોનો તે સોહાગ ।૭૩।
એહ દ્વારા અધર અમૃતનું હોએ છે દાન
એહના ઉપકારનુ કાંઇ નહીં કહેવા માન ।૭૪।
આપ રસ વીલસ્યો તે રસ આપી કરી સંતોષ
એહવા પરમ પરમારથી જેહને સંપત્રીક નહીં દોષ ।૭૫।
એહવી નાગવલીનો તે રસ અનુભવ કરે છે આપ
ઉથાપને આનંદ ભર હરે જગતનો પરીતાપ ।૭૬।
કોના મનોરથ કોણ ભાંતે તે કરે છે પુણ
કેની આરત કોણ કોણ પ્રકારે કરે છે ચુણ ।૩૭૭।

જેહનો જે મનોરથ તેહનો દાતા એ પરમ ઉદાર
વાંછીતારથ પુરતા લાગે ન ક્ષણુ એકવાર ।૩૭૮।
કોઇ મનોરથ મન ધરીને ગુંજાની માલા સાર
મંગાવે મથુરા થકી પહેરવા પ્રાણાધાર ।૭૯।
માંહેં શ્વેત સહુ એકત્ર ને થાકે અરૂણ અનુપ
માંહેં શ્વેત અરૂણ તણા તે ખાના સોહતા શુભ રૂપ ।૮૦।
માંહે શ્વેત ને માંહે અરૂણ ગુંજા રાજતી પ્રતી એક
એહવા હાર ગુંજાના અણાવે થાએ નહીં વીવેક ।૮૧।
તુલસીની માલા અતી મનોહર પરમ સુઢાલ
દુલરી ને કોએ એકલરી દીસતી પરમ રસાલ ।૮૨।
કોએ પ્રેમસું પોતે ઘડે મન દેઇને પ્રભુ કાજ
કેસરે રંગી સુવાસીત સોંધે ભરી કરી સાજ ।૮૩।
આપુ ઓટ રહીને પઠવે તે કેહેને સાથ
નામ લેઇ પેરાવતા ફરી અને પુછે નાથ ।૮૪।
એ કાહા આપ ઉને ઘડી ત્યારે કહે હા મહારાજ
સાંભલી રીઝે ઘણુ ને પ્રસન્ન હોએ સમાજ ।૮૫।
કો અનેક મનોરથ મન ધરી ઉભા રહે આવી
ગુંજા માલા એક કરી પહેરાવે મન ભાવી ।૮૬।
કોએ એકલરી એક તુલસીની ધરાવે માલ
નીકટ આવી નીહાલી મુખ રહયા ભાવ રસાલ ।૮૭।
કોએ દુલરી માલા કેસરે સોંધે સુવાસે ભરી
વીનતી કરી સનમુખ રહી પહેરાવે પ્રેમ ધરી ।૮૮।
કરૂણા કરી કેહેને કંઠથી આપે તે શ્રીકરે ફરી
શીષે ચઢાવીને પહેરે રહે પદ અનુસરી ।૮૯।
કોએ હાર ગુંજાનો ધરાવે મનોરથ સમ તેહ
રંગ મન ભાવતો જોઈને ધરી અતીસે નેહ ।૯૦।
એમ સમય સમય સોહતી તુલશી ને ગુંજા તણી
મનોરથ ભર્યા મહા મોદસું માલા પહેરાવે ઘણી ।૯૧।
ઉદારવર કરૂણા ભરે કરી સ્વતઃથી કરૂણાલ
સ્વકીયને શ્રી કંઠથી આપે તે માલ રસાલ ।૯૨।
પાત્રનુ દાન લેઈને સદપાત્રને કરે દાન
એ દાન સમાને કરી સુખ ઉભયનુ નહીં માન ।૯૩।
કોએ પ્રેમ રસ પુરણ ભર્યા પહેરાવે પ્રીયને માલ
કોએ રસ તણો સંકેત લહી રસ ભર્યા ભાવ રસાલ ।૯૪।
કેહેને સ્વપ્ન માંહાં સંગમ હવો તે પ્રસન્નતા મન ધરી
કેહેને ભાવ મનનો કહયો તે ઉછાહ ઉલટ ભરી ।૩૯૫।

કેા એ સમયનેા અનુભવ કરી મન માંહેં અતી રીઝી
કેાએ કરણા એહેાની જોઇને રસ ભાવે ભીંજી ।૩૯।
કેાઇ ઉછવને અનુમેાદથી માલા ધરાવે સાર
પ્રદેશ આવ્યાને સમે કેા ધરાવે તેણીવાર ।૯૭।
કેાએ ઉતમ માલા આપ ઘડી કે ઉતમ દ્રષ્ટે પડી
તે પ્રાણના પીયને ધરાવે વીલંબ કરે ન ઘડી ।૯૮।
કેા પ્રદેશથી આવીને પહેરાવે પ્રમુદીત થઇ
કેા સહેજ મનમાંહાં ધરીને મનેારથ કરે રસ મઇ ।૯૯।
એહવા મનેારથ અનેક વીધી અને રસ તણા સંકેત
વીસ્તાર છે તેહનેા ઘણેા કાંઇ વીસદ થાએ નહીં હેત ।૪૦૦।
હવે પ્રસાદી માલા કરાવા તેહ સમે કેાઇ ભકત
આવીને ઉભા રહે સનમુખ થઇ અનુરકત ।૧।
કેા પ્રદેશ ચાલ્યાને હીતે માલા અણાવે ઘણી
કેાએ નીત્ય પહેર્યા કાજને કેસરે લાવે સણી ।૨।
કેાએ માહા ઉછવના મેાદસું કેસરે રંગી કરી
પરસપર આપવાને સેાંધે તે લાવે તે ભરી ।૩।
કેાએ સ્વકીયને પરદેશ માલા મેાકલવાને કાજ
કેસરે રંગી કેાએ સાદી લાવે એમ સમાજ ।૪।
એકલરી કેાહેારી માંહેં તીલરી મીહીન મેાટી જેહ
કેાએ સુવર્ણની માલા પ્રસાદી કરાવે છે તેહ ।૫।
વીનતી કરીને સનમુખ ઉભા રહે જેણીવાર
પ્રાણપ્રભુ કર પ્રસારી માંગી લે તેણીવાર ।૬।
કયારે શીષસું પરસી આપે કયારે રૂદયા સાથ
કયારે ભુજ પરસી કયારે કંઠમાં પેહેરીને મારેા નાથ ।૭।
કેાએ નીકટવર્તી તે માલા લેઇ આપે હાથ
તે શ્રીઅંગે પરમાવી આપે લેઇ ચઢાવે માથ ।૮।
એ શીષ નયણ લેલાટ ઉર ભુજ પરસ કરી ધરી રૂદય
કેહને કંઠમાં રાખીને આપે થઇ અતી મન મુદય ।૯।
ભીન્ન ભીન્ન અંગ પરસાવી આપ્યા માંહેં છે તારતમ્ય
તે પાત્ર સાદ્રસ પ્રભુ લહે પણ અવરનેા નહીં ગમ્ય ।૧૦।
માલ પ્રસાદી એણીપેરે આપે છે વાહલેા કરી
તે માંહેંથી એક ઉતમ જોઇ પહેરાવે પ્રભુને ફરી ।૧૧।
મુસકાઇ ટેાંક કરીને પહેરે છે વાહાલેાજી
પ્રસાદી કર જે મેાહેકેા દે કેા સમે કહે રીઝીયા ।૧૨।
તે સાંભલી સહુ કેા રીઝે અંગ ન માયે
એ શુભ સમયનેા મેાદ અતીસય વીસદ કર્યેા ન જાએ ।૪૧૩।

વલી આગલનો તે પ્રસંગ કહું છું અનુભવે અનુસરી
ઉથાપનનો સમય તે સહુ સાંભલો ચીત ધરી ।૪૧૪।
વામ દીશ તકીયો જે છોટો એહ સમે રહે પાસ
નીવાર દોરી રેશમી બાંધી ધરી મન આશ ।૧૫।
નીવાર દોરી પડછીયે કુંદણા ઉભય અનુપ
ચોહોરી કરી તકીયાને નેફે ધરી હીત વૃજ ભુપ ।૧૬।
તે નીવારસું નવ નાહો નીપુણ નવીન લીલા કરે
તે અનુકરણ અવીલોકતા માંહાં સર્વેના મન હરે ।૧૭।
કો સમે કર ઉભયસું લેઇ ઉભય પલ્લવ ધરે
મલી ભાવ સહીત વજાડે એમ લીલા કરે ।૧૮।
કો સમે પડછીયા ગ્રહી તાણ્યા કરે બહુવાર
કો સમે અંગુલી દલસું લપેટે આધાર ।૧૯।
કો સમે દોરી અંગુઠા માંહાં ભરાવે તેહ
મુઠી વાલીને રહે નીરખે સહુ ભર નેહ ।૨૦।
ક્યારે પડછીયા ગ્રહી નીહોરી પરસે નાસીકા ને લલાટ
તે ભાવ કોઇ સમજે નહીં કરે છે શામાટ ।૨૧।
હાવભાવાદીક એહમાં સુચન કરાવે રસ રીત
એહ ભાવને નીરખતાં પ્રગટે તે અતીસય પ્રીત ।૨૨।
એ ગોપ્ય રસને સયન માંહાં સમજે તે રસના જાણ
કે ભાવ ગ્રાહી પ્રેમરત સમુજે તે પરમ સુજાણ ।૨૩।
શીતકાલે પહેરવા નીમો કે હોએ કભાય
તેહના બંધ દરીઆઈ તણા સુંદર પરમ સુખદાય ।૨૪।
કો સમે તે બંધ દોરી કરસું ગ્રહી વજાડે એક
શબ્દ સુશોભીત હોએ થાએ નહીં વીવેક ।૨૫।
ક્યારે ઉભય કરે ગ્રહી બંધ દોહરાવતા એમ
રાવ તેનો રસ ભર્યો પ્રગટ થાએ જેમ ।૨૬।
તીરછો નીહોરી નીજ કર્ણ આગલ વજાડે જેમ જેમ
નેત્ર ભ્રકુટી કપોલ હાસ્ય કરે છે તેમ તેમ ।૨૭।
ભકત તેહ સમે જોઇને કરે અનુમોદન
કહે રાજ આ તો અવ્યકત ધુની હોએ છે સુખ સંપન્ન ।૨૮।
એમ તો કોથી ન થાએ એ તો અદભુત વાત
એહ સુણી તેમ તેમ રીઝે વગાડે શુભ ભાંત ।૨૯।
તેહ સમયનો રસ રસીક ઉભા તે નીરખે ત્યાંહાં
અનુભવી અનુભવ સમજે વીસદ કહીયે ક્યાંહાં ।૩૦।
કો સમે તકીયાસું પરસીને તે બેસે નાથ
વામ અંગે જાનુજંઘ દેઇને ગાદી સાથ ।૪૩૧।

દક્ષણ પદતલ તેહ પદતલસું કરીને એક
એ જાનુજંઘ તીરછા તે રાખે સુખ શું કહું તે વીવેક ।૪૩૨।
જમણો કર જમણા ચરણની પાટલી પર ધરે
સહેજ માંહે કરકમલ તે ઉપર ફેર્યા કરે ।૩૩।
કે। સમે ઉંચો જે ઘુંટણ ત્યાંહાં ધોતી રહી
તેહનો પાલવ ઘુંટણ તલે થઈ કાઢી રહયા કર ગ્રહી ।૩૪।
તે પાલવને કરના અંગુઠા માંહાં ભરાવે ત્યાંહાં
તાણ્યા કરે વલ દેઈને તેહને વીસદ કહીયે કયાંહાં ।૩૫।
કે। સમે માલા કે ગુંજાના તે મણીકા સાર
કંઠમાંહેથી સમરણની પેહેરે ફેરવે આધાર ।૩૬।
કે।પર તે જમણા કર તણુ જમણા ઘુંટણ પર દેઈ
કર હલે મુછના બાલ તાણ્યા કરે છે રસમઈ ।૩૭।
કયારેકે।ર ઉપરણા તણી નખસું સમારે શેષ
કયારે ઉલટે નખસું કરી અને બજવાલે શીષ સુદેશ ।૩૮।
કયારે ઉપરેણાનેા ખુંટ વળ દેઈને ગ્રહે હાથ
કરણના કુંડલે લપેટે તે જુએ સહુ સાથ ।૩૯।
તે ખુંટ અમલાન્યેા લેઈ કરણ વીવર માંહાં એ
મેહેલીને તાણ્યા કરે છે તે કહીએ કયાંહાં એ ।૪૦।
તે ખુંટ અમલાન્યેા લેઈ કયારે લલાટ કરે પરસ
પરસ નાશાએ કરે તે એહ લીલા સરસ ।૪૧।
કયારે મુઠ વાલીને તે મીંડે લટકતે કરે નયણ
તે અનુભવી અનુભવે સમુજે કહેતા ન આવે વયણ ।૪૨।
વાત કરતાં છીંટની સંભાવના જયારે હેાએ
તેહ સ્થલે જલ પરસાવી કરને ક્ષાલતા સહુ મેાએ ૪૩।
કે। સમે બીડું આરેાગતા તાંબેાલ રસ ફેલી
લીંક લીંકે ઢલી આવે છે તે અતી છેલી ।૪૪।
તે ઉકણ્યેા રસ કરદલે સંકેલી પખાલે હાથ
મુખવસ્ત્ર લેઈને કર વદન પુંછે મારેા નાથ ।૪૫।
કે। સમે સુચન ભાવનુ મન માંહાં કરે છે આપ
તે અનુકરણ બાહેર જોઈ અને હરે સહુ પરીતાપ ।૪૬।
જેહવેા ભાવ તેવું અનુકરણ તે બાહાજ્ય પ્રગટ જણ એ
ભ્રકુટી અધર નયણના વલણમાં તે જણ્યું જાએ ।૪૭।
તે જોઈ જોઈ સ્વરૂપ વેધી રસીક સમુજે મન
અન્ય કેાએ ન એ લહે એહેાને એહ સંપન્ન ।૪૮।
વલી વાત કેહેની સાંભલી કે। સમે દે છે કાન
અને મુખ કમલ વીકસાવી નીહારે એહ એહેાની બાણ ।૪૪૯।

ત્યારે મુખમાં રસના તે હોલાય થાએ તેણીવાર
તે સ્વરૂપના અનુભવી લહે વચને ન આવે પાર ૧૪૫૦.
એહવી અનેક પ્રકારની લીલા કરે છે સાર
સ્વકીય ભકત નીરાધની તે થાયે નહીં વીસ્તાર ૧૫૧.
વલી કેા સમે બાલક તણા લરીકા જે છે લઘુવેશ
તે એહ સમે એહેા કને આવે દેખી કૃપા વીશેષ ૧૫૨.
સત્કાર આદર તેહનેા કરી બેસાડે છે પાસ
તેહની રૂચીની વારતાનેા કરે આપ પ્રકાશ ૧૫૩.
વારતા પુછે પ્રેમસું તે કરે પ્રમુદીત થઇ
તેમ તેમ તેહ સુણીને મુસકાયે આનંદ મઇ ૧૫૪.
તે મુસકની કરૂણા ભરી જોઇ જોઇ રીઝે ભકત
મુગ્ધની મનુહારમાં પ્રગટે તે ભાવ અવ્યકત ૧૫૫.
તે બાલક કહે તાતજી એક ખીલેાના મેાહેકું દેએા
નીજ બાલલીલાની મુરતે કહે ચાહેા તેસેા લેએા ૧૫૬.
તે ભાગ્યવાન એ સમે તે જાણી રહ્યા છે પહેલાજ
ખેલવણુા બહુ ભાંત આણી રમાવે વહેલાજ ૧૫૭.
જાણે પ્રાણપ્રભુ તેા મંગાવસે બાલક હીતે સમુદાય
તેહ સમે જો હસે નહિં તેા રખે મન સંકુચાય ૧૫૮.
તે મંગાવે મહા મેાદસું લેઇ ભકત આગલ ધરે
શ્રીકરે ગ્રહી બાલક તણા કરમાંહાં પેાતે કરે ૧૫૯.
રૂચતું માંગે તે અણાવીને અપાવે ફરી
પ્રસન્ન થાય તેમ કરે પેાતે તે કરૂણા ભરી ૧૬૦.
પ્રસાદ માંગી અણાવી અને આપે એહેાને હાથ
વીદાય કરીને એમ પુછે કેાણ છે એહેાને સાથ ૧૬૧.
ખવાસ તેહેાના બેાલી ઉઠે હમેા છું જી સંગ
ચરણારવીંદે નમી અને ઘર વલે કરે મન રંગ ૧૬૨.
દયા દાન સંગીન ધર્મ તણુ છે એ પ્રભુ ધામ
પૃથુક લીલાએ પૃથુક પુરે તે સહુના કામ ૧૬૪.
એ ઉથાપનની અનેક લીલા માંહેં અનેક પ્રકાર
તે સુચનીકા માત્રે કહું પણ થાએ નહીં વીસ્તાર ૧૬૫.
વલી કેા સમે રાજસી રાજ સભા તણા છે જેહ
કૃપા એહેાની ઈચ્છતા આવી બેઠા તેહ ૧૬૬.
તેહસું વારતા વાહાલેાજી પુછે ઘણી
દેશપતીની નીત મરયાદા સુભાવ તણી ૧૬૭.
ધર્મની આચરણની કૃત્યની પુછે વાત
દેશ દેશાંતર તણી તે કહે નાના ભાંત ૧૪૬૮.

પ્રમુદીત થઇ પોતે કહે તે સુણીને રીઝે મન
તે રાજસી મનમાં લહે આવ્યો તે આંહીંયા હું ધન્ય ૧૪૬૯।
કો સમે કોઇ વાતનો સંદેહ પુછે એહ
તેહનું સમાધાન સરવાત્મક કરે ધરી નેહ ૧૭૦।
એહ સુણી તે પ્રસન્ન થઇ કહે રાજ વીન એહ વાત
કોઇ કોઇ સમુજવે કહી હારંદ્ર એણી ભાંત ૧૭૧।
સતકાર બહુ સમાધાન કરી અને વીદાય તેહને કરે
પ્રસાદ બીડું અપાવી તેહની આરત હરે ૧૭૨।
વલી કો સમે જોતસી ત્યાંહાં બેઠા છે સભા મંઝાર
તેહસું જ્યોતીસ તણી વાતનો હોએ છે વીસ્તાર ૧૭૩।
અગમ નીગમ વરસનું ફલ શુભ અશુભ વર્તમાન
દેશકાલ પ્રકાર વલી આદાનનો જે નીદાન ૧૭૪।
ભુત ભવીષ્યની વારતા પુછે તે પ્રમુદીત થઇ
જોતસી પરમ સુજાણ તે સમુજવે કહી કહી ૧૭૪।
પ્રશ્ન પુછે તેહને તે જોઇ કહે સમુદાયે
તેહનો ભાવ પ્રભુ જાણી રહે પણ તાત્પર્ય ન જણાયે ૧૭૫।
ચતુરરાય શીરોમણી સમુજે તે સરવેના જાણ
પણ એહ એક લીલા પ્રગટ કરી પુછવાની બાણ ૧૭૬।
વલી કો સમે કો પંડીતને બેસાડી સનમુખ પાસ
ઉથાપને આનંદ મઇ કરે વારતાનો પ્રકાશ ૧૭૭।
કો સમે ટીકા શ્રી ભાગવતનો કોઇ પ્રસંગ
કહેવડાવે તેહો કને પોતે સાંભલે મન રંગ ૧૭૮।
કો સમે ન્યામીક વીધી આચાર ધર્મ સુદેશ
સાંભલે પંડીત કને પોતે તે પ્રાણ વરેશ ૧૭૯।
એકાદસી જન્માષ્ટમી નીર્ણય હીતે કો સમય
સાર સંગ્રહ ગ્રંથ અવીલોકન કરે તે ગમય ૧૮૦।
અકાલ મેહ અતી ગર્જના લોમી કંપ ઉલકાપાત
અરીષ્ટ અવની માંહે દેખીએ અભીનવ બહુ ભાંત ૧૮૧।
ત્યારે અદભુત સાગર વારાહી જોવરાવે જુગતે ત્યાંહાં
વીષય તેહના વીસદ કરી સમુજે ફલાફલ માંહે ૧૮૨।
વલી કો સમે જ્ઞાતના ભટ તીધરા માંહેંના જેહ
એહોસું વારતા વીવીધ પ્રકારની કરે તેહ ૧૮૩।
દેશની સ્વસ્થાનની પ્રાચીનની પ્રાચીન ધર્મ સમેત
વહેવાર લૌકીક તણી ભાષા માંહાં કરે કરી હેત ૧૮૪।
તેહ પણ સતકાર વાત તણો કરી કરી
પુછી વછપુછી કહે વાહાલાજીને ત્યાંહા ફરી ૧૪૮૫।

સ્વદેશની તે સુદેશ વાત કરીને રીઝે મન
તે મુખ તણુ અનુકરણ જોઈ સ્વકીયને સુખ સંપન્ન ૧૪૮૬।
જે સમાજ સુખદ સોહામણો ઉલ્લો છે આનંદ ભરી
તે પ્રેમ ભર પ્રાણેશનું દરશન કરે ફરી ફરી ૧૪૭।
તેહને ઉતમ મધ્યમ અલોકીક વાતમું હીત નહિ લેશ
કો વાતે કરીને તે પ્રસન્ન રહે પ્રાણેશ ૧૪૮।
પ્રસન્નતામું કાજ એહને જેન તેન પ્રકાર
એહ માંહાં રસ ઘણો રહે બીજો નહીં વીચાર ૧૪૯।
પ્રતીક્ષણું રહે તન વારતા ઓવારતા ગુણ રૂપ
પ્રાણ ન્યોછાવર કરે તે લહે ગોકુલ ભુપ ૧૯૦।
વાત્સલ્યતા વ્હાલાનુ વાત્સલ્ય હીત સુખ ઇચ્છતા સુખરાસ
બહુ ભાંત મહા મનોરથ ભર્યા સનમુખે ઉભા દાસ ૧૯૧।
એહ માંહે જેહને નીજ ચરણ છોહ્યાનો મનોરથ આજ
મોટે ભર્યા સનમુખે ઉભા કરી પ્રતી અંગ સાજ ૧૯૨।
વીનતી માની છે વાહાલે તે મોટ ન માએ
ભાવ એહોના હૃદયના તે વીસટ કર્યા ન જાએ ૧૯૩।
વીનતી કર્યા તણા તે પ્રકાર વીવીધ અનેક
સમય સમય તેહનો કયાંહાં લગી કહું વીવેક ૧૯૪।
નાહવાને બીજી વાર પધારતા સ્થલ એકાંત
મધ્ય સ્થલે જઈ વીનતી કરે રસ દીન ભર થઈ શાંત ૧૯૫।
નાહી બીજી વાર પધારતા મારગ માંહેાં
નામની ચીઠી શ્રીકર માંહે આપે ત્યાંહાં ૧૯૬।
ભીતર ગએ ભીતર તણા રસપાત્રસું રસે મલી
વીનતી રસ ભર કરાવે રસીક ભાવે ભલી ૧૯૭।
મધ્યાહન સેજે પોઢવા એકાંતનો લહી સમય
ત્યાંહાં કોઈ વીનતી કરાવે કરે પ્રભુજીને મન ગમય ૧૯૮।
ઉથાપને ગડુઆ મંદીરે પધારે જેણીવાર
કોએ કામાનંદની વીનતી કરે તેણીવાર ૧૯૯।
બહી સેજે વિનોદસું પોઢયા પછી સુખરાસ
વીનતી કરવાવે કરે તે આવીને અવાસ ૨૦૦।
અપર રાત્રે નીકટ કો અહીં રહયા ભાગ્યવાન
તેણે સણીની વીનતી કરી પ્રભુએ કર્યું સનમાન ૧।
કોએ ચાહ પોતા તણી સનમુખે રહી મહા ધીઠ
વીનતી વશકરણી કરે નયણને તે કરે વસીઠ ૨।
કહેને આપણી રૂચીએ રસીકવર મન માંહે ધરી ચાહ
વસીઠ વસ થઈ તેહનો મન માંહાં ધરે ઉમાહ ૩।

કેહેની વીનતી આગ્રહ સહીત કરતા તે અતી સત્કાર
ઉપજાવી આરત અને માને કરી બહુ મનુહાર ।૫૦૪।
એહવા ભેદ અનેક પ્રકારના છે કયાંહાં લગી કહેવાએ
અગાધી રસ સાગર તણી કણીકા કહી ન જાએ ।૫।
હવે વીનતી માની છે વાહાલે તે દીવસ તેહની
ઉતકંઠા આરત પ્રેમરત કહેવાયે નહીં કહેની ।૬।
પ્રાણ વલ્લભને જુએ પ્રેમદા પ્રણય ભરી ભરી
દુરી દૃષ્ટે રસીકવર નીરખે તે ફરી ફરી ।૭।
અયોગ રસ અનુભવ કરે આરત ને અતી અકુલાયે
સંજોગ રસ વાંછીતા છીણુ છીણુ ઘડી એણીપેરે જાએ ।૮।
શેષ દીવસ રહયો છે તેહ વીશેષ રૂચે ન અન્ય
મન પ્રેમે પ્રાર્થના કરે હોયે નીશી સંપન્ન ।૯।
સમય રસ સેવા તણો કયારે આવસે કરે મોદ
અભીલાખે અંતર માંહે પ્રભુ આગલ પ્રસારે ગોદ ।૧૦।
જદપી અહીં દરશન કરે સનમુખે ઉભા રહી
પણ રસ તણી આરતે સહુ લાગે છે અતી અસહી ।૧૧।
હાવ ભાવ કટાક્ષ વચન તણી સુણી માધુરી
રૂપ રસ ધારા જોઇ આરતી રહે નહીં દુરી ।૧૨।
અવસ્તા એહના નયણની સમુજે તે એહનુ મન
પણ મન તણી કહી જાએ નહીં સમુજે તે મનનું મન ।૧૩।
પ્રેમ પુરે ચકીત વીસ્મિત થઇ ભાવા રૂઢ
કો સમે દીગમુઢ ગતી હોએ અવસ્થા ગુઢ ।૧૩।
રસના વીતર્ક અનેક અભીનવ ભાંતના પ્રતીક્ષણુ
કરે છે અંતરંગ તે મન ચેન નહીં એક ક્ષણુ ।૧૩।
ભાવે રસ ભાવીત કરી મન અનુભવે સંયોગ
સાંપ્રત સનમુખ જુએ અનુભવ કરે છે અયોગ ।૧૪।
એણીપેરે અનુભવ સહીત ભર્યા ભાવે ભર્યા રસ ભરી
નાહને નીરખે નીપુણ તે નીમીસ ન્યારી કરી ।૧૫।
પ્રાણવલ્લભ પ્રણય રસ પુરીત થકા તેણીવાર
નીહાલે નૌતન રસે કરી નયણ માંહાં મનુહાર ।૧૬।
ઉભય રસના અનુભવી ઉભા છે એણે સમય
તેણે ઉભયનુ અભીનવ ચરીત્ર વીચીત્ર મન માંહાં ગમય ।૧૭।
જોઇ જોઇ રીજે અને કરે પરસપર માંહાં સાન
કહે એહ પર અંગ વારીએ આજ એ ભાગ્યવાન ।૧૮।
ભાગ્ય એહના તણો મનોરથ કરે છે મન માંહાં
એહ રસ વેધી સહુ અવગાહે એહ રસ આંહાં ।૫૧૯।

પ્રતિદિને પ્રતિનિતે પ્રતીક્ષણુ મનોરથ મન ધરે
રસીકવર એહોના મનોરથ અનેક પુરણુ કરે ।૫૨૦।
પુરૂષના પુરૂષને ભાવે સ્ત્રીના સાંપ્રત
મનોરથ હોએ છે પુરણુ લહી અને મનવૃત ।૨૧।
કોએ અંબોડાની ઢલકની લલકની કુંતલ તણી
કોએ કેશ માંહાં અરૂજી રહયા જે પ્રેમ પંથના ધણી ।૨૨।
કોએ જલકતા જે કપોલ તૃપતૃપતા જે તેજમઇ
સાદરે સનમુખ જોઇને ત્યાંહાં રહયા મન દેઇ ।૨૩।
કેહેના તીલકની રેખાએ આકર્ષણુ કર્યા છે મન
કોએ શ્યામ રેખાને નીહાલી સુધ ભુલ્યા તન ।૨૪।
કોએ વલણુ ભૂકુટીના જોઈ ભાવે ભર્યા છે ભકત
કોએ ઉચ સ્થલ અતી અમલ જોઇ અને થાએ છે અનુરકત ।૨૫।
કેહેને નાસીકા નૌતન રસીકની 'વસી રહી મન માંહેં
કોએ મુછ મનોહર જોઇ અને અટકી રહયા છે ત્યાંહેં ।૨૬।
કોએ નયણુના જે કટાક્ષ કૌતીક ભર્યા તે જોઇ જોઇ
ભાવ એહોના મન ધરી અને રહે છે મોહી ।૨૭।
કોઇ અધર કલ અવ્યકત રસ જોઇ જોઇ રીઝે ઘણુ
મન પ્રાણુ જુત અટકયા અહીં અલગા ન થાએ અણુ ।૨૮।
કોએ કર્ણકુપ અનુપ રૂપ નીહાલતા ભરી નયણુ
ચીત્રવત થઇ રહયા છે બોલે ન મુખથી વયણુ ।૨૯।
ગલ મંડલ મંડલાકારને જોઈ જોઇ
કોએ ઠોડી અવીલોકન કરી અને રહયા મોહી ।૩૦।
કોએ કર તણા તે વલણુ જોઇને અભીનવા હાવ
જકિત થકીત થઇ રહયા મહા રસ તણો બહુ ભાવ ।૩૧।
કોએ રૂદય રસીક ઉરોજ ને કોએ ઉદર નાભી સમેત
પ્રથુક પ્રથુક એક એકને નીરખે કરી નીરવીધ હેત ।૩૨।
કો માલા ગુંજા અને તુલસી તણી જે લટકતી
નીરખી તન મન વારે ત્યાંહાં કરે છે શુભ મતીય ।૩૩।
કોએ ધોતી શ્વેત સોહામણી પાટલી કાછ સુદેશ
જોઇ જોઈ મોહી રહયા એ સુખદ નીત્ય સુવેશ ।૩૪।
ઉપરેણો જે હમેલથી નાખ્યો છે લટકા ભેર
તકીયા ઉપર આવી રહયો છે શી કહું તે પેર ।૩૫।
પદમાસને બેઠા છે તે આસન નીહાલે કોએ
ચરણુ કમલ રૂદઇ દેઇને જોઇ જોઇ અને વલી જુએ ।૩૬।
કોએ વાતને રસે વીલસતા જોઈ મોહે છે આપ
કહેના વચન રસની માધુરીએ હરે છે પરીતાપ ।૫૩૭।

કોએ મુસકની જોઇ મન દ્વેઇ અને એમ રહ્યા અટકી
કોએ ગ્રીવાની લટકની જોઇ અને તે રહ્યા ઠઠકી ।૫૩૮।
કો ચાક્ષે ચકીત થયા કોએ જસ સુણી થયા મગ્ન
કોએ પ્રતાપે પુરણ થયા મહિમાએ થયા મન લગ્ન ।૩૯।
એમ પ્રથુક અંગે અગ્યયે જે અલંકૃત મહા સાર
પ્રતીએક એકને જોઈ મોહયા થાયે નહીં વીસ્તાર ।૪૦।
એહવા મોહક અંગના રૂપનુ અંગના કરે છે પાન
પ્રભુ અરસપરસ થઇને કરે છે એહનુ સનમાન ।૪૧।
જે સર્વે અંગના ભોગીયા મહા રસીક પરમ વરેશ
એકત્ર રસે રસ અનુભવે અંગ અંગ પરમ સુદેશ ।૪૨।
તેહના ભાગ્યનુ શું કહું કહેતાં ન પામું પાર
વાણીનુ સામર્થ જોતાં થાએ નહીં વીસ્તાર ।૪૩।
એક અંગે એક એક મોહી રહ્યા અનુસરી
નયણ મન અટકી રહ્યા સંચર્યા ન આવે ફરી ।૪૪।
એમ ઉથાપને અનેક રસ વીલસે છે ગોકુલ ભુપ
ત્રીવીધ ત્રીવીધ પ્રકારના ભાવતા પરમ અનુપ ।૪૫।
હવે આગલ વિષય અનેક ઉથાપન તણા બહુ ભાંત
બુધી મારીએ કરી કહેતાં ન આવે પ્રાંત ।૪૬।
આગલના માંગલ્યે એ લીલા જે માંગલ્ય રૂપ
વાધતી વીવીધ પ્રકારે કહું જે કરે ગોકુલભુપ ।૪૭।
ચરણ રજ અનુભવીની અનુસરીને મમ ભાલ
એહોની કરૂણા બલે કાંઇ કહે દાસ ગોપાલ ।૫૪૮।

ઇતીશ્રી સ્વરૂપ રસાવલી ગ્રંથનું
। માંગલ્ય ૧૧ ।
સમાપ્ત

માંગલ્ય – ૧૨

એમાં વૈશ્નવ તથા ભેદનો વિષય આવસે

જેજે જગત મંગલમઇ સ્વરૂપ જગતને મોહામણુ
જેજે આનંદ વીગ્રહ રૂપ સકલ સોહામણુ ।૧।
જેજે રસ ધનવાન કુલીન જે કુલ પાવન કર્યું
જેજે સુંદર પરમ પુનીત યવીતત્રાએ ભર્યું ।૨।
જેજે ક્ષમા દયાલ ઉદાર દાન જે અદય દાતા
જેજે રસીક શીરોમણી રાય માનીનીને મદ માતા ।૩।
જેજે કીર્તી જે વીશ્વ વીખ્યાત પ્રતાપ અતુલ રાજે
જેજે માની ડંડી શુભ રૂપ મકર ધ્વજ જેઈ લાજે ।૪।
જેજે જગતના હીતનુ સ્વરૂપ સર્વ લોકતા ભોગી
જેજે પ્રેમપાત્રે અનુકુલ નીત્ય રસ સંયોગી ।૫।
જેજે સદા પ્રસન્ન રસ રૂપ શ્રીંગાર રસે રસીયા
જેજે મનવૃત જાણુ ચતુરવર સ્વકીયને મન વસીયા ।૬।
જેજે પ્રેમના પ્રતી ઉપકાર આરત કેહની નવ સહો
જેજે સામર્થવાન વરેશ અંતરગતની લહો ।૭।
જેજે અનુપ શીલ સુભાવ ભાવ પુરીતકારી
જેજે સ્નેહ જાણુ શીરોમણી રતી આરત હારી ।૮।
જેજે રક્ષક પક્ષક પ્રતીક્ષણે ઉપકારી ભકતના
જેજે નેહી ને મેહેકના વડા સ્વરૂપ અનુરકતના ।૯।
જેજે કારણુમઇ કૃપાલ રસાલ રસે ભરીયા
જેજે પ્રેમદા ગણે પરીપુરણ પરીકરે પરવીયા ।૧૦।
જેજે અગણીત ગુણ જે અપાર પાર પામું નહીં
મારી રસનાને સામર્થ નહીં વીસદ કરૂં શું કહી ।૧૧।
જેજે ગોકુલપતી ગોકુલેશ શ્રી ગોકુલ મધ્યે બીરાજે
જેજે ઉથાપને સભા સહીત બેઠા એવા નીત રાજે ।૧૨।
ભાંતી ભાંતીના વીષય અનેક અનેક પ્રકારસું
વીલસે છે તે વીવીધ વીલાસે કહયા વીસ્તારસું ।૧૩।
વલી કહું છું અનુભવ મહેદને ચરણે તે અનુસરી
એ ચરીત્ર વીચીત્ર રસે રસનાને પોષણ કરી ।૧૪।
જેજે ભકત દેશાંતરના આવીને દરશન કરે
ભેટ ભાવતી લાવી ઉથાપને આણી આગલ ધરે ।૧૫।
વલી પત્ર પોતા તણા દેશથી લખે છે ભાવસું
તે તો પ્રાણપ્રભુજી વાંચે છે મોદે ભર્યા ચાવસું ।૧૬।

તેહને પત્ર લખે છે પ્રાણેશ પ્રણય ભરી ભરીને
તે તો ભકત વાંચે છે વીવીધ વીવસ થઇ રુદય ધરીને ૧૧૭
એમ ઉથાપને એસી લીલા કરે ભકતસું મલી અને
તે સમુલ કહું છું સંક્ષેપે એ રસ માંહે ભલી અને ૧૧૮
હવે પ્રાણ વલ્લભજી પ્રાણેશ પ્રમુદીત ભકતના
એહોને હીતે હીત ઉપકારી છે એતન જગતના ૧૧૯
પુષ્ટ ભકતને પુષ્ટ રસ આપીને રસ અનુભવ કરે
રસનો કરી નીત્ય વીસતાર ને નુતન રસ ભરે ૧૨૦
ભકતનુ જીવન ધન એહ છે ભકત રસે ભોગી
ભકત ભાગ્ય ફલોદય આપુ ભકત સુખ સુખ સંયોગી ૧૨૧
ભકતનેજ હીતે હીત માને ભકત સુખે લેખે
ભકતની સુરતી અહો રાત્ર પ્રસન્ન હોયે દેખે ૧૨૨
ભકતનેજ હેતે પ્રાગટ ભકત નીત મન વસ્યા
ભકતનેજ રસે રસવાન રહે અતી હુલસ્યા ૧૨૩
ભકતનો રસ પ્રીતે અભીલાખી સ્વતઃ આરત ભર્યા
ભકતને ધન જીવન જાણે રહે સંગ પરવર્યા ૧૨૪
ભકતના ભાવનો અંગીકાર જોવા નયણ વીકસાવે
ભકતનાજ પ્રતીઅંગ પ્રીય બીજું કાંઇ નવ ભાવે ૧૨૫
ભકતનો ઉતકર્ષ સુણીને આપ રીઝે ઘણુ
ઉતકર્ષે માને ઉતકર્ષ ગણે ન પોતાપણુ ૧૨૬
ભકતનુ નામ સુણી સનમુખ થઇ બેસે આરત ભરી
પ્રહસીત વચને પ્રમુદીત થઇ પુછે તે ફરી ફરી ૧૨૭
ભકતને અભીલાખ થતા પહેલે મનોરથ પુરે
રંચ આરતે આરતવાન થઇ આરત ચુરે ૧૨૮
ભકતને નીરોધે થયો નીરોધ નીરોધાયા રહે
એ છે અનીરવચની જે કૃપા વીન સમુજે ન કો કહે ૧૨૯
ભકતનુ નીકટ રહયું ભાવે અંતરે આરત ઘણી
ઇચ્છે પ્રતીક્ષણ કરી અભીલાખ શ્રી ગોકુલનો ધણી ૧૩૦
એ પરસપરનો રસ પ્રગટ કહયો ન જાએ કેણે
એ અમીત માધુરીને તે જાણે કર્યા અનુભવ જેણે ૧૩૧
બહુ વરણી સૃષ્ટી અનેક અનેક દેશે રહી
તેહના ભાવ ન્યામીક ન થાએ કહું શું વીસહ કરી ૧૩૨
મારે અનુભવે દ્રષ્ટ પડી છે જેણીપેરે જેહવી
તેહની છાયા મારે કાંઇ સુચન કરૂં છું તેહવી ૧૩૩
જે છે રસીક વરેશ શ્રી અંગના રસે અંગી કરીયા
તેહને પ્રગટ થયો છે પ્રમોદ સ્વતહથી ઉભટ ભરીયા ૧૩૪

એ માંહે જે સ્વપ્રગટીત સૃષ્ટી સ્વતંત્ર રસ ભરી
સ્વ સામર્થથી પ્રભુ સમાન દાન વૃષ્ટે ભરી ।૩૫।
કે૦ તો શ્રીમંગે પ્રગટી પ્રગટ જે સ્વારથી સૃષ્ટી છે
રસ કાજ પ્રગટ કરી રસીક જે પરમ અભીષ્ટ છે ।૩૬।
કે૦ તો સ્નેહ ભરીત વાત્સલ્યે પ્રીયનું સુખ ઇચ્છતી
પ્રીયને સુખે સુખ કરી માને બીજું નવ પ્રીછતી ।૩૭।
એહને સાધન ફલ પુરૂષારથ પ્રભુના સુખ માંહાં
પોતાનુ સુખ અણુ ન ઇચ્છે સુખ તે પ્રભુ સુખ ત્યાંહાં ।૩૮।
કે૦એ સાધની શ્રષ્ટી અને વલી કે૦ કૃતારથ કીધી
એહવી અનેક પ્રકારની અનેક પ્રકારે શરણે લીધી ।૩૯।
વીચરે બહુ દેશ વિદેશ વરણ સમ ભાવથી
ઇચ્છાને બલે કરે ઉપકાર જગત તણા ચાવથી ।૪૦।
એક હોએ ત્યાંહાં અનેક તે નીપજે એ દ્વારા કરી
એમ પરંપરાયેણ પ્રગટ હોએ શ્રષ્ટી રસે ભરી ।૪૧।
એહનો અનેક વીસ્તાર છે વીસદ તે કરી કયાં લગી કહું
એ અગાધીતા લખવા અશકય તે મન જાણી રહું ।૪૨।
માટે સંક્ષેપે સુચન કરૂં છું કરૂણાનુ બલ જાચી
ભગવદીઓના કૃત્ય કારણમઈ કહું કાંઇ મન રાચી ।૪૩।
એહ માંહાં નૈરૂત્ય દીશના તે નીપુણ જે નવલ રસે વર્યા
જે છે કેવલ સ્વરૂપ અનુરાગીયા સ્વરૂપ રસે ભર્યા ।૪૪।
નાલ શુધ્ધ આચારી અનુપ ભુપને જે મન વસ્યા
અતી અનન્ય ને અન્ય ન સમુજે રહે રસે હુલસ્યા ।૪૫।
મહા નેષ્ટીક પરમ સુજાણ સ્નેહ રસે પાગીયા
વાત્સલ્ય વાહાલાજીના જાણે એ અતી અનુરાગીયા ।૪૬।
શ્રી ગુંસાંઇજી પધાર્યા છ વાર જ્યાંહાં નીજ પ્રેમસું
બીજે દીશે ભગવદીને ભાવે એ પધાર્યા નેમસું ।૪૭।
જ્યાંહાં પધાર્યા પ્રાણાધાર શ્રી ગોકુલના ધણી
ગોકુલેશ ગુણે રસ પુરી ને કરી સોહામણી ।૪૮।
દ્વારકાને બીસે પધારી સહુ પાવન કીધું
રસીઆને રસે પુરણ કરી કાજ ઉભય સીધું ।૪૯।
આનંદીત થઇ આનંદ દાન કરી આનંદ પામ્યા
ઉભય રસીયા રસે પુરીત થઇને સહુ દુખ વામ્યા ।૫૦।
રહ્યા નથી જ્યાંહાં અનુસંધાન પાન રસને કરી
વ્યસનત્વે વીવસ થયા આપ ઉભય આરત હરી ।૫૧।
રાજનગર અને ખંભાત ભ્રગુકચ્છ રસ ભરી
વલી કપડવણજ આદે દેઇ શ્રષ્ટી રસે વરી ।૫૨।

પછે સુરત ને વડગામ તાપીપુર એમ થઇ
એણે મારગે પધારીને કર્યું સહુ રસ મઇ ૧૫૩।
એમ ગામ ગામે જ્યાંહાં જ્યાંહાં રહ્યા ત્યાંહાં કારજ સીધા
ભાગ્યવાને ભાગ્ય માનીને ભાવતાં બહુ કીધા ૧૫૪।
રસ બીજ વાપન કર્યું ગામ ગામે ત્યાંહાં ફરી અને
અંકુરીત પલ્લવીત કુસુમીત ને ફલ્યુ રસ ભરી અને ૧૫૫।
તે સમે ભાગ્યવતી ગુજરાત ગુજરાતનું કારજ સીધું
તે તો ગ્રંથ રસીકરસ માંહે મેં સર્વે વીસદ કીધું ૧૫૬।
એહવી ગુણ ભર એ ગુજરાત વાત એહની કરી
શ્રીમુખ થકી સમય સમય તે સહુ કેણે લહી ૧૫૭।
માલાના મામલામાં ભકત વત્સલ બોલ્યા અહીં
ગુજરાતીસો ઓર નીવારવેકું ઓર કોઉ નાહીં ૧૫૮।
તે ઉદ્દેશે વૈશ્નવને તવાનું દ્રષ્ટાંત કહ્યું કરી
આરસી વત કહયા ગુજરાતી અંતરમાં હીત ધરી ૧૫૯।
વલી કહ્યું ગુજરાતી એસે જાકો જાએ દરશન કરીએ
અરૂં મનકું દેખે સુખ પઇએ અંતર આરત હરીએ ૧૬૦।
પરદેશ તો કીયો એક વાર પે મન જાને રહીએ
એસે એસે ભગવદીકો દર્શન કીયો જો કહા કહીએ ૧૬૧।
જો ન જાતે તો રહેતો પશ્ચાતાપ એહવા જે વચન કહયા
ગુજરાતનું ભાગ્ય પ્રબલ કર્યું તે સહુએ લહયા ૧૬૨।
એહવા ગુજરાતના ભગવદીઓનું કાંઇ એક કહું હવે
આવાગમને પત્ર પરીચાર આરત ભાવ નવ નવે ૧૬૩।
જે કો મહા ભાગ્યવાન વરેશ તેણે તે સ્વતઃ થકી
આગમનથી કહ્યું છે સીદ્ધાંત ને આવ્યા સ્વરૂપ તકી ૧૬૪।
તારતમ્યે સ્વરૂપનું દાન તે સનમાને કર્યું
ભેદ બુદ્ધીએ ભવન આવી અનુસર્યા જોયું રૂપ રસ ભર્યું ૧૬૫।
જ્યાંહાં જુએ ત્યાંહાં પુરણતા અપાર પાર પામે નહીં
કો દીવસ શ્રી ગોકુલમાં રહી અનુભવ કીધો અહીં ૧૬૬।
એ સ્વરૂપ રસ ઉગ્ર પ્રતાપનુ દાન લઇને
ચાલ્યા દેશદેશે તે સ્વરૂપમાં મન દેઇને ૧૬૭।
આવ્યા ગામ ગામે જ્યાંહાં નામ વૈશ્નવ તણું સાંભલ્યુ
સુણી સનમુખ આવીયા તે સહુ એહોને મલ્યું ૧૬૮।
વારતા વાહાલાજીની પુછી ને અણપુછી જેહ
કરે ઉનમતે આયુર્ભાવસું જોઇ આવ્યા તેહ ૧૬૯।
તેણે સર્વેને થાએ નીરોધ બોધ એહનો સુણી
ઉપકાર માની નમી નમી કહે અમે તારા સહુ રૂણી ૧૭૦।

કે૦ નીરાધાયા ગોકુલ ગામ એ નામને સાંભલી
સ્વચ્છતા જમુનાજીનો પુલીન એ સુણી પ્રગટી રલી ૧૭૧૦
કે૦ વીભુત ને વૈશ્રનવ તણી તે વાત સુણીને
નીરાધાયા છે વીસ્મય થઈ રહયા શીષ ધુણીને ૧૭૨૦
કે૦ હવેલીયે૦ ખરીક ગૌશાલા ગાય અગણીત જાણી
નીરાધાઈને ધામના ભુલ્યા છે એ મન આણી ૧૭૩૦
કે૦ સમાજ સુણ્યે૦ એહ સોહાગીયે૦ બહુ વીલસી રહયે૦
નીરાધાઈ નીપુણ એણી વાતે જયારે તેણે એ કહયે૦ ૧૭૪૦
તેની ભેટ ભાવ આરત ને એમ જે રસે ભર્યા
સેવા સાંભલી થયે૦ છે નીરાધ પ્રાણ સનમુખ કર્યા ૧૭૫૦
કે૦ કીર્તી કે૦ પ્રતાપ કે૦ જસ ગુણ સુણી અભીલાખીઆ
કે૦ માહતમમાં થઈ ગયા મગ્ન નીરાધી રાખીઆ ૧૭૬૦
કે૦ તે આચાર્યજી પ્રણીત પ્રકારે કે૦ કૃત્ય કૃતારથ વાચી
કે૦ પ્રગટ પ્રસીધતા સુણી નીરાધાયા મન રાચી ૧૭૭૦
કે૦ સ્વરૂપ રસીક વરનુ સુણી અંગ અંગ માધુરી
પ્રતી રોમ રૂપ રસધાર શકયા ન ધીરજ ધરી ૧૭૮૦
લાવણ્યામૃત ચાકચક્ષ અને ચંચલતા કહી
નીરાધાયા વાત સુણી ન શકે મનમાં સહી ૧૭૯૦
વચનામૃત માધુરી રસધારની મધુ ધારા વલી
તે સુણી નીરાધાયા છે અંગઅંગસું રહયા મલી ૧૮૦૦
કે૦એ સુખ નીરવારણ અનેક ખાનપાન અભીનવા
એહવા અનેક પ્રકાર સુણી નીરાધાઇ વીવસ હવા ૧૮૧૦
એહને સંગે પરસ્પર બીજા તે એક એક મલીને
વાતને રસે રસ પ્રોજાયા માહોંમાહાં ભલીને ૧૮૨૦
એમ વૈશ્રનવ થયા જેણી પેર તે કાંઇ પેર કહું
યથા મતી અનુભવ અનુસાર જેહવું કાંઇ લહું ૧૮૩૦
કે૦ તે૦ સેહેજ વૈશ્રનવ છે સુભાવી ઈચ્છા તણા બલ થકી
કૃપાપાત્ર જગત ઉપકારી રહયા છે સ્વરૂપ લકી ૧૮૪૦
એહને સંગે પરવર્યા જે થયા તેહના કહુ દ્વાર
સંક્ષેપે કરી કહું છું પણ તેનો થાએ નહીં વીસ્તાર ૧૮૫૦
કે૦ તે૦ સંગ બલે સનમુખ થયા પ્રભુને અનુસરી
કે૦ એહોની કૃપાએ કૃતારથ થઇને આરત હરી ૧૮૬૦
કેહેને નામે હૃદયમાં પ્રવેશ કરીને કર્ષીયા
તે આકર્ષણે સનમુખ થઈને એ પદ પરસીયા ૧૮૭૦
કે૦ તે૦ સેહેજ સ્નેહ નીરહેતુક ધરીને
સાધનની સંભાવના ફલ તણે૦ સોચ હરીને ૧૮૮૦

એણે સ્નેહે થયા છે વીસ્મારક કૃત્ય નીજ કાજના
પ્રીય વાત્સલ્યે વીવસ રહે છે એહવા એ સમાજના ૧૮૯૫

એક એહ સ્વરૂપને જાણે બીજું મન માંહ્યાં ના આવે
અતી અનન્ય અન્યને ન સમુજે સ્વરૂપ બલને ભાવે ૧૯૦૫

કો મીલાપ જોઇ મન વાધ્યું અને વૈશ્નવ થયા
કો આચાર જોઈ આરત ભરીને તે શરણ ગયા ૧૯૧૫

કોએ ધર્મ નેષ્ટા વૈશ્નવતા જોઇ સદ્ય શરણે આવ્યા
કેહેને એહોના કૃત્ય આચરણ જોઇને મન ભાવ્યા ૧૯૨૫

કોએ ધાનપાન તણા સ્વાદ સુખાવહ જોઇને
કોએ ઇન્દ્રીયને સ્વાદે વીવસતા મન મોહીને ૧૯૩૫

કો વહેવારના વેધથી વસ થઇને આવી મલ્યા
કો સંગીન ધર્મ નખશીખ જોઇ એહો માંહે જઇ ભલ્યા ૧૯૪૫

કો માર્ગની ઉગ્રતાની ચર્ચામાં મન દેઇને
કો દેખાદેખીએ વૈશ્નવ થયા ભાવ લહીને ૧૯૫૫

કો વીવાદે હારીને ઉગ્ર પ્રતાપ અધીક દેખી
કો ઉદારતા ઉજવલતા ને સેવા નયણે પેખી ૧૯૬૫

કો ઉતમનું આધીક્ય અધીકારનુ જોઈ પામ્યા નામ
તેહનુ ભલું મનાવવાને અનુસર્યા થયા તેના કામ ૧૯૭૫

કો આચાર્યજી ગુસાંઇજીના ગ્રંથનો સંમત લેઇને
શ્રી ભાગવત ગીતાસું જોજન કરી ત્યાંહાં ચીત દેઇને ૧૯૮૫

ગ્રંથને મતે ભાગવત માર્ગની લહી ઉગ્રતા
ને ભજન પુરૂષોતમનું કરવું તે સમુગ્રતા ૧૯૯૫

એહવું લહીને મારગે અનુસર્યા એ સાચુ જાણી
એ સંમત જાઇને આવ્યા શરણ એહ મનમાં આણી ૨૦૦૫

કોએ નીચથી નીચ આદે દેઇ અન્ય મારગ તણો
અને એહ પ્રતાપને જાણે વીશ્વાસ એહનો ઘણો ૧૧

એહોની સ્તુતી કરે અને મારગ એ ઉતમ જાણે
તે તો સદ્ય કૃતારથ રૂપ એ મારગની કાણે ૧૨

જે જે વસ્તુ સામગ્રી જે દેશની વીનીયોગ ઇહાં આવી
જે જે કક્ષા જીવ તણી કૃત્ય પ્રભુને મન ભાવી ૧૩

ભગવદ ને ભગવદીને ભોગ થયું જે જે અહીં
દેશ સહીત તે કૃત્ય કૃતારથ હવું ત્યાંહાં સંદેહ નહીં ૧૪

બીજે મારગે એક પ્રકારે જે દ્રઢ રાખે ધર્મ
તો તે મારગનુ ફલ સીધ થાએ એહવો તેહનો મર્મ ૧૫

એકાવૃત ક્રીયા માંહે ચુકે તો પડે મારગ થકી
વલતો તેણે પોતાનુ સાધન ન શકે સાધી શકી ૨૦૧૬

આ માર્ગ તે કેવલ ફલરૂપ અનુપ છે અભીનવો
શ્રી આચાર્યજી દ્વારા જે પ્રગટ કર્યો હશે ન એવો હવો ૧૧૦૭
એણે માર્ગે સ્વાદે વીષયે ધાનપાન ને સ્વારથે
જ્ઞાને અજ્ઞાને દોષે ગુણે ને પ્રેમે પરમારથે ૧૮
દ્રોહે એદે વ્યસને કો વીવસ થઇને અહીં અનુસર્યા
તે કૃતારથ થઇ તેણે અન્યના દોષ બહુ હર્યા ૧૯
એમ જે જે દ્વારા જેમ અનુસર્યા તે શરણ લીધા
જોગ્યતા સમ ને માર્ગ બલે સહુ કૃતારથ કીધા ૧૧૦
નામ તણે ને ઉગ્ર પ્રતાપે પ્રવેશ કીધો ઘણો
વેધી અંતર સનમુખ ભાવ પ્રગટ કર્યો એહો તણો ૧૧૧
તે નીરોધે નીરોધાયા મન અન્ય સહુથી વીસર્યા
જોવા સ્વરૂપને થયા રસ મગ્ન સહુ કારજ રહ્યા એમ ધર્યા ૧૧૨
કો બાલક દ્વારા પામ્યા છે નામ આંહાં સનમુખ થઇ
આવી પ્રભુજી કને નીવેદન કર્યા અતીસય રસમઇ ૧૧૩
કોએ એમજ આરત ભર્યા આવ્યા શ્રી ગોકુલ પ્રભુ પાસ
તેહને સાંપ્રત્ય કરી સંસ્કાર સહુ પુરી આશ ૧૧૪
કેને પત્ર દ્વારા પ્રમુદીત થઇને આપ્યા નામ
કેહને સ્વપ્ન દ્વારા અનુભવે ત્યાંહાં પુર્યા કામ ૧૧૫
કોએ એમજ રહયા સનમુખ પ્રભુની આશા કરી
તેહની આરત આરત હરણે તે નીકટ ગયે હરી ૧૧૬
જે દીવસથી નામ ગુણે તે પ્રવેશ હરદયે કર્યો
તે દીવશથી મનોરથ પ્રગટ થયો આરત ભર્યો ૧૧૭
તેણે વેધે વેધાયા સમગ્ર લક્ષ પ્રભુ દીશ રહે
કયારે જઇ જોઇએ એહ સ્વરૂપ એ મન તણુ મન લહે ૧૧૮
વૈભવ અને ઘર વહેવારથી હાર માની રહે
સહુ કુટુંબીનો લઇ અનુરોધ ત્યાગ કરૂં એમ કહે ૧૧૯
સ્વાદ સુખ ને દેહ તણા ભોગ સંયોગ ન એ જાણે
વીષ વત થયા અનેક વીષય ને એ મનમાં નવ આણે ૧૨૦
જેહને વલ્લભજી વાહાલા ને વાહાલાજીસું રસ રીત
તેહોસું જ મીલાપ આલાપ ધાનપાન ને પ્રીત ૧૨૧
ધાનપાનના બહુ તારતમ્ય છે કો ન શકે લહી
પણ સુચન માત્ર કહું છું કાંઇ વીસદ કહી ૧૨૨
સમ ભાવે જોગ્યતા સમ આચાર સ્વચ્છતા સમ કોઇને
રતી આરત ને જે અનન્યતા પ્રભુસું જોઇ અને ૧૨૩
તેહસું કરે છે સખડી વહેવાર ભાવ મન આણીને
નીર્દોષતા સ્નેહ ઉદારતા મન તણી જાણીને ૧૨૪

સામગ્રી ને જલ વહેવાર એણીપેરે હોએ વલી
નીવેદન પ્રભુએ કરાવ્યું હોએ તેહો સંગ રસ ભલી ૧૧૨૫
કેણે કર્યું નથી નીવેદન ને શ્રીમુખ જોયું નથી
શ્રી ગોકુલ પણ જઈ શકયા નથી કાંઇ અનુરોધથી ૧૨૬
તેહની આતુરતા સનમુખતાએ કાજ સહુ સીધું
નીવેદનનો કર્યો ન વીચાર તેહો ઘેર જઇ લીધું ૧૨૭
તેહને મન ધર્મ ઉતમ જોઈને સનમુખતા જોઇ
રૂચી સહીત સખડી પરજંત લે છે ત્યાંહાં સહુ કોઇ ૧૨૮
એક દોષે ઘણા ગુણ તે લેઈ નાખીએ વીષ કરી
એક ગુણ જોઇ દોષ અનેક સંખ્યા ન ગીણીએ તે હીત ભરી ૧૨૯
એક ગુણ જે સ્વરૂપ સનમુખતા બીજું કાંઇ નવ લહે
તેહના દોષ અનેક ન ગીણીયે દીઠે ને સુણે કહે ૧૩૦
એક દોષ સ્વરૂપે સનમુખ નહિં ને તે માંહે ગુણ ઘણા
તો તે ગુણ સે આવે ઉપયોગ જદ્યપી બહુ તેહ તણા ૧૩૧
કેહને ઘેર સ્ત્રી કે વહુ બેટી સમર્પણ કીધું
તેહને પુરૂષે પોતે તે પ્રમાણ કરીને ઘેર લીધું ૧૩૨
પણ બીજા સહુ મન ધર્મ આચાર જોયા પાખે
તેહને હાથે સખડી કોએ લે નહીં મર્યાદા રાખે ૧૩૩
ને જે પુરૂષ જાત પોતાના માટે પોતા તણા લે ઘેર
બીજાને ઘેર સર્વે લહે ત્યાંહાં લે એહવી છે એ પેર ૧૩૪
કેહને ઘેર કો લેતા નથી અને આંહાંને મલતી પાણ
તે તો એકલા જઇ ત્યાંહાં પ્રસીધ લે સ્નેહ તણી કાણ ૧૩૫
કોએ સહુને લેવાડે છે ઘેર પોતે કહીં લે નહીં
કોએ સહુને લેવા જાએ ઘેર ને કો ન આવે અહીં ૧૩૬
કો શ્રીગોકુલ ગયા બહુવાર નીવેદન કરી આવ્યા
પ્રભુજીસું વારતા ગોષ્ટિ પ્રભુજીને મન ભાવ્યા ૧૩૭
પણ તેહોના જોઈ મન ધર્મ ત્યાંહાં કો લે નહિં
ખાનપાનના અનેક પ્રકાર વીસદ કરૂં શું કહી ૧૩૮
કોઉ જ્ઞાતે કોઉ વરણમાં વલ્લભજી વાહાલા જેહને
નીજ કુટુંબ વીમુખ જોઈ મેહેલી જઇને મલે તેહને ૧૩૯
કો પ્રસીધ્ધ પ્રગટ મલે આવી કો છાના મલે
કીર્તન કે ખાનપાન ઉછવ સમાગમે સહુ ભલે ૧૪૦
એક રસે ને પરસ્પર પ્રીત રીત રસની ઘણી
દેહ પ્રાણ સમર્પણ કરી રહે જાણે ગોકુલ ધણી ૧૪૧
પ્રીતની પરમીત નહીં એહને ન કેહને પોતાપણ
પરમારથ સહુ સોંપી રહે દોષ નહીં અણ ૧૪૨

જ્યાંહાં પ્રેમ ત્યાંહાં પ્રેમ તણી વસ્તુને સોંપી રહે
વીનયેાગે ઉલટ ભર અંગ કૃતારથ કરી લહે ।૧૪૩।
પ્રભુ સમ લહીને એ સમર્પણ કરે છે અંગનું
વીષય રહીત પ્રેમ વ્યસનત્વે શું કહું એહના સંગનું ।૧૪૪।
પ્રભુસું અનન્ય અનુવૃત તેમ અનુકૂણે લહે
એહને દીઠે સુફલ કરી માને ને મન સોંપી રહે ।૧૪૫।
જેહને મીલણે સ્વરૂપ રસ વાધે સાધે એ સ્વરૂપને
મીલી એક રસ રસભર જુએ છે સુંદર સ્વરૂપને ।૧૪૬।
એ છે સર્વસ્વ રૂપ ને હેત સ્વરૂપ લક્ષે કર્યું
જ્યારે સ્વરૂપ રસે રતી વાધી ત્યારે રહ્યું સહુ ધર્યું ।૧૪૭।
જ્ઞાન અજ્ઞાન ચૈતન્યતા ને ભુલે અનુસંધાન
એથી અધીક ઇતર રસ કેા નહીં સમ કરવા આન ।૧૪૮।
એ પરસ્પર ભગવદ ભાવ વીસદ થાએ નહીં
એ છે અનીરવચની અનુભવી લહે કહીયે તે શું કહી ।૧૪૯।
સંગને બલે સનમુખતા હેાયે સંગ સેાહાગીયેા
સંગથી હેાએ સ્વરૂપનુ દાન સંગ અનુરાગીયેા ।૧૫૦।
સુસંગે કેાઉ દેાષ ન વ્યાપે નીરદેાષ કરી રાખે
સંગ ઉતમને બલે સ્વરૂપ તણી માધુરી ચાખે ।૧૫૧।
સંગ ઉતમ કરવેા જે થકી ભાવ પુરીત થાએ
સર્વેાપર ઉતમ સાર સ્વરૂપ જાણ્યું જાએ ।૧૫૨।
જે સ્વરૂપસું લેઇ સનમુખ કરે તેહવેા સંગ કરવેા
અને નીચ ભાવીનેા હેાએ તે જાણીને પરહરવેા ।૧૫૩।
સર્વાત્મના ભાવી ભગવદીનેા સંગ મલે કહીં
તે તેા કેવલ છે ફલરૂપ સંગની પેરે સંગ નહીં ।૧૫૪।
એકઠા રહે સંગ ન થાએ સંગનુ કારણ ભીન્ન
સર્વાત્મનાએ સનમુખ થઇ ત્યાંહાં લાગે મન ।૧૫૫।
તેહના કૃત્ય આચરણ રૂચે ને વચન પર વીશ્વાસ
મન વચન કર્મે એમ કરી જાણે એથી પહેાંચસે આશ ।૧૫૬।
એણીરીતે મીલે ત્યારે સંગ ફલીત હેાયે તેહને
સાથે સત વરસે રહે પણ ફલે નહીં કેહને ।૧૫૭।
ભગવદીનેા સંગ પારસમણીથી અધીક કહીએ
તેહનુ કારણ કહું વીસદ કરી તેહ થકી લહીએ ।૧૫૮।
મણી ધાતુને કરે સુવર્ણ ભીન્નને તે નવ કરે
સંગ સુજાતી વીજાતીને અનુસરે ત્યાંહાં આરત હરે ।૧૫૯।
મણી સ્પર્સે સુવર્ણ થયું તે સુવર્ણ થકી ફરી
બીજું સુવર્ણ તેા નવ થાયે તે સુવર્ણે કરી ।૧૬૦।

ભગવદ્ગીને સંગે ભગવદ્ગી હોએ ઉતમ ઘણું । તે તો બીજાને ભગવદ્ગી કરે એહવું સામર્થ તેહ તણું ।૬૧। થાએ સુવર્ણ તે તો અચેતન મુક ને અજ્ઞાન । ભગવદ્ગીથી ભગવદ્ગી થાએ તેથી હોયે સ્વરૂપનું જ્ઞાન ।૬૨। માટે ભગવદ્ગી સંગ સર્વોપર ઉપમા એહની । પારસ આદે અનેક પ્રકારની ઘટે ન કેહેની ।૬૩। એહને ઉપમા સ્વરૂપની બીજે સ્વરૂપને એહની । પણ સ્વરૂપ થકી એ અધીક એ વાત છે નેહની ।૬૪। એહને મીલણે રૂપસેં સંગે કરી અને વારતા સાંભલી । બહુ શ્રધ્ધા અંકુર પલ્લવીત થઇ સ્વરૂપ રસે ફલી ।૬૫। મલીમલી અને કરે એ વાત વાહાલાજીને જઈ જોઇએ । હવે ક્ષણ અસહી હોએ છે વૃથા દીન કેમ ખોઇએ ।૬૬। સ્ત્રી તે પુરૂષને કરે પ્રણીપતી આપણ શું બેસી રહયા । સીધ થાઓ શ્રી ગોકુલ જઇએ એહ વચન એહવા બહુ કહયા ।૬૭। પુરૂષે તે પરસ્પર મીલતી પાણે મલીને । ચાલો જઇએ કહે હવે શું રહયા સાંભલીને ।૬૮। પુરૂષોતમનુ થયું પ્રાગટય લોભી તલે અલીનવું । હવે ભાગ્ય ફલ્યા છે હમારા હમો વેગા જાવું ।૬૯। જેણે રસે જેહના મન નીરોધાયા તેહના મન ત્યાંહાં રમે । તેહનો ઉદ્યમ કરે અનેક બીજું કંઇ નવ ગમે ।૭૦। જેહના સીથીલ ભાવ તેહને ભાવે પ્રોજીને સીધ કરે । જે કોઇ ચાલ્યાની વાત કરે ત્યાંહાં અતી ઉલટ ભરે ।૭૧। કેને દ્રવ્યનું સૌકર્ય નહિં અને ઘણુ ઉકતાએ તેહને સૌકર્ય કરી આપે ને તે સાથે થાએ ।૭૨। કેહને ઘર તણુ અસૌકર્ય જાવાનું સામર્થ નહિં । પરીતાપ અસહી થયો અંગ આરત ન જાએ સહી ।૭૩। તેહને સ્વપન્નમાં દર્શન દેઇ કહ્યું ચીંતા તું મતી કરે । તુમ આવેંગે વેગ એ સાંભલી ચીંતા તે પરહરે ।૭૪। પછે સર્વે હોયે સૌકર્ય અને સહુ બની આવે । ચાલવું તે અચાનક થાએ વાહાલાજીને મન ભાવે ।૭૫। કેને આગમ દર્શન દેઇ સહુ પ્રગટ દેખાડીઉં । અનુભવે અનુભવ કરાવીને સુખ તે પમાડીઉં ।૭૬। કેણે વહેવારને અનુરોધે અવાતું નથી આહીં । ચાલવાનો ઉદ્યમ કરે બહુ અને ચેન પડે નહીં ।૭૭। પ્રતીષ્ઠીત મહા મહીમાવાન કુટુંબ બહુના ધણી । સહુ મહેલી ઉઠી ન અવાએ આરત મનમાં ઘણી ।૭૮। તેણે વીનતી લખી મહાપ્રભુને દીનતા કરી કરી । રાજ હું તો પડયો છું અહીં કીચમાં કાઢીયે કર ધરી ।૭૯। રાજની સહાએ કરીને અમો દર્શન કરસું । રાજની સુરત કીધે થકી સહુ આરત હરસું ।૮૦। એહવી અનેક પ્રકારે કરી અને લખી છે વીનતી । પોતાની અશકયતા અનેક લખી તેમાં દીનથી ।૮૧। તે વાંચી જ્યારે પ્રાણ આધારની આગલ જલધરે । તે સાંભલીને મીલણ રસીક એણી પેરે ઉચરે ।૮૨। હમારે તો વીલંબ નાહીં નેક તુમારે વીલંબ હે । અધીકારીને કહ્યું લીખ વેગ એ શ્રીમુખથી કહે ।૮૩। એ પત્ર પોહોંચ્યા પહેલાં સહુ વીરોધ કર્યા દુર । દર્શન કર્યા વેગા આવી અને આરત કરી ચુર ।૮૪। કેણે વીનંતી ગીત પ્રબંધમાં આરત ભરી । માંહે પોતાના ભાવ વીસ્તાર સહીત નીરૂપણ કરી ।૮૫। અતી આરંદ્ર ઉર ભરી વચન ગ્રંથીત કીધા । એહવે સાથ સુજતીનો આવ્યો તેણે માની લીધા ।૮૬। તેણે શીખી કહ્યું અમો ગાસું વાહાલાજીની આગલે । એણે કહ્યું એ કરો ઉપકાર તો ભાગ્ય અમારા ફલે ।૮૭। પછે પ્રભુજી એકાંત સ્થલે

હતાં ત્યાંહાં બેસીને । ગાઇ વીનતી પરમ પ્રસન્ન હુલસીને ।૮૮। તે સુણી પ્રાણપ્રભુજી પ્રસન્ન થયા ઘણુ । પધારી બહાર અને પુછીયુ નામ તેહ તણુ ।૮૯। ત્યારે ભગવાને કહયું નામ તે નામને સાંભલી । મનમાં સોચી રહયા ક્ષણુ એક ભાવમાં મલી ।૯૦। તેણે સોચે સુચનીકા કરી અને આકર્ષણ કર્યું । વિનતી દ્વારા આરત સાંભલી કારજ સહુ સર્યું ।૯૧। તેહના વ્યાસંગ અનેક પ્રકારના સર્વ દુર કીધા । ત્યાંહાંથી તેડી કરૂણા ભરીને સદ્ય નીકટ લીધા ।૯૨। અનુરોધ અનેક આવસ્યક ને ઘરના કાજ । વહેવાર પ્રત્ય ઘર ભોમી અને સમૃધી સાજ ।૯૩। બહુ કુટુંબ કાણ પરીવારનો ત્યાગ કરીને । મહાતમ મહીમા મરીયાદાનો સોચ હરીને ।૯૪। જેણીપેરે જેણે જેમ જવાય તે તેમ કરીને આવ્યા । જુએ શ્રીમુખ સૌકર્જ થયા ફરી સર્વને મન ભાવ્યા ।૯૫। એણીભાંતે અનેક પ્રકાર છે તે કયાંહાં લગી કહીયે । ભકતની આરત પ્રભુની કૃપા અનુભવથી લહીએ ।૯૬। વસ્ત્ર વાહન દ્રવ્યના સાજમાં સહુ તત્પર રહે । અનુભવી મારગનાને પુછે શું શું જોઇએ એમ કહે ।૯૭। જે તે કહે તેમ કરે છે સીધ્ધ પ્રસીધ કરીને । કો કો છાના કરે છે સાજ ચરણે ચીત ધરીને ।૯૮। કોએ ભેટ ભાવતી બહુ ભાંત્યની પ્રભુ ઉપયોગતી । દ્રવ્ય વસ્ત્ર ભુષણ ઉપહાર ને વસ્તુ જે ભોગની ।૯૯। પ્રભુને જે આવે ઉપભોગ જે ઉપર રૂચી ઘણી । તેહના ઉદ્યમ કરે અનેક આરત કરી તેહ તણી ।૨૦૦। સુખાવહ શું શું હોએ ને ભોગ શું શું આવે । દ્રવ્યે ઉપક્રમે કરી કરી તેહને સાથે લેઇ આવે ।૧। કેણે પોતાના અંગના સાજ અંગ વીનીયોગને । વસ્ત્ર ભુષણ સૌરભ ભાવતા પ્રભુ ઉપયોગને ।૨। તેણે ગુઢ ભાવે ગુઢ મનોરથે કરી સાથે રાખ્યા । રસીકે રસ ભાવ અનેક તે મનમાં અભીલાખ્યા ।૩। સાથે સેવાના સૌકર્જ કાજ સામગ્રી તે સીધ્ધ કરી । પાક મીઠાઇ જેહવી રીત તેહવી લઇ ભરી ।૪। ઉભા કરંડીયા ડાંડી સમાન જે છત્રીયે જઇ પરસે । તે ભર્યા પકવાને સંપુર્ણ જોઇ જોઇ મન તરસે ।૫। વસ્ત્ર દોહોરે મઢયા મજબુત ત્યાંહાં તાલા કુંચી । જેહને જોગ્યતા તેહજ ઉઘાડે બીજા ન શકે પહોંચી ।૬। વસ્ત્ર માત્રના ગાદલા કરીને રાખે બીછાવણે । પાત્ર સર્વે ઢાલરે ભરી નીચા બાંધે દામણે ।૭। તેમાં ચકલો વેલણ ને સંધાણા રસોઈ તણા સાજ । વલી લોઢીયા ને જે તવેથા તે પુરીને કાજ ।૮। વાહેણીની નીચે જે ભંડારીયા દ્રવ્ય ત્યાંહાં ઘરે । ઘરેણા વલી ગંભીર સાજ તે લેઇ એમાં ભરે ।૯। આવસ્યકના વસ્ત્ર જે મારગના તેહનો તકીયો કરે । સીધા પઠવણી વસ્ત્ર સાંગીને આધારે લેઇ ભરે ।૧૦। ખોલા ટાટના જમણી ડાબી દીશાએ લેઇ બાંધ્યા જેહ । તેમાં ખાસા ગડુઆ ખરચુ અને પનહી રાખે તેહ ।૧૧। શીત ગરમી વરષા તણા જતન મારગ હીત કરી રાખ્યા । વારકસ ને સૌકર્જ લીધું સહુ બાકી એમજ નાખ્યા ।૧૨। એમ સાજ સંકેલી પ્રવીન પ્રવીણતાએ ધરે । બાકી ખાલી વાહેણી બેસવા રહે એણીપેરે સીધ કરે ।૧૩। કેણે વૈશ્નવ મલતી પાણના લીધું કાંઇ તેહો કાજ । ગુજરાતથી આવે સામગ્રી જે જે ઉતમ સાજ ।૧૪। એમ રથ વાહેણી સુખ-પાલ ગાડીઓ કેણે કરી । કેણે ઘોડાનો કીધો છે સાજ સામર્થ મનમાં ધરી ।૨૧૫।

કો તો એમજ પાલા પરવરસે પ્રમુદીત થઇને । વીતને અનુસારે સામાન કુંટુંબ સહુ લહીને ।૨૧૬। કો એકાકી એમજ થયા સીધ મહાનીધીને નીરખવા । આનંદીત અતી ઉછાહે ભાવ પ્રગટ કરી નવનવા ।૧૭। કોએ સનમુખ થયા શ્રીમુખ દીશા પણ ઘરનો દોષ । ગુરૂજન ભરથાર સહીત એહોપર આણે રોષ ।૧૮। માલા માદળીયામાં રાખે રખે ઘરના દેખે । બીજાને તે ધન્ય કરી માને પોતાને નીકુષ્ટ લેખે ।૧૯। દુરથી કહીં વૈષ્નવને જુએ તો મન સુખ પામે । મન સહીત નમન દુરી દ્રષ્ટે કરીને શીષ નામે ।૨૦। ભરી આવે નયણ વયણે તો કહી શકે નહીં । એહવી ગોપ્ય અવસ્થાને ભોગવે ગુરૂજનમાં રહી ।૨૧। તેહના ભાવ ભગવદી સરાહે ઉમાહે ભરીને । પ્રભુને કહે સાર કરો એહની કરૂણા કરીને ।૨૨। કોએ ગોપ્યથી ગોપ્ય જે બાહાજ્ય ન કો લહે । મનનુ મન એ જાણી રહે પણ કેને નવ કહે ।૨૩। એવા છાના પાત્ર તણી પાત્રતા પ્રાણ પ્રભુ જાણે । પોતાને। રસ ગોપ્ય જણાવી તે રસે નીજ રસ સાણે ।૨૪। એહવા સીધ થયા છે અનેક જેહને જેમ બની આવ્યુ । તેહને પ્રાણ પ્રભુની સહાએ થયું સહુ મન ભાવ્યું ।૨૫। તે ચાલ્યાને તત્પર થયા સાજ તે આપાપણા કરી । પ્રેમાનંદે પુરીત પ્રહસીત થઈને ઉચટ ભરી ।૨૬। કોઇ રાજનગર દીશથી પેંડે ગુજરાતને । કોઇ સુરત દીશના તાપીપુર થઈ આવે ઘરી મને ।૨૭। મુહુરત લીધુ છે મુદેશ દેશ થકી ચાલવા । શ્રી ગોકુલ જઇને વાડાલાજીની આગલ મહાલવા ।૨૮। એક પત્ર લખ્યો અધીકારીને સહુએ ત્યાંહાં થકી । નામ ગામ લખ્યા સહુ આવું છું અમો આંહાં થકી ।૨૯। અમુક દીવસે અમો ચાલ્યા છું સાથ સહુ મલી । પ્રભુને વીનતી કરી કહેજો પોહોચે અમારી મન રલી ।૩૦। ભાગ્યે ઉદીત કર્યો છે અમારો આવી દર્શન કરસું । પ્રાણપ્રભુનુ શ્રીમુખ જોઇને સહુ આરત હરસું ।૩૧। એમ લખી પત્ર બહુ ભાંતે વીવેક કરીને । કર્યા ભાવ નીરૂપણ તે માંહે આરત ભરીને ।૩૨। તે ચલાવ્યા ચતુરવર ધામ કામ પુરણ કરવા । પછે ત્યાંહાંથી કર્યું તે પ્રયાણ પ્રાણ આરત હરવા ।૩૩। કો કરે છે વીદાએ તે કરમાં શ્રીફલ આપીને । આલીંગને દેઇ નમી નમીને શીષને ચરણે સ્થાપીને ।૩૪। પહેરામણી પઠવે પ્રાણનાથને લેઇ આગલ ધરજો । દંડવત કરી વીનય સહીત હમારી વીનતી કરજો ।૩૫। કહેતામાં આરંદ્ર થઈને ઉર ભરી આવે । રૂદયારૂઢ થયું સ્વરૂપ અન્ય કાંઇ નવ ભાવે ।૩૬। અનુસંધાન રહીતે આરત અંગ અંગ અધીક વ્યાપી । લોકભય ને ગુરૂજનની લજ્યા સાંકલ કાપી ।૩૭। કોએ સહેજ ઉભા ચીત્ર વત થઇને આંસુ ઢાલે । કોએ ટગર ટગર જોઇ જોઇ રહ્યા અંગ તે નવ ચાલે ।૩૮। કો ઉસાંસ મેહેલી કહે ભાગ્ય ફલ્યા છે તમારડાં । તમો શ્રીમુખ નીરખસો ધીક અંગ અમારડાં ।૩૯। કો કહે હમારા નમન કરી કરી દંડવત કરજો । અમને તો ઓલખસે નહીં તમો ચીતમા ધરજો ।૪૦। તમારીજ સુરતી કીધે થકી મારૂં ઉતમ થાસે । તમારી સુરતે દર્શન થસે એ મારે મન વસે ।૪૧। ચાલનહાર કહે જે તમો ચીંતા શાને કરો । શોભાજીનો વીર તે પીડ સહે નહીં ધીરજ ધરો ।૪૨। કાલ આવીને શ્રીમુખ નીરખસો તમો વેગા કરી । વલી ઉભય વચન આરત ભર્યા કહે છે તે ફરી ફરી

।૨૪૩। પછે તીલક કુમ કુમ તણા કરીને ચોખા ચોડયા ભાલ । કરમાં શ્રીફલ બીડાં આપીને પહેરાવે છે માલ ।૪૪। એણીભાંતે નમન પરસપર કરી અંગ ભેટીને । લપટાઇને અંગ લાગી રહે લાજ મેટીને ।૪૫। દુર લગી વળાવવાને આવે વાલ્યા કોઈ ન વલે । એ નમન કરી કહે હવે રહોને પાછે પગલે પલે ।૪૬। પછે કેમ કરી ઉભા રહયા દીગમુઢ થઇને । સાથ સર્વ શ્રીમુખ સનમુખ થયો તે નયણમાં લેઇને ।૪૭। ફરી ફરીને નમન કરે ભોમી શીષ પરસી અને । આરતે ભર્યા અતી અકુલાઇ નયણ રહયા વરસી અને ।૪૮। ભાગ્યવાન સોહાગીયો સાથ જુએ છે તે ફરી ફરી । ઘર દીશ વલ્યા હાથ ઉંચા કરી કહે સેને કરી ।૪૯। જ્યાંહાં લગી પડે છે તે દ્રષ્ટ સાથ સહુ ચાલતા । ત્યાંહાં લગી જુએ એક ટક ત્યાંહાંથી નથી હાલતા ।૫૦। જ્યારે દ્રષ્ટી પંથે પડતા રહયા ત્યારે સહુ વલ્યા । એક રસ એક ભાવાપન્ન થઇને એ મલ્યા ।૫૧। પોતાની કનીષ્ટતા ને તેહોની ઉતકૃષ્ટતા । ભાવ તેહોના પ્રબલ સરાહતા કરી પુષ્ટતા ।૫૨। એમ ઘેર આવ્યા સહુ ભકત વલાવીને સાથને । રૂદયારૂઢ એ રસમઈ થઇ પ્રારથે નાથને ।૫૩। કો કો ભકત વલાવાને મજલ એક આવ્યા સંગ । ખાનપાન રાત્રી રહયા એકઠા મનસા થઈ પંગ ।૫૪। એહ ભાવને આયુર્ભાવથી કો સાથે થયા । સોંજ પાત્ર વસ્ત્ર ઘેર વણ કહે ઉઠી એમજ ગયા ।૫૫। બીજા રહયા તે ત્યાંથી વલાવીને પાછા ફર્યા । સાથે ચાલ્યા તે પરમ સોહાગીયા અતી ઉલટ ભર્યા ।૫૬। હવે ચાલ્યો છે સાથ સોહાગીયો મજલ મજલ માંહાં । અતી આનંદના હોએ રોલ જ્યાંહાં ઉતરે ત્યાંહાં ।૫૭। જ્યાંહાં સુત્ર હોએ ત્યાંહાં રાતનો ભાગ લેઇ ચાલે । કાંઇ દીન ચઢે જલ સ્થલ હોએ ત્યાંહાંથી તે નવ હાલે ।૫૮। ત્યાંહાં દેહ કૃત કરી દંતધાવન કો નાહે વલી । જેહને સાથે સેવા છે તે સેવા કરે થઈ મન રલી ।૫૯ પછે ભોગ સમર્પી પરસ્પર જેહને જેહ હોએ તે તો આપે એક એકને મલી અને લે છે તે સહુ કોઇ ।૬૦। એ વાત્સલ્ય ને એ વ્હાલ આપ્યા તણા ભાવ શા શા કહું । મારી બુધ્ધી પ્રમાણે વીચારતા પાર હું નવ લહું ।૬૧। પછે વેગા વેગા થઇ ચાલ્યા મજલ જાવું જાણીને । રસોઇને થાસે અવેર એહવુ મનમાં આણીને ।૬૨। હવે મારગે ચાલ્યા જાએ છે સહુ એકત્ર થઇને । કો લેતા ચાલે છે તે સામગ્રી કો રહ્યા લેઇને ।૬૩। કોએ વાત તણે મદે માતા રાતા રસે પ્રભુને । થોક થોકે પુરીત ભાવે ચાલે છે રીઝી રીઝી મને ।૬૪। કોએ વાહાણી બેઠા તે વાત કરે વાહાલા તણી । તેહ સંભાલતા ચાલે સહુ ભીડ થાયે ઘણી ।૬૫। વાહાલાજીસું મનોરથ ને વલી સેવા તણી વાત । કૃત ચરીત્ર પ્રતાપ મહાતમ ને કૃપાની નાના ભાંત ।૬૬। વીપ્રયોગ વીરહ તણા શ્લોક દુહા કહેતા આવે । અણ ઉછિષ્ઠ ભાવ રસાલ સહુ કેહને મન ભાવે ।૬૭। કો વાહન થકી ઉતરી ચાલે છે વાત તણે રસે । શ્રમ ચાલ્યા તણો નવ જાણે તે વાતને રસ વસે ।૬૮। કો થાકયાને બેસાડે છે વાહને આપ પાલા થઇ । તે ઉતરવા ન દે તો પોતે પણ બેસે તેને લેઇ ।૬૯ કો ઉતરી બીજાને બેસાડે સમ તે દેઈ દેઇ । કો ધાઈ આગલ જઇ થાકયા આવે છે લેઇ ।૨૭૦। કોએ સંકોચ મન તણા ધણી પાલા આગલ ચાલે । જાણે રખે કોઇ

વાહેણી બેસાડવા આવી જાલે ।૨૭૧। ગરમીમાં કોઇ ડબુઆ લેઇને ચાલે ભરી ભરી। ભગવદી તૃષારતને જલ આપે ફરી ફરી ।૭૨। કોઇએ શીતલ ભોગ કરી કરી રાખે પાસ। અ મલ્યા બેલચી ચીનેકબાબ શીતલ હીત સુબવાસ ।૭૩। કોએ અરગજા ગુલાબ ઉતમ રસ સેવાને હીત રાખે। વીનીયોગ કશવી કરાવી પ્રસાદી સ્વાદ ચાખે ।૭૪। કો પંખાના પવન પ્રમુદીત થઇ વાહેણીમાં કરે। કોએ પંખા કરે છે પરસ્પર સેદ ઉભય હરે ।૭૫। શીતકાલ ચોમાસાની રીતુમાં કરે છે રીતુ જેહવું। તેહના જતન મારગના અનેક સુખાવહ હોએ તેહવું ।૭૬। કોએ નીકટ મજલ આવે સાજ રસોઇના લે સાથ। ઉતર્યા પછી વાર ન લાગે કરી લે હાથોહાથ ।૭૭। જલાસય કુવા કે તલાવ કે નદી હોએ જ્યાંહાં। સ્થલ ઉતમ સ્વચ્છ જોઇ અને જઇ ઉતરે ત્યાંહાં ।૭૮। છાહયાંને સ્થલે સીખડી હોએ તાંહાં રસોઇ કરે નહિં। છાયાં ન હોઇ ત્યાં ઉતરીને રસોઇ કરે અલગી ઠહી ।૭૯। મલતી પાણે વેગા વેગા મલીને કરે પાક। કો રોટી ખીચડી કો દાલ ભાત શાક ।૮૦। કો એકાકી થાકયા ને અવેરથી કરી શકે નહી। તેહને લેવા તેડે કો ગ્રહસ્થી તે હીત મનમાં લહી ।૮૧। કેહેને શાક બાહેરથી થયા છે ને નથી થયા કેહને। તે પરસપર પ્રમુદીત થઇને વહેચી આપે તેહને ।૮૨। બહુ જુગતે સેવાને સમર્પી પ્રસાદ લે છે સહુ। તેહની વીગત કયાંહાં લગી કહીએ છે તે ભાંત બહુ ।૮૩। કો આગલ કો પાછલ થઇ વેગ પોંહોંચ્યા તે કરી સાજ। કો પોહોંચીને પોહોંચ્યા નવ હોયે તેહના કરે કાજ ।૮૪। એમ પોંહોંચી પરસ્પર સીધ થઇ આવે નીકટ ગામ। મંડલી કરી બાહેર ઉતરે જોઇ ઉતમ ઠામ ।૮૫। ફીરતી કરે છે પધારી ભોમ્ય જોઇને। વલી વાહેણી ઉપર સાજ સુવાના છે કોઇને ।૮૬। ઠામ ઠામ બેઠા કો ગાએ ઘોલ કીર્તન કરે। કોએ ચર્ચા ચતુરવરની કરીને આરત હરે ।૮૭। કોએ મીલતી પાણે બેસે નીકટ અતી આવી। વારતા તે કરે છે અનેક પરસ્પર મન ભાવી ।૮૮। કો કવીત શ્લોક શુભ ઉચરે અનેક પ્રકારસું। કોએ પદ તણી ચર્ચા કે ગ્રંથની કરે વીસ્તારસું ।૮૯। પછે પરસ્પરે કહે થાકયા છું ને ઉઠવું પ્રાત। હવે સેન કરો તો ભલું છે ઘણી ગઇ રાત ।૯૦। પછે ઉઠીને સહુ કો સુએ આપાપણે ઠામ। લેઇ લેઇ અને પ્રાણાધાર પ્રભુજીનું નામ ।૯૧। કોએ ચહુંદીશ ચોકી કરે છે ચોંપ કરીને। ભગવદી ભાગ્યવાન પુરા સુરા પ્રેમે ભરીને ।૯૩। ફીરતા જે સુવે તેમાં બોસરા બોસરી એક જગે। એક ફીરતા રહે તેહને જોઇ જોઇ સર્વેને દુખ લાગે ।૯૩। એણીપેરે કુશલે વીતે રયણી ઇચ્છા તણા બલ થકી। વાંકી દ્રષ્ટે તે કોણ શકે એહો સામુ જોઇ શકી ।૯૪। એહની દ્રીષ્ટે ણીન્દને કુશલ હોએ જેહો પર એ ઢલે। અલૌકીક ને લોકીક તેહનું સીધ થઇ મહા ભાગ ફલે ।૯૫। તો એહોના કુશલનું શું કહીએ એ તો છે કુશલ રૂપ। એહને માથે કુશલનો સમુહ છે ગોકુલ ભુપ ।૯૬। હવે પ્રાત પહેલા સહુ ઉઠી ઉઠીને સીધ થયા। વાહેણી બેલ જોડી જોડીને આગલ રહ્યા ।૯૭। ત્યાંહાંથી ચાલ્યો છે સાથ સોહાગી પ્રથમ જેમ કહી આવ્યા। કો વાહને કો પાલા તે પ્રમોદસું ચાલ્યા છે મન

ભાવ્યા ।૨૯૮। કો પાલા છે ભગવદી ભાવે ભર્યા સ્ત્રી પુરૂષ રંગ । વલી સગા સ્ત્રીજન હોએ સાથે સેવા લરીકા સંગ ।૯૯। કોઈને શીષ સુભગ પીટારી સેવા તણી લેઇ ચાલે। કેહને માથે નીપટ લરીકા તેનો ટોકરો લેઇ મહાલે ।૩૦૦। એક પુરૂષે પાછલ તે પછેડીયે છોરૂ ઘાલી લીધું । એક કુંપીમાં ઘૃત ને કસેડી બાંધી સીધુ લીધું ।૧। સાથે ખરચ રૂપીયા બે ચાર લીધા કેમ કેમ કરી । એણે સામાને દર્શન કાજ આવે છે ઉલટ ભરી ।૨। ત્યાંહાં જઈ માસ એક દોઢ રહી શ્રીમુખ જોઇ । વલી ફરી જાએ ફરી આવે એહવા છે તે કોઇ કોઇ ।૩। તેહો પણ એહો સંગ બહુ આવે છે એકત્ર થઇ । એમ મજલ મજલ ચાલે છે તે સહુ કોઈ સુખમઇ ।૪। કયારે મારગે વરસે મેહ મહાઝાડ કરીને । કયારે આગલ ને કયારે પાછલ ફરી ફરીને ।૫। પણ એહોને સ્પર્સ નહીં થાએ મધ્ય ચાલ્યા આવે । ઉપકાર માને પ્રભુનો અસંભવીત મન ભાવે ।૬। વલી વીડવર હોએ અનેક અહીં મારગ માંહેં । દુષ્ટ બુધ્ધે દુષ્ટ તણા સ્વાર આવીને ઘેરે ત્યાંહેં ।૭। તેથી વ્યાકુલ થાએ છે ધીરજ કેની નવ રહે । પોતાનુ તો સામર્થ ન રંચ હવે કેને કહે ।૮। ત્યાંહાં નીલે ઘોડે અસવાર એક દીઠો તેણે । માહા સુર જોઇને નાહાઠા ધીરજ ન રાખ્યું કેણે ।૯। આતો આશ્ચર્ય થયું કેમ નાઠા એ વીણ મારે કેહને । એતો દુષ્ટ બુધ્ધે આવ્યા હતા ને શું થયું એહને ।૧૦। પછે તેહોને કહેથી જાણ્યું જે એક દીઠો સવાર । નીલે ઘોડે ખડગ કરમાં ને કરતો માર ।૧૧। એ અનીષ્ટ હરણ રક્ષક પક્ષક પરમાનંદ। ને વીઘ્ન વીધવંસક સ્વતહથી અતી આનંદ કંદ ।૧૨। એ કારણ ભગવદીએ લહીને કો આશ્ચર્ય પામ્યા । કો સૌભાગ્ય મદે પુરીત થઇને સહુ દુખ વામ્યા ।૧૩। કોએ ઉભય ઉભયથી નિર્ભય થયા કહે હવે સો સોચ । એણીભાંતે રક્ષા કરે આપ સો કરીએ સોચ પોચ ।૧૪। કોતો મનમાંહાં પામ્યા ઘણુ ખેદ ભેદ હીતના લહી । પ્રભુએ શ્રમ કર્યો હમ કાજ વચન એહવું કહી ।૧૫। પછતાયા ઘણુ મનમાંહાં કહે હવે આજથી । વોલાવીયા વીના બાહેર ન આવવું આવસું કરી સાજથી ।૧૬। શ્રમ અસહી થયો પ્રભુજીનો એહોના મનમાંહાં। પસ્તાઈ નયણ ભરી આવે કહે છુટસું કયાંહાં ।૧૭। એહવા ભાવ અનેક પ્રકારના પ્રગટ હોએ એહને । જેહવું પાત્ર ને જેહવું વરણ પ્રભુનું તેહવા તેહને ।૧૮। એણીભાંતે મારગમાં કોએ સમે કોણ ભાંતે । એ સ્વકીયને હીત ઉપકાર કરે છે નેહ નાતે ।૧૯। કો સમે કોએ ભાંતે કરી અને કો સમે એમ રક્ષા કરે। કો સમે અનુભાવે અંતરગતની આરત હરે ।૨૦। મારગ માંહેં ઉછવ કરે છે પરસ્પર મલી અને । કોઉ ઓછવનું નીમીત્ય કે કો ઉછાહા શુભ સાંભલી અને ।૨૧। કો સનમુખ થયા છે સ્વરૂપને એહ સાધન જોઇ । તેહને લોટી આપે છે પ્રસન્ન થઈ અને સહુ કોઇ ।૨૨। કેહને સામગ્રીનો વેહેવાર કરે છે મારગ માંહાં। કેહેને સીખડીનું કહે છે અમો જઈ કરસું ત્યાંહાં ।૨૩। જેહ ગામ માંહાં આવી ઉતરે ત્યાંહાં જે વૈશ્નવ હોએ । તે તો સામાં આવીને સેવા કરે એહોની સહુ કોએ ।૩૨૪। તેહો માંહેથી કો કો ચાલે છે એહોને સાથે થઇ । આ તો પરમ

પ્રસન્ન થઈને ચાલે સાથે લેઇ ।૩૨પા એમ ચાલ્યા આવે સહુ ભકત અંતર આરત ધરી । કયારે નીરખસું પ્રાણાધારને અતી ઉલટ ભરી ।૨૬। કયારે વૈશ્નવ સાથ સુખદ શ્રીગોકુલથી આવે । મારગ માંહાં અચાનક જોઇ અને અતીસય મન ભાવે ।૨૭। જોઇ સાંભલી નામ પરસ્પર સનમુખ થઈ ધાયા । દંડવત કરી ભેટયા ભાવ ભર કુલ્લી અંગ ન માયા ।૨૮। આપાપણા વાહનથી સહુ ઉતરી ઉતરી । કરી નમન આરંદ્ર થઇ મલે છે ભુજ ભરી ।૨૯। વલી કુશલ વારતા પ્રાણેશની પુછે છે ફરી ફરી । તે તો કહે છે અનેક પ્રકારની સર્વ વીસદ કરી ।૩૦। ત્યાંહાં બીછાવણે કરી અને બેસે સહુ એકત્ર થેઇ । આપાપણે સ્થલથી પ્રસાદ ને માલા આવે લેઇ ।૩૧। તે પ્રસાદ સહુને વેહેંચી આપે એકત્ર કરી । કેા ન્યારેા કરી પ્રથુક પેાતે વહેંચે ઉલટ ભરી ।૩૨। કેાએ માલા પ્રથુક પહેરાવે કેા ચરણામૃત લાવે । અધરામૃત આપે અધીક રસે સર્વને મન ભાવે ।૩૩। કેણે પઠવણી પઠવી જે હેાયે તે આપે એહને આંહીં । એ તેા શીષ ચઢાવીને લેલે વચન એહવા કહી ।૩૪। તેહની સુરતે અમેા ચાલ્યા છું તેહેાની કૃપા થકી । તે જો સુરતી ન કરે તેા અમેા કેમ શકીએ ચાલી શકી ।૩૫। એમ ઉપકાર માની પઠવણી લીધી માથે ધરી । અતી આરંદ્ર થઇ કરે દંડવત તેહેાને ફરી ફરી ।૩૬। એમ માલા પ્રસાદ પઠવણી ને પત્ર આપી રહ્યા । મુખ વચને શ્રીગેાકુલના સમાચાર સહુ કહ્યા ।૩૭। કેા સ્વરૂપ રસીક છે એ કેવલ સ્વરૂપના અનુભવી । તે સમાચાર પુછે શ્રી અંગના એહેાને પ્રીછવી ।૩૮। કયારે ઉઠે છે અને નાહે છે કયારે કેાણ કેાણ સેવા માહા નીકટ ત્યાં હેાએ છે ત્યારે ।૩૯। બીજીવાર કયારે બાહાર પધારે છે ને ત્યાંહાં વીલંબ કહેવેા । ફરી નાહે છે કે અપરસ પધારે છે કહેા તેહવેા ।૪૦। શું શું ઓસઢ લે સવારે તે હમને કહેા । ને ચટાઇ બેઠા સુંઠ મીસરી લે છે તમેા તે લહેા ।૪૧। ને ભેાજનને પધારે છે ત્યાંહાં શા ઉપર રૂચી ઘણી । કેાણ ભાંતે કેહવું અરેાગે છે હું પુછું છું તમ ભણી ।૪૨। કરી ભેાજન પેાઢી ઉઠે છે ઉથાપને જે સમે । તે સમયને વીસદ કરી કહેા જે અમને મનમાં ગમે ।૪૩। કયાંહાં લગી બેસે છે ઉથાપને કહેવી પ્રસનતા । કેાણ કેાણ પ્રસંગ ચલાવે કેવી વારતા ।૪૪। શ્રીઅંગે રૂડા છે કે દુબલા એહ વીસદ કરેા । એહ પુછતા ઉર ભરી આવ્યું કહી આરત હરેા ।૪૫। તબકડીએ બેસે છે ત્યાંહાં કેાણ સામગ્રી માંહાં કર મેહેલે । શા ઉપર રૂચી એહેાની હેાએ શું જે ઉતમ તેહ લે ।૪૬। તેલ સેજ્યાએ કેાણ તેલનેા કરે તે અંગીકાર । નવું કર્યું છે કે જે જુનુ જ છે કહેા તેહનેા પ્રકાર ।૪૭। બડી સજ્ય કયાં ઢાલે છે કેાણ ભાંતે કરી । રીતુ ભેદના ભેદ પુછ્યા છે તેહ સહુ એ ફરી ફરી ।૪૮। પાન મધઇ મધુર આવે છે કે આવે છે કેહેવા । એવા અનેક સમાચાર પુછે છે જેહ છે જેહવા ।૪૯। કેા સમે અહીં મજલ ભાંજીને રહે એકત્ર થઇ । પાક કરી પ્રસાદ પરસ્પર લે તે સહુ કેાઇ ।૫૦। રાતે એકઠા રહી બેસી વાત પ્રાણ પ્રભુજીની કરે । પ્રાત ઉઠી વીદાય થઇ અને તે મારગે અનુસરે ।૫૧। કેા એમજ મલી ઉભા ઉભા અને મજલે ચાલ્યા જાએ । કેા સમે કેા એ મારગે મલે નહીં ઇદમીત કેમ થાએ ।૩૫૨। એણી ભાંતે મારગે આવે ને

ચાલ્યા મજલ તે ઘણી થકી । એહવે વીનંતી પ્રથમ જે લખી છે તે શ્રીગોકુલ ગઇ ।૩૫૩। અધીકારીને આપી તે હાથ સાથ સહુની વતી । કહ્યું દંડવત કરીને સર્વ કરી છે વીનંતી ।૫૪। પત્ર વાંચીને પ્રમુદીત થઇને ફરી પુછે વાત । એ વચને કરી નામ પ્રમાણે કહે નાના ભાંત ।૫૫। પછે પત્ર તે કરમાં લેઈ અને આવ્યા બેઠકમાં । શ્રી ઉથાપને રાજ રાજેશ્વરજી બેઠા જ્યાંહાં ।૫૬। અધીકારીજીએ કરી વીનંતી કહી કૃપાનાથ । ગુજરાતથી આવ્યો છે પત્ર ત્યાંહાંથી ચાલ્યો સાથ ।૫૭। પ્રાણપ્રભુજી પ્રસન્ન થઈ અને બેઠા સનમુખ ફરી । સમાચાર પુછ્યા સહુ સાથના ને આવ્યા ભરી ।૫૮। કયારે નીસર્યા ને કયાંહાં આવ્યા હસે અહીંયા આવે કહીંએ । અધીકારી મજલ ગણી કહે આ દીને આવસે અહીં ।૫૯। પત્ર વાંચીને દંડવત કર્યા ને વીનતી કરી । રાજ એમ લખ્યું છે વીનય આરત ભરી ।૬૦। રાજની સુરતની સહાએ અમો આવસું અહીં । રાજને જોયાનું બીજુ સાધન માહારે તો છે નહીં ।૬૧। કૃપાની કરૂણતાએ કરીને રાજને જોસું । તે શુભ દીન સુઘડી કયારે આવસે નીજ આરત ખોસું ।૬૨। એહવા વચન વાંચી સંભલાવીઆ વાહાલાજીને ત્યાંહાં । તે સમયક પ્રકારે આવ્યા છે વાહાલાજીના મનમાંહાં ।૬૩। પછે પુછ્યા સમાચાર સર્વના પ્રથુક પ્રથુક કરી । પ્રાણ પ્રભુના મનમાંહાં હરખ થયો અતી ઉલટ ભરી ।૬૪। શ્રીમુખે કહયું પત્ર તો અબ ઉનકું પોંચે કહાં । અબ તો વે થોડા દીવસમાં સબે આવત યાહાં ।૬૫। ભગવદી જેહને જેસું મીલતુ તે આ વાત સાંભલી । તે પ્રસન્ન થયા પ્રમુદીત થઈને આશા ફલી ।૬૬। પ્રતીક્ષણુ મનમાં વીચારતા આ સુખ જોઈ જોઇ । પસતાતા જે જન ન આવી શકયા આહાવામાં કોઇ ।૬૭। જ્યારે પ્રાણપ્રભુને પ્રસન્ન દેખે નયણે ભરી । ત્યારે એહોની સુરતે અતી આરત પ્રગટે ફરી ફરી ।૬૮। પત્ર લખતા પ્રતીક્ષણુ આહાંના ઉછાહા જોઇ અને । શું લખું તમને ફરીફરી સાન નથી કોઇને ।૬૯। વહેવાર વીસે નાખી નાખીને આવી શ્રીમુખ જુઓ । અસાધારણ પ્રગટ લીલા હોએ કાં વૃથા દીન ખોવો ।૭૦। એહવા માંહાં એ આવ્યા તણા તે સાંભલ્યા સમાચાર । જાણ્યું હીતના હવા ઉરણી અમો થયા સુખને પાર ।૭૧। જુએ મારગ ભણીત થઈને કયાંહાં આવ્યા હસે । ગીણે મજલ મજલ તણા નામ તે આજ આંહાં વસે ।૭૨। કોએ પકવાન સામગરી સીધા સહુ સીધ કરે । આવતા નોતરસું અમો એમ ઉલટ ભરે ।૭૩। અધીકારી સ્થલ ઉતરવાના રાખે છે જોઇ જોઇ । કહે એહને ઉતારસું આંહાં ને આંહાં રેસે કોઇ ।૭૪। પ્રાણપ્રભુજી પુછે પ્રતી નીત્ય સુરતી કરી કરીને । કયારે આવશે કયાંહાં હસે ચીત ધરીને ।૭૫। હવે મજલ મજલ ચાલ્યા આવે છે પરમ સૌભાગીયા । જેમ નીકટ શ્રી ગોકુલ આવે છે તેમ અનુરાગીયા ।૭૬। મનોરથ મન માંહાં અનેક વીચારતાં પાર પામે નહીં । કોણ દીવસ ઘડી પલ શુભ જે પહોંચસું તહીં ।૭૭। લાખલાખ કરે અભીલાખ તે અભીનવા પ્રતીક્ષણુ । પ્રાણપ્રભુજીથી થસે સહુ પુર્ણ હમમાં તો નથી અણુ ।૭૮। એમ લોચતા રોચતા સોચતા મારગમાં હે આવે । પુછે છે હમારા મનોરથ કયારે પુર્ણ ફાવે ।૭૯। કોણ સમય હસે જ્યારે જઇને દરશન પામસું । અમો આરતવાન અધીર સહુ દુઃખ વામસું ।૩૮૦।

એમ કરતા નીકટથી નીકટ આવ્યા મજલ એક રહી । અંતરાઈ છે એક દીવસનો તે કોણ શકે સહી ।૩૮૧। પ્રાતઃ દીવસે પ્રાણ વલ્લભજીનુ જઈ દરશન કરસું । બહુ દીવસની તે આરત તે અંતરગતની હરસું ।૮૨। એમ મોહે મુદીત થયું અર્ધ ઘડી અને એ આસે । કહે કુર રાત્ર એક વચે પડી કયારે જાસે ।૮૩। કયારે પ્રાત હસે પ્રહસીત જે અમારા સુદીન તણો । એ ઉદાર દાન દાયક દીનનો મનોરથ ઘણો ।૮૪। એહ દીવસને અમો સહુ વસ થયા આધીન થઈને । એ દીવસ પ્રાણવલ્લભજીને દેખાડસે લેઈને ।૮૫। પ્રભુની કૃપા જે તેહનું ફલ તે એ દીવસ લેઈ રહ્યો । એહનો મહીમા અમારી રસનાએ ન જાય વીસદ કહ્યો ।૮૬। તે દીવસે મારાં વ્હાલાજીનુ અમને દર્શન થાસે । તે દીવસ પર સર્વસ વારસું જેણે આરત જાસે ।૮૭। એમ દીવસની પ્રસંસા કરે સહુ મનોરથ ભરી ભરી । વાહાલાજીને જોવાની આરત મનમાંહે ધરી ધરી ।૮૮। સહુ વસ્ત્ર તે વીવીધ પ્રકારના પહેરવા સીખ કરે । જેહની જેહની પઠવણી નમન તણી લેઈ અલગી ધરે ।૮૯। પોતાને દંડવત કરવા તણી લેટ હોએ જેહ । પોતા પોતાને પાસ રાખે સહુ અલગી કરે તેહ ।૯૦। વલી પઠવની જેહોની જેહોની એ તે રાખે અલગી તેહની । પોંહોંચ્યા પછે જઈને આપસું જેહ છે જેહની ।૯૧। વલી પોતે થકી કાંઈ લાવ્યા છે ગુજરાતનો સાજ । પ્રભુના ઉપયોગ ને વલી વૈષ્નવને કાજ ।૯૨। તે ઓધારથી અલગો કરી અને ઉપર લેઈ રાખે । ભેલા વસ્ત્ર મારગના જેહ સાજ ઓધારે લેઈને રાખે ।૯૩। એ ઉછાહનાં કાજ માંહાં રયણી જાતી કેહે નવ જણી । શ્રમ મારગનો અને નીંદ્રા કેહે મન માંહાં ન આણી ।૯૪। એમ કરતા પ્રાતનો ઉદય થયો ભાગ્ય ઉદય લેઈ । જૈજૈ કાર કરી સહુ સીખ થયા પ્રભુને આસ દેઈ ।૯૫। એહો માંહેથી કો કો ઉતાવલા પગપાલા ઘણી । તે આગલથી આગ્યા માગી ચાલ્યા વેગા થઈ પ્રભુ ભણી ।૯૬। સાથને મેલી મજલ બે ત્રણ જે આગલથી આવે । તે ઉપર પ્રભુ હોએ અપ્રસન્ન એ પ્રભુજીને ન ભાવે ।૯૭। સાથનાજ સાથે આવે ને જે સેવા કરે સાથની । પરસ્પર રૂચીસું મલી આવે ત્યાંહાં રૂચી ઘણી નાથની ।૯૮। આનો સાથેથી પણ સાથ ચાલે છે સોહાગીઓ । મહા મોહે ને મોહ ન માઈ પરમ અનુરાગીઓ ।૯૯। વસ્ત્ર ભુષણ કરી શ્રંગાર મારગે ચાલ્યા આવે । કયારે નીરખસું પ્રાણ આધાર અંતરગત એ ભાવે ।૪૦૦। જેમ નીકટ આવે છે શ્રીગોકુલ તેમ આરત વાધે । પ્રાણ પ્રીય પ્રાણ આધારને જોવા તણી સાધે ।૧। આશા સફલ દાને મોહે કરી આરત સીખ થઈ । કહે અવડ દુર થાસે સહુ મારો પરીકર લેઈ ।૨। હવે દર્શનને તે વીલંબ નથી ભાગ્યે ઉદય કીધો । મારો મનોરથ ક્ષીણ થયો એહનો મનોરથ સીધો ।૩। મારે મનોરથે એહને મનોરથ પ્રગટ કર્યો ઘણો । તે ફલીત થએ પ્રબલ થયો ઘણો મનોરથ એહ તણો ।૪। તેહને સતકારે સહુ સાફલ્ય થયુ એહને સત ગણુ । તેણે આરતનુ અભીમાન રહ્યુ નહીં એક અણુ ।૫। પણ ભાવ ભગવદીના નીપુણ અંતરમાં જેમ આણે । એહ આરતનો ઉપકાર તે મનમાં જાણે ।૪૦૬। એ આરત તો ઇચ્છાના સામર્થની

હોડીક ન હોયે । પ્રભુના દીશે આકર્ષણ કરી અને અમને મોહે ।૪૦૭। એણી આરતે અમો આતુર કરીને સનમુખ દીધા । સહુ સાજ કરી અનુરોધનો ને તાણી લીધા ।૮। એ આરતને આકર્ષણે જોઇસ આરત હરણને । એહને ઉપકારે જઇ અમો નીરખસું નયણ આભરણને ।૯। તેહને મોહેલું હવે અમો કેમ કરી એમ સાથે લીધી । સ્વરૂપાત્મક રસ તે પ્રબલ કરવા સ્થાપીત કીધી ।૧૦। કહ્યું તું રહે અમારડે સંગ તુંથી સહુ સીધ થાસે । રસમાં રસ અધીક પ્રગટ કરસે કહ્યો એહ આસે ।૧૧। આજ પહેલી આરત જે પ્રગટ હવી તે માંની લીધી । હવે નૌતન રસ પ્રગટ સમે એહ સાથે લીધી ।૧૨। એણે પ્રાચીન અંગ અવયવ સહુ અહીંએ ધર્યા । હવે સ્વરૂપનો રસ પ્રગટાવવા મનોરથ બહુ કર્યા ।૧૩। એહોના સતકારથી સતગુણ થઇને સીધ થઇ । કહે સ્વરૂપ રસીક ને સ્વરૂપ જોઇ કરૂં હું સ્વરૂપ મઇ ।૧૪। ઉભય મનોરથ સીધ થવા મનોરથ કીધા । તે શ્રીમુખ જોઇ અનેક પ્રકારે ત્યાંહાં મનોરથ સીધા ।૧૫। કરે વારતા કોણ સમે જઇ શ્રીમુખ નીરખસું । કીએ અનુકરણે બેઠા હશે તે જોઇ હરખસું ।૧૬। એવામાં જમુનાજી નીકટ દીઠા ઘણુ । દીઠા નીકટના વૃક્ષ કરાડા પુલીન જે સોહામણુ ।૧૭। જલ જોઇને મન વીહવલ થયા તે સહુ કેહેના । મારાં વાહાલા નીકટ થકી આવ્યા દુખડા લેઉ એહના ।૧૮। કોએ નમન કરીને તે ત્યાંહાં અટક ભણે । કોએ જોઇ અને રસ ભરી આવ્યા તે અતી સાત્વીક પણે ।૧૯। એમ વીનય વચનમાંહાં કરીને તે વીનય કરે । વલી આનંદે આતુર થઇને હરખ આંસુ ભરે ।૨૦। જે કોઇ તાપીપુરને મારગે આવ્યા તે અહીં ઉતરી । નાહી નમન કરી કરીને બેઠા વાહને ફરી ।૨૧। પેડે રાજનગર તણે આવ્યા ઘાટ ઉપર આવ્યા । ત્યાંહાં આવીને શ્રી જમુનાજીસું કરસે તે મન ભાવ્યા ।૨૨। એમ કરતા આવ્યા ઘણુ નીકટ ને દુર થકી જુએ । પાર માહાવન દીશ તણી છત્રી જે નીકટ ગોપ કુએ ।૨૩। અને વૃક્ષ બામ તણા દુર થકી કાંઇ એક દીઠા । તે તો દેખત માત્ર સહુ કેને લાગ્યા મીઠા ।૨૪। તે જોઇ અને વાહન વાહનથી સહુ ઉતર્યા । સાષ્ટાંગ નમન કરીને ત્યાંહાં દંડવત કર્યા ।૨૫। વલી દંડવત કરી પરસ્પર ને મનમાં ભાણે । કહે એ દુર્લભ સુર્લભ થયું તે તમારી કાણે ।૨૬। વલી ભેટે પરસ્પર મલી મલી હરખાંસુ ઢાલે । અનુસંધાન રહીત થયા કોએ અંગ ન સંભાલે ।૨૭। વલી વચન વીનય તણા બોલે તોલે કેહેને કરીએ ।૨૮। સાત્વીક પ્રગટ થયો તે સમય ઉરમાં ધરીએ ।૨૯। એણી ભાંતે ચાલ્યા આવે એહ નેહ ભર પાગીઆ । ભકત ભાગ્યવાન વરેસ તે અનુરાગીયા ।૩૯। એહવે આગલ થકી જે ચાલ્યા છે તે નાવથી ઉતરી । અચાનક પ્રભુ આગલ જઇ ઉભા દંડવત કરી ।૩૦। પ્રાણપ્રભુજી બેઠા છે ઉથાપને સભા સહીત રાજે । કોટી વૈભવ કોટી શોભા અને કોટી કામ લાજે ।૩૧। એહને જોઇને બેઠા ફરી સતકાર એહનો કર્યો । એણે શ્રીમુખ જોઇ પરીતાપ પોતાનો સઘ હર્યો ।૩૨। વલી દંડવત કહ્યો સહુ સાથનો પુછ્યુ આપો કાંહાં । રાજ નીકટ આપો જમુનાજીને પાર હસે ત્યાંહાં ।૪૩૩। વલી પુછ્યું જે ક્ષેમ કુશલ સુખસું નીકે આએ ।

કહ્યું રાજ પ્રતાપ તે મનોરથ સળ મન ભાએ ।૪૩૪। ત્યાંહાં વૈશ્નવ બેઠા છે તેમાં ઘણા એક સીધ થયા । કોએ ઉઠી વેગ નાવે બેસીને તે તેહેા સામા ગયા ।૪૫। કોએ નાવ ઉપર રહયા આવી દુરથી પેંડેા જુએ । કોએ ઉભા છે ઘાટ ઉપર ને વલી આવે કોએ ।૪૬। કોએ બેઠા છે પ્રાણ વલ્લભજી નીકટ દર્શન કરે । કહે આવમે મંડીયા ત્યારે મલસું એહવું મનમાં ધરે ।૪૭। એહવે અધીકારી પ્રભુને પુછીને સામા ગયા । પહેલા આવ્યા છે તેહેા નમન કરી બેહેા સાથે થયા ।૪૮। આવી નાવ સીધ કરી મેાકલ્યા સર્વે પેલે પાર । કહયું માણસ વાહેણી સર્વ ભરી લાવજો ભાર ।૪૯। એહવે આગલથી જે પાર પહેાંચ્યા સનમુખ જઈ । તેહને દેણી પરસપર ભેટયા ઘણુ આરંદ્ર થઇ ।૪૦। વીનય વચન વીવેક નમન કરવા દીધા નહિં । કહયું સમસ્ત ઉથાપને બેઠા છે વેગા ચાલેા તહીં ।૪૧। પછે પુછસું કુશલ તમારા મારગના વીસદ કરી । હવડાં તેા વેગા વેગા ચાલેા જુએા નયણા ભરી ।૪૨। એમ ઘાટ ઉપર આવ્યા ઘાટના સર્વ ત્યાંહાં મલ્યા । વેગા થઇ નાવે આવી બેઠા સહુ એકત્ર ભલ્યા ।૪૩। ઉતર્યા એક પલ નહીં લાગી સેાહાંગીને આવતા । અધીકારી થયા ત્યાંહાં સંગ કર્યા મન ભાવતા ।૪૪। મહારાજ રાજેશ્વર રસીકે વરેસ રસે ભર્યા । સભા પુરી બેઠા છે ભગવદીને જુથે તે પરવર્યા ।૪૫। એહવા સમયમાં ભાગ્યવાનને ભાગ્યે ઉદય કીધેા । આવી શ્રીમુખ સુખનીધીનું જોયુ મહા મનોરથ સીધેા ।૪૬। અંગ અંગ શીતલ થયા સુખદ સ્વરૂપને જોઈને । દીગમુઢ જકીત થકીત થયા રૂપે મેાહીને ।૪૭। કોએ નખશીખ રૂપ નીહાલે છે સંભાલે છે ફરીફરી । પેાતા તણા તે અંગ સંભાલે છે અતી ધીરજ ધરી ।૪૮। રૂપામૃત માધુરીનુ પાન કરે દાને કરી । એહની ગતી મતી બુધ્ધી વીવેક એ સાતેા સુધી હરી ।૪૯। કેહને ઉલટ ઉર ઉફણી અને કંઠે રેાધ કીધેા । પુછયા તણુ કારણ નવ સમુજે ન જાએ ઉતર દીધેા ।૫૦। કોએ વીસ્મય થઇ રહયા એમજ હમેા કોણ કયાંહાં આવ્યા । એ શું સત્ય કે સ્વપ્ન જણાયે થયા મારા મન ભાવ્યા ।૫૧। કેા પ્રસન્નતાએ નવ માયે ને અંગ અંગ ફુલીયા । કહે જગતી તલે નહીં કેા અમેા સમતુલીયા ।૫૨। કહે એહ મહા ભાગ્ય અમારૂં કયાં રાખ્યું હતું । તે સફલ થયુ આણે સમે આવી મારૂ જે ઇચ્છતું ।૫૩। કાંઇ દીવસનેા તાપ નયણને જે વ્યાપી રહયેા । અંગ અંગ પ્રસર્યેા પરીતાપ તે નવ જાએ કહયેા ।૫૪। તે તેાં રૂપ સુધા રસે સીંચન કરી શીતલ કીધા । શુભ નયણ કટાક્ષે જોઇને અપનાવી લીધા ।૫૫। અંગ અંગનેા કરી સત્કાર સુખ દાનને । એણે સ્વરૂપે કર્યા છે નીરોધ એ ભાગ્યવાનને ।૫૬। આરતે જે આરત પ્રગટાવી તેણે એ શ્રીમુખ જોયુ । અંતરાય અનેક દીવસના તે આવી સહુ ખોયું ।૫૭। હવે આરતે સ્વરૂપારત રસની વાધી ઘણી । પ્રતીક્ષણે પ્રગટાવતી પ્રણય તે પરમ સેાહામણી ।૫૮। એહવે અનેક પ્રકારે પ્રેમલ ભાવે આવી શ્રીમુખ દીહું । સર્વોપર સર્વોધીક અતીસય લાગ્યું મીહું ।૫૯। પ્રાણ-પ્રભુજીએ સનમુખ થઇને આદર બહુ કીધેા । શ્રમગત કરી એહનેા ભાવ તે સહુ માની લીધેા ।૬૦। વલી પુછયું નીકે હેા નીકે આયે સુખસું મારગમાંહાં । એણે કહયું અમેા નીકા છું આજ રાજ જોયા આહાં ।૬૧। વલી પ્રથુક પ્રથુક

કરી પુછયા સમાચાર લેઇ નામ । પ્રભુના સતકારમાં થયા સહુ પુરણ કામ ।૬૨। જે કો નૌતન આવ્યા છે પ્રથમ તેહના નામ લઇ લઇ । દંડવત કરવાવે છે તેહને પ્રભુને સુરત દેઇ ।૬૩। નામ ઠામ ને અતી અનુભવ અનુભાવ કહીને । ત્યારે હાં હાં હું જાનુ કહે હારંદ્ર લહીને ।૬૪। કેણે શ્રીફલ કેણે રૂપીયા મુકી દંડવત કીધા । વલી ચરણાર્વીંદ છોહયા ને મનોરથ સહુ સીધા ।૬૫। કેણે દંડવત કરાવ્યા છે ત્યાંહાંથી કહયા તેહની વતી । વલી ભેટ રાખી અને ભાવતી કરી તે વીનંતી ।૬૬। સતકાર કરી મનમાં પ્રભુ જાણી રહયા । વલી કરૂણા ભરે જે જે ઉતર કહ્યા ।૬૭। એણી ભાંતે તે દેશ પરદેશના વૈશ્નવ આવે । તે પ્રથુક કરી વીસદ ન થાએ પ્રભુજીને મન ભાવે ।૬૮। પછે કહ્યું સ્થલ લેઇને ઉતરો નાહો પ્રસાદ લો । એમ મધુર વચન કહી સાથ હવેલીમાં મોકલ્યો ।૬૯। હવે વૈશ્નવના જે મેલાપ ખાનપાનના જેહ । હીત વાત્સલ્યને જે રહયા કયાં લગી કહું તેહ ।૭૦। હું અનેક કરૂં તે વીસ્તાર મારા અનુભવ તણો । પણ અનુભવી અનેક સમાજને એ અનુભવ ઘણો ।૭૧। તે તો કેહેસે એણે શું લખ્યું છે એ કાંઇ સમજ્યો નથી । અનુભવ વીન નાતો કેસો આવડું શું કહ્યું કથી ।૭૨। લક્ષાવીધ ગ્રંથ લખું તોહ ન આવે એનો પાર । માટે સુચન માત્રે કહ્યું કર્યા નહીં વીસ્તાર ।૭૩। એ અનુભવીને છે સહુ જ્ઞાત અજ્ઞાત ન એ લહે । જ્ઞાને અજ્ઞાને અમારૂં વૃથા તો શું હોએ કહે ।૭૪। માટે પ્રાણવલ્લભજી ઉથાપને બેઠા છે તે કહું । મારી રસના પવીત્રતાને કાજ જે અનુભવથી લહું ।૭૫। એહ ઉથાપનને સમે અવકાસ લહીને । ભેટ લાવ્યા છે તેહ સમર્પે છે પ્રભુને કહીને ।૭૬। પહેલા વસ્ત્ર કહું જે લાવ્યા એ દીશેથી આદર કરી । પ્રાણપ્રભુને નીત્ય છે ઉપયોગના અતી ઉલટ ભરી ।૭૭। અતલસ જે ઉતમ બહુ રંગની જાત વીશેષની । કલંગે જે કોમલ અને લાહેલલીત શુભ દેશની ।૭૮। એક રંગી કલમલાઇ સાહેબી બુલબુલ ચશ્માની । પાંચપટા ને ચુંદડી ભાંતની જે પ્રભુએ માની ।૭૯। પટોલા જે પાટણના પરમ શુભ નારી કુંજર ભાંત । વલી રંગરંગ અનેક પ્રકારના ને માંહેં બહુ જાત ।૮૦। મસરૂ મનોહર ભાંતના રંગ અનેકના । તે જોયા પ્રભુએ કરકમલે તે ભાવ વીસેકના ।૮૧। મખમલ દુકાવા ને ખાસાની સાદા રંગ કીરમજી । એમાં રંગ અનેકના ભાવ જોઈને રહે લજી ।૮૨। વલી તાસને જોઈને હુલાસ પ્રગટ હોએ અતી ઘણો । જેમાં કેવલ કામ સુવર્ણનું પરમ સોહામણો ।૮૩। જરીચી રાજરી પટકા ને છીંટ બહુ રંગની । પટંતર કરવા કરીએ પણ નહીં એહોના સંગની ।૮૪। મીણીઆ જે છાંટલ મન ભાવતા માંહેં સુગંધ ઘણી । તેહની મીઠી સુવાસ સરાહીને રીજે ગોકુલ ધણી ।૮૫। સાડી સુરતીયા જે વેલણીયા બહુરંગની જાતની । બહુ મોલની તોલ ન આવે એહવી નાના ભાંતની ।૮૬। બાસતા ભરૂચના અમલ તોલ બીજા નહીં । વટવર ને કોમલ મહીન તે લેઇ આવ્યા અહીં ।૮૭। ચોલણા અને દતો ચાદર ઉપયોગ પલંગને-ગાદી તકીએ સીરાહણે ગલેફ લપેટણા સંગને ।૮૮। એહવા ઉપયોગ શ્રીઅંગના લહી લહીને તે લાવ્યા । એલાચા વલી ભરૂચના જોઇ પ્રભુને મન ભાવ્યા ।૮૯। સાયલા જે સુખદ બહુ હીતના પ્રીતે કરી કરી । લાવ્યા તે જોયા પ્રાણપ્રભુજીને

શ્રીકરે ફરીફરી ।૪૯૦। કેણે ચંદરવા બેઠક તણા ન્યોંત કરીને । તેહવા ત્યાંહાં કરાવ્યા વીચીત્ર તે ચીતમાં ધરીને ।૯૧। હોઢ મખમલ લાલ ને મધ્યે મધ્યે ચોક ભીન્ન દીધા । હાંસીયે કીરમજી મખમલના ચોક ઢાલ ગુલ કીધા ।૯૨। ફરેવાજ ઢોઢોરી ઢરીઆલની અનુપમ ભાંતની । ને નીવાર તનાવો સુશોભીત કરી છે પાંતની ।૯૩। પીછવાઇયે પરમ સુંદર અતી જોઇને મતી ભુલે । બહુ મોલની ભાંત અનેક આવે કોણ તોલે ।૯૪। જુલીચા જે ગાદી તકીયા તલે પાથરવા કાજ । માપના મનોહર બહુ મોલના કરી લાવ્યા સાજ ।૯૫। હોઢ મખમલ લાલ અમેલ હાંસીએ હરીત સેત । કીરમજી મખમલના હોઢ દીધા છે શોભા હેત ।૯૬। કીરતી નીવાર નીરૂપમ અરૂણ રેશમ તણી । બેહુ પાલવે પચરંગ જાલી તે રાજે સોહામણી ।૯૭। ચંદરવા પીછવાઇ જુલીચા ઉંચા આણી ધર્યા । પ્રાણ પ્રભુજીએ જોઇ રીઝીને તે અંગી કર્યા ।૯૮। વીનંતી કરી લાવ્યા છું રાજ મનોરથ ચીત ધરો । કહું મનોરથ હોએ તમારો તેણીપેરે સીધ કરો ।૯૯। જામથાડી ચુંદડી સાડી પાગ અને ચાદર ઘણી । વલી દીવાના સાજ સામગ્રી લાવ્યા છે સોહામણી ।૫૦૦। લાવ્યા ભુષણ ભાંત અનેક જે અહીં ઉપયોગના । વહુજીને કાજ આવે ઉભય સંયોગના ।૧। તેહના વીસદ નામ ન થાએ જાએ નહીં એ કહયા । તેહને ભાગ્યે ભાગ્ય સમ કીધા જેહવા તેણે લહયા ।૨। મોતી મોલ અમોલના લાવ્યા છે મનોરથ ધરીને । અહીં ઉપયોગ બહુ વીધે આવસે હૃદય ભરીને ।૩। વલી લવીંગ સોપારી એલાયચી જાયફલ ને મરી । જાવંત્રી જજ સુંઠ આદેક શ્રીફલ સુભજ સુપરી ।૪। કાચા લવીંગના આવે હાર પાર બુધી થકી । સુંઠ મીરચ તણા જે અંધાણા લાવે એહવા કહીં નહીં ।૫। વલી ચુનો અને બોરસર લહી ઉપયોગને । બીડીમાં જે આવે છે નીત્ય અહીં સુખભોગને ।૬। ખલેલા ને ખજુર ગોલ ને કમોદ ઉતમ ઘણુ । તેહના પૈસા સુવાસીત કોમલ શું કહું તેહ તણુ ।૭। આંબ ને અનેનાસાના અમરસ લાવ્યા છે શ્રમ ઘણે । મારગે બહુ જતન કરી કરી પાત્ર જસત વણે ।૮। ખારી સુંઠ ભીલોડી સુંઠ જે વાહાલાજીને ભાવે । તે માટે ઘણો ઉદ્યમ કરીને ઉપયોગને લાવે ।૯। હીંગલો પારો કપુર બરાસ અગર અંબર સાર । ચાંદલા બહુ ભાંત અનેકના કહેતા નાવે પાર ।૧૦। સાણુ કંકોડી ખારો જવાદ નેત્ર વાલો જેહ । આંબ અમચુર એહવા અનેક તે કયાં લગી કહું તેહ ।૧૧। ઘોડા સુંદર ઉપયોગના જે દીઠા જેણે ઠામ । બહુ દ્રવ્યના લેઇને આણ્યા પ્રભુજીને કામ ।૧૨। વલી પ્રાણ સહીતે સાહસ કરી સેરથાએ હર્યો । એહનો અસહી ઉદ્યમ જોઇ પ્રાણપ્રભુએ અંગી કર્યો ।૧૩। વાહેણી રથ રૂચી જોઇ સમયને સમરાવી લાવ્યા । તેહનાજ ઉતમ ને સુખાવહ પ્રભુને મન ભાવ્યા ।૧૪। ગુજરાતી સુધની સેત અલહ બહુ ગુણ ભર્યા । એક એક થકી બહુ મોલના આણી ભેટ કર્યા ।૧૫। જેહને સંગે જોડે થકી અશ્વ પોંચી શકે ન સાથ । એહવા અનેક ધોરી ધુરંધાર અંગી કીધા નાથ ।૧૬। વલી ગજઘરના જે જે સાજ કાજ અહીંયે આવે । રાજધાનીમાં સર્વનું કાજ તે ઉપયોગને લાવે ।૫૧૭। ભાગ્યરાસ

જનક ભાગ્યવાનના પુત્ર ત્રીકમભાઈ । જેહને પ્રાણપ્રભુએ સંરાહ્યા પ્રભુજીના સુખદાઈ ।૫૧૮। તે પ્રતીષ્ઠીત પરમ પ્રમાણીક લોકીક અલૌકીક માંહાં । કુલવાન ઉભય કુલ શુધ્ધ વીસદ કહીએ કયાંહાં ।૧૯। જેણે કરૂણાની ઢલણે કરીને બહુ વૈશ્નવ કીધા । ખાનપાનને સમાન કર્યા તેહના કારજ સીધા ।૨૦। અતી ઉદારતાનો સ્વભાવ સ્વકીય પોષક ઘણુ । દ્રવ્ય અંગે કરે ઉપકાર મનને ન આણે અણુ ।૨૧। શ્રીમુખે કહ્યું બડો ઉદાર તો હું કયાંહાં લગી કહું । અપણાયત ને પરમારથનો પાર નવ લહું ।૨૨। જે સ્વરૂપ રસીક રસ જાણ સ્વરૂપના ભોગીઆ । મહા ભાગ્ય તણી જે રાસ સ્વરૂપ સંજોગીયા ।૨૩। જેણે અનેક સેવા તે અનેક પ્રકારની કરી છે । હીત વાત્સલ્યે પ્રભુની ને પોતાની આરત હરી છે ।૨૪। જે છે કુંખ સૌભાગનો ધણી સોહાગ ભરી કુંખ । નામ કૃત્ય ઉપર અંગ વારીએ ને લીજીએ દુઃખ ।૨૫। એ વીસદ કરે વીસદ ન થાએ ને પાર પામું નહીં । કોટી રસનાએ રસ વીવરણ કરૂ પ્રાંત નાવે આહીં ।૨૬। તે ચંદન લાવ્યા ચતુર વરેસને કાજ ચતુરાઈ કરી । અતી પરમ સુખાવહ સેજ તણો મનોરથ ધરી ।૨૭। વીનતી કરી સેજ કરાવી ઉતમ ચંદન તણી । પાટી રેશમ અરૂણની હરીત ભરી છે સોહામણી ।૨૮। ત્યાંહાં સાજ સુખદ ઉપયોગના જયાંહાં જોઇએ જેહવા । અતી ઉતમથી તે ઉતમ કરીને રાખ્યા તેહવા ।૨૯। તે પરજંકે પોઢાડસે પ્રભુને મનોરથ કરીને । સેન સમય વીસદ કરી કહેસું તે ઉલટ ભરીને ।૩૦। પહેલા ચોકી ચંદન તણી કરીને મોકલી મોદસું । તે તો લહી અહીં ઉપયોગ કરાવી પ્રમોદસું ।૩૧। ઘણી સાદી સુખદ નીજ રંગની મધ્યે સોહે જાલી । ત્યાંહાં અબરખ અરૂણ આભા જુત જોઉં વાલી વાલી ।૩૨। પાએ પટા રજત તણા દોહોરા દીધા તે સોહે ઘણુ । તેની શોભા સોહામણી દીસે તે શું કહું તે તણુ ।૩૩। તે ઉપર બેસી કેશ નીવારણ કરે કો સમે । કયારે થેલી ધરે અપરસની નાહાવા સ્થલે તે ગમે ।૩૪। કયારે સેજ્યા નીકટ તે ચોકી ધરે ગડુઓ બીડા ધરી । એમ એહોનું કર્યું ઉપયોગ કરે છે કૃપા કરી ।૩૫। વલી પઠવણી ભાંત અનેકની લાવ્યા છે જેહની । તેહના નામ કહી રાખે છે આગલ એહની ।૩૬। પ્રભુ પુછે છે તેહના નામ નીકે હે કરી કરી । ભાગ્યવાન તેહની વતી ઉતર કરે છે ઉલટ ભરી ।૩૭। ફુલે મનોરથે ઉછવે કાજ વે વાહને પગરણે । અનુભાવે અનીષ્ટ હરણે ને વલી પરવસ પણે ।૩૮। એહવે અનેક પ્રકારે જે ભેટ કરી તે લાવ્યા આંહાં । તેહના નામ પ્રભુજી આગલ કહી સોંપી ભંડાર માંહાં ।૩૯। એમ અનેક દ્રવ્ય સામગ્રી વસ્ત્ર ભુષણ સાર । કરી આણ્યા જણસ ભાંત ભાંતનીનો ન આવે પાર ।૪૦। એહવા રસભર રસીક વરેસ ને ભાગ્યવંત જેહ । એહો માંહેંથી મહા મોદે ભર્યા અહીં આવ્યા તેહ ।૪૧। ત્યાંહાંથી અનેક ભેટ સામગ્રી રસ તણી સીધ કરી । જથા જોગ્ય અધીકારને અંગે તે રસ પુરણ ભરી ।૪૨। એક અંગ પ્રતીઅંગના રસ પ્રતી ન્યારા ન્યારા । ઉપયોગના લહી અને લહી પ્રાણપ્રભુને પ્યારા ।૫૪૩। તે આરત જુત થઇને લઇ

આવ્યા વીનીયોગને । એ સામગ્રી અતી ઉપયોગની વાહાલાના ભોગને ।૫૪૪। તે તે પ્રતી એક પરમ વીભુષીત કરી પ્રણય ભરી । જે જેહને ભુષણે થકી સોહીએ તે તેમ સીધ કરી ।૪૫। આવ્યા ઉલટ ભરી ભરી રસે ઉભરીને । ઉભા અનમુખ પરમ સુજાણ ને ઉરમાં ધરીને ।૪૬। આનંદે ભર્યા ઉલટ ભરી આવ્યા તે પ્રેમે ભર્યા । ગુણે ભર્યા અને રૂપે ભર્યા અને હીત ભાવે ભર્યા ।૪૭। અલજે ભર્યા આરત ભર્યા અને પ્રેમે ભર્યા । આશા ભર્યા વીલાસ રસે ભર્યા એમ અહીં અનુસર્યા ।૪૮। હાને ભર્યા આરત ભર્યા ભાવ ભર્યા સોહે । પ્રતીઅંગ અપેક્ષીતાએ ભરીત અંગી અંગ જોઇ મોહે ।૪૯। શોભા ભર્યા લાવણ્ય ભર્યા અને જોબન મદ ભર્યા । મોહક રસ ભર્યા પ્રવીણ રસે પુરણ કર્યા ।૫૦। ભુષણે ભર્યા શ્રંગાર રૂપનુ રૂપ સુખદ દીસે । કામોદીપન રસ ભર જોઇ પ્રભુનું હૈડું હીસે ।૫૧। તન મન અને ધન એ પ્રથમ કીધું ન્યોછાવરી । નેત્રે વીનય સહીત વીનતી કીધી તે ફરી ફરી ।૫૨। ભ્રકુટી અને ભાવ રસાલે રસીક વર વસ કર્યા । નીજ ભાવ નીરૂપણ કરીને ગુઢ રસે ભર્યા ।૫૩। શીખ થકી તે નખ પરજંત જે અંગ અંગ અભીનવા । રસ ન્યારા ન્યારા ફલ રૂપ રસાત્મીક નવ નવા ।૫૪। એહવી અંગ પ્રતીઅંગની શ્રેણી જે પરમ રસે ભરી । અતી રમકતી ઝમકની જોઇ રસાલ આગલ ધરી ।૫૫। અને આરત ઉતકંઠા અભીલાખ રસે ભર્યા । ભાવ જનીત મનોરથ અનેક તે જોઇ આગલ ધર્યા ।૫૬। એ રસાલ જોઇને રસીકવર મન રીઝયા ઘણુ । સાત્વીકતાની દ્રઢતા ને ધીરજ તે રહી નહીં અણુ ।૫૭। અંગ અંગને અંગ અંગ તણી તે આરત અતી વાધી । જોઇ જોઇને વીહવલ થઇ રહયા એહને આરાધી ।૫૮। પુલકીત થયા પ્રણય સમેત હેત હૈયામાં ધરી । એહવી ભેટ અનુપમ જોઇને આવ્યા રસે ભરી ।૫૯। પ્રતીઅંગ નીહાલી નીહાલીને નયણ શીતલ કીધા । રસ ભાવે રસીકવર વસ થઇને ઉરમાં લીધા ।૬૦। એહ ભેટ તે અતી સુખકારી ને હીતકારી દીસે । ઉન્મોચક રસ ઉપજાવતી જોઇ હૈયલડું હીસે ।૬૧। એહ ભેટે તે વાહાલાજીની રૂચી પ્રતીક્ષણે રહે ઘણી । સર્વોપર તર શીખર ભેટ પરમ સોહામણી ।૬૨। એ ભેટને હીતે પ્રાગટ કરીને કર્યું । એહ વીન એહને અણુ ન સોહાએ એણે એહનુ મન કર્યું ।૬૩। એહ ભેટ તે સર્વસ્વ ધન અને પ્રાણ કરી જાણે । બીજા કોટી પ્રકાર અનેક તે મનમાં નવ આણે ।૬૪। વશ કરણી હરણી મન વાહાલાજીનુ સર્વદા । એહ ભેટે મદા રતી માન રહે નીત મન મુદા ।૬૫। એહ ભેટને ભેટ શ્રી અંગ કરી રહયા ચોતે । પોતાપણુ ન રાખ્યું પોતામાં એ ભેટ જોતે ।૬૬। એહ ભેટનુ વર્ણન કરતા માંહાં નાવે પાર । જેહનું રસીક વરે સનમાન કરી કર્યો સતકાર ।૬૭। ધન્ય ધન્ય ભેટ ને ધન્ય ધન્ય સમે ધન્ય રૂચી પ્રભુ તણી । ધન્ય ધન્ય સોહાગીઓ સાથ એ શ્રષ્ટી સોહામણી ।૬૮। જે સમે એ ભેટ તણો કર્યો વ્હાલે અંગીકાર । તે સમે પર પ્રાણ ન્યાછાવરી કરૂં વારંવાર ।૬૯। મહા ભાગ્યવતી ગુજરાતનું રહ્યુ આવ્યું ભોગ । દેહ દ્રવ્ય આદે દેઇ સર્વ તે આણ્યું છે વીનીયોગ ।૭૦। પ્રભુએ પણ એણે પ્રકારે તે

વીનીયોગ બહુ કીધુ । ૧૬૫માં વીબસ કૃત્ય કરીને કૃત્ય માની લીધું ।૫૭૧। હવે પુર્વના જે પ્રવીણ દીન ભાવે ભર્યા । જે ભેદ બુધ્ધે છે સાત્વીક પ્રમાણ ૨૬ે વર્યા ।૭૨। અહીં સનમુખ નામ નીવેદન ને મારગની રીત । અંથ જનીત સ્વરૂપમું સનમુખ ને પ્રભુમું પ્રીત ।૭૩। ભેટ લાવ્યા એ ભાંત ભાંત તણી જે નીજ દેશની । વલી એ દેશે ત્યાંની ઉતમ હોએ કાજ વીશેષની ।૭૪। તેહના નામ કહું છું હું કાંઇ એક અનુસારે કરી । એની સુચનીકાએથી જાણસે અનુભવી ચીત ધરી ।૭૫। ખાસા અનેક પ્રકારના નામ જાત બહુ મોલના । તેમાંહે જે અઢીયા જે અનુપમ નહીં કો એ તોલના ।૭૬। જે આવે નીત્ય ઉપયોગ પ્રભુજીના કાજને । ધોતી ઉપરેણા ચોલણા ચાદર એ બહુ સાજને ।૭૭। મલમલ તનસુખ સુખદાઇ સુહાઇ જે પ્રભુને । તે હારંક લહી લહી લાવે છે પોતે જાણી મને ।૭૮। તે સુખાંબર અંબર સાર ને વલી એક તારા । ઉપયોગ પ્રભુને જાણીને લાવ્યા ન્યારા ।૭૯। મલીદ્ધ ઉપરેણા ને ધોતી ચાદર પટકા સાર । વહાલોજી ઉથાપને બેઠા કરે છે અંગીકાર ।૮૦। વલી સેહેન જે એક પાટ તણો જેહનો છે વર ઘણો । એક પાટની ચાદર થાએ બીજાથી ચતુર ગુણો ।૮૧। માંડીવાહાના કછીયા કોમલ ઘણુ મહીન મલે પોતે । નીત પહેરતા નીપટ જે નીવડે જેમ પોતે પોતે ।૮૨। મોહોરાદાર ને રંગ મેહેમુદી દુદામી નામ જેહનુ । એહવા વસ્ત્ર અનેક આવે છે કયાંહાં લગી કહું તેહનું ।૮૩। શ્રીમુખે કહ્યું નારાયણદાસ ગોઠના હતા જેહ । વસ્ત્ર અનેક પ્રકારના ઉતમ મોકલતા તેહ ।૮૪। આખુ થાન વાંસની નળીમાં ઘાલીને મોકલે । નાલીયેરના ડુગામાં આવે કહું કોણ સમતોલે ।૮૫। પાગ એહવી જે આવે કટોરામાં જલ મેલીને । બીજવીને બાંધતા માંહેથી જાએ સુકાઇને ।૮૬। વલી બીજી સામગ્રી આવે છે એ દીશ તણી । વેણુ કસ્તુરીના ઉપયોગ કરે ગોકુલધણી ।૮૭। ખાંડ ચીની ઉજ્જવલ ખંડર પડેપ ને અતી મીઠી । ચુક સાદ્ધી અને જે અનારની એહવી કહીં ન દીઠી ।૮૮। મધ મક્ષીકાનુ અને ભમરીનુ ઉજ્જવલ અતી સાર । કથોરોટા છોટા ને મોટા ઘણા થાયે નહીં વીસ્તાર ।૮૯। જીનવા ચોખા અતી ઉતમ ને જે બાસમતી । દેવગીરી અને દ્રોના પ્રસાદ લાયે તેહની જે શુભ મતી ।૯૦। વાણારસની સાડી ને ધોતી ઉપરેણા કીનારના । ખીરોદક પીતાંબર પાગ કડીયલને અનુહારના ।૯૧। ચીર ઉંચા અનુપમ આવે છે કસબ તણા ઘણા । સણીયા અને મુગટા મનોહર લાવ્યા સોહામણા ।૯૨। કાલપીની મીસરી ઉજવલના કુંપા ભર્યા । તે આથી ઉપયોગને જાણી ચસન્ન કર્યા ।૯૩। વલી ઉતરના જે ભગવદી આવ્યા છે ભાવે ભરી । ઉભા રહે છે ઉથાપને પ્રભુનુ દર્શન કરી કરી ।૯૪। ઘોડા ઉંટ લાવ્યા બહુ મોલના ને તે સીઘ્ર ગામી । શુભ ચમર ભેટ કરી કરીને રહે છે શીષ નામી ।૯૫। કાંકસી અમોલક હુહુમસી અને મધ્ય મોટી ઘણી । પ્રભુની રૂચી તેહો ઉપર જાણીને લાવ્યા સોહામણી ।૯૬। સાબુ ગોવીંદબાલનો આવે છે વસ્ત્રને ઉપયોગ । એહવું જાણીને વૈષ્ણવ લાવ્યા જે અહીં આવે લોગ ।૯૭। વલી પશ્ચીમના જે પનોતા અતી પ્રહસીત થઇ । એ દેશની ભેટ અનેક આવે છે લેઈ લેઇ ।૫૯૮। તે ઉથાપને રાજ રાજેશ્વર ગાદીએ બેઠા

જ્યાંહાં । મનોરથ કરી મહા મોટે ભર્યા ભેટ કરે છે ત્યાંહાં ।૫૯। પામરી કાશમીરી અનેક અનેક રંગ તણી । અતી કોમલ સાદી સુજાત અને બાંધણુ ઘણી ।૬૦। તોસ જોઇને હોયે સંતોષ મહીન કોમલ દીસે । એહવી દીઠે મનોરથ કરવાને હીતે હોયડું હીસે ।૧। અંગુઠી માંહે કાઢી જે નીસરે તે બહુ મોલની । એવી લાવ્યા મનોરથ કરી કરી નહીં કો એ તોલની ।૨। થીરમાં તે કીનારીદાર અને આલમદાર । બહુ ચીત્રીત અને બહુ મોલના કરે છે અંગીકાર ।૩। વલી પટુ મહીન કોમલ ઘણુ ભગવદી લેઇ આવ્યા । તેહના નીમા કર્યા શીતકાલે તે જોઇને મન ભાવ્યા ।૪। કયારે ઓઢી બહાર પધારે વાહાલોજી બીજીવાર । તે જોઇને અંગ ઓવારે છે ભેટ કરનહાર ।૫। દુલમા જે બીછાવાના કોમલ પષ્ટીપમ લાંબી જેહની । આવ્યા રંગ બેરંગી અનેક ન સમ કરવા એહની ।૬। લાવ્યા મેવા અનેક પ્રકારના એ દેશના જેહ । તેના નામ કાંઇ એક સુચન કરૂં સુરતી આવે તેહ ।૭। અખરોટ અનાર ને અમરૂત વીહી ને નાસપતી । બરબુજા આવે ઉપયોગને થાળે શીતલ છાતી ।૮। બહુ મોલના મીઠા ને કરકરા પ્રભુજીને રૂચી ઘણી । તે સરાહીને ઉપમા કેને દીજીએ એહ તણી ।૯। બલેલા બુરવાની બદામ અને પીસ્તા સેવ । દ્રાક્ષ ત્રણ પ્રકારની ઉપયોગ આવે જે તતખેવ ।૧૦। હીંગ એ દીશે થકી આવે લાવ્યા લહી કાજને । તે ઉતમથી ઉતમ નીર્દોષ રસોઇના સાજને ।૧૧। વલી વસ્ત્ર સામગ્રી એ દીશ તણી બાંહાં ઉપયોગની । જે આદર કરી કરીને લાવે છે બહુ સંયોગની ।૧૨। હવે દક્ષીણ દેશના જે ભગવદી ભાવે ભર્યા । તે પ્રભુજીને નીરખવા આવી મનોરથ બહુ કર્યા ।૧૩। પ્રાણ પ્રભુજી ઉથાપને બેઠા છે અતી આનંદસું । ત્યાં ભેટ કરે છે સૌભાગીયા આનંદ કંદસું ।૧૪। વીકસીત વદને પ્રેમ પુર્વક ભાવ સાત્વીક પણે । તેહનો પ્રાણપ્રભુ સતકાર કરે છે આદર ઘણે ।૧૫। ગુજરાતી ભગવદી ભાવે ભર્યા સેવાના કાજને । કરે ઉદ્યમ દેશ વીદેશ હીત માહારાજને ।૧૬। રહયા દક્ષીણ દીશ ત્યાંના થઇ તે દર્શને આવ્યા । ગોલકોંડા ને મછલીપટણના બીજી ભેટ બહુ લાવ્યા ।૧૭। હીરા અનુપમ અતી બહુ મોલના ગુણભર નીર્દોષ । તે આણીને સમર્પે છે અહીં માની મન સંતોષ ।૧૮। કોએ ભુષણ માંહે જડીત કરીને તે ભેટ લાવે । હીરા માણેક ચુની પના કરે મનોરથ મન ભાવે ।૧૯। છીંટ કલમકારી ગુલદાર બુટા બહુ વીધી દીસે । જેહના રંગ કુશારી છે તેહ જોઈ હોયલડું હીસે ।૨૦। ચંદ્રવા જે ચીત્રકારી નારી નરની રીતે । માંહે ભેદ ચોરાસી આસન તણા કરી લાવ્યા પ્રીતે ।૨૧। કોકમાં પુતલા પુરૂષ આકાર ને હાથમાં હથીયાર । તે બેઠકમાં બાંધ્યા મનોરથ કરી તેવીવાર ।૨૨। પછવાડી પરમ સુંદર અતી ચીત્ર વીચીત્રની । ઘણુ રીજ્યા ચતુરવર જોઇ એહવી ન અન્યત્રની ।૨૩। ચોરસી જે પલંગને આછાદવા લાવ્યા ઉલટ ભરી । તેહનું કામ જોઇ કારીગરને સરાહયા ફરીફરી ।૨૪। શાલુ સેત શ્યામ લાલ રંગના સહુ ભાવ્યા । સાડી ચાદરો કસુંબીની જે રંગ મન ભાવ્યા ।૨૫। કોઇમ્બતુર ગામના શ્રીસાહુ ભેરવું પંચતોલીયા । પટકા પ્રભુજીએ અંગી કર્યા પરમ અમોલીયા ।૨૬। મોજા વ્યારા તણા જે સરાહયા વાહાલાજીએ પ્રેમસું । દેવજી મેહતે તે લેઇને મોકલ્યા નેમસું ।૫૨૭। તે પેરીને ઘોડે થયા અસવાર પધારે ઠાકોરદ્વાર । મનોરથ જેહના સફલ થયા તેહના ભાગ્ય

થયા પાર ।૧૨૮। તાપીપુરના સાલુ ને મજીઠીયા પાગ છીંટ સારી । ખીરાદીક જે ઉતમ ઉપયોગના જોઇ લાવ્યા ભારી ।૨૯। એ દીશાના છે દીશાવાન તે આ દીશે મન ધરી । ભેટ લાવ્યા છે અનેક પ્રકારની ઉલટ ભરી ।૩૦। હવે આગરે ભાવ આગરા ભગવદી રહે ઘણા । અતી ઉગ્ર અનેક પ્રકારના મનોરથ તેહ તણા ।૩૧। એમાં મહા ભાગ્યરાસ સૌભાગીયા ભાગ્યે પુરા ઘણા । એક જીભને જીવ સામર્થ્ય શું શું કહું તેહ તણું ।૩૨। જેણે સેવાના મનોરથ કરીને પ્રાર્થના કીધી । ને નીકટ રહી દર્શન કરૂં વીનતી માની લીધી ।૩૩। ઉપયોગની ઇચ્છા સામર્થ્યથી અર્થ સહુ સર્યા । અનેહુતો વહેવાર અનેક પ્રકારે વીસ્તાર કર્યા ।૩૪। એ મનોરથ સીધથી થયા મનોરથ ઘણા । એક પુર્ણ થયે બીજા અનેક પ્રગટ હવા સતગણા ।૩૫। પ્રભુને હાને દાન અનેક કર્યા દાન પાત્રને । એ દાનમાનો રસ પ્રાપ્તયો જે જન માત્રને ।૩૬। તેણે સુધને મનોરથ સીધ કર્યો અનસુખ થઇ । ઉપજાવે થયા ઉપયોગ ધર્મ જે સ્વરૂપ મઇ ।૩૭। એ દાનમાં દાન અનેકને એમાંથી દીધું । તેના મનોરથ સહુ ઉપયોગ કરી માની લીધું ।૩૮। તે અહીં રહીને કરે ભેટ અનેક પ્રકારની । સ્નેહ વાત્સલ્યે માર્ગ રીતે ને બહુ વીસ્તારની ।૩૯। મહીમા પ્રતિષ્ઠા માહાતમ રહીત દેખાદેખી । લોક સંગ્રહ સ્વારથ પમારથ ન મને લેખી ।૪૦। અલૌકીક લૌકીક ફલ સાધન નહીં મનમાં આણે । તને મને ધને કરે અનેકને કહે રખે પ્રભુ જાણે ।૪૧। કરે આપ તેમાં કોસમે તે નામ અન્યનુ લેઇ । નીરહેતુક હીત પુર્વક પ્રભુ સુખમાં સુખ દેઇ ।૪૨। પ્રભુ પ્રસન્ને પ્રસન્ન થાએ અપ્રસન્ને દુઃખ લેખે । એહને પરમ પ્રસન્નતા જ્યારે શ્રીઅંગનુ સુખ દેખે ।૪૩। સમે સમે સુખાવહ જાણે તે આણે આદર કરી । પ્રભુની મનવૃત જોતા રહે પ્રેમે ફરીફરી ।૪૪। પ્રતી નીત ને પ્રતીક્ષણના તે સમાચાર મંગવાવે । મૈ નીશદીન સંપુરણનો તે પ્રકાર લખ્યો આવે ।૪૫। પ્રાત ઉઠયા ને રાત્રે ફરી પોઢયા અને રાત્રીની । પ્રતી નીમીષ તણી વારતા જે હીત માત્રની ।૪૬। સમે સમે તણા તાતપર્ય ને હારદ્ર હીત તણુ । રૂચી વચન શું હોએ સુખાવહ લખી પઢવે ઘણુ ।૪૭। તેહનુ અને એહોનુ હારદ્ર એક મલી રહયું । એક ભાવે ભાવાધીન્ન ને ઉભય તે નવ જાએ કહું ।૪૮। માને એક એકના ઉપકાર તે ભાવ આણીને । કહે રૂણી હું તમારો નીરંતર હીત જાણીને ।૪૯। પ્રભુ નીકટ રહીને પ્રભુનુ કારણ સહુ લહે । પરમાર્થ સ્વારથ હીત પ્રભુનું હમને કહે ।૫૦। જે જે સમય સમય ને રૂચી પ્રભુની જાણે જ્યાંહાં । તે લખી મંગવાવી અને વીનીયોગ કરે ત્યાંહાં ।૫૧। અમે તો વેવારના કાજમાં માતા રહું । અહીંના અસૌકર્ય સૌકર્યનું તે તમો થકી લહું ।૫૨। આ કહે તમે મનોરથ અંત કર્યા અમને ઘણુ । તારે ભાગ્યે ભાગ્ય વીસ્તાર કરૂં હું અમ તણુ ।૫૩। તારા મનોરથમાં મનોરથ પોહોંચે છે અમ તણા । તારા શુણમાં મોહન રૂપ મોહન ને મોહામણા ।૫૪। તું સૌભાગીયો ભાગવાન દાન તુંને કર્યું । હિત વાત્સલ્ય અકયતાએ કરી પ્રેમે ભર્યું ।૫૫। એમ પરસપરે ઉપકાર ઉભય રસ ભરીને । વીનય પુર્વક રહે છે રસે ભર્યા આરત ધરીને ।૫૬। અને સ્વરૂપ સબંધીયા કાજ કરે તત્પર થઇ । સેતા સુખદ મનોરથ રહીત કેવલ વાત્સલ્ય મઇ ।૫૭। તે વીસ્તારે વીસદ નવ થાએ કહે નાવે પાર । એહોના

સ્વકીય હોએ તે જાણે કે એ અનુભવનહાર ।૬૫૮। આવશ્યક તે અનેક પ્રકારના એમજ ધરીને । આવે શ્રીમુખ જોવા આરત ભરી ફરીને ।૫૯। એહોને જોઇ પ્રભુની પ્રસન્નતા પ્રહસીત થઇને । તે સબંધનો રસ સુચન કરે નયણમાં લેઇને ।૬૦। એહોના તે પરસપરના રસમાં ગમ્ય નહીં કેહેની । એ છે અનીરવચની વીસ્તારે વાત લહે એ એહની ।૬૧। આંહાંનું સૌકર્ય સહુ દ્રષ્ટે જુએ અને ઉરમાં ધરે । જેણી ભાંતે સુખાવહ હોએ એ ઉદ્યમ કરે ।૬૨। મહા વાત્સલ્ય રસ તણા રૂપ સ્વરૂપ રસે પાગ્યા । સુખ સ્વારથ રહીત રહે છે તે પ્રીય સુખે અનુરાગ્યા ।૬૩। એહની સેવા ને કૃત્ય આચરણ વહાલ વાત્સલ્ય જેહ । કોટી રસનાએ કોટી જનમ કહું પાર નાવે તેહ ।૬૪। સર્વસ્વ જે સમર્પણ તણો તે ધર્મ એણે રાખ્યો । અને સ્વરૂપાત્મકનો રસ તે એણે ચાખ્યો ।૬૫। એ પ્રાગટયને હીતે એ ભગવદીનું પ્રાગટય હવું । એહોને હીત પ્રભુનુ પ્રાગટય એ કારણ અભીનવું ।૬૬। તો એ વીસદ કયાંહાં લગી કરીએ ને ધરીએ તે મન માંહાં । એહના અનુભવની કણીકા ન જાણે કો સ્વપન્ન માંહાં ।૬૭। એ તો મેં દીઠું છે પરદ્રસ્યમાન ને અનુભવ કરી કહ્યું । એહોની જે કારણમઇ કરણા તેથી મેં એક કાંઇ લહયું ।૬૮। માટે સંક્ષેપે કરીને કહું છું કાંઇ સુચન માત્ર । એથી સેહેજમાં સહુ જાણસે જે અનુભવી પાત્ર ।૬૯। અહીં સમય સમય સહુ વીનીયોગ વાહાલાજીને આવસે । એ મનમાં આણી મોકલે સુખ હીતનું જાણી ।૭૦। તે આગલને માંગલ્યે વીસદ કરીને કાંઇ એક કહેસું । એહોની કરણાની સહાયે કરી જેહવું લહેસું ।૭૧। એહના પરીકરનો કિંકર ને છે એહોની આસ કહે દાસ ગોપાલ કૃપા કરીને રાખો પાસ ।૬૭૨।

ઇતીશ્રી સ્વરૂપ રસાવલી ગ્રંથનું
માંગલ્ય ૧૨ – મું
સમાપ્ત

માંગલ્ય – ૧૩

શ્રી ગોકુલેશો જયતી
શ્રી સ્વરૂપ રસાવલીનું માંગલ્ય તેરમું લખીયે છે
ઉથાપનનો પ્રસંગ એહમાં વૈશ્નવનો પ્રકાર લખાસે
એ ગાવાને અનુકર્ણ
કનકમે કલસડા ચાર તો સુવર્ણ માટલીયે
એણી જાતે ગવાસે

શ્રી મહારાજ રાજેશ્વર રસ ભર્યા પરમ ઉલટ ભર્યા એ । મહા ભાગ્ય સોહાગણી શ્રષ્ટી સહસ્ત્રા વીધી પરવર્યા એ ।૧। અતી ઉગ્ર પ્રતાપે પુર્ણ રસાનંદે પુરણ ભરી એ । બેઠા છે તે ઉથાપને આપ આનંદ ઉદય કરી એ ।૨। બહુ ભગવદી ભાવ સમાન ઉભા તે દર્શન કરે એ । આપાપણા મનોરથ ભેર આરતની આસ્ત હરે એ ।૩। શ્રી બેઠકે બહુ ભીડ ભરીય અપરમીત ગહગહી એ । તે તો પુર્વ પ્રસંગે વીસદ કરીને તે કાંઇ એક કહી એ ।૪। કહયા વીષય ઉથાપનના તે અનેક વીસદ કરી એ । વલી કેહેસું કાંઈ એક એહ માંગલ્ય માંહેં પરમ ઉલટ ભરી એ ।૫। ચહુંદીશ તણા ભગવદી ભાવ જુત આવે દર્શન હીત એ । તે તો ભાવતી ભેટ બહુ ભાંતની લ્યાવે છે પ્રતિનીતે એ ।૬। તે સુચનીકાએ કરીને કહીએ છીયે બુધ્ધી અનુસારની એ । જથારથ કહી જાયે ન કેણે બહુ વીસ્તારની એ ।૭। એમાં આગરે રહે છે જે ભગવદી ભાગ્યે પુરા મુદા એ । કરે ભેટ વાત્સલ્ય જુતે કરી પ્રણય ભરી સદા એ ।૮। શ્રી ગોકુલ સ્થીતી નીત્ય નીવાસ કરી રહયા એમ લહે એ । પણ આગરે સેવા નીમીત્ય વહેવારને ત્યાંહાં રહે એ ।૯। એણે ભેટ તો દેહ ને પ્રાણ ઈંદ્રીય નખ શીખ લગી એ । કરી કરી રહયા છે તે પ્રથમથી સ્વરૂપમાં પગી એ ।૧૦। એહને ભેટ અને મનોરથ તણુ તાતપર્ય રહ્યુ નથી એ । એક પ્રભુ સુખે સુખ કરી લેખે એ કાંહાં લગી કહું કથી એ ।૧૧। એ શ્રી પ્રભુના સ્વરૂપ સ્વતઃ સ્વઈચ્છીત સ્વકીયના સાર છે એ । નીજ મનોરથ પુરણ કર્યાનો એ ન્યારો ભંડાર છે એ ।૧૨। તે પ્રભુને સુખાવહ કાજ વાત્સલ્યનું સહ કરે એ । તે માંહાં ભેટ મનોરથ ભાવ અનેકના કાજ સર્વ સરે એ ।૧૩। એ છે બૈઢ પરીકર તણા ઘણી ઘણી ભાંતે પુરા સદા એ । દેહે દ્રવ્યે ભાવે પરીકરે સહીત સાનુકુલ સર્વદા એ ।૧૪। તેહના આગમનું તે વૃતાંત કહ્યું માંગલ્ય બારમેં એ । વલી એ માંગલ્ય માંહાં સુચવું કહી સમે સમે એ ।૧૫। એ મહા ભાગ્યવાનની કૃત્ય છે પરમ કારણમઇ એ । ન ભુતો ન ભાવી વર્તમાન એણે સર્વે ઉપર છઇ એ ।૧૬। જેહવું પ્રાગટ્ય પરમ વરેસ સુદેશ કૃત તેહવી એ । એહવું ચૌદે ભવન માંહાં કો નહીં કહું આ જેહવી એ ।૧૭। નીત અમીત અખંડ ઉદાર લીલા જે છે નવનવી એ । એહ ભકતની પરમ વરેસ કૃત હસે નહીં એહવી હવીએ ।૧૮। જેહની સચનીકાએ સુરતે કરી જગત કૃત કૃત્ય હોએ એ । ને પુરૂષારથ સકલ સનમુખ હોયે જોએ સનમુખ જોએ એ ।૧૯। પ્રભુની કૃતમાં કૃત્ય મેલીને પુષ્ટ પુષ્ટ કરી એ । અનીરવચનીય અગમ લીલામાંહેં રસ

ભરી એ ।૨૦। શ્રી ગોકુલપતીને જે મોહામણી મોહક થઈને એ । તેહને વીસદ્ હું કોણ પ્રકારે કરી શકું કહી અને એ ।૨૧। પણ કેહેવાને મન અકુલાયે અનુભવે મનોરથ ભરી એ । એ અગાધીતા જોઇ મન હારે ઉદ્યમ કરૂં ફરી ફરી એ ।૨૨। લખવાનો વીસ્તાર કરતા તો એ પાર થાતો નથી એ । અને અણલખે અસહી પરીતાપ ઉરથી તે જાતો નથી એ ।૨૩। પ્રભુનુ તો ચરીત્ર લખાએ જે કીધું પ્રગટ કરી એ । આંહાંની કૃત લખી ન જાયે પ્રતીક્ષણે મનોરથ ભરી એ ।૨૪। એક પ્રભુના ચરીત્રમાં એહના મનોરથ સત ગણા એ । તો કેમ ભેટ મનોરથ ભાવ પ્રગટ કહેવાએ તે એહો તણા એ ।૨૫। માટે એહોના ચરણરજની ઉપાસના મેં કરી એ । એહના પરીકરની પદરેણુ તે લેઇ માથે ધરી એ ।૨૬। પછે અણટંક માત્રે અનુમાને સંક્ષેપે સુચન કર્યું એ । બાકી વીવીધ વાત્સલ્ય વીસ્તારનું રહયું એમજ ધર્યું એ ।૨૭। પ્રાત થકી તે પોઢયા પરજંત પછી અભીનવી એ । ત્યાંહાં સેવાની કૃત એહોની સુખદ હસે ન એહવી હવી એ । ૮। રીતુ ભેદની ભાંત અનેક વાત્સલ્ય રસે ભરી । એ તે સમુચ ઉથાપને કહું કાંઇ એ સુચન કરી એ ।૨૯। એહ ભગવદીનો દયા પાત્ર એ પાત્ર જાણી અને એ । નીસાધની કરૂણા રસે હું ભર્યો દયા આણીને એ ।૩૦। અપણાવી નીકટ લેઇ દાન અમોઘ રસનુ કર્યું ।એ । મારી જોગ્યતા સમ પ્રબલ થઇને પ્રતિ અંગ માંહાં ભર્યું એ ।૩૧। એ ઉપકારનો પ્રતી ઉપકાર કરવા કો સામર્થ નહીં એ । એ છે અમીત ઉપકારના રૂપ વીસદ્ કરૂં શું કહી એ ।૩૨। એહની કરૂણા તણે પ્રતીબોધે બોધક થઇ થઇને એ । સ્વરૂપાત્મક કૃત્ય એહની કહું સાંભલો ચીત દઇને એ ।૩૩। પ્રાતઃ પોઢી ઉઠે ત્યાંહાં રીતુભેદની સેવા તે એહોની એ । ગદુઆને મંદીર કરી રાખે છે વાત્સલ્ય જુત નેહની એ ।૩૪। ચરણ ક્ષાલણે ચતુરવરને હીતે અનેક વાત્સલ્યની એ । નેહે પાગી અને દ્રવ્ય અનેક જુત બુધ પ્રાગલ્યની એ ।૩૫। તેલ ગાદીએ તેલ ગાદી તણો તે પ્રસંગ કહયો એ । તે માંહાં એ મહા ભાગ્યવાનનો મનોરથ સહુ લખો એ ।૩૬। નાહવા સમય જે ઘરદની કોમલ આદી અંગવસ્ત્ર લગી એ । ધોતી ઉપરેણો તીલક તર્પણ તણા સાજ કરે હીત પગી એ ।૩૭। વલી ભીતર ગાદીનો સાજ કોમલ બેસવા તણો એ । અને જલઘરે સાજ અપરસ્ર કર્યો પરમ સોહામણો એ ।૩૮। બીજીવાર બાહર પધારે ત્યાંહાં જતન બહુ ભાંતના એ । રીતુ ભેદે કરે છે અનેક વાત્સલ્યની પાંતના એ ।૩૯। શ્રી બેઠક તણો ચોક ચોકા દેઇને સમરાવીઓ એ । અતી સ્વચ્છ સુખદ કર્યો સાર શ્રી પ્રભુજીને ભાવીયો એ ।૪૦। તે ઉપર થઇ પધારે છે નાથ નીત ગમન સુખસું કરે એ । તે જોઇ જોઇને ભાગ્યવાનને નયણે અમી ઢરે એ ।૪૧। ગદુઆને મંદીર પધારતા પનહી આગલ ધરી એ । ઉન ઉપર અસ્તર મૃદુલ જે પરમ સુંદર કરી એ ।૪૨। તે પહેરી પધાર્યા ભીતર જ્યાંહાં અતર ને અબીરનો એ । મોગેથી મકરંદ ફેલ્યો આગમન સમીરનો એ ।૪૩। શીતકાલે સાંપ્રત્ય સહુ એ કરે વરખાએ વીધી ઘણી એ । તે કાંઇ લખીએ પણ લખી ન જાએ અતુલ કૃત એહો તણી એ ।૪૪। વલી ચરણ ક્ષાલણ સ્થલના તે જતન જુગતે કર્યા એ । નાહયા સમયના સાજ સુખાવહ કાજના કરી ધર્યા એ ।૪૫। જલઘરે બેઠા તણા

સાજ ગાદી જે મખમલ તણી એ । ઉપધાન અપરસ સહુ સાજ કીધા એણે હીત ગણી એ ।૪૬। ત્યાંહાં ઓસડ અનેક પ્રકારના અનેક દ્રવ્યે કરીએ । કર્યા ભાગ્યવાને ભલી પેર વાછલ્ય ઉરમાં ધરી એ ।૪૭। તેહના ઉદ્યમ ને ઉપકર્મ ને શ્રમ કહાં લગી કહું એ । પરકાયા પ્રવેસે વીનીયોગ આણે તે હું નવ લહું એ ।૪૮। હવે બેઠકે આવીને સાજ કરે જે બેઠક તણા એ । સમીયાના જુજુઆ તે ચોકમાંહાં દીધા સોહામણા એ ।૪૯। છીરકાવાને સાજ ગરમી તણા પરમ સુખદ રચ્યા એ । તે હું પ્રથમ કહી આવ્યો છું સર્વ જે ભાગ્યવાને સંચ્યા એ ।૫૦। વલી કીધા ચટાઈના સાજ ત્યાંહાં ગાદી મખમલ તણીએ । ઉભા તકીયા ટેકા તણે કાજ માંહેં સુખદ રચના ઘણીએ ।૫૧। દ્રવ્ય વસ્ત્ર ઓસડ અને પાત્ર પાત્રાપાત્ર વણ જુએ એ । ઉદારતાએ જે અપાએ આવીને માંગે કોએ એ ।૫૨। તે ચટાઈએ બેઠા તણે સમય સેવા મેં એહની કહી એ । જથારથ તો કહાંથી કહેવાયે કહી જેહવી મેં લહી એ ।૫૩। હવે ભોજને ભોગ સામગ્રી જે ઉતમ જાણીએ એ । અને પ્રાણપ્રભુને જે હીતા એ સરાહે છે આણી એ ।૫૪। ચોખા જીનવા પુરવના તે સરાહ્યા પોતે કહી એ । તે ઉતમથી ઉતમનો ઉદ્યમ કરીને તે આણ્યા અહીં એ ।૫૫। એહને કાજ પરવત રાજ લગી પુરવ પ્રમુદીત થઈ એ । સ્વકીય સુખદ જે વસ્તુના જાણ તે મોકલ્યા ચીત દેઈ એ ।૫૬। તેણે દ્રવ્ય ને દેહ પરજંત ઉદ્યમ કરી કરીને એ । જે જે સ્થલ માંહાં ચાવલ નીપજે ત્યાંહાં ફરી ફરીને એ ।૫૭। લાવ્યા ઉતમથી તે ઉતમ જોઈ ચાવલ જીનવા એ । ભાગ્યવાનને ભાગ્યે કરી વીનીયોગ અહીં હવા એ ।૫૮। વલી અમરસ ગોલ સુરણ તે સોહાએ મહા પ્રભુને એ । જે જે રૂચતું જાણે તે રસોઈ માંહાં આપે જાણી મને એ ।૫૯। જાણે કોઉ પ્રકારે રૂચે ને હીતાએ જે એહોને એ । તેહને કાજ ઉદ્યમ કરે બહુ તને મને ધને એ ।૬૦। વલી અચવી પધારતાં ગલીની ભોમી જુની હતી એ । ત્યાંહાં પધારતા મન કરખ્યું રહે એવા એ શુભ મતી એ ।૬૧। તે ચોકા દેવરાવી કરી સુઢાલ કોમલ ઘણુ એ । ત્યાંહાં સુખસું પધારે છે નાથ શું શું કહું એહ તણુ એ ।૬૨। ચોકી ચંદનની તે એણે કરી બહુ રચના કરી એ । ગાદી મખમલ પરમ અમોલની આણીને ત્યાંહાં ધરી એ । વલી ચરણાવીંદ રહયા તલે ગાદી મખમલ તણી એ । મહા વાત્સલ્ય જુત ત્યાંહાં ધરી કરી વીનતી ઘણી એ ।૬૪। હવે સેજ મધ્યાનની પોઢવા સાજ એહોના ત્યાંહાં એ । સુપેતી ચાદર ને સીરાહણા સોંઘા કહીએ કાંહાં એ ।૬૫। રીતુ ભેદના ભેદ અનેક તારતમ્ય બહુ ભાંતના એ । ટેરા ઠાડી સમીયાના તે છાત શોભા તણી પાંતના એ ।૬૬। વલી પોઢવા સમયના સમયમાં સેવા તે એહની એ । કહી આવ્યો છું સુચન માત્રે જે જે કરી નેહની એ ।૬૭। પોઢયા પછીનો રસીક પ્રસંગે સાજ રસીયે જે અંગી કર્યો એ । ઉપયોગ લહીને તે ઉપયોગનો આણ્યો ઉલટ ભર્યો એ ।૬૮। ત્યાંહાં પંખા પરંજત બાહેર તણા કાજ સહુ એહો તણા એ । જે જે વાત્સલ્ય જુત સુખાનંદના કીધા છે અતી ઘણા એ ।૬૯। પોઢી ઉઠયા પછી જે જે કૃત્ય ત્યાંહાં સેવા છે એહ તણી એ । કાંઈ કહી અને કહું છું કહેસું જે પરમ સોહામણી એ ।૭૦। હવે ઉથાપને

જે ઉથીત રસીકવર મહા ભોગીઆ એ । બેઠા ગાદી તકીએ મહારાજ ભકત સંભોગીયા એ ।૭૧। ત્યાંહાં ભેટ કરે છે ભાવે ભરી શ્રીઅંગ ઉપયોગની એ । મહા વાત્સલ્ય જુત ને નેહે ભરી કેવલ ભોગની એ ।૭૨। ગાદી તકીયાના સાજ નીતન અને સુખદ લપેટયા એ । જેહવી રીતુ તેહવા સાજ કરી ધરે તે કૃત્ય એહ તણા એ ।૭૩। જલપાનને ગડુઆ કનક તણા સાજ સાથે કર્યા એ । કપુરદાની ચુનોટી કનક તણી એ સાજ આણી ધર્યા એ ।૭૪। પાન મધર મીઠા ને સુસ્વાદ સુવાસ સૌરંભ ભર્યા એ । લીધે સદ્ય સંતર્પણ હોએ તે ભેટ ભાવે કર્યા એ ।૭૫। નાગવેલી ઉપર રૂચી ધણીની તે ધણી જોઈને એ । તે ઉતમથી ઉતમ અણાવે કહી પરીકર કોઈને એ ।૭૬। ને ગરમીએ ગુલાબ ચુઆવે તે શ્રમ કહયો જાએ નહીં એ । શ્રીઅંગના તે વીનીયોગને કાજ કીધો છે અહીં એ ।૭૭। આગામાં દેશાધીપતીને ડેરે કુલ કો ન લઈ શકે એ । મહા દંડ દેઈને દ્રવ્ય લીજીએ જે કોઇ સામું તકે એ ।૭૮। ઠામ ઠામે ચોકી રખેવાલ તે સુગંધ જોતા રહે એ । કુલ હાથ દેખે કાપે હાથ તે હાકેમને કહે એ ।૭૯। એવામાં પેસી સેવાને હીતે પ્રભુના કાજને એ । લહી સુખદ સામગ્રી સાર ઉપયોગ મહારાજને એ ।૮૦। કરી સાહસ પ્રાણ સમેત નીરહેતુક હીત લહી એ । દ્રવ્ય રાસ ગણી તૃણ તુલ્ય તે આગામાં રહી એ ।૮૧। ઘેર ગાલે ગુલાબના કુલ લાવે તે સાહસ કરી એ । ઘણુ ગોપ્ય પ્રકારે કરી અહીંયા આણે શીસા ભરી એ ।૮૨। તે વીનીયોગ આવે વાહાલાજીને પ્રતી નીતે પ્રેમસું એ । તે સુખ જોઈ અને પ્રતી વરસે તે કરે એમ નેમસું એ ।૮૩। વલી આંબ અણાવે અનુપ જે પ્રભુજીને મન વસે એ । આરોગતા જોઈ એ ભકતના ઉર અતી હુલસે એ ।૮૪। જેમાં મધુરતા પરમ મીઠાઇ જુત દ્રવીત રસ જેહમાં એ । એક કરમાંહે ગ્રહ્યું રહે આંબ પ્રભુની સુરૂચી તે માંહાં એ ।૮૫। નીપટ મોટું ને વૃધ રસ હોયે ખાટું તો રૂચે નહીં એ । એ સ્વભાવ વાહાલાજીનો જાણી રૂચી અરૂચી મન માંહાં લહી એ ।૮૬। એણે હેતે ઉદમ તે અનેક કરે છે મન માંહાં ધરી એ । પ્રભુને ઉપયોગ એ આવે એમ વાત્સલ્યે અનુસરી એ ।૮૭। આંબ જયાંહાં જયાંહાં ઉતમ હોએ અણાવે છે ત્યાંહાં થકી એ । એહના ઉદમનો નહીં પાર નહીં કહી શકીએ ।૮૮। કીરાણે લેવા માણસ મોકલ્યા ઉતમ સાંભલી એ । કો જલેસરથી તે અણાવ્યા વીનીયોગને મન રલી એ ।૮૯। આગરાની અમરાઇમાં આંબ જયાં જયાંહાં ઉતમ ઘણુ એ । તેની તો પાલેજ કરે ઘેર જતન કરી તેહ તણુ એ ।૯૦। વલી ઠામ ઠામે થકી વેંચવા લાવે કો આપથીએ । એહની થાહ ઉદારતા સુણી લાવે તે પ્રતાપથી એ ।૯૧। જયાં લગી ઉદમ અને દ્રવ્યથી હાથ આવે એહ એ । તે કરે ભેટ પ્રકારાંતરે કરી વીસદ ન થાએ તેહ એ ।૯૨। એક સમય વીનીયોગ ને કાજ ઉપયોગ મહારાજને એ । એતદર્થ ઉદમ કરે બહુ વાત્સલ્ય સાજને એ ।૯૩। વલી દ્રાક્ષ વીલાયતી આવે છે પેટીમાં ભરી એ । તેહનો દ્રવ્ય આપીને બંધ પેટી તે ખરીદ કરે એ ।૯૪। તેમાં જુએ તો સુકતા સુકતા નીપટ થોડી રહી એ । તે તળકડીમાં કર મેલે

એ ભાવ મનમાં લહી એ ।૯૫। એક વાર કર મેલીને એક દ્રાક્ષ કરમાં ધરે એ । તેને કાજ ખરચી બહુ દ્રવ્ય અનેક ઉદ્યમ કરે એ ।૯૬। ને ખરબુજા વીલાયતી આવે છે બહુ મોલના ઓ । તેને સ્વાદ કહયો નવ જાએ બીજા નહીં એ તોલના એ ।૯૭। બીજા અનેક આવે છે પાલેજના મીઠા સુંદર ઘણુ એ । તે અનાર પસ્તા ને મેવા ઘણા શું કહું તેહ તણુ એ ।૯૮। તે તબકડીના સમયમાં આવસે કહેસું વીસદ કરી એ । કયાંહાં લગી કહું એહની કૃત્ય તે બહુ મનોરથ ભરી એ ।૯૯। વલી શાક સોહાએ જે પ્રભુને તે લાવે પ્રીતે એ । રીતુ ભેદના જાવદ સર્વ લાવે છે તે પ્રતી નીતે એ।૧૦૦। સોંધા અગર અતર ને જવાદ અંબર ને મૃગમદ જેહ એ । એવા અનેક સુવાસ જુત લાવે વીનીયોગ આવે તેહ એ ।૧। ને ગુલાબ ચમેલી રાયવેલ સુગંધરાય અભીનવું એ । કેવડા કસ્તુરીનું તેલ વીનીયોગ અહીં હવું એ ।૨। વલી વસ્ત્ર શ્રીઅંગ વીનીયોગના જે સેજ આદે દેઇ એ । ચરણવસ્ત્ર લગી મનોરથ કરીને એહ આવે લેઇ એ ।૩। દ્રવ્યનું તો કયાંહાં લગી કહેવાએ જ્યાંહાં મનોરથ પ્રભુને એ । ઉદારતાએ જેહને આપ અપાવે તે એહો કને એ ।૪। તે કાંઇ કહ્યું ચટાઇએ વલી એ કહેસું અહીં એ । બડી સેજયાએ ગોપ્ય પ્રસંગમાં વીસદ કહેસું તહીં એ ।૫। વલી પાલખીનો જે મનોરથ કર્યો ઉગ્ર અતી અભીનવો એ । તે તો પ્રભુએ કરાવ્યો એહો કને હસે ન એહવો એ ।૬। ઠાકુરદ્વારનુ ગમન આગમન સૌકર્ય વીચારી ને એ । સુખપાલ વાહન મહા વરેસ સુખદ ચીત ધારીને એ।૭। એણે બેસે જો પ્રાણાધાર તો સુખસું ગમન કરે એ । મારા મનોરથનો અંગીકાર કરીને આરત હરે એ ।૮। એવી મનમાં પ્રાર્થના કરીને તે ઉદ્યમ કર્યો એ । પરીકર સ્વકીય સહીત બેસીને વીચાર મનમાં ધર્યો એ ।૯। સુખપાલ ભોઇ અને વાંસ દક્ષણમા પામીએ એ । તે આવે મનોરથ સીધ થાએ ને સહુ દુખ વામીએ એ ।૧૦। પછે તેડી વૈશ્નવ વીતપનને વીનય ઘણો કરીને એ । આપી દ્રવ્ય હુંડી તેહોને હાથ શીક્ષા કરી ફરી ફરી એ ।૧૧। વલી વસન વાહન ને સામાન કરીને વલાવીઆ એ । ત્યાંહાં જઇને ભોઇ સીધ કીધા જેવા મન ભાવીયા એ ।૧૨। અને વાંસ લીધો ભલાબંકનો ને બહુ મોલનો એ । બીજો જોયો તે દેશમાં ફરી પણ નહીં એ તોલનો એ ।૧૩। એહવો વાંસ ભોઇ તે કુટુંબ સાથે સહુ એ । એમ લાવ્યા એ ઉદ્યમ કરી અને દ્રવ્ય આપી બહુ એ ।૧૪। પછે પ્રાણવલ્લભજી ઉથાપને બેઠા છે જેહ સમે એ । સુખપાલ તણી વીનંતી કરી છે વ્હાલાને તેહ સમે એ ।૧૫। સવંત સોલસો નેવુંઓ મહા સાર ફાગણ સુદ પંચમી એ । એણે સુદીને બેસાડયા સુખપાલ એ વાત સહુને ગમી એ ।૧૬। ત્યાં ભેટ પહેરામણી અનેક ન્યોછાવરી કરી બહુ એ । ભોઇને તે ચુડા હેમના રજતના સંતોષ્યા છે સહુ એ ।૧૭। વલી સ્વકીયે તે દાન પરીધાન મનોરથ બહુ કર્યા એ । એણે એહોને કીધા ઉછાહે પરસ્પર રસ ભર્યા એ ।૧૮। એના મનોરથમાં મનોરથ અનેકના સીધ થયા એ । તેનો અનીરવચની છે વીસ્તાર વચને ન જાએ કહયો એ ।૧૧૯। તેનો પ્રસંગ સ્વતંત્ર સ્વતઃ લખ્યો છે ન્યારો કરી એ । ભાઇ

ગોકુલદાસ નાગર વડોદરાના ઉલટ ભરી એ ।૧૨૦। માશા મહેદના એ કૃપાપાત્ર મનોરથી મહેદ તણા એ। જેણે કવીત કર્યા રસ રૂપમાં ભાવ સોહામણા એ ।૧૨૧। વલી એણે પ્રભુજીના પદ કર્યા સમય સમય લહી એ। નીત્ય ચરીત્ર કર્યા છે અનુપ રસરૂપ ભાવે કહી એ ।૧૨૨। જેણે કેવલ રસ એ સ્વરૂપનો સમ્યક કરી લહયો એ। એણે ગોકુલદાસે સુખપાલનો પ્રસંગ વીસદ કહયો એ ।૧૨૩। વલી એહોનો કનીષ્ઠ બાંધવ જે છે વેણીદાસ એ। એહુ આહીં આવી રહયા કરી શ્રી ગોકુલ વાસ એ ।૧૨૪। એ સુખપાલની લીલા આદી તેમાં લણી છે વીસદ કરી એ। તે જાણે છે સહુ અનુભવી પાત્ર હું શું કહું ફરી ફરી એ ।૧૨૫। હવે પવીત્રા ને વસંત આદીદેઈ ઉછવ ઉછવે એ। ઉથાપને કરે ભેટ પહેમણી ભાવ તે નવનવે એ ।૧૨૬। હવે શ્રી મહા ઓછાવોછવ જે પ્રાગટય શ્રી મહાપ્રભુ તણુ એ। માગશર સુદી સાતમ નામ તે પરમ સોહામણુ એ ।૧૨૭। એહનો ઓછવોછવ મહા ભાગ્યવાન કરે છે પોતે થકી એ। મહા મનોરથે ઉછાહા ભેટ તે નવ કહી શકીએ એ ।૧૨૮। વરસ આગમ એ પરમ ઉછાહા ઉલટ તે માએ નહીં એ। ઠામ ઠામથી વસ્તુ ઉપયોગની સંગ્રહ કરે અહીં એ ।૧૩૦। વલી ભુષણ વસ્ત્ર સીધા ને સામગ્રી ઉછાહસું એ। સહુ સીધ કરી કરી ઘરે અતીસે ચાહસું એ ।૧૩૧। એહને ભાગ્યે મહાભાગ્ય સૌભાગ્યનો દીવસ આવે જ્યારે એ। એહના ભાવતા મનોરથ અનેક પ્રકારે કરે ત્યારે એ ।૧૩૨। તેલ અનેક પ્રકારના ને વલી કેશર કલસ ભર્યા એ। નવરાવે છે નાથને મોટે વાજીંત્ર બહુ સીધ કર્યા એ ।૧૩૩। આરતીને થાલ રજત તણી ઘણી ભાંતે સજી એ। તે સમય વૈભવ ને શોભા જોઈ શોભા રહી લજી એ ।૧૩૪। પહેરાવે ભુષણ બહુ ભાવતા ભાવતાને ત્યાંહાં એ। એહ મનોરથે ભાવારથે ચઢયા તે કહીએ કાંહાં એ ।૧૩૫। તે ઉદારતા કહું કે ઉછાહા કહું કે કહું એ પહેરામણી એ। પરસપરના અવારીના દાન આરત કહું એહ તણી એ ।૧૩૬। એ કહેવાને મનોરથ લેર કાંઈ એક ઉદ્યમ કર્યો એ। પણ અગાધીતા અપરંપાર જોઈને તે હું ઓસર્યો ।૧૩૭। મહા ભાગ્યવાન એ ભકત અનુરકત સ્વરૂપના એ। રહે વેધાયા વીસનત્વે કરીને અનુદીન રૂપના એ ।૧૩૮। પ્રભુની લીલા એહની સેવાએ સંવલીત રાજતી એ। એહની સેવા લીલાએ સંવલીત એમ નીત્ય બીરાજતી એ ।૧૩૯। પ્રભુજીના મંનના સ્વરૂપ એ ઉભય પરીકર લઇ એ ગોકુલપતી અને મોહન રૂપ એ પ્રતી નીતે સુખમઇ એ ।૧૪૦। એહનો અનીરવચની ઉભય ધર્મ તે મર્મ કો નવ લહે એ। અનુભવ લગી નહીં પ્રવેશ તો ગોપ્ય રસ કેમ કહીયે એ ।૧૪૧। એહવા ગોકુલભાઇએ એહ પ્રસંગ વીસદ કરી એ 'સ્વરૂપાનુભવ ઉછવ' ગ્રંથ એહવું તે નામ ધરી એ ।૧૪૨। એ પ્રસંગ સહુ આપ અનુભવ કરીને વલી આચરીએ। પોતા તણા કૃત્ય પોતે વીસદ કર્યા છે તે કરૂણા ભરી એ ।૧૪૩। જેમ વેદે કહ્યું ભગવદ સ્વરૂપને ભગવદ સ્વરૂપ લહે એ। બીજો કો એ ન જાણે જાણે જેને આપ કહે એ ।૧૪૪। તે એના અનુભવનુ સામર્થ જાણ્યાનું કેને નહીં એ। તે માટે નીજ અનુભવ સ્વકીય હીત પ્રગટ કીધો અહીં

એ ।૧૪૫। એવા એ ભગવદીની કૃત્ય કહી કહી અને ક્યાંહાં લગી કહું એ । એતો વાણીને નહિં સામર્થ મનમાં જાણી રહું હું એ ।૪૬। એ મહાઓછવ મહા મનોરથ કર્યો પ્રભુના શ્રેયને એ । જેથી કુશલ શ્રીઅંગને હોએ ને ધર્મ વર્ધન થઈને એ ।૪૭। શાસ્ત્ર રીતે લૌકીક ઉપચાર વીચાર મનમાં ધરી એ । જે વાત્સલ્ય અને સ્નેહ નીરહેતુક હીતની અવધી કરી એ ।૪૮। જેમાં સ્વારથ મહાતમ અંસ કાંઇ મનમાં નવ ધર્યું એ । તે કાંઇ કહું છું અનુભવ સીધ જે ભાગ્યવાને કર્યું એ ।૪૯। એક ગાય વીઘોગતીયે આપ્યાની પ્રભુને વીનતી કરી એ । તેહનો સંકોચ મનમાં ધરીને પ્રભુજીએ ના કહી એ ।૫૦। બહુ વીનય કરીને વીનવ્યા રાજ એમ કીજીએ એ । ત્યારે શ્રીજીયે કહ્યું એસો પાત્ર કહાં જાકું દીજીએ એ ।૫૧। એક લક્ષ્મી વલ્લભ ગોપી કાન્ત કો વીધી લહે તેહને એ । પછે નીશ્ચે કર્યું મનમાં જે આપીએ એહને એ ।૫૨। પછે તેહને આપી વીઘોગત કરી ગાય અતી ગુણ ભરી એ । તે અનુભવ સીધ વીઘોગત લખીએ છીએ કાંઇ વીસદ કરી એ ।૫૩। પ્રથમ એહ બ્રાહ્મણને હસ્ત મુદ્રા ને કરણ મુદ્રા ધરી એ । માલા કંઠમાં ને માથે મુગટ ઠામ ઝાવું કરી એ ।૫૪। કરી તીલક એ વસ્તુ આપીને પ્રથમ વરણ કર્યું એ । હવે કહું જે પ્રથુક પ્રથુક સહુ જે જે સંકલ્પ કર્યું એ ।૫૫। પ્રથમ ગાય ને વછ સુંદર અને દુધ પુરીત ઘણા એ । તેના સીંગ બે માસા શત એકના કર્યા સુવર્ણ તણા એ ।૫૬। ખરી ચાર રૂપાની સુશોભીત પીઠ ત્રાંબે મઢી એ । સવા છે શેર તોલ વ્યાલીસ ને એમ ત્રાંબે ગઢી એ ।૫૭। કંઠે ઘંટ ને માલા સુવર્ણની વસ્ત્ર કંઠે ધર્યું એ । એક પટવસ્ત્ર લાલ ઓઢાડી ઉપર શોભા ભર્યું એ ।૫૮। કંઠે ચમર બાંધ્યું સુશોભીત ને મુગતા તણી એ । લર પાંચ પુછે લેઈ બાંધી છે પરમ સોહામણી એ ।૫૯। કાંસાનું પાત્ર સેર સવાછનુ પંચરતને કરી એ । રૂપું સોનુ માણેક અને મોતી પરવાલા તેમાં ધરી એ ।૬૦। કાંસાનો કટોરો સવા સેરનો તે ઘીએ ભર્યો એ । રૂપીયો એક એક લેઈને તેહ ઘૃતમાં ધર્યા એ ।૬૧। પરચુરણ આખું બ્રાહ્મણને જુલીચો એક બેસવા એ । ગડુઓ ને પનહી ધોતી જોટા બે નવા એ ।૬૨। એક સુત્રનો ને બીજો રેશમી ખાંડ એક શેરસું એ । એક છડી આપી કરમાં તે ઘણી વીવેકસું એ ।૬૩। વલી ધુપને અગરનો ટુંક ચંદન તણો એ । સોપારી અને શ્રીફલ આપી વીવેક કર્યો ઘણો એ ।૬૪। કંઠે પુષ્પની માલા પહેરાવી ને છત્રને કાજ તે એ । તકીયા તણું જાવુ સુવર્ણનુ આપ્યું કરી સાજ જે એ ।૬૫। ગાયને તે કુમકુનુ તીલક કરી પુછ કરમાં ધરી એ । તે સદપાત્ર બ્રાહ્મણ સંકલ્પી મનમાં ઉલટ ભરી એ ।૬૬। દક્ષણા દશ માસા સુવર્ણ આપ્યું તે ઉપર વલી એ । ગોવાલકને રૂપીયો આપીયો અતીસે મનની રલી એ ।૬૭। વિઘોગને ગાય આપીને મનુહાર કરી ઘણી એ । એણીપેરે કરાવ્યું એ દાન શુભ ઇચ્છી ગોકુલધણી એ ।૬૮। એહવા દાન ગોપ્યથી અતી ગોપ્ય કરાવે વાત્સલ્યે અહી આ એ । કાંઇ પ્રભુ જાણે કે નવ જાણે પણ અન્ય જાણે નહીં એ ।૬૯। જેહના નીરવીધ નેહ નીત્ય અછન મનોરથ વાધતા એ । કર્યા ને વલી નીત્ય કરે છે સ્વરૂપ આરાધતા એ ।૧૭૦। કહે વણ અનુભવે ન સમુજે

કોઇએ એહની કૃત્ય કારણ મધ એ । કરનહાર સદપાત્ર નવ જાણે કીધું તે રાતે ફરી એ ।૧૭૧। પ્રભુ પણ કયાંથી જાણે એણે ગોપ્ય ધર્મ કર્યું એ । પ્રભુને જણાવી કર્યું નથી એ વાત્સલ્ય ભર્યું એ ।૭૨। એહવી ગોપ્ય છે એની કૃત્ય ત્યાં ગમ્ય નહીં કોઇનો એ । એ વાહાલોજી ઇશ્વરપણે થઇને ધર્મ લહે એહનો એ ।૭૩। એણી ભાંતે ઉથાપને ભેટ થાએ છે સર્વત્રની એ । એમ સમય સમય થાએ છે તે સર્વ અહીં લખી એકત્રની એ ।૭૪। ભેટ તો છે અપરંપાર સંખ્યા તે આવે નહીં એ । પણ સુચનીકા એ એ સુચવ્યું સ્તોત્ર માત્રે કહી એ ।૭૫। હવે કહું છું પુર્વ પ્રસંગ જે ભાત ગુજરાતથી એ । આવ્યા તે કહયા તે પાછલે માંગલ્યે બુધ સાદ્રસ થકી એ ।૧૭૬। તેહની ભેટ ભાવે ભરી કહી કાંઇ ઉભય પ્રકારની એ । વીતને અનુસારે ભાવ રસને નર નારની એ ।૭૭। માનપાન અને દાન સનમાન પરસપરના કહયા એ । અને હેત વાત્સલ્ય પરસપરના ન જાએ લહયા એ ।૭૮। વલી વીચે વીચે ભેટ પેરામણી વાહાલાજીને કરી એ । મડા મનોરથ રસીકસું રસીકે કીધા અતી રસ ભરીએ ।૭૯। સીંદુર હીંગલો ચાંદલા ને વલી પોથી મહાવર તણી એ । નાડા પાનડી વસ્ત્ર ભુષણ કરે ભીતર પહેરામણી એ ।૮૦। ભીતર લેવા પ્રસાદને તેડયા જે કોઇ આવ્યા તેહ એ । કેણે નામ કેણે તે નીવેદન કીધા છે કરી નેહ એ ।૮૧। જેને સેવા પધરાવવી હોએ તે કોઇ આગમ દીને એ । ચરણાવીંદ પાદુકા પત્ર ધરાવે જાણી મને એ ।૮૨। કોઇ કરે છે સીખડી વેહેવાર પુરી કોએ કોએ જલ તણા એ । કોએ લેવા તેડે ત્યાં જાએ એમ કીધા મનોરથ ઘણા એ ।૮૩। જે જે મનોરથ મનમાં વીચારી આવ્યા હતા મન ધરીએ । તેથી શતગણા પુરણ કીધા વાહાલાજીએ ફરી ફરીએ ।૮૪। અતી તૃપ્ત કરેથી અતૃપ્તા વાધી છે અંગમાં એ ।૮૫। ફરી મનોરથ આરત અધીક થઇ રહયું નીત સંગમાં એ ।૮૫। એણીપેરે રહયા કોઇ દીવશ વીચાર્યા થકી ઘણા એ । થયા મનોરથ અંત ને પાર મનોરથ એહ તણા એ ।૮૬। હવે ઘર દીશા ચાલવા કાજ સાજ સર્વે કરે એ । ચાલવું તો આવશ્યક લહીને નયણે આંસુ ભરે એ ।૮૭। વાહાલાજીને વીનતી કરાવીને મુહુરત જોવરાવીયું એ । જોતશીસું કરી નીરધાર વાહાલાજીને ભાવીયું એ ।૮૫। તે ચાલ્યાને ઉદેશે ચરણામૃત ને અધરામૃત એ । સાવધાન થઇ સંચય કરે છે સાથ લેવા હીત એ ।૮૯। વલી તીલક પ્રસાદી માલ પ્રસાદી કરાવીને એ । કોએ પાત્ર ગુંજ તણા હાર લે છે મન ભાવીને એ ।૯૦। વલી પઠવણી વસ્ત્ર કોઇ કાજ આવે તે સંગ્રહ કરે એ । પોતા કાજ સીધા સામગ્રી લઇ લઇ ભરે એ ।૯૧। કરે દર્શન આરત ભરી કહે અમને કહાં એ ઘડીએ । એ તો પ્રભુની કરૂણા ભરી કૃપાએ કરી જડી એ ।૯૨। હમારે તો સાધન નહીં લેસ સાધન નવ કર્યું એ । નીરાધન કૃલાત્મા નામ તે અમ અર્થે ધર્યું એ ।૯૩। કરૂણા સીંધુ પરમ કૃપાળુ દયાળુ દીન ધરી એ । એહવા નામના કૃત્ય સારથીક તે હમારે વીષે કરીએ ।૯૦। નીજ રસ તણુ દાન કરીને રસે તે અમો ભર્યા એ । પાત્રાપાત્રનો કર્યો ન વીચાર સ્વતઃથી અંગી કર્યા એ ।૯૫। એમ પ્રભુના શુણ ઉપકારની મનમાં સુરતી કરે એ । અતી આરંદ્ર પુલકીત થઇને અંતર ઉર ભરે એ ।૯૬। આવ્યો એવે મુહુર્ત તણો દીન તે સર્વત્રા એકત્ર થઇ એ ।

વીદાયને સમે ભેટ ગુંજ ને માલા તે સાથે લઇ એ ।૧૯૭। મહારાજ રાજેશ્વર રસીકવર બેઠા ઉથાપને એ । એહ કરવો છે સાથ વીદાય એહવું તે જાણી મને એ ।૧૯૮। કોએ રાખે છે આગલ ભેટ ને કોએ પહેરામણી એ । કોએ માલા ગુંજ તે પહેરાવે કો હેમ ને મુકતા મણી એ ।૧૯૯। કોએ ભુષણ અંગ તણા લેઇને ચરણે ધરે એ । ચરણાવીંદ છોઇ આરંદ્ર થઇ થઇને વીદાય કરે એ ।૨૦૦। સહુને પ્રસાદી વસ્ત્ર આપી આપીને એ । પરસાવી પદ ને નીજ સ્વરૂપ તેહને હૃદય સ્થાપીને એ ।૧। કેહને પ્રસાદી માલા શ્રીકંઠની આપે તુલસી તણી એ । કેહને શીક્ષા કરે છે શ્રીમુખ થકી પરમ સોહામણી એ ।૨। કેને પત્ર લખે સમાધાનના તે આપે એહને એ । વલી વસ્ત્ર પ્રસાદી પ્રસાદ થેલી આપે તેહને એ ।૩। કેહેને કહાવે છે આશીર્વાદ સમાધાન કરીને એ । વલી વચન મધુરા મહા રસ ભર્યા કહે છે ફરીફરીને એ ।૪। ત્યાંહાં સ્ત્રીજન ચરણ છોહીને શીષ ચરણે ધરે એ । વાહાલેજી તે નીજ કરે પરસી ઉઠાવી ઉંચા કરે એ ।૫। કેહેના ચાંદલા ચરણે ચોંટી રહયા પ્રભુજીએ નવ લુહયા એ । કેહેના નયણના આંસુ પદ પરસીઆ તે ન જાએ સહયા એ ।૬। કેહને વચન રોધન થયા ગદગદ કંઠે થઇ અને એ । કોઇ ગાઢ ઉચારે રૂદન કરે અલગા જઇ અને એ ।૭। કેહેને નેત્રે વહે જલધાર અપાર અસહી થઇ એ । કો ચકિત ગતી ચીત્રવત કો રહયા સ્વરૂપ ઉરમાં લેઇ એ ।૮। કેને અસહી અવરથાએ ચેન પડતું નથી મનમાં એ । કોએ કહે છે જે હું કેમ આવીસ એહોને લેઇસ કહાં એ ।૯। એહવું જોઇને કરૂણા નીધાન કરૂણાએ આવ્યા ભરીએ । ઉપેરણો લઇ નીજ નયણ પુંછે છે ફરીફરીને એ ।૧૦। એણી ભાંતે કરી છે વીદાય વાહાલેજીએ એહની એ । એ ઉભય રસ વીસદ ન થાએ નહીં પરમીત નેહની એ ।૧૧। એહને ચાલતા જોઇ કરૂણાલ કરૂણા રસે અતી ભર્યા એ । અને ચાલણહાર તે એ રસમાં પુરણ કર્યા એ ।૧૨। અને અહીં રહયા છે જે સ્થીત કરી તેહ આવ્યા ભરીએ । એ ચાલ્યા ને પોતાને છે ચાલવું એહ મનમાં ધરીએ ।૧૩। એક દીવસ હમારો આવસે એમ ચાલ્યા તણો એ । એહની સુરતે કરી તેહને કલેશ મનમાં વ્યાપે ઘણો એ ।૧૪। કો એ પ્રભુ ને ભકતની ઉભય આરંદ્રતા જોઇને એ । પ્રભુની કૃપા અધીક એહો પર જોઇને કોઇને એ ।૧૫। એણીપેરે કરૂણા રસે ભરી આરંદ્ર થયું સહું એ । જેતો વીસદ કયાંથી થાએ ભાવ એહોના બહુ એ ।૧૬। એમ કરી વીદાય નમન કરી કરી આશીષ દેઇ એ । વલીયા ફરી ફરી જોતા તે સ્વરૂપ હૃદય લેઇ એ ।૧૭। વોલાવાને સ્વકીય સમાજ અને મલતી પાણના એ । કોએ સ્વારથી કોએ પરમારથી સબંધના જાણના એ ।૧૮। તે આવ્યા છે કો ઘાટ લગી કો પાર સુધી ગયા એ । મલી વીનય વચન પરસપર કરીને તે કીધી દયા એ ।૧૯। કોએ બેઠકમાં તે બેઠા રહયા વીદા અહીંથી કરી એ । કોએ ઘાટ લગી પોહોંચાવીને વેગે આવ્યા ફરી એ ।૨૦। કેણે માલા પહેરાવી ને બીડાં તે આપીયા કરમાં એ । કરી તીલક કુમકુમ તાણા ભાલ બોલ્યા રસ ભરમાં એ ।૨૧। તમો વેગ શ્રીમુખ જોવા આવજો વેગા થઇ એ । તમારી

કરૂણાએ અવાસે રહયા એ ઉતર દેઇ એ ।૨૨૩। એમ પાર જઇને તે અવેરથી બરીકમાં ઉતરે એ। તેહ સવાર હોય તો વલી તેહ સમે મજલ આગલ કરે એ ।૨૩। ભર્યા આરતે સ્વરૂપ રસ ભરીત સ્વરૂપ રૂદય હોઇ એ। વીપ્રયોગને ભાવે ભર્યા તે થઇને સ્વરૂપ મઇ એ ।૨૪। આકર્ષ્યા છે ઉરવતીના ઉર તે ઉસાસ હોતા રહે એ। વૃથા અંતરની તે અંતર દહે એ બાહાજ્ય કેને કહે એ ।૨૫। એણે સ્વરૂપે સરવાંગનું જ્ઞાન વીસમારક કરી કર્યું એ। બુધી ચૈત્યનતા ને લોકીક અલોકીક તે ન્યારૂં ધર્યું એ ।૨૬। એણીભાંતે વીપ્રયોગ અવસતાએ પુરીત થઈ રહયા એ। એહના ભાવના રૂપ અનેક કેણે નમ જાએ કહયા એ ।૨૭। એણીભાંતે અસહી પરીતાપ જુત ચાલ્યા છે દેશને એ। પ્રતીક્ષણ પ્રતી સ્વાસે તે સંભારે વરેસને એ ।૨૮। એમ મજલ મજલ ચાલ્યા જાય છે પ્રથમની રીતસું એ। બાનપાન સનમાન સહીત ને પરસપર પ્રીતસું એ ।૨૯। હવે એહનો છે અનેક વીસ્તાર કહી કહી કયાંહાં લગી કહું એ। આવાગમન નીત નૌતન ભાંત હોતી રહે એમ બહુ એ ।૩૦। પ્રભુ એહ વૈશ્નવને વલાવી બેઠા છે સોચમાં એ। એહવે આવી વધાઇ વૈશ્નવ તણી બીજ આવ્યા આંહાં એ ।૩૧। રાજ આટલા સેજવાલા અને પાલા વૈશ્નવ ઘણા એ। પ્રભુ પ્રસન્ન થયા સમાચાર સાંભલીને એહો તણા એ ।૩૨। એમ બેહક નીત અહોરાત ભરી રહે ગહગહી એ। તે તો વીસદ કરી કરી કાંહાં લગી જાએ કહી એ ।૩૩। કોટી વીધી શ્રષ્ટી કોટી પ્રકારે જે અનુભવ આપણા એ। લખી લખી લખે લક્ષ વાર તે પોતા પોતા તણા એ ।૩૪। તેણે કૃત્ય આચરણ અનુભવ સહુ વિસદ થાએ નહીં એ। તેહને હું કેમ વિસદ કરૂં તે પ્રગટ કરી કહી એ ।૩૫। અને કાંઇ એક બુધ્ધી અનુસારથી ભાવ બલે કહું એ। તોએ પાર એનો તો આવે નહિં એહમાં અરૂઝાઇ રહું એ ।૩૬। માટે સંક્ષેપમાં સુચન કર્યું આગલ કાજને એ। શ્રીબેઠકમાં ભાગ્યવાન જુએ છે મહારાજને એ ।૩૭। ઉથાપને મહા આનંદ ભર્યા પરવરીયા એ ભકતસું એ। ગાદી તકીયે બેહા રાજે છે સભા અનુરકતસું એ ।૩૮। મહા જસવંત જસ તણુ ધામ જસવાન જસ શ્રીય ઘણુ એ। જેહનો સુજસ સંસાર અપારમાં ફેલ્યો છે એક અણુ એ ।૩૯। તે અણુનુ સ્વરૂપ અગાધીનો પાર કો નવ લહે એ। ભાવે બુધે ગ્રંથે જ્ઞાને કરી કરી કાંહાં લગી કહીએ એ ।૪૦। એહ અણુમાં જગત મગ્ન થયું પુરીત થઇને ઓ જે અણુમાં અણુ એક ભાસે છે જગત મઇને એ ।૪૧। જેના જસ તણી કણીકા પરસે થકી કૃત્ય કૃત્ય હોએ એ। વીણુ પરસે ઓ વાસના માત્રે તે દોષ ન રહે કોઇ એ ।૪૨। એહવો સુજસ પાવન સહુ જગતનો તે ભાગ્યવાન કોએ એ। કરી કરી નૌતન નીય લાવે છે તે પાન કરે કોઇ એ ।૪૩। કો વીદ્વાન વૈશ્નવ કે ભાણેજ ભટ પંડીત દ્રાવીડીયા એ। તે અષ્ટક કરી કરીને લાવે છે જોઇને શુભ ઘડી એ ।૪૪। માંહે ભાવનું નહિં માન તે જસની પરમીત નહીં એ। પ્રાબલ્ય સ્વરૂપના ધર્મ ને લક્ષણ ઉમતા શું કહીએ એ ।૪૫। માંહે અશેષ મહાતમ અસાધારણ બુધી અનુસારના એ। કૃત્ય સહેજ સુભાવ લક્ષણ જે અનુભવના વીચારના એ ।૪૬। પુરૂષોતમોતમનું સ્વરૂપ તે મુલ પ્રગટ કરી એ। રસોવઇ રસીક રસ રૂપ લખ્યું માંહે રસ ભરી

એ ।૨૪૭। એહવું અષ્ટક એક સમે તે દ્રાવીડીએ આવી ભણ્યું એ । થયા મહાપ્રભુ તે અતીસે પ્રસન્ન ને સર્વ કેણે સુણ્યું એ ।૪૮। ત્યારે પંચોલીજીએ તે પ્રશ્ન પુછ્યું છે પ્રહસીત થઇ એ । મહારાજ એક વીનંતી કરૂં છું સાંભલો ચીત દેઇ એ ।૪૯। દ્રાવીડીયો શું જાણે સ્વરૂપ એ જ્ઞાન એહને કયાંથી એ । રાજનુ મહા રસીક સ્વરૂપ એણે કેમ કહ્યું કથી એ ।૫૦। ત્યારે પ્રાણ પ્રભુ હસીત થઇને વચન મધુરે કરી એ । ઢલી આવ્યા ઉછલીત રસે કરી કહ્યું ઉલટ ભરી એ ।૫૧। કહા ભયો જો વે જાનત નહિં પે સરસ્વતી સબ લહે એ । સરસ્વતી તો એ સ્વરૂપકું જાને તો મીથ્યા કેસે કરીયે એ ।૫૨। એહવું વચન કહીને મુસકાયા અંતરગત રીઝીને એ । પંચોલીજી તે સભા સમેત રહયા રસે ભીંજીને એ ।૫૩। જસને તે આયુર્ભાવે કરી અને સ્વરૂપને સ્વરૂપની એ । દુરાવ્યા તણી સ્ફુરણા રહી નહીં ત્યાંહાં નીજ રૂપની એ ।૫૪। એહવો સુજસ કહેતાં તે આવે છે ગુણીજન ગુણ ભરી એ । મહા પ્રભુની આગલ કહે છે સભામાં વીસદ કરી એ ।૫૫। કો શ્લોક છુટક કરી લાવે છે આરત્યા કો કહે એ । કહે કવીત ગુણસાગરના ગુણસાગર ગુણ લહે એ ।૫૬। વલી માલોધારની લીલા જે ગમન કાશ્મીરની એ પણપેજ સહીત રાખ્યો ધર્મ એહવી સુરધીરની ।૫૭। એ ધર્મની પ્રભુએ રક્ષા કરી અપણાવ્યો સર્વથી એ । તે પ્રસન્ન થયો પરમ વરેસ સૌભાગ્યના ગર્વથી એ ।૫૮। તે જાચકને રૂદયારૂઢ થઇને સ્તુતી કરતો ફરે એ । લોકાલોક ને ભુતલ માંહેં તે નીત નવો જસ કરે એ ।૫૯। એ લીલા કવીતે ને છંદે પ્રબંધે કહી નવીનવી એ । પરાક્રમ પ્રબલ પ્રગટ કરી એ હસે ન એહવી હવી એ ।૬૦। એ જસનો તે વીસ્તાર અપારનો પાર પામું નહીં એ । એ ભુતલમાં ગોપ્ય પ્રગટ પ્રસર્યો છે તે જહીં તહીં એ ।૬૧। તે કોઈ કરી લાવે છે અનેક પ્રકારે ભાવે ભર્યા એ । તેહના મનોરથ લૌકીક અલૌકીક સર્વ પુરણ કર્યા એ ।૬૨। જે જે મનોરથ કરી કરી અને આવ્યા છે આસરે । તેહનો મનોરથ અંતથી અધીક કરીને વીદાય કરે એ ।૬૩। દાન દાતા સમાન ને અદેય એ ઉભય આપે અહીં એ । જાચક સહેજે પાત્ર સદપાત્ર નીરમુખ કો જાય નહીં એ ।૬૪। કેને ઘોડા પામરી કભાય કેને પ્રત ચાલતી એ । કેહને વસ્ત્ર ને પાત્ર બહુ ભાંત અપાવે ગોકુલપતી એ ।૬૫। દ્રાવીડીયાને ડગલા અનેક નીમા શીતકાલ માંહાં એ । વલી ખેસ પરદની કંબલ પરજંત આપે ત્યાંહાં એ ।૬૬। કેને દ્રવ્ય ઉપરેણામાં મેલીને નીકટ તેડી લેઇ એ । સતકાર કરી આપે છે તેહ વલે તે આશીષ દેઈને એ ।૬૭। કેને પામરીમાં મેલી દ્રવ્ય કેને તે બીડા માંહેં એ । કેને શુભ કરે કરી કરમાં આપે છે મોદે ત્યાંહાં એ ।૬૮। કેહને ચાદર દુપટી તીપટી અને વસ્ત્ર સ્ત્રીજન તણા એ । કસેડી કલસીયા ને કટોરા વલી પાત્ર જે બહુ ગણા એ ।૬૯। સંન્યાસી શ્રીપાત વીરકતે કર્યો ત્યાગ સંસારનો એ । તેહો પણ આંહાં આવીને પ્રાર્થે ભાવ ધરીને સારનો એ ।૭૦। કમંડલ કરવા તુંબા લગી માગે કો આવીને એ । વાઘચર્મ ને મૃગ તણા ચર્મ અપાએ મન ભાવીને એ ।૨૭૧। વલી તેલ અનેક પ્રકારના રોગ સમ્યક જેહ એ ।

વીસદ ગર્ભ વાધેલ લાખે લવલા જઇ સંપન્ન તેહને એ ।૨૭૨। એહવું અનેક અપાએ ભંડારથી દાન દયા ભરી એ । ગુણ થાએ છે એહના દાન તણી કરૂણા કરી એ ।૭૩। વલી બ્રાહ્મણ દેશ વીદેશના આવી ઉભા રહે એ । તે તો મંત્ર વેદોગતે કરીને આશીર્વાદ કહે એ ।૭૪। રૂપીયો અધેલી પાવલી અષ્ટક કેહને એ । ગુજરાતી નાણુ કે સીધો અપાવે છે એહને એ ।૭૫। વૈરાગી કહે દુરધ્યાની પુરવ હે નયે એ । ત્યારે પ્રભુજી હંસી મુસકાઇ દુરધ્યાની કેસે ભયે એ ।૭૬। કેને ચુન કેને સીધો સર્વ અપાવે રસોઇને એ । એ દાન અવારી અછન અપાએ સહુ કોઇને એ ।૭૭। દ્રવ્ય ભુષણ વસ્ત્ર વાહન ઔષધ તણા એ । પાત્રાપાત્ર રહીત તે ઉદાર એ દાન અપાયે ઘણા એ ।૭૮। કહીં પાત્ર જોઇને દાન હોયે છે માને ભર્યા એ । અતી અતુલ ઉદારતાને બલે કાજ સહુના સર્યા એ ।૭૯। આવે જાચક દુર થકી જે રસ જસ સાંભલી એ । તેહના મનોરથ સમ અંગની નીધી શતસાખે થઇ ફલી એ ।૮૦। સર્વાંગે સીંચન સરવ અંગથી કરે રસે ભરી એ । અતી આરત્યા પ્રારથે પ્રેમસું પ્રીયને ફરીફરી એ ।૮૧। રૂપ રસ દ્રવ્યનું લે છે દાન કર નેત્ર પસારીને એ । તે લેઇને લે લે ફરી ફરી એ રહેતા નથી હારીને એ ।૮૨। રૂપ દ્રવ્ય અગાધી અપારનો પાર આવે કહીં એ । દાનપાત્ર અઘાયે ને અખુટ રંચ ઘટે નહીં એ ।૮૩। એમ ઉભય રસે અભીનવા દાન હોય છે રસે ભર્યા એ । તે તો સમે ચટાઇને સર્વે મેં ત્યાંહાં વીસદ કર્યા એ ।૮૪। હવે વાદી આવે છે કોઈ પ્રથમ તે આવ્યા એ સમે એ । પ્રભુજીએ કર્યો સતકાર નીચા થઇ તે નમે એ ।૮૫। અહીં વાદ કરે એહવો કોણ છે ભુતલ માંહેં એ । લોક લોકાધીપતીને ગમ્ય નહીં તો એ બોલે કહાં એ ।૮૬। ફલ્યો ફલીત મહા રસ કોષ એ માર્ગ રસે ભર્યા એ । એહના ભોગ્યવર પ્રભુ ગોકુલેશ જેણે રસે અંગીકૃત કર્યા એ ।૮૭। જે માર્ગમાં પ્રભુનું પ્રાગટ પ્રભુએ તે જાણી કર્યું એ । પરાત્પર મહા રસીક વરેસ રસાત્મક રસ ભર્યું એ ।૮૮। જે માર્ગરૂપી સાધને ફલ સ્વરૂપ તણુ અહીં એ । ને સ્વરૂપ બલે માર્ગ જણાયે એ ઉભય ન્યારૂં નહીં એ ।૮૯। સ્વરૂપાત્મક માર્ગ એહ મારગ સ્વરૂપે પગ્યો એ । રસદાયક રસનુ સ્વરૂપ ઉભય હોઇ રસે રંગ મગ્યો એ ।૯૦। એહનો મહીમા મહાતમ અને ઉગ્રતા શું કહું કહી કહી એ । ઈશ્વરેશ્વરને છે અગમ્ય એ કો ના શકે લહી એ ।૯૧। એ મારગના સેવકનો સેવક પ્રતી કીંકર કો હોએ એ । બીજા અધમથી અધમ અતી નીચને એ કૃપાએ જુએ એ ।૯૨। તો તે સદ્ય કૃતારથ થાએ એ માંહેં સંદેહ નથી એ । તો એ મારગનો ઉગ્ર પતાપ તે કાંહાં લગી કહું કથી એ ।૯૩। જે મારગની કણીકા પરસેથી થાએ છે સ્વરૂપમઇ એ । એ મારગને તે વીમુખ દ્રષ્ટે કરી કોણ શકે જોઇ એ ।૯૪। પણ મારગ પ્રતાપ પ્રગટ કરવાને એ ભકત માંહાં એ । વાદી દ્વારા શ્રીમુખે દ્રઢ કર્યો થઇ અનુરકત માંહાં એ ।૯૫। અને વાદી મહા ભાગ્યવાન જે વાદ અહીં એ કરે એ । એ મારગ તણો સુજસ સુણી અને દોષ સહુ પરહરે એ ।૨૯૬। નીજ માર્ગે નીરઉતર થઇ ઉતકર્ષ એહનો સ્ફુરે

એ । સનમુખતા તે સદ્ય પ્રગટ થઈ કાજ તેહના સરે એ ।૨૯૭। એહવે અનેક પ્રકારેણે આવે વાદી વાદારથને અહીં એ । પણ મારગના ઉથ પ્રતાપથી બોલી શકે નહીં એ ।૯૮। તે એકવાર ઉથાપને બેઠા છે શ્રી મહાપ્રભુજી જ્યાંહાં એ । સમાચાર જણ્યા તે નારાયણ આચાર્ય આવ્યા ત્યાંહાં એ ।૯૯। તીલક અને ટોપીયે। ઉભી મખમલ તણી દેખીયે એ । નીજ માર્ગના જ્ઞાનની કલા વચન વીસેખીએ ।૩૦૦। તેણે પ્રભુજીને પુછ્યું એક પ્રશ્ન નીજ માર્ગ ઉકતનું એ । જેમાંથી તારતમ્ય જણાય છે એહવી તે જુકતનું એ ।૧। તેહના પ્રભુ ઉતર તે અનેક કરે છે સંસ્કૃત માંહાં એ । પણ અસંવલીત વાણી એ બોલે છે પ્રભુને સનમુખ ત્યાંહાં એ ।૨। એહવું સાંભલી કલ્યાણરાય પોતે જે ભણ્યા ઘણુ એ । આંહીં વાદ કરવાને તે આવ્યા છે બલ લહી ભણ્યા તણુ એ ।૩। ઉતર પ્રતીઉતર નીરૂતર તે થાએ છે ફરીફરી એ । ભાષા ગીરવાણ ઉભય દીશ ઉચરે ગાઢે કરી કરી એ ।૪। એહવા માંહે જલ માંગ્યું લેવાને તે લેઈ આવ્યા અહીં એ । પણ બોલવા આગલ લેવા અવકાશ આવે નહીં એ ।૫। ત્યારે કલ્યાણરાયે કહ્યું જે આપણ જલ લીજીએ એ । એહ સાથે કરૂં છું હું વાદ મારૂં કહ્યું કીજીએ એ ।૬। તે વહાલેજીએ ગડુઓ જલ પાનનો લીધો શ્રીકર માંહાં એ । અને કલ્યાણરાય બોલે છે તે તેહ સાથે ત્યાંહાં એ ।૭। એ તે। એહોને જોઈ અતી ઉગત જુગતસેં બોલ્યા નટી એ । તેહનો ઉતર એહોને આવ્યો નહીં ને રહયા સટપટી એ ।૮। પ્રભુજી તો ઘુંટ બે જલ લેઇને તે એમજ રહયા એ । કલ્યાણરાયને છાના રાખીને આપ ઉતર કર્યા એ ।૯। તે તો તેહજ ઉતરમાં નીરૂતર સર્વ કરી ધર્યા એ । એણે દીન વચન બહુ કરીને વીનય ઘણા કર્યા એ ।૧૦। સર્વજ્ઞ શીરોમણીએ કહ્યું માર્ગથી કાં ચળો એ । તમારા તે મારગનું સીધ્ધાંત હું કહું તે સાંભલો એ ।૧૧। તેહના મારગની પીઠીકા સહીત સીધ્ધાંત નીરૂપણ કર્યું એ । તેણે સાંભલી સાંભલીને તે સર્વ ઉરમાં ધર્યું એ ।૧૨। કરી દંડવત કહ્યું મહારાજ એ તો મેં જાણ્યુ નહીં એ । અમારા તે મારગનું સીધ્ધાંત અમે સાંભલ્યું આજ અહીં એ ।૧૩। આજ થકી અમારા આચાર્ય આચાર્ય તમથી થયા એ । સ્વતઃ કૃપા કરી કરૂણાલ કીધી અમને દયા એ ।૧૪। એમ કહીને કીહયું એણીપેરે જે વીનંતી કરૂં અમો એ । રાજના છે બાલક તેમાંહાં કોએ ભણાવ્યા નહીં તમો એ ।૧૫। પછે બીડા પ્રસાદી વસ્ત્ર પ્રસાદ અપાવીને એ । વીદાય કીધા તે ચરણે નમીને ચાલ્યા મન ભાવીને એ ।૧૬। એણીપેરે અહીં કો આવે તે શીષ નામીને એ । નીરૂતર થઈ નમન કરી નામ પામીને એ ।૧૭। કેહને ઉચીત અપાવે અનેક કો કૃતીત કૃત્ય થઇ વલે એ । મનોરથ મનમાં કોઇ રહે નહીં ભાગ્ય તેહના ફલે એ ।૧૮। હવે કહું છું પુર્વ પ્રસંગ જે ભગવદી દેશને એ । ચાલ્યા છે તે વીદાય થઈ થઇ જોઈ વરેસને એ ।૧૯। તે સ્વરૂપ રુદયમાં રાખી પહોંચ્યા નીજ દેશમાં એ । આવ્યા સાંભલી સર્વ કો સનમુખ આવે સામા ત્યાંહાં એ ।૩૨૦। જેણે ગામે જ્યાંહાં વૈશ્નવ હોએ તે મનોરથ બહુ કરે એ ।

લેટી ચરણે નમાવી શીષ ને નયણે આંસુ ભરે એ ।૩૨૧। ખાનપાન સુખારથ સર્વ સરવસ તે રાખે નહીં એ। પ્રભુને સખંધે એમ જાણે ઉપયોગ આવે અહીં એ ।૨૨। વલી પુછે સમાચાર સર્વ તે શ્રી ગોકુલ તણા એ। કેા પુછે શ્રીઅંગના રંગે ભર પરમ સેાહામણા એ ।૨૩। તેહને આપ્યા પ્રસાદ પઠવણી ને માલા ગુંજ વલી એ। કેહને કહ્યા છે આશીર્વાદ તે કહ્યા તેહની આશા ફલી એ ।૨૪। એહનેા છે બહુ વીસ્તાર તે વીસદ કયાંહાં લગી કહું એ। એક એક પ્રકાર કહેતામાં ત્યાંહાં અરૂઝી રહું એ ।૨૫। હવે જે ભાગ્યવાન ત્યાં રહ્યા તેહને આરત ઘણી એ। પ્રતીજીન રહયા મન અકુલાયે જોવાને ગેાકુલ ધણી એ ।૨૬। પણ વેધે વેધાયા તહેવારને આવી શકે નહીં એ। એણે અનુરાધને રાધે કરી ચેન પડે નહીં એ ।૨૭। વલી ઉપરનેા તે ઉપાય કરે છે ઘણેા ઘણેા એ। પણ અવકાસ એહને જડતેા નથી અહીં ચાલવા તણેા એ ।૨૮। બીજા હારી ઉદ્યમ તે એમજ રહયા મદમીત કરીને એ। વીનતી લખું પ્રાણાધારને એમ ચીત ધરીને એ ।૨૯। તેહેાના ચીતમાં જો આવે તેા સર્વ સુગમ પડે એ। એહેાની કૃપાને બલે દર્શન અમને વેગું જડે એ ।૩૦। એક વાર નારાયણજી રામજી ઉભય કુલે ઉજલા એ। જેહને પુત્ર પૌત્રાદીકે અધીક ચઢતી કલા એ ।૩૧। જેહને ગ્રહીણી ગંગા ગુણવતી શુભમતીનું શું કહું એ। મન શુધ્ધ ને વિશુધ્ધ ભાવીનું વીસદ કેમ કરી લહું એ ।૩૨। અધીક મહા પવીત્ર આચારી અનુપ ને રૂપ સૌભાગ્યનુ એ। શું શું કહું શ્રી પ્રાણ વલ્લભજીસું પરમ અનુરાગનુ એ ।૩૩। અતી કુલીન કુલવધુ વરેશ સુદેશ કૃત્ય એહની એ। સ્વામી ધર્મી પ્રતીવૃતા નાર અતી નીપુણ છે જેહની એ ।૩૪। જેહની કુંખ સેાહેાગી સેાહાગને ભારે સફલ ફલી એ। સદ સંતતે સંતતીની ને પ્રભુજીની પેાંચી રલી એ ।૩૫। એહવા નારાયણજી નીરૂપમ નીપુણ આપ કવીતા પણ એ। કવીત ઘેાલ છંદ પ્રબંધે કરી સુજસ કીધેા ઘણુ એ ।૩૬। જેહનેા સ્વરૂપ બલે અંગીકાર નીવેદન વણ કરે એ। જે ધર્મીના ધર્મ સમાન તે ધર્મ એ આચરે એ ।૩૭। ભરૂચ તણા એ ભાગ્યવાન ભરૂચ તે ભાગ્ય ભયું એ। જેહની નીમ દ્રઢ કરીને કેવલ સ્વરૂપે અંગી કર્યું એ ।૩૮। કેાઇ દાદાજી કરી બેાલાવે કેાઇ નારાયણજી કહે એ। એ તેા પૃથ્વીમાં છે પ્રસીધ્ધ ને સર્વ કેાઇ લહે એ ।૩૯। એહ છે વૈશ્નવમાં મુગટ મણી વૈશ્નવાગ્રણી એ। ભાવ ભાવાધીપતી વરેસ શુભ ભાવના ઘણી એ ।૪૦। એહવા નારાયણજીએ એક પત્ર લખ્યું છે પ્રાણેશને એ। તે લખું છું પ્રગટ કરીને ભાવ વીશેષને એ ।૪૧। ઉપર લખ્યું શ્રી સાત શ્રીમદ ગેાકુલ અચલ લીલાનેા ઘણી એ। જયતી જયતી શુભ સર્વદા નીત્ય લીલા સુખદ તમ તણી એ ।૪૨। સ્વરત શ્રી મહા મંગલ રૂપ મંગલ જે કેાટી નીધાન એ। મહા મંગલકારી સર્વોપર નીત્ય બીરાજમાન એ ।૪૩। ચૌદ લેાક ઉપર સદા નીત્ય નીત્ય અચલ જે રાજે એ। અલૌકીક ત્રીલેાક સુંદર મહા મનેાહર રૂપ ભ્રાજે એ ।૪૪। અતી મેાહન સર્વદા ને સદા નીત્ય આનંદમય એ। કેાટી રસાર્ણવ મહા ઉદાર શીરેામણી

સુખમઈ એ ।૪૪૫। અદય દાતા મન ઇચ્છીત મનોરથ પુર્ણ કરતા સદા એ। નીસાધન ફલ આતમા અહનીંસ પ્રમુદીત મન મુદા એ ।૪૬। નીજ અંગીકૃત હરદયે સ્થીતી કરતા રસીક રસ પોષતા એ। નીજ જનને હુલાસ ઉછલીત વૃષ કરતા સંતોષતા એ ।૪૭। સ્વકીય જન નીજ સ્વરૂપ લીલા ગુણ સહીત કેવલ રસ એ। રસાવેસ તદાત્મક ભાવ આધીન છે રસ વસ એ ।૪૮। ભાવાધીન કરતાં પરમ નીપુણ રસ નાયક રસમઈ એ। રસ વર્ધ કરતા રસ રૂપ સ્વરૂપ આનંદ મઇ એ ।૪૯। મહા વર જે વરેંદ્ર મુગટ મણી ચતુરા ચીત હરણ જે એ। એહવા કોટી કોટી વીશેષણ સહીત બીરાજમાન એ ।૫૦। ભકતનુ તે જીવન ધન પ્રાણ શ્રંગાર મંડન જે રૂપ। ભકતનુ નેત્ર ભુષણ હૃદય લલાટ ને કરણ કમનીય અનુપ એ ।૫૧। શીષ કપોલ નાશીકા અધર મુખકમલ ભુષણ રસના તણુ એ। દર્શન ચીબુક ને નેત્ર ગોલકનું ભુષણ તે સોહામણુ એ ।૫૨। બાહુદંડ કરકમલ નખચંદ્ર ઉદર સંપુર્ણ સાર એ। નાભી કમલ લછન સર્વાંગ ઈન્યદ્રીના ભુષણ અપાર એ ।૫૩। અંગ અંગ ને રોમ પ્રતી રોમના ભુષણ સર્વદા એ। એહવા અતી પરમ પ્રાણ પ્રીય પ્રેષ્ટ વરેષ્ટ નીત મન મુદા એ ।૫૫। શ્રી મહારાજ રાજેશ્વરેશ્વર મહા રાજધાની સ્થિત એ। ગુપ્ત પ્રગટ પ્રકારે બીરાજીએ જીરાજ પ્રતીનીતે એ ।૫૫। શ્રી ગોકુલેશવરજી સદા ચીરંજીવો વીનતી એ। શ્રી ચરણ કમલેસુ શ્રીરાજને અંગીકૃત નીત પ્રતી એ ।૫૬। શ્રીરાજના અંગીકાર પાત્ર સર્વદા સકલ સાધન હીન એ। કૃપા ધર્મ આચાર ગુણ હીન ને અન્ય ઉદ્યમ હીન એ ।૫૭। રાજના ચરણ કમલની પરાગ કણીકાનો પોષ્યો દાસ એ। નારાયણજી તથા ત્રીકમદાસ કેશવદાસ વેણીદાસ એ ।૫૮। સુંદરદાસ ગોકુલદાસ ને વલી મોહનદાસ એ। હરીદાસ દામોદરદાસ લરીકા જે શ્યામદાસ એ ।૫૯। વલી વૈશ્નવ સર્વસ્વ શ્રી મહા સકલ શ્રંગાર સાર એ। મંડન પરમ મહા મંગલ રૂપ નીજ ભુષણ અપાર એ ।૬૦। શીષ સીમંતનુ ભુષણ મણી શીષોતરી એ વસન રૂપ એ। મહા અચલ સોહાગ નયણ ભરણ કરણ ભુષણ અનુપ ।૬૧। કંઠાભરણ ગ્રીવાહાર વલી ભુષણ હૃદય આભરણ એ। વક્ષસ્થલ મધ્યાભરણ આનંદમઈ અનેક આરત હરણ એ ।૬૨। કુચ અગ્ર ભુષણ કંચુકી રૂપ ભુજ આભરણ એ। કરકમલ આભરણ અધર રસ પુરીત આભરણ એ ।૬૩। નાયકા વૃંદ પ્રવેષ્ટીતા ભરણ સકલ રસ ભોકતા એ। રસજ્ઞ પરમ નીપુણ શીરોમણી મહા નાયક સંયોકતા એ ।૬૪। સદા અચ્યુત સકલ નાયકા સભોગ્ય વર પરમ પ્રેષ્ટ એ। પરમ પ્રાણાત્મ પ્રીય પરમ પ્રણય દાતા પરમ વરેષ્ટ એ ।૬૬। દીદલાત્મક રસ તણા ભોકતા એ સકલ સંતાપ હરતા એ। પરમ પ્રીય પ્રાણેશ વરેશ રસ ભાવ ઉદબોધક કર્તા એ ।૬૭। વીજ્ઞપતિ ચરણયે કોટી કોટી દંડવત યત હાં એમ છે એ। વલી સદા નીરંતર કુશલ વાછું છું એ નેમ છે એ ।૬૮। તે કોઈ નાયકાને સોહાગે કરી મનોરથ પુરીએ એ। બાકી શું શું લખું રાજ સર્વજ્ઞ છો આરત ચુકીએ એ ।૩૬૯। શ્રીરાજનું શ્રીમુખ નીરખ્યા તે દીવસ ઘણા થયા એ। ૨ જ તો સુખ લ્યો છે ને સ્વતઃશ્રી લેસો

કરી દયા એ ૧૩૭૦ પણ સેવકની મુખંતા છે માટે વીનતી ચીત ધરીએ એ । શ્રી ચરણારવીંદે સહુ ભકતને રાખવા કહું કરી એ ૧૭૧ શ્રી રાજ તેા જીવની દીશે વીચારતા કાંઇ નથી એ । માટે તેડીને દર્શન આપવું અધીક શું કહું કથી એ ૧૩૭૨ જીવનું પેાતાની ઇચ્છાએ સદા ચીત સ્થીર નહીં એ । રાજ તેા રાજનુંજ વીચારે છે। કહું શું કહી એ ૧૭૩ એથી અધીક કાંઇ લખ્યું ન જાયે હમને સહુ કલીત હેાઇ એ । એથી આગલ લખતા તે હાથ ચાલે ન જાણી રહેા એ ૧૭૪ થેાડે લખેથી માની લેવું સહુ રાજનેા શુણ સદા એ । અને સહેજ સહુને સુખદાયક અતીસય મન મુદા એ ૧૭૫ એ સહુ સહેજ અને શુણ જે મહારજના સુખદ સદા લગી એ । તે તેા રાજ જાણે। છે। કે હમને મનમાં રહા પગી એ ૧૭૬ એમ વીનતી વીનય સહીત લખી જે એહેાએ આંહાં એ । મહાપ્રભુ ઉથાપને એહા છે પહેાંચી શુભ સમય માંહાં એ ૧૭૭ આણી આપી કે। વેશ્નવે હાથમાં લીધી હીત ભરી એ । નામ સુણી એ ભાગ્યવાનનુ વાંચી અતી રૂચી કરી એ ૧૭૮ વાંચ્યા નામ ને ભાવ વીશેષણ દીનતા ફરીફરી એ । તે વાંચીને પરમ કરૂણાલ પેાતે તે આવ્યા ભરી એ ૧૭૯ તે સબંધી સબ મને જાણે સબંધ અતી દ્રઢ કર્યો એ । રસે એકયતા સ્વકીયતાને। રસ અહીં પુરણ ભર્યો ૧૮૦ રસાવેસે રસ દાન કરી આધીન રસને થયા એ । અતી અનીરવચની લેાકેાતર એહેાને કરી મયા એ ૧૮૧ તે કલીતારથ સકલ શત સાખ થઇને એહ કલીત થયું એ । ઉપરને એ માંગલ્યે કૃત સાદ્રસ તે મેં કાંઇ એક કહ્યું એ ૧૮૨ હવે આગલ બીને પ્રસંગ કહું ભકતને અનુસરી એ । એહવા ભગવદી ભાગ્યવાનની પદ રેણુ માથે ધરી એ ૧૮૩ રસપાત્ર રસીલા રસે ભર્યા રસ તણા ધામ તે એ । રસે વશ કરી રસ ભરી પ્રભુને પુરણ કામ તે એ ૧૮૪ વીવીધ ભાંતે વીલાસનુ દાન આશાયે ભરીને એ । મનેારથ થકી અધીક કરે છે વાહાલાને ફરી ફરીને એ ૧૮૫ પરમ પ્રીય પ્રાણેશને પ્રણય ભર ભર રસે કરીને એ । મહા રત્ન રસપાત્ર અતી રીઝવે પ્રેમ ધરીને એ ૧૮૬ એહવા જે ભકત મહા ભાગ્યવાન ચાલ્યા છે દેશને એ । તેહને આરતનેા નહીં પાર સંભારે વરેશને એ ૧૮૭ જેનુ જીવન ધન અને પ્રાણાધાર એ સ્વરૂપ માંહાં એ । તે એ સ્વરૂપથી અલગા જઇને રહી શકે કહાં એ ૧૮૮ તે આરત ભર્યા અતીસય લેાચે છે સેાચ ધરીને એ । સુરતી પ્રાણવલ્લભજીની કરે છે ફરીફરીને એ ૧૮૯ એણીભાતે એ ભકત આરત ભર્યા નીપટ આરત કરે એ । પેાતાની અવસ્તા લખ્યાનેા સંકેાચ મનમાં ધરે એ ૧૯૦ પણ પેાતાની દીશ થકી પત્રમાં લખી એક વીનતી એ । ઘણુ આત્વીક ભાવે વીનય કરીને અતી દીનથી એ ૧૯૧ તેમાં સહેજ એક સુરતી દેવરાવી તે લખું પદ અનુસરી એ । બાકી ભાવ અવસ્તા પેાતા તણી લખી ન વીસદ કરી એ ૧૯૨ પણ નીપટ કરી કેાઇ એક ભાંતે વીપ્રયેાગ વાજે ઘણુ એ । તેહનેા અનુભવ એહેાની સખીય અહનીંશ જે એકત્રપણુ એ ૧૩૯૩ એ કેાઇ એક અનીરવચની પરસપરનેા જે સબંધ છે એ । તેહનુ અતીસય સુખ વીચારે છે જે કારણ

બધ્ધ છે એ ।૩૯૪। તે વીચારી લખી છે જેણી ભાંતે પ્રભુજીને ભકતની એ । અવસ્તા જાણી જાય જથારથ અતી અનુરકતની એ ।૯૫। તે તો કોએ ભકતને નીકટ તેડે કે પ્રભુ પોતે એહોને વીસે એ । નીકટ પધારે કે પત્ર દ્વારા રસને મીસે એ ।૯૬। કે કાંઇ સ્વપ્ન દ્વારા કે કોઇ ભગવદી દ્વારા એ ભકતસું એ । સમાધાન કરે જેથી એહનુ અતીસય જુકતસું એ ।૯૭। એહનુ જીવન સંપન્ન થાએ બાકી તો શું કહેવું એ । સાક્ષાત દર્શન વીના કઠીન છે સ્થીતી કરી રહેવું એ ।૯૯। તે વીચારી વીજ્ઞપ્તીસું પત્ર લખે છે તે મન ધરી એ । એહના ભાવનો બહુ વીસ્તાર પણ લખું સુચન કરી એ ।૪૦૦। સ્વસ્ત શ્રી સાત મહા મંગલ તીલક સોહામણા એ । કરૂણાલ કરૂણાના સમુદ્ર અતી પરમ મોહામણા એ ।૧। કૃપા સાગર પરમ દયાલુ દયાના શીરોમણી એ । મહા રસીક જન પ્રીય એ રસીકતા શું કહું તમ તણી ।૨। નાયકા પ્રીય પ્રાણના આત્મા પરમ ચતુરવર એ । અંતર આત્મા સર્વ રસ જાણ અંતરની આરત હર એ ।૩। સકલ જાણ પ્રવીણ સકલ કલા નીપુણ મહા નાયક એ । વર વરેન્દ્ર અને સર્વ રસ ભોકતા રતી સુખદાયક એ ।૪। નાયકા સુખકારી મહા મંગલ નીધી મંગલ મુદા એ । આનંદકારી વીરહ જનીત સકલ સંતાપ હારી સદા એ ।૫। મહા સુંદર વર એ વરેસ જે અનીરવચની ઘણુ એ । ન ભુતો ન ભાવી વર્તમાને પ્રગટ પ્રાગટય પણુ એ ।૬। શ્રી વીઠલજીના કુંવર અતી લાડીલા અતી રસ ભર્યા એ । શ્રી રૂકીમણી લાલ અતી મનોહર શોભાએ પરવરીયા એ ।૭। શ્રી વલ્લભ વર જે ગોકુલપતી મહા મોહન સદા એ । આનંદ ઘન જીવન ધન પ્રતિ વીનંતી કરૂં તદા એ ।૮। શ્રી રાજના અંગીકૃત્ય પાત્ર જે દુર પડયા ઘણુ એ । તેહની કીંકરી નીકટવર્તી જે દાસ દાસી તણુ એ ।૯। કોટી દંડવત વારંવાર કરૂં છું રાજને એ । ચીતે ધરવાજી પરમ કૃપાલ વીનવું મહારાજને એ ।૧૦। શ્રી મહારાજ તો સર્વ રસ ભોકતા બહુ નાયક મણી એ । તે કાંહાંથી સાંભલસોજી નાથ તમો વીનતી અમ તણી એ ।૧૧। તથાપી શ્રીરાજે એ પત્ર વાંચી અને રાજના એ । અંગીકારી અંગ પાત્ર છે સર્વદા શ્રી અંગના એ ।૧૨। તેહોની સુધી લીજીયે રાજ એહોને શ્રી અંગની એ । આરત રહે છે અહો રાત્ર તે શ્રીઅંગ સંગની એ ।૧૩। શ્રીઅંગ સંગ વીના સકલ તે દુખ આવી પ્રગટ થયું છે એ । કોણ કોણ ભાંતની અવસ્થા લખું ખિન્ન થઇ ગયું છે એ ।૧૪। માટે રાજને સુરતી દેવરાવું છું રાજ જાણો એહ એ । જયારે દસમી અવસ્થાને પ્રાપ્ત થાસે પોતે તે એહ એ ।૧૫। પશ્ચાતાપ રહેસે ત્યારે રાજને માટે સુધી લીજીયે એ । થોડે લખી ઘણુ કરી માનીએ મારૂં કહયું કીજીએ એ ।૧૬। મારૂં કાજ તો એ જે મહારાજને સુરતી દેવરાવું છું એ । એના સુખ દુખનું તો શ્રીરાજને રહયું ચીત આવવું એ ।૧૭। બીજા રોગ જનીત ઉપચાર અમો તો ઘણા કર્યા એ । પણ તેથી અધીક થાતું જાએ છે ને અર્થ કો નવ સર્યા એ ।૪૧૮। શીત ઉપચાર કરીએ તો અધીક હોય અંગ એ નવ સહે એ । ક્ષણુ એકનુ ચેન

એહને નહીં બહાજય કો નવ લહે એ ।૪૧૯। એહવા મહા ગંભીર ધીરા તે કાંહાં લગી લખવું પડે એ । એહના હારંદ્ર મન તણી વૃત તે નહીં કેહને જડે એ ।૨૦। જેન તેન પ્રકારે એ વીનતી માની એમ કીજીયે એ । લખી લખીને એહ લખું છું એહની સુધી લીજીએ એ ।૨૧। પ્રભુ પ્રેમના પારખુ પ્રગટ અને મન તણા જાણ છો એ । આરતની આરત ક્ષણુ નવ સહો નીજ બાણ છે એ ।૨૨। એથી અધીક હું રાજને શું લખું સર્વજ્ઞ રાજ છે એ । અમે વાનગી માગ લખી હવે રાજનુ કાજ છે એ ।૨૩। એણી વીગતસું ભકત તણી સખી પત્ર દ્વારા વીનંતી એ । કરે છે તે એ અવસ્થા નીરૂપણ અતીસય શુભમતી એ ।૨૪। એ બેહુ પત્ર એકત્ર બીડીને કોએ પોતા તણા એ । સુજાતી મીલાપી છે ભકત જે પરમ સોહામણા એ ।૨૫। પ્રભુને નીકટ સર્વદા રહે તેહને અલગી એક વીનંતી એ । માંહેં પ્રભુની વીનતીનું પત્ર બીડયું તેહોની વતી એ ।૨૬। તે કો શ્રી ગોકુલ વૈશ્નવ કે કાસદ ચાલે જેહને એ । કે પોતાનો કાસદ કરી પત્ર આપે છે તે તેહનેએ ।૨૭। તે તો બમણી મજલ કરીને આવી શ્રીમુખ જુવે એ । મારગમાંનો સર્વ સંતાપ જે આવી તતક્ષણ ખોએ એ ।૨૮। સર્વજ્ઞ મુગટ મણી જાણ જે પુછે તેહને એ । કહો કોણ ક્યાંથી તમો આવ્યા છો એમ કહી એહને એ ।૨૯। ત્યારે તે કહે છે જીરાજ હું આવ્યો આ ગામથી એ । રાજના એ દર્શન તણે કાજ અને આવ્યો આ કામથી એ ।૩૦। અમુક તે વૈશ્નવે મુને મોકલ્યો તેહ ચીત ધરીને એ । વાહાલો પુછે સમાચાર વીસદ તેહને ફરીફરીને એ ।૩૧। વૈશ્નવ જે ત્યાંહાં લાવ્યા પત્ર કરી મજલ દોહોરી અને એ । તે એકાંત લેઇ નીકટ આવી અને નીપટ નીહોરી અને એ ।૩૨। ત્યારે તે કહે છે જીરાજ વૈશ્નવે ઘણુ કરીને એ । દંડવત કહી અને વીનતી કરી છે અતી ઉર ભરીને એ ।૪૩૩। મહારાજ તેના સમાચાર શું શું કહું વીસદ કરીને એ । તેની એકો અવસ્થા કહેવા સરખી નથી ફરી ફરી એ ।૩૪। રાજના દર્શનને તે તરસે છે અકુલાએ છે અતી ઘણુ એ । રાત્રી દીવસ નીંદ્રા નથી આવતી ચેન નથી અણુ એ ।૩૫। શરીરે કૃશતા નહીં પાર અપાર આરત રહે એ । અહો રાત્રી વીતે અગ્નિ પેરે વીલખે છે કેહને કહે એ ।૩૬। શ્રી ગોકુલના સમાચાર તણો પ્રતીનીતે પેંડો જુએ એ । સમાચાર પઠવે કો લખી કે ત્યાંહાંથી આવે કોએ એ ।૩૭। એણીભાંતે ઘણુ અકુલાય છે આષવાને અહીં એ । પણ શું કરે મોટા ગ્રહસ્થ નીકલી શકે નહીં એ ।૩૮। રાજ તેહની શી અવસ્થા કહું રાજને ફરીફરી એ । તે સાંભલી અને પરમ કરૂણાલ પોતે તે આવ્યા ભરી એ ।૩૯। નેત્ર સજલ થઈ આવ્યા ને નાસા પુંછન કરે એ । મુખવસ્ત્ર ફેરે ફરીફરી ઉરમાં આરત ધરે એ ।૪૦। નવ જાણીએ તેહો ઉપર કોન ભાંતની કરૂણા સ્ફુરી એ । તે તો ઘણી ભાંતે તે દુરાવી પણ રહી નહીં દુરી એ ।૪૧। તેહને પોતે પુછે છે તેણે કાંઇ પત્ર લખ્યું આંહાં એ । અમુક વૈશ્નવને તે લખ્યું છે કહ્યું તે છે કહાં એ ।૪૪૨। ત્યારે પ્રાણપ્રભુએ તે મનમાં લહ્યું તેહના પત્રમાં એ । અમને લખીને તે વીનતી બીડી હસે ત્યાંહાં

એ ।૪૪૩। એમ લહીને તે વૈશ્નવને તેડી કહે તેહ સમે એ । તારૂં પત્ર
ગુજરાતનું છે તે તું લહે તેહને ગમે એ ।૪૪। તે ધાઇ આવી તેહને ભેટીને
પત્ર કરમાં ધરી એ । પરસાવી શીષ અને રૂદય મનુહાર તે બહુ કરી એ ।૪૫।
શ્રીજીએ એમ આજ્ઞા કરી લ્યો પ્રસાદ ભીતર જઈએ । તે વૈશ્નવને લઇ જઈને
જલઘરે નવરાવી આવ્યા લહી એ ।૪૬। ભીતર મોકલ્યો લેવા પ્રસાદ ને પત્ર
વાંચ્યો ત્યાંહાં એ । વાંચતા વીનતી બે પ્રભુની નીકલી તે માંહાં એ ।૪૭। તે
વીનતીને કરી દંડવત મનમાં ઘણુ ભીંજીયા એ । વીનંતી દ્વારા પ્રભુસું બોલસું
અંતર રીઝીયા એ ।૪૮। પત્ર વાંચી રહીને પ્રભુ પોઢયા એકાંત ત્યાંહાં જઇ
એ । વીનતી કરી વીનતીના પત્ર આપ્યા બેહુ રસમઈ એ ।૪૯। પોઢીથી ઉઠી
બેસીને તે વીનંતી કરમાં લેઇ એ । ઇચ્છા હોય તો પોતે વાંચે કે વંચાવે
આગ્યા દેઇ એ ।૫૦। તે સાંભલી સાંભલી મનમાં અતી ઘણુ આરંદ્ર થયા એ ।
તેહનુ સ્મરણ કરી મનમાં ને કરી અતીસે દયા એ ।૫૧। પછે એ વૈશ્નવને
વીદાય કરી કહ્યું એ પત્રનો એ । અમો ઉતર લખું તે કાલ બેહુ એકત્રનો એ
।૫૨। પછે તે વૈશ્નવ ઘણુ આરંદ્ર થઇ આવ્યા ઘરે એ । મનમાં એ ઉભય
આરત સહીત અંતર ઉર ભરે એ ।૫૩। ઘેર જઇ એ ઉભય આરત રસીક
સહીત નીંદ્રા કરી એ । એહને સ્વપ્નમાં જે અનુભવ હવો તે કહું રસ ભરી
એ ।૫૪। જાણ્યુ શ્રીજી પોઢયા છે ને પત્ર આપ્યું છે જેહનુ એ । તે ભકત
આવ્યા અહીં નીકટ અભીશરણ કરી નેહનું એ ।૫૫। મહા ભાગ્યવાન તે ભકત
શ્રીજીને સેજે મલ્યા એ । બેહુ એકત્ર થઇને સેજે પોઢયા છે ફુલ્યા ફલ્યા એ
।૫૬। મહા રસ ઉદબોધ હવો છે અતીસય રસે ભર્યો એ। આનંદીત સુખ
અનુભવ હોએ નવ જાએ વીસદ કર્યો એ । ।૫૭। ત્યાંહાં નીકટ હું આવી
ઉભો છું કરમાં પંખો લેઇ એ । મારો સંકોચ પ્રભુ કરતાં નથી રમે છે ચીત
દેઇ એ ।૫૮। એવું સ્વપ્ન એ વૈશ્નવને હોય નીદ્રામાં ઘણુ એ । અને શ્રીજી તો
આંહીં પોઢયા થકા સ્મરણ કરે તેહ તણુ એ ।૫૯। અનેક ભાવ વીચાર કરે છે
તેણે કરી એ । તેહનુંજ સ્વરૂપ પ્રગટી રહયું તે રૂદય ભરી એ ।૬૦। ત્યાંહાં
એણે સમય બીજો કસો વ્યાસંગ નથી અહીં એ । કેવલ એક એ ભકત કે
પોતે બીજાને પ્રવેશ નથી એ ।૬૧। નવ જાણીએ તેનો વીચાર મનમાં શો થાતો
હસે એ । એમ કરતા સંપુર્ણ રાત વીતી છે તે રસ વસે એ ।૬૨। તે તો
અહીંનો પ્રકાર ને ત્યાંહાં તે ભકતને એ । એણે દીવસે એણે સમે સ્વપ્ન હવું
અનુરકતનુ એ ।૬૩। કાંઇ જાગતા કાંઇ નીંદ્રામાં અનુભવ જે હવો એ । તેની કરૂણા
બલે મેં કાંઇ એક લહયો છે કહું છું તેહવો એ ।૬૪। જાણે શ્રીજી ઉથાપન
સમય ગાદી તકીયે સોહે એ । સર્વે ભકત સમાજ સહીત સહુ સ્વકીયના મન
મોહે એ ।૬૫। પરમ સુંદર ધોતી ઉપરેણો અતી ઉજવલ મહીન ઘણુ એ ।
કોમલ સુખદ પહેર્યા છે તીલક કેશરનુ સોહામણુ એ ।૬૬। ગલસ્થલ અતી
ઝલકતા રૂપ રસે વરસી રહ્યું એ । શ્રીમુખમાં ભર્યા છે તે પાન નવ જાએ
વીસદ કહયો એ ।૪૬૭। તેણે કરી કપોલ અતી વીકસીત ફુલી રહયાં રાજતા

એ । શુભ ગલમંડલ સુમંડલ કરી ઉભય બીરાજતા એ ।૪૬૮। અધર અતી રસ ભર્યા અરૂણ ઘણુ એહેરી છબી રાજતી એ । લાલીમા તે ઉભય દીશે ઝલકતી શોભા દીસે બ્રાજતી એ ।૬૯। ત્યાંહાં રસ તણા ઓધ બેહુ દીશે ચુઈ ચુઇ વહે એ । ભકતને અધરામૃત દાન કરે છે તે ઉમહે એ ।૭૦। વલી બીડી આરોગે ને શ્રીઅંગે પરમ રસ માધુરી એ । અતી તેજ પુંજે ઝલકા રહી રૂપ રસે ભરી એ ।૭૧। પંબો સનમુખે તે મોરપીછનો કરે ભગવદી કોઇ એ । એક ભગવદી પાછલ રહીને માખી રાખે જોઇ એ ।૭૨। આસપાસ ફીરતા સહુ ભકત અનુરકત બેઠા ત્યાંહાં એ । કોઇ નીકટ કોઇ દુર બેઠા છે કો ઉભા છે રસ માંહાં એ ।૭૩। ત્યાંહાં પોતે એક પાસ બેઠા જુએ શ્રીમુખ ચીત દેઇ એ । એહવે શ્રીજીએ એહોને પુછયું નામ એહનું લેઇ એ ।૭૪। કહો તુમ કબ આયે તેવારે એહોને અતી મોદસું એ । હું તો રાજને પાસ બેઠી છું કહ્યુ પ્રમોદસું એ ।૭૫। પણ રાજ બહુ નાયક સર્વ સમાજે છે પરવરીયા એ । અને સર્વને દાન દાયક છો ને દાન રસે ભર્યા એ ।૭૬। તો તેમાં હું કયાંથી દ્રષ્ટે પડું પણ ભલી થઇ એ । રાજની કરૂણા દ્રષ્ટે કરીને દીઠી રસભઇ એ ।૭૭। હવે મારૂં સહુ દુખ પરીતાપ ને કલેશ જાવદ હતો એ । તે તો રાજની ભીટ માંડયામાંથી થયો અણછતો એ ।૭૮। રાજ હુંને સંભારો એહવી તે હુંમાં જોગ્યતા નહીં એ । હવે રાજની દીધી હુંમાં જોગ્યતા થઇ અહીં એ ।૭૯। એહવા વીનય વીવેકના બોલ રસ ભાવ ભરે કહયા એ । તે સાંભલીને પ્રભુ બોલ્યા નહીં સંકુચી મનમાં રહયા એ ।૮૦। દુરી દ્રષ્ટે સંકુચીને સનમુખે જુએ મુસકાઇ મન માંહાં એ । એહવું એ સ્વપ્નમાં અનુભવે વીસદ કહીયે કહાં એ ।૮૧। ને એહવું તો જાણે એ દીવસ નથી રાત્ર છે રસ ભરી એ । સુખસેજ્યાએ સુખસું પોઢયા પ્રભુ નીરાવરણ કરી એ ।૮૨। શ્રીજીની નીકટ સેજ્યા પાસે બાંલીએ લાગીને એ । પોતે ઉભા છે પ્રણય ભરી અતી અનુરાગીને એ ।૮૩। શ્રીહસ્તે કરી એહનો હસ્ત જાલીને પરસપરે એ । હાંસી કૌતક ટોંક અનેક કરે છે તે રસ ભરે એ ।૮૪। એમ કરતાં કરતાંમાં અતીસય રસ ઉદીપન હવો એ । રસે આરત ભરીત તે ભાવ પ્રગટ હવો અભીનવો એ ।૮૫। શ્રીહસ્તે કરી તાણી લેઇ સેજ્યાએ બેસાડીયા એ । અધરામૃત લે અધરામૃત પોતે પમાડીયા એ ।૮૬। ફદયસું ભીડી લેઇને બાંહે ભરાવી છે કંઠ માંહાં એ । પરસપર રસવસ થઇ ક્રીડા કલોલ કરે ત્યાંહાં એ ।૮૭। નીઃસંકોચમાં નખક્ષત દંતક્ષત રસ ભરે લાગીયા એ । તેણી પીડાએ અતીસે પીડાયા તેણે સમે જાગીયા એ ।૮૮। તો જાણે જે એ સર્વે કાંઇ સત્ય છે ન્યુન નથી અણુ એ । એહવું જાણ્યા પછી એણીપેરે રહયું તે કાંઇ એક ક્ષણુ એ ।૮૯। પછે સ્પષ્ટ જાગીને જોયું તો એ સ્વપ્ન ભાસ્યું સહુ એ । એટલે શરીરે મહા જવાલા અને અગ્ની ઉઠી બહુ એ ।૯૦। અતી દારૂણ હીમ પડે ને એ ઉઘાડા અહીં એ । અગ્ની અગ્ની જવાલા થઇ રહી એ ચેન પડે નહીં એ ।૯૧। અવસ્થા નીપટ વ્યાકુલતા થઈ એમ કરતા માંહાં એ । મુરછા પરજંત નવમી અવસ્થા પ્રગટી ત્યાંહાં એ ।૪૯૨।

એહવો સમય ને એહવો પ્રકાર પ્રગટ હવો તેહને એ । તેહની સખીએ લખી આંહાં મોકલ્યો જણ્યો પડે એહને એ ।૯૩। હવે આંહાં તો શ્રીજી ભોજન કરી પોઢયા પોહોંચી કાજથી એ । ત્યાંહાં પહેલે ભગવદીએ વીનતી કરી એકાંત સમાજથી એ ।૯૪। રાજે પત્ર લખવાની આજ્ઞા કરી ક્યારે લખસો તેહ એ । કહ્યું ઉથાપને લખી આપસું આજ્ઞા દીધી એહ એ ।૯૫। તારા પત્રમાં બીડીને આપજે જતન કરીને એ । તેહને હું કને લ્યાવજે એમ કહી પોઢયા સુખ ભરીને એ ।૯૬। નીંદ્રા સુખસું કરીને સમે થએ જગ્યા ઉથાપને એ । ગાદી તકીએ બેઠા ને સમાજ મલ્યો તે જાણી મને એ ।૯૭। પીટારી અનુપમ સોનેરી લાલ પત્ર મંગાવીને એ । ઉપર શ્રી હરી લખી શ્રીહસ્તે લખે મન ભાવીને એ ।૯૮। હવે પત્ર લખ્યાનો પ્રકાર જે આણુ પ્રબંધ માંહાં એ । ત્યારે તુક તણે કાજ અક્ષર તે મહેલ્યા જોઇએ સંધ માંહાં એ ।૯૯। ત્યારે પ્રભુજીના પ્રણય વચનમાં એહ વચન ન મલે એ । તેણે તે એ રસની તે ધારા વલી એહ વચને ચલે એ ।૧૦૦। રસાભાસ થાય તેણે કરીને કલી બાંધી નહીં એ । જથાપુર્વક શ્રીહસ્તનો પત્ર તેમજ લખું અહીં એ ।૧।

પત્ર

સ્વસ્તિ શ્રી વલ્લભાના પરમ પ્રીયાષ્ટા સીખ સમીહ ભાવાત્મક માસા સ્નેહ. અપરંચ સદા સર્વાત્મના શ્રી ગોકુલેશ સમર્તવ્યઃ, ભજનીયઃ,કિમધિકં તુમારી પત્રી પોહોંચી, વાંચેતી અતી સંતોષ ભયો. સમાચાર સબ પાયે, અબ કાહુ વાતકી ચીંતા મતી કરો. ઠાકુર સબ ભલીક રેંગે, સબ વાત ના કરીકે બાહય ભીતર ભાવ ગોપ્યસું રહેનો અરૂ સમાચાર સબ પઠવતે રહેનો. હમહું બોહોત ચેંઉ ચાહત હે. આગે સબ ભલી હોયગી, તાતે ચીંતા મતી કરો, પ્રસાદી વસ્ત્ર તથા માલા અરૂ પવીત્રા અરૂ મહાપ્રસાદ પઠયો હે સો લેનો

એણીરીતે ત્યાં શ્રીહસ્તે કરી ભકતને પત્ર લખે છે. વલી બીજું પત્ર એહોની સખીને પણ લખે છે. તે પત્રની પણ વીધી માત્ર અહીં લખી છે

સખીને પત્ર

સ્વસ્તિ શ્રી વલભાના નીજ દાસે આશિષ. સમીહ ભાવત્કમાસા સ્નેહ. અપરંચ સદા શ્રીગોકુલ પ્રભુ ભાવ્યં કિમધીકં. અબ તુમારી પત્રી આય પોહોંચી. વાંચે તે સબ સમાચાર પાએ અબ તુમ કાહુ વાતકી ચીંતા મતી કરો. ઠાકુરે સબ વીચારી હે તાતે સબ ભલી હોયગી. તુમ અબ હમારી દીશતે નીશ્ચય રહેનો અરૂ વહાં સબ સાવધાનીસું રહેનો. આગે સબ ભાંતન કરી નીકે હોયગી. સમાચાર સબ પઠવત રહેનો. હમ

तुमारे समाचारकेा नीत पेउा चाहत हे ताते पठवत रहेनेा. अरु हमारेा पत्र सावधान होय के सुनावनेा अरु चींता न करणय. हमारेा आयवेा अनत नांहीं, ताते तुम सब केाउ ईंहां आवनेा. पेउकी सावधानीसुं आवनेा. प्रसाद वस्त्र अरु माला पवित्रा महाप्रसाद पठयेा हे सेा लेनेा.

એણી રીતે એ પત્ર લીખીને બેહુ એકત્ર કરી એ । એહને સોંપે છે નીકટ તેડી કહી વાત ઉલટ ભરી એ ।૧૦૨। બેહુ પત્ર તે લેઇ દંડવત કરી શીષે ચઢાવીને એ । પેાતાના પત્રમાં તે બીડે છે ઘેર આવીને એ ।૩। પછે તેહ વૈશ્નવને એકાંત લ્યાવે છે શ્રી પ્રભુ કને એ । ઉપરેણેા મસ્તકે બાંધ્યેા. તેહને પ્રભુએ જાણી મને એ ।૪। અધરામૃત આપી કહયું તું એ આપજે તેહને એ । પ્રસાદી વસ્ત્ર માલા પવીત્રુ તે સેાંપ્યું છે એહને એ ।૫। શ્રીમુખે કહયું સહુ તેહને આપજે ને તું મારગ માંહાં એ । સાવધાનીસું જાજે ઉતાવલેા કુશલે પેાહેાંચે ત્યાંહાં એ ।૬। એમ કહીને તે વીદાય કર્યેા વહ્યેા. દંડવત કરી એ । પાછે પગે ચાલ્યેા જાય શ્રીમુખ જુએ ફરીફરી એ ।૭। ત્રણે પત્રમાં ગુઢ લીલા છે અપાર તે પાર પામું નહીં એ । પ્રાણના અવીલંબન કાજને કાંઇ એ લખ્યું અહીં એ ।૮। એમ કરી વીદાય થઇ ચાલ્યેા ભગવદી સાથે થઇ એ । પાર લગી પેાહેાંચાડી આવ્યા તેહનેા તે ઉતર લેઇ એ ।૯। આવી દંડવત કરી ઉભા રહયા પ્રભુ તેહ સમે એ । પુછયું તે ચાલ્યેા જી હાં રાજ ચાલ્યેા તે મનને ગમે એ ।૧૦। રાજે આપી ઉપરેણેા સનમાન કીધું તેહ તણુ એ । તેથી રાજની કરણા જોઇને પ્રસન્ન થયેા ઘણુ એ ।૧૧। રાજને દંડવત કરી ચાલ્યેા છે જાસે ઉતાવલેા એ । એ પ્રસંગ તેા અહીંથી રહયેા હવે આગલ સાંભલેા એ ।૧૨। હવે એ મનુષ્ય જ્યાંહાં લગી પેાહેાંચ્યેા નથી ત્યાંહાં એ । તે પહેલાનેા પ્રસંગ લખું છુ કાંઇ સંક્ષેપ માંહાં એ ।૧૩। હવે એહ મનુષ્ય અહીંથી ચાલ્યેા તે દીનથી તે ત્યાંહાં ભકતને એ । અનુભવ જણાવવા તેજ ગામમાં રસીક અનુરકતને એ ।૧૩। ત્યારે જાણ્યું એ થેાડા દીવસમાં સમાચાર આવસે એ । તેથી મનને આતુર આરત વાધી તે અતીસય રસ વસે એ ।૧૪। હવે કયારે સમાચાર પામસું દાડી એક મનુષ્યને એ । સીધ કરીને એ સામું તે મેાકલે વધાયા કને એ ।૧૫। કહે તેહ મલે ત્યાંહાં તું એહ આગલ થઇ આવજે એ । તેહના કુશલે આવ્યાના સમાચાર વેગે તું લાવજે એ ।૧૬। એમ કરતાં એક દીવસે વધાયેા તેહને સામેા મલ્યેા એ । માથે શ્રીહસ્ત પત્ર બાંધ્યું છે આવે કુલ્યેા ફુલ્યેા એ ।૧૭। તે જોઇ પત્રને દંડવત કરી વેગે આવ્યેા ફરી એ । ભકત કને વધાઇ માંગે છે અતીસે ઉલટ ભરી એ ।૧૮। ભકતે ભામણડા લેઇ વધાયાના મુખે મીસરી ભરી એ । વલી આપી વધાઇ અનેક ને પુછે છે ફરીફરી એ ।૧૯। પછે પેાતે અવકાસ જોઇને સાથે સખી લેઇ એ । તેહને સનમુખ બહાર આવ્યા તે આડું કેાઇ મીસ દેઇ એ ।૨૦। કેાસ એક આગલ જઇને મલ્યા ભેટયા દંડવત કરી એ । પછે પુછયા સમાચાર સુખદ મુખમાં મીસરી ભરી એ ।૧૨૧। વલી એકાંત સ્થલ

થઇ વેગ સમાચાર ઘણા ઘણા એ જેહ જેહ પુછયા તે તે કહયા સહુ પરમ સોહામણા એ ।૨૨। પત્ર માથેથી છોડી એ ભકતને આપ્યું તે હાથમાં એ । દંડવત કરી માથે ચઢાવી નેત્રે દીધું ત્યાંહાં એ ।૨૩। રૂદયસું પરસી દાબી અને રહયા ઘણુ આરંદ્ર થઇ એ । સાતવીક ભાવ સરવાંગે પ્રગટ હવો ને થયા રસમઇ એ ।૨૪। ત્યાંહાં બેસી ઉખેળીને પત્ર તે વાંચ્યા આરત ભરી એ । વાંચતા વાંચતા માંહાં એહોની અવસ્તા ગઇ ફરી એ ।૨૫। તે કેટલી એકવાર એણે પ્રસંગે તે અહીં રહ્યા એ । પછે પત્ર હૃદયસું દેઇને પોતા તણે ઘેર ગયા એ ।૨૬। કર્યા ઉછવ કીર્તન કીધાં તે ભાવ ગોપન કરી એ । કોઇ જાણે નહીં તેમ સહુ કરે ઉલટ ભરી એ ।૨૭। એમ કરતા પ્રાપ્તી હવી એહોને ચરણાવીંદ તણી એ । એહવા અનેક પ્રકારની વારતા છે તે ઘણી ઘણી એ ।૨૮। તે કાંઇ લેખને લખી ન જાએ લખી વાનગી માત્રને એ । અનુભવીને અનુભવ થાસે કેવલી સદપાત્રને એ ।૨૯। એમાં ગુઢ લીલા છે અપાર તે પાર પામું નહીં એ । પ્રાણના અવીલંબન કાજને કાંઇ લખું અહીં એ ।૩૦। હવે એહોને પ્રાપ્તી હવી ચરણની તે વીસદ કહું એ । જેહવું ઉતમોતમ ભગવદીની આજ્ઞાએ લહું એ ।૩૧। એ છે મોટા ગ્રહસ્થી તે એકલા ચાલ્યું જાએ નહીં એ । તેણે કરી અંતઃકરણ એહનું ખેદ પામે અહીં એ ।૩૨। પાછે મલતી પાણે કોઇ ભગવદીને તેડી કહ્યું એ । શું કરીએ શ્રી ગોકુલ જવાતું નથી થાય છે અસહ્યું એ ।૩૩। ઘરમાં તો કેહને કહેવાતું નથી કહો હવે શું કરૂં એ । ત્યારે તે ભગવદી એમ બોલ્યા એ ઉદ્યમ હું કરૂં એ ।૩૪। એ વાતની ચીંતા ન કરશો એ થોડા દીવસ માંહા એ । પ્રાણપ્રભુનું દર્શન કરશો તે જઇ વેગે ત્યાંહાં એ ।૩૫। એ સાંભલીને કાંઇ શાન્તા હવી એહને દંડવત કર્યા એ । દીનતા પ્રગટ કરીને કહી ઘણી સાત્વીક રસ ભર્યા એ ।૩૬। સમાધાન એહવું બહુ કરીને તે સહુ ઘેર ગયા એ । હવે શ્રીગોકુલ ચાલવાના ઉદ્યમની પાછલ થયા એ ।૩૭। પછે મોટા ગ્રહસ્થ છે તેહો કને આવીને એમ કહયું એ । જુઓ આપણને શ્રીગોકુલ ગએ ઘણુ થયું એ ।૩૮। તમો ચાલો તો સર્વ ચાલીએ પ્રમુખ જોએ તમ થકી એ । ઘણાને મનોરથ સાથે ચાલવાનો રહયા તમને તકી એ ।૩૯। એ સાંભલીને ગ્રહસ્થ ભરી આવ્યાં નેત્રે જલ વહે એ । તમથી દર્શન અમને થાસે ચાલો હવે એમ કહે એ ।૪૦। એહ સુણી ભગવદી થયા પ્રસન્ન દંડવત કરીને વલ્યા એ । પેલા ભકતને પાસે ગયા છે તે અતીસે ફુલ્યા એ ।૪૧। કહ્યું તમારા મનોરથ તમારા પ્રભુએ પુરણ કર્યા એ । ચાલવાનું નીરધાર કર્યું તે સાંભલી ઉલટ ભર્યા એ ।૪૨। મનમાં તે મોદ ન માયે પછે મીસરી અણાવીને એ । તેહોના મોં ભરીયા ભાવે ભર્યા અતી મન ભાવીને એ ।૪૩। હવે એહને રાત્ર દીવસ કાંઇ ચેન પડે નહીં એ । કહે તે દીવસ કયારે આવસે મારે ભાગ્યે અહીં એ ।૬૪૪। જે આ નીરબંધથી છુટસું કહીં નવી કલ પડે એ । મનમાં મનોરથ બહુ કરે કહે તે દીવસ જડે એ ।૬૪૫। અમો આણી આણી ભાંતે ચાલસું દોઢી મજલ કરી એ । અને વેગા થઇ પોહોંચસું પરમ

ઉલટ ભરી એ ।૬૪૬। ત્યારે શ્રીજીનો કોણ સમય હસે શ્રંગાર સમે ત્યાંહાં એ । ખેલવણે ખેલાવતા હસે કે આરસી ગ્રહી કર માંહાં એ ।૪૭। તે આરતી કરતા હસે કે વલી બંટો સમારતા એ । કે રાજ ભોગને ચોકી ઉઠાવતા ભોગ સરાવતા એ ।૪૮। શું કરતા હસે જોસું જમુનાજીએ નાહવા પધારતા એ । કે જમુનાજીમાં કરતા જલ કેલી કો શું કરે વારતા એ ।૪૯। નાહી પધારતા કે ચટાઈએ બેઠા જોસું જઈ એ । કે ભોજનને પધારતા કે ફરીને આવતા રસમઈ એ ।૫૦। કે સેજયાએ બેઠા જઈ જોઈસું બીડું આરોગતા એ । કોણ કોણ પ્રસંગ ચાલ્યો હસે એહવું મન ઈચ્છતા એ ।૫૧। નીંદ્રા ભરમાં પોઢયા હસે કે હસે પોતે જાગતા એ । બીડી શ્રી મુખમાંથી મેલી હસે જલ માંગતા એ ।૫૨। કે ઉઠી ગાદી મુઢે બેસી કરતા હસે વારતા એ । કે કેના સમાધાન કરતા હસે કે પ્રેમ વધારતા એ ।૫૩। કે ઉથાપને તેલ લગાવી નાહતા હસે જેહ સમે એ । કે ધોતી ધરી તીલક ધરતા હસે જોસું અમે તેહ સમે એ ।૫૪। કે અંગુલીદલે મુદ્રીકા પહેરતા હસે કે ગુંજા કરમાં ધરી એ । કંઠ ધરી ઉઠી પધારતા નીરખસું નયણા ભરી એ ।૫૫। સેન આરતી કરતા કે નાથજીના આભરણ ઉતારતા એ । એહવે સમય અમો જઈ જોસું કે ગ્વાલ સમર્પતા એ ।૫૬। સંધ્યા વંદન કરતા જોસું કે કરતા સેન આરતી એ । જોસું બહાર પધારતા ભાગ્યવંતી અંગ વારતી એ ।૫૭। કે હોમઘરમાં હોમ દેઈ તબકડીએ બેઠા હસે એ । કે ગાદી તકીએ તે બેઠા હસે જોઈ મન હુલસે એ ।૫૮। કે કરતા હસે હાસ્ય વીનોદ કે બીડા આરોગતા એ । કે તે કાંઈ રસ તણી વાત ચાલે છે રસ તણા ભોક્તા એ ।૫૯। કે બેઠા હસે તેલ સેજયાએ કે તેલ લગાવીને એ । ઉઠી પાગ બાંધ્યા સમે નીરખસું અમે મન ભાવીને એ ।૬૦। કે લટકાસું ગડુએ પધારતા ફરી પધારીને એ । ચરણ ક્ષાલણ કરતા અમો નીરખસું હરખસું વારીને એ ।૬૧। સુખ સેજયાએ બેઠા હસે કે ભગવદી વલ્યા હસે એ । એકલાજ પોઢયા હસે કે વહુજી પાસે લસે એ ।૬૨। કે કોઈ ભાગ્યવાન રસ ભકતના મનોરથ પુરતા એ । રસવસ થઈને મહા રસ તણી આરત ચુરતા એ ।૬૩। કે સુખસું નીંદ્રામાં પોઢયા હસે રયણીના રસ માંહાં એ । કે પાછલી રાત્રે ઉઠી દંતધાવન કરતાં તાંહાં એ ।૬૪। કે ગડુએ પધારી ચરણ ક્ષાલણ કરતા હસે એ । કે તેલગાદીએ બેસીને તેલ લગાવતા મન વસે એ ।૬૫। કે નાહતા હસે કે અંગવસ્ત્ર કરતા અમે જોઈસું એ । કે ધોતી ધરી ઉપરેણો ઓઢતાં જોઈ મન મોહીસું એ ।૬૬। ધોતી ઉપરેણો કેવા હસે કેસરી કે છીંટસું એ । કે સાદા પહેર્યા હસે કેવી શોભા હસે નીરખસું મીટસું એ ।૬૭। તીલક કરતા હસે કે ભીતર પધારી ભીતર જઈ એ । પ્રબોધ ભણતા હસે તેણે સમે અમો નીરખસું રસમઈ એ ।૬૮। કે ભીતરના સહુ કાજ કરતા હસે સમય સમય તણા એ । તે તો એહોને અંગીકાર થકી લાગે સોહામણા એ ।૬૯। એમ અહરનીસ સ્વરૂપ લીલા સહીત મનમાં અનુભવ કરે એ । એટલા સમયમાં કયારે નીરખસું એહ આરત ધરે એ ।૬૭૦। એ દીવસ ઘડી ક્ષણ પલ કયારે

પ્રાપ્તી હસે એ। આઠે પ્રહર અનીમેખતાએ કરીને મન એ વસે એ ।૬૭૧। અમે મુખકમલ અમલ અવીલોકીને આંખ શીતલ કરૂં એ। એવા ભાવના તરંગ પ્રગટે કહે ગુઢ આરત હરૂં એ ।૭૨। એણે લક્ષે લક્ષાવીધી ભાવ પ્રગટ હોય નીતનવા એ। તે વીસદ કરી કયાં લગી કહીએ હસે ન હવા એ ।૭૩। હવે પ્રભુને ઉપયોગ જે આવસે એકાંત રસ માંહાં એ। તે મનોરથ કરી કરીને સીધ કરે ત્યાંહાં એ ।૭૪। વાઘા ઉભય પ્રકારના આપને ને વલી પ્રભુને એ। તેહવા ભુષણ ઉભય પ્રકારના કરે જાણી મને એ ।૭૫। સોંધા સુગંધ સુવાસીત સુખદને લેઇ સંગ્રહ કરે એ। હવે નીરખવાના અભીલાખનો મન મનોરથ ધરે એ ।૭૬। એમ કરતા સહુ સાજ અનેક કરી કરી ચાલ્યા જેમ એ। ને મારગમાં આવ્યા જે પ્રથમ કહી આવ્યો છું તેમ એ ।૭૭। શ્રીમુખ પરસપરનો રસ વચને નાવે કહ્યો એ। તે તો અનુભવને અનુસાર તે મનમાં જાએ લહયો એ ।૭૮। તે અધીકારને ભેદે ભેદ કરી પ્રગટ જાણ્યો પડે એ। કે વલી મહેદની મહેદ કૃપાએ કરીને સ્વતઃથી જડે એ ।૭૯। એહવો ઉગ્ર પતાપ અગાધી અપાર રસ ગુઢ ગોપ્ય ઘણુ એ। એ કેવલ કૃપાનેજ સાધ્ય આરાધ્ય નહીં એક અણુ એ ।૮૦। એહવો રસ તે ભકતે આવી અનુભવ્યો સ્નેહ કૃપ્ય બલે એ। તે ફલાત્મક રૂપ ફલીત થયો સ્વરૂપ ફલને ફલે એ ।૮૧। તે તો આગલ સેજ્યાને માંગલ્યે કહેસું વીસદ કરી એ। ઉથાપન તણો પ્રસંગ આંહાં કહયો પરમ ઉલટ ભરી એ ।૮૨। એણીપેરે ભગવદીઓની વીનતી આવે છે પ્રતીદીને એ। તેહના ઉતર ચતુર શીરોમણી લીખે જાણી મને એ ।૮૩। કેની વીનતી વીનય દીનતાની મનવૃત લહી અને એ। સ્વતઃથી લખે પત્ર તેહને તે અતી અસહી થઇ અને એ ।૮૪। કેને પોતાને પ્રેમ ભરેથી પ્રમુદીત થઇને એ। લખે પત્ર છાના ભાવ ગોપ્યનીસું મન દેઇ અને એ ।૮૫। એમાં એક પ્રસંગ વીસદ કરૂં મનમાં ધરીને એ। બીજા અનેક છે કયાંહાં લખીએ સમુજાએ એણે કરીને એ ।૮૬। નીઃસાધન ફલાત્મા રૂપ સ્વરૂપ એ અભીનવું એ। ભાવ ગ્રહી અને ભાવાનુજાણ હસે ન એહવું હવું એ ।૮૭। અતી ચતુર મનવૃત લહે આપથી ભકતના મન તણી એ। ઇશ્વર પદ કર્યું છે પ્રમાણ એહવો એ ગોકુલેશ ધણી એ ।૮૮। એકવાર શ્રી કૃષ્ણભટ તે જાય છે ગુજરાતને એ। તે વીનંતી કરી પ્રભુને જઇને પોતે એકાંતને એ ।૮૯। શ્રી રાજ હું ચાલું છું ગુજરાત કાંઇ આજ્ઞા દીજીએ એ। ત્યારે શ્રીમુખે કહયું એક પત્ર લખું તે એમ કીજીએ એ ।૯૦। ગુજરાતમાં વરસુંડુ ગામ રજપુત વાઘજી તણુ એ। તેહની સ્ત્રી છે રાજકુંવર તે પરમ નીપુણ એ ।૯૧। તેહને પત્ર એકાંત લેઇ આપજે જઇને તેહો ભણી એ। હમારો કહી આશીર્વાદ મનુહાર કરજો ઘણી એ ।૯૨। તે તો પત્ર શીષે ચઢાવીને ગુજરાત ચાલીયા એ। ફીરતા ફીરતા તેને ગામ નીકટ ત્યાંહાં આવીયા એ ।૯૩। ત્યાંહાં આણંદભાઇ એક ભકત શ્રી મહાપ્રભુનો રહે એ। તે સહુ ભગવદીને જાણે અને વાત ત્યાંહાંની લહે એ ।૬૯૪। તેહને કહયું ભટજીએ લેઇ નામ જે અમુક સ્ત્રી કયાં રહે એ। ત્યારે આણંદભાઇ

જય પામીને એમ ઉતર કહે એ ।૫૬૫। તે તો રજપુત દુષ્ટ ગરાસીયો વાઘજી નામ છે એ । તેહનું નામ લેઇ શકે કોણ એ સ્ત્રી તેને ધામ છે એ ।૬૬। ત્યારે શ્રીકૃષ્ણ ભટે સમજાવીને કહ્યું તેહને એ । જે શ્રીજીએ લખ્યું છે આ પત્ર આપલે એ તેહને એ ।૬૭। પછે સાહસ કરી તેહને ઘેર આણુંદભાઇ લેઇ ગયા એ । જુએ તો અતીસે નીરાવણું ને કીધી એહો પર દયા એ ।૬૮। વાઘજીરાજ રજપુત પુરૂષ એહનો તે તો ઘેર નહીં એ । પ્રાછીત કરવા તે સવાર થઇને આપ ગયો કહીં એ ।૬૯। એહને ભીતર તેડી બેસાડી અતીસે આદર કરી એ । એણે આપ્યું શ્રીજીનું શુભ પત્ર તે લીધું ઉલટ ભરી એ ।૬૦૦। હૃદય દેઇને ચઢાવી શીષ ને નયણે દેઇ રહયા એ । આવ્યા સાત્વીક ભાવે ભરીને દીન વચન કહયા એ ।૧। પોતાની અંતરગત તણો તે ભાવ સનમુખ કર્યો એ । મારા મનના ગુઢ પરીતાપને વાહાલે વેગે હર્યો એ ।૨। મારા મન તણી વૃત અતી ગુઢ વાહાલાજીએ તે લહી એ । મારી આરત આરત હરણે તે રંચ એક નવ સહી એ ।૩। એમ રીજી મનમાં લેઇ પત્ર ચોકી ઉપર ધર્યું એ । પટવસ્ત્ર બીછાવી નીચે ને વલી ભાવતું બહુ કર્યું એ ।૪। કૃષ્ણભટને બેસાડયો આંગણમાં ચોતરો છે જાંહાં એ । એહવે વાઘજી રાજા બહુ સવારે તે સમય આવ્યો ત્યાંહાં એ ।૫। ભટજી થયા કંપાયમાન હવે શું થાસે અહીં એ । એતો કાલ કૃતાંત આવી ગયો અમો આવ્યા કહીં એ ।૬। ભટજીએ દીધો આશીર્વાદ તે જોઇ ઘરમાં ગયો એ । ધરીને પુછાં આ શું ને તે કોણ સમાચાર એહને કહયા એ ।૭। શ્રી ગોકુલનાથજીએ પત્ર લખ્યું છે તમને એ । બેઠા છે તે ભટ તેહનો તે જમાઇ એ સુણી રીજયા મન એ ।૮। નામ સુણી અને પત્ર દીઠું તેણે દુષ્ટતા રહી નહીં એ । ત્યાંહાં નમન કરી પત્ર લેઇને બહાર આવ્યો અહીં એ ।૯। પ્રણીપતી કરી ભટજીની ધણી અને પત્ર વંચાવીયું એ । ભટજીએ તેહનુ નામ વાંચીને પત્ર સુણાવીયું એ ।૧૦। તે સુણી આરંદ્ર થયો ઘણુ દંડવત કર્યા ફરીફરી એ । અચમને સંભાર્યો મહારાજ એમ કરી આવ્યો ભરી એ ।૧૧। પછે સીધો આપ્યો આપી દક્ષીણા મનુહાર કરીને એ । આણદભાઇ ને ભટજી વીદાઇ દયાં ચરણે શીષ ધરીને એ ।૧૨। અને કહ્યું મારે માથે હાથ મુકો તમો દીત કરી એ । અને આશીર્વાદ હમને તે દીયો પરમ કરૂણા ભરી એ ।૧૩। જેણે કરીને શ્રીગોકુલ અવાય વેગા થઇ એ । અને તેહ પ્રભુનુ શ્રીમુખ જોઉં વેગા વેગા જઇને એ ।૧૪। ભટજી તો પોતાનો સામર્થ વીચારી એમજ રહ્યા એ । પ્રભુનુ બલ અતુલ વીચારી અને કીધી એહો પર દયા એ ।૧૫। પછે મુકયો એને માથે હાથ કહ્યું વેગ તમો આવસો એ । પ્રભુને બલે નીરધાર નવ સોચ કરસો કીસો એ ।૧૬। એહવા દુષ્ટને એહવી બુધી પ્રગટ થઇ તેહ સમે એ । ગુણ નામ પ્રભુનુ તે સાંભલી જોયું પત્ર મન ગમે એ ।૧૭। અને ભગવદીનું દર્શન હવું સર્વ સફલ થયું એ । તેહની દુષ્ટતા તે દુર પ્રાચીન કાંઇ નવ રહ્યું એ ।૧૮। તેની સ્ત્રી જે રાજકુંવરબાઇ તે તો અંગીકૃત ઘણુ એ । તેહનો સ્વરૂપ બલે અંગીકાર શું કહું તેહ તણુ એ ।૬૧૯। એહનું શુભ વીચારીને નામ પ્રથમ

આપ્યું સ્વપન્ન માંહાં એ । કોઈ કારણ કરૂણા ભરી કૃપા કરી એહોને ત્યાંહાં એ ।૬૨૦। મહા સૌભાગ્યવતી ઉપર અતી ગુઢ કરૂણા કરી એ । કેવલ સ્વરૂપ બલે સનમાન કરીને રસે ભરી એ ।૨૧। સાંપ્રત્ય નામ નીવેદન નહીં અને નહીં સંગ કોઈનો એ । એ તો વૈશ્નવ ધર્મ નવ જાણે એહને પક્ષ એક નેહનો એ ।૨૨। સુણી નામ ને નેહે સનમુખ થયા એ ધર્મ આચર્યો એ । એહનો આંતરીક ધર્મ લઇને સતકાર પ્રભુએ કર્યો એ ।૨૩। અહીં ઇશ્વરતા કહું કે પુરૂષોત્તમતા કહીએ એ । જેણે દુરથી જ્ઞાપન કીધા પાખે મનવૃત લહી એ ।૨૪। પછે કોઈ એક દીવસે તે સૌભાગ્ય ભર આવ્યા ગોકુલ ભણી એ । આવી મનોરથ પુરક પ્રગટ જોયા તે ગોકુલધણી એ ।૨૫। એમ આરત ગોપ્ય અનેકની રંચ સહી નથી એ । મનવૃત તણા જાણ શીરોમણી કહાં લગી કહું કથી એ ।૨૬। મહા સબંધી સબંધને જાણે સબંધ એણીપેરે કર્યા એ । સમ ભાવે ભાવારૂઢ થઇ તેણી વીધે આચર્યા એ ।૨૭। પ્રેમસું પ્રેમે અભીલાખસું અતી અભીલાખીને એ । સ્નેહસું સ્નેહે રસસું રસ તેહનો ચાખીને એ ।૨૮। આરત્યાસું આરત કરીને મલે ધર્મે ધર્મ કરી એ । સાત્વીકતાસું સાત્વીકતાએ કરી મર્યાદાએ મર્યાદા ધરી એ ।૨૯। અનન્યસું અનન્ય પોતે થઇ પ્રેમે રસે ભરી એ । પ્રમાણીને પ્રમાણે નીરૂપણ કરી આરત હરી એ ।૩૦। વરણ સમ પાત્ર ભેદ કરીને પાત્ર સમ દાનને એ । ભેદાભેદ કીધા છે અનેક કરવા એ રસપાનને એ ।૩૧। એહવા અનેક પ્રસંગ છે નીત્ય નવા તેહ કાંહાં લગી કહું એ । એણી ભાંતે લખે છે તે પત્ર હું કહાંથી લહું એ ।૩૨। કેહેને સેજ સમાધાન અર્થને પત્ર લખે છે ઘણા એ । કેને શીક્ષા નીમીતે સીધ્ધાંત જુત માર્ગ પ્રણિત તણા એ ।૩૩। લખે દુહો કો પદ તણુ ચરણ વીપ્રયોગે ભરીને એ તેને તેવા ઉતર લીખે આપ સમાધાન કરીને એ ।૩૪। કોઇ આવ્યા છે આવતા જાએ આવે છે મારગ માંહાં એ । કો અહીંથી ચાલ્યા કોઇ સ્થીતી કરી કરી રહયા અહીં એ ।૩૫। એમ શ્રષ્ટી સહસ્ત્રા વીધી સોહતી પરમ મોદે ભરી એ । એ સ્વરૂપે વેધી આવાગમન કરે છે ફરીફરી એ ।૩૬। એહનુ કારણ કૃીત આચરણ કાંઈ લખ્યું પડે નહીં એ । ભાવે બુધીએ ને ગ્રંથ તણે બલે એહ જડે નહીં એ ।૩૭। સ્વરૂપ સાદ્રસ સ્વરૂપ કૃત્યના ઘણી સ્વરૂપ રસ ગુણ ભર્યા એ । સ્વરૂપનું જહાં રસ અભીરામ નવ જાએ વીસદ કર્યા એ ।૩૮। એહવું સ્વરૂપ ને એહવી એ શ્રષ્ટી અભીષ્ટ ભાવે ભરી એ । વર્તમાને પ્રગટ હવી અહીંએ હસે ન એવી ફરી એ ।૩૯। એસું લીલા કરે મારો નાથ ઉથાપને અભીનવી એ । તે લેખનમાં કહાંથી લખાય જાણે સહુ અનુભવી એ ।૪૦। એ અગાધી સમુદ્રમાંથી લખું વાનગી માત્રને એ । સુણી સુચનીકાએ સુચન હસે સહુ સદપાત્રને એ ।૪૧। હવે આગલ વીષય ઉથાપનના તે લખું વલી એ । પ્રશ્ન પુછે છે કો ભાગ્યવાન તે કહું કાંઇ મન રલી એ ।૪૨। ભકત ઉભા છે ને કો બેઠા છે પ્રથુક ભાવે તેહને એ । પ્રગટ થાય છે તે એ સ્વરૂપ જોઇ સહેજ સહુ કોહોને એ ।૬૪૩। તે સંદેહ એક રંચ રહેતો નથી સ્વરૂપ રસ પાગીયા એ । એક દર્શને સહુ વીસ્મારક થઇ

અનુરાગીયા એ ।૧૪૭। જેહને સ્વરૂપનું જ્ઞાન છે તે તો સ્વરૂપ જોઈને એ। આપ થકી અજ્ઞાની થઈ બેઠા છે મોહીને એ ।૧૪૫। જેહને સ્વરૂપનુ જ્ઞાન નથી તે તો જ્ઞાનવાન થઈને એ। વેદ શાસ્ત્રની ચર્ચા કરે છે પુછે જુકત લેઈને એ ।૧૪૬। જેહને જોગ્યતા પુછવાની બેઠા છે મનમુખે એ। રૂથી જોઈ સમે તારતમ્ય પુછે છે તેહવી રૂખે એ ।૧૪૭। કયારે પુછે છે પદ તણા ભાવ મન ચાવ ધરીને એ। મહા ગુઢ ચર્ચા ચાલે રસ તણી ફરી ફરીને એ ।૧૪૮। કયારે દશમ દશા વીસેના ભાવ અને ગુઢ મારગ તણુ એ। કૃપા દાન અનુસારથી પુછે છે મેહેલી પોતા-પણુ એ ।૧૪૯। કયારે પ્રભુ વીષયી અન્ય ઉપદેશથી પુછે પ્રમુદીત થઇ એ। કયારે કૃત્ય આચરણ વીધી ભકતની પુછે કારણ મેલ એ ।૧૫૦। કયારે પ્રેમ પ્રથ પ્રણય રસની કથા ગુઢ ચર્ચા કરે એ। વીપ્રયોગ અવસ્થાના ભાવ પુછે છે આરત ભરે એ ।૧૫૧। કો સંદેહ બહુ ભાંતના પુછે છે મનમાં ધરીને એ। અન્ય સ્થલ જે જડે નહીં તે અહીં અનુસરીને એ ।૧૫૨। કયારે ભકતનું પુછયું પુછે છે વીનય કરીને એ। કયારે મારગ પ્રણીત જગત હીતે પુછે ઉલટ ભરી એ ।૧૫૩। પ્રભુ પોતાનુ પ્રાગટ પ્રગટ જે પરમ કરૂણા ભર્યું એ। સ્વતઃથી કૃપાને બલે કરી ભકત હીતે કર્યું એ ।૧૫૪। જથારથ જેહવું છે તેહવું કોઇ જાણે નહીં એ। જણ્યા વીના તો એ જીવનુ કાજ સમુલ થાએ કહીં એ ।૧૫૫। અને જે રસે પ્રાગટ કર્યું છે ભકત ઉપયોગને એ। જથારથ જાણીને તેહ રસે નાવે લે ભોગને એ ।૧૫૬। એમ ઉદ્ધવ પ્રભુના મનમાં રહે કહે કહેને એહ એ। પછે ઇચ્છાને બલે પ્રકાર જેમ પ્રગટ કરે તેહ એ ।૧૫૭। કોઇ ભાગ્યવાન ઉરમાં ઇચ્છાએ પ્રવેશીને એ। પ્રશ્ન કરાવે ગુઢ આસય તણા અંતર આવેસીને એ ।૧૫૮। પોતે પ્રશ્ન કરાવી પોતે કહે ભાવ પ્રગટ કરી એ। ભાગ્યવાન જે એ રસપાત્ર તે ગુઢ રસે ભરી એ ।૧૫૯। કહો પુરૂષોતમ પ્રાપ્તી કેમ હોએ પુછે આરત ભરી એ। કો પ્રાગટ સીધ્ધાંતનું કારણ પુછે પદ અનુસરી એ ।૧૬૦। કો પુછે છે જે આ સૃષ્ટી કોણે કરી પ્રગટ કરી એ। તેહને કહે આ એ સૃષ્ટી ને તે સૃષ્ટી એક છે રસ ભરી એ ।૧૬૧। અને સર્વે અહીં છે આધુનીક પ્રાગટમાં અહીં એ। એકત્ર વીચરી છે ભુતલમાં અન્ય કહીં છે નહીં એ ।૧૬૨। એહવા પ્રશ્ન અનેક પ્રકારના પુછે છે તેહ સમે એ। ભાવ સમ જોગ્યતા અધીકાર સમ જેહવા મનને ગમે એ ।૧૬૩। જ્ઞાનતા ને અજ્ઞાનતાએ કરી તારતમ્યને એ। પુછે છે તે જણ્યાને હારદ્ર થાવા ત્યાંહાં ગમ્યને એ ।૧૬૪। ત્યારે પ્રાણ પ્રભુજી પ્રસન્ન થઇ કહે આ કારણ લહીએ। સગર્ભ ભાવ ભર્યું વચને સમુજાવે તેહને કહી એ ।૧૬૫। જેહવા પાત્ર જેહવે રસે પુછયું તે તારતમ્ય કરીને એ। જેહવો સમય તેહવું સમજાવે તે વચન કહીને એ ।૧૬૬। એક વચનમાં અનેક પ્રકારનાં ભાવ તે સુચવે એ। જે કો જહાં ભોજન કરે ત્યાં પ્રગટ કારણ નવનવે એ ।૧૬૭। જેની જેવી જોગ્યતા અધીકાર ને વરણ જેહવો કર્યો એ। અંગીકરણને ભેદ કરીને જેવો જહાં રસ ભર્યો એ ।૧૬૮। તે તો તેણે પ્રકારે રીઝી રીઝ્યા રસ આપણે એ। વરણ ભેદના ભાવ પ્રીછયા તણુ મનમાં નવું ગીણે એ ।૧૬૯। જે કો જે રસમાં છે પાગ્યા

અનુરાગ્યા એણે કરી એ । પોતા પોતાને પ્રથુક ભાવે સહુ આવ્યા અતી રસ ભરી એ ।૬૭૦। કોએ મનમાં વીચારી બેઠા છે કો પુછી શકતા નથી એ । સંદેહ ઘણા દિવસ તણો પણ કેમ કહે કથી એ ।૬૭૧। સહુનુ સમાધાન એક વચનમાં હોએ એક સમે એ । કોઇ પ્રગટ ને કોઇ મનમાં રીઝી ચરણે નમે એ ।૭૨। આપાપથી રીજી મનમાં કહે અમને કહ્યું એ । મહા ચતુર શીરોમણી જાણે એ મારા મનનુ લહ્યું એ ।૭૩। એમ પોતા તણા રસમાં મગ્ન સહુ કો હોઇ એ । ભેદાભેદ તારતમ્યના ભાવ સમુજે ન કેના કોઇ એ ।૭૪। એહવા ગુઢ આશયના વચન તે બેઠા પ્રગટ કરે એ । એક વચને સમાધાન સર્વના કરી આરત હરે એ ।૭૫। તે સાંભલીને ઘેર આવી આવી ચર્ચા કરે ઘણી એ । કોઇ લખી રાખે પોથીમાં યથા બુધી આપણી એ ।૭૬। કો દેશ પ્રદેશ લખી મોકલે જાહાં મલતુ હોઇ એ । તહાં પોતા તણા ભાવે રીઝે છે તે સહુ કોઇ એ ।૭૭। એક વચનમાં અનેક સીધાંત ને અનેક કારણ હોઇ એ । તેહને કરૂણા ભરી કૃપા વીના સમુજે નહીં કોઇ એ ।૭૮। એહવા પ્રશ્ન ને પ્રશ્ન ઉતર પ્રતીઉતર પ્રતીદીને એ । કરે છે કારણ રૂપ તે જાણીને મને એ ।૭૯। એ જગત કૃતારથ હેત ને સ્વકીય શીક્ષા હિત એ । એહવા પ્રસંગ અનેક ચાલે છે સભામાં પ્રતીનીતે એ ।૮૦। હવે કૌતકી પ્રભુ કૌતીકી વીષે પ્રેમ તે અતી ઘણો એ । મહા કૌતીકી રસીક રસે ભર્યા પરમ સોહામણા એ ।૮૧। જેના વચનમાં અંગ અંગમાં કૌતીક તણી માધુરી એ । નયણ સયણમાં નૌતન રસ તે રહ્યો છે કૌતીકે ભરી એ ।૮૨। એહવા કૌતીક પ્રાણપ્રભુ આગલ કો આવીને એ । વીનોદી અવિનોદી કરે છે મનમાં ભાવીને એ ।૮૩। દેશ દેશની બોલી અનેક બોલે તે કૌતીક ભરી એ । પ્રભુજી તે પ્રસન્ન થાય તેમ તેમ તે બોલે ફરી એ ।૮૪। વલી જેહવી હાંસી તેહવા અનુકરણ ત્યાંહાં દેખાડીને એ । અને હાસ્ય વચન અશ્લીલ બોલે લજ્યા છોડીને એ ।૮૫। જથા વાકય કાંઇ શ્લોક કહે જેહમાં સંસકૃત નવ જડે એ । તે સાંભલી સાંભલી સહુ કેને પેટે ખાલી ચડે એ ।૮૬। કો સમે સુદામો બ્રહ્મચારી તે આવી સમે સમે એ । કરે પ્રસંગ પ્રસન્ન કરવાને તે પ્રાણપ્રભુને ગમે એ ।૮૭। એણે શ્રી ગોપાલને જન્મે માગી છે વધામણી એ । તે સાંભલી કહ્યું માગ એમ રીજ્યા ગોકલધણી એ ।૮૮। એણે માગ્યું જે હું ઉપર રાજ પ્રસન્ન હોય સર્વદા એ । તે સાંભલી ઉદાર વર ઢલી આવ્યા એહો પર સદા એ ।૮૯। અને દાન પ્રસન્નતાનું કર્યું પ્રસન્ન થઇને એ । તે જ્યારે આવે ત્યારે વાત હંસારૂ લેઇને એ ।૯૧। કો સમે પ્રભુ કયારે અપ્રસન્ન હોએ ને એ આવે જ્યારે એ । એના વચન સાંભલી મહારાજ પ્રસન્ન હોએ ત્યારે એ ।૯૨। બ્રાહ્મણીની વાત કરે કયારે કહી રૂગદાલીઉ એ । સુણી પ્રભુ થાય પ્રસન્ન આપ્યું વચન પાલીયું એ ।૯૨। સત્ય સંકલ્પતા તે સાંપ્રત્ય રહે સર્વદા નીત અહીં એ । મન વચન કૃત્યે કર્યું દાન તેમાં સંદેહ નહીં એ ।૯૩। વલી ગુગલી દ્વારકાનો જેહનુ નામ માંડણ જેહ એ । તે પ્રભુજીને પ્રસન્ન કરે ઘણુ કહી વચન તેહ એ ।૯૪। ચાલે વાત પુરૂષોતમ તણી ત્યારે શ્રીપ્રભુ એમ કહે એ । પૃથ્વીમાં છે ચાર પુરૂષોતમ તે સાંભલી સહુ રહે એ ।૬૯૫। ત્યારે માંડણ કહે મહારાજ પુરૂષોતમ

સહુ અહીં એ । તે તો માગત ભીખ ને રાજનુ પ્રાગટ હોત નહીં એ ।૬૬। રાજને પ્રાગટે કરી સર્વ પુરૂષોતમે સુખ લહયું એ । સાંભલી પ્રભુ થયા તે પ્રસન્ન ત્યારે એણે એમ કહ્યું એ ।૬૭। વલી કહે જે હાથ લાકડી અને કાંધે કામળી લઇ એ । ગૌ રૂડા ચારવા તમો જાઓ એ પદનું વચન કહી એ ।૬૮। કહે એ વૈભવ અને એહ સુખ હતું એણે માજને એ । તે આજ તેર તેર ભોગ આરોગે છે પ્રાગટ રાજને એ ।૬૯। સન્યા ભોગ ને શ્રંગાર વીવીધ પ્રકારે બણુ એ । એણીભાંતે સુખ હોય છે તો જે હવું પ્રાગટ તમ તણુ એ ।૭૦। એવી વાતો કહી કહી હંસાવે માંડણ ગુગલી એ । પ્રભુજી રહે એહો પર પ્રસન્ન ને એહોની પોંચે રલી એ ।૧। એમ હારયે પ્રભુને પ્રસન્ન કરે તે કૌતીક કરી એ । પ્રસન્નતા જોઇ સહુ કેના કાજ જાએ સરી એ ।૨। એહવે કૌતીકે કૌતીક સ્વરૂપનુ જુએ છે રસ ભર્યા એ । અંગ અંગના ભાવે વીલોકતા કાજ સહુ વીસર્યા એ ।૩। એમ ઉથાપને ભેટા અનેક લીલા કરે અભીનવી એ । તે તો મહા ભાગ્યવાન ભાવે ભર્યા અનુભવે અનુભવી એ ।૪। હવે વસંત લીલા જે ઉદ્દભોદ્ય રસ ઉથાપને કરે એ । મનોરથીઓના મનોરથ પુરે અને જે આરત હરે એ ।૫। તે કાંઇ કહું છું સુચન માત્ર આગલને માંગલ્યે કરીને એ । એ રસપાત્રને દાસ ગોપાલ ચરણે ચીત અનુસરીને એ ।૭૦૬।

શ્રી સ્વરૂપ રસાવલી ગ્રંથનુ
ઉથાપન વર્ણન નામ
માંગલ્ય-૧૩ તેરમું સમાપ્ત

માંગલ્ય ૧૪મું

ઉથાપન સમય બેઠકમાં વસંત ખેલવાનો પ્રસંગ

શ્રી ગોકુલપતી ગોકુલ નાયક મહા વરેંદ્ર રસરૂપ । રસીક શીરોમણી રસદાતા શ્રી ગોકુલ કેરા ભુપ ।૧। મહા પુરૂષ પુરૂષાર્થી કામ કેલી રતીવાન । કામ ઉદબોધક કામ કીતકી કામોચ્છવ સનમાન ।૨। ઉનમત રસ માતા મનોરથ ભર મનોરથીને હેત । મોહ ભર્યા આનંદ ભર્યા ભાવે ભર પ્રણય સમેત ।૩। ઉથાપને આનંદ ભરી લીલા કરે પરમ વરેસ । કહી આવ્યા સુચન માત્રે સુખદ જે મહા સુદેશ ।૪। એહવી અમીત લીલા કરતામાં સુભગ વસંત ।રસ ભર રસ નાયક રસ પુરીત રસાવેસ મયમંત ।૫। રસાવેસે પુરીત રસ થઈ રસ પુરીત કીધું સર્વ । આગમને આગમન હવા મહા કામોદીપન ગર્વ ।૬। સ્થાવર જંગમ પશુ પક્ષીને પ્રગટી રતી અલીલાખ । તરૂ પલવ અતી કુસુમ સમે હ સઘન થયાં શત સાખ ।૭। ગુલ્મ લતા દ્રુમ વેલી વીલસે વીવીધ ભાંતી મકરંદ । મધુપ મનોરથ ભર ગુંજે છે સુખદ સ્વરે કલમંદ ।૮। નારીનર ભર મોહ ભર્યા ઉછાહ ન અંગ સમાય । નીડર નીરંકુશ થઈ રમે છે આપાપણે ભાવે ।૯। કામ રસાનંદે સહુ વીલસે રહીત દેહ સંધાન । એતદ રસ પર જ્ઞાન સર્વને ફુરતી નહીં કાંઇ આન ।૧૦। કામ નરેસ વસંત સેન લેઇ વીચર્યા ભુતલ માહેં । કુસુમ બાણ તાણે રહે કોણ ધીરજ ધરે ત્યાંહેં ।૧૧। વન વેલી વીકલ થયા તે લતા લતા પ્રતિ જાય । પ્રતીક્ષણ રતી રસ ભર અલીલાએ ઉર આનંદ ન માએ ।૧૨। વનીતા રસ વીવસ થઈ આરત વાધી અંગ । નાયકના રસનો મનોરથ ઇચ્છે પ્રતિક્ષણ સંગ ।૧૩। નવ નાયક ગોકુલપતી રસદાતા લોગ્ય વરેશ । ઉભય મનોરથ અલીનવે વીલસે પરમ સુદેશ ।૧૪। ભકત ભાગ્ય પુરાના મનને મનોરથનુ નહીં માન । વસંત ખેલ ખેલાવી કરીએ રસનુ રસપાન ।૧૫। પ્રાણપ્રભુસું ખેલમાં રસ એ સુખનો નહીં પાર । અનુભવ સુણી કરી અનુભવ કરવા કર્યા મન વીચાર ।૧૬। એ રસ વસંત તણો મહા ઉનમત ખેલ્યા પ્રાણધાર । વીવીધ ભાંતે મનોરથ કીધા તે થાએ નહીં વીસ્તાર ।૧૭। કેણે બેઠકમાં ખેલાવ્યાં બહુ રસ ભાવ ભરી । કેણે ખરીક પોઅર જમુનાજી પુલીન મનોરથ કરી ।૧૮। કેણે આગમાં બહુ વીધીસું ખેલાવ્યા રસ રીત । કેણે હવેલીમાં પધરાવી કર્યા મનોરથ બહુ પ્રીત ।૧૯। કયાં લગી એ ઉછાહા મનોરથ ઉભયના ઉભય પ્રકાર । કહી કહીને કહીએ કહાં લગી થાએ નહીં વીસ્તાર ।૨૦। અનુભવી અનુભવથી સમુજે અનુભવને અનુસાર । કહે સુરતી આવે છે તેહને પણ પામે નહીં પાર ।૨૧। જેણે એ રસ પાન કરીને કરાવ્યું રસપાન । દાન લેઇ દાનેશ્વરનુ અને કીધું સર્વસ્વ દાન ।૨૨। એ સદપાત્ર તણા પદ વંદી ચરણે નામી શીષ । નમન કરી નવકુંવર વલ્લભવર ગોકુલ કેરા ઇંશ ।૨૩। એ લીલા કેહેવાનો મનોરથ કીધો છે મન માંહેં । કહેસું સુચનીકા માત્રે સમગ્ર કહેવાએ કયાંહે ।૨૪।

બેઠકમાં ખેલાવ્યા ભાગ્યવાને ભાવ ભરી । તે કહું અનુભવને અનુસારે એ લીલા રૂદય ધરી ।૨૫। ભગવદી ભાવે પુરા મહાભાગ્ય કેરી રાસ । પ્રાણપ્રભુને વસંત ખેલાવવા કરી રહ્યા બહુ આશ ।૨૬। કો સમે ઉથાપને કોઇ ખેલાવે છે રાત્રે । કો ભોજન ઉપરાંત ખેલાવે સ્વકીય જુથ સદપાત્ર ।૨૭। ઓસરે આપાપણે ખેલાવે વસંત પંચમીથી । ભાગ ન આવે દીવસ કેહેને વીલસે અતી હુલસી ।૨૮। એક પ્રસંગ એમાં થકી કહું ઉથાપન સાર । ભાગ્યવાને મનોરથ કરીને ખેલાવ્યા આધાર ।૨૯। આગમ અનેક પ્રકારે ઉલટ ભરી ભરી બહુ સાજ । કરે છે અનેક મનોરથસું તે વાહાલાજીને કાજ ।૩૦। એ ઉછવનો મનોરથ કરી કર્યા પકવાન અનેક । ભાંત ભાંતના ભાવ પુર્વક થાએ નહીં તે વીવેક ।૩૧। વાઘા વીચીત્ર કરી સમરાવ્યા પહેરામણીને કાજ । મન સમાન ધન મનમાં ન આણી વીનીયોગને મહારાજ ।૩૨। ચોવા મેદ જવાદ અરગજા અતર અનેક સુવાસ । અબીર અનેક સુગંધ ભર્યા તે આણી કર્યું ઉલાસ ।૩૩। કુમ્નાગર ઉવેખી કેશર રંગે ભર તે આણ્યા બહુ મોલ । બહુ ગુલાલ ગેહેરે રંગનું બીજું નહીં એ સમતોલ ।૩૪। એહવા સાજ બહુ સીધ કીધા આગલ ઉલટ ભેર । આપપણા મનોરથસું તે કયાં લગી કહીએ પેર ।૩૫। એમ કરતા ઓસરો એહનો આવ્યો જેણીવાર । તે દીવસે ઉછાહા ભરે સીધ થયા તે તેણીવાર ।૩૬। પ્રથમ રાત્રે આજ્ઞા માગી વીનતી કરી પ્રાણાધાર । પ્રાતઃ વસંત ખેલાવસું ઉથાપને કર્યું નીરધાર ।૩૭। પ્રાણપ્રભુએ પ્રસન્ન થઇને કીધો બહુ સતકાર । અવસ્ય કહ્યું તે સાંભલીને મોદ તણો નહીં પાર ।૩૮। ઘેર આવી સહુ એ સીધ કીધું ને કીધો તે વીચાર । ધોતી ઉપરેણા ધરાવીએ નાહતા બીજીવાર ।૩૯। કેશર રસ ગાલી સીધ કીધો તે રંગ અનુપમ ભાંત । ત્યાંહાં જ્ઞાતા બેસાડયા તે સહુ સીધ કરે કરી ખાંત ।૪૦। ધોતી પરમ સુખદ ખાસાની મહીન જે મલતે અંગ । ગજ પરાગે રહેવરે સોહે તેવો ઉપરેણો સંગ ।૪૧। તે આણી આપાપણા મનનો મનોરથ જેહને જેહ । ધોતી ઉપરેણા રંગ્યાની આજ્ઞા આપે તેહ ।૪૨। કો સમગ્ર કેશરે રંગાવે એક રંગ કરી અનુપ । ઘુટી ચુણી સોધે ચરચી રાખે હીત ગોકુલ ભુપ ।૪૩। કો કીનાર કેશરી કરાવે મધ્યે છાંટ સુદેશ । કો સમગ્ર છાંટે છીરકાવે દીસે તેહ સુવેસ ।૪૪। કો છાપા છાપે કેશરના છાપેલ સુભગ કીનાર । મધ્યે છાપા સોહે સોનાના શોભાનો નહીં પાર ।૪૫। કો છીરકે લેહેરી લપેટી મધ્યે સોંધાં છીંટ । એ ચુણી રાખ્યો જોતા અલગી ન થાએ મીટ ।૪૬। વલી ચોલણો ચતુરવરને હીત કીધો પરમ સુદેશ । તે ચુણ્યો ચતુરાઇસું તે દીસે પરમ અનુપમ વેસ ।૪૭। પ્રથમ ચમેલીમાં સુગંધ ભર કે વલી સુગંધરાય । ઉતમ જોઇ ચોપડે તે ચોલણો સુક્ષમ અતી સુખદાઇ ।૪૮। બાંહે બહુ ભાંતે સુક્ષ્મતા ચુડી કેરી ભાંત । ઉભય અભીનવી ભાંતે ચુણી અને શોભા કેરી પાંત્ય ।૪૯। બંધ બેહુ દીશના સુંદર ચુણી કમર તે કમલાકાર । દામણ કોર કેતકી ભાંતે ચુણી નેહ અનુહાર ।૫૦। પટકો ધરણગામનો ધોલો ધર્યો ચોંપ કરી તેહ । પાગ ચુણી

સમારી રાખી કરી વાત્સલ્ય જુત નેહ ।૫૧। એ સહુ એકત્ર કરી સમારી દેઇ અગરનો ધુપ । વલી સુવાસ સોંધામાં સણી રાખે પરમ અનુપ ।૫૨। લહી ગુલાલ છાણ્યું મહીન વસ્ત્રે મહીન કર્યું મન રંગ । ઉડાડયું ઉડે વયાર જુત કાંકર નાવે સંગ ।૫૩। ભુષણ ભેટ ભાવતી કરી ધરી છે પ્રેમ સમેત । વાત્સલ્ય વીવીધ પ્રકારની તે વાહાલાજીને હેત ।૫૪। એમ ઉપહાર અનેક પ્રકાર મનોરથ ધરી ધરી । વાહાલાજીને વસંત ખેલાવા રાખ્યા સીધ કરી ।૫૫। પ્રાતઃ પ્રાણ વલ્લભ નાહે છે જયારે બીજીવાર । ધોતી ઉપરેણો તે લેઇને આવ્યા તેણીવાર ।૫૬। નાહી શુભ અંગવસ્ત્ર કરી અને ઉભા છે મહારાજ । તેહ સમે વીનંતી કરી છે ધોતી પહેર્યા કાજ ।૫૭। રાજ એહોને આજ મનોરથ વસંત ખેલાવા મન । ધોતી પહેરાવે છે પહેરીએ પહેરી થઈ પ્રસન્ન ।૫૮। કો પહેરાવે એહ સમે કો પહેરાવે પહેરામણી માંહેં । વર્ણ ભેદ વાત્સલ્ય ભેદ તે વીસદ કરી કહીયે કયાંહાં ।૫૯। તે ધોતી કરમાં લેઇને ઉરસું પરસાવી । પહેરી પ્રમુદીત થઈ પ્રેમસું અતીસે મન ભાવી ।૬૦। તેહ સમે ભગવદી જુથ ઉભો છે અનેક સમાજ । ભાંત ભાંતના વસ્ત્ર ભુષણ પહેરી કરી અને સાજ ।૬૧। ગાન સહેજ વાજીંત્ર સહીત ગાએ છે નવલ ધમાર । આનંદ પ્રતીઅંગ હુલસી રહયો છે કહેતાં નાવે પાર ।૬૨। સ્ત્રી સ્ત્રીને મોદે ગાયે પુરૂષ પુરૂષ અભીલાખ । એક એકના મનોરથ મનના પ્રસર્યા છે શત સાખ ।૬૩। એહવે પ્રાણવલ્લભ સંધ્યા વંદન કરી ઉઠયા વેગ । તેહ સમે ભગવદી જુથ તે આવી સહુ થયા ભેગ ।૬૪। એહ સમે તેહવામાં સ્ત્રીજને ગાઈ એહ ધમાર । પધાર્યાનો સમય જોઈને કીધા એમ ઉચાર ।૬૫। કાં એ વલ્લભરાયે ભાજે કાહે તે ઓરા લેહો । ઠેહરે રહો પ્રાણવલ્લભજી હમારો ફગુવા દેઓ ।૬૬। એણીપેરે રસ ઉનમત થઇને ગાએ એહ વચન । વાહાલો રસ વીવસે થઇ ઉભા થયા તે ઘણુ પ્રસન્ન ।૬૭। સનમુખ થઈ પ્રહસીત વદને કહ્યું યાકો દેહો પ્રસાદ । અમીત આનંદ પ્રગટ થયો રહી ન મરજાદ ।૬૮। એક સમેનો મેં એ અનુભવ કરી લખ્યો સુખરાસ । એહવા અનેક નીત્ય નૌતન હોએ કાંહાં લગી કરૂં પ્રકાશ ।૬૯। મંગલ આરતીથી એમ કીર્તન હોએ ભોજન પરજંત । વલી ઉથાપનથી પેઢયા લગી ગાએ રસ ઉનમત ।૭૦। વલતા મુસકાતા પધાર્યા સેવા મંદીર માંહેં । કીરતનીયા ગાએ છે પદ ધમાર બહુ ત્યારે ત્યાંહેં ।૭૧। તેહનો સતકાર કરીને આવ્યા વેગે ફરી । આંહાં ભગવદી ભાવે ભર થઇ કરે કીર્તન પ્રેમ ભરી ।૭૨। તે સુણી અતી રીઝી રસ ભાવે આનંદ અંગ ન માય । તે જોઇ જોઇ ભગવદીને ઉર ઉલટ ન સમાયે ।૭૩। વલતાં ભોજનને પધાર્યા તે જોઇ અવકાસ । મનોરથ ત્યાંહાં ધણી પધાર્યા ધરી અંતર હુલાસ ।૭૪। બેઠક સીધ કર્યાનો મનોરથ કીધો મન માંહાં બહુ । કાજ પરાયણ જોવાને આવી મલ્યુ છે સહુ ।૭૫। સેત બાસતા સુંદર આણી પહેલા છઈ છાત । છજાવટી ભીંતેથી છાંઈ કરીને નાના ભાંત ।૭૬। ખાંભી ખુંભી અલગી લપેટી માદલ મનોહર રીત । ઠાડી સેત શોભીતી બાંધી કરી મનમાં અતી પ્રીત ।૭૭। ઠાડી ભીંત હોમઘર સુધી બાંધી રાખ્યા દ્વાર । એમ ઉજવલ સહુ સાજ

કર્યા ખેલાવા પ્રાણાધાર ।૭૮। ભકતને મહા મોદ મન વાધ્યો સાધ્યો કેમ ન જાએ । આનંદે વીવસ થયા સહુ ડોલે ઉર અંતર ન સમાએ ।૭૯। એહવે ભોજન કરીને આવ્યા રસીક શીરોમણી ત્યાંહેં । જોઈને મનોરથ મનોરથીઓના પ્રસન્ન થયા મન માંહેં ।૮૦। વલતા હાસ્ય વીનોદ કરીને પોઢયા ઉલટ ભેર । ભગવદી આશીષ દઈને આવ્યા સહુ ઘેર ।૮૧। આપાપણે મોદે પ્રમુદીત થઇ ફુલ્યા અંગ ન માએ । આજ વસંત ખેલસે વાહાલો ઉથાપને સુખદાએ ।૮૨। નીતની રીત થકી બહુ મનોરથ કીધા ભાગ્યવાન । તેહને ભાગ્યે ફલીત થઈને હોસે સહુને દાન ।૮૩। તે માટે વેગા પોંચીને વેગા કરો શ્રંગાર । એમ ઉલટ માએ નહીં ઉમંગ્યા સહુ નર અને નાર ।૮૪। ખાસા સેત સોહતા ને મોહતી કંચુકી સાર । રીતુ સમાન વૈભવ સમ સોહતા ભુષણ ધર્યા અપાર ।૮૫। પુરૂષે પુરૂષ તણા વૈભવ સમ ને વૈભવથી વીશેષ । ભવ્ય વસ્ત્ર ઉજવલ પહેર્યા છે કરીને ભાંત સુદેશ ।૮૬। સમય ઉથાપનથી પહેલા સહુ આવી બેઠા દ્વાર । ઠોર રોકયાને ઉદેશે સહીત સ્વજન પરીવાર ।૮૭। કો આવે કો આવતા જાએ કો થાય છે સીધ । સહુ કો મનોરથ માંહાં પાગ્યા છે જોવાને મહા નીધ ।૮૮। એહવે પ્રાણ વલ્લભજીનું થયું ઉથાપન તે વેગ । ઉઘડતે કીમાડે ધસીને આવી થયા સહુ ભેગ ।૮૯। દર્શન કરી પ્રાણ પ્રીતમનું શીતલ કીધા નેણ । અંતરગત આશીષ કહે કો મુખે કહી વેણ ।૯૦। જૈ જૈ કહી દુખડા લેઈને આશીષ બોલે સર્વ । મોદ ભર્યા આનંદ રસમાં માતા સોહાગને ગર્વ ।૯૧। વલતા કરી દેહકૃત પધાર્યા ગાદી તકીયો જાંહાં । સહુ આનંદ ભર્યા તે આવી બેઠા છે ત્યાંહાં ।૯૨। સ્ત્રીજન કો ચઢયા અટાલી થોક થોક પર થઇ । સંપુર્ણ સનમુખની અટાલીએ ભરી રહયા રસમઇ ।૯૩। દોહોરી તીહોરી ચોહોરી હાર કરીને બેઠા એહ । કો ફુલઘરની અટાલીયે સીઢી રહી નીરખે ભર નેહ ।૯૪। કો ઉભા જલઘરને દ્વારે કો બેઠા જલઘર માંહેં । કો ઉભા છે ચરણ ક્ષાલણની ચોતરી છે જ્યાંહે ।૯૫। કો ઉભા ઉભી ભીંતે અને કો વેદીને ઠામ । કો આંગણમાં ભરી રહયા છે નીરખે પુરણ કામ ।૯૬। રાજતીબારીમાં કો બેઠા ભાગ્યવાન ભરી । ભીડ અહીં મચી ઘણી કો શકે નહીં હીંડી હીરી ।૯૭। બેસી શકયા તેહજ બેઠા ભીડમાં ધીર ધરી । કો ભીંત સ્થાની ઉભા પંગત ઠામ કરી ।૯૮। કો કોઠા ભીતર બેઠા કો આવી ઉભા દ્વાર । કાંહાં લગી વાણીયે વીસદ કરૂં કંઇ ભીડ તણો નહીં પાર ।૯૯। આંગણમાં સનમુખ બેઠા છે ભગવદી ભાગ્યવાન । સુર સાધી સાવધાન થઈને ગાયે ધમારનુ ગાન ।૧૦૦। તાલ પખાવજ ઝાંઝ ડફ બાજે નરગાનો નીર્ઘોષ । તેહ સુણી વાહાલોજી રીઝે હોએ સહુને સંતોષ ।૧। ભાવારૂઢ રસે પાગ્યા ગાએ તે ઉમંગ ભરી । અનુભવ રસ વાહાલાજીનો તે કહે છે ફરીફરી ।૨। એહવે વસંત ખેલાવા મલીને પોતે ભાગ્યવાન । સ્ત્રીજન સહીત સાજ સહુ લેઈને આવ્યા કરતા ગાન ।૩। કેમ કેમ કરી પેંડો કરાવી લેઇ વસંતનો સાજ । ધસીને નીજમંદીરમાં આવ્યા જહાં છે સ્વકીય સમાજ ।૧૦૪। કો આવી દેહેરી આગલ બેઠા તે તીબારી માંહાં । કોએ રહ્યા આંગણમાં ઉભા

ઠોર જડયો જેહને જહાં ।૧૦પા એહવે વાહાલાજીને વીનતી કરી નીકટ આવી । આજ્ઞા હોએ તો વસંત ખેલાવું હાં કહી મન ભાવી ।૧૧। ત્યારે સાજ સહીત સ્ત્રીજન સહુ તેડયા સનમુખ ત્યાંહાં । વાહાલાજીની નીકટ આવી ઉભા છે ગાદી જહાં ।૭। તેહ સમે તકીયો છોટો તે ઉઠાવ્યો વેગે કરી । ને ગડુઓ જલપાન તણો તે ભીતર રાખ્યો ધરી ।૮। સૌકર્યે સહુ કો ઉભા આવી ગાદીને પાસ । મનોરથે વાહાલાજીને ખેલાવી પુરણ કરસું આશ ।૯। પરાંત ભરીયો ગુલાલ ને વલી અબીર થાલીઓ માંહેં । કેશરે ભરીઆ ભાજન આણ્યા સોંધા સુગંધ ભર ત્યાંહાં ।૧૦। પહેરામણી ઘણી ઉતમ અને આભુષણ બહુ મોલ । મનોરથ એહોનો અધીક ભાવથી ભાવ ન કો સમતોલ ।૧૧। ઉપરેણો કટીસું લપેટી કરે ચઢાવી બાંહેં । સાદર થઇ નીહોરી અને પાગ તે લીધી બેહુ કર માંહેં ।૧૨। વાહાલાજીની આગલ રાખી વીનય પુર્વક એહ । પ્રાણપ્રભુએ પ્રસન્ન થઈને જાણી એહનો નેહ ।૧૩। અંબોડો છોડી એક કરે ઝટકયા સુંદર કેશ । વલતો પાગ પેચ બેહુ કરે ગ્રહયો તે પરમ સુદેશ ।૧૪। સોંધે ભર્યા શીષ પર રાખ્યો દીધા પેચ અનુપ । કેશ સુધારી પેચમાં રાખ્યા તેહનુ અદભુત રૂપ ।૧૫। પેચમાં આભા ઝલકે છે કેશ તણી જે શ્યામ । માનુનીના મન મુદીત કરીને ઉપજાવે રસ કામ ।૧૬। વલતા ધોતી ઉપરેણા સોંધે ભરી ચુણી સુચાર । પહેરાવે તે સમે કે પહેરાવ્યા હોએ તેણીવાર ।૧૭। વલતો ચુણ્યો ચોલણો આગલ રાખ્યો તેહ । બંધ બાંહોના છોડીને પહેરાવે કરી નેહ ।૧૮। શીત તણો પરીચાર હોએ તો પ્રથમ ભીતર ભીતરી । ખાસાની દોહોરી ને ભીતર સુક્ષમ રૂઇ ભરી ।૧૯। કેશર સોંધે ભરી સોહતી પહેરાવે એ આણી । શીતલ છીટ શ્રીઅંગ ન સ્પર્શે વાત્સલ્ય એ જાણી ।૨૦। તે ઉપર ચોલણો ધરાવે ચુણ્યો ચતુરવર કાજ । બંધ ઉભય બાંધ્યા બેહુ દીશના પરમ ભાગવત રાજ ।૨૧। પટકો સેત કીનાર રેશમી ધરણગામનો સાર । તે બાંધ્યો ફટકણા સહીત કો નહીં કરવા અનુહાર ।૨૨। ઉપરેણો છે પ્રથમનો કે જે ધરાવ્યો તેણીવાર । તે અંગી કરી અલગો ધરીયો ખેલનો કરી વીચાર ।૨૩। સોંધો લેઇ સનમુખ બેઠા ભગવદી જે ભાગ્યવાન । નીકટ રહી સોંધો તે લગાવે કરે રૂપ રસપાન ।૨૪। જહાં જહાં સ્થલ સોંધો ચરચ્યાના તહાં તહાં ભરે સુવાસ । ચુવા મેદ જવાદ ને અંબર અતર અતી સુખરાસ ।૨૫। લલીત ગતે લાઘવતાસું શ્રીકર કરમાં ધરી । ઉભય દીશે તે સુવાસ લગાવે ઉલટ ભરી ।૨૬। / વલતો ઉપરેણાને પાલવે તે મુખવસ્ત્રે લેઈ । સૌભાગી સોંધો તે લગાવે થઇ થઈ આનંદ મઈ ।૨૭। વલતો ગ્રહયો કટોરો કરમાં કેશર કેરો જેહ । છીરકે શ્રીઅંગે સનમુખ થઇ પ્રેમ ભરી ભર નેહ ।૨૮। ચોલનો ચતુરાઇસું છીરકયો બાંહેં બંધ બેહુ પાસ । દામેણ દોહોરી છીંટે છીરકી ધરી મન અતી હુલાસ ।૨૯। પાગ પ્રમુદીત થઇ છીરકી તે દેઈ દેઈ છીંટ સુદેશ । મધ્યે સેત અરૂણ આભાસું રાજે પરમ સુદેશ ।૩૦। ગ્રહી ગુલાબદાની રસ ભરીને છીરકે સુક્ષમ છીટ । શ્રી મુખ વાહાલાનું નીરખે છે માંડી માંડીને મીટ ।૩૧। તકીયો ઉભય દીશે તે છીરકયો ખાંભી ને વલી છાત । ઠાડી સેત સુભગ છીરકી તે વીચીત્ર નાના ભાંત ।૧૩૨। કેશર

રસ ગડુઆ ભરી ભરીને છીરકયા ભગવદી માત્ર । પીચકારીઓ ઉછાલી અટાલીએ છીરકયા સ્ત્રીજન માત્ર ।૩૩। કેશર કીચ મચ્યો કમનીય તે રમણીય ભોમી સુરંગ । ભગવદી સ્ત્રી પુરૂષ તણા સહુ પગી રહયા અંગઅંગ ।૩૪। કો કો છીંટ શ્રીમુખે ઠાડી પરસી લલાટ ને ગાલ । તે શોભા કાંહાં લગી કહી શકુ દીસે પરમ રસાલ ।૩૫। ભગવદી ભાવે ભર રસ ભર ગાએ સુભગ ધમાર । હરીદાસ ભાઇ કાયસ્થની દીધી જે મહા સાર ।૩૬। વલ્લભ મેરે મન વસે હો ઔર કછુ ન સુહાય । એ ધમાર ફરી દોહોરાવી ઝીલણીયે કરી ગાએ ।૩૭। તાલ પખાવજ ઝાંઝ ડફ બાજે નરગાનો નીરઘોષ । સારંગી સુર મધ્ય સોહીએ સુણી ઉપજે સંતોષ ।૩૮। ગાનમાં મહા રસ ઉમડી રહયો છે છેલ્યો સભા મંઝાર । તેહ સહુ અનુભવીયા જાણે કહેના નાવે પાર ।૩૯। વસ્તા ભુષણ લેઇ ઉભા પહેરાવે કંચન માલ । અંગુઠી અંગુલી ધરી પહેરાવે ભાવ રસાલ ।૪૦। ભાવ સમાને વીત સમાન ચીતમાં આવી મન । ભુષણ અનેક ભાંતી પહેરાવે નીજ રસે થઇ પ્રસન્ન ।૪૧। પુષ્પ માલ સોંઘે ચરચી પહેરાવે પ્રમુદીત થઇ । ગ્રીવા નીહોરીને પહેરી પ્રસન્ન થયા માની લેઇ ।૪૨। સમે થયો ગુલાલ છીરકયાનો મુખવસ્ત્ર લીધું ખવાસ । છીરકયાને સંકોચ કરી ઢાંપી રાખ્યું પાસ ।૪૩। થાલ લેઇ ગુલાલ છીરકયો ત્યારે હુવો જેજેકાર । મુસકની નીહાલી છીરકે છે વરંવાર ।૪૪। પાગ ચોલણો ભર્યા ગુલાલે તકીયો ઠાડી સંગ । આંબીયો છાત ગુલાલે ભરી તે રાજે પરમ સુરંગ ।૪૫। ભગવદીયો ઉપર ગુલાલ ઉડે છે અભીનવી ભાંત । દીશા ધુંધરી થઇ રહી કોઇ દીવસ ન જાણે રાત ।૪૬। આંગણુમાં ખોલીઓ ભરી ભરી ઉછાલે લેઇ લેઇ । છાત અટારી ને નભ મારગ થયુ લાલ મઇ ।૪૭। વીચીત્ર અબીર અનુપમ ભાંતે ઉછાલે તેહ વાર । તે શોભા સૌભાગી સમુજે કોણ કરૂં અનુહાર ।૪૮। ધોંધોંકાર ધુકાર ઝાંઝ ડફ નગારાની ઠોર । કાન પડયું સુણીએ નહીં એમ રસ માચ્યો ચહું ઓર ।૪૯। એમાં લઘુલાઘવે લલના લેઇ કરમાં ગુલાલ । દુરી દ્રષ્ટે કર ઉભય દુરાવી લગાવે બેહુ ગાલ ।૫૦। તે મુસકની અવીલોકની દુરીને કો ન સમુજે આન । કે સમુજે વાહાલો રસદાયક કે એ ભાગ્યવાન ।૫૧। પાગ અનુપમ ભાંતી રહી કૃષ્ણી છબી વરણી ન જાએ । કેશર છીંટ ગુલાલ ભરી તે જોઇ સુખ ઉર ન સમાઇ ।૫૨। ભાલ ભ્રકુટી લલાટ લસી રહી કેશર કેરી છીટ । માંહે ગુલાલ રંગ પાગી ભરી ભરી નીરખું મીટ ।૫૩। વરૂણી બાલ રસાલે આભા અરૂણ ગુલાલ તણી । નાસા ગલમંડલ પર રાજે શોભા સોહામણી ।૫૪। ઉભય ગાલે અલંકૃત ગુલાલના ભકતે કર્યા ભર નેહ । શોભાની પરમીત નહીં નીરખીએ ફરીફરી તેહ ।૫૫। કર્ણ કુપના રૂપ અનુપ મધ્યે ગુલાલ પરસી । જોઇ જુવતી ધીરજ ન ધરે કયાંહું રહ્યું રૂપ વરસી ।૫૬। ચોલણો ચતુરવરે ચુન્નાતનો પહેર્યો પરમ અનુપ । કેશર છીંટ ચુઆ બીંદી રાજે પરમ અનુપ ।૫૭। તે ઉપર ગુલાલ ગહેરે રંગ ભર્યો વીચીત્ર ભાંતે । તેહનુ રૂપ કહ્યું નવ જાયે શોભા કેરી પાંત ।૫૮। ગ્રીવાથી ઉર લસી રહી છે પુષ્પ તણી જે માલા । સોંઘા કેશરસું ચરચી તે ઉપર ભર્યો ગુલાલ ।૫૯। અબીર તણી આભા અનુપમ દીસે છે અરૂણતા માંહે । અનુભવીયા અનુભવથી સમુજે વચને કહીએ કયાંહાં ।૧૦। થાલમાં પ્રગટી આરતી લાવ્યા સનમુખ નાથ । સેહાસણી સોહાગ ભરી બે લેઇ ઉભા હાથ ।૧૬૧। ભગવદી

સહુ તે સમય જોઇને ઉઠયા દર્શન કાજ । કો કેમ કો કેઈ પેરે ઉભા શ્રીમુખ જોવા કાજ ।૧૬૨। પ્રથમ તીલક કર્યું કુમકુમનુ કરી મુસકની રસાલ । ગંધાક્ષત પીલી કરમાં લેઇ ચોઢયા સુંદર ભાલ ।૬૩। તેહ સમે શ્રીમુખ સનમુખ કરી કીધો સતકાર । ગ્રીવાને વલણે સહુ માની લીધું તેણીવાર ।૬૪। દુર્વા લેઈ શીષ પર રાખી પીંડી ગ્રહી કર દાસ । શ્રીમસ્તક પર વારીને નાખી તે ચારે પાસ ।૬૫। વલતાં બીડા ઉભય કરે ગ્રહીને આપ્યા શ્રીકર માંહાં । શ્રીકર અંબુજ ઉભય પરસાવીને લીધા રસમાંહાં ।૬૬। દીપ જ્યોતી ઝલહલતી આરતી લેઈ કર થાલ સુદેશ । શ્રીમુખ આગલ ધરી ઓવારી નીરખે સુંદર વરેસ ।૬૭। જૈજૈકાર ઉચાર અનુપમ હવા તે સઘલે ઠામ । દુખડા લેઇ આશીષ તે દેઇદેઇ નીરખે પુરણ કામ ।૬૮। શોભા કહું સ્વરૂપ કહું એ રૂપ કહ્યું નવ જાય । કે એ સમય કહું સૌભાગીયો મારા નયણમાં રહ્યો સમાઈ ।૬૯। ધન્ય ધન્ય એ સમય ઉભા સૌભાગી ધન્ય સોહાગી શ્રષ્ટી । ધન્ય વસંત રીતુ રસવસ થઈ જહાં હવી રસ વૃષ્ટી ।૭૦। ધન્ય ધન્ય એ સભા સોહાગી ધન્ય એહોના તે સોહાગ । ભાગ્ય એહોના તે શું કહું પ્રભુ વીલસે કરી અનુરાગ ।૭૧। ધન્ય એ મનોરથ મનોરથીઓના ધન્ય એ પુરણ હાર । ધન્ય એ ફલીત થયા શતસાખ કોટી વીધ વીસ્તાર ।૭૨। ધન્ય જે ઇતર લોક તે સમય આવી જુએ ત્યાંહાં । એ લીલાએ ભાગ્ય જગતના વીસતર્યા છે અહીં ।૭૩। વલતી ભેટ ધરી ચરણે પરસી રહ્યા નમન કરી । પ્રાણપ્રભુએ શીષ ઉઠાવ્યા કર બલે પ્રેમ ભરી ।૭૪। સ્ત્રીજને વલતા તેહ સમે આવીને સ્પર્સ્યા ચરણ । જોઇને પ્રસન્ન થયા ભરી આવ્યા આરત હરણ ।૭૫। કર આડો રૂદય પરસાવીને કરી રસે આદરમાન । ભ્રકુટીને ભાવે તે ઉઠાવ્યા કરી ગુઢ રસદાન ।૭૬। આરંદ થઇ એ ભરી આવ્યા ત્યાંહાં રહી ન અંગ સંભાલ । પ્રભુ પ્રસન્ન થઇ શ્રીકંઠથી આપી તુલસી માલ ।૭૭। અધરામૃત આપ્યું અનુમોદને લીધું ભાવ ભરી । એહ સમેનો રસ રસે ભરીયો કો કહે વીસદ કરી ।૭૮। એણીપેરે નીત્યપ્રતી સર્વ ખેલાવે ઉથાપને અનુરાગ । કો ઉથાપને ને રયણીએ એમ દીવસ ન આવે ભાગ ।૭૯। આપાપણે ભાવ બલેથી કરી નીત નૌતન પેર । વસંત ખેલાવે વાહાલાજીને અતીસે ઉલટ ભેર ।૮૦। એક સમેની અણુ આભા સુચન કીધી અહીં । બુધ્ધી ભાવ અનુભવથી જોતા વીસદ તે થાએ નહીં ।૮૧। પ્રાણપ્રભુ પોઢયા પછી જઈ ઘેર ઓછવ કરે અનુપ । ભગવદીને ભોજન કરવાવે તે કહ્યું ન જાએ રૂપ ।૮૨। એણીપેરે બેઠકમાં ખેલાવે ભગવદી ભાગ્યવાન । અનુભવી અનુભવ કરવાવી કરે ઉભય રસપાન ।૮૩। એ લીલામાં લીલા ઉપયોગી અનેક સમાજ । તેના દાનમાં રસ વૃષ્ટીએ સરે છે સહુના કાજ ।૮૪। એ લીલા મહા મનોહર સુંદર અતીસે પરમ રસાલ । એ લીલા પર વારી નાખે દાસ ગોપાલ ।૮૫। કો સમે તે હવેલીમાં પધરાવે નીજ ઘેર । ત્યાંહાં ખેલાવે ઉલટ ભેર તે આગલ કહું કાંઇ પેર ।૧૮૬।

ઇતીશ્રી સ્વરૂપ રસાવલી ગ્રંથ વ્યારાના ગોપાલદાસ વીરચીત
ઉથાપન સમે વસંત ખેલાવ્યા તે પ્રસંગનું
માંગલ્ય ૧૪મું સમાપ્ત

માંગલ્ય ૧૫મું

ઉથાપને વસંત હવેલીમાં ખેલાવ્યા તે પ્રસંગ આવશે.

રાગ : સુહો. ગોપી નંદરાય ઘર માંગન ફગુઆ આઈ

આવ્યો માસ વસંત હંસી હંસી ઉરમાં બાલ । મનોરથનુ નહિં માન ભાવ પ્રગટયા તે રસાલ ।૧। હવે રસભર રસીઆસું રમસું રસની રીત । ઉનમત રસ માતા થઈ પ્રગટ કરીને પ્રીત ।૨। વસંત તણે વ્યાજે કરી લાજ લોપી લોપીને । મેલી સહુ મરજાદ મન સોંપી સોંપીને ।૩। નીડર નીરંકુશ થઈને શ્રી અંગસું પરસીય । ખેલ ખેલાવી ખેલસું અતીસય રસ વરસીય ।૪। જેહને જોવાને અમો તરસું વારંવાર । તે એણે વ્યાજે કરી તેસું કરસું વીહાર ।૫। ભાવ અમારા મનના મનોરથ ભરી ભરીને । પ્રગટ તેહ અનુભવસું વીલદ કરી કરીને ।૬। હે વસંત વસકરણી જુવતીને મન ભાવ્યો । વાહાલાને રસ વીહવલ કરવા તું ભલે આવ્યો ।૭। હે વસંત મહા ભોગી સંયોગી તું અમારો । વાહાલાસું રસ રમીએ એ ઉપકાર તમારો ।૮। હે વસંત રીતુ ભાતી તારી કુત સોહામણી । મનોરથ ફલીત થસે સહુ તારા છું અમો રૂણી ।૯। હે વસંત રીતુ રાજ રીતુ મહા સુખદ તમારી । વીલસી વીલાસ કરાવે પુરણ આશ હમારી ।૧૦। હે વસંત મન ભાવ્યો તું આવ્યો રસ લઈ । સ્વરસ પરસ દરશન સુખ હોસે મહા રસમઈ ।૧૧। હે વસંત તું આવ્યો તું બહુ સમાજે પરવરીયો । અંકુર પલવ કુસુમીત ફલીત ફલે રસ ભરીયો ।૧૨। રમણમાં એકાંતે કેનો નહીં પ્રવેશ । ત્યાંહાં નીત સેવામાં તારી રીતુ પરમ વરેશ ।૧૩। હે વસંત શુભ શુભ હો તારા સહીત સમાજ । વાહાલાજીસું રમીએ હમો તું જુગ જુગ કર રાજ ।૧૪। એ રીતુમાં કર્યું વાહાલે અમને અધીક સનમાન । વીલસી વીવીધ રસ ભર સેને કરસે મહા દાન ।૧૫। એમ મહા મનોરથે ભરીયા અનુસરીયા રસ માંહે । પ્રાર્થના ને પ્રસંશા કરે છે મનસું ત્યાંહે ।૧૬। એહવી રીતુ વસંતનીએ વાહાલો થઈ પ્રસન્ન । આનંદ ભર પ્રહસીત થઇ બેઠા ઉથાપન ।૧૭। મલ્યો છે સર્વ સમાજ રાજને જોઈ જોઈ હરખે । સુંદર સુખદ શોભા ભર મુખડું ફરી ફરી પરખે ।૧૮। અહીં મનોરથીઓના મનોરથ વસંત તણા છે જેહ । વીલસી વીલાસ રસે ભર પુરણ કરે છે તેહ ।૧૯। કેા ઉથાપને આવી મન ભાવીને ખેલાવે । કેા રયણી રસે રસીયા જેહને જે મન ભાવે ।૨૦। એ બેડકનો ખેલ પ્રથમ કાંઈ એક કહી આવ્યા । ભાગ્યવાને ભાવે ભર મનોરથ કરી ખેલાવ્યા ।૨૧। તેહની સુચનીકા સરખી મેં કહી છે પહેલી । અનુભવીને અનુભવ સમ કહી કાલી ઘેલી ।૨૨। એ લીલા જોઈને ભગવદી જે મહા બડભાગી । મનોરથ પ્રગટ થયા મનમાં અતીસે અનુરાગી ।૨૩। મહા બડભાગી હવેલી એ જહાં રહે ભાગ્યરાસ । જેહને ભાગ્યે કરી હોએ સહુની પુરણ આશ ।૨૪। જે હવેલીમાં વીલસે વાહાલોજી બહુવાર । તેના ભાગ્ય તણો કહેતા નવ

આવે પાર ।૨૫। જે હવેલી ઝગમગી રહી રંગમગી રહી રસરૂપ। જેના સુખદાયક ભોગી શ્રી ગોકુલભુપ ।૨૬। જે હવેલી સ્વરૂપાત્મક સ્વરૂપ રસે અનુરાગી। વાહાલાજીના રસમાં રહે પ્રતીક્ષણ રસ પાગી ।૨૭। જે હવેલીમાં ભગવદી અનેક તણો છે નીવાસ। ભાવાગર ભાવે ભર્યા ભાવ તણી જે રાસ ।૨૮। અતી અનન્ય ને અન્ય મનમાં ના હોએ લેશ। જે હવેલીમાં ભગવદી એહવા રહે વરસ ।૨૯। સ્વરૂપ રસે અનુરાગ્યા પાગ્યા વાત્સલ્ય રસમાં। સર્વોપર ઉતકર્ષ ભગવદી રહે છે જ્યાંહાં ।૩૦। રમણે સ્વાને અનુભવ અનુભાવે સાંપ્રત્ય। જે હવેલીમાં વાહાલાજીની રહે મનવૃત ।૩૧। વેધાયું વાહાલાજીનુ મન જે હવેલી માંહાં। અંતર રમણે સ્થિત કરી વાહાલોજી રહે જ્યાંહાં ।૩૨। ભગવદી ભાવ સમુહની મનસીજ રૂપ। નાઈકા ગુઢ મનોરથનુ મનોરથી એ સ્વરૂપ ।૩૩। ગુણદાષની સુખદાઈની મનોરથ મનના। પ્રેમ ભરી પરભાવીથી તાપ હરણ ઉભય તનના ।૩૪। જે હવેલીથી વાહાલાજીના મનોરથ પુરણ થાએ। ભકતના મનોરથ પુરે ઉભય રસ કહ્યો ન જાએ ।૩૫। એહનુ વરણન કરવા મારૂં નહીં સામર્થ। તો શું વીસદ કરૂં ઉદ્યમ કરવો વ્યર્થ ।૩૬। સ્વરૂપ રસીક ભગવદી જ્હાં નીત સ્વરૂપ સુદેશ। ભકત પ્રભુ ત્યાંહાં હવેલી પ્રમુદીત પરમ સુવેસ ।૩૭। સ્થલ સ્થલની સ્થીતી કરી હવેલી રહે સ્થલ રૂપ। મુલ સ્વરૂપે સ્વરૂપ ભકત ત્યાંહાં હવેલી અનુપ ।૩૮। આધીદૈવીક સ્વરૂપે જ્હાં પ્રભુ ત્યાંહાં નીવાસ। એ હવેલી આદી દૈવ સહુને એહજ આશ ।૩૯। એહવી હવેલીને આરત મનમાં રહે ઘણી। આવીને અમસું વીલસે ગોકુલનો ધણી ।૪૦। ભાવે સમાગમ પ્રતીક્ષણ ને અંતર રસ ચાખે। સાંપ્રત્ય દર્શનનો મનોરથ મનમાં અભીલાખે ।૪૧। એ મનોરથ ભગવદી વીન મારા પુરણ ન થાએ। એના ને મારા સીધ હોએ એહ ઉપાયે ।૪૨। પ્રભુને મનોરથે મનોરથ હવા હવેલી કેરા। એહોને પ્રારથે ભગવદીને પ્રગટયા તે અનેરા ।૪૩। સ્વરૂપ ભકત ને લીલા એહ સદા છે નીત્ય। તે એ સ્વરૂપ એ ભકત હવેલી લીલા નીમીત્ય ।૪૪। એક એકને મનોરથે કરી મનોરથ હોએ સીધ। એક રસે વીલસે સહુ ભકત લીલા મહા નીધ ।૪૫। એવી એ હવેલીને મનોરથે ભકતનુ મન। આયુર્ભાવે ભરીત કર્યું તે રસ સંપન્ન ।૪૬। વસંત ખેલતા જોઈને એહોને મન એમ આવ્યુ। મારે ઘેર હવેલીમાં પધરાવીને ખેલાવું ।૪૭। એણે મનોરથે આરત્યા આરત સહી ન જાએ। પધરાવવાનુ મીસ આદુ દૈવ કર્યા ઉપાય ।૪૮। ઘર નૌતન બાંધ્યા છે કે પગરણ વહે વાહ। કોઇ મનોરથ મન ધરીને પ્રગટયો તે ઉમાહ ।૪૯। તેમાં વસંત ખેલાવાને મનોરથ જહુ કીધો। તે લખું છું વીસદ કરી પ્રભુએ માની લીધો ।૫૦। સમય જોઇને પ્રાર્થના કરી છે કૃપા નીધાન। મારો મનોરથ છે એક તે અમને દીયો દાન ।૫૧। રાજ હવેલીમાં મારે ઘેર પધારો। મનોરથ મનમાં છે બહુ એ વીનતી વિધારો ।૫૨। નીમીત અણલ દૈવને પ્રભુ આગલ વીનતી કરી। પ્રસન્ન થઇ પ્રભુએ માની અની ઉલટ ભરી ।૫૩। ઉમીવાને વલણે અને ભ્રકુટી નયણને સયણે। પરમ કૃપા કરી બોલ્યા અવશ્ય કહીને વયણે ।૫૪।

ત્યારે ઉપજ્યો મોહ પ્રમોહ ન અંગ સમાય। અંગ અંગ થયા પ્રફુલીત તે કાંઈ કહ્યા ન જાએ ।૫૫। તે સમે સહુ ભકતના ભાગ્યનુ શું કરી કહીએ। એહોના અગણીત આનંદનું નીર્માણ ન લહીએ ।૫૬। અગણીતાનંદે આનંદનું કીધું મહાદાન। એહ વચન સુણીને આનંદ્યા ભાગ્યવાન ।૫૭। પ્રભુજીએ વીનતીનો કીધો છે સતકાર। પધારવું ઉથાપને કીધું એ નીરધાર ।૫૮। આપાપણે ઘેર જઈ સમાર્યા સુંદર ધામ। મનોરથ મનમાં ધરી પધારે પુરણ કામ ।૫૯। દ્વારે ચીત્ર સુશોભીત શોભીત સાખાએ ચીત્ર। ભેા સાદા ભેા માંહે રંગ ભર્યા તે વીચીત્ર ।૬૦। ભીતર ભવન સમર્યા આપાપણી રૂચીસું। અંગે અતી ઉતકર્ષ વલી કીધા અતી સુચીસું ।૬૧। કોઠા તીબારી ચોક ડોઢીએ દેહરી સોહે। ઉપર એણી રીતે તે જોઈ જોઈ મન મોહે ।૬૨। જલઘર આસા પ્રસાદી પ્રસાદ લેવાના ઠામ। સેવા રસોઈના સ્થલ જોઈ ઉપજે આરામ ।૬૩। સુતા બેઠાના સ્થલ અચમ્યાના સ્થલ સાર। પ્રતી એક પ્રગટ સમાર્યા કાંહાં લગી કહું વીસ્તાર ।૬૪। પરમ સોહાસણી સુભગા નીજ નીજ દ્વારે આવી। માંગલ્ય રૂપ સાથીઆ પુરે છે મન ભાવી ।૬૫। સોહીણીએ સોહતી કરી શેરીએ પરમ સોહાતી। કુલી પ્રફુલીત પ્રસરી આનંદે રંગ રાતી ।૬૬। ત્યાંહાં ચાલણીને ચુને સાથીઆ સેત સોહતા। મધ્યે ગુલાલ તણા જે રાજે છે અતી રંગ રાતા ।૬૭। એણીપેરે વીચીત્ર સમારી સંપુર્ણ શુભ શેરી। પ્રભુ પધાર્યા આગમ પ્રગટી ભાંત અનેરી ।૬૮। જે કોઇ આવે જાએ તે પાંઉં સંભાલી ધરે। સાથીયાને નવ સ્પર્શે એહવા જતન કરે ।૬૯। જે ભાગ્યવાનને ઘેર પધાર્યાનો સંકેત। એણે અતી ઉછાહ કર્યા વાહાલાજીને હેત ।૭૦। બેઠક સજી સોહાતી ગાદી તકીયા ધરી। ઠાડી છાત સમારી બાંધી ઉલટ ભરી ।૭૧। નીચે બીછાવણા સુશોભીત વલી બીછાવ્યા પાટ। સુખદ વસ્ત્ર દોહોરી કરીને છાઈ વાટ ।૭૨। કદલી સ્થંભ દ્વારે બાંધી બંદન વાર। સાથીઆ ભીતર બાહેર પુર્યા સુંદર નાર ।૭૩। કીધા બહુ પકવાન મીઠાઇ મેવા સાર। સીધ કરી સામગ્રી એ ભોગ તણી તેણીવાર ।૭૪। પહેરામણી રમણીય ને વસંતનો સાજ। અબીર ગુલાલ કેશર રસ છીરકવા કીધા વાહાલાજી કાજ ।૭૫। અરગજા મેદ જવાદ ચુવા અગર શુભ જેહ। મૃગમદ સાખ અતર મલી સીધ કીધા છે તેહ ।૭૬। ભુવણ અનેક પ્રકારના મનોરથને મન ભાવ્યા। એ અવસર જાણીને તે સહુ સીધ કરાવ્યા ।૭૭। બીડા બહુ સીધ કીધા કીધી પુષ્પની માલ। આરતીના સહુ સાજ સીધ કીધા ભાવ રસાલ ।૭૮। કીધા બહુ શ્રંગાર નાર અને નર મન ગમતા। કેહેની ઉપમા દેઇને કેની કરૂં એ સમતા ।૭૯। માલણી મોહ ભરીને મુખ માંગલ્ય ઉચરે। તોરણ ભવન ભવન પ્રતી પોતે બાંધતી ફરે ।૮૦। ઘેર ઘેર મનોરથ બહુ કર્યા પધરાવવાને કાજ। પહેરામણી ભેટ ભુવણ આરતીના કર્યા સાજ ।૮૧। સોંધા અબીર ગુલાલ ન્યોછાવરી સીધ કરી રાખી। વાહાલાને પધરાવા મનમાં અભીલાખી ।૮૨। કેને મનોરથ ભવનમાં પધરાવવા તણો। તે દ્વારે ઉભા કરી અનુભવ કર્યો ઘણો ।૮૩। ધુપ અગરના શેરીએ

ને ઘેર ઘેર મહેકાવ્યા । મકરંદે મહમહી રહયું સૌરભ પરમ સોહાવ્યા ।૮૪। સુખદ સોહાગ સમુહ રસે પરવરી હવેલી । અંકુર પલવ કુસુમીત થઇ પ્રસરી રસ વેલી ।૮૫। પ્રભુ પધારે ફલીત ફલોદય થસે સોહાગી । ભાગ્યવતી બહુ ભાવે ભરી પુરણ અનુરાગી ।૮૬। પરીકર જુત શ્રંગાર કરી સીધ થઈ સોહામણી। વલ્લભવર અભીલાખતી શ્રી ગોકુલનો ધણી ।૮૭। એહવે ઉથાપન હવું આવી વધાઈ । સુનતા માત્ર સહુ કાજ મહેલી ગયા ધાઈ ।૮૮। જોયા સુંદર નાહ ઉમાહ અંગ તે વાધ્યો । મરજાદા કુલ સંકુલથી જાએ નવ સાધ્યો ।૮૯। ચરણ ક્ષાલણ કરીને આવ્યા છે ગાદી તકીએ । બેઠા મનોહર ભાંત શોભા કેમ કહી શકીએ ।૯૦। કેશ સંકેલી સુખસું વાલ્યો અંબોડલો જુગતે । પૃષ્ટ ભાગ ઢલકી રહયો શોભા નૌતન ઉગતે ।૯૧। કેશ તણી વેણી કરી ઉપરેણામાં લીધી । તે લેલાટ ઉપર ઉપટી શોભા અલંકૃત કીધી ।૯૨। ભૃકુટી નીપટ કટીલી અણીયાલી રસાલી । બાલ કયાંહું રહયા જોઇ કોણ શકે સંભાલી ।૯૩। ઘુંઘરટયા અરૂણાઇ લીધે દીર્ઘ નયણ । વીકસીત મુખે જંભાતા બોલે મધુરા વેણ ।૯૪। આલસ ભરી અલબેલી છબી રાજે અંગ । નખ સીખ અવીલોકી અને મનસા થાએ પંગ ।૯૫। કરી જલપાન બીડી લેઇ બેઠા છે રસ ભરી । આનંદ મોદ ઉછાહાના પરીકરસું પરવરી ।૯૬। ભગવદી જુથ સમાજ મલ્યો છે ટોલે ટોલ । આનંદને અનુમોદને મનમાં કરે કલોલ ।૯૭। જ્યાંહાં ત્યાંહાંથી સીધ થઈ થઈ કરી શ્રંગાર । ઉનમત રસમાતા એકત્ર થયા નર ને નાર ।૯૮। પધારવું છે હવેલીએ તે આગમ મન ધરી । એકત્ર થઈ ઉભા શ્રીમુખ જુએ રસ ભરી ।૯૯। કો વજાનો સાજ કરાવે છે સહુ સીધ । કો કહે વેગા થાઓ પધારસે મહા નીધ ।૧૦૦। અહીં અટાલી ચઢયા નહીં સાથે જાવું ત્યાંહાં । એમ હલી મલી રહ્યું સહુ નીચે બેઠક માંહાં ।૧। એહવે ભાગ્યવાને વીનતી કીધી આવી । રાજ સમય થયો છે તે સુણી પ્રભુને મન ભાવી ।૨। પાલખી છોટી સીધ કરાવી વેગે કરી । કાજ પરાયણે આણી સિંઘદ્વારે ત્યાં ધરી ।૩। ચોલણો પણ ખવાસજી લાવ્યા વેગા કરી । અંબોડો છોડી બેહુ પાલવ કરે રહયા ધરી ।૪। પાલવ મહેલી શીષ પર તે પછે પેચ તે દીધા । તે સમે ધરાવનારના મનોરથ સીધા ।૫। હવે ભગવદી સહુ વલીયા આગલ થઇને વહેલા આપાપણે દ્વારે આવી ઉભા પહેલા ।૬। અનેક ચઢયા છે અટાલી સીઢી ભીતર મુંડેરી । પ્રાણવલ્લભ આગમનનો પેંડો રહયા છે હેરી ।૭। કો અબીર ઉતમ લેઇ કો કેશર રસ ઘોલી । કોઇ ગુલાલ ગેહેરા રંગના ભરીને જોલી ।૮। આપાપણા મનોરથ સીધ કરી કરી રાખે । પ્રાણ વલ્લભજીનુ આગમન અંતર અભીલાખે ।૯। કો ગલીએ ઉભા રહયા બેહુ દીશ હાર કરી । દર્શનની લાલચ મનમાં આશ બહુ ધરી ।૧૦। કો સિંઘદ્વાર થકીતે હવેલી દ્વાર લગી । એકત્ર થઈ હલી મલી રહયા રસમાં પગી ।૧૧। કો ત્યાંહાં જઇ ફરી આવે મનમાં અતી અનુરાગ । સમાચાર આંહાંના કહે વાહાલો બાંધે છે પાગ ।૧૨। વાજીંત્ર કીરતનીયા ભગવદી કીર્તન માંહાં । દ્વાર લદાવને આવી સીધ થયા સહુ ત્યાંહાં ।૧૩। પંચશબ્દા શહેનાઇ

ભલરનો સુર સાર । મધ્યે મધ્યે મધુર નફેરી કોન કરૂં અનુહાર ।૧૪। તાલ પખાવજ આવજ સુર સુરવેણ સોહાતા । ઢોલ ઢોલકી ગતી ભેદ વાએ અતી રસમાતા ।૧૫। પુરૂષની પીઠે નગારા રાખ્યા કરી નીજ પ્રીત । પાછલ થકી વળડે ભાવ સહીત બહુ રીત ।૧૬। સુર સારંગીના મીઠા મધ્યે મધ્યે ત્યાંહાં બોલે । પ્રભુને બહુ સોહાય કોણ કરૂં સમતોલે ।૧૭। ઝાંઝ અને કરૂ વાએ ગાજી રહયું તે ગામ । આનંદનો ઉદઘોષ તે સુણીએ ધામે ધામ ।૧૮। બેલ વસંત તણી ધમાર આરંભી ત્યાંહાં । તાન ગંધાન તાલ સ્વરે ગાએ માંહોં માંહે ।૧૯। પ્રાણપ્રભુ વાગો પહેરીને થયા છે ભેગ । ભગવદી હલીમલી આગલ પાછલ થયા વેગ ।૨૦। ઉઠયા ગાદીએથી જયારે ગોકુલનો ધણી । જે જે શબ્દ ઉચાર ભીડ થઇ અતી સોહામણી ।૨૧। પાછલના તે પાછલ રહયા આગલ ભીડ ન માય । તેહની આગલ ભીડ તણુ કાઇ કહયું નવ જાએ ।૨૨। પ્રાણ વલ્લભ છોટી પાલખીએ બેઠા આવી । જે માહારાજ કરી ભોમીએ તે ઉઠાવી ।૨૩। ચાલો ચાલો ચાલો સહુ કો કહેતા ચાલે । ભીડ તણો નહીં પાર કોએ ડગલુ ન સંભાલે ।૨૪। અસમાતી ગલીએ ચાલ્યું સહુ આગલ થકી । તેવી ભીડ મધ્યે તેવી પાછલ થકીએ ।૨૫। ગાન તણા નીરઘોષ થાએ વાજીંત્ર સહીત । તેહ સુણી સહુ હોય અનુસંધાન રહીત ।૨૬। કો અટાલી ચઢયા ગાયે કો ગાયે નીજ દ્વાર । કો આગલ પાછલથી કો ગલી કરી હાર ।૨૭। કાન પડયું સુણીએ નહીં થઇ રહયા ઉદઘોષ । હૃદયને સુખ ઉપજાવે કર્યુંને હોએ સંતોષ ।૨૮। જેહ સમે વહાલે હવેલીમાં કર્યો પ્રવેશ । ફલીત ફલાત્મક રૂપે રસ ભર થઇ સુવેશ ।૨૯। જે અટાલી નીચે જહાં ગલીએ પધારે રાજ । જેજેકાર કરે કો કહે છે મહારાજ ।૩૦। કો મીઠડા લેઇ વારી ફેરે કર ચટકે । દેઇ આશીષ નયણે જોઇ જોતા નયણ ન મટકે ।૩૧। કો એ સમય જોઇ પોતાને માને ધન્ય । આજ ભાગ્ય સમતાને અમ સમાન નહીં અન્ય ।૩૨। કો પુલકીત રોમાંચીત ગદગદ થયા અનુરોધ । કોઇ સીથીલ પ્રતીઅંગે પ્રેમે કર્યો પ્રબોધ ।૩૩। કો સોહાગ મદ ગર્વે માતા ઉનમત થઇ । કેને રંચ ગીણે નહિં સ્વરૂપ ઉર લેઇ ।૩૪। કોઇ શોભા જોઇ મોહયા કો રૂપે રહયા અરૂઝી । બુધી મન અરૂઝાયે પણ તે શકે નહીં સરૂઝી ।૩૫। કેની મન બુધી ચૈતન્યતા ચોરી એ સ્વરૂપે । ટગર ટગર રહયા નીરખી નયણ અટકીને રૂપે ।૩૬। કો નીમેષ નથી કરી શકતા અમીનેષે અવીલોકે । નયણ સ્વરૂપ મઇ થયા રોકયા જાઇ નહીં રોકે ।૩૭। કેને જ્ઞાન સ્વરૂપે કોઇ અજ્ઞાને આધીન । કો પ્રસન્નવેદે પુરા રૂપ રસે અંગ ભીના ।૩૮। કો રસને અભીલાખે કો ભાવે રસ ચાખે । મીલણ મનોરથને ભાવે કો વીનતી દાખે ।૩૯। એહવે ભાવ અનંકે અવીલંબ્યા સહુ કોઇ । આપુ વીવસ થઇ વાહાલાને તે રહયા છે જોઇ ।૪૦। એણીપેરે એમ પધાર્યા બહુ સમૃધી બ્રુત સોહતા । સ્વકીય સુજાતી રસીયાના રસ ભર મન મોહતા ।૪૧। પાલખી આણી રાખી ભાગ્યવાનને દ્વાર । ત્યાંહાંના મુદીત થયા સહુ કોઇ નર અને નાર ।૧૪૨। કલશ લેઇ કામીનીયે।

એહાસણી નવલે વેસ । સનમુખ આવી ઉભા કરવા સુકન વરેસ ।૧૪૩। જુગલ કલશ ભરીયા ત્યાં પરસીયા પ્રાણેશ । તે નયણ કમલદલે દીધા અતી અભીશેષ ।૪૪। પાટ બીછાવ્યા છે તેહ પર પ્રભુજી પદ પરસાવી । જેજેકાર સહીત ભીતર ઉભા રહયા આવી ।૪૫। ગાદી જ્યાંહાં બીછાવી ત્યાંહાં બેઠા મહારાજ । મનેરથીના મનોરથના સર્યા સહુ કાજ ।૪૬। એ સમે એહોને ઉલટ ઉછાહા ન માએ । અગણીત આનંદ મોદ પ્રગટયો કાંઇ કહયો નવ જાએ ।૪૭। આધીદૈવીક સ્વરૂપે નીજ પરીકર લેઇ । આવી ત્યાંહાં ઉભા રહયા સેવા હીત મન દેઇ ।૪૮। એણે આનંદીત ઉછાહે સહુ કો ભરીયું । એ રસાવેસે પુરાઇને પરવરીયુ ।૪૯। એણીપેરે ગાદીએ બેઠા તકીયાસુ તે અટકી । ભગવદીના જુથ રહયા સનમુખ ત્યાંહાં ઠઠકી ।૫૦। બેઠાનો અધીકાર તેહ બેઠા ત્યાંહાં પાસ । દર્શનીયા દર્શનને ઉભા કરીને આશ ।૫૧। જેહને ઘેર પધાર્યા તે ભાગ્યવાને આવી । દીન સહીત વીનતી કીધી મનને જેમ ભાવી ।૫૨। મેં કાંઇ ભોગ સામગ્રી કરી છે રંચક આંહાં । મહારાજ કૃપા કરીને શ્રીકર મહેડો તેમાંહાં ।૫૩। અવશ્ય કહી મુસકાયા શ્રીવા કેરે વલણે । અતી સત્કાર કર્યો ભૃકુટી અને નયણને ચલણે ।૫૪। એ પાસના ભગવદી સરકીને કર્યો ઠોર । ત્યાંહાં લેઇ ટેરા કીધા જુગતસું બેહુ ઓર ।૫૫। બહુ પકવાન ટોકરે ભરી ભરી આગલ ધરીયા । મેવા તણી અનેક રકેબી પાત્ર મીઠાઈ ભરીયા ।૫૬। નામ વીસદ કેમ થાએ મનોરથનો નહીં પાર । વૈભવ મન સંપતી ને પધાર્યા પ્રાણાધાર ।૫૭। બીડી શ્રી મુખથી મેલી તે ભકતના કર માંહાં । બેઠા સીધ થઇ આરોગવા પોતે ત્યાંહાં ।૫૮। કર મેહેલી કરૂણા કરી જોઇ જોઇ અને સ્વાદ । ભકત તણે રસ વસ થયા મહેલીને મરજાદ ।૫૯। સહુનો રસ ચાખીને કર સહુમાં મેલે । સ્વાદ સરાહી કહે નીકો હે તે કરમાં લે ।૬૦। ભકત રહયા છે પાસ તેહ કહે જી આ લીજે । એ રાજે જોયુ નથી શ્રી મુખમાં દીજે ।૬૧। એમ પોતાની રૂચીસું ને રૂચી ભકતની જાણી । જે જે કહ્યું તે કીધું રસ ભર કરૂણા આણી ।૬૨। ભોગ ઉઠાવ્યો અચવીને કીધું જલપાન । બીડું આરોગ્યું પ્રસન્ન થયા ભાગ્યવાન ।૬૩। ટેરા અલગા કરીને પહેરામણીનો સાજ । સોંજ વસંતની લાવ્યા વાહાલાજીને કાજ ।૬૪। ભગવદી રસના રસીઆ તે મનમાં અતી ભાવી । વાહાલાજીને વસંત ખેલાવા ઉભા આવી ।૬૫। તાલ પખાવજ ડફ ઝાલરી અને ઝાંઝ । સારંગી સુર મધુર બાજે છે તે મંઝાર ।૬૬। મુદીત થયા ભગવદી ગાએ છે ગાન ધમાર । તેહ સમેના રસને કોણ કરૂં એનુહાર ।૬૭। અગર ઉખેવ્યા અનુપમ બેહુ દીશ પંખા થાએ । ભીડ ભવનમાં ભરી તે પરમીત કરી નવ જાએ ।૬૮। આવી સનમુખ બેસી આગલ ધરી તે પાગ । એ જોઇ પ્રથમ તણી ઉતારી કરી અનુરાગ ।૬૯। વામ કરે ગ્રહી કેશ સુધારી સરલા કીધા । પાગના પાલવ ઉભય અગ્રે ગ્રહી કરમાં લીધા ।૭૦। શ્રી મસ્તક પર મેલી પેચ તે દીધા સુદેશ । કેશ પેચમાં લીધા રાજે પરમ સુવેસ ।૭૧। પેચ પેચમાં આભા કેશ તણી જે ઝલકે । તે જોઇ માનુનીના મન મોહીત થઇ ઢલકે ।૭૨। બાંધી પાગ સુપેચ ને ચોલણો ઉતાર્યો । શ્રીઅંગ ઉઘાડું જોઇ તે ઉપર હું વારીયો ।૭૩। ધોતી શ્રીકરમાં લેઇને

ઘુંટણ ભર થઇ । પહેરી સટકણા છેાડી અતી રસ ભર રસમઇ ।૧૭૪।
ચેાલણેા ચતુર વરેસને પહેરાવે છે મેાદે । કસી બાંધે કેાડે કરીને તે સમારે
પ્રમેાદે ।૭૫। દામેણુ દાખી બેહુ કરે નીજ આસન ઉકસીને । પટકેા ધરનગામી
લીધેા કર મુખ વીકસીને ।૭૬। દેાહેારેા કરી પાછલ ચીયની ચીપ સમેત ।
એક સટકણે બાંધ્યેા લહીને ભકતનુ હેત ।૭૭। ઉપરેણેા હમેલ રાખ્યેા છે
દેાઢા કરી । મહસીત વદને બેઠા વાહાલેાજી ઉલટ ભરી ।૭૮। સ્રીજન પુરૂષ
રહયા છે નીકટ બેલાવા કાગ । તે શ્રીમુખ નીરખે છે ભરી ભરી અનુરાગ ।૭૯।
એહવે સેાંઘાનુ કચેાલુ લીધું ભકત । સમર્પવા પ્રભુ સનમુખ બેઠા થઇ
અનુરકત ।૮૦। દંડવત કરી અને સેાંપેા ચરચે છે શ્રીઅંગ । પરસે પુલકીત
થાએ અતીસે મન રંગ ।૮૧। ભુજ મુલે ભુજ તલે અને તની બંધનને ઠામ ।
પાગ ઉપર બીંદુ રચીઆ દીસે સુંદર શ્યામ ।૮૨। અતર અનુપમ સુવાસ્યા તે
મરદી કર તલ માંહાં । ઉર ભુજ ઉર પરસીને તે લગાવે ત્યાંહાં ।૮૩। ભુપણુ
ભાવે ભરીને કરીને રાખ્યા જેહ । તેહ ધરાવ્યા અંગે સ્પરશીં પરસી ભર
નેહ ।૮૪। મુકતા માલા અને તુલસીની ગુંજા તણી । ચેાલના પર તે ધરાવી
રાજે છે સેાહામણી ।૮૫। પુષ્પ તણેા જે હાર સેાંઘે ચરચી મહેકાવ્યેા । તે
વાહાલાજી સનમુખ આવીને પહેરાવ્યેા ।૮૬। કેશર તણેા કટેારેા વલતેા કરમાં
લીધેા । પ્રભુને છીરકયાનેા મનેારથ મનનેા સહુ સીધેા ।૮૭। સુક્ષમ છીંટ
અંગુલીએ કરી કરીને તે છીરકે । છીટ છબીલી જેાઇ જેાઇને મનમાં હરખે ।૮૮।
ચેાલણેા સર્વે છીરકયેા દામેણુ બંધ સમેત । પાગ પરમ રૂચીકારી કરીને
છીરકી કરી બહુ હેત ।૮૯। છીરકતા છીટ કપેાલે ને ગલસ્થલે પરસી । તે
કણીકા અલંકૃત થઇ શેાભા રહી વરસી ।૯૦। છીટ છબીલીમાં રાજે સેાંઘાની
રેખ । ભાગ્યવાન નીરખે છે કરી કરી નીમેષ ।૯૧। વલતી લેઇ ગુલાબદાની
કેશર રસ ભરી । ઠાલી તકીયા છાત છીરકે ફરી ફરી ।૯૨। થાલ ભરી ગુલાલ
આણ્યેા રહયા સ્રીજન ગ્રહી । ભાવે તે ભામીનીયેા છીરકે મનમાં તે ઉમહી ।૯૩।
રચીત બીંદુકી ગુલાલે કેાએ ગલસ્થલે કરે । કેા મુસકાઇ ગુલાલ લઇ શ્રીમુખ
પર ભરે ।૯૪। કેા ઉપરેણેા આપે કહે મુખ પુંછેા રાજ । કેા છીરકી અલગા
રહે ઘુંઘટે કરીને લાજ ।૯૫। કેા છીરકે અધીર અધીર થઇને પગ રેાપી ।
ઉમંગ ચઢયા વાહાલાસું રસમાંહાં લજયા લેાપી ।૯૬। કેા સાત્વીક ભાવે
અતીસે ભરી આવ્યા ત્યાંહાં । આ પ્રભુસું આણી રીતે વની બીલસું કયાંહાં ।૯૭।
ભાગ્ય અમારા સફલ હવા ન જાણુ કેહેની કાને । નીસાધન ફલ સીધ કર્યું
પેાતાની બાણે ।૯૮। નીસંકેાચ નીડર થઇ મન ભાવ્યું તેમ કીધું । પ્રભુ
બેહેાને રસ વસ થઇ સર્વે માની લીધું ।૯૯। પ્રગટ કરી આણી છે થાલ
આરતી જયેાત । લેઇ સેાહામણી ઉભા થયા અતીસે ઉદ્યેાત ।૨૦૦। ચાર
સૌભાગ્યવતી મહા સુંદર રતીનુ રૂપ । થાલે પરસી ઉભા છે ધરી મન ભાવ
અનૂપ ।૧। તીલક કર્યું કુમકુમનુ નીકટ રહી મુખ નીરખી । ગંધાક્ષત ચેાઢયા
પુલકીત થઇ મનમાં હરખી ।૨૦૨। ધંડીપીંડી વારી સાથે વાર્યું તન । દુર્વા

મસ્તક પર મુકી સોંપ્યા છે મન ।૨૦૩। કનક રજતના કુસુમ અને મુકતા ફલે કરી । ભાગ્યવતીએ વધાવ્યા ઉલટ ભરી ભરી ।૪। વલતા બીડા કરમાં આપ્યા રસની રીત । તે સતકાર કરી કરમાં લીધા કરી પ્રીત ।૫। જલહલતી જયોત જુત થાલ શ્રીમુખ પર ફેરે । સહુ કો જૈજૈ કરી ભામનડા લઇ મુખ હેરે ।૬। કો કહે શ્લોક પ્રબંધ કોએ આશીષ ઉચરીયા । કો કહે છે કવીત એહ સમયના હીત ભરીયા ।૭। સુલલીત કંચન થાલ માંઝી ઉજવલ ભરી મોતી । રચીત દીપમાન ખચીત પાંત બહુ ભાંત્યસું જયોતી ।૮। એવા કવીત અનેક કહે છે એણે સમય । આશીષ દે કોઇ ઓવારે જેહ મન ગમય ।૯। આરતી કરી આપણપુ વારી અલગું કીધું । ગ્રીવાને લટકે કરૂણા ભરી માની લીધું ।૧૦। નમન કરી ચરણે સ્પર્શ્યા સ્પર્શાવ્યા ચરણ । આરતની આરત હરી આરતે આરત હરણ ।૧૧। ભેટ લઈ ચરણે ધરી સમ સંપતી મન ભાવી । સંપતી રંચ ગીણી નહીં ભાવે જે બની આવી ।૧૨। ન્યોછાવર વારી વારીને આપી ત્યાંહાં । ઉમંગ ચઢયા રસમાતા ગીણના કહીએ કયાંહાં ।૧૩। આશ્રીત નેગ નેગી જે આવ્યા પ્રભુને સંગ । તેહોને આપી સંતોષ્યા અતીસે મનને રંગ ।૧૪। શું શું કરૂં શું આપું શું શું વારૂં આ ઘડી । કેને સૌભાગ્યે કરી મુને આ સમય જડી ।૧૫। એ ઘડી ઉપર સહુ ઘડી મારી વારી નાખું । પ્રભુની કરૂણા જાચી ફરી આ ઘડી અભીલાખું ।૧૬। એમ મનમાં તરસે છે હરખે છે અંગ અંગ । પ્રેમ તણે અભીલાખે ફરી ફરી ઇચ્છે સંગ ।૧૭। બેઠા છે શોભા લેઇ સૌભાગીને ભવન । જેહને ભાગ્યે કરી અને કીધું છે આંહી ગમન ।૧૮। એ શોભા સૌભાગીણીનું શું વર્ણન કીજીએ । એહ સમેનુ રૂપ જોઈ ભામનલડા લીજીએ ।૧૯। એ ચરણે અનુસરી અને શોભા શોભા પામી । ઇતર ગમન અભીલાખ તજી રહી અહીં અભીરામી ।૨૦। પ્રભુએ સ્વરૂપાત્મક કરી સ્વરૂપમાં આપ્યું ધામ । સ્વરૂપ સંગે પાગી રહે નીશદીન આઠો જામ ।૨૧। કો ભગવદી નીરખીને શોભામાં રહે અરૂઝી । સ્વરૂપ લગી પોંચે નહિં શોભાથી સરૂઝી ।૨૨। એમ સૌભાગ્યને ગર્વ આધીદૈવીક સ્વરૂપે । અંગ અંગે લપટાણી રહી શોભા શુભ રૂપે ।૨૩। અંગ પ્રતીઅંગ અલંકૃતનું તે શું શું કહીએ । શીખ નખ અવીલોકી અને મનમાં લહીએ ।૨૪। પાગ ગુલાલ ભરી સોંધે કેશર રસ ભરી । રહી રસીલી ભાંતે વામ ભાગ અનુસરી ।૨૫। ભાલ તીલક કેશરનુ તે ગુલાલે રંજ્યુ । કેશર છીટ શ્રીમુખ કયાંહું ને ગુલાલે મંજ્યુ ।૬। જદ્યપી ઉપરેણે કરીને મુખ પુછન કર્યું । પણ આભા લેઇને ગુલાલે રહ્યું અતી અનુસર્યું ।૨૭। ચોલનો ચતુર વરેસનો ભર્યો ગુલાલે સોહે । પુષ્પ માલા જે ગુલાલ ભરી જોઈને મન મોહે ।૨૮। માલા હેમ તણી અને જે મુકતાની માલ । તુલસી ગુંજાની ભરી છે ગુલાલે રસાલ ।૨૯। કર અંગુલી અંગુઠી નંગ જડી જે ચલકે । કર વલણે તે વીશેષ કરીને આભા જલકે ।૩૦। ઉપરેણો જેહ હમેલ રહયો છે ભાવે કરી । કેશર સોંધે લપટયો રહયો ગુલાલે ભરી ।૩૧। બહુ મોદે મકરંદ ભર્યા અને કેશર ભરીયા । અબીર ગુલાલ ભર્યા આનંદે રસ ભરીયા ।૨૩૨। શોભા કહું

કે શ્રંગાર રૂપ કહું કે એ સ્વરૂપ । ઢલની કહું કે કૃપા કહું સર્વોપર અનુપ ।૨૩। એહવી અલબેલી છબીએ બેઠા છે પ્રમોદે । ભાગ્યવાન નીરખે છે ઉલટ ભર્યા મોદે ।૩૪। બાહેર જુથ અનેક ઉભા છે દર્શન કાજ । તે અતીસે ઉકતાએ પધારસે મ્હારે રાજ ।૩૫। વીપ્રયોગી વીલખે છે ઉભા આહાટ જુએ । પ્રાણપ્રભુ પધારે એમ આવી કહે કોએ ।૩૬। કેણે ઘેર પધરાવ્યા કેણે દ્વારે રાખી । મનોરથ મન કીધા છે તેહ રહયા અભીલાખી ।૩૭। આપાપણે દ્વારે ઉભા સાંપ્રત્ય થઇ । ઉછાહા મોદ મનોરથની સામગરી લેઇ ।૩૮। એહની આરતે વાહાલાજીનું વેધ્યું મન । કહવાની આરત પણ કહી ન શકે વચન ।૩૯। આંહાંનો નેહ નીરૂપમ તે કાંઇ મેહેલ્યો ન જાઇ । તેહની આરત મનમાં અતીસે અસહી થાએ ।૪૦। ઉઠયાનો સમયો લહી કેમ કેમ કરીએ વીદાય । ભાગ્યવાનના મનનો ભાવ કહયો ન જાય ।૪૧। માલા શ્રીકંઠથી આપી કરૂણા ભરી । વલી કેણે માંગી લીધી પ્રેમ અનુસરી ।૪૨। આજ્ઞા માંગીને ઉઠયા વ્હાલોજી જ્યારે । ભગવદી હલી મલીને એકત્ર થયા સહુ ત્યારે ।૪૩। વાજીંત્રના નીરઘોષ વાજે છે અતીસય માને । ગાન કરે છે ભગવદી સુર શુભ તાલ બંધાને ।૪૪। પાલખી સીધ કરી ત્યંહાં આવી બેઠા વાહાલો । આગલથી સહુ કો કહે વેગા ચાલો ચાલો ।૪૫। છજે અટાલીએ મુંડેરીએ ભીડ રહી છે મચી । જે જે કરી ભામનડા લે છે મનમાં રાચી ।૪૬। ને છીરકે છે ગુલાલ તે મુઠી ભરી ભરી । સામા સામી અટારીએથી છીરકે છે ફરી ફરી ।૪૭। સર્વ ગુલાલ મઇ થઇ શેરી અને ભવન । નભ માર્ગે લઇ ચાલ્યો તેહ સમે ત્યાંહાં પવન ।૪૮। પવન ગુલાલ મઇ વહે આનંદે તે ઉમહયો । કાંહાં લગી વીસદ કરી કહું નભ મારગ છાહયો ।૪૯। ભીડ તણી પરમીત કેહેતા વચને ન આવે । અનુભવીનુ મન લહે વાણીએ કેમ સમુજાએ ।૫૦। અસમાતી ગલીએ ચાલે સહુ કો ભીડાઇ । માંહેાં માંહેં અંગે અંગ જાણે રહયા જડાઇ ।૫૧। ઉપરના ઉપર ભીડાયા ચાલ્યા જાએ । ધરણી પગ લાગે નહીં ચાલ્યુ નવ સમુજાએ ।૫૨। કર નીચો તે દબાયો તે ઉંચો નવી થાએ । પાગ શીષથી અસે તે સુધી કરી ન જાએ ।૫૩। આંહાંથી હીલોરો દે તે બેઠક લગી હાલે । એણીપેરે ભીડ થઇ પોતાનુ કોણ સંભાલે ।૫૪। ઉપર ભીડ અટાલીએ તે કેમ કહીએ । વચને તો આવે નહીં મનનું મનમાં લહીએ ।૫૫। મનોરથ કરી ઉભા છે જેહ પોતાને ભવન । વચન મધુરા ગાએ જોઇ પ્રભુનું આગમન ।૫૬। ભગવાનદાસ કરેટીના અને સીતા બેટી । રતનબાઇ ઉભા ગાએ લગ્યા મેટી ।૫૭। સ્વજન કુટુંબ મેરે ભૈયા લેઉં બલૈયા તેરી । એહ વચન ઉમંગ્યા ગાએ છે ફેરી ફેરી ।૫ । એહ વચન સુણીને પ્રભુ આવ્યા પ્રેમે ભરી । તે એહેના હાંતે વેધ્યા ઉભા રહયા કરૂણા કરી ।૫૯। પાલખી ત્યાં રખાવી જ્હાં ઉભા એ ભકત । પ્રભુની કરૂણા જોઇને થયા અતીસે અનુરકત ।૬૦। માલા હેમ તણી ગુંજા તુલસીની માલ । તે આણી પહેરાવી પ્રમુદીત ભાવ રસાલ ।૬૧। ધોતી ઉપરેણો એકત્ર કરી આગલ ધરી । શ્રીમુખ જોઇ વારી અને સાત્વીક ભાવે ભરી ।૬૨। એહોનો કરી સતકાર ગ્રીવાને વલણે કરી । વલી આગલ પધાર્યા એહોની આરત હરી ।૬૩। એ મનોરથીયા મનોરથે ઘર ભીતર

પધરાવે । મનોરથ અનેક કરે જે જેહને મન ભાવે ।૨૬૪। પ્રથમ કહી આવ્યો છું તેથી અધીક પ્રકાર । કયાંહાં લગી વીસદ કરૂં વીસદે પામું નહીં પાર ।૬૫। ભોગ સંયોગે ખેલાવ્યા ભેટ આરતી કરી । એહોના મનોરથ પુરી બાહેર પધાર્યા ફરી ।૬૬। ત્યારે તે ભગવદી પાલખીએ વલવ્યા આવી । નીકટ રહી વીનતી કીધી પ્રભુને મન ભાવી ।૬૭। રાજ પધાર્યા ને હુંથી કાંઇ થઇ ન આવ્યું । હું સંકુચાઇ રહું છું એમ કહીને સમજાવ્યું ।૬૮। પરમ કૃતજ્ઞ શીરોમણી બોલ્યા એ સાંભલી । પોતાપણુ ન રાખ્યું એહોના હીતમાં ભળી ।૬૯। તુમકુ સંકોચ કહા હે તુમ કહત હો હમકું । સંકોચ તો હમકું હે એ કહા કહું તુંમકું ।૭૦। એહવા ઉતર પ્રતીઉતર અતી પ્રણય ભરી । ધન્ય ભકત જેણે વીનવ્યા ને પ્રભુ ઉચર્યા ફરી ।૭૧। આગલ પેંડો રોકીને ઉભા છે ભકત । પ્રભુના નીપટ સોહાગી અનુરાગી અનુરકત ।૭૨। દર્શન દાન દેતા કરતા સતકાર । હરીભાઇને દ્વાર આવ્યા પ્રાણઆધાર ।૭૩। એહોને દ્વારે રોકાયા પાલખી ઉભી રાખી । એહોનો પ્રેમ જોઇ પ્રભુ ઉભા હીત અભીલાખી ।૭૪। થાલે આરતી પુરી રામા રૂમઝુમ કરતી રહી । રસીલી ભાંતે માન સહીત અનુસરતી ।૭૫। ગંગા પ્યારી જારી જલ ભરી કરમાં લેઇ । કૃપા પાત્ર કરૂણાના રસીયા અતી રસમઇ ।૭૬। ગોમતા પ્રીતે આવ્યા સનમુખ એકત્ર થઇ । કેશર અબીર ગુલાલ સાજ ખેલ્યાનો લેઇ ।૭૭। ભુષણ વસ્ત્ર વીવીધ પેહેરી પેહેરી અને આવ્યા । અંતર નેહ નીરૂપમ જોઇ પ્રભુને મન ભાવ્યા ।૭૮। નીહોરી નમન કરીને લેઇ કેશર રસ છીરકે । અબીર ગુલાલ ઉડાડી મનમાં અતીસય હરખે ।૭૯। માલા પ્રથુક પ્રથુક પહેરાવે પ્રેમે ભરી । ગ્રીવા નીહોરાવી પેરે સતકાર કરી ।૮૦। ધોતી ભેટ ભાવતી ચરણે લેઇને રાખી । ઉપરેણો વીરલો કરી ઓઢાડયો અભીલાખી ।૮૧। શ્રીકર ગ્રહી અંગુલીદલે અંગુઠી પહેરાવે । રસભાવે પુરીત થઇ ઉભયને અતી મન ભાવે ।૮૨। આરતી ઝલહલતી પ્રગટ કરી લાવ્યા જ્યોત । શ્રીમુખની આભાએ અતીસય થયો ઉદ્યોત ।૮૩। સોહાસણી સનમુખ ત્યાંહાં રહી આનંદ ભરી । મુસકાય વાહાલાને કુમકુમ તીલક કરી ।૮૪। તાંદુલ ચોઢી અને ઇંડીપીંડી ઓવારી । કુસુમે વધાવી બીડા આપ્યા ભાવ વીચારી ।૮૫। આરતી વારતા વાર્યા પોતાના તનમન । વાહાલોજી સતકાર કરી થયા પરમ પ્રસન્ન ।૮૬। પાલખી ઉપર નીહોરી અને પદ અંબુજ છોહયા । પરસ કરી પ્રાણેશનો શ્રીમુખ જોઇને મોહયા ।૮૭। એણીપેરે જેહોને મનોરથ ને પ્રાર્થના કરી । તેહને મનોરથ અંત કરીને આરત હરી ।૮૮। એમ કરૂણા વૃષ્ટી કરી અવશીષ્ઠ રહ્યુ ન કેહને । સુખદ હવેલી સહીત મનોરથ હતા જેહને ।૮૯। એણીપેરે પધાર્યા સહુના તે મનોરથ પુરી । પશુ પક્ષી સ્થાવર જંગમની આરત ચુરી ।૯૦। એક મનોરથે મનોરથ સીધ થયા છે બહુના । ભાવ વીચાર્યા મનના પુરણ કીધા સહુના ।૯૧। રસભર રસમસતા સુંદર મંદીર પધાર્યા । જૈજૈકાર કરી ભગવદી સહુ કો ઓવાર્યા ।૯૨। પાલખીથી ઉતરી અને ગાદીએ બેઠા આવી । ન્યોછાવરી કરી કો ભેટ કરે મન ભાવી ।૨૯૩। કેણે વાત્સલ્ય ભરસું

રાઈ લુણ ઉતાર્યા । અંતરને ભાવ જુત આશીષ દેઇ વાર્યા ।૨૯૪। એ લીલા છે અપરમીત કહેતા પરમીત ન આવે । નીત નૌતન નૌતન હોએ સહુને દીઠા ભાવે ।૯૫। એમ ઉથાપને કરે છે અનેક પ્રકારની લીલા । ભાવ ભરી ભાગ્યે ભરી રસ ભરી પરમ રસાલ ।૯૬। એક સમે સારથુ મહેતો જે ગોવીંદદાસ । દાનતરાય નામ જેહનું સહુ માંહે પ્રકાશ ।૯૭। એણે શ્રી ગોકુલમાં વાસ કર્યો કેટા દીવસ । વસંત એલાવ્યા છે વાહાલાજીને થઇ રસ વીવસ ।૯૮। તે આગલને પ્રસંગે કહેસું કરી પ્રકાશ । પ્રભુની કરૂણાનુ બલ જાચે ગોપાલદાસ ।૩૦૦।

ઇતીશ્રી સ્વરૂપ રસાવલી ગ્રંથ
વ્યારાના ગોપાલદાસ વીરચીત
ઉથાપન વસંત વરણનો
માંગલ્ય પંદરમું સમાપ્ત

માંગલ્ય ૧૬ મું

ઉથાપન સમય વસંત ઋતુ નામ
દાનતરાયે એલાવ્યા તે પ્રસંગ લખાસે
સંતદાસ વ્યારા લગી પ્રભુને સામા આવ્યા : એમ ગવાસે

જે જે શ્રી ગોકુલ જે જે શ્રી ગોકુલ ભુપ । જે જે શ્રી ગોકુલનું સર્વસ્વ જે જે રસ રૂપ ।૧। જે જે રસીકવર રાય જે જે રસ નીત્ય વીહારી । જે જે લીલા અચલ ભકત હીતે અતી હીતકારી ।૨। જે જે ભકતના ભાગ્ય ફલોદય પરમ વરેસ । જે જે આનંદ માત્ર અંગ પ્રતીઅંગ સુદેશ ।૩। જે જે રસદાતા ભોકતા રસના રસમય । રસ વસ રસીક શીરોમણી મહા નાયક રસોવધ ।૪। જે જે મંગલ મહોદધી જે મહા મંગલકારી । સુખ સમોહનું ધામ કામ ક્રીડા વીસ્તારી ।૫। જે જે ભાવ પ્રગટી કરણ ઇછીત સુખદાતા । સાધન રહીત ફલોદય કેલી કલા રસમાતા ।૬। જે જે કારણ મઇ કરૂણા ભર પરમ સ્વતંત્ર । જે જે સ્વરૂપ દાન અલીલષીત તણી આરત હર ।૭। જે જે શ્રી વીઠલાત્મજ શ્રી વલ્લભ અલીધાન । જે જે સર્વોપર તર દાન તણુ મહા દાન ।૮। જે જે પ્રગટ પ્રમેય વર્તમાને પ્રાગટ । અતી ઉતકર્ષ નીરંકુશ લીલા ઉદભટ ।૯। ઉથાપને એસી ઉદાર લીલા પ્રગટાવી । જેહને હિત પ્રાગટય તેહને મન અતી ભાવી ।૧૦। એ લીલામાં લીલા ઉપયોગી જે આપ્ટી । તેહો પર સ્વરૂપ રસે ભર હોએ મહા રસ વૃષ્ટી ।૧૧। ભાંત ભાંત લીલા કરે બેઠા ઉથાપન । આનંદમઇ અનુપમ પોતે થઇ પ્રસન્ન ।૧૨। તેમાની કણીકા એક સુમનીકા મેં કરી । પાછલને માંગલ્ય અતીસે ઉલટ ભરી ।૧૩। વસંત તણી લીલા કહેવા મન મનોરથ ઘણુ । તે કાંઇ એક પુરણ કર્યો પ્રભુ મારા મન તણો ।૧૪।

ભાગ્યવાને ભાવે ભર બેઠકમાં ખેલાવ્યા । કેણે હવેલીમાં પધરાવ્યા નીજ મન ભાવ્યા ।૧૫। એ લીલા બે માંગલે કહી કાંઇ સુચન માગ । મારા અનુભવ સમ જેહવું છે માહારૂં ગાત્ર ।૧૬। હવે એક મનોરથ મનમાં દાનતરાયે ખેલાવ્યા । વસંત પંચમીથી લઈ ડોલ લગી મન ભાવ્યા ।૧૭। એ દાનતરાય તણો કહું પ્રથમ થકી પ્રસંગ । પ્રથમ નામ સારણ મહેતો ભગવદીનો સંગ ।૧૮। પ્રભુને પદ અનુસરીયા ભાગ્ય વીસ્તર્યું તેહનુ । પ્રભુજીએ ગોવીંદદાસ નામ ધર્યું છે એહોનુ ।૧૯। તાપીપુરમાં દેશપતીના એ અગ્રવાન । એહ કરે તે થાએ અને તેહોનુ બહુ માન ।૨૦। તેણે દાનતરાય નામ ધર્યું એહોનુ ત્યાંહાં । અનેક સેવા કરી પ્રભુજીની રહી તાપીપુર માંહાં ।૨૧। ગુજરાતથી પધાર્યા પ્રભુ તાપીપુર જ્યારે । લાલ વેસનો મનોરથ કરી પધરાવ્યા ત્યારે ।૨૨। ફાગણ સુદી દસમીએ પધાર્યા એહો ઘેર । ત્યાંહાં વસંતનો મનોરથ કીધો છે બહુપેર ।૨૩। ડોલ બેસાડયા પ્રભુને અતી આનંદ ભરી । પહેરામણી અને ભેટ અનેક પ્રકારે કરી ।૨૪। તે એક સમે દેશાધીપતીસું કાંઇ સૌભાગ્યે રીસાવ્યા । પ્રભુની ઇચ્છાને બલે તે શ્રીગોકુલ આવ્યા ।૨૫। એહો પર કૃપા અનેક પ્રભુ પ્રસન્ન રહે ઘણુ । કાંહા લગી વીસદ કરી કહું એહોના ભાગ્ય તણુ ।૨૬। એહવે વસંત તણો આગમ હવો ઉનમત સાર । ગુલ્મ લતા દ્રુમ વેલી અંકુર પલવ સાર ।૨૭। વસંત વીવસ થયો રસ વસ પોતાનો કરી સાજ । મારી રીતુ રમવા વાહાલાને આવે કાજ ।૨૮। પ્રતી નીત ખેલ ખેલાવે વાહાલો ખેલે આપ । એહવો કોણ સૌભાગી હરે મારો પરીતાપ ।૨૯। દાનતરાય ઉપર પ્રભુની કરૂણા બહુ દીઠી । એહોને નીકટ જઇ એહોસું કરી વસીઠી ।૩૦। તમો જો કરો સહાય કાજ મારૂં સીધ થાયે । મારા મનોરથ પુરવા તુમ વીન નહીં ઉપાય ।૩૧। આદ્ય થકી અને પ્રાત લગી મારી રીતુ માંહાં । એ રીતુ જો અંગીકાર કરી નીત ખેલે આંહાં ।૩૨। એહ મનોરથ મનમાં તુમ દ્વારા સીધ થાસે । આયુરભાવ ભાવ બલે એહ જણાવ્યો આસય ।૩૩। અનુભવે વીનતી સહુ માની લીધી । મનોરથે મનોરથ વાધ્યો ને તેહવી પેર કીધી ।૩૪। ઉછલીત આનંદ અનુમોદીત થઇ આવ્યું મન । મનોરથ દ્વારા મનોરથ પ્રગટાવ્યો છે તન ।૩૫। વસંત પંચમીથી જ્યાંહાં લગી આવે છે ડોલ । ત્યાંહાં લગી વસંત ખેલાવું વાહાલાને રંગ રોલ ।૩૬। એહનો વૈભવ અસમ તે સમ કીધો સાજ । તત્પર કરી રાખ્યો નીત પ્રભુને ખેલાવા કાજ ।૩૭। અબીર ગુલાલ કેશરનું ન્યામીક કેમ કરી લઇએ । વાગા તેલ અરગજા સોધા કાંહાં લગી કહીએ ।૩૮। વાજીંત્રનો બહુ સાજ કરી રાખ્યો છે નીતને । નહીં તે મથુરા મહાવનથી આણ્યા એ નીમીતને ।૩૯। એહ સહુ સીધ કરી રાખ્યું છે આગમ થકી । સંપુર્ણ વસંત રીતુ ખેલાવા મન તકી ।૪૦। વસંત પંચમીથી કર્યો આરંભ વીનતી કરી । વાહાલોજી એહોને રસે વંસ થયા ઉલટ ભરી ।૪૧। ભોજનને ઉપરાંત વસંત પંચમી દીવસે । ખેલાવાનો સાજ લેઇ આવ્યા રસ વીવસે ।૪૨। ગાદી તકીયા સેત સેત બાંધી પીછવાડી । સેત સુખદ સમીયાના ભીંતે ચાદર

ઠાડી ।૪૩। ભોજન કરી વાહાલોજી જહાં બેઠા છે આવી । એ સહુ સોંઝ વસંત તણી લાવ્યા મન ભાવી ।૪૪। આંગમણાં કીર્તનીયા ભગવદી એકત્ર થઇ । પદ ગાએ છે વસંત રાગ આલાપ લેઇ ।૪૫। તાલ પખાવજ આવજ ડફ ઢોલકી સોહાતી । સારંગી સુર મધુર વાજે છે રંગ રાતી ।૪૬। નરગા નીપુણ ગતે વાજે તાલ બંધાન સહીત । ગાએ ઉમંગ્યા રસભર અનુસંધાન રહીત ।૪૭। ભગવદીની ભીડ ભરી બેઠક અસમતી । એ પ્રભુને નીરખે પ્રભુને એ પરમ સોહાતી ।૪૮। એહવે દાનતરાય ભાગ્યભર સનમુખ આવ્યા । પહેરામણી વસંતનો સાજ ખેલાવા લાવ્યા ।૪૯। દંડવત કરી આજ્ઞા માગીને બંધાવી પાગ । લટકા સહીત પેચ દેઇ દેઇ બાંધી દક્ષણ ભાગ ।૫૦। ચોલણો ચુણ્યો કટાવનો પહેર્યો પ્રમુદીત થઇ । પટકો લટકાસું બાંધ્યો કરમાંથી લેઇ ।૫૧। ધોતી આગલ ધરી ઉપરેણો કર્યો હમેલ । ભાવ સહીત ઉકસી બેઠા સુંદરવર છેલ ।૫૨। સોંધો મૃગમદ અંબર અતર ને જે જવાદ । અનેક સુવાસીત જાવદ સૌરભ નીમરજાદ ।૫૩। તે સમર્પ્યો નીકટ રહી જ્યાંહાં રૂચી આવે । રાજ રીત પ્રીતે કરી જેમ પોતાને મન ભાવે ।૫૪। વલતું કેશર લેઇ કરમાં કટોરે ભરી । અંગુલીદલે અર્પે છે જોઇ જોઇ ફરી ફરી ।૫૫। તેહવી છીટ સુદેશ પાગ પર રચી અનુપ । એહવો શુભ શ્રંગાર કરાવ્યો ગોકુલભુપ ।૫૬। આભુષણ અભીનવ પ્રકારના તેહ ધરાવ્યા । વૈભવ ઉગ્ર સમાને જેહવા મન ભાવ્યો ।૫૭। કનક માલ મુકતાની કુસુમ માલ પહેરાવી । તકીયા ઠાડી છાત છીરકી જેમ એહોને ભાવી ।૫૮। લેઇ ગુલાભ છીરકયો વાહાલાને અતી રસ ભરી । અબીર અનુપમ છીરકીને નીજ આરત હરી ।૫૯। ને અતીસે પ્રગટાવી આરત આરત કરણે । એણીપેરે આરંભ કીધો વસંત મંગલા ચરણે ।૬૦। આરતી કરી ઉદ્યોત વારી શ્રીમુખ પર ફેરી । જૈજૈકાર કરી વાહાલાને રહયા સહુ હેરી ।૬૧। ભગવદી ઉપર કેશર રસ ગુલાલ બહુ છીરકયો । અબીર અનુપમ લેઇને તે ઉપર ભુર કર્યો ।૬૨। ઉછાહે ઉછવ કીધો અતી ઉલટ ભરી । તેથી ઉછાહ અધીક પ્રગટ હવો પ્રતીનીતે ફરી ।૬૩। વલતી પોઢયાને અવેર થાતી મન જાણી । વીનતી કરી ઉઠાડયા વાત્સલ્ય મનમાં આણી ।૬૪। ભગવદી સહુ વલીયા ને આપ પોઢયા સુખ સેજ । ભાગ્યવાન રસપાત્ર સહીત કરી અતીસે હેજ ।૬૫। એણીપેરે વસંતપંચમી થકી આરંભ કરી । દાનતરાય ખેલાવે પ્રતીનીત પ્રેમ ભરી ।૬૬। કો સમે ભોજન કરી અને બાગમાં પધરાવે । વાજીંત્ર સાજ અનેક લઇને ખેલાવે ।૬૭। ઉથાપને નીરંતર આરંભે છે ખેલ । અતી મોદે ઉછાહા ભર ખેલે મોહન વેલ ।૬૮। કો સમે બેઠકમાં કો સમે આંગણ માંહાં । કો સમે નાથજીને મંદીર ખેલે ત્યાંહાં ।૬૯। કો સમે ચોકમાં ચતુરવરને ખેલાવે । કેશર અબીર ગુલાલ વાજીંત્ર જુત મન ભાવે ।૭૦। કો સમે શ્રી જમુનાજીના તે પુલીનમાં આવી । સામગ્રી ખેલ્યાની સહુ સીધ કરાવી ।૭૧। વાજીંત્ર અનેક પ્રકારના આણ્યા મનોરથ કરી । સોંધા અબીર ગુલાલ કેશર રસ આણે ભરી ।૭૨। ત્યાંહાં ખેલે છે ખેલ સેન આરતી લગી । ખેલતા પધારે છે બેઠકે અતી

રંગમગી ।૭૩। એણીપેરે પ્રતી નીતે નીતન ભાંતે ખેલાવે । નીત નીતનો પ્રકાર લેખનમાં કેમ કરી આવે ।૭૪। કહેવાનુ સામર્થ નહીં એ અનુભવ નહીં નયણે । વીસદ કથું સાંભલી અને ભાગ્યવાનને વયણે ।૭૫। સાંભલતા એ લીલા સ્વરૂપ સહીત મહા ગુહ્ય । દાન તણે સામર્થે થઈ સહુ રૂડયારૂઢ ।૭૬। તે માટે એક સમય મેં સુચન કીધો જાણી । એ અનુભવીનો આસય કાંઇ એક તે માંહે આણી ।૭૭। એમાં થકી જણાસે એહનો સર્વ પ્રકાર । દીન પ્રતીનો તે કહાં લગી કરી વીસ્તાર ।૭૮। એક દીવસનો ખેલ કહું છું મનમાં રાચી । એ રસ અનુભવી પાત્રની પ્રેમે કરૂણા જાચી ।૭૯। નમન કરી નવકુંવર વરેસનુ વર્ણન કરીએ । ભાવે એ રસ અનુભવીને ઉરમાં ધરીએ ।૮૦। સવંત સોલ સતાવનો તે તો છે મહા સાર । એ સમે દાનતરાયે ખેલાવ્યા કરી મનુહાર ।૮૧। તે માંહે સુદી નવમી દીને નવ મનોરથ ભેર । એ પ્રસંગ હવે છે તે હું કાંઇ કહું પેર ।૮૨। પ્રાણ પ્રભુ ભોજન કરી અતિસય ઉલટ ભરી । આનંદને અનુમોદને પોઢી ઉઠયા વેગ કરી ।૮૩। ઉદેશ અંતરગતીમાં ખેલ્યાનો કરી ફંગ । પધારવું વિચાર્યું રૂછી કેરે ભાગ ।૮૪। ત્યાં ઓળાનો સાજ કરાવ્યો આગલ થકી । તે મોકલ્યા ત્યાં જે જેહ કરે શકી ।૮૫। એહ વાત સર્વે સાંભળીને રીઝયા મન । અંતરગતે અનુમોદન સહુ કેા થયું પ્રસન્ન ।૮૬। સહેજ મોહ નિત્યનો તેમાં પધારવું ત્યાંહાં । એમ ઉત્સાહ અપમિંત પ્રગટયો સહુ મન માંહાં ।૮૭। જે જયાં તે ત્યાં થકી સહુ કરી પોતાના સાજ । ભુષણ વસ્ત્ર સહિત બહુ સિધ્ધ થયો તે સમાજ ।૮૮। નારી નર તણી ભીડ ભરાઇ બેઠક માંહાં । એના આનંદ મનના કહેવાએ કયાંહાં ।૮૯। શ્રી ગોપાલરાયજી ઘનશ્યામજીને કહાવ્યું । આજ્ઞા એહોની સાંભળી સહુ કોઇ સીધ થઈ આવ્યું ।૯૦। શ્રીમુખથી આજ્ઞા કરી ઘોડા સિધ્ધ કરાવ્યા । સવારીને ઉપયોગે જેને જે મન ભાવ્યા ।૯૧। નિત્ય નૌતન વાગા પહેરાવે દાનતરાય । વિવિધ પ્રકારના વસ્ત્ર જે શ્રીઅંગને સુખદાય ।૯૨। તેહ સમય વિનતી કરી આણી તે ધરાવ્યા । જેવા એના મનોરથ ને મનમાં ભાવ્યા । ।૯૩। વેગા સિધ્ધ થઇ પધારે પ્રાણ આધાર । જયાં ત્યાં મંગલ શબ્દ હોએ છે જૈજૈકાર । ।૯૪। કેા આગલ કેા પાછલ કેા ચાલ્યા થઈ ભેગ । કેા ચાલ્યા ભીડે ભીડાઇ આગલ વેગ ।૯૫। કેા ઉભા સિંધદ્વારે સવાર થાતા જોવાને । કેા શંગાર કરી ઉભા પ્રભુને મોહોવાને ।૯૬। કેા વિપયોગ વિચારે છે પોતાના મન માંહાં । પ્રભુ પધારસે પાર આપણ કેમ જઇએ ત્યાંહાં ।૯૭। એમ આરત ભરી નિરખે હાલાજીનું રૂપ । જોતાં નયણ ન ધાંપે સુંદર પરમ અનુપ ।૯૮। ભાવ દાન દાયક ભાવાત્મિક ભાવાધીન્ન । ભાવ લઇ અને ભાવ દેખાડયો પરમ નવીન ।૯૯। કરી સતકાર સ્વપ્નમાં સમાધાન બહુ કીધું । સમજે રસીક વરેસ રસીએ માની લીધું ।૧૦૦। એહવે અસ્વ આણી રાખ્યો છે સિંધદ્વાર । પ્રાણપ્રભુજી લઇ ઘોડે થયા અસવાર ।૧। જૈજૈકાર સહિત પધાર્યા સવાર થઈ । સૃષ્ટિ બહુ સાથે ચાલી છે સ્વરૂપ મઈ ।૨। વાજીંત્રી આગલ થયા ને વૈષ્નવ પણ સાથ । વાજા વિવિધ પ્રકારના તે લીધા છે હાથ ।૩। વાજીંત્રના નિર્ઘોષ છંદ સુર

તાલ સોહાતા । વાએ ભાંત અનેક વેશ સુંદર રંગ રાતા ।૧૦૪। આગલથી ઉલટ ભર ગાએ ગાન રસાલ । રવરૂપ રસે માતા અંગની રહી ન સંભાલ ।૫। તે આગલ ઘોડા નીલો એક કોંતલ કર્યો । શીર લગામ પટા સુનેરી ભુષણ ભર્યો ।૬। માથે પર ગજગાહ ગલે મખમલનુ ઝુલ । દુમચી મોહોરો રાજે કુંદણા મકતુલ ।૭। કુંકારા દેતો કુલે નાચે નવગતીએ । અંગે જે અંગીકૃત કીધા ગોકુલપતીએ ।૮। તે આગલ ચાલે કો કોતકી કૌતક કરતાં । વસંત તણે વ્યાજે કરી હાસ્ય રસે રસ ભરતા ।૯। એણીપેરે પધાર્યા શ્રીજમુનાજીને તીર । પુલીન અતી પુલકીત થયું નીર્મલ વહે નીર ।૧૦। જમુનાજીનો મોહ મુદીત કાંઈ કહયો નવ જાએ । પ્રતીછીનુ પ્રેમ વીશેષે કલા અધીક તે થાયે ।૧૧। તીરે તરૂ પ્રમુદીત થયા વીવીધ વીહંગમ બોલે । શબ્દ સોહતા પ્રભુને કોણે કરૂં સમતોલે ।૧ । ગુલ્મલતા દ્રુમ વેલી સ્થાવર જંગમ જેહ । પશુ પક્ષી પાનાદીક કુલ્યા ધરી મન નેહ ।૧૩। નાવી નાવ ભાવ જુત લાવ્યા અતી તટ નીકટે । ત્યાંહાં સધડો તે સમાજ આવી ઉભો રહયો તે તટે ।૧૪। પુલીનમાં પ્રભુએ ઘોડો ત્યાંહાં ખુરી કરાવ્યો । ઉલટે દેઇ માનક પલક એકમાં આવ્યો ।૧૫। ચુચકારી થાપડી કંધ ફટકારા કરીયા । વલતા તેહ સમે પ્રભુ ઘોડેથી ઉતરીયા ।૧૬। ભગવદી હાથે હાથનુ આસન જોડી લાવ્યા । તે ઉપર બેસાડી નાવે પધરાવ્યા ।૧૭।નાવ શીખરે શુભ વસ્ત્ર બીછાવ્યું બેઠા ત્યાંહાં । તેહ સમે શોભા તે વીસદ કરી કહીએ તે કયાંહાં ।૧૮। શ્રીગોપાલ આદેદેઇ ,બેઠા નીકટ આવી । વલી કો ભગવદી પ્રતીષ્ઠીત તે બેઠા મન ભાવી ।૧૯। બીજા નાવ અનેક બહુ વૈશ્નવસું ભરીયા । આગલ પાછલ ચાલે પ્રભુ સંગે પરવરીયા ।૨૦। કોએ કરે છે ગાન તાન સુરતાન બંધાને । ઉમંગ્યા અતી અંતરમાં ધન્ય પોતાને માને ।૨૧। કો ગાએ છે ધોલ જુઓ રે ગોકુલનો નાથ । ઉલટ ભર એમ કહે છે વલી વલી આપણો સાથ ।૨૨। કો પોતાનું નાવ ચલાવી જોડે આવે । શ્રીમુખ અવીલોકીને નયણનો તાપ નસાવે ।૨૩। કોએ કુતુહલ કરે છે પરસપર રસમાતા । વસંત મીસે જે વચન કહે પ્રભુજીને તે સોહાતા ।૨૪। હંસી હંસી ટોક તરક વચને બોલે કો બોલ । પ્રભુ પ્રસન્ન હોઈ તે સુણી કોણ કરૂં સમતોલ ।૨૫। એણીપેરે ભગવદી જુથ નાવે જમુનાજી છાહયા । એહ સમે જોઈ પુલકીત થઈ અંગ ન સમાય ।૨૬। ત્રીજન ઉભા ચાર ઘાટ જશોદાનો ઘેરી । દુર થકી આરત ભર પ્રભુજીને રહયા હેરી ।૨૭। વાહાલો કરી અવીલોકે એહોને ઉભા જાણી । એ રસ અનુભવિકવૈદ્ય કહે નવ આવે વાણી ।૨૮। એણીપેરે લીલા અનેક પ્રકારની કરતા । પધાર્યા છે પાર અનેકની આરત હરતા ।૨૯। નાવ થકી ઉતરીને ઉભા પ્રાણાધાર । જહાં લગી સર્વ ઉતરીને સુખસું પહોંચ્યા પાર ।૩૦। વલતા સવાર થઇ પધાર્યા વેગા થઇ । સાથે છે જે સમાજ તેહને સાથે લઇ ।૩૧। આગલ થઇ જે અવ્યા કાજ પરાયણ થઇ । તેણે ત્યાંહાંનું કાજ કર્યું અતીસે મન દેઇ ।૩૨। ભોમી સમારીને કીધા બેઠકના ઠામ । પોતરા ચતુર નરેસને બેસવા આવે ઠામ ।૩૩। ભોમી છીરકી શુધ કીધી મેંડા ફરતી । વૈશ્નવની બેઠક કીધી તેહોને અનુસરતી ।૩૪। ઉપર સમીયાના તે સુશોભીત તાણ્યા કસી । ફરહરે પવન ગવનથી તે તો રહયા છે હંસી ।૧૩૫। નીચે

ઝુલીચા ઉંચા ભરી પાથરીઆ તેહ । જલ મથના ગગરા શીતલ રાખ્યા કરી નેહ ।૧૩૧। ઓલા સીધ કર્યા બીજી સામગ્રી અનેક । આંહાંથી પટવી તેહનો કેમ થાએ વીવેક ।૩૭। પ્રભુ પધારતા જોઈ સનમુખ આવ્યા તે ધાઈ । શ્રીમુખ જોઇ દંડવત કર્યા કુલ ન અંગ સમાઇ ।૩૮। પુછું પોહોંચી રહે હોં હાં પોહોંચ્યા છું રાજ । આજ્ઞા દીધી તે સર્વે કર્યું છે કાજ ।૩૯। પ્રસન્ન થઇ પધાર્યા રૂછી કેરે બાગ । એ સ્થલ ભોમી અને વન વીહંગમનુ મહા ભાગ્ય ।૪૦। ઘોડેથી ઉતરીને જહાં ઓલા કીધા સીધ । ત્યાંહાં આવી ઉભા રહ્યા પ્રમુદીત થઈ મહાનીધ ।૪૧। અવીલોકને અશેષ કરી સામગ્રી એહ । સૃષ્ટીને પહોંચે રંચ ઘટે નહિં તેહ ।૪૨। વલતા સહુ કો ફીરતા બેસાડ્યા છે ભકત । પોતે પરોસવાને ઉભા રહ્યા પ્રમુદીત થઈ અનુરકત ।૪૩। ભરી ભાજન ભગવદી લીધા છે તે કર માંહાં । તેમાંથી પ્રભુ મેહેલે સહુની આગલ ત્યાંહાં ।૪૪। પ્રથમ મીઠાઇ મેલી અંદરદી આદે દેઈ । ગોલ ગનોડા સરખો શ્રીકરે મેલ્યો લેઇ ।૪૫। વલતા ઓલાના ઓલા ભરી ભરી મહેલ્યા એ । તે શોભા જોઇ ભકતને ઉલટ અંગ ન માએ ।૪૬। પ્રભુને મેલ્યાની પ્રસન્નતા કહી ન જાએ । ભકતના મનના મોદ એ સમયના વિસદ નવી થાએ ।૪૭। એમ ઓલા મેહેલી અને પોતે બેઠા આવી । વૈશ્નવને લેવા આજ્ઞા દીધી મન ભાવી ।૪૮। વલતા આપ આરોગે પ્રમુદીત થઇ થઈ । વૈશ્નવ નીકટ આવી બેઠા સેવામાં મન દઇ ।૪૯। ઓલા છોલી છોલી આપે પ્રભુના કર માંહાં । પ્રાણ પ્રભુજી પ્રસન્ન થઈને લે છે ત્યાંહાં ।૫૦। એમ ઓલા છોહે નહીં બ્રાહ્મણ વીન કો અન્ય । એ સમે અંગીકાર બલે કર્યું અન્ય ભીન્નાભીન્ન ।૫૧। સહુ કો છોલી આપે તેહના આગે લેઇ । તુમ કયેં આપુ લેત નહીં એમ કહે આનંદ મઇ ।૫૨। તુમ તો બહોત દેને વાર મેં લેનેકું એક । કહાંલો મેં લીએ જાએ હાંસી એમ કરે અનેક ।૫૩। વસતું કરી જલપાન બીડી આરોગ્યા વેગ । વલી બીડા આપ્યા જોહોને આપ્યાના નેગ ।૫૪। પરસપરે આનંદે એક એ લીલા કરી । અડીંથી પોહોંચીને ઉઠ્યા ઉલટ ભરી ।૫૫। સવાર થઇ સુખસું આવ્યા બેઠા નાવે । અંતરમાં અનુમોદન અને ભરીયા રસ ભાવે ।૫૬। ભગવદીએ આરંભ્યા ગાન ધમાર રસાલ । તાન બંધાન સહીત બાજે છે પખાવજ તાલ ।૫૭। જમુનાજીને મધ્યે આવ્યા એહીપેરે જયારે । દાનતરાયને પોતે પ્રભુએ પુછ્યું ત્યારે ।૫૮। કછુ ગુલાલ હે અપને એમ કહ્યું હીતને નેગે । હાં રાજ ઘેર ઘણો છે તો મંગાવ બહુ વેગે ।૫૯। એ સાંભલી ઉછાહા અધીક થયો બેહોના મન માંહાં । રોમરોમ પુલકીત થઇ પ્રસર્યો પ્રતીઅંગે તન માંહાં ।૬૦। વેગે નાવીને કહી અને નાવ એક આગલ કીધી । બેલની સામગ્રી આણ્યાની આજ્ઞા દીધી ।૬૧। તે ઉતરીને ધાયા લાવ્યા વેગે કરી । કેશર રસ ને ગુલાલ અબીર ભાજનો ભરી ।૬૨। પીચકારી જે સમારી નીતના બેલને કાજ । વલી જે જે ઉપયોગના સહુ આણ્યા છે સાજ ।૬૩। તેલ કુલેલ ચમેલી કુંપીયો ભરી ભરીને આણી । અતીસે બેલ પ્રગટસે એ મનમાં જાણી ।૬૪। નર નરેન્દ્ર નાવેથી ઉતરી રસ ભર્યા । પુલીનમાં બેલવાના સાજ વીચીમું કરીયા ।૬૫। એક ઓર પોતે થયા ભાવતા સખા

મમેટી। એક ઓર બાંધવ લરીકા ભટ લલ્યા મેટી ।૧૬૧। ફેંટ ભર્યા ગુલાલ બેહુ દીશ કટીસું બાંધી । કેા પીચકારીઓ લેઇ રહ્યા સનમુખ સાધી ।૧૭। કેાએ કુંપીયેા તેલ તણી રાખી છે કર માંહાં । ચેાલણા ઉભય દીશ ચેાપડે છે અતી રસ ભર માંહાં ।૧૮। કેહેની પાગ ઉતારી કુંપી ઢેાલે ભરી । તેહ છીનવી લેઇને તેહની ભરે છે ફરી ।૧૯। સેાંઘેા મેહ જવાહ અરગજા ઉતમ લાવ્યા । તેહ લગાવે સહુને આનંદે મન ભાવ્યા ।૭૦। કેા કટી પટકેા બાંધીછે ચેાતે ખેંચીને । કેાએ પગના પેચને લહે છે ખેંચીને ।૭૧। વાજીંત્ર અનેક પ્રકાર તણા વાજે મન ભાવ્યા । આગ્રા મથુરા મહાવનથી લેઈને અણવાવ્યા ।૭૨। ઢેાલક પંચશબ્દા જુત વાજે એકત્ર થઇ । દક્ષીણના વાજીંત્રી નાચે થઈ સુખમઇ ।૭૩। તેહની સાથે ઝાઝ ઝાલરી ને ચહેનાઈ । સુરાવર્ત રાગ જે કરે તે અતી સુખદાઈ ।૭૪। તાલ પખાવજ આવજ ડફ ડમડમીયા ભેાલે । સારંગી સુર મધુરા કેાણ કરૂં સમતેાલે ।૭૫। નરગાના નીર્ઘેાષ ઢેાલકી પટક બાજે । મધ્યે મધ્યે મધુર નેફરીના સુર અતીસે રાજે ।૭૬। કેાએ વળડે છે બંસ કેાએ મુખચંગ સેાહાતા । એ રસને અનુમેાદને અતી ઉનમત મદમાતા ।૭૭। દીવસ પ્રહર ઉપર ગઈ રહ્યેા છે ઘટીકા ચાર । ખેલ આરંભ્યેા વાહાલાજીએ તેણીવાર ।૭૮। ગાન ધમાર તણુ ગાએ ઝીલણીએ કરી । એક ચરણ બહુવાર કહે છે ફરીફરી ।૭૯। વાજીંત્ર એકત્ર કરી તાલ તાન સાધીને । મધ્યે સુરાવર્તે ગાએ છે સુર સાધીને ।૮૦। કેા કેાઇની હાંસી કરી અસલીલ વચન ઉચારે । કેા કેાઇ તાલી પાડી તેહની સાથ પેાકારે ।૮૧। તેહવા ભટ તે હંસારૂ માંહે મેાહ અનેક । હાંસી અનેક પ્રકારની એક પ્રતિ કરે એક ।૮૨। કેા છીરકે કેશર રસ પીચકારી ભરી । પરસપરે તે ઉડાડે સનમુખ તાકે કરી ।૮૩। કેા છીરકે છે ગુલાલ ઓટ કર મુખ પર ઠેરૂં । કેા કર નીરવારી મરડે મુખ ઉપર લેઇ ।૮૪। ભરે નયણમાં રંગ સંગસંગી થઇ થઈ । લાચરમાં દુનાવે ને બાઢા ચીત દેઇ ।૮૫। પ્રાણપ્રભુની બાણ કહી શ્રીમુખથી પેાતે । છીરકે। અનેક ગુલાબ નયણમાં નવ આવે જોતે ।૮૬। કેા ગુલાલ જોલીઓ ભરી બેહુ પાસ ફરે છે । જેહના ઘટે ગુલાલ તેહના ફેંટ ભરે છે ।૮૭। ગેાટ ગુલાલ તણા ઉડે જોલીઓ ભરી । પીઠ પરવત સમ દીશે આવે છે ફરી ।૮૮। ઉડાડે છે અનેક અરૂણ રંગ અંબર છાહયેા । આછાહયેા છે ઉદયકર જાણે જાવક નાહયેા ।૮૯। દસે દીશા અરૂન અતી હવી ગુલાલ મઇ । નખશીખ અરૂણ રંગે પાગ્યું સહુ એકત્ર થઇ ।૯૦। રેતીમાં ગુલાલ ઘુંટણ લગી મચ્યેા એ મરીય । સર્વે ગુલાલ મઈ થઇ અને રહ્યું છે બણીય ।૯૧। ઉદઘેાષ પ્રગટ થયેા જાંહાં ત્યાંહાં ધામેધામ । જે જાંહાં તે ત્યાંહાંથી ધાયું સહુ મેહેલી કામ ।૯૨। એ કૌતીક દેખીને વીસ્મય થયા સહુ કેાઇ । અનુસંધાન રહીત દીગમુઢ રહ્યા છે જોઇ ।૯૩। એ કૌતીક કૌતીકય પ્રભુને છે અજ્ઞાત । આપ વીવસ થઈ એલે તેા કયાંથી હેાયે જ્ઞાત ।૯૪। એ કૌતીકે કૌતીક ભુલ્યા બીજા સહુ અન્ય । જગત કૃતારથી કૃત્ય કૌતીક સરવેાપર ધન્ય ।૯૫। પ્રમેય પ્રતાપ બલે જલહલતે રમે તે નીશંક । નીડર નીરંકુશ સ્વતઃ નહીં

કેહેની કાંઇ શંક ।૧૬૧। મહા રાસમાંથી મેં કહી છે વાનગી માત્ર । ભાગ્યવાન અનુભવસે જે છે એ રસપાત્ર ।૬૭। પરમ અપરમીતતાએ ખેલે ખેલ સુદેશ । અલ્પ બુધી અણુતર મતી કેમ કરી કહું વીશેષ ।૬૮। એ પ્રભુની લીલા કહેવા સામર્થ ન કહેનુ । સ્વતઃ કૃપા કરી આપ જણાવે જેહને તેહનુ ।૬૯। એણીપેરે જમુનાજી આદી એતદ જે સમાજ । તેહોના મનોરથ પુરવા સીધ કરીને કાજ ।૨૦૦। વલી જેહના જેહના મનોરથ પુરવા છે આપ । જેહને સ્વરૂપ સ્પર્શ વીન રહે છે અતી પરીતાપ ।૧। તેહના મનોરથ અનેક પ્રકારના અંતર જાણી । તેહની આરતે આરત અસહી મનમાં આણી ।૨। અહીં ખેલ ખેલ્યા છે સેન આરતી પરંજત । પરમ અમીત રસ વાધ્યો નહીં આવે કાંઇ પ્રાત ।૩। એણીપેરે ખેલ ખેલતા પધારે નીજધામ । ભાગ્યવાનને ભાગ્યે પુરણ કરવા કામ ।૪। ખેલતા ખેલ પ્રવેશ કર્યો ગોકુલ પુર ગલીએ । દ્વાર રહ્યા કેા અટાલીએ ચઢી નીરખે મન રલીએ ।૫। અસમાતી ગલીએ એ સમાજે કર્યો છે પ્રવેશ । વાહાલોજી ઉભંગ્યા રસ રાતા અનુપમ વેશ ।૬। પ્રથમ દ્વાર ગલીમાં પ્રાતની કઠેડા માંહે । કેા આગલ કેા પાછલ કાંહાં ને કેા કયાંહે ।૭। કેહેની આગલ તાલ પખાવજે ગાએ ગાન । કહેની આગલ પંચશબ્દે સુણીએ નહીં કાન ।૮। કેા આગલ સુરવેણુ સારંગીના સુર બેાલે । ગાએ રસીક ધમાર કેાણ કરીયે સમતોલે ।૯। કેા આગલ ઢોલક શહેનાઇ અને જે નફેરી । ગાન ધમાર ગાએ છે રસ ભેર ફેરીફેરી ।૧૦। એણીપેરે થેાક ગાન ગાએ છે રસાલ । ગલી ચાલ્યા જાએ કેની કેને ન સંભાલ ।૧૧। ઉડે અબીર ગુલાલ અરૂણ રંગ છાહી શેરી । માંહેાંમાંહે કેા કેહને શકે નહીં તે હેરી ।૧૨। અબીલ ગુલાલ તેલ કેશર રંગ મચી કીચ । ગલી સંપુંણ એણીપેરે ભરી તે મારગ વીચ ।૧૩। અહીં ભંડારની આગલ રહે એક ભાગ્યવાન । તેહને સ્વ રસે કર્યું છે અનીસે દાન ।૧૪। જે ઉભા નીજ દ્વારે શુભ શૃંગાર કરી । મનોરથ અનેક વીચારી અંતર ઉલટ ભરી ।૧૫। સખી એક બે સંગ તેમું કરી આવેાચ । ધરી ધીર તમેા રહેજો થાસેા માં કાંઇ પેાચ ।૧૬। એહ સમે આપણને વલતેા જડસે કહાંથી । ખેલતા આવે છે ત્યાંહાં રહેસું ભીડ માંહેંથી ।૧૭। ભીતર લઇ ભાવતે રસે શ્રીમુખ દેખીસું । એક છીણુનેા સંગમ એહેાનેા જુગ સમ લેખીસું ।૧૮। એમ તે મનમાં વીચારી ઉભા દ્વારે । અંતરગત અભીલાખ મનોરથ અનેક વીચારે ।૧૯। ભીડ તણી પરમીત નહીં આવે થઇ અલેખે । ગેાટ ગુલાલ તણામાં કેા કેને નવ દેખે ।૨૦। એણીપેરે પ્રાણપ્રભુ ખેલતા આવ્યા ત્યાંહાં । મનોરથ કરી ભગવદી દ્વારે ઉભા છે જ્યાંહાં ।૨૧। દ્રષ્ટે અવલેાકી અંતર અકુલાયા ઘણુ । પ્રેમ સહાએ કરી અને મેહેલ્યું લજ્યાપણુ ।૨૨। સુર થઇ સાહસ કરીને ધાઇ ગ્રહી બાંહે । મુખકાતા પધાર્યા તેહના નીજઘર માંહાં ।૨૩। એ સ્વરૂપ સંગે અંતરગતી અતી અભીરામી । અંતરમાં ન સમાયે રંક જેમ મહા નીધી પામી ।૨૪। સર્વે ભાવ ભાવતું એકાંતે લેઇ કીધું । પ્રતી અંગના મનોરથનુ તે ત્યાંહાં કારજ સીધુ ।૨૨૫। પરીરંભણ પરમાવીધી રસ સંતર્પણ કરી । રસ

રાખી પધાર્યા ત્યાંહાંથી વેગ ફરી ।૨૨૬। સમૃધ્ધી માંહેં આવીને ખેલતા ચાલ્યા અહીં । ખેલ અપરમીતમાં કેણે જાણ્યુ નહિં ।૨૭। ખેલતા ખેલતા આવ્યા શ્રી નાથજીના મંદીર માંહાં । ખેલ અપરમીત વાધ્યો આવીને તે ત્યાંહાં ।૨૮। વલી ગુલાલ મંગાવ્યો વેંચાતો જહાં ત્યાંહાંથી । ભંડારે ને દુકાને એવડું મલે તે કાંહાંથી ।૨૯। ખેલ મચ્યો સુખરાસ મગ્નતા કહી નવ જાએ । અનેક અનુપમ ભાંતે ઉમંગ ન અંગ સમાએ ।૩૦। તેહવા એ વાજીંત્ર ને તેહવું ગાન સુદેશ । તેહવા પોતે ખેલે સુંદર પરમ વરેશ ।૩૧। એ ઉદઘોષ સુણીને વહુ બેટી સહુ ઘરના । ચઢ્યા અટાલીએ કૌતીક જોવા વલ્લભ વરના ।૩૨। છજા અટારી મુંડેરીએ ભીડ થઇ અતી ઘણી । પુરૂષ ન પરમીત થાએ અને મૃગનયણી તણી ।૩૩। તે દીગમુઢ થયા નીરખે રૂદયારૂઢ કરીને । ઉર અંતર ન સમાયે આવે છે ભરી ભરીને ।૩૪। જોઇ જોઇ એમ વીચારે તે પોતાના મન માંહાં । એ શું સહુ સાચું છે કે દેખુ છું સ્વપન્ના માંહાં ।૩૫। શ્રી નાથજીને પોઢાડવાનુ તે સુરતે નવ આણ્યું । ઘનશ્યામજી નાહયા તે પોતે વલતું જાણ્યું ।૩૬। જાણીને ખેંચી આણ્યા તે ખેલ મંઝાર । વલતો ખેલ તણો કીધો છે બહુ વીસ્તાર ।૩૭। વલી ગુલાલ ખુટયું પોતાના ફેંટા માંહાં । વૈશ્નવનું છીનવીને સાહી તેની બાંહય ।૩૮। તે ના કહી નાઠો ત્યાંહાં બોલ્યા શ્રીગોપાલ । એ તો સખા હમારો યાંસું કર્યું કરત ઝંઝાલ ।૩૯। ત્યારે દાનતરાય તે વૈશ્નવ પર ખીજ્યા । જથારથ જ્ઞાતા પ્રભુ તેહને ભાવે રીજ્યા ।૪૦। દાનતરાયને કહયું તુમ અપનો કયું ન મંગાયો । ઘર ભંડાર નગર માંહોં જહાં જેસો પાયો ।૪૧। વલતા વલી માણસ પઠવી જોવાડયું શહેર । ભંડારે ભંડાર હાટે હાટ અને ઘરેઘર ।૪૨। જેમ જેણીપેરે કરી ગુલાલ જડયું જે જહાંથી । તેમ તેણીપેરે કરીને શોધી લાવ્યા ત્યાંહાંથી ।૪૩। સીધ કર્યું શત મણ ગુલાલ સહુ દીનને કાજ । તે ગુલાલ એ ખેલમાં તે ખરચાયું આજ ।૪૪। તે કરતા ભંડાર ભંડારથી શોધી આણ્યુ । હાટ થકી વેંચાતુ ને વલી જહાં ત્યાંહાંથી આણ્યુ ।૪૫। એમ કરતા ગુલાલ મણ એકસો ને પચવીસ । ખરચાયુ અભીનવ આનંદે તેણે દીવસ ।૪૬। એહવો ખેલ અપરમીત કહેતા પરમીત નાવે । અંતરમાં આનંદીત નયણે દીઠો ભાવે ।૪૭। નયણને સંપુર્ણ જોવા સામર્થ નહીં । રૂદયને એ લીલા સાંચ્યાનુ સામર્થ કહાં ।૪૮। મન સંકલ્પ વીકલ્પ કરે એ લીલા જોઇ । બુધી જ્ઞાને વીચારે પાર ન પામે કોઇ ।૪૯। ચીત ચૈતન્યપણે તે સ્ફુરે નહીં પોતાપણુ । અહંકાર અહંતા મમતાનુ સામર્થ નહીં અણુ ।૫૦। અનુભવ કરતા માંહેં સુરતીને સામર્થ કયાંનુ । રસનાને સામર્થ કયાં કહેવા એ રસ માંહાંનુ ।૫૧। એ કહેવા સામર્થ નહીં મારૂં એક અણુ । સાદરને ભુલે જાંહાં જોઇ અને પોતાપણુ ।૫૨। તો હું કયાંહાં લગી કહું હું એહનો કરી વીસ્તાર । કહેવાનુ સામર્થ કોઇ નવ પામે પાર ।૫૩। એમ આનંદીત થઇને અતીસે ખેલ્યા ખેલ । પ્રહર દોઢ નીશી વીતી થઇ છે રસની રેલ ।૫૪। વલતા રસ ભરીયા આનંદ ભરીયા સુખ ભરી । સર્વાંગે તે ગુલાલ ભર્યા ત્યાંહાંથી પરવરી ।૨૫૫। વીદાય

કર્યા વાજીંત્રી ને કીરતનીયા જેહ । ભાઇ ભટ બીજા સહુ બોલાવ્યા તેહ ।૨૫૬। રસમસીયા હુલસીયા પોતે બેઠકે આવ્યા । ભગવદી જુથ સમાજ સહીત સહુને મન ભાવ્યા ।૫૭। ચલણ વલણ લટકે તે ગુલાલ જરે જાંહા ત્યાંહાં । સર્વે ગુલાલ મઇ થઇ રહયા રસ માંહાં ।૫૮। શ્રમીત સુખાનંદે બેઠા છે ગાદી તકીએ । તેહ સમેની શોભા રૂપ તે કેમ કહી શકીએ ।૫૯। ભગવદી ઉભા છે સનમુખ મહા ભાગ્યવાન । જેહને કેવલ સ્વરૂપ રસે કીધું છે દાન ।૬૦। વાત્સલ્ય રસ પુરા સુરા છે સ્નેહે કરી । નીશદીન એહ સ્વરૂપની આરત રહે ઉર ભરી ।૬૧। તેણે એ સમે એ જોઇ જોઇને એહ સ્વરૂપ । આરતી ઓવારે છે અલૌકીક પરમ અનુપ ।૬૨। અંગ રૂપણી થાલ અલૌકીક કંચન મઇ । ભાવ રૂપી કરે કરી ઉભા સનમુખ લઈ ।૬૩। અતી અનુરાગ કુમકુમનુ તે તીલક દીધું ભાલે । હીલગ લગની તાંદુલ ચોઢયા છે ભાવ રસાલે ।૬૪। મન બુધ્ધી ચીત ને અંતઃકરણ એ ચારે ચાર । ઇંડીપીંડી વારી વારી વારંવાર ।૬૫। નેત્ર રૂપી કુસુમે તે વધાવ્યા ફરીફરી । આત્મા ને આત્મી બેહુ બીડા કરમાં ધરી ।૬૬। રૂદય રૂપી આરતી માંહેં પ્રેમરૂપી પ્રકાશ । કરી ઉદ્યોત આનંદે ધરી અંતર રસ આશ ।૬૭। પ્રતીઅંગ સહીત વારી શ્રીમુખ પર ફેરી । એણીપેરે આરતી પ્રતીક્ષણ વારે મુખડું હેરી ।૬૮। નયણ તણા અભીરામને લેઇ નયણમાં રાખી । દે આશીષ ભાવતી અંતર હીત અભીલાખી ।૬૯। વલતા વાગો ઉતારી પોતે દેહ કૃત્ય કરી । સેજ્યાએ સુખસું પોઢી અને ઉઠયા ફરી ।૭૦। એણીપેરે દાનતરાયે ખેલાવ્યા વસંત ભરી । પ્રતીદીન નૌતન નૌતન સુખનો મનોરથ કરી ।૭૧। એહવી ઉથાપને નીત્ય નૌતન લીલા કરે । લીલા અનુભવી પાત્રની સર્વે આરત હરે ।૭૨। આગલ કહું પ્રફુલ્લીત માલા તણો વીવેક । ભગવદી બેઠકમાં બેસી કરે અનેક ।૭૩। તેહ વીસદ કરી કહેસું એક સુચન માત્ર । દાસ ગોપાલ કહે સંભાલજો અનુભવી પાત્ર ।૨૭૪।

ઇતીશ્રી સ્વરૂપ રસાવલી ગ્રથનું વ્યારાના ગોપાલદાસ વિરચીતં
ઉથાપન વસંત લીલા દાનતરાયની સેવા
માંગલ્ય – ૧૬ – સમાપ્ત

માંગલ્ય ૧૭ મું

ઉથાપને પુષ્પ ગુંથાય છે તે પ્રસંગ

રાગ : આવો ગૌરી આવો શામળી

શ્રી વીઠલ સુત સોહામણો પરમ મોહામણો દીસેજી
આનંદનું રે આલય સદા જોઇ હૈયલડું હીસેજી ।૧।
સુખ તણો સાગર સર્વદા મોઢે મુદીત દીસે નીત્યજી
ઉલટનો રે ઉદય કર ઉલટ ભર ભર્યું ચીતજી ।૨।
ઉદારતાની અવધી વીધી પ્રેમની કહી ન જાએજી
રસનો રસીક વર ભોકતા તે રસ વીસદ ન થાયેજી ।૩।
પ્રેમના પારખુ પ્રતીનીતે પ્રેમ દાન દાતા આપજી
વીમયોગને વીવસ કરીને તે હારક પરીતાપજી ।૪।
ઉછવ રૂપ સ્વરૂપ અને વલી રસ તણુ રૂપજી
પ્રગટ પ્રસન્નતા વીલસતી દેખીએ પરમ અનુપજી ।૫।
કરૂણા સમુદ્ર દયા ભર કૃપા તણો નહીં પારજી
રક્ષક પક્ષક સર્વદા અવલંબીયાનો આધારજી ।૬।
ભકતનું જીવન ધન અને ભકતનુ સર્વે સારજી
મંગલ રૂપ સ્વરૂપ એ ભકતના નેત્રનો શ્રંગારજી ।૭।
અખીલ બ્રહ્માંડ અલોકીકનું જે સારાંશ છે રસમઇજી
તેહને જોઇ ઉથાપને બેઠા છે પ્રહસીત થઇજી ।૮।
ભાંત ભાંતની લીલા કરે કારણમઇ અનેકજી
પ્રગટમાં ગુઢ આસય ઘણા વીસદ ન થાએ તે વીવેકજી ।૯।
કાંઇ એક બુધ્ધી અનુસારે અનુભવે અનુભવી જેહજી
કહી આવ્યો કરૂણા બલે સુચનીકા માત્ર તેહજી ।૧૦।
મહેદના મહેદ અનુગ્રહે આગલ કહું કાંઇ વીસ્તારજી
આંગણમાં ભગવદી કરે છે કાંઇ પુષ્પના હારજી ।૧૧।
ગાદી ને તકીએ ગોકુલ ઘણી ઘણી ભાંત રસ ભર્યાજી
બેઠા છે આનંદમઇ ભગવદી જુથે પરવર્યાજી ।૧૨।
ઉથાપનેથી આરંભ કરી પ્રભુને પોઢયા લગી જેહજી
માંહેંથી લીલા કહેવાસે મધ્યે મધ્યે સુચનીકાએ એહજી ।૧૩।
નીમીતે નીમીત દેખાડે છે અંતરની ઓટ ધરીજી
સ્વકીયને શીક્ષા નીમીતે કરે છે તે એણીપેરે કરીજી ।૧૪।
સ્વરૂપથી ન્યારા નીરોધ છે વરૂણ ન્યારૂ કીધું જેહનુજી
જે જેણે ઠામ પ્રોજ્યા ત્યાંહાં નીરંતર મન રહે તેહનુજી ।૧૫।
જદપી પ્રમેય પ્રાગટ જલહલતું દીઠું ને અનુભવીયુજી
તદપી બાહાલ્ય દુરાવીને તેહને તેહજ ગંભીયુજી ।૧૬।

ને જે કેવલ સ્વરૂપે કરી સ્વતઃ વર્યા છે જે નીજ કામજી
તેહ સ્વરૂપાશ્રયતે નીરંતર રહે ને સ્વરૂપેજ તેહને વીશ્રામજી ।૧૬।
એમ ભેદા ભેદા અનેક છે કોએ ન સમજે તે મર્મજી
તે માંહેં સેવા રૂપી પ્રગટ કર્યો ઓટે તે ધર્મજી ।૧૭।
પોતે મોટા તેથી અધીક મોટી કરી ઓટ તે ઘણુજી
સ્વામીત ભાવે વાત્સલ્યય દેખાડવા કર્યું તેહો તણુજી ।૧૮।
એણી યુક્તવણીએ ભુલ્યા જે સ્વરૂપ નીરોધીથી અલગાજી
બાહાજય અનુકર્યું જોઇને સાધન હીત ત્યાંહાં વલગ્યાજી ।૧૯।
સ્વરૂપે નીરોધીયા બોધવ્યા રૂપે જે પરમ દયાલજી
એહ સ્વરૂપની માધુરી ચાખી છે જેણે બહુ કાલજી ।૨૦।
ને એ યુક્તવણે ભુલે નહીં વેધી સ્વરૂપના બાણજી
જેણે સર્વાત્માનાએ કરી અહીં સમર્પ્યા છે પ્રાણજી ।૨૧।
એહ વીસદ કરી શું કહું કહે ન સમજે કોઇ ભોદજી
કૃપા રૂપી એ સાધને કરી એ છે અનુભવીક વેદ્યજી ।૨૨।
નીજ રસે નીજ સેવા કરવાવા સર્જ કર્યું છે જ્ઞાતજી
સ્વરૂપ સબંધીયા તે લહે વરણ ભેદીને છે એ અજ્ઞાતજી ।૨૩।
તેહ નીમીત મંડલી અને કુલ આવે છે કુલે કરીજી
બાગમાંથી એ બગવદી સમુહ લાવે છે કરંડીયા ભરીજી ।૨૪।
પ્રથમ પ્રાણપ્રભુ પોતે પધારે તે કુલને કાજજી
સાથે તે સ્ત્રી પુરૂષ કરી શ્રીંગાર અનેક સમાજજી ।૨૫।
કરંડીયા કટીમું બાંધી અને કુલ વીણે તે કુલે કરીજી
હાસ્ય વીનોદ વીવીધ હોએ અનુભવી અનુભવે રસ ભરીજી ।૨૬।
કુંજ એકાંતમાં મનોરથ અનેકનાં પુરણ થાએજી
સંકેત કરી સૌભાગીયા તેહ મનોરથે ત્યાંહાં જાએજી ।૨૭।
સામગ્રી ભોગ બીડા બહુ શીતલ જલ પણા સારજી
વીનીયોગ આવે પ્રભુને એમ હોય અનેક પ્રકારજી ।૨૮।
મહા ભાગ્યવાનને ભાગ્યે કરી એ સમે અનુભવ્યો મહા સારજી
બુધી વાણીએ અગોચર થાએ નહીં તે વીસ્તારજી ।૨૯।
તે માટે અનુભવે અનુભવ્યું તેહ સુચન કીધું અહીંજી
ઉક્ત યુક્તે ને ભાવે કરી લખવાનું સામર્થ નહીંજી ।૩૦।
બગવદી ભાવ ભેદે કરી બાગમાં કુલને તે જાએજી
કોઇ એ સેવા પુરષારથ માનીને અંગમાં ન માએજી ।૩૧।
કોઇ દર્શન તણા લોભીયા દર્શનમાં અંતરાય તે જાણીજી
લેઇ પ્રસાદ વેગ જઇ કુલ લાવે મને એમ આણેજી ।૩૨।
કોએ ઉથાપન પહેલા જઇને કરંડીયા ભરી ભરીજી
દર્શન સમય ઉભા રહે આવીને વેગ તે ફરીજી ।૩૩।

કોને ઉથાપને આવ્યા છે દર્શને વેગા તે થઇજી
કુલના કાજ પરાયણ તેહને જાએ છે લઇજી ૧૩૪।
ચાલો ચાલો કરી બોલે છે ગાઢ ઉચાર તે કરીજી
વાહાલોજી તે સાંભલીને એહો સનમુખ જુએ તે ફરીજી ૧૩૫।
પ્રભુનુ અંકીત લેઇ તેહ સમે સર્વ જાએ નરનારજી
કોઇ સીધ કુલ હોય તે ભરીને લાવે તેણીવારજી ૧૩૬।
કોએ સાતવીક દર્શન કરીને સહેજ જાએ ત્યાંહાંજી
કુલના કાજથી પોંચીને સર્વ લઇ આવે આંહાંજી ૧૩૭।
કોએ આનાકાની કરીને ફરી આવે છે દર્શન કાજજી
કોએ તેડયાના ઘણીસું વીનય કરી રહે મેલીને લાજજી ૧૩૮।
કોએ આવ્યા કુલ વીણીને કોઇ તે વીણવા જાએજી
કો બેઠા દર્શન કરે ઉલટ અંગ ન માએજી ૧૩૯।
કોઇ દરસ રસ સ્વારથી પ્રારથીને રહે અહીંયજી
છાબો આણી આણીને ધરે સનમુખે બેઠક મહીંયજી ૧૪૦।
બેઠકનુ તે આંગણુ સહુ છાબસું રહયું છે છાઇજી
તે કરતા તે તીબારીમાં ધરી જે અહીં ન સમાઇજી ૧૪૧।
મુઇ સહસ્ત્રા વીધી સારની નલીયે ભરી ભરી ધરીજી
થોકે થોક ઢોસા સહીત મુકી છે તે સીધ કરીજી ૧૪૨।
છાબો છીરકી જલસું અને મધ્યે તે કુલની ઢેરીજી
વસ્ત્રના ટુક ભીંજવી અને ઢાંકયા તે ઉપર ફેરીજી ૧૪૩।
ઉંચી તે ચોડી ઉપર કરવડા જલસું ભરીજી
પરનાલા દીશે કર ક્ષાલવા મુકયો તે સીધ કરીજી ૧૪૪।
કરવા છેટા જલ ભરી અને મધ્યે મધ્યે રાખ્યા છે કરી સાજજી
છાબે છાબે કુલ છીરકવા સહુ કેને આવસે કાજજી ૧૪૫।
પરમ રસીલા સૌભાગીયા સૌભાગ્ય રસે પાગ્યાજી
દરશ ભેટી દરશા રતી અહરનીશ રહે અનુરાગ્યાજી ૧૪૬।
તેહ આપાપણે ઘેરથી શ્રંગાર શુભ વસ્ત્ર પહેરીજી
ભોજન ઉનમત સહીત સુવાસની ઉઠી છે લહેરીજી ૧૪૭।
ધસમસ્યા ધાયા ઉતાવલા ઉથાપન થકી વહેલાજી
તે પ્રસંગ પાછલને માંગલ્યે કહી આવ્યા પહેલાજી ૧૪૮।
તે આવી આવી છાબે બેઠા છે તે કુલને કાજજી
પોતા પોતાની બાનક જુત કરી કરીને સાજજી ૧૪૯।
પહેલા આવી છાબો રોકે છે જહાં બેઠા થકી દર્શન થાએજી
ને વલી શ્રીમુખ વચનની માધુરી તે સમજાયજી ૧૫૦।
મલતીપાણે મલી મલીને બેસે છે છાબે તે ફીરતાજી
શ્રીમુખ નીરખે છે ભાવસું એહીપેરે થઇ અનુસરતાજી ૧૫૧।

વલી કોઇ મલતીપાણનુ આવે તેહને તેડે પાસજી
આણીને નીકટ બેસાડે છે પોતે તે કરી અવકાશજી ।૫૨।
કરવાસું કર ક્ષાલીને આવે તે બેસતા જાએજી
શ્રીમુખ સુખે અવીલોકીને આનંદે ઉરમાં ન સમાએજી ।૫૩।
એણીપેરે અનેક છાબે સહુ ભગવદી બેઠા તે ફરીજી
દર્શનના અવકાશમાં ફુલ ગુંથે છે ફરીફરીજી ।૫૪।
જેહને જહાં બન્યુ અને જે છાબ પામ્યા છે ત્યાંહાંજી
તે તેણી છાબે બેસી ગયા આવી આવીને ત્યાંહાંજી ।૫૫।
વાહાલાજીનુ વદનાંબુજ જોઇ જોઈ આરત હરવાજી
પુરૂષ પુરૂષ બેસે એકઠા છાબે માલા કરવાજી ।૫૬।
છાબો તીબારીમાં વાહાલાજીને સનમુખ જેહજી
ત્યાંહાં બેઠા છે સૌભાગ્યા ભાગ્યે પુરા છે તેહજી ।૫૬।
તેહ શ્રીમુખ જુએ રસ ભર્યા પોતાનું માનીને ભાગજી
ભાગ્યને ગણતા નથી સ્વરૂપ સોહાગ તણે અનુરાગજી ।૫૭।
જીવને ભાગ્યે કરી અને એહ સ્વરૂપને કયાં દેખેજી
એહોની સાધન રહીત કૃપા બલે એહોને પેખેજી ।૫૮।
દર્શન કરે ભાગ્યે કરી ભાગ્ય થાએ છે અતિ પુષ્ટજી
પ્રતિક્ષણે ભાગ્યની વૃદ્ધી જેમ જમે દર્શનની હોએ વૃષ્ટીજી ।૫૯।
એવા સૌભાગીયા ભાગ્યને માની માની કહે ધન્યજી
એ ભાગ્યની રતી જેહવી નહીં કહીં અણુ એ અન્યજી ।૬૦।
મહેદને ભાગ્યે તે ભાગ્ય વીસ્તર્યા સર્વત્ર સ્વકીયજી
એહ સ્વરૂપનું એણીપેરે દર્શન હોય છે તેહ થકીયજી ।૬૩।
એહ બેઠા ઉનમત રસે સૌભાગ્યને મદ માતાજી
નીરપેક્ષ સાધન ફલ થકી સ્વરૂપ રસે રહે રાતાજી ।૬૪।
નેહ નીરંતર નાહસું અતી ઉમાહે તે ભરીયાજી
માહાતમ રહીત મહા રસે પ્રમોદે એ પરવરીયાજી ।૬૫।
એણે કલીયો ઉછાલી દુરાવીને સનમુખ નાખીજી
શ્રીઅંગે રૂદય પર થઇ તેના સ્વકીય છે સાખીજી ।૬૬।
ફુલની કલી સ્પર્શે થકી પ્રભુજી ચોંકીને ઉઠયાજી
એહ રૂખાઇસું જોઈ રહયા અંતર આનંદે ત્રુઠયાજી ।૬૭।
હારંદ્ર લઇ અહીં તણુ શીષ સેને કર્યો સતકારજી
નયણમાં રસ તે જણાવીયો કર્યો ન શ્રીમુખથી ઉચારજી ।૬૮।
ઐકયતા એહવી કરાવી પ્રભુજીએ પોતાને સામર્થજી
અહીં સાધન ફલ મહાતમનો શો વીચારીએ અર્થજી ।૬૯।
વલી ભાગ્યવાન મુગટમણી બાંઇ દીશે બેઠા પાસજી
જેહના ધર્મ ધર્મીથી થાએ નહીં તે પ્રકાશજી ।૭૦।

પાસેનાને કહી તાકીને તેહેા પર નાખી કલીજી
ચાંકી ઉઠી મુસકાઈને જોઇ રહયા મન રલીજી ।૭૧।
એ અનુભવને અનુભવીને કયું છે અનુભવ સીખજી
એ લહે નીકટના અનુભવી કે મનવૃત લહે મહા નીધજી ।૭૨।
એમ કહીયેા તે પરસપર કેા કેાઈ નાખે છે અતીસે દુરાવીજી
તાકી તાકી રસ ભાવે તે ઉપર પડે છે આવીજી ।૭૩।
ગેાપ્યતાએ મુસકાઈને તેહ સામું જુએ તેહજી
સેનમાં સવેર સુચન કરે ધરી અંતરમાં નેહજી ।૭૪।
સેાચેા ભરી ભરી કુલસું ને તે ઉતારે દેારા માંહાંજી
વલતા પરસપર ગાંઠીને એકત્ર કરે છે ત્યાંહાંજી ।૭૫।
કેાએ તે હાર લેઇ સર્વના એકત્ર કરેજી
લાવી લાવી જલે છીરકીને તે ન્યારી છાબેામાં તે ભરેજી ।૭૬।
કેાએ કરંડીયા કુસુમ તણા સઘલે ઠામે લેઇ ફરેજી
જેહની છાબ ઠાલી હેાએ તેમાં લઇ ભરેજી ।૭૭।
કેાએ છાબે છીરકે છે છીંટ તે કરવેથી જલ લેઇ લેઇજી
કેાએ પરેાવે છે કુલ સેાયમાં મન દેઇ દેઇજી ।૭૮।
કેાએ શ્રીમુખ સુખ જોઇ રહ્યા કુલની રહી નહીં સંભાલજી
સુઇ સૌભાગીની એમ રહી છાબમાં રહી માલજી ।૭૯।
કેાઇના કરમાં પુષ્પ ને બીજે કરે સુઇ સેાડેજી
પરેાતા પરેાતા એ એમજ રહયા વાહાલાજીનું મુખ જોઇજી ।૮૦।
કેને તે કુલ ગુંથ્યા તણી બાણુ છે નહીં તે કહીંએજી
નીધરક દર્શનને હીતે આવીને બેઠા છે આંહીંજી ।૮૧।
કેમ કેમ કલી પરેાવે ને જોએ છે વાહાલાને ત્યાંહાંજી
અલભ્ય લાભ મનમાં લહે કહે એ સુખ કાંહાંજી ।૮૨।
ટગર ટગર કેા જોઇ રહયા એક ટકે ટક નહીં મટકેજી
કેાએ છે કાજ પરાયણ વેગા થાએા કહી હટકેજી ।૮૩।
કેાઇને વેગ કરે ઘણેા જેહને કીધાની નીત્યની બાણુજી
કેાએ બેઠા છે કારણ જુત બાપડા શું લહે તે અજાણુજી ।૮૪।
કેા એ સ્વરૂપની માધુરી રૂપ સરાહીને મન માંહાંજી
ભાવ સમાન સખીને કાને લાગી કરે ત્યાંહાંજી ।૮૫।
ઉભય રીઝી મુસકાઈને વાત કરે સેને કરીજી
અંતર અતીસે ઉલટ ભર્યા શ્રીમુખ જુએ છે ફરીફરીજી ।૮૬।
કેા વચનામૃત સાંભલી તેહનુ કરી અનુમેાદજી
પરસપરે મુસકાઈને મનમાં ઉપજે છે મેાદજી ।૮૭।
સર્વ ઇન્દ્રીયને રસ ભર્યા ન્યારા છે તે કાજજી
કાજ વીના મન જુત ઇંદ્રીય સહુ સર્વથા છે નીકાજજી ।૮૮।

નેત્રને શ્રીમુખ નીરખવુ નાસીકા મકરંદે માતીજી
શ્રવણ સુણે મુખ માધુરી રસના રસીક વચને રસ રાતીજી ।૮૯।
મન છે તે પ્રેમનુ પાત્ર જેહમાં સ્વરૂપે કર્યો છે નીવાસજી
એ સ્વરૂપને લેઇ રહ્યું એ સર્વસ્વ અને એહની છે આશજી ।૯૦।
સર્વ ઇંદ્રીયના ભોગ્ય વરેસ છે એહ સ્વરૂપજી
અંતર બાહાજ્ય રમણે કરી અલગું ન થાએ એહનુ રૂપજી ।૯૧।
રૂદય રૂપી આરસીમાં પ્રતીબીંબ પ્રતીક્ષણુ નીરખેજી
નેત્રમાં રૂપ નીરૂપમ ઝલકતું જોઇ મન હરખેજી ।૯૨।
અંતર નયણ અંતર જુએ બાહાજ્ય નયણમાં મન પેખેજી
એણીપેરે સ્વરૂપસું પાગ્યા પલક ન રહે બીન દેખેજી ।૯૩।
એણીપેરે સ્વરૂપ સંજોગીયા ભોગીયા ભોગ વરેસજી
રૂપ રસે અનુરાગીયા પાગીયા પ્રેમ સુદેશજી ।૯૪।
કાજ મીસે સહુ લજ્યા મેહેલીને નીરખે છે નાહજી
બેઠા છે બની બનીને ઘણી ભાંતે કરી ઉમાહજી ।૯૫।
એહવે કો પરદેશી રાજસી આવે છે દર્શન કાજજી
ભૌચક થઇ રહે તેહ જોઇને એહ સમાજજી ।૯૬।
માંહોં માંહોં એમ બોલે ન તોલે કોએ રાજધાનીજી
આવડી માલણ એહો ઘરે કાજ કરે હીત માનીજી ।૯૭।
આવા ભુષણ આવા વસ્ત્ર ને આવી સુંદર અતી ઘણુજી
એહવી જહાં નીત સેવા કરે શું કહીએ તે વૈભવ તણુજી ।૯૮।
એમ કો આશ્ચર્ય થઇ રહે એ પ્રતાપને જોઇજી
કોએ વીસ્મય તે થઇ રહે કોઇ રહે છે તે મોહીજી ।૯૯।
કેહેને મન તે આવે નહીં વાત એ વૈભવ તણીજી
કહે છે જે એ કોણ વૈભવ એ છે ગોકુલ કેરો ધણીયજી ।૧૦૦।
એહવે અનેક પ્રકારે અનેક ભાવે ભર્યા ત્યાંહાંજી
ફુલે તે ફુલ ભરે છે છે પ્રફુલીત થઇ મન માંહાંજી ।૧।
જાંહાં ત્યાંહાં મૃગનયણીના જુથની આવલી દીસેજી
મકરંદે મંદીર મહમહી રહયું તે જોઇ હૈયલડું હીસેજી ।૨।
વીકસીત કલીનો જે પ્રથમ પરાગ તે છે મહા સારજી
ભકતને પ્રેમ પરાગે તે તેહનો કર્યો અંગીકારજી ।૩।
અગ્રભોગી ભોગ્યવરને તે પ્રથમ આણે વીનીયોગજી
ભકતનો સ્નેહ સ્વરૂપમઇ તે લેઇ કરવાવે ભોગજી ।૪।
ઉછવ અનુપમ થઈ રહયો મંડપ ગહગહયો રાજેજી
ઉપમાં એહને દીજીએ પણ દેતા મન લાજેજી ।૫।
ઉપમાં એહની એહને એહ સરખું એહ ભાસેજી
અલૌકીક છે પ્રમાણથી સમજયો ન જાએ તે આસેજી ।૧૦૬।

એકજ એહ ચરીત્રમાં વીચીત્રતાનો નહીં પારજી
એમાં કેહેની ગમ્ય નહીં ને તે થાએ નહીં વીસ્તારજી ।૧૦૭।
એણીપેરે કુલની રીતુમાં કુલનો હોએ છે તે પ્રસંગજી
પહેલા ઉથાપન થકી તે પોઢયા પરજંતે મહા રંગજી ।૮।
એક આવ્યા એક બેઠા ને એક તે કાજને ઘેર જાએજી
કુલ કરે છે કુલ્યા થકી ઉલટ અંગ ન માએજી ।૯।
એમ કરતા તે સંધ્યા હોએ દીપક પ્રગટે છે તે અનેકજી
છાએ છાએ દીવી ન્યારીયો કાંહાં લગી કહું તે વીવેકજી ।૧૦।
અલૌકીક દીપની માલીકા પ્રગટ રહી જલહલીજી
બેઠકની શોભા સોહતી તેમાં એ શોભા ભળીયજી ।૧૧।
દીપક જ્યોત ઉદ્યોત તે કરે છે કુલના હારજી
મુદીત થઈને શ્રીમુખ જુએ ઉમંગ ભર્યા નરનારજી ।૧૨।
તેલ સેજ્યાએ પોઢે પ્રભુ પોતે તીબારીમાં જ્યારેજી
કે કોઠાની ભીતર સુખદ રીતુમાં ત્યાંહાં પોઢે ત્યારેજી ।૧૩।
કુલ આંગણુમાં ને તીબારીમાં થાએ તે અનેક પ્રકારજી
મહા ભાગ્યવાન સૌભાગીની ભીડ તણો નહીં પારજી ।૧૪।
બડી સેજ્યાએ બેઠા લગી કુલ થાએ છે બહુ ભાંતજી
તેહ સમેને હું શું કહું સોહતી શોભાની પાંતજી ।૧૫।
એહવા માંહે કોએ ભીન્નના ઘર તણા કુલ તે આવેજી
વીનતી કરે મહાપ્રભુને દીનતા કરે તે ભાવેજી ।૧૬।
અમુક બાલકે એમ કહાવ્યું છે કુલ થાએ તે ઘણાજી
અમારે વૈભવ સૌકર્જ નથી કુલ કરવાને તે અણુયજી ।૧૭।
રાજ આજ્ઞા આપો ભકતને તો કુલ થાએ તે સીધજી
નહીંતર એમજ વૃથા થાસે ત્યારે બોલ્યા મહાનીધજી ।૧૮।
આપણા કુલ એમજ રહો એ કરી આપો તે પહેલાજી
સર્વકો કાજમાં થકી એ કાજે વલગ્યા તે વહેલાજી ।૧૯।
ઘડી એકમાં સહુ સીધ કરી તેહને સોંપ્યા તે હારજી
અગણીત શ્રષ્ટી આંહાં ભરી કરતા શી લાગે વારજી ।૨૦।
કોક સમે પોઢવા કાજને ઘણી થાએ છે તે અવારજી
અગણીત શ્રષ્ટી વેગા કરે પણ કુલનો ન આવે પારજી ।૨૧।
આવે ગુલાબના કુલ તે ટોકરા ભરી ભરીજી
તેહની મંડલી કરે છે ને માલા આપે કરીજી ।૨૨।
ઘેર ચુઆવે ગુલાબ ને પાક ગુલાબ તે થાએજી
ભગવદી ભોગ ઉપયોગને માગી લેઈ જાએજી ।૨૩।
એણીપેરે કુલમંડલી અને ઘણી ભાંત થાએ કુલજી
સમતા શોભા કેહેની દીજીએ ને કહેની કરીએ સમતુલજી ।૧૨૪।

એ લીલા એણે પ્રાગટયે પ્રગટ કરી કરી દેખાડીજી
અન્યને એમાં ગમ્ય નહીં ભકતને આનંદ પમાડીજી ।૧૨૫।
પોતાની ઇચ્છાએ સ્વતઃથી પ્રાગટ એહવું સારજી
એહવી સ્વતઃ કૃપા કરી ભકતના ભાગ્ય કર્યા વીસતારજી ।૧૨૬।
એ લીલામાં અનેકના મનોરથ થાએ છે પુર્ણજી
અનેક પ્રકારની આરત ભકતની કરે છે ચુર્ણજી ।૧૨૭।
જીવને મનોરથ એ કહાં જીવ એ મનોરથને શું જાણેજી
સ્વરૂપ સબંધીયા મનોરથ તે મનમાં કેમ આણેજી ।૧૨૮।
સ્વરૂપ સબંધીઆ મનોરથ જીવને પોતેથી પ્રગટાવેજી
તે મનોરથ તણે અંતઃકરણે છે પોતાને મન ભાવેજી ।૧૨૯।
જીવનુ સામર્થ કયાંથી જે એહ સ્વરૂપને જાણેજી
મહેહ મહા રસ ભોગીયા સહુ કર્યું ને તેહોની કાણેજી ।૧૩૦।
પ્રાણપ્રભુજી પ્રસન્ન થયા બેઠા છે આનંદે ભરીયાજી
આનંદદાઈની સૃષ્ટી સમુહમાં પરવરીયાજી ।૧૩૧।
વારતા અનેક પ્રકારની મોહ પ્રગટ કરેજી
એક એક વચનની માધુરી સ્વકીયને રસમાં ભરેજી ।૧૩૨।
કુલભાગની સેવાની વારતા ચાલે છે ઘણીજી
રસ લપેટી રસ વાધવા કરે છે અતી સોહામણીજી ।૧૩૩।
જેમાં ભકતના ભાવ અનેકનુ હોએ સમાધાનજી
સતકાર વચન રસે કરે સેને કરે સનમાનજી ।૧૩૪।
એહવી લોકોતરી લીલા એ ભકતસું કરે છે મલીજી
આનંદ ભરી પ્રેમ ભરી રસ ભરી રસમાં સંવલીજી ।૧૩૫।
એહવે સંધ્યા આરતીનો સમય થયો ભીતર જયારેજી
કોએક ક્ષણ આગલ થકી ઉઠવા સીધ થયા ત્યારેજી ।૧૩૭।
ગડુઓ ભર્યાની આજ્ઞા કરી તે પહેલા ત્યાંહાં રાખ્યો છે ભરીજી
મહારાજ ઉઠીએ સીધ છે એમ વીનતી કરી ફરીજી ।૧૩૮।
અંબોડો સીથીલ થયો તેહ પોતે છોડી વાલ્યો ફરીજી
ધોતીના કસણા ઉકસીને કસીયા તે ભાંત અનેરીજી ।૧૩૯।
ઉપરણો એકત્ર કરીને ધરી રહયા કર માંહાંજી
સ્કંધ ઉપર ને ગ્રીવા થકી લટકતો રાખ્યો છે ત્યાંહાંજી ।૧૪૦।
દક્ષીણ કર દીશે નમીને બીડી તબ્ટીમાં કીધીજી
કે કોઇ ભગવદી ભાગ્યવાને તે કરમાં લીધીજી ।૧૪૧।
કેમ કેમ પેંડો કરી રહયા પરસ્પર સહુને ખસવીજી
આગલ જઈને ઉભા છે શ્રીમુખ જોવાને અનુભવીજી ।૧૪૨।
આગણુના તે આરત બર્યા અન્ય વ્યાવૃત ગયા ભુલીજી
એક અવીલોકને અરૂઝી રહયા બીજું લહી તૃણ તુલજી ।૧૪૩।

જે કોએ અલગા ઉભા હતા તેહ આગલ આવ્યા ખસીજી
ઉપર અટાલીના મલી મલી સનમુખ આવ્યા ધસીજી ।૧૪૪।
તકીયા પાછલના ઉભા થયા આગલના તે પેંડો કરીજી
કાજ પરાયણ કાજમાં તે રહયા ચીત ધરીજી ।૪૫।
વામ કરે તકીયાસું ટેકો દેઇ ઉઠયા છે નાથજી
તેહ સમે જેજેકાર ઉચાર કરે છે સઘલેડો સાથજી ।૪૬।
ઉઠીને આપ ઉભા રહયા ગાદી ઉપર પગ ધરીજી
કોમલ ગાદીમાં ચરણ દબી જાએ પલટે છે ફરીફરીજી ।૪૭।
ધોતીની લાવણ જટકી નીહોરી કુંજલક નીરવારીજી
ગાદીથી નીચા દુલીચા ઉપર તે ઉભા રહયા છે વીચારીજી ।૪૮।
અહીં ભટ કે કોક બ્રાહ્મણ જોગ્ય ઉભા છે પાસજી
કે કોએ રાજસી છે તે વીદાય કરી ભરીયા હુલાસજી ।૪૯।
પ્રહસીત વદને તેહને પ્રમોદસું બાંઇ દાહીણી દીશે જોતજી
કેના મન તે આકર્ષતા કેને મને પોતે મોહતાજી ।૫૦।
પધાર્યા લટકતા અટકતા મુસકાતા મધુરે ઉચારતાજી
જે જે રસના અલીલાખીયા તેહને તે રસે ભરતાજી ।૫૧।
વેદીની ચોતરીએ ચતુરવર ઉભા છે આવીજી
ઉ રેણો લેઇ મસ્તક પર બાંધીઓ ભાંત સોહાવીજી ।૫૨।
છેલો પેચ છુટો રાખ્યો તે ક્યારે મસ્તક પર ધરીયોજી
ક્યારે તે જમણા સ્કંધ પર ઉરસું રહયો અનુસરીયોજી ।૫૩।
ઉપવીત જમણે કરે ગ્રહી ધરીયું છે લટકાસું કરણેજી
અંગુઠી લેઇ ખવાસને આપી છે જગત આભરણેજી ।૫૪।
જે જહીં તે તહીં રહીને જુએ છે શ્રીમુખ ફીરતાજી
પાછલના તે પાછલ રહ્યા પણ જોવા મનોરથ ધરતાજી ।૫૫।
જે અગ્રવાન છે કાજના તે અલગા કરે કર ગ્રહીયજી
અલગા રહેા પાછલ ઉભા તે દર્શન કરે એમ કહીયજી ।૫૬।
આગલના અલગા કર્યા રોકી ઉભા હતા જેહજી
સર્વ કુલ ભર્યા થકા દર્શન કરે છે તેહજી ।૫૭।
એહવે પનહી તે આગલ ધરી પહેરી છે પ્રમુદીત થઇજી
લટકતા ગડુએ તે પધાર્યા મહા મનોહર રસમઇજી ।૫૮।
જેજે કહીને આશીષ દેઇ વલીયો સૌભાગીયો સાથજી
કહે છે વેગે પધારીને દર્શન આપજો નાથજી ।૫૯।
કેને કાજ છે ઘર દીશા કેને દેહકૃત કાજજી
તે વેગા થઇને વલ્યા કોક રહયા જોવાને મહારાજજી ।૬૦।
કોએ છાએ થકી ઉઠીયા ત્યાંહાં કોક બીજા બેઠા ફરીજી
અવકાશ જોઇ પધાર્યાનો દર્શનની આશા ધરીજી ।૬૧।

ચરણ ક્ષાલણની ચોતરીએ તે ચરણ ક્ષાલણ તણો સાજજી
પીઢો ગડુઓ મૃતીકા સહુ સીધ કર્યા વાહાલા કાજજી ।૧૬૨।
કેણે ગાદી તકીયા લઇ ભીતર રાખ્યા છે ધરીજી
પધારીને બેઠા સમે તેહ બીછાવસે ફરીજી ।૧૬૩।
કોએ વેદીની ચોતરીયે તે ફરીને બેઠા છે ભરીજી
કો ઉભી ગલીએ તે મલીને બેઠા છે ભીંતસું અનુસરીજી ।૧૬૪।
કો બેઠા ચરણ ક્ષાલણના સ્થલે કો પરનાલાને પાસજી
કો આપાપણા સ્થલ લઇ ઉભા છે દર્શનની કરી આશજી ।૧૬૫।
કોએ અટાલીએ એમજ રહયા સનમુખે એહ દીશે થઇજી
કેને આરત કો સ્વરૂપને બેઠા છે ઉરમાં લેઇજી ।૧૬૬।
એક ભાવે એક ચીત થઇ મનમાં મનોરથ ભરીજી
પેંડો નીહાલે પ્રાણેશનો મન બુધ્ધી એકત્ર કરીજી ।૧૬૭।
એહવે પધાર્યાનો આગમ સંગમને ભાગ્યે ભરીયોજી
ભાગ્યને ઉદય કર્તા પોતે થકી વેગે તે કરીયોજી ।૧૬૮।
પોહોંચી પધાર્યા પ્રેમે ભર્યા આંહાંની આરત લઇજી
સનમુખ બેઠા પેંડો જુએ તે ઉઠયા પ્રમુદીત થઇજી ।૧૬૯।
તેહને જોઇને બીજા સહુ કોઇ થયા સાવધાનજી
જહાં ત્યાંહાંથી ધસીને આવ્યા સનમુખ ભાગ્યવાનજી ।૭૦।
તેહ સમે તણો હરખ ઉછાહા અપરમીત જેહજી
આરતને અનુમોદને થયો વચને કહેવાએ ન તેહજી ।૭૧।
એ રસને અનુભવી લહે જેણે એ અનુભવ કીધોજી
પ્રેમે પુર્યા દરશારતી તેહનો મનોરથ સીધોજી ।૭૨।
એહવે ખુણામાં પનહી ઉતારીને લટકતા આવ્યાજી
સ્વકીય સોહાગી સૃષ્ટીને અંતરગતી અતી ભાવ્યાજી ।૭૩।
કોએ જૈજૈ જૈજૈ કરી રહયા કો કહે જૈજૈ મહારાજજી
ચીરનજીવો બહુજીવો કો કહે એમ આશીષ દે છે સમાજજી ।૭૪।
ચરણ ક્ષાલણની ચોતરીએ પીઢે આવી બેઠા આપજી
રૂપ અમિતની ઉદારતા આરત્યાના હરે પરીતાપજી ।૭૫।
ઉભય જાનુ મધ્યે રાખ્યો છે ગડુઓ બડો જલે ભરીજી
મૃતીકા લેઇ કર ક્ષાલે છે જલ નામી નામીને ફરીજી ।૭૬।
ચરણ ક્ષાલણ કર્યા ચીત ધરી પુર્વ તણી જે રીતજી
કોગલા કરે છે ભાવસું ભાવ ભર્યા જુએ કરી પ્રીતજી ।૭૭।
તીક્ષણ દ્રષ્ટીએ ઇક્ષણ હોએ તીરછું દક્ષીણ દીશ ભણીયજી
દુરી દુરાવીને જુએ છે ગોકુલ કેરો ધણીજી ।૭૮।
ઉભય દ્રષ્ટી તણી વૃષ્ટીમાં મીશ્રતાનો નહીં પારજી
એહ રસ અનીરવચનીયનો વચને ન થાએ વીસ્તારજી ।૧૭૯।

વલતા ચરણ ક્ષાલી પોંહોંચીને બેઠા તે પીઠા ઉપર ફરીજી
અમીત આરત ભર્યા નીરખે છે રૂપ વાહાલાજીનુ નયણ ભરીજી ।૧૮૦।
મસ્તક પરથી ઉપરેણાનો પાલવ લેઇ કર માંહાંજી
કર મુખ પુંછી અંગુછીને ઉલટ ભર બેઠા ત્યાંહેંજી ।૧૮૧।
તેહ સમે આપી અંગુઠી ખવાસજીએ કરમાં જેહજી
કનીષ્ટ અનામીકા અંગુલીએ પહેરી પ્રમુદીત થઈ તેહજી ।૧૮૨।
ભગવદી રાજ જે કાજમાં તે જલઘરે ગયા પહેલાજી
ત્યાંહાંના સાજ તે સીધ કર્યા પોતે થઈ વહેલા વહેલાજી ।૧૮૩।
ગાદી તકીયા મખમલના તેહ બીછાવ્યા છે ત્યાંહાંજી
આસન રચ્યું તે રૂચીકારી ઉલટ ભરી મન માંહાંજી ।૧૮૪।
નીચે જુલીચાને નીકટ ચરણવસ્ત્ર રાખ્યું છે પરસીજી
કર ફેરી કોમલ ભાંતસું શોભા રહી મુખ વરસીજી ।૧૮૫।
પાસે પીઠા ગાદી સાદી મખમલીસું આણી ધર્યોજી
જમણી દીશે આણી રાખ્યો છે ગડુઓ શીતલ જલે ભર્યોજી ।૧૮૬।
શીતકાલે ઉપચાર તે શીતના કરી રાખે ત્યાંહાંજી
ગરમીમાં ગરમીના કરે છે સર્વે તે જલઘરા માંહાંજી ।૧૮૭।
એમ જે જેહે સમે જેહએ તે સીધ કીધા છે સાજજી
વાહાલાજીને પાયોધારીને સંધ્યા વંદન કરે કાજજી ।૧૮૮।
વાહાલોજી ચરણ ક્ષાલણ કરી બેઠા છે પીઠે તે ફરીજી
શ્રષ્ટી સોહામણી નીરખે છે મન બુધ્ધી નયણમાં એકત્ર કરીજી ।૧૮૯।
હવે પધારવાનો સમય થયો છે સંધ્યા કરે કાજજી
તેહ જોઇને હલમલી રહ્યો છે સર્વ સમાજજી ।૧૯૦।
કે। સમે ગાદી મુઢે થકી મુખા પધારે છે ત્યાંહેંજી
જ્યારે બાધા ચરણ ક્ષાલણ કરવાની હોએ તે નહીંયજી ।૧૯૧।
ત્યારે સમય થએ ગાદીથી નીહોરીને દક્ષીણ ભાગજી
બીદી મહેલે તે શ્રીમુખ થકી અતીસે ભરી અનુરાગજી ।૧૯૨।
કે કોઇ ભગવદીએ કરમાં લીધી છે કરી બહુ નેહજી
કે મેલી તષ્ટીમાં સહેજસું ભાગ્યવાને લીધી તેહજી ।૧૯૩।
વલતા તે કેશ સુધારી આંબોડો ફરી વાલ્યો પોતેજી
ઉપવીત સવ્ય સુધુ કર્યું મુદીત થયા સહુ જોતેજી ।૧૯૪।
જમણી દીશે ફરી બેસીને ગડુંઆ શ્રીકરમાં લીધોજી
ઉંચી ધારે જલ નામી નીહોરી કર રૂદયાસું દીધોજી ।૧૯૫।
નીકટવર્તી ભગવદીએ તે તષ્ટી આગલ લઇ ધરીજી
તે માંહે કરે છે કોગલા જલ લેઇ નીહોરીને ફરીફરીજી ।૧૯૬।
કોગલા કરી કર મુખ પર ફેરીને ક્ષાલે છે તેહજી
ઉપરેણાસું કર મુખ પુંછે છે તે નીરખે ભર્યા નેહજી ।૧૯૭।

એણીપેરે ઉઠે છે અહીં થકી ને પધારે છે ભીતર ભણીજી
બાધાએ ચરણ ક્ષાલણ કરી ત્યાંહાંથી પધારે ગોકુલ ધણીજી ।૧૯૮।
ઉપરેણો મસ્તકથી લેઇ રાખ્યો હમેલ તે શુભ રીતજી
ઉઠવા સમે અવીલોકે છે સ્વકીયને કરી બહુ પ્રીતજી ।૯૯।
ભગવદી એહ સમે જોઇ સર્વ થયા છે તે ભેગજી
કો કો તે જલઘરે જઇ રહયા છે જેહને બેઠાનો ત્યાંહાં નેગજી ।૨૦૦।
કોએ ગલી ભંડારની આગલ ઉભા છે જઇજી
કો સીંઘદ્વારની સીઢી પર ઉભા છે અતી રસમઇજી ।૧।
કોએ ઉભા છે અટાલીએ નીહોરી અને નીરખેજી
કોએ વીંટીને ઉભા શ્રીમુખ જોઇ જોઇ હરખેજી ।૨।
કો મુખવસ્ત્ર લેઇ રહયા કો મુઠે કરી માખી રાખેજી
કોએ વીતર્ક મને કરી પ્રભુનુ સુખ અભીલાખેજી ।૩।
એહવે ઉઠયા પ્રભુ પાતલો પીઢે થકી તે ઉકસીજી
ધોતી સુધારી ઉભા રહ્યા અંગ અંગ શોભા રહી વીલસીજી ।૪।
પ્રતી રૂપ અંગ વીલક્ષણે શોભા વીલક્ષણે કરે છે વીલાસજી
સ્વરૂપની સહેજ શોભા તણી કરીને મનમાં બહુ આશજી ।૫।
નખશીખ ન્યારે ન્યારે રસે અંગ અંગ અરૂઝી રહયા છે એહજી
પાગી રહી એ સ્વરૂપમાં અંતરગતી ધરી નેહજી ।૬।
પરમ અનન્યતાએ કરી ઇતર ગમન નહીં કહીંયજી
નીરંતર નીવાસ કરી રહી એ શોભા નીત અહીંજી ।૭।
એવી શોભાએ ભકતને નયણે સમર્પતા જોતેજી
ભકતને સતકારે કરીને ધન્ય માની લેતા પોતેજી ।૮।
એણીપેરે લટકતા મટકતા અટકતા પધારે આપજી
ભકતના નયણ રૂપારતી પરીહરતા પરીતાપજી ।૯।
બેહુ પાસા હાર કરી રહયા હાથ જોડી થઇ થાંભીજી
પાછલા દર્શનને રસે કો કો ચઢયા જઇ ખાંભીજી ।૧૦।
ડેઢીના તે ટેડા રહયા કો કો પાછે પગે ફરીયાજી
કો આવ્યા ધસી પ્રસાદી ભંડાર દીશ હીત ભરીયાજી ।૧૧।
લદાવના જોઇને દર્શન કરે છે અટકીજી
સીઢીના ને સામી ગલીના પેંડો આપી રહયા ઠઠકીજી ।૧૨।
સિંઘદ્વાર જગમોહન ભંડાર આગલ થઇને હારજી
થર પર થર થઇને રહયા ગીણતા ન આવે તે પારજી ।૧૩।
અમી નીરૂપમ વૃષ્ટીસું દ્રષ્ટી કરી નીરખેજી
અમીત આયુષ્યનું સુચન એણી વૃષ્ટે કરી હરખેજી ।૧૪।
જલઘરના તે સામા રહયા આવતા જુએ છે ગલીએજી
કો પાનઘર સીઢી ચઢી રહયા ઉપરના જુએ રલીએજી ।૨૧૫।

કેને નયન તણી સયનમા કેને ભ્રકુટી તણે વલણેજી
કેહેને અધર ફરકયામાં કેને તે અંગને ચલણેજી ।૧૬।
કેને વચન ચાતુરીમાં કેને તે કર તણે હાવેજી
એમ સમાધાન તે સર્વના આવે છે કરતા અલૌકીક ભાવેજી ।૧૭।
ભકતના ભાવ રૂદયારૂઢ રસે રહયા પાગીજી
તેહનો સતકાર કરે છે અંતરમાં અનુરાગીજી ।૧૮।
એણીપેરે આવ્યા ઉતાવલા જલઘરે સંધ્યાને કાજજી
આવીને પીઠે બેઠા છે જયાં કરી રાખ્યો છે એહ સાજજી ।૧૯।
કેા અહીં દર્શન કરીને વલીયા તે ઘર દીશે આપજી
કેાએ આનંદીત થઇ વલ્યા કેા વલ્યા જુત પરીતાપજી ।૨૦।
એમ દેહકૃત્ય ને આવસ્યકે ગ્રહકૃત કેરડે કામજી
આવ્યા ઉતાવલા કરવાને પેાતા પેાતા તણા ધામજી ।૨૧।
કેાએ બાધાથી પેાંચીને વલ્યા કેા કરે ઘર તણા તે કાજજી
કેાએ સામગ્રી સીધ કરે ખાનપાન તણા સહુ સાજજી ।૨૨।
એ પ્રભુના પાદાંબુજ તણી સેવા છે જેહોને ઘેરજી
તેહને ભેાગ સમર્પી પેાઢાડે છે કરીને તે સુપેરજી ।૨૩।
કેણે ચરણ છેાડયા તણેા સંમત કરીને રાખ્યેાજી
તે ભાગ્યવાનનેા મનેારથ અનેક ભાંતે રહે અભીલાખ્યેાજી ।૨૪।
તેહ પેાતા તણા સાજ અનેક પ્રકારે તે કરેજી
પ્રતીક્ષણ મેાદ માએ નહીં અંતર ઉલટ ભરીજી ।૨૫।
કેણે કેા વૈશ્નવ તેડયા સામગ્રી લેવા કાજજી
તેહ અનેક પ્રકારના મનેારથે કરી રાખે સાજજી ।૨૬।
શીત સમે શીત ઉપયેાગની ગરમીમાં સુખદાઇ વસ્ત્રજી
તેહવા સાજ કરી ફરીને સીધ થાએ તે સર્વત્રજી ।૨૭।
આરતીનેા અવકાશ જોઇ અવીલંબ્યા છે અહીંજી
ચેાંકી ઉઠે ચીતમાં ચેન પડે નહીં કયાંઇજી ।૨૮।
જલઘરાથી અંગસેવક આવ્યા છે બેઠકે / વેગજી
કાજ કરે છે ત્યાંનાં સહુ જેહને કીધાના જે નેગજી ।૨૯।
શીતકાલે ગાદી તકીયા બીછાવે તીબારી માંહેંજી
આંગણમા સમીયાના તાણે છે ઠેાહરા કરી ત્યાંહેંજી ।૩૦।
પવન પ્રવેશ કરે નહીં શીતનેા હેાએ નહીં પરીચારજી
બીજા જતન બહુ ભાંતના કાંહાં લગી કરૂં વીસ્તારજી ।૩૧।
ગરમીએ ગરમીનેા સમય તે સાવધાનીએ કરીજી
ચેાક ચતુરવરને હીતે છીરકે છે તે ફરીફરીજી ।૩૨।
બાંબી ખુંભીયેા છીરકી છીરકી ભીંતેા અને છાતજી
કેરૂં કરી તે ઉપર પંખા કરે નાના ભાંતજી ।૩૩।

ટેરા તીબારીના ઝરકાવીને બાંધ્યા છે કસીજી
એહ તીબારી ત્રીલોકમાં હુલસી રહી છે હંસીજી ।૨૩૪।
આંગણમાં ઉગમણી દીશાએ તે સનમુખ થઈજી
તકીયા ને ગાદી બીછાવે છે વાહાલાને આશીષ દેઈજી ।૩૫।
આંગણમાં જુલીચી બીછાવી ઉપર ગાદી ધરીજી
તકીયો રાખ્યો જુગતે કરી ગાદીમું રહયો અનુસરીજી ।૩૬।
એહને ટેકો એ ત્રીધારો એક કાષ્ટનો રાખ્યો છે ટેકીજી
તેથી તકીયો તે ડીગે નહીં વાત્સલ્ય કેમ કહું તે વીસેખીજી ।૩૭।
ગાદીએ સુખદ લપેટયા તકીયે તેણી રીતેજી
બાંધ દીશે છોટો તકીયો તે રાખ્યો છે કરીને પ્રીતજી ।૩૮।
ચરણ જુલીચી જુલીચાને ઉપર અનુસરી રાખીજી
જે પદકમલના પરસને રહી મનમાં અભીલાખીજી ।૩૯।
ગડુઆલે ગડુઆ ભરી ધર્યા મૃતીકાનો કરી સજજી
જતન શીતના બહુ કર્યા ઉપયોગના વાહાલાને કાજજી ।૪૦।
કુંજે શીતલ જલ ભરી અને શીતલતા તણે હેતજી
રાખ્યા અગાસે અટાલીએ આરંદ્ર વસ્ત્ર સમેતજી ।૪૧।
આંહીં જલઘરે પ્રભુ પાતલો પીઢે બેઠા છે તે આવીજી
સંધ્યાનો આદર કરે છે પોતા તણે મન ભાવીજી ।૪૨।
રયણી રસીલીનુ આગમ એ રસ ઉરમાં લેઈજી
તેહનુ વંદન કરે છે સંધ્યાનું મીસ મુખ્ય દેઈજી ।૪૩।
વામ દીશે ગડુઓ ધર્યો તે વામ કર માહેં ધરીજી
દક્ષીણ કર તે ક્ષાલીને આચમન લેઈ ફરીફરીજી ।૪૪।
વલતા પીઢે બેઠા ઉકસીને વીકસીને વદન સુચારજી
ચરણ ઘુંટણ નાભી રૂદય મુખ બાહુ મસ્તક પરસે આધારજી ।૪૫।
ગડુઆ ઢાપણ પર જલ ભરી ફરી ફરી ઉછાલે કર બલેજી
તે લટકની કર દલ થકી છીંટ ઉડે છે જે હલવેજી ।૪૬।
મસ્તક પર કર ફેરવીને વલતી ગ્રહે નાસાજી
ભકતના નયણ એ સમયને જોવા કરી રહયા આશાજી ।૪૭।
વામ કર તે ઢોલોરો કરી અને કોપર ઘુંટણે ટેકીજી
વામ સ્કંધ પર તે રહયો શોભા તે કેમ કહું વીસેકીજી ।૪૮।
દક્ષીણ કર ઉપરણામા લેઈને ઉર સાથે ધરીયોજી
ફરકતે અધરે સ્મરણ કરે જોઈ પરીતાપ તે હરીયોજી ।૪૯।
પુરણ થએ પાછા ફરીને પસલી એ અંજુલ તણી નાખીજી
સવ્ય અપસ્રવ્ય કરે તેહ સમે અનુભવીનુ મન સાખીજી ।૫૦।
અંગુસ્ત અનામીકા લોમીસું પરસીને પરસે તે લેલાટજી
સંધ્યાના મનોરથ સીધ કર્યા આગમ રસ તણે માટજી ।૫૧।
વલતા નીકટ ગાદી તકીયા ત્યાંહાં પોતે બેઠા છે આવીજી
પરમ પ્રસન્ન મુદીત થઇ પોતા તણે મન ભાવીજી ।૨૫૨।

અહીં સ્થલ એકાંતનો સદા એકાંતી ભગવદી તણોજી
આવી આવી એ સમે રહે જેહને મનોરથ ઘણોજી ।૨૫૩।
પ્રશ્ન એકાંતનુ કરવા કેા વીનતી કરવાને કાજજી
ગુઢ વચન કેા સાંભલવા જે ઉચરસે મહારાજજી ।૫૪।
સનમુખ શ્રીમુખ નીરખવા નીસવધુંતા થઇજી
આવીને બેઠા કેા ઉભા રહયા થઇને એ રસમઇજી ।૫૫।
એણે સમે ભાગ્યવાન કેા કરે છે પ્રશ્ન અનુપજી
પાત્ર જોઇ લહી હારંદ્ર કહે ગોકુલ કેરા ભુપજી ।૫૬।
એક વચનમાં બહુનુ બહુ ભાંતે હોએ સમાધાનજી
પ્રશ્ન પ્રાર્થ્યાની આરત રહે મનમાં નહીં અન્યજી ।૫૭।
કેા વીનતી કેા કાજની તેહ સમે કરે આવીજી
તેહના હીતારથ તણી આજ્ઞા કરે પોતાને મન ભાવીજી ।૫૮।
કેા સમે વારતા આપથી કરે પ્રમુદીત થઇ થઇજી
ભગવદી વીસઇક અલૌકીક લૌકીક ને રસમઇજી ।૫૯।
કેા બેઠા નીધરક જુએ કેાઇ ઉભા મુખ નીરખેજી
કેા આવી ક્ષણુ નીરખી ફીરે મનમાં અતીસે હરખેજી ।૧૦।
કેા આવે કાજ તણે મીસે દર્શનને ભાવે ભરીજી
એ દીશે દ્રષ્ટી માંડીને શ્રીમુખ જોઇ જાએ ફરીજી ।૧૧।
દર્શન લોભે લોભાયા તે કેા કેા એણે સ્થલે આવેજી
યદ્યપી કેા વરજે પણ તે મનમાં નવ લાવેજી ।૧૨।
અરથી એહ સ્વરૂપના એ સ્વરૂપે અભીરામજી
સાધન ફલ એ સ્વરૂપમાં એ સ્વરૂપે જેહોને છે વીરામજી ।૧૩।
એહવા વેધી રસ ભોગીયા સંયોગી સ્વરૂપના નીત્યજી
સરવાંગે સરવાત્મના ભજે અનીરવચની એહનુ છે નીમીતજી ।૧૪।
એ નીમીતે આનંદ ભર્યા નીમીતનું કહયું ન જાએજી
એ રસ ગુઢ કૃપાલ છે વાણીએ વીસદ નવ થાએજી ।૧૫।
એહવે દીપક અજવાલવાનેા સમય થયેા શુભ રીતજી
ભાગ્યવંતી તે દીપક કરે અંતરગત ધરી પ્રીતજી ।૧૬।
પયરણી પરમ સુભગ લેઇ બાતીયેા તેલસું ભરીજી
ઠામ ઠામે ચાલ્યા ઘરવાને દીપક પ્રગટ કરીજી ।૧૭।
પ્રથમ જલધરે તે સનમુખ પ્રાણપ્રભુજી છે જ્યાંહાંજી
ઉભય બાતી તણેા દીપક પ્રગટ કરી ધર્યો ત્યાંહાંજી ।૧૮।
વલી શ્રીનાથજીના મંદીરમાં બેઠકમાં શુભ ઠામજી
ભંડાર ગલીયેા રસોઇ ને વહુ બેટીના છે જે ધામજી ।૧૯।
લહાવે પ્રસાદી ભંડારમાં સિંઘદ્વારે શુભ જસોતજી
અટાલીએ ને સહુ ઠામે તે દીપક કરીયા છે ઉદ્યોતજી ।૭૦।
એહવે સમય આરતીનેા ભીતર થયેા તે વેગજી
પ્રાણ પ્રભુજી ઉઠયા ને ભગવદી થયા સહુ લેગજી ।૨૭૧।

ભીતર જઇ ભાવે ભરી સમાધાન કરી સતકારજી
જન શીક્ષા હીત વાત્સલ્યસું અનેક કરી મનુહારજી ।૨૭૨।
એમ ભીતર તીબારીએ જઇ જોઇને વેગે તે ફરીયાજી
સોચ દરશ અભીલાખીના દર્શન આપીને હરીયાજી ।૭૩।
ફરી પધારે છે જલઘરે મૃદુલ ગતે પગ ધરતાજી
ભગવદી જે કો અહીં રહયા તેહને આનંદે ભરતાજી ।૭૪।
નીરખતા હરખતા મોદસું આવ્યા તે જલઘરે ફરીજી
રાજ ક્ષણુ એક બેસીએ એમ કહી વીનતી કરીજી ।૭૫।
તબકડીનો મનોરથ કરી પ્રેમે ભરી કહયું એહજી
સર્વના સુખમાં સુખ લઇ બેઠા ધરી મન નેહજી ।૭૬।
અહીં તબકડીનો સાજ તે કાજ પરાયણ કીધો સીધજી
દ્રવ્ય ઉપકૃમે વાત્સલ્ય ધરી મન હેત નીરવીધજી ।૭૭।
જે સામગ્રી ઉપયોગની વાહાલાને રૂચતી જાણેજી
ઉતમથી ઉતમ ઘણુ સાહસ કરીને આણેજી ।૭૮।
ખરબુજા જે બહુ મુલના ઉનની થેલીમાં આવેજી
રૂચી જોઈ પ્રાણપ્રભુની તે તબકડીમાં લાવેજી ।૭૯।
દ્રાક્ષ બેદાના વીલાયતી જે મોલ મોંઘી આવે ઘણીજી
રૂચતી જાણી મહા ભાગીયા દ્રવ્ય ગીણે નહીં મન અણુજી ।૮૦।
સેવ વીહી નાશપતી ખરબુજા દેશી સારજી
મીસરીની બુકણી કરીને મુકે એ ખરબુજાને મંઝારજી ।૮૧।
જાંબુ મધુર મોટા ભાવતા ઉતમ જાતના જે અનારજી
પીસતા શેકયા લુણ મીરચસું તે આવે તબકડી મંઝારજી ।૮૨।
અંજીર ઉતમ ભાંતના કદલી પાકા મીઠા જેહજી
અનાનસ જે સુસ્વાદ સુવાસ અપરમીત તેહજી ।૮૩।
આંબ ઉતમ સ્થલ સ્થલ થકી દેશ પ્રદેશથી આવેજી
મીઠા દ્રવીત રસ જેમાં તે પ્રભુજીને ભાવેજી ।૮૪।
બોર મીઠા અને રસ ભર્યા જેમાં રૂક્ષતા નહીંજી
તેહવા જોઇને સૌભાગીયા લાવે તે ઉપયોગે અહીંયજી ।૮૫।
ચુન છુવારાનો કરીને કો સમે તે આવે ભોગજી
છોલા કોમલ શેકી પીસી મીરચ લુણ સરસીયાનો સંયોગજી ।૮૬।
સુરણ સદૈવ આરોગે છે કોમલ કર કરૂં તલીજી
કો સમે ઓલો કરી લુણ મીરચ સરસીયું તે ભલીજી ।૮૭।
પીલુને દીવસે પીલુ હોએ સુંદર મીઠા તે ઘણુજી
મુઠી બે ત્રણ ભરીને આરોગે છે લહી ગુણપણુજી ।૮૮।
કો સમે માઠા ભુરકી ખાંડપાપડી મોહન ભોગજી
પેઠાપાક ને ભીલામા તણી ચાખી આવે છે વીનીયોગજી ।૮૯।
જે રીતે જે સામગ્રી અતી ઉતમ હોએ જે જ્યાંહાંજી
ભાગ્યવાન જે ભાવે ભાર્યા લાવે તે તબકડી માંહેંજી ।૨૯૦।

સ્વાદ જોઉ તારતમ્યસું ટાઢક સામગ્રી રાખેજી
એ વીસદ તે થાએ નહીં લહે ન કો અનુભવી પાખેજી ।૧૯૧।
વાત્સલ્ય દ્રવ્યે ઉપકૃમે સાહસે થઇ સાવધાનજી
વીનીયોગ આણે વહાલાજીને ધન્ય એ ભાગ્યવાનજી ।૧૯૨।
એમ તણકડી રચીને ભીતરથી લાવે જેહજી
ભાગ્યે ભર્યા ને ભાવે ભર્યા અતીસે ભર્યા તે નેહજી ।૧૯૩।
આણી રાખે વાહાલાજીની આગલ વીનતી કરીજી
પ્રાણપ્રભુજી આરોગે છે એહોને હીતે અતુસરીજી ।૧૯૪।
એકનો દલે લેઇ અને મહેલે છે તે ત્યાંહાં ફરીયજી
એક સુસ્વાદીક લહી અને લે છે સરાહણા કરીયજી ।૧૯૫।
કાજ પરાયણ વીનવીને વલી તે લેવરાવેજી
વારતા તેહ સમે કરે જેહવી વાહાલાજીને ભાવેજી ।૧૯૬।
જેમાં કર ફરીને મેલે છે તે રૂચતી મન જાણેજી
મનવૃત જાણ સૌભાગીયા તે જ્યાંહાં ત્યાંહાં થકી આણેજી ।૧૯૭।
કોએ પકવ સુપકવ મીઠાઇના મધુરતાના સ્વાદજી
ચાખી ચાખી કહે તેહ સમે સ્વાદીયા નીમરજાદજી ।૧૯૮।
એહવે કો ભાગ્યવાનને મનોરથ મનમાં ઘણોજી
ઉતમ સામગ્રી સુખાવહ અહીં લાવ્યા તણોજી ।૧૯૯।
તેહ સુંદર સુધારીને રૂચતી લેહી આણે અહીંજી
વહાલાજીને વીનીયોગ કરાવે વીનતી કહીજી ।૨૦૦।
પ્રસન્ન મુદીત થઇને વાહાલાજી આરોગે ત્યાંહાંજી
ભાગ્યવંતા પ્રકુલીત હોએ તે જોઇ મન માંહાંજી ।૧।
એણીપેરે મનોરથ અનેકના અનેક ભાંતે કરી કરીજી
પુરે છે પ્રેમવતીઓના પ્રમુદીત થઇ ફરીફરીજી ।૨।
તેહ સમય છે અલભ્ય અપરમીત સુખ તણુ સારજી
નીપટ નીકટ અનુભવી રહે તે લહે એહોનો વીસ્તારજી ।૩।
એમાં ભકતના હીત તણો દ્રવ્ય વાત્સલ્યનો અંગીકારજી
ઉદ્યમ મનોરથ અનેકના સીધ થાયે છે અનેક પ્રકારેજી ।૪।
એણીપેરે ભકતના ભાવનો સ્વાદ ચાખી રીઝીજી
હારદ્ર લહી હીતે ભરી પહોંચી રહયા રસ ભીંઝીજી ।૫।
તષ્ટી ગડુઓ આણ્યો વેગસું નેગસું જેણી રીતજી
અચવાવે ઉભા રહી વાહાલાજીને કરી પ્રીતજી ।૬।
કર મુખ ક્ષાલીને કોગલા કરે છે તેણીવારજી
મુખવસ્ત્ર આપ્યું અવાસે તે કર મુખ પુંછે તે પ્રાણ આધારજી ।૭।
હવે કહું આગલનો સમય ભગવદી આવે દર્શન કાજજી
બેઠકે અતીસે ઉતાવલા કરી કરીને સાજજી ।૮।
આગલ માંગલ્યે તે કહું પ્રભુ કરૂણા બલ તે જાચીજી
દાસ ગોપાલ ચરણે નમી મનમાં અતીસય રાચીજી ।૯।

આંગલય ૧૭ સતરમું સમાપ્ત

માંગલ્ય – ૧૮ મું

રાગ : સજની સાંભલો એ વાત

શ્રીમદ ગોકુલ કેરો ભુપ સર્વોપર તર પરમ અનુપ ।૧।
આનંદીત મુખ મુદીત વીલાસ મુસકનીમાં પુરે સહુ આશ ।૨।
એક એક અંગ પ્રતીઅંગ સોહે જોઇ રસમાર્ગીના મન મોહે ।૩।
એહવો શ્રી વીઠલેશ કુમાર નીરખીને વીસમય થાએ માર ।૪।
બેઠા છે જલઘરે ઉલટ ભરી અનેકના મનોરથ પુરણ કરી ।૫।
સંધ્યા વંદન કરી ભીતર જઇ ફરી પધાર્યા આનંદમઇ ।૬।
મનોરથ તબકડીના કીધા તે ભાગ્યવાનને ભાગ્યે સીધા ।૭।
હવે અચવી બેઠા મહારાજ દર્શને આવ્યો છે સર્વ સમાજ ।૮।
તે કહીએ કરૂણાનુ બલ જાચી ભાવ સમાને મનમાં રાચી ।૯।
ભાગ્યવાન ભગવદી નીજ ભવન અણુ અવસર લેઇ કર્યું જે ગવન ।૧૦।
તેણે નીજ ઘરના કરીને કાજ સીધ થયા જોવા મહારાજ ।૧૧।
કેણે ખાનપાનની સામગરી સરવે સીધ કરી અને ધરી ।૧૨।
કોએ પોઢયા પછી આવીને કરસે ભગવદીઓની આગલ ધરસે ।૧૩।
જેહો ઘેર સેવ્ય સ્વરૂપ જેહ ભોગ સમર્પી પોઢાડયા તેહ ।૧૪।
વેગે વેગે કર્યા ગ્રહના કાજ મંદીર પધારવા કરે સાજ ।૧૫।
જેહવી રીતુ તેવા શુભ વસ્ત્ર પહેર્યા રયણી સમય સરવત્ર ।૧૬।
કો ધસી આવ્યા મંદીર પહેલા કાજથી પોંહોંચીને વહેલા ।૧૭।
કો સંધ્યા કરી પહોંચ્યા પુછે હજી પધાર્યા નથી કહો શું છે ।૧૮।
કો કાજ મેલી આવે વેગા કરી યહાં વીલંબ જોઇ જાએ ફરી ।૧૯।
કેને ચેન નહીં વણ દીઠે જે ગીધા દર્શન રસ મીટે ।૨૦।
કો આવે તે ચઢે છે અટાલી બેસે દર્શન સ્થલ સંભાલી ।૨૧।
કો ઉભા રહે જલઘર દ્વારે કો ભીંતે રહે કરીને હાર ।૨૨।
કો આંગણમાં બેઠા આવી સ્થલ રોકીને સહેજ સુભાવી ।૨૩।
ગાદી તકીયા જે આંગણ માંહાં કો બેઠા છે ફીરતા ત્યાંહાં ।૨૪।
કો ચોતરી તે વેદી તણી ભીડ થઇ તે જાએ ન ગણી ।૨૫।
રાજતીબારીએ ભીડ ન માએ કહી કહીને કાંહાં લગી કહી જાએ ।૨૬।
કો સિંઘદ્વાર ને સીઢીએ ઉભા પધારતા જોવાને લોભ્યા ।૨૭।
કો જગમોહન ને ભંડાર અહીં બહુ રચી રહયા કરી હાર ।૨૮।
કો જલઘરે જોઇ જોઇને આવે દર્શન વીન એક ક્ષણ ન ભાવે ।૨૯।
કેહને ચેન નહીં લગાર અવીલોકયા વીન પ્રાણ આધાર ।૩૦।
કો વાતો કરે મલી મલી આનંદીત અંતર મન રલીય ।૩૧।
કો પ્રશ્ન પુછયાનો કરે વીચાર સમંત કરી રાખે નીરધાર ।૩૨।
તે સાંભલવા સીધ્ધ થયા કોઇ એહોનો સમંત ઉતમ જોઇ ।૩૩।
કો પ્રશ્ન મનમાં રાખી બેસે અન્ય ઉપદેશે વાહાલોજી કહેસે ।૩૪।
કોએ જલઘરથી આવે ધસતા શ્રીમુખ જોઇ પ્રમુદીત મને હંસતાં ।૩૫।

કો એહોને જોઈ અકુતાએ આરત અંગ અંગમા ન સમાયે ।૩૬।
વીલંબે વીલંબ નહીં સહેવાએ શ્રીમુખ જોવા મન અકુલાએ ।૩૭।
કોઇ મીલતે બેસે જઇ પાસ કરીને દર્શન ઠેરી આશ ।૩૮।
એમ હલમેલી રહ્યું સહુ કોઈ પધારવાનો સમયો જોઇ ।૩૯।
એહવે ખવાસજી આવ્યા પહેલા જલ ગડુઓ લઈ વહેલા વહેલા ।૪૦।
તે વામ દીશ પીઢા પર સર્જ્યો નેવરો અવલો સવલો નાર્જ્યો ।૪૧।
પછે પોતે બેઠા ભીતર જઇ બીડા સીધ કરવા સાજ તે લેઇ ।૪૨।
કો ભગવદી દીવી પ્રગટાવી પ્રભુને સનમુખ ઉભા આવી ।૪૩।
કો કો એહોની સાથે જાએ શ્રીમુખ જોઇ હરખ ન માયે ।૪૪।
હવે એણે સમે થયું સહુ સાવધાન જોવાને આરત્યા ભાવ સમાન ।૪૫।
જગમોહનના ગલીએ ધસી જોવાને આવ્યા અતી હુલસી ।૪૬।
સિંઘદ્વારના જગમોહન માંહાં બેઠકના કો આવ્યા ત્યાંહાં ।૪૭।
કો ડોઢીએ રહ્યા છે અટકી ત્યાંહાં ભીડ રહી છે ઠઠકી ।૪૮।
સહુ કોઈ આરત રસમાં રાતા જોવાને ઉલટે અંગ અસમાતા ।૪૯।
એહવે ઉઠ્યા પ્રાણાધાર જેજેકાર હુવો તેણીવાર ।૫૦।
શીત હોએ તો નીમો પહેરે પટવસ્ત્ર સુત્રનો રંગ ગેહેરે ।૫૧।
આહીં ગરમીનું વર્ણન કરીએ પ્રભુ પદ પરસીને ઉરમાં ધરીએ ।૫૨।
ધોતી સેત સેત ઉપરેણો ધર્યો હુમેલ તે અતી સુખ દેણો ।૫૩।
અંબોડાની ભાંતી રસાલ ઝલકે તીલક મનોહર ભાલ ।૫૪।
માલા તુલસી ગુંજ તણી લલકતી રાજે છે સોહામણી ।૫૫।
અણુઠી નંગ જલકે જ્યોત દીવીની જ્યોતે અતી ઉદ્યોત ।૫૬।
ચાલે ચાલ ઢલકતી રસાલ જોઇને મોહી રહે બહુ બાલ ।૫૭।
એણીપેરે પધાર્યા ડગ ભરતા માનવતીયેાના મન હરતા ।૫૮।
દીવી જે ધરે છે ભાગ્યવાન ફરી ફરી કરે રૂપ રસપાન ।૫૯।
આગલ ચાલ્યા જાએ સોહાગી ફરી જોતા શ્રીમુખ અનુરાગી ।૧૦।
કો ચાલો ચાલો કહે ભાઇ વેગા ચાલે ન શકે સમાઇ ।૧૧।
જે જાંહાં ઉભા તે ત્યાંહાં નીરખે પુલકીત થઇ ઉર આનંદ વરખે ।૧૨।
કો જોઇ આગલ ચાલે વેગા કો પાછલ રહે થઇને ભેગા ।૬૩।
મધ્યે મધ્યે નાયક મલપતા આવે જોઇને જગત તણે મન ભાવે ।૬૪।
કહું રસાલું નખ શીખ રૂપ કે પ્રતીઅંગના પ્રગટ સ્વરૂપ ।૬૫।
કે કહું અંબોડલો રહ્યો વલીય લટકતી ચાલે આવે ઢલીય ।૧૧।
કે કહું કેશ જે અનુપ ઝલકે દીપ જ્યોતે અતીસે ઝલકે ।૬૭।
ભાલ કપોલ રહ્યા તૃપતૃપી તીલક રેણની શોભા છપી ।૬૮।
કે કહું ભ્રકુટીના જે વલણ મુગ્ધાને મન મુચવે મીલણ ।૬૯।
નયન કટાક્ષે કરે આવાગમન જોઇ ભામીનીઓ ભુલે ભવન ।૭૦।
એક કટાક્ષે કરી સંપન અનેક તણા આકર્ષે મન ।૭૧।

તે ગતી ભેદના ભેદ અનેક વચને થાએ નહીં તે વીવેક ।૭૨।
કે કહું નાસીકા જે અણીયાલી મીટ ભરી જોઉં વાલી વાલી ।૭૩।
મુછની મૃદુલ સ્વચ્છતા જોઇ માનુની માન ધરે નહિં કોઇ ।૭૪।
ગલ સ્થલ ઝલકે શુભ રૂપ એકથી એક તે પરમ અનુપ ।૭૫।
ઉભયને ઉભયની ઉપમા દીજે બીજુ કો નહીં કો સમ કીજે ।૭૬।
કરણ સકોમલ અતીસે ઝલકે ઢલકતી ચાલે કાંઇ એક ઢલકે ।૭૭।
કો સમે મુકતા મનોહર દીસે તે જોઇ જોઇને હૈયલડું હીસે ।૭૮।
કે કહું અધર અનુપમ રસાલ સહેજ અરૂણ પર વારૂં પ્રવાલ ।૭૯।
અવ્યકત માધુરી રસનુ ધામ અમી અનુપમ જે વીરામ ।૮૦।
સુખની પરમીતનુ નહિં માન રસ આરતનું એહ રસ દાન ।૮૧।
ઉદાર રસને થઇ આધીન વીકસીને સનમુખ રહયો પ્રવીન ।૮૨।
રસીયા જોઇ જોઇ રસમાં ભીંજે મનોરથ ધરે મન એ રસ લીજે ।૮૩।
એહ અંગ પર મારૂં સર્વાંગ વારીને મનસા થઇ તે પંગ ।૮૪।
એ જોઈ જોઇને અલગી ન ચાલે સુરતે સુરત અતી ઉરમાં સાલે ।૮૫।
ગલ મંડલને મંડલે થઇ જુએ છે ભકત મલી રસમઇ ।૮૬।
કે કહું ઠોડી ઠાણ સુઠાણી વચને કરી જાએ ન વખાણી ।૮૭।
કે શ્રીમુખની કહું માધુરી કે કહું મુસકની ભાવે દુરી ।૮૮।
ગ્રીવા ગુણનીધીની ગુણ રાસ જોતા પામે મન હુલાસ ।૮૯।
ભુજ ભર ભુજા દંડ કરકમલ અંગુલીદલ નખમણી અતી અમલ ।૯૦।
ત્યાંહાં અંગુઠી જયોતી અપાર ઢલકતે કરે હોએ ઝાતકાર ।૯૧।
માલા દુલરી અને એક લરી રહી શ્રીકંઠે તે અનુસરી ।૯૨।
સ્નીગ્ધ અને કેશર રંગરાતી મધ્યે ગુંજાની પરમ સોહાતી ।૯૩।
ઢલકતી ચાલે ઢલી આવે તે જોઈ જોઈને મનને ભાવે ।૯૪।
અતીસય ઉતમંત અનુપ ઉરોજ તે જોઇ વારી નાખું મનોજ ।૯૫।
ઢલકતી ચાલે કાંઇ એક લલકે જોઇ સુંદરીઓના મન ઢલકે ।૯૬।
રૂદય ઉદર કટી નાભી ને કહું જંઘા જાનુ પદ પાર ન લહું ।૯૭।
કે કહું ચરણાર્વીંદ સોહાગી ભકત રૂપ ભમર અનુરાગી ।૯૮।
કે કહું સુંદર ચાલ રસાલી જોતા નયણ ન શકે સંભાલી ।૯૯।
કે કહું રૂપ જે શીખ નખ સાર ભાગ્યવાન કહું નીરખણહાર ।૧૦૦।
કે કહું અંગઅંગ ઝગમગી જયોત દીપક જયોતે પ્રગટ ઉદ્યોત ।૧।
કે કહું લાવણ્ય સ્વરૂપ તણી ભકતની ભાવેણ ભાવે સણી ।૨।
કે કહું સમય સોહાગી જેહ કે કહું ભાગ્યવાનના નેહ ।૩।
કે કહું મનોરથ ભાવ જે એહના તે વીસદ નવ થાએ કેહેના ।૪।
કે કહું આનંદ મોદ ઉછાહ ઉભયને ઉભયના રસનો ચાહ ।૫।
કે કહું સ્વકીય સમાજ સમુહ જોઈને પામી રહે સહુ મોહ ।૬।
એણીપેરે પધારે પ્રાણેશ રસનાયક રસ રસીક વરેસ ।૧૦૭।

જેમ જેમ ચરણ પરસ કરે જાંહાં આનંદે કુલે સહુ ત્યાંહાં ।૧૦૮।
કરે તે જૈજૈકાર ઉચ્ચાર ભક્તના મોહ તણો નહિં પાર ।૯।
એમ સૌભાગ્યવતી બેઠક માંહાં કુમકુમ પધારે છે આંહાં ।૧૦।
અહીં એક મનોરથ મનમાં આવ્યો એ સમંત મનમાં ઘણુ ભાવ્યો ।૧૧।
શીતકાલની લીલા એહ તે જેહનો અનુભવ કીધો તેહ ।૧૨।
જેમાં વાત્સલ્ય સ્વરૂપ સુદેશ ભગવદીના મનોરથ જે વીશેષ ।૧૩।
તારૂં છે જે અતી અભીરામ જાંહાં તારા લક્ષને છે જે વીરામ ।૧૪।
જે અનુભવ કર્યો અનુપમ રીત પ્રભુજીએ કરવાવ્યો કરી પ્રીત ।૧૫।
તે અહીં લખવો કરી ઉલ્લાસ તો પહોંચે એ મનની આશ ।૧૬।
વર્તતો ગરમીનો એ સમય આગલ લખીશ જે મનને ગમય ।૧૭।
તે માટે શીતકાલની લીલા પ્રથમ લખું છું પરમ રસીલી ।૧૮।
શીતકાલના જતનને જે જેહ પ્રથમ કરી રાખ્યા છે તેહ ।૧૯।
ઉપર સમીયાના શુભ રીત જે ટોડોરા બાંધ્યા કરી પ્રીત ।૨૦।
જેથી પવન પ્રવેશ ન કરે શીત તણા પરીચાર તે હરે ।૨૧।
ટેરા નાખ્યા તીબારી ભરી દર્શન કરવાના સ્થલ કરી ।૨૨।
ગાદી તકીયા તીબારી માંહાં ઉપર ફરગુલ રાખી ત્યાંહાં ।૨૩।
અંગીઠી એક ઝગમગી રહી શીતનો લેસ ન જાણે કોઇ અહીં ।૨૪।
દીપક જ્યોત રહી ઝગમગી ભક્ત રહ્યા આરતી રસ પગી ।૨૫।
આગલથી દીપકની જ્યોત પાછલ સ્વરૂપે કર્યો ઉદ્યોત ।૨૬।
એમ પધાર્યા પ્રાણાધાર જાંહાં ત્યાંહાં હવો તે જૈજૈકાર ।૨૭।
ચરણારવિંદ રાખ્યું ગાદીએ પરસી ત્યાંહાં ચરણારવિંદ જુગ રપશીં ।૨૮।
આવીને બેઠા ગાદી તકીયે તે શોભા કાંહાં લગી કહી શકીયે ।૨૯।
કોઇ સમે ટોડોરી પહેરે કબાઇ તે શોભા કાંઇ કહી નવ જાએ ।૩૦।
કોઇ સમે નીમા સહીત બીજાજે ઉપર ફરગુલ ઓઢી રાજે ।૩૧।
શ્રી મસ્તકે ઉપરેણો કર્યો બાંધ્યો પેચ સહીત રસ ભર્યો ।૩૨।
નીમાની ડામેણ બાંધી ચે ડોંપાસ ફરગુલ ફીરતી રહી ચહુંપાસ ।૩૩।
એમ પ્રફુલીત મન પરમ પ્રસન્ન આવીને બેઠા છે આસન ।૩૪।
જે જે સ્થલના જે અધીકારી બેઠા સ્થલ પોતાના વીચારી ।૩૫।
ભગવદી કેરા જુથ અનેક તેનો કાંહાં લગી કહું હું વીવેક ।૩૬।
આપણા સ્થલ લેઇ લેઇ બેઠા સ્વરૂપ ઉપર મન દેઇ ।૩૭।
જેને જ્યાં રહી દર્શન થાએ તે તેણે સ્થલે ઘસીને જાએ ।૩૮।
કોઇ બેઠા કોઇ ઉભા રહી દર્શન કરે છે અતી ઉમહી ।૩૯।
ભીડે ભરી રહી છે તીબારી ભીડ આંગણમાં પુરૂષ ને નારી ।૪૦।
જલઘર ભીડ ને ભીડ અટાલી કોઇ જાવા પામે ન વચાલી ।૪૧।
હોમઘર અને કોઠા માંહાં ભીડ ભરી અતીસે જાંહાંતાંહાં ।૪૨।
એમ ગહગડી રહયું નીજ ધામ જ્યાં બેઠા છે પુરણ કામ ।૧૪૩।

સર્વની દૃષ્ટી સ્વરૂપની ઓર
એક ટક થઈ ગાઢર રસ ભરીયા
નખશીખ ઈંદ્રીય જુત અજ્ઞાન
આપાપણી રૂચીયું નીરખે
વરણ સમાન ને ભાવ સમાન
દાન સમાન રૂચી રસ ભરી
ક્રીએ તેા સ્વતઃ રસે સંજોગી
તેહ કરે છે રૂપ રસપાન
એ દાને ભર ઉભય સમાન
એણીપેરે ભાંત ભાંતની શ્રષ્ટી
જે કોઇ જે અંગે અનુરાગ્યા
એવું મધુર અગ્યંકત શ્રીઅંગ
એહ રસ ગુઢ તે કહેતાં નાવે
જેને એ સ્વરૂપનુ કર્યું છે દાન
એણીપેરે બેઠા છે ગાદીએ આવી
એહવે બીડી ખવાસજી લાવ્યા
કરમાં આપી અતી રસ ભરી
મુખમાં મેલી મુખ વીકસાવી
ચુતવટીથી ચુનેા લેઇ
ત્યાંહાંથી પ્રાણ વલ્લભજીએ લીધેા
બકતેા આપ્યેા ખવાસજીને ફરી
તર્જની અંગુઠે ગેાલી કરી
શ્રીમુખ ઉંચુ કરી વીકસાવી
તે ગેાલી શ્રીમુખમાં કરી
તે કર જંઘા પર ધેાતીએ
વલતી ફાંક બરાસની લીધી
ચુનેા રહ્યેા જે અંગુલી પરસી
તે કર ક્ષાલ્યેા લાંબેા કરી
છેાલા તકીયા ઉપર મુખવસ્ત્ર
વલતા બેઠા તકીએ તે પરસી
જેને મનેારથ સેવ્યા તણેા
શ્રીઅંગના ઉપયેાગી સાજ
પેાતે સીધ થયા છે નાહી
એ પણ ઉભા છે સહુ સંગે
જોતા નયણ નીમેષ ન કરે
જે અંગને સુખ જોયા માંહાં

ચંદ્રને નીરખે છે જેમ ચકેાર ૧૪૪૫
સ્વારથ પરમારથ વીસરીયા ૧૪૫૬
એક નયણુ ઈંદ્રીયનુ જ્ઞાન ૧૪૬૬
નયણુ વીલંબત અંતર હરખે ૧૪૭૬
જેહવા રસનું કર્યું જાંહાં દાન ૧૪૮૬
પ્રેમવંતા નીરખે ફરીફરી ૧૪૯૬
અહરનીશ તેને આપ રસ ભેાગી ૧૫૦૬
પાન કર્યાંમાં છે મહા દાન ૧૫૧૬
એહને ઉપમા ના આવે આન ૧૫૨૬
નેયામાં જોએ રસની વૃષ્ટી ૧૫૩૬
તે તેહજ અંગમાં પાગ્યા ૧૫૪૬
નખશીખ નૌતન રસના તરંગ ૧૫૫૬
ભાવ ભાગીં સમુજે ભાવે ૧૫૬૬
એહ લહે તે સહુ ભાગ્યવાન ૧૫૭૬
ભાગ્યવતા નીરખે મન ભાવી ૧૫૮૬
લેઇને નીકટ પ્રભુને આવ્યા ૧૫૯૬
બાહાલે લીધી આદર કરી ૧૬૦૬
તે શેાભા કહેતા નવ આવી ૧૬૧૬
આગલ ધર્યેા અંગુલી પર ફેર ૧૬૨૬
તેમાંથી લેવાનેા અલગેા કીધેા ૧૬૩૬
રૂચતેા રાખ્યેા કરમાં ધરી ૧૬૪૬
અર્ધ અંગુઠે અર્ધ અંગુલી ધરી ૧૬૫૬
કર ઉંચેા મુખ પર વાલી ૧૬૬૬
શેાભા એ અતીરવચની રસ ભરી ૧૬૭૬
પુંછે છે શેાભા સેાહતીએ ૧૬૮૬
ઉછાલીને મુખમાં કીધી ૧૬૯૬
જોઇ હરખી રહ્યા સ્વરૂપના દરશી ૧૭૦૬
સ્વકીયની અંતર આરત હરી ૧૭૧૬
ત્યાંહાં દાખી પુંછયેા તે કર ૧૭૨૬
જોઇ રહ્યા તે સ્વરૂપના દરશી ૧૭૩૬
કરે અભીલાખ તે મનમાં ધર્યેા ૧૭૪૬
કરી કરી રાખ્યા છે એણે કાજ ૧૭૫૬
દર્શને આવ્યા છે તે ઉમાહી ૧૭૬૬
ભાવ ભર્યા જુએ રસ રંગે ૧૭૭૬
અંતર નીત આરત હરે ૧૭૮૬
તે અંગ તૃપ્ત થાએ ત્યાંહાં ૧૭૯૬

નયણ તૃપ્ત થયે સુખ જેહને સુખની પરમીત નાવે તેહને ।૧૮૦।
અયોગ થકી આતુર જે અંગ તે આરત ભરી ઇચ્છે છે સંગ ।૮૧।
જોકને સુખ એક આરત ભરીયા એમ દ્વીદલાત્મક રસે અનુસરીયા ।૮૨।
એક અંગમાં એમ કરે ભોગ એક સમે વીપ્રયોગ ને સંયોગ ।૮૩।
જે રસ જાણે રસના રસીયા જે વાહાલાજીને મન વસીયા ।૮૪।
વેધાયા જેહના અંગ અંગે સુખ માને છે એ અંગ સંગે ।૮૫।
પ્રેમ પુંજના પાત્ર સરસીલા પ્રતીઅંગ રૂપ રસે રસીલા ।૮૬।
જેહને સ્વરૂપ રસે કર્યું દાન એ રસ જાણે તે ભાગ્યવાન ।૮૭।
કોઇ વાત્સલ્યે વીલસે નયણ શુભ શુભ ઇચ્છે ન બોલે વયણ ।૮૮।
કોઇ કામારત નયણે પરખે નખશીખ રૂપ જોઇ મન હરખે ।૮૯।
કોઇ મહાતમ હરશી તે દ્રીષ્ટે પ્રમુદીત થયા પ્રતાપ રસ વૃષ્ટે ।૯૦।
કોઇ સાતવીક સાતવીકતા સાથે અંગીકૃત કીધા છે જે નાથે ।૯૧।
તે સાત્વીકતાએ શ્રીમુખ નીરખે આરંદ્ર પુલકીત થઇ અતી હરખે ।૯૨।
નયણે જોયામાં જે જુગત તેહ વીસર થાએ નહીં વીગત ।૯૩।
દર્શન રસ લેઇક જોટે કરી વાહાલાજી પણ સમ અભીલાષે ।૯૪।
પ્રેમ દુરાવીને દુરી દ્રષ્ટે સતકાર કરે છે અતી રસ વૃષ્ટે ।૯૫।
સ્વરૂપને જોઇ ભકત રીજે મન પ્રભુ પોતાનું માને છે ધન્ય ।૯૬।
નીજ સાફલ્ય કરી માને છે ત્યારે સતકાર ભકતનો કરે છે ત્યારે ।૯૭।
એમ ઉલ્લસની જે રસ રીત તે અહીં જોએ કરી પ્રીત ।૯૮।
નયણે નયણ તણો સતકાર મને મન ભાવનો અંગીકાર ।૯૯।
અંતર ભાવના જોએ તરંગ તે કહેવા મનસા થઇ પંગ ।૧૦૦।
એ રસ જાણે અનુભવી પાત્ર કહેવાને નહીં કેનુ ગાત્ર ।૧।
એણીપેરે અનેક પ્રતી જોયે દાન અનેકના અનેક ભાંતે જોએ સનમાન ।૨।
એમ બેઠા છે માદી તકીએ તે શોભા માંહાં લગી કહી શકીએ ।૩।
સહુ બેઠા સનમુખ આસપાસ દર્શનને રસે કરી હુલાસ ।૪।
જોતા નયણ નીમેખ ન જોડે અતી આરત જુત ભરીયા કોડે ।૫।
કીર્તનીયા જે કીર્તન કરે ગાન રસે પ્રભુનો રસ ભરે ।૬।
ભાવાત્મક રસ ગાને કરી ભગવદીના ઉરમાં ભરી ।૭।
આરત ઉત્કંઠા અભીલાષ રસભઇ પ્રગટ કરે શત સાખ ।૮।
તેણે ભગવદી ઘણુ રીજે ગાન સુણીને ઉરમાં ભીંજે ।૯।
પ્રભુ પ્રભુ એ રસ ભાવાધીને રીજે છે સુણી ભાવ નવીને ।૧૦।
પ્રભુજીને રૂચે સુંદર ગાન ગાનનું કરે તે અતી સનમાન ।૧૧।
કોઇ પ્રશ્ન પુછે જોણે સમય જે જેહના મનમાં ગમય ।૧૨।
કોઇ સમે વારતા કરે રસાલી સુણી સહુ શકે ન આપ સંભાલી ।૧૩।
કોઇ સમે સ્વતંત્રી કહે સીધાંત એક વચને કરે મનોરથાંત ।૧૪।

કો સમે વારતા ભાંતી અનેરી ચાલે છે ભાંતી ઘણેરી ।૨૧૫।
કો કમે જંભાએ મુખ વીકસાવે કર ઉલટો મુખ ઉપર ભાવે ।૧૬।
તે સમે ચુટકી દે સહુ કોઇ પ્રમુદીત થાએ શ્રીમુખ જોઇ ।૧૭।
જદ્યપી દારૂણ પડે છે શીત પણ થઇ જાએ છે આંહાં વીતીત ।૧૮।
યહાં રીતુ સુખદાયક શી ભાસે સમજયો ન જાએ શીતનો આસય ।૧૯।
એહવે અંગસેવક હીતકારી સેવાએ તત્પર સમય વીચારી ।૨૦।
તેલ સેજ્યાનો કરે છે સાજ એકત્ર થઇ એ સુખદ સમાજ ।૨૧।
તેલની સેજ્યા આણી ધરી જે સાદી સુતલીએ ભરી ।૨૨।
કોઠા ભીતર તે બીછાવી દક્ષીણ ભાગે લેઇ સુભાવી ।૨૩।
સીરાણુ પશ્ચીમ પુર્વ પાંગત સેજ્યા ઢાલી એણી ભાંતે ।૨૦।
તે નીચે ધરી એક અંગીઠી જેહની આંચ પ્રબલ નહીં મીઠી ।૨૫।
તેહને પૈયા તે આઠ ફીરતા જહીં ખેંચે તહીં રહે પરવરતા ।૨૬।
સેજ્યા ઉપર સુખદ સુપેતી ચાદર ને સીરાહણા સમેતી ।૨૭।
તેહને તાતી કરે સુખાલી અંગીઠી ફેરે તે સંભાલી ।૨૮।
ચરણવસ્ત્રને બીછાઈ જુલીચી સેજને નીકટ સમારી નીચી ।૨૯।
ચોકી સેજ તલે લઈ રાખી ચરણ ધર્યાને મન અભીલાખી ।૩૦।
તેલ બલાદ સીધ્ધ કરી રાખ્યું શ્રીઅંગ હીતને હીત અભીલાખ્યું ।૩૧।
જે કરી રાખ્યું છે કરી પ્રીત વૈદીક શાસ્ત્ર તણી બહુ રીત ।૩૨।
તેમાં દ્રવ્ય સુગંધ અનેક કીધું છે જે બહુ વીવેક ।૩૩।
તે તેલ ભગવરીને ભાવ્યું જે વાહાલાજીને સાતેમ આવ્યું ।૩૪।
જે કટોરે ભરી સીધ કર્યું લેઇ સેજ્યા નીચે તે ધર્યું ।૩૫।
પરદની કોમલ મહીન સુપેત ચુણીને સીધ કરી વાહાલાના હીત ।૩૬।
જેહને હાથે ન હોએ સીત જેના કર કોમલ નવનીત ।૩૭।
જેહને તેલ લગાવાનો નેગ તે સમય આવે થઇ વેગ ।૩૭।
તેલ લઈ કર કોમલ કરે કટી બાંધી સીધ થઇ ફરે ।૩૮।
દીવી દીવો મેલ્યો ઉદ્યોત તેની ઝગમગી રહી જ્યોત ।૩૯।
ચોથી બીડી લેઈ ખવાસ બેઠા વાહાલાજીની પાસ ।૪૦।
પ્રથમની મેલી પ્રાણાધારે લીધી ભાગ્યવાને તેણીવારે ।૪૧।
જલ ગડુઓ લેઇ આગલ ધરે રૂચી હોય તો અંગી કરે ।૪૨।
રસ ભરી બીડી કરમાં લીધી લટકાસું શ્રીમુખમાં દીધી ।૪૩।
ચુનો બરાસ તે લીધો રૂચીસું વલતો કર પ્રક્ષાલ્યો સુચીસું ।૪૫।
વલતા ખવાસજી ઉઠ્યા વેગે જલ ગડુઓ પીઢો લઇ વેગ ।૪૬।
પીઢા પર ગડુઓ છે જ્યાંહાં કપુર ને ચુનવટી ધરી ત્યાંહાં ।૪૭।
તે પીઢો ખવાસજીએ લેઇ ભીતર મેલ્યો તે મન દેઇ ।૪૮।
છોટો તકીયો મુખવસ્ત્ર લીધું તે બીજા સેવકને કર દીધું ।૪૯।
એહવે ભીતર ભગવદી જે બેસે તે આગલથી ધસી અને પેસે ।૨૫૦।

સેજ્યાની પાછલ ભીંતે અટકી બેઠા છે હાર કરીને ઠઠકી ૧૨૫૧
તેલ લગાવે ચરણે જેહ પંગતી દીશ આવી રહયા તેહ ૧૫૨
કે૦ ઉતર દીશં સનમુખ આવી બેસે છે સ્થલ જોઇ મન ભાવી ૧૫૩
એહવે ખવાસજી આવ્યા આંહાં બેઠા તકીયાની પાછલ ત્યાંહાં ૧૫૪
તકીયે પરસીને દેઇ થાપ જે રાજ કહીને ઉભા આપ ૧૫૫
પ્રાણ વલ્લભ સમયો જાણી એની વીનતી ચીતમાં આણી ૧૫૬
તકીયાથી અલગા રહયા ઉકસી તકીયો ઉઠાવ્યો ખવાસજી હુલસી ૧૫૭
પછે પરદની સેઇ બહાર આવ્યા તે સહુ કેને મન ભાવ્યા ૧૫૮
આવીને ઉભા આગલ આહીં જીરાજ ઉઠીએ વચન કહી ૧૫૯
સર્વ ભગવદી થયા અહીં સીધ આતુર થઇ જોવા મહાનીધ ૧૧૦
ઉઠવાનો સમયો એમ જાણી કે૦ વલી ભીતર ગયા મન આણી ૧૧૧
કે૦ વલી ઉઠીને ઉભા થાએ કે૦ તીબારીમાં બેસીને જાએ ૧૬૨
સહુ હલમલી રહયું બહુ રીતે જોવાને વલ્લભ વરને પ્રીતે ૧૧૩
કે૦ દ્વારે રહે જમણી પાસ કરીને દર્શન કેરી આશ ૧૬૪
અહીં રહીને તેલસજ્યા થકી દર્શન થાસે એમ મન તકી ૧૬૫
કે૦ એણી દીશે હાર કરી ઉભા છે તે ઉલટ ભરી ૧૬૬
દર્શન થાએ જેહને જયાંહાં તે અટકી રહયા છે ત્યાંહાં ૧૬૭
એહવે ઉઠયા પ્રાણાધાર સર્વત્ર હવો જેજેકાર ૧૬૮
ફરચુલ અંગથી અસતી કીધી મધ્યેથી ભગવદીએ લીધી ૧૬૯
ઉભા રહીને ભટ પંડીતને આજ્ઞા કરી વચને કહી હોતને ૧૭૦
સૃષ્ટી ઉપર ફેરી શુભ દ્રષ્ટી કીધી યથા યોગ્ય રસવૃષ્ટી ૧૭૧
વલતા ગાદી થકી ઉતરીયા ભીતરના ભગવદી હીત ભરીયા ૧૭૨
કુમકુમ લટકાસું કરે ગમન પધાર્યા ભીતર સુખભવન ૧૭૩
ભીતરના ભગવદીના ભાગ વીસહ કર્યા કરી નીજ અનુરાગ ૧૭૪
તે જે જે કહી મનમાં હરખે આનંદ રસે ઉમંગી ઉર વરખે ૧૭૫
નયણ તૃષારતીને તૃપ્ત કરે ઉર અંતરની આરત હરે ૧૭૬
પધારીને પ્રાણાધાર સેજ નીકટ ઉભા તેણીવાર ૧૭૭
ચરણવસ્ત્ર જે નીચે બીછાવ્યું તે ઉપર ઉભા તે મન ભાવ્યું ૧૭૮
ઉતરની દીશે સનમુખે થઇ તેલ સેજને પીઠ દેઇને ૧૭૯
અંગીઠી તે નીકટ સેઇ રાખી બહુ રહયા કાજમાં અભીલાખી ૧૮૦
કે૦ રહયા તેલ લગાવા કાજ કે૦ રહયા તેલનો સેઇને સાજ ૧૮૧
કે૦ રહયા પરદની સેઇ પાસ કે૦ ઉભા કરી દર્શનની આશ ૧૮૨
કે૦ સેજ નીચે અંગીઠી ફેરે કે૦એ સુપેતી તાતી હેરે ૧૮૩
કે૦ પંગતી દીશ ઉભા આવી ચરણે તેલ લગાવવા મન ભાવી ૧૮૪
કે૦ કીર્તનનો સાજ કરી ગાનને ઉભા ઉલટ ભરી ૧૮૫
કે૦ નખશીખ જોઇ મન હરખે કે૦ અતી સુંદર શ્રીમુખ પરખે ૧૨૮૬

જે અંગે રહયા જે અરૂજી બુધી બલે ન શકે તે સરૂજી ।૨૮૭।
એહવે પરદની કરે લીધી બેહુ કરે કટી પાછલ કીધી ।૮૮।
કો સમે હાંસીનો હોએ પ્રસંગ સહુના મનમાં અતીસે રંગ ।૮૯।
પરદની પાલવ એક કરે ગ્રહી હંસે છે હાસ્ય રસે ઉમહી ।૯૦।
તે જોઇ હંસી હંસી આવે ખાલી કો શકે નહીં આપ સંભાલી ।૯૧।
પરદની પહેરીને ધોતી મેલી તે ઉઠાવી લીધી વહેલી ।૯૨।
વલતી વેગ કભાઇ ઉતારી ઉઘાડે અંગ જોઇ વારી ।૯૩।
ઉપરેણો મસ્તકસું લપેટી ઉપવીત કટીની પાછલ વીંટી ।૯૪।
વેગે પધાર્યા તેલસેજ પોઢયા ઉતાના કરી હેજે ।૯૫।
કાછ પરદનીનો શુભ વાલી માલા કંઠ તણી તે સંભાલી ।૯૬।
પોઢયા સુખ સંયોગે સરકી સેવક પાસે આવ્યા હરખી ।૯૭।
દક્ષીણ વામ કરે બે પરસ્યા તેલ લગાવતા આનંદે વરસ્યા ।૯૮।
ઝંઘા જાનુ પીંડુરી બેહુ તેલ લગાવે સુખસું એહ ।૯૯।
પંગતીની દીશે બે જણ આવી દંડવત કરી બેઠા મન ભાવી ।૩૦૦।
તેલ કટોરો કરમાં લેઇ ચરણાર્વીંદે શીષ દેઇ ।૧।
વલતાં પદ પલવે કર પરસી તેલ લગાવે છે મનમાં હરખી ।૨।
તેલ કટોરો હાથ છે જેહને કરસું આપે જોઇએ તેહને ।૩।
કરના તેલ લગાવણહાર મૃદુલ કરે કરી પરીચાર ।૪।
અતી કોમલતાએ કર ફેરે મધ્ય મધ્ય ફરીફરી શ્રીમુખ હેરે ।૫।
વારતા નૌતન કરે રસાલી પ્રભુની રીઝે કરે વાલીવાલી ।૬।
પ્રભુના વચનનુ અનુમોદન કરે છે થઇ થઇ અતીસે પ્રસન્ન ।૭।
જાનુ જંઘાના અભ્યંગ કરનહાર મનમાં કરે છે અનેક વીચાર ।૮।
પોતા તણા તે ભાગ્ય સરાહે મનમાં અતીસે ઉમાહે ।૯।
કહે અમો કોણ જીવ કયાં કયાંથી આણ્યા કૃપા ભરે જયાં ત્યાંથી ।૧૦।
આણીને કરૂણા અતીસે કીધી આપે જોગ્યતા અમને દીધી ।૧૧।
એમ પુલકીત થઇ થઇને રીજે અંતરગતીમાં અતીસે ભીંજે ।૧૨।
ચરણાર્વીંદે જે અનુસરીયા તેલ લગાવે ભાવે ભરીયા ।૧૩।
આશ્ચર્ય પામે ફરીફરી મન માંહાં આવું એ સુખ અમને કહાં ।૧૪।
એ શું સત્ય કે સ્વપ્નું કહીએ કોટી સાધને જે નવ લહીએ ।૧૫।
કોટી કોટી ફલ વારી નાખું એ સુખની કણીકા અભીલાખું ।૧૬।
એ ચરણાર્વીંદ મારે હાથ આપ્યા કરૂણા કરીને નાથ ।૧૭।
એમ પુલકીત રોમાંચીત થાએ અંગ અંગમાં ન સમાએ ।૧૮।
એવા ભાવ વીચારે અનેક તેહનો થાએ નહીં તે વીવેક ।૧૯।
જે જે શ્રીઅંગે પરસે એમ તેહના ભાવ તણો નહીં નેમ ।૨૦।
વલી કોએ બેઠા જમણી પાસ કરીને દર્શન કેરી આશ ।૨૧।
ભીંતસું અટકી હાર કરી બેઠા સેજ્યા નીકટ ફરી ।૩૨૨।

નીમેષતાએ અંગ વીચારી શ્રી અંગ નીરખે નીમેષ વીસારી ।૧૨૩।
વલી માંહોં માંહેં કાને લાગી વાત કરે છે અતી અનુરાગી ।૨૪।
શોભા સુંદરતા કહી કહી રીજે છે અંતરમાં ઉમહી ।૨૫।
વલી છલના વ્યોંત વીચારે એહ આલોચે વારેવારે ।૨૬।
ભાંઇ દીશ દોહોરી કરી હર બેઠા ભાગ્યવાન તેણીવાર ।૨૭।
મધ્યે બેઠા ગુણીજન આવી ગાનનો સાજ કરી મન ભાવી ।૨૮।
તંબુરો કે જંતરનો સાજ રીઝવવા વલ્લભ મહારાજ ।૨૯।
સારંગી સુર મધુર બોલે કોણ કરૂં એ સુરાવર્ત તોલે ।૩૦।
બેઠા ગાન વીવીધ પેરે ગાએ જે જે પદ પ્રભુને સોહાએ ।૩૧।
નિત નૌતન જે જે ઉકત ગાએ સુર બંધાન કરી જુકત ।૩૨।
પદ કુ પદ અને ગાએ ખ્યાલ પ્રભુ તણી રીજે જે થાએ નીહાલ ।૩૩।
લૌકીક અલૌકીક સર્વ સધાયે એહોના ભાગ્યનું કહયું ન જાએ ।૩૪।
એ રીઝી રીઝીને ગાએ ઉલટ અંગ અંગમાં ન સમાયે ।૩૫।
નીજ વીદ્યાને માને ધન્ય આજ કો અમ સમાને નહીં અન્ય ।૩૬।
હમ બેઠા આણે સમે પાસ એમ મનમાં પ્રગટે હુલાસ ।૩૭।
વલી ભગવદી સમુહ તે તીબારી બેઠા દર્શન આશ વીચારી ।૩૮।
કો દેહરીમાં બેસે અટકી કો બારસાખે રહયા છે ઠઠકી ।૩૯।
જેને જ્યાં રહી દર્શન થાએ તે જેમ તેમ ત્યાંહાં રહયા સમાઇ ।૩૪૦।
એહ તીબારી રહી તે ભરી આંગણમાં રહયા પરવરી ।૩૪૧।
કો બેઠા આપાપણે મુલ તે કોઇ બેઠા વચન સાંભલતે ।૪૨।
કો વચનામૃતને સંભારે કો રીઝે છે વારેવારે ।૪૩।
કોએ સ્વરૂપ સરાહે ઘણુ કહે છે શું કહું અંગ અંગ તણુ ।૪૪।
જેહને જે રૂચે છે વાત તે તેહવી કરે નાના ભાંત ।૪૫।
જે કોઇ જે અંગે જોઈ જોઈ રીઝે તેહ રસમાં રહયા ભીંજે ।૪૬।
સ્વરૂપાત્મક વાતો જુજવી કરે છે ભાંતી ભાંતી અનુભવી ।૪૭।
સર્વના સ્વરૂપે અકર્ષ્યા મન એતદ રસથી કો નહીં ભીન ।૪૮।
એમ સર્વત્ર રહયુ ગહગહી તે સમૃદ્ધ કેમ શકીયે કહી ।૪૯।
પ્રભુ તેલ સેજ્યાએ બેસે જયારે કો ભગવદી ઘેર જાએ ત્યારે ।૫૦।
કો દેહકૃત્ય કરવાને કાજ કો કરવા ભગવદીના સાજ ।૫૧।
રાત્રે ભગવદી તેડવા ઘેર તેહના કાજની કરવા પેર ।૫૨।
કો કંઇ કાજ વીચારી જાએ તેને ઘેર ન રંચ સોહાય ।૫૩।
પોંચી પોંચીને આવે વેગ થઈ બેસે તે સહુ ભેગ ।૫૪।
એ ભગવદીના કૃત વીસ્તાર કહેતાં કહે ન આવે પાર ।૫૫।
માટે સુચનીકા મેં કરી અનુભવી લહેસે અનુભવે કરી ।૫૬।
પ્રાણ પ્રભુજી તેલ લગાવે ભકતની આરત અનેક નસાવે ।૫૭।
ઉતાના રહયા તેલ લગાવી કરવટ ફેરે છે મન ભાવી ।૧૫૮।

જમણે કર મસ્તકે ઉપરેણો ગ્રહયો દાબીને સુખ દેણો ।૫૯।
એમ પોઢયા છે ઉલટા થઇ પૃષ્ટના અંગ જે મહા રસમઇ ।૬૦।
તેનુ દેવા દર્શન દાન ભકત આરતનુ કરી સનમાન ।૬૧।
પૃષ્ટને અંગે તેલ અભ્યંગે ભાગ્યવાન મલી સંગ સંગે ।૬૨।
એક ભગવદી બેસે નેરે સેજ તલે અંગીઠી ફેરે ।૬૩।
વાહાલાજીને સોહાએ જયાંહાં અંગીઠી રાખે છે ત્યાંહાં ।૬૪।
તેલ લગાવે જે ભાગ્યવાન કરે છે રૂપ સુધા રસ પાન ।૬૫।
વલી કોઇ વાત કરે બહુ ભાંતી રાજ રાજેશ્વરને જે સોહાતી ।૬૬।
શ્રીમુખ વચને મધુર બોલે તેહને કોણ કરૂં સમતોલે ।૬૭।
પોઢયા કરે છે મધુર ઉચાર તે સુણે તેલ લગાવનહાર ।૬૮।
વચનનુ અનુમોદન તે કરે ફરી દોહોરાવી વચન રસે તે ભરે ।૬૯।
દુર થકી જે સુણે ન વચન સનમુખ કરી રહયા કરણ ને મન ।૭૦।
પણ તે વચનામૃત નહીં સુણે પસ્તાઇને નીજ શીષ ધુણે ।૭૧।
પાસેનાની પ્રસન્નતા જોઇ ધન્ય કરી માને સહુ કોઇ ।૭૨।
કોઇ સમે કો પ્રકારની વાત ચાલે છે નાના તે ભાંત ।૭૩।
તે વીસદ કરી કાંહાં લગી કહીએ એ સમયનો પાર લહીએ ।૭૪।
એણીપેરે પોંચ્યા તેલ લગાવી તે શોભા કાંઇ કહેતા ન આવી ।૭૫।
મસ્તકનો ઉપરેણો સંભાલી ઉઠયા અલવેસું કરવટ વાલી ।૭૬।
ઉતર મુખ સનમુખ તે કરી સેજયાએ બેઠા ઉલટ ભરી ।૭૭।
ચરણ તલે ચોકી સીધ કરી તે ઉપર પાદાંબુજ ધરી ।૭૮।
બેઠા અતી અલસાણે અંગ સ્વરૂપ જોઇ ગતી મતી હોએ પંગ ।૭૯।
ઉપરેણો જે શીષે લપેટયો તેણે માતુનીનો મદ મેટયો ।૮૦।
ઢલકી રહયો છે સીથીલતા સાથે અલવે અટકી નાખ્યો નાથે ।૮૧।
તેણે લેલાટની શોભા દબી કોઇ એક પ્રગટી નૌતન છબી ।૮૨।
દક્ષણ ભૃકુટી પર રહયો આવી તેણે અતી શોભા પ્રગટાવી ।૮૩।
નાસીકા અરૂણ તેજમઇ ઘણુ કેમ કહું વીસદ રૂપ તણુ ।૮૪।
નયણ ઘુંઘરટયા અતી અલસાયા પ્રેમ રસે પ્રમુદીત સરસાયા ।૮૫।
અધર અનુપમ રંગે ભરીયો તાંબોલ રસ રંગે ઉભરીયો ।૩૮૬।
પીક લીકે ઢલી આવ્યો રસાલ દીઠે રહે નહીં તેહ સંભાલ ।૮૭।
કરણ સકોમલ કમનીય ભ્રાજે ગલસ્થલ શુભ અભીનવ રાજે ।૮૮।
ઠોડી ઠામ ધામ વીશ્રામ ભાગ્યવંતાનુ પુરણ કામ ।૮૯।
ગ્રીવા માલ શ્રીકરે સુધારી કંઠે લટકતી દીશે ભારી ।૯૦।
રૂદય ઉરોજ જલકતા દીસે જોઇ જોઇ હરખે હૈયલડું હીસે ।૯૧।
દીપક જ્યોતે અતી ઉદ્યોત થઇ રહી શ્રીઅંગની જ્યોત ।૯૨।
ચાક ચક્ષ તેલાભ્યંગની તે ભારી અભીનવ શોભા પ્રગટી ન્યારી ।૯૩।
પરદની મરગજીએ જંઘા જાનુ ઉપમાં કોણ કરૂં એ સમાન ।૩૯૪।

ચોકી છોટી ઉપર ગાદી તે આછાદી વસ્ત્રે સાદી ।૩૬૫।
ક્ષીરતા પાનક બુટા બાલી દીશે અનુપમ ભાંતી રસાલી ।૬૬।
તે ચોકી સેન્યા તલે ધરી તેણે સમે લેઇ આગલ કરી ।૬૭।
તે ચોકી પર લેઇ ધરીયા ચરણ એણીપરે બેઠા જગ આભરણ ।૬૮।
કટીથી ઉપવીત લીધું સંભાલી સવ્ય ધર્યું તે અવલું વાલી ।૬૯।
માલા કંઠ તણી તે સુધારી ફેલી રહી તે રાખી સમારી ।૭૦૦।
મુખમાં બીડી જે રસ ભરી નીહોરીને ભકતના કરમાં ધરી ।૧।
પછે ઉપરણો જમણે કરસું શીષથી ઉતાર્યો સુખ ભરસું ।૨।
કરમાંથી લીધો ભાગ્યવાને જે પોષ્યા છે સ્વરૂપ રસપાને ।૩।
વલતો અવલે કરે અંબોડો અંગુલી ઉલસું અલવે છોડયો ।૪।
ઝટકીને સરલા કીધા કેશ બેહુ કરે કરી સુધાર્યા સુવેશ ।૫।
મુડબંધો જે ચુણીને ખવાસ ઉભા છે સનમુખ પ્રભુ પાસ ।૬।
તેહના પાલવના બેહુ ખુંટ બેહુ કરે ધરીયા તે અધ મુઠ ।૭।
પ્રથમ તે જન શીક્ષાને કાજ શીષ વસ્ત્ર ધરીયું મહારાજ ।૮।
તે ઉપર એક પાલવ ધરીયો શીષ શીખર ઉપર અનુસરીયો ।૯।
ક્ષીરતો પેચ સુધારી દીધો એક પેચ ગ્રહી આગલ લીધો ।૧૦।
તે જમણે કરસું રહયા ગ્રહી વામ કરે કચ ગ્રહયા ઉમહી ।૧૧।
અંગને લહેકે આગલ લીધો પેચ પ્રકાશી ભીતર કીધો ।૧૨।
વલતો પેચ તે દીધો ક્ષીરતો પ્રથમ પેચ સાથે અનુસરતો ।૧૩।
બેહુ કરે તે પેચને સુધારી ગોપન કીધા કેશ સમારી ।૧૪।
તે પર પેચ એક વલી દેઇ વલી જમણે કરે પેચ તે લેઇ ।૧૫।
પીત વસ્ત્રનો ટુક એક કર માંહાં લીધો અતી ઉલટ ભર માંહાં ।૧૬।
કેા સમે પેચમાં રાખ્યો તેહ ને વલી પુષ્પની માલા જેહ ।૧૭।
તેહનો ટુક તે કરમાં ધરી એ બેહુ રાખ્યા એકત્ર કરી ।૧૮।
વલતો પેચ પેચ પર દીધો ક્ષીરતા પેચનો મનોરથ સીધો ।૧૯।
પછે અવલા સવલા બહુ પેચ દે છે સુધારીને તે સુપેચ ।૨૦।
પેચમાં આભા શ્યામ જોઇ ત્રીયને ઉદ્યોધ કામ ।૨૧।
એક પેચમાં જે મન અટકે ત્યાંહાં થકી તે કેમે ન મટકે ।૨૨।
પેચ પેચમાં મન અરૂઝાયું સરજ્યુ જાએ નહીં સરૂઝાયું ।૨૩।
મધ્યે મધ્યે ચાલે વાત સુદેશ તેહ સુણે છે પ્રાણ વરેશ ।૨૪।
પાગ પેચ કરમાં રહે ધરી મુસકાઇ ઉતર દે ફરી ।૨૫।
છુટેા કેશ જે અટકયો પીઠે ભાગ્યવાન જોઇ રહયા દીઠે ।૨૬।
તે કેશનું અણી તે ગ્રહી લીધો સરકાવી દીત લહી ।૨૭।
કેશ તે રાખે રૂડી રીત જતન કરી અંતર ધરી પ્રીત ।૨૮।
કેા નીમેા પીઠે અનુસરી શીત નીવારણને રહ્યા ધરી ।૨૯।
કેા અંગીઠી સનમુખ રાખે ભાવ વાત્સલ્ય તણા અભીલાખે ।૪૩૦।

કો બેસે તે મનોરથ કરી ચોકીથી ચરણાર્વીંદ કર ધરી ।૪૩૧।
તાંહાં લગાવે તેલ તે ફરી ભાગ્યવાન સંગે અનુસરી ।૩૨।
તેહના મોદ તણુ શું કહીએ બુદ્ધ વચને કરી પાર ન લહીએ ।૩૩।
સહુ કો રહ્યું છે સનમુખ જોઈ ઇક્ષણ જ્ઞાન ઇતર નહીં કોઇ ।૩૪।
દ્વારની સાખાએ અટકીને ભકત સનમુખ ઉભા છે અનુરકત ।૩૫।
ભીતર થકી તે હાર કરી તીરછા ઉભા છે તે ફરી ।૩૬।
દર્શન થાએ જાંહાં લગી રહી ત્યાંહાં ઉભા છે સ્થલ ગ્રહી ।૩૭।
સ્ત્રી પુરૂષનું નહીં વીજ્ઞાન દર્શન કરે છે સર્વ સમાન ।૩૮।
આપાપણે ભાવે ભરીયા સહુ કો દર્શન રસે અનુસરીયા ।૩૯।
જે કો બેઠા હુતા જ્યાંહાં ધસીને દર્શને આવ્યા ત્યાંહાં ।૪૦।
સહુ હલમલી રહ્યુ તેણી વેલા રાજતીબારીમાં થઇ ભેલા ।૪૧।
કો આગલ પાછલ થઇ થઇ ઉંચા થઇ નીરખે રસમઇ ।૪૨।
કો ગડુઆને મંદીર જઈ કાજ કરે છે વાત્સલ્યમઇ ।૪૩।
ગડુઓ જલ તાતે ભરી મૃતીકા કોમલ લેઇ ત્યાંહાં ધરી ।૪૪।
અંગીઠી એક કરી ઉદ્યોત જેહની દુરી જલહલતી જ્યોત ।૪૫।
ધવની સામગ્રીએ કરી રાખી ન્યારી તે દુરી ।૪૬।
રાખ્યો દીપક પ્રગટ કરી સુંદર બાતી તેલે ભરી ।૪૭।
રોકયા મોખા જારંદ્ર ને જાલી પવન પ્રવેશ કરે ન વચાલી ।૪૮।
મકરંદ મહેકાવ્યો તેણે ઠામ સૌરભ આવે હોએ અભીરામ ।૪૯।
એમ બહુ જતન કરી ફરીયા મનમાં અતીસે ઉલટ ભરીયા ।૫૦।
કો ભાગ્યવાને પનહી તે ગ્રહી પોતાનુ પુરૂષારથ તે લેઇ ।૫૧।
રૂદયસું ધરી શીષ ચઢાવી અતીસે અંતરગતમાં ભાવી ।૫૨।
બેહુ પનહીમાં બેહુ કર દેઇ ઢાંપી રહયા રૂદયસું લેઇ ।૫૩।
ભીતર રહે ન રંચક શીત એમ રાખી છે એ નીમીત ।૫૪।
એહવે બાંધી પહોંચ્યા પાગ અંતરગત ભરીયા અનુરાગ ।૫૫।
ટુક એક પટવસ્ત્રનો જે પીત પાગ ઉપર બાંધ્યાને નીમીત ।૫૬।
ખવાસજીએ આગલ કરીયો પ્રાણ વલ્લભજીએ બેહુ કરે ધરીયો ।૫૭।
પાગ ઉપર મધ્ય પેચે ભરી બાંધ્યો દોઢી ગાઠે કરી ।૫૮।
વલતો નીમો પહેર્યો અંગ જેહનો છે અતી સુંદર રંગ ।૫૯।
મનોરથ કરી લાવ્યા ભાગ્યવાન તેહને એ સમે કર્યું દાન ।૬૦।
પ્રમુદીત થઇને પહેર્યો પોતે આનંદ પામ્યા એ સુખ જોતે ।૬૧।
તેહની છુટી રાખી તની બંધ રહયા બેહુ દીશના બની ।૬૨।
એહવે દીવટ પ્રગટી આણી તેહ સમય નવ આવે વાણી ।૬૩।
લાવીને ઉભા વેણા પાસ શ્રીમુખ જ્યોતી થઇ પ્રકાશ ।૬૪।
વલતો ઉપરેણો કર લીધો શ્રીકરે કરીને એકત્ર કીધો ।૬૫।
અવલા સવલા પેચ અનુપ મસ્તકે દીધા શ્રી ગોકુલ ભુપ ।૪૬૬।

ભીતર બેઠા છે દરશન કાજ
ચોકી જે ચરણ તલે લેપ ધરી
નીચે ચરણવસ્ત્ર લેપ ધરીયું
વલતા ઉઠયા અલવે કરી
પછે પરદનીની કુંજલક ટાલી
પધાર્યા પ્રમુદીત થઇ પોતે
દીપક આગલથી લેપ ચાલે
ડગમગતે ડગલે લેહેકાસું
બારની સાખાએ કર પરસી
અંગ અંગે દાન તણી ડોએ વૃષ્ટી
એહ વૃષ્ટીનુ રૂપ અભીષ્ઠ
વીપ્રયોગ સંયોગનું ધામ
સંતોષણ પોષણ રસ રીત
એ રસ ઉદબોધ ઉદીપન કરણ
આરત ઉતકંઠા ઉપજાવે
નયણ તપ્તને શીતલ કરે
એક એક અંગમા સ્વરૂપ સામર્થ
આનંદ મોદ પ્રમોદનું દાન
કેા રીઝયા ઉપરેણાના પેચે
મધ્યને પેચે પીત વસ્ત્ર ધર્યું
પાગ પેચ શ્રંગારનું ધામ
સોહે સુંદર સુઘટ લેલાટ
ત્યાંહાં મરગજી તીલકની રેખ
જમણી દીશે ભ્રકુટીના બાલ
કેા અમે એ શોભા એમ દીસે
એ જાણે જે સ્વરૂપના જાણ
ભ્રકુટી પરમ વીમોહક રૂપ
કરણ વચન રસના ભરણી
આવ્યા તે ઉપરેણાના પેચ માંહાં
નયણા સલુણાને શું કહીએ
પ્રણીયાલા અણીયાલા તે નયણ વીશાલ
રસ ભરી દ્રષ્ટી શ્રષ્ટી પર ફેરે
આકર્ષી નયણાત્મક કરે
અપણાવે એક ઈક્ષણ માત્રે
ભકત નીરોધક બોધક રૂપ
દાન ભર્યા ને દયા ભર ભરીત

તે ઉભેા થયેા સર્વ સમાજ ૧૪૬૭
તે સેજના તલે કીધી ફરી ૧૬૮
કર ફેરીને શુધ તે કરીયું ૧૬૯
ચરણવસ્ત્ર ઉપર પદ ધરી ૧૭૦
દામેણ નીમાની તે સંભાલી ૧૭૧
મગ્ન થયા મન સહુના નેતે ૧૭૨
શ્રીમુખને ફરી ફરી નીહાલે ૧૭૩
અનેક સુગંધ તણા મહેકાસું ૧૭૪
પધારે છે રૂપ રસ વરસી ૧૭૫
સીંચન થાએ એતન શ્રષ્ટી ૧૭૬
અવ્યકત માધુરી મધુર મીષ્ટ ૧૭૭
અલીલાખીઓનું પુરણ કામ ૧૭૮
એ રસ કણીકાએ પ્રગટે પ્રીત ૧૭૯
પ્રતીઅંગે પ્રતી રસનુ ભરણ ૧૮૦
અંતરના પરીતાપ સમાવે ૧૮૧
અંગનેા રસ અંગના અંગે ભરે ૧૮૨
એક અંગે સરે સ્વરૂપનેા અર્થ ૧૮૩
ભકતને કરે છે કરી સનમાન ૧૮૪
પાગ ઉપર જે દીધા સુપેચે ૧૮૫
કેનુ મન રહે ત્યાંહાં અનુસરીયું ૧૮૬
મધ્યે મધ્યે દીસે આભા શ્યામ ૧૮૭
ઝલકતું દીસે પરમ સુઘાટ ૧૮૮
કયાંહું એક રહી ગઇ છે શેષ ૧૮૯
મુડબંધા માંહે દીધા રસાલ ૧૯૦
સ્વરૂપ રસીકના હૈયડા હીસે ૧૯૧
અનુભવી વીના કેા ન લહે આન ૧૯૨
વલી રહી છે પરમ અનુપ ૧૯૩
ભકત વાકયના અનુસરણી ૧૯૪
કેહેની દ્રષ્ટી રહી છે ત્યાંહાં ૧૯૫
દાન સમાને જાણી રહીએ ૧૯૬
બંક ચીતવની પરમ રસાલ ૧૯૭
ભાગ્યવંતીના મન હેરે ૧૯૮
નયણમાંહાં રૂપ તણેા રસ ભરે ૧૯૯
સર્વત્ર સોંપી રહે રસપાત્ર ૧૫૦૦
રસ ઉદીપન પરમ અનુપ ૧૧
દાન ભર્યા તે અમી અનુસહીત ૧૫૦૨

કરૂણા ભરીત મહા રસ ભરીયા કૃપા સમુહે રહે પરવરીયા ।૫૦૩।
વીચીત્ર કટાક્ષ ભાવ નીરૂપણીય મનવૃત જાણ અંતરગત તણીય ।૪।
પ્રેમના પારખુ પ્રેમના જાણ જેહના ધર્મ ન થાએ પ્રમાણ ।૫।
એહવા અનેક નયણના ધર્મ રસભોગી વીન લહે ન કો મર્મ ।૬।
નાસા નીરૂપમ જ્યોતી પ્રકાશ ફેલી રહયો છે પરમ સુવેશ ।૭।
ભકતના મકરંદનો લે સુવાસ એ આમોદની અહરનીસ આશ ।૮।
મકરંદે રહયા કો ભીંજી કો રહ્યા શોભા અનુપમે રીઝી ।૯।
મુછ મૃદુલ ગતે રહી તે ઢલકી ઉભય દીશે રહી તેજે ઝલકી ।૧૦।
એ શોભાએ અટકયા નયણ રીઝે પણ કેમ કહે વીણ વયણ ।૧૧।
અંતરગતીમાં અકુલાએ સ્વાદ લહે પણ વીસદ ન થાએ ।૧૨।
ગલમંડલ જે ઉભય ઉદ્યોત ઝલકી રહયા સનમુખથી જોત ।૧૩।
ગૌર અરૂણતા લીધે સોહે કો એ અંગ જોઈ જોઈ મોહે ।૧૪।
અધર અનુપમ રસના ભોગી ભોગ વરેન્દ્ર ભોગના સંયોગી ।૧૫।
લીક લીકે રસ પીકનો ઢલીય ફીરતી રહી છે લીકાવલી ।૧૬।
લોભાત્મક રસ એ રસ રૂપ સર્વોપર તર પરમ અનુપ ।૧૭।
રંગે રચી રહી અરૂણાઈ એ શોભા કાંઈ કહી ન જાએ ।૧૮।
મહા મનોરથીના મનોરથ દાતા અવ્યકત રસે ઉનમત રસ માતા ।૧૯।
ઉદર ઉદધી અવધી રસ રૂપ રસીકને દાન દે પરમ અનુપ ।૨૦।
કેના નયણ રહયા અહીં અટકી મન બુધી જ્ઞાને શકે નહીં મટકી ।૨૧।
સર્વ ઈંદ્રીયનું એતદ જ્ઞાન પરસપર તે કરે સનમાન ।૨૨।
એક રસે મન ભાવે વીલસે એહ સ્વરૂપ જોઈ જોઇ હુલસે ।૨૩।
જેહને જે રસનું છે જ્ઞાન તે સનમુખ રહયા ભાવ સમાન ।૨૪।
એ સ્વરૂપને નખશીખ નીરખે પુલકીત રોમાંચીત થઇ હરખે ।૨૫।
મનમાં મનોરથ અનેક ધરે વાહાલોજી પુરણ તે કરે ।૨૬।
ઠોડી ઠામ ધામ વીસરામ એ રસ રૂપ ને પુરણ કામ ।૨૭।
ગ્રીવા ગુણનીધીની ગુણ ભરી તે કહી જાએ નહીં વીસદ કરી ।૨૮।
નીમો પહેર્યો નૌતન ભાંત વીલસી રહયો શોભાની પાંત ।૨૯।
સુભગ સોસની રંગ સુદેશ મગજી અરૂણ અનુપમ વેશ ।૩૦।
દરીયાઈ રંગ ગુલે તારી તેહના બંધ ઉભય દીશ ભારી ।૩૧।
કો સમે નીમાની બાંધે તની તે રાજે છે અતીસે બણી ।૩૨।
કો સમે છુટે બંધ સુદેશ તેહ દીસે છે અનુપમ વેસ ।૩૩।
તે થકી રૂદય અનુપમ ચલકે દીપક જ્યોત તે ઝલકે ।૩૪।
માલા મલી રહી ત્યાંહાં લસી ચાલતામાં ઢલકે હુલસી ।૩૫।
એકમાં ગ્રંથી અનુપમ દીસે તે જોઇ જોઇને હૈયલડું હીસે ।૩૬।
મુસકાતા મૃદુ વચન ઉચારતા આરતીઓની આરત હરતા ।૩૭।
પધારે છે પ્રમુદીત થઇ ભાગ્યવાન નીરખે રસમઇ ।૫૩૮।

કે બાંહ દીશ આવ્યા ધસી
જમણી દીશ ભીડનો નહીં પાર
ભીતરના આવ્યા સહુ ધસી
કે દેહેરી પર ઉભા આવી
તે પૃષ્ટ ભાગનું દર્શન કરે
કે ઉંચા તેથી ઉંચેરા
કે સનમુખ મુખ નીકટ તે આણી
કે પાછલથી ફર્યા ભર થઇ
કે ચોતરી દીશે સનમુખ ભરીયા
નીરખતા પાછે પગલે જાએ
કે ખાંભી ઉપર પગ દેઇ
કોઇ કોઇ નીરખતા સાથે ચાલે
કેને એ સમયના સ્વરૂપનુ જ્ઞાન
નખ શીખથી ફરી ફરીને નીરખે
સુરતે સ્મરણે અંતરગતે મનમાંહાં
એણીપેરે નીરખતાં હરખતાં એહ
એ સમય કહું પરમ સોહાગી
કેએ શોભા કહું અનુરાગી
કે પધાર્યાનો લટકો સુદેશ
કે મુસકની જ્યોત અધર પ્રકાશ
કે કહું અવ્યકત ગતી આવણી
એ છબી એ સ્વરૂપ રસ રૂપ
શું શું કહીને શું કહીએ
એણીપેરે પધારે છે આપ
બાંહ ખુંભીએ કર પરસાવી
એહની સીદ્ધીએ અનુસરી
ઉપવીત ગ્રહી અને મુઠી વાત્રી
વચ્ચ પોહોપ કરી કરણે ધરીયું
એહવે પનહી આગલ રાખી
જતને રાખી ઉરણ તે કરી
જમણી દીશ ફેરીને નયણ
ચોતરીથી લટકે ઉતરી
જ્યાંહાં ત્યાંહાં જે જે આશીષ બોલે
પધાર્યા ગહુઆને ધામ
ભમવદી ભાગ્યવાન સમુહ
સ્થલ આપાપણે બેઠા આવી

એ દીશે ભીડ થઇ રસમસી ।૫૩૯।
તેહનો થાએ નહીં વીસ્તાર ।૪૦।
પાછલ ચાલે તે હુલસી ।૪૧।
બારની સાખે કર પરસાવી ।૪૨।
અંતરમાં અભીલાષ ધરે ।૪૩।
કે થઇ થઇ નીરખે નીચેરા ।૪૪।
નીરખે રૂપમાં નયણ તે સાણી ।૪૫।
નીરખે રૂપ મહા રસમઇ ।૪૬।
આગલ આસપાસ પરવરીયા ।૪૭।
મારગ સહેજમાં તે થાએ ।૪૮।
નીરખે છે રૂપ નયણમાં લેઇ ।૪૯।
કે ઉભા ત્યાંથી નહીં હાલે ।૫૦।
અંતરગત રહે છે ધ્યાન ।૫૧।
ભાવે વીનય કરીને હરખે ।૫૨।
એહવા સ્વરૂપને દેખે જ્યાંહાં ।૫૩।
વીંટી રહયા છે તે ભર નેહ ।૫૪।
કે એ શ્રુટી કહું બડભાગી ।૫૫।
જે એ સ્વરૂપમાં રહી પાગી ।૫૬।
કે એ સુંદરતા કહું કે સુવેશ ।૫૭।
કે કહું કરે જે વચન વીલાસ ।૫૮।
કે કહું ભગવદીની ભાવણી ।૫૯।
શું કહું પરમ અનુપ અનુપ ।૬૦।
મન સોંપી અને વારણે જઇએ ।૬૧।
અનેક ભાંતે હરતા પરીતાપ ।૬૨।
વેદીની ચોતરી ઉપર આવી ।૬૩।
જમણે કર્ણે ઉપવીત તે ધરી ।૬૪।
મુઠીસું ઉપરેણે સંભાલી ।૬૫।
લટકી રહયું નીમે અનુસરીયું ।૬૬।
પેહેરાવી પ્રેમે અભીલાખી ।૬૭।
રીઝયા વાત્સલ્ય મનમાં ધરી ।૬૮।
ભાગ્યવતાના જગાવી મયણ ।૬૯।
બાંહ દીશ સાખા કર ધરી ।૭૦।
કેાણ કરૂં એ સમય સમતોલે ।૭૧।
પ્રાણનુ ધન જીવન અભીરામ ।૭૨।
એ જોઇ પામી રહયા સહુ મોહ ।૭૩।
પોત પોતાને મન ભાવી ।૫૭૪।

ચરણ ક્ષાલણના સ્થલને કાજ અંગસેવક કરી રાખે સાજ ૧૫૭૫।
પધારીને ક્ષાલ્યા ચરણ ભક્તનુ જીવન ભક્તાધરણ ૧૭૧।
એ પ્રસંગ બહુ આગલ કહીસ અનુભવ સુરતે જેહવું લહીસ ૧૭૭।
હવે અહીં ગરમીનો તે પ્રસંગ કહેતો આવ્યો છું મનને રંગ ૧૭૮।
જલઘરથી બેઠક પધારે અહીં લગી લખ્યું ભાવ અનુસારે ૧૭૯।
અહીં લખ્યો પ્રસંગ જે શીત જે અનુભવ કીધો છે વીહીત ૧૮૦।
હવે પુર્વ પ્રસંગ મન ધરી ગરમીનો કહું વીસ્તર કરી ૧૮૧।
તેહ સેન્યાથી આરંભ થાસે આગલને માંગલ્યે કહેવાસે ૧૮૩।
એહ લીલાની છે હુંને આશ ચરણે લાગે ગોપાલદાસ ૧૫૮૪।

ઇતીશ્રી સ્વરૂપ રસાવલી ગ્રંથ વ્યારાના ગોપાલદાસ વિરચિતં
સંખ્યાવંદન ઉપરાંત તબકડીથી પહોંચીને મહુએ પધાર્યા સુધીનો પ્રસંગ
માંગલ્ય - ૧૮ - અઢારમું સમાપ્ત

માંગલ્ય - ૧૯ - ઓગણીસમું

શ્રી વલ્લભ વલ્લભાનો વલ્લભ રે વલ્લભાનું ધામ
જથા જોગ્ય અધીકારે કરી રે સર્વ પુરક કામ ૧૧।
મનોરથ દાન દાયક નાયક રે પ્રતીનીત નવલી રીત
ભાવે ભરી ભાવાધીન થઇ રે પ્રગટ કરીને પ્રીત ૧૨।
રમણ મનોરથી રમણ કરે રે રસીયાસું રસ ભોગ
આરતનો અભીલાખ કરી રે હોએ સુખદ સંયોગ ૧૩।
ઉભયને ઉભય રસે પુરીત રે રસના હોએ તરંગ
આનંદની અવધી નીરવીધ રે હોએ ઉભય પ્રતીઅંગ ૧૪।
કારણમઇ કૃપા વરેસ રે નર નરેશની જેહ
ભક્તનો સ્નેહ એ ઉભય લહે રે કારણ એહનું તેહ ૧૫।
એહવી અગમ્ય પ્રગટ લીલા રે પ્રતીછીનુ નૌતન થાએ
પાત્ર ભેદ સદપાત્ર લહે રે વચને કહી નવ જાએ ૧૬।
જેહને હીત પ્રાગટ હવું રે જે એહ લીલાના પાત્ર
તે અનુભવે તેહ લહે રે અન્ય ન લહે અણુમાત્ર ૧૭।
એહની ગોપ્ય પ્રગટ લીલા રે મર્યાદા સંવલીત
વરણ ભેદે જાણી પડે રે પાત્ર સમાને કલીત ૧૮।
એણીપેરે ગોકુલ તણો ભુપ રે અમીત લીલા નીત કરે
અનેકની અનેક પ્રકારે કરી રે આરત તતક્ષણ હરે ૧૯।
એ લીલામાં અનેક જીવ રે સહેજ કૃતારથ થાએ
દશને સ્મરણે નામ વ્યાજે રે જે એ લીલા ગાયે ૧૧૦।

જેહને એ પ્રાગટ રૂચ્યું રે જેહને રૂચ્યો પરીતાપ
એહોના સેવકનો આશ્રીત રે સહેજ કૃતારથ આપ ।૧૧।
એણીપેરે અનેક પ્રકારે કરી રે જગત કૃતારથ થાએ
તે નીમીત ન્યામીક કરી રે વીસદ કર્યા નવ જાએ ।૧૨।
એહવી અમીત લીલા ઉદાર રે ભોમી પ્રગટ કરી પોતે
સ્વકીય વિના કેહેનો ગમ્ય નહીં રે વીસ્મય થયા સહુ જોતે ।૧૩।
હું પણ આપું અયોગ્ય ઘણુ રે દોષ કહ્યા નવ જાએ
પ્રભુને સનમુખ થાવા તણા રે જોઉં તો નહીં ઉપાયે ।૧૪।
ને કૃત્ય આચરણ ને મનવૃત રે તે સહુ વીપરીત ભાસે
એહ સોચ મનમાં રહે રે સનમુખ કેમ રહેવાસે ।૧૫।
મારે વીષે સાધન કો નહીં રે હું નીસાધન રૂપ
કો કહેસે નીઃસાધનતા રે સાધન પરમ અનુપ ।૧૬।
ત્યાંહાં કહું છું સાધન અર્થ રે નીસાધનતા જેહ
એ નીરધાર કરી કહું છું રે મારે વીષે નહીં તેહ ।૧૭।
કેવલ અપ્રયોજક અશકય રે નીઃસાધન છું આપ
બુધી તણો પ્રવેશ નહીં અણુ રે અજ્ઞાનતા અણુમાપ ।૧૮।
ને જે ઢલની એ પ્રભુએ હું પર કીધી છે મન ભાએ
તેહનું કારણ મુલ થકી રે સમજયુ ન જાએ ।૧૯।
મહેદ મહા ભાગ્યરાસ તણી રે કૃપા જે સુખદ સુદેશ
તેહની વયાર તણી કણીકા રે જે મારે છે વરેશ ।૨૦।
ઢલકણીએ કાણ વીચારી તેહ રે હું પર ઢલણી કરી
કે પ્રભુનો જે સહેજ સુભાવ જોઇ રે કે સુભાવે અનુસરી ।૨૧।
શું વીચારીને ઢલણી ઢરી રે થઈને આપ સમ્યક
તે કારણ ઈદમીત કરી રે જાણવા હું છું અશકય ।૨૨।
નહીં તો પ્રભુ તણી જે ઢલણી રે મહા પુરૂષાર્થ રૂપ
પરમ કૃપાલ દયાએ ભરીત રે ઉપકાર રૂપ અનુપ ।૨૩।
અતી અમોઘ રસ દાન ભરી રે સ્નેહ ભરી રસરાસ
અનેક પ્રકારે ભરી એ ઢલણી રે કયાં લગી કરૂં પ્રકાશ ।૨૪।
એહવી એ ઢલણી હું ઉપર રે કોણ પ્રકારે થઇ
તે જાણે છે ઢલણી ઢલી રે કે જાણે રસમઇ ।૨૫।
એ ઢલણી પર મારૂં તન રે વારી વારીને વારૂં
એહની કૃપા ફરી ફરી રે કયાં લગી મન વીચારૂં ।૨૬।
એહ ભગવદી ભાગ્યે ભર્યા રે જે એ રસને જાણે
હું ને એ સંપન્ન થયું રે એ ભગવદીયોની કાણે ।૨૭।
એહોની કૃપા તણો હું પાત્ર રે પ્રભુએ મનમાં જાણી
મહેદ કૃપા સાધન મારૂં લઇ રે અદભુત કરૂણા આણી ।૨૮।

લીલા સહીત સ્વરૂપ દાન રે કીધું કરૂણા ભરી
તે લીલા મેં સ્વરૂપ સહીત રે અનુભવી અનુભવે કરી ૧૨૯।
મહેદ કુપાએ કુપા રસ ભર રે કીધી ગોકુલ ધણી
તે લીલા અસમાતી થઇ રે છેલ્લી ઉર ઉકણી ૧૩૦।
આજ્ઞા ને અનુભવે કરી રે ઇચ્છાએ કરી સહાય
મનમાં મોદ પ્રગટ હવો રે અંતરને તે ઉમાહ ૧૩૧।
એ સ્વરૂપનુ નીત્ય ચરીત્ર રે પ્રાત થકી મન ધરી
કાંઇ એક સુચનકા કીધી રે અનુભવને અનુસરી ૧૩૨।
સેન આરતીથી પહોંચી રે જલઘરે બેઠા આવી
તબકડીનો અંગીકાર કર્યો રે ભકત પ્રીત મન ભાવી ૧૩૩।
પછે બાનકસું પધારી રે આવ્યા તે સંધદ્વાર
અહીં રીતુ હેઠે શીત તણો રે કીધો મન વીચાર ૧૩૪।
શીતકાલે તે તીબારીમાં રે ગાદીએ બેસે નાથ
ભીતર તેલ સેજ્યા ઢાલે રે જુએ સઘલો સાથ ૧૩૫।
એ લીલા કાંઇ વીસઢ કરી રે પ્રથમે પ્રમુદીત થઇ
હવે ગરમીનો પ્રસંગ કહું રે અતીસે મહા રસમઇ ૧૩૬।
ચોકમાં ચતુરાઇ કરી રે ગાદી તકીયા ધરી
ચોંહોંપાસ છીરકાવ કરી રે ભગવદી ઉલટ ભરી ૧૩૭।
બાંઇ દીશ પીઠો રાખ્યો રે ગડુઓ ધરવા કાજ
ચરણવસ્ત્ર જમણે ધર્યું રે કરી વાત્સલ્યનો સાજ ૧૩૮।
ગાદી તકીયાના ગલેફ રે ગાદાના છે જેહ
રસ ગુલાબે છીરકી રાખ્યા રે સુક્ષમ રીતે તેહ ૧૩૯।
દીપ લેઇ દુર રાખ્યો રે જ્યોતી ઝલહલતી કરી
ભાગ્યવંતાની ભીડ મચી રે રહ્યું સર્વત્ર ભરી ૧૪૦।
કો આવે કો આવી બેઠા રે કો કરે ઘરના સાજ
કો સીધ થયા શ્રંગાર કરી રે મહેલી સઘલા કાજ ૧૪૧।
ભવન ભવનથી ભગવદી રે આવે છે ધસમસી
કો ધસી અટાલી ચઢયા રે અંતર અતી હુલસી ૧૪૨।
સંપુર્ણ અટાલી ભરી રે હોહોરી કરીને હાર
એકત્ર થઇ બેસી ગયા રે સહુ થઇને એક સાર ૧૪૩।
અહીં રહી દર્શન નીરાવણે થાકે રે તેણે કરી
સ્ત્રીજન સહુ સમુહ મલી રે રહી અટાલી ભરી ૧૪૪।
કો સામી અટાલીની છાત રે ત્યાંહાં રહયા છે અટકી
આંગણામાંથી વાહાલાને રે જોસે લટકી લટકી ૧૪૫।
કો જલઘર દ્વારે અટકયા રે કો રહ્યા સીઢી નીચા
કો સિંધદ્વાર ભરાય રહ્યા રે કો રહયા સીઢીએ ઉંચા ૧૪૬।

રાજતીબારીમાં ભરી રે ભીડ ભગવદ્ગીની ભારી
વેદ્ગીની ચોતરી રે થઇ બેઠા એક સારી ।૪૭।
ચરણક્ષાલણની ચોતરી ઉતરી રે ભીડ રહી અહીં ભરી
આસપાસ ગાદી ફીરતા રે બેઠા સહુ કો ફરી ।૪૮।
કેને મનોરથ મુખ જોવા રે તે બેઠા સનમુખ આવી
કેને વચન સુણ્યાનો લોભ રે તે બેસે નીકટ સુભાવી ।૪૯।
જેહને હોએ જ્યાં રહી દર્શન રે જે જે રસના રસીયા
તે ત્યાં ઠોર લઇ રહ્યા રે આનંદ ભર હુલસીયા ।૫૦।
કો રહ્યા જગમોહન જઇ રે જગમોહનને જોવા
કો જલઘરે જઇ આવે રે નીજ આરતને ખોવા ।૫૧।
કોએ કોણ સ્થલ રોકી રહ્યા રે કો આવે સ્થલ જોતા
એમ બેઠકમાં આવી મલ્યા રે મહા મહાભાગ્યવાન પનોતા ।૫૨।
કો કાંઇ પ્રશ્ન વીચારી રે બેઠા મન માંહાં
કો માધુરી વચનામૃતની રે કહે છે સુણસું આંહાં ।૫૩।
કો સ્વરૂપ નખશીખ જોવા રે મન અભીલાષ ધરી
કો રહ્યા રૂપામૃત પાન તણે રે મનોરથે મનોરથ ભરી ।૫૪।
અનેક મનોરથ મનમાં ધરી રે બેઠા છે ભાગ્યવાન
સનમુખ થઇ સોહાગે ભર્યા રે જે જે અપેક્ષીત દાન ।૫૫।
દાન સ્વરૂપ સમુહ સુખદ રે તે લેવા રહ્યા અભીલાખી
કે જાણે મન એહોના રે કે પ્રભુનું મન સાખી ।૫૬।
સ્વરૂપ આરતે સહુ કોઇ ભર્યું રે તેમાં બહુ વિવેક
એ આરત બહુ ભાંત તણી રે એકની જાણે ન એક ।૫૭।
કેની કોણ પ્રકાર તણી રે કેની કોણ પ્રકાર
વરણ ભેદ ભાવાત્મકની રે થાએ નહીં વિસ્તાર ।૫૮।
આરત્યાની આરતે પાગી રે અનુરાગી બડભાગી
જેની આરત સફલ થઇ રે એહવા પરમ સોહાગી ।૫૯।
એહને સોહાગ બલે વ્હાલો રે પધારે છે વેગા
ભગવદ્ગી જુથે લપેટયા થકા રે એમાં થઇને ભેગા ।૬૦।
જલઘરથી સિંધદ્વાર લગી રે પ્રથમ કહયા પધાર્યા
લટકાસું અલબેલી ભાંતે રે ભકત શ્રીમુખ જોઇ વાર્યા ।૬૧।
પ્રથમ અઠારમેં માંગલ્યે રે લખી આવ્યો છું જેમ
પ્રાણપ્રભુ તેણી ભાંતે રે પધારે છે તેમ ।૬૨।
પ્રથમ ગડુએ જલપાન તણો રે લેઇ આવ્યા તે બવાસ
ભગવદ્ગી જુથ સમુહ તણી રે પુરણ કરવા આશ ।૬૩।
તે આણી પીઢે મેલ્યો રે ગડુઓ બાંધ પાસ
કપુરદાની ચુનોટી ધરી રે પુષ્પની માલ સુવાસ ।૬૪।

એહવે ભગવદ્ી આવતા જાએ રે શ્રીમુખ જોઈ જોઈ ઘસીયા
એહોને જોઈ બેઠકના સર્વ રે અતિસે મન હુલસીયા ।૧૫।
આગલના આગલ આવે રે ફરીફરી શ્રીમુખ જોતા
ઉર ઉલટ માએ નહીં રે રીઝી રીઝી મન મોહતા ।૧૬।
સિંઘદ્વારના ભીતર આવ્યા રે પ્રભુ આવ્યા સિંઘદ્વાર
બેઠકના ભગવદ્ી સહુ કોઇ રે ઉભા થયા તેણીવાર ।૧૭।
એહ સમય ઉલટ એહનો રે મોદ ન અંગ સમાયે
આનંદ ઉત્સાહ અગણીતની રે પરમિત કહી ન જાએ ।૧૮।
એક રસે પાગ્યું સહુ કોઇ રે આગમ રસમાં ભલી
એક ભાવે બહુ ભાવ તણી રે આરત સહુની ફલી ।૧૯।
પધાર્યા પ્રમુદીત થઇ રે આવ્યા ગાદી પાસ
ચરણવસ્ત્રે ચરણારવિંદ રે પુંછ્યા કરી હુલ્લાસ ।૭૦।
જેજે શબ્દ જયાં ત્યાંથી રે હોએ હિત ઉચ્ચાર
આશિષ બાહાલ્ય ભીતર સહુ કોઇ રે દે છે તેણીવાર ।૭૧।
કોઇ બલૈયા લેઇ રહે છે રે કો જે જે મહારાજ
કોઇ વારણે ભામણે જાઉં રે એમ કહે સર્વ સમાજ ।૭૨।
વલતા ઉપધાને અટકયા રે બેઠા ગાદીએ આવી
તે શોભા શોભાએ રચી રે વચને કહેતાં નાવી ।૭૩।
ભગવદ્ી સહુ જે લેતા થયા રે તે રહયા સ્થલ લેઇ
આપાપણા સ્થલ રોકી રે બેસી ગયા મન દેઇ ।૭૪।
કોઇ અટાલી ઘસી ચઢયા રે જે નીચા નહીં માયા
કો સીઢીને મકયે રહયા રે કો કહીં કહીં સમાયા ।૭૫।
ઠોર આપમણા ગ્રહવા કહે રે જયાં ત્યાં વચન ઉધાર
તેહ સુણી કહે છાના રહો રે એમ વરજે તેણીવાર ।૭૬।
જમણી દીશ શેત્રંજી એક રે આણી બિછાવી જયાંહાં
વેદપાત્ર ભટ પંડીત કોઇ રે રાજસી બેઠા ત્યાંહાં ।૭૭।
શ્રોતા કો સાવધાન નીપુણ રે અગણ બુધ્ધીના ધણી
માલજી પંચોલી મુખ્ય રે જે વૈષ્ણવ અગ્રણી ।૭૮।
રઘુનાથદાસ જ્ઞાત કાયસ્થ રે શાસ્ત્રના ગુણ જાણ
કલ્યાણ ભટ ખંભાલીયાના રે મઠપતી ભટ કલ્યાણ ।૭૯।
જેણે સમય જેજે હોએ રે બેસે સનમુખ આવી
અનુમોદન કરે વચન સુણી રે વાત કહે મન ભાવી ।૮૦।
કીર્તનીયા કીર્તન કરવા રે બેઠા સાજ લેઇ
સમય જોઇને ગાન કરસે રે સાવધાન તે થઇ ।૮૧।
મુખવસ્ત્ર ગુલાબ ગહેરે રે છીરકયું અતિસે ભરી
તે મુખવસ્ત્ર ચુણી રાખ્યું રે છોટે તકીએ ધરી ।૮૨।

એહવે ખવાસજી બીડી લાવ્યા રે સીધ કરી સહુ સાજ
છોટા તકીયા નીકટ બેઠા રે આપવા વહાલા કાજ ૧૮૩
પ્રમુદીત થઇ કરમાં લીધી રે બીડી પરમ રસાલી
વલી ચુનોટી થકી ચુનો રે આપે છે તે સંભાલી ૧૮૪
તે લેઇ કોરો કરી કરસું રે તેહ સમય ગોલી વાલી
મુખ વિકસીત ઉંચુ કરી રે લીધી ભાંતી રસાલી ૧૮૫
કપુરદાનીમાં કર મેલી રે ફાંક બરાસની લીધી
અલગા થકી ઉછાલીને રે શ્રી મુખમાં કીધી ૧૮૬
ધોતીએ જંઘા પર કર રે અવલો સવલો પુંછે
કોમલ સમય જલસું ક્ષાલીને રે મુખવસ્ત્રે અંગુછે ૧૮૭
મુખવસ્ત્ર જે ગુલાબે ભર્યું રે તે બેહુ કરમાં લેઇ
તે મસ્તક નીહોરાવીને રે રહ્યા નેત્રસું દેઇ ૧૮૮
તે જોઇ અનુભવી પાત્ર રે જલ ગુલાબના કરતા
તેના મન આનંદ ભર્યા રે અધીક મનોરથ ધરતા ૧૮૯
હવે કહું શુભ સ્વરૂપ વર્ણન રે ગાદીએ બેઠા તણુ
એ ઉપમા ઉપમેય રહીત રે અતિસે સોહામણુ ૧૯૦
અંબોહલો અનુપમ પ્રકાર રે વાલ્યેા વલણ સુઢાલ
તે પાછળ લટકી રહ્યેા રે સુંદર ઝલકતે બાલ ૧૯૧
સુભગ લેલાટ તૃપતૃપી રહ્યું રે કહું રહી તીલકની રેખ
એ શોભા જોઇ જોઇ જોતા રે નયણ ન લાગે નીમેષ ૧૯૨
ભ્રકુટી અણીયાલી ઉભય રે ઉભય રસે રસ ભરી
વલણમાં તે વિહવલ કરે રે બોધક પ્રણય ભરી ૧૯૩
લવણ લલીત લસી રહ્યા રે ચવર્ણે ચપલ તે દીસે
બીડું આરોગતાની શોભા રે જોઇ જોઇ હૈયડું હીસે ૧૯૪
કરણ ભરથ ભામીની તણા રે વાકય સુધાએ કરી
વાણી સુણી વિહવલ એ રહે રે એ દીશે અનુસરી ૧૯૫
રસ જસનેા પ્રતાપ એ સુણી રે પ્રફુલ્લિત થાએ ઘણુ
એ સુખે કરી મુખ લહે રે બીજું રૂચે નહીં અણુ ૧૯૬
નયણ મયણ રસના ભોગી રે સંયોગી સુખ રૂપ
ઉભયને મનોરથ ઉપજાવી રે અનુભવ કરે અનુપ ૧૯૭
પ્રેમ પારખુ પ્રવીણ ઘણુ અંતરગતીના જાણુ
નવ રસ વાચી ભેદ કરે રે એહવી અનેક છે બાણુ ૧૯૮
ગુઢ ભાવ સુચક રસના રે રસ પ્રબોધ પ્રગટાવે
ઇક્ષણમાં અનેક ભાવ રે પ્રતિક્ષણ દીઠા ભાવે ૧૯૯
રૂપ લાલચી દરશ લોભી રે રસીક તણા મન હરણ
આપ નીરોધાઇ નીરોધ રે ભાગ્યવંતાનેા કરણ ૨૦૦

નાશા નવ મનોરથ ભરી રે પ્રેમદા ગણ મકરંદે
એ અભિલાષ રહે પ્રતિક્ષણ રે અતિસે ઉર આનંદે ।૧૦।
એ સુવાસની આશ અહનિંસ રે એહજ સુખ ઉપજાવે
એહને એ મકરંદ વિના રે બીજું કાંઇ ન ભાવે ।૧।
ગૌર ગલ્લમંડલ પ્રકુલ્લીત રે કુદયા રહે સુભાવે
રસ વિતર્ક બહુ ભાંતી તણા રે અંતરગતીને ભાવે ।૭।
અંતરનુ હારંદ્ર પ્રગટ રે કરી જણાવે એહ
એહ સુખને તેહ જાણે રે જે પાગ્યા એ નેહ ।૪।
અધર મધુર માધુરી અવ્યકત રે ભર્યા અમી રસાલ
અરૂણ અનુપમ સહેજ રંગ રે વારૂં કોટી પ્રવાલ ।૫।
નાગવલ્લીને રસે રંજીત રે મંજીત એણે પરાગ
અંજીત રહે રસીકા અધર રે એહ રસે અનુરાગ ।૬।
અતિ ઉદાર રસના દાતા રે વ્યાકુલતુ અભિરામ
દાન કરીને પાન ઇચ્છે રે રતી રસ પુરણ કામ ।૭।
ઠોડી સ્થલ પુલકી રહયો રે સ્પર્સ અભિલાખે
સનમુખ સ્પર્સ રસ ઇચ્છે રે ન રહે એહ રસ પાખે ।૮।
ગ્રીવા ગ્રીવાને હીત ભર રે મીલન મનોરથ ઘણો
મનોરથી એહ મનોરથના રે મનોરથ એહ તણો ।૯।
ભુજ બાહુદંડ અંગુલીદલ રે નખમણી જ્યોત પ્રકાશ
પ્રીય પરીરંભણે અતિ પ્રમોદ રે કરી રહયા બહુ આશ ।૧૦।
પુલકીત ચીન્હ આગમનથી રે રસ આગમન કરે
પુષ્ટિ રૂપ રયણી તણો રે આગમ એહ રસ ભરે ।૧૧।
હૃરદય ઉદય આનંદ રૂપ રે સુખ અનુભવનુ ધામ
ઉર ઉરોજ ઉરવતી તણો તેહનુ પુરણ કામ ।૧૨।
અને અભિલાખ તણા મનોરથ રે તેહનો અહીં નિવાસ
એહવા હૃરદયને હૃરદય ત્રીયના રે સ્પર્શની રહે નીત આશ ।૧૩।
માલા મુદ્રીત થઇ રહી અતિશે મનોરથ ભરી
ઉભય હૃરદયના મધ્ય તણો રે સ્વાદ સુખદે અનુસરી ।૧૪।
પૃષ્ટ ભાગ પુલકી રહયા રે આલિંગન અભિલાખે
કરના વલણ કામીનીઓના રે સુખ હોય એ રસ ચાખે ।૧૫।
ઉર કૃશોદરને ઇચ્છે રે પ્રીછે નાહીં કાંઇ આન
એહ મીલણ મીલવા ઇચ્છે રે હોએ ઉભય સમાન ।૧૬।
કટી પ્રદેશને ઉદેશ ઘણો રે વચને કહેતાં નાવે
એ રસ ભાવાધીન થઇ રે ભાવે મન સમજાવે ।૧૭।
કામ કોટી કૌતીક કરતા રે એ રસના કૌતીકી
આઠ પહોર ઉમંગી રહે રે રસમાં રંગમગી ।૧૧૮।

ધોતી શ્વેત સુખદ પહેરી રે ખાસાની શુભ રીત
રસ અંગે આછાદી રહી રે તે નીરખીએ કરી પ્રીત ।૧૧૯।
જંઘ જાનુ તણે વલણે કરી રે બેઠા આસન વાલી
તે શોભા હું કયાં લગી કહું રે અનુપમ ભાંતી રસાલી ।૨૦।
ઘુંટી પ્રપદ અને નખમણી રે એહના અભિનવ ભાવ
શીખથી નખ પરજંત અંગ રે સહુને રસનો ચાવ ।૨૧।
રયણી રસે રસ ઉદીપન રે પ્રતિઅંગને પ્રતિ યોગ
અધિકાર ભેદે આરત વાધી રે આણવા રસ વિનિયોગ ।૨૨।
એણીપેરે રસાવેસે વ્હાલો બેઠા રે ગાદી તકીએ
એ સ્વરૂપ શોભા રે વાણીએ કેમ કહી શકીએ ।૨૩।
એ અંગ અંગતણી ઉગ્રતા રે ને પ્રતાપ જે ઉગ્ર
એ જસ કીર્તી અને વૈભવ રે લેઇ બેઠા છે સમગ્ર ।૨૪।
સભા સમુહ સોહાગ ભરી રે ભાગ્ય ભરી ભર નેહ
આનંદને ઉદબોધે ભરી રે પુરણ રસ ભર એહ ।૨૫।
ધર્મવતી સૌભાગ્યવતી રે અનેક સુખાનંદે ભરી
સર્વોપરતર શિખર સમુહ જે રહી અહીં અનુસરી ।૨૬।
એહવી સભાએ શોભિત થઇ રે બેઠા પ્રાણ આધાર
જસ પ્રતાપ ઝલહલી રહયો રે થાએ નહીં વિસ્તાર ।૨૭।
એહ વિસદ કરવા મનોરથ રે મનમાં ઘણુ
પણ અગાધીતા કહી ન પડે બુધ્ધી નહીં એક અણુ ।૨૮।
સુચનીકા માત્રે કહેતો રે આવ્યો છું એણીપેર
ભાગ્યવાન એથી લહેસે રે અનુભવે અનુભવ ભેર ।૨૯।
સ્ત્રી પુરૂષ એકે ભાવે રે ભાવ સમાનતા જેહ
વિગતે વિગત એમાં ઘણી રે કહી આવ્યો છું તેહ ।૩૦।
ભાંતી ભાંતીના ભગવદી ભલા રે બેઠા છે ચહુંદીશ આવી
કો સાત્વિક તામસ રાજસ રે કો વલી ઉગ્ર સુભાવી ।૩૧।
એમાં અંગીકારનો ભેદ રે એહવા જે ભેદાભેદ
અધિકાર ભેદ જોગ્યતા ભેદ રે વરણ ભેદ ભાવ ભેદ ।૩૨।
તેથી અપનાયત ને સ્નેહ રે તેના ભેદ અનેક
પ્રભુને પ્રસિધ્ધ લહ્યા ન પડે હું કેમ કરૂં વિવેક ।૩૩।
ભાવ વરેસ ભાવાગર રે ભાવ તણા જે રૂપ
ભાવ દાન દાયક પ્રભુના રે રસદાયક જે અનુપ ।૩૪।
વીવીધ રસે ભર ભાવ ભર્યા રે નીરખે નાહ નરેશ
એ રસ અનુભવીયા લહે રે કે લહે પ્રાણ વરેશ ।૩૫।
નખશીખ લગી રે જે જે ઇંદ્રીય રે તેહના જે અભીલાષ
અધીકાર ભેદે સ્વરૂપ સતમુખ રે પ્રગટ હોએ શત સાખ ।૧૩૬।

જેહના મનબુધી અંતઃકરણ રે ચીત કૃત્ય ને આચરણ
ઉદ્યમ શ્વાસોશ્વાસ લગી રે આવાગમન જે કરણ ।૧૩૭।
એ સહુ એતદ પરીવસાઈ રે અન્યથા ભાવ ન કહેને
એહનુ વરણન કયાંહાં લગી કહું રે સમતા કોએ ન એને ।૧૩૮।
સેજ તણો મનોરથ જેહને રે તે ઉભા છે આંહાં
ઉલટ આરત ભાવ ભરી રે તે કહેવાએ કયાંહાં ।૧૩૯।
દીપક લેઇ ઓટે રાખ્યો રે ગરમીનો લેઇ પ્રસંગ
અંગસેવક અતીસે પ્રવીણ રે વાત્સલ્યતા કરે અંગ ।૧૪૦।
એણીપેરે દર્શન કરે રસ ભર રે આપાપણા રસ માંહે
આપાપણા રસે ઉનમત રે અવગાહે સ્વરૂપ માંહાં ।૧૪૧।
એણીપેરે પ્રભુના દર્શનની રે રૂપ રસ તણા પાત્ર
વીવીધ ભાંતે દર્શન એ કરે રે ભાગ્યવતા જે માત્ર ।૧૪૨।
કોક પ્રમુદીત થઇને પંખો રે કરે છે અતી મૃદુતાએ
લહેર વયાર તણી રે વરસે રે તે શ્રીઅંગે સોહાયે ।૧૪૩।
ગરમી કોઇ પ્રકાર ન હોએ રે પ્રસવેદ પ્રભુને નાવે
એ શ્રીઅંગે તણી બાણ રે પ્રતીનીત સહેજ સુભાવે ।૧૪૪।
કોક મનમાં વીચારી પ્રશ્ન રે બેઠા છે તેણે ઠામ
પ્રાણપ્રભુ અમને કરશે રે વચનમાં પુરણ કામ ।૧૪૫।
જેહને સંજોગ કરી કર્યા રે પુછવાનો અધીકાર સનમુખ
સનમુખ બેઠા તેહ સમય રે પ્રશ્ન કરે તેણીવાર ।૧૪૬।
રૂદયારૂઢ થઇ પોતે રે પ્રશ્ન કરાવે આપ
ઉતર અન્ય ઉપદેશે કહેસે રે હરવાને પરીતાપ ।૧૪૭।
સંદેહ પ્રગટ કરી સમાધાન રે પોતે કરે છે જાણી
એક વચને બહુ રસ પ્રગટે રે કહે છે કરૂણા આણી ।૧૪૮।
અનેકના અનેક પ્રકારે કરી રે થાએ છે તે સમાધાન
વચન સુધા ધારા સીંચી રે સહેજે કર્યું સનમાન ।૧૪૯।
કોક સમે સહેજ વાત કરે રે પોતે પ્રસન્ન થઇ
એક એકમાં સીધ્ધાંત ઘણા રે સુણીએ થઇ રસમઇ ।૧૫૦।
સુખદ ગાન આન તાનમાં રે સુર સાધીને ગાએ
કીર્તનીયા સનમુખ બેઠા રે ઉર આનંદ ન માએ ।૧૫૧।
એ સમેનો રાગ રચી રે નૌતન ભાવ સચીય
નવ નવી યુકત જુકત ગાએ રે સાધીને રચી પચીય ।૧૫૨।
પ્રભુને પદ કવીત સોહાએ રે તે કવીના કહું નામ
જેહનો ભાવ ઉગતી ને જુગતી રે રૂચે રસીક અભીરામ ।૧૫૩।
સુરદાસ પરમાનંદદાસજી રે ને વલી ચતુરવીહારી
જેણે ઉગતી જુગતી અને તુક રે કીધી છે પરમ સુધારી ।૧૫૪।

કુંભનદાસ ઘોંઘીના પદ રે મારગ પ્રણીત સુદેશ
પ્રહ્લાદાસના પદ કવીત રે પ્રભુને રૂચે વીશેષ ।૧૫૫।
ગોવીંદદાસ સ્વામીના સુખદ રે ને જે ચતુરભુજદાસ
છીત સ્વામી અને સગુણદાસ રે કીધા જે વચન વીલાસ ।૫૬।
કલ્યાણ નાભાગે કીધા રે તારાચંદે જેહ
તાનસેન તણા મહા જસ રે રામચંદ્રના જેહ ।૫૭।
હરીચંદ હીરામણી તણુ રે રીઝયા ગાન સુણી
ગોવીંદદાસ ગોપાલદાસ રે નાયક મોટા ગુણી ।૫૮।
ચાંદખાન સુરજખાન રે ધ્રુ પદ જ્યારે ગાએ
એહના પદ ધ્રુ પદ રે સુણી પ્રભુને કે। સમે સોહાએ ।૫૯।
ને વલી જેના પદ ઉપર રે અરૂચી પ્રભુની ઘણી
તેહના નામ કહી વીગત કહું તેહ તણી ।૬૦।
સુરજદાસ જે મદનમોહન કે કૃષ્ણદાસ ગીરવરધારી
હીત હરીવંશ ને નંદદાસ રે એહની ઉગતી છે ન્યારી ।૬૧।
હરીદાસ કે સ્વામી શ્યામ કહી રે પદ કીધા છે અહીં
કહીં કાંઇ કહીં કાંઇ કારણે કરી રે પ્રભુને રૂચે એ નહીં ।૬૨।
કીર્તનીયા પ્રભુની રૂચી ભેખ રે ગાએ છે ગાન રસાલ
મોદ ભર્યા માએ નહીં રે રહે નહીં અંગ સંભાલ ।૬૩।
તે સુણી પ્રાણપ્રભુ રીઝે રે નવ નવી ઉકતે કરી
તે ભણી દોહોરાવીને રે ગાએ છે ફરી ફરી ।૬૪।
સારંગી સુર મધુર ગાન રે ધ્યાનદાસ કર ધરી
સુરાવર્ત સુર ભેદે કરે રે રાગ રંગ રસ ભરી ।૬૫।
એહની પટંતરને આવે રે ભુતલ એહવો કે। નહીં
એ રીઝવારને રીઝવવા રે એહવો એ છે અહીં ।૬૬।
કે। સમે ભેતસી પંડીતસું રે રાજસીસું કરે વાત
એણીપેરે નીત્ય આનંદ ભર્યા રે કૌતીક નાના ભાંત ।૬૭।
બીડીને નેગે બીડી રે આવે છે જેમ રીત
તે આરોગે છે પોતે રે કહી આવ્યા વીહીત ।૬૮।
કાજ પરાયણ એહ સમે રે તત્પર કારજ માંહાં
તેલસેજનો સાજ સહુ રે કરે છે આંગણ ત્યાંહાં ।૬૯।
ભગવદીને વીનય કરી રે ઉઠાડી કર્યો ઠામ
કે। સહેજ સ્થલ કરી રહયા રે તેલસેજને નામ ।૭૦।
ત્યાંહાં આણી સુખાલી ઢાલી રે તેલ તણી તે સેજ
ગરમીના સહુ સાજ સીધ કરે રે કરીને હેજ ।૭૧।
પશ્ચિમ દીશ સીરાહણ કરી રે પુર્વ પંગતી કરી
સાદી સેજ કાંઇ એક ઉંચી રે સુખદ નીવારે ભરી ।૭૨।

એક સુપેતી તેા તે ઉપર રે આણીને ણીછાવી
ચાદર બાસતાની કેામલ રે જેહવી મનને ભાવી ૧૭૩।
તે ગુલાબે છીરકે ઘણુ રે ને વલી દે છે વયાર
તે બીછાવી શુભ રીત કરી રે શીતલતાનેા નહીં પાર ૧૭૪।
સીરાહણે લપેટણુ સુખદ તે ગુલાબ રસે ભર્યું
પંગતી સીરાહણુ કેામલ રે તે રહું ત્યાંહાં અનુસર્યું ૧૭૫।
ચાર પૈએ કસણા તે કરયા રે ચાદર કુંજલક ટાલી
સીરાહણા દીશ પડવાયા રે રાખ્યા ભાંત સુખાલી ૧૭૬।
પવન પ્રચાર તે પંખે કરી રે કરે છે ભાગ્યવાન
જે સ્વરૂપ રસના ભેાગી રે જેહને કર્યું એ દાન ૧૭૭।
ચંદન મેદ અંબર ઉતમ રે કસ્તુરી ને બરાસ
માંહે અગર રસ ને અતર રે આણ્યેા ગુલાબે સુવાસ ૧૭૮।
જે જે સાજ સુવાસ તણા રે અરગજાના ઉપયેાગ
ઉતમથી ઉતમ તે ઘણુ રે કીધા તે સંયેાગ ૧૭૯।
તે પ્યાલે ભરીને ત્યાં રાખ્યેા રે સેજ તલે ત્યાંહાં આણી
તેલ બલાદ તણુ ઉતમ રે સુખદ શ્રીઅંગ જાણી ૧૮૦।
તેલ લગાવનહાર ચાર રે સીધ થયા છે તેહ
પેાતાના ભાગ્ય સફલ રે માની ધરી મન નેહ ૧૮૧।
તેહને હૃદય પીઠે બેહુ કર રે ભરીને સેાધેા લગાવે
તેલ લગાવતા ગરમીએ રે અંગની વાસ ના આવે ૧૮૨।
તે માટે ઉપચાર સુખદ રે ભાગ્યવાને એમ કરી
વલતા બેહેાને પંખેા કરી રે આરદ્રતા અંગ હરી ૧૮૩।
તેહવે બવાસજી બીડી ચેાથી રે લેઇને આવ્યા ત્યાંહાં
પ્રથમ તણી બીડી મેલી રે જે હતી શ્રીમુખ માંહાં ૧૮૪।
જલ પુછી જલપાન તણેા રે ગડુએા જલને કાજ
શ્રી કરમાં લેઇ આવ્યેા રે આરેાગે મહારાજ ૧૮૫।
તે સમે મુખ વીકસીત કહું રે કહું જે અરૂણતા રંગ
ઓષ્ટ અધરની લાલીમા કહું રે જોઇ મનસા હેાએ પંગ ૧૮૬।
ફરી ફરી જલપાન કરે રે તે કર લટકની ન્યારી
મુખની લાઘવતા ઉપર રે જોઇ જોઇ જાઉં વારી ૧૮૭।
અધ નાલવે અંગુઠેા દેઇ રે બીજી બારે જલપાન
એ શેાભા એ સમય સુખદ રે અનુભવે છે ભાગ્યવાન ૧૮૮।
તે ગડુએા આપી અને રે બીડું કરમાં લીધું
મુખ લાવણ્ય કર લટકનીએ રે શ્રી મુખમાં કીધું ૧૮૯।
વલતા બવાસ પીઠેા ગડુએા રે ઉઠયા ભીતર લેઇ
છેાટેા તકીયેા વામ દીશનેા રે તે લીધેા ચીત દેઇ ૧૧૯૦।

બેહુ કર તકીએ બડે ટેકી રે ને ત્યાં દીધી થાપ
પ્રાણ વલ્લભજી એ જોઇ રે ઉકસીને બેઠા આપ ।૧૯૧।
પાછલથી તે બડો તકીયો રે લીધો ખવાસે વેગ
પછે પરદની લેઇને ઉભા રે કહી ઉઠીએ જેમ નેગ ।૯૨।
વલતો ઉપરેણો શ્રીકર રે લેઇને એકત્ર કરીયો
શ્રી મસ્તકે શુભ પેચ દઇ રે બાંધ્યો અતી રસ ભર્યો ।૯૩।
એહવે નીકટવર્તીએ સેજ રે તેલ તણી જે બીછાવી
આસન નીકટ આણીને ત્યાંહાં રે રાખી જેમ મન ભાવી ।૯૪।
ભગવદી જેહ નીકટ બેઠા રે તે ઉઠીયા વેગ
પ્રાણ પ્રભુ ઉઠયાને સમય રે સહુ કો થયા ભેગ ।૯૫।
વલતા આપ ઉઠી ઉભા રે પરદની કરમાં લીધી
તેહ સમે જૈજૈકાર કરી રે સર્વે આશીષ દીધી ।૯૬।
પરદની કટી પાછલ ફેરી રે પાલવ કરમાં ધરી
ઉપવીત જે ભીતર આવ્યું રે જમણે કરે પહરૂ કરી ।૯૭।
પછે પરદની બેહુ કરસું ગ્રહી રે ખુંટ તે ખોંસી લીધો
પાટલી સ્વચ્છ ખોંસી લઇ રે કાછ સુધારી દીધો ।૯૮।
તેલ તણી સેજયા ઉપર રે બેઠા પ્રાણાધાર
ઉપવીત કર ઉભયે કટીસું રે વીટયું તેણીવાર ।૯૯।
પછે પોઢયા ઉતાના થઇ રે તેલસેજે સુખ ભરી
તેલ લગાવનહાર નીકટ રે આવ્યા નમન કરી ।૨૦૦।
ઉભય દીશે ઉભા તે રહી રે બેહુ દીશે લગાવે
કોમલતા વાત્સલ્ય સહીત રે જેમ પ્રભુને મન ભાવે ।૧।
જંઘાજાનુ પીડુંરી મરદે રે બેહુ દીશાએ રહી
પંગતી દીશે બેઠા રે ચરણાર્વિંદ ગ્રહી ।૨।
પદકમલ પરસાવી શીષે રે હરખી મન માંહેં
અંગુલીદલ એડી પદ તલ રે તેલ લગાવે ત્યાંહાં ।૩।
તેલ બલાદ કટોરે ભરી રે કો રહયા કર ધરી
જેહને જોઇએ ત્યાંહાં આપે રે સેજની પાછલ ફરી ।૪।
બે ભગવદી પંખા તે લેઇને રે ઉતર દક્ષણ ભાગે
રહી દુર તે પંખા કરે રે અંતરને અનુરાગે ।૫।
તેલ લગાવનહાર શ્રમીત રે ને આવે પ્રસવેદ
તે માટે તે પંખા હેએ રે ટાલવા તેહનો સેદ ।૬।
અંગસેવકે આંગણમાંથી રે ગાદી જુલીચો જેહ
ભીતર લેઇને જતને રાખ્યો રે ઢાંકીને વલી તેહ ।૭।
તેલસેજે બેઠા જોઇ રે ભગવદી ઘેર વલીયા
પોંચી આવી શ્રીમુખ રે જુએ ફુલ્યા ફલીયા ।૨૦૮।

ગોકને મધ્યે ચતુર વદેશ રે પોઢયા તેલ લગાવે
લોકાલોક ભુલોકમાં રે પટંતરને કેા નાવે ૧૨૦૯
એ શોભા અહીંજ સચી રે રચી રહી શીર નામી
એ ચરણારવિંદ પરસી રે શોભા એ શોભા પામી ૧૧૦
ભગવદીની ભીડ તણુ રે કહાં લગી વીસદ કહું
મારી બુધ્ધી તણે પ્રચાર રે કહેતાં પાર ન લહું ૧૧૧
કેા જમણી દીશ ભરી બેઠા રે દોઢી લગણ સહુ રચી
સીરાહણાથી તીબારી ભરી રે ભીડ અતીસે મચી ૧૧૨
વામ દીશે વામા સમુહ રે પુરૂષનેા પાર ન આવે
અંગ ભેદે એકત્ર બેઠા રે નીરખે એકે ભાવે ૧૧૩
ચરણ ક્ષાલણની ચેાતરીએ ઉતરી રે ને વલી ભીંતે અટકી
વેદીની ચેાતરીએ ભરી રે બેઠા છે સહુ ઠઠકી ૧૧૪
કેા ગડુએા લેઈને દ્વાર રે રચી રહયા એક સાર
કેા પંગતી દીશ મલી બેઠા રે કરીને દોહેારી હાર ૧૧૫
કેા જલઘર દ્વારે ઉભા રે કેા સીઢીએ બેઠા
કેા પગથારી સીઢીને રે કેા રહ્યા સીઢીને હેઠા ૧૧૬
સ્ત્રીજન અનેક અટાલી ચઢયા રે એ સમાજ નહીં પાર
મુંડેરીયે અટકી બેઠા રે દોહેારી તે કરી કરી હાર ૧૧૭
એમ બેઠક ગહગહી ભરી રે પરવરી પ્રેમદા સમુહે
અનીરવચની શેાભા પ્રગટી રે મેાહીનીના મન મેાહે ૧૧૮
ફીરતા આંગણ અનેક ભકત રે મધ્યે ગેાકુલધુપ
પુષ્પ સમુહની હારાવલી રે એમ રહયા ભકત અનુપ ૧૧૯
સૌની દ્રષ્ટી સ્વરૂપ વીષે નયણે રસ અભીલાખી
નયણા નીધરક ઘુંટ ભર રે રૂપ રસ ચાખી ચાખી ૧૨૦
સ્વરૂપ સુખારથ જે પ્રગટયા રે રસે વર્યા ગેાકુલધુપે
એક ટકથી મટકે તે નહીં રે એમ અટકયા છે રૂપે ૧૨૧
ઉપર ચંદ્ર પ્રકાશ કરી રે આશ કરીને મન માંહાં
હીમ કર શીતલતા કરવા રે આવી રહયેા છે ગગન માંહાં ૧૨૨
નીજ અમૃતને શ્રવીત કરી રે રૂપામૃત કરે પાન
દાન સમુહનુ દાન ઇચ્છે છે રે એહવેા ભાગ્યવાન ૧૨૩
અનેક કલાએ ઉદ્યોત કરી રે જ્યેાતે રહયેા હુલસી
પ્રભુ ઉપયેાગી એહની સેવા રે ભગવદી મન વસી ૧૨૪
એણી જ્યેાતે જ્યેાત સહુના રે નયણ માંહાં રહે ભાસી
એ ઉદ્યોત સહીત રે દર્શન કરે પ્રકાશી ૧૨૫
સ્વારથ પરમારથ સેવા રે એમ કરે એ રાકેશ
ને વલી સ્વરૂપના સુખને અર્થે રે સનમુખ રહયેા સુદેશ ૧૨૬

અંગ જયોતીમાં કીરણ જયોતી રે મલીને કર્યો પ્રકાશ
ભકતના નયણ સમુહ તણી રે એ સમે પુરે આશ ।૨૨૭।
અનેક જાત મકરંદે રહયો રે પવન પ્રચારે ફેલી
ઉફણ્યો રસ ઉમંગ્યો તે ફરે રે સંપુર્ણ રહયો છેલી ।૨૮।
એ સેજ કહું કે સ્વરૂપ કહું રે કે કહું તેલાભ્યંગ
કે ચાકચક્ષ ચતુર વરની રે કહું રૂપ શ્રીઅંગ ।૨૯।
કે મૃદુલ વચન ઉચાર કહું રે કે મુસકની રસ ભરી
કે પોઢયાની છબી અનુપમ રે કહું વીસદ કરી ।૩૦।
કે રાકેશ પ્રકાશ કરી રે રહયો છે સનમુખ આવી
તેની જયોતી ઝગમગી રહી રે તે સહુને મન ભાવી ।૩૧।
તેલ લગાવનહાર તણા રે ભાગ્ય કહું તેણીવાર
તેલ સુંગધ લેઇ ઉભા રે તે સુખનો નહીં પાર ।૩૨।
કે ભાગ્ય ભર ભગવદી નીરખે રે આપાપણે અનુરાગ
ભાવે ભર્યા અનીમેખે જુએ રે તેહનો કહું સોહાગ ।૩૩।
કે એ ભીડ ભવનમાં ભરી રે જેહનો નાવે પાર
કે એ ગુણી ગાન ગાએ રે થાએ નહીં વીસ્તાર ।૩૪।
કે આધીદૈવીક સ્વરૂપે થઇ રે શોભા રહી સોહાઇ
અખીલ અલૌકીક રૂપ ધરી રે સંપુર્ણ રહી છાઇ ।૩૫।
કે ભગવદીના મનોરથ રે કે એહના જે વીચાર
એકેકનો વીસ્તાર કહું રે કહેતા નાવે પાર ।૩૬।
કો કહે છે આ કોણ સમે રે કોણ અમો કયાં આવ્યા
કોણ અમારૂં ભાગ્ય ફલ્યું રે કોણ મનોરથ ફાવ્યા ।૩૭।
કો કહે છે આ સવપ્ન કે સત્ય રે જે દેખું સાંપ્રત
એ અમારા નેત્ર ધન્ય રે ધન્ય ધન્ય મનવૃત ।૩૮।
જે નેત્રે આ સમય જોઉં રે ને જોઉં સ્વરૂપ સુદેશ
એ પર સરવસ વારીને રે રાખું નહીં કાંઇ લેસ ।૩૯।
કો કહે મારૂં સુકૃત ફલ્યું રે આ સમયો પામી
પ્રભુની કૃપા સહાએ થયું રે કો કહે એમ શીર નામી ।૪૦।
કો કહે આ પુરૂષોતમતા રે પ્રગટ છે નહીં કાંઇ છાની
આ શોભા આ પ્રતાપ જોઇ રે ઉપમાં દીજે કોની ।૪૧।
શ્રષ્ટી અનેક એક ચીતે રે સ્વરૂપની સનમુખ આંહાં
એક સમે નયણ સહુના રે અટકી રહયા છે જ્યાંહાં ।૪૨।
એ પુરણ પુરૂષોતમ વીન રે અવર ન હોયે કહીં
એમ પરસપર વાત કરે રે એ દીઠું છે આંહીં ।૪૩।
ભગવદીયોના વીચાર અને રે ભાવ મનોરથ સમે
શોભા એ સહુની પરમીત રે કહેવાએ નહીં કેમે ।૨૪૪।

એણીપેરે ઉતાના થઇ પોઢી રે તેલ લગાવે આય
વીનીય પ્રકારે વીવીધ તણા રે ટાલે છે પરીતાપ ।૧૪૫।
મસ્તકે ઉપરેણો ણાંખ્યો રે જમણે કરે ધરી
જમણી કરવટે લેઉકાસું રે ઉલટા પોઢયા ફરી ।૧૪૬।
ઉલટા પોઢીને પીઠે રે તેલ લગાવે ફરી
તેલ લગાવનહાર નીપુણ રે હરખ્યાં ઉલટ ભરી ।૧૪૭।
ઉલટે ઉભય કરેતે તેલ રે નીતુંણ કટી પીઠે
જંધા જાનુ પદ તલ પરસે રે એ સુખ હોએ દીઠે ।૧૪૮।
આંહાં સારંગી સુરાવૃતં રે હોએ છે તાન બંધાન
ને નૌતન ઉગતે તે કરી રે કરે છે મધુર ગાન ।૧૪૯।
એણે સમે કેા વાત ચાલે રે હાંસી ટોંક તણી
તે સુણી સુણી મુસકાયે ઘણુ રે ગોકુલ કેરા ધણી ।૧૫૦।
તે અનુકરણે વાત કરે રે પોતે પરમ રસાલી
તેહ સુણી સહુ કેા રીઝે રે શકે ન આપ સંભાલી ।૧૫૧।
અનેક વાત બહુ વીષય તણી રે ચાલે એણે ઠામ
અતી એકાંત તણેા એ સમય રે કાંહાં લગી કહીએ નામ ।૧૫૨।
એણીપેરે તેલાભ્યંગ હવા રે વલતા ઉઠયા ફરી
મસ્તકે ફેંટેા બસી રહયેા રે ને નયણા રસ ભરી ।૧૫૩।
અરૂણતાઇ મુખ પર અનુપ રે અરૂણ અધરનેા રંગ
અધ મીલીત નયણાની છબી રે જોઇ મનસા હોએ પંગ ।૧૫૪।
ઉપવીત કટી થકી છોડી રે સન્ય કર્યું તે સુધારી
માલા ગુંજા વીરલ રહી રે કર ગ્રહી કરી એક સારી ।૧૫૫।
ઉતર મુખ સનમુખ તે કરી રે બેઠા પાણીધાર
ચરણ તલે ચોકી લેઇ રે રાખી તેણીવાર ।૧૫૬।
જમણી દીશ નીહોરાઇને રે બીડી મુખથી મેલી
ભગવદી ભાગ્યવાને ત્યાંહાં રે કરમાં લીધી વહેલી ।૧૫૭।
જમણે કરે ઉપરેણો ગ્રહી રે શીષ પરથી લીધેા
હલવે અલબેલી ભાંતે રે ભગવદીને કર દીધેા ।૧૫૮।
જમણેા કર પાછલ વાલી રે શીષ અંબોડેા છોડી
જટકી કેશ વીરલા કીધા રે ઉકસાવી અંગ મોડી ।૧૫૯।
વીકસીત મુખ જંભા જુતે રે કર ઉલટેા મુખ દીજે
ભગવદી સહુ ચુટકી વાએ રે શોભા કેા સમ કીજે ।૧૬૦।
એહવે અવાસ મુકણ ધેા રે લેઇને આવ્યા વેગ
કુસુમ હાર પટવસ્ત્ર અહીત રે જે આણ્યાના નેમ ।૧૬૧।
પ્રથમ વસ્ત્રનેા ટુક એક રે તે આપ્યેા શ્રીકર માંહાં
શીષ ઉપર તે સુધારીને રે મુકયેા આનંદ ભર માંહાં ।૧૬૨।

વલતો પાગનો પાલવ રે ભીતરનો જે ચુણી
સોંપે દ્રવ્ય સુગંધે બહુ રે રાખ્યો છે જે ભણી ।૧૬૩।
તે વીરલો કરીને કરમાં રે આપ્યો બવાસે ત્યાંહાં
ખુંટ ઉભય તે ઉભય કરદલે રે ગ્રહી લીધા કર માંહાં ।૧૪।
તે પ્રસાર્યો પાલવ લેઇ રે તે મસ્તક પર ધરીયો
પાગ પેચ જમણે કર ગ્રહી રે ફીરતો દે અનુસરીયો ।૧૫।
પેચ પેચ પર દેઇને રે જમણી દીશ રહયા ગ્રહી
કમનીય કરકમલે તે કેશ રે એકત્ર કર્યા ઉમહી ।૧૬।
વામ કરે મુઠીમાં ગ્રહી રે લીધા રૂદીયાવર
મુડબંધા તણા પેચમાં રે ભરીયા તેણીવાર ।૧૭।
તેમાં કુસુમ હારની લર રે રાખી મધ્ય સુધારી
ફીરતા પેચ પેચ પર દેઇ રે એ લટકા પર વારી ।૧૮।
ઉભા પેચ દીસે અનુપમ રે મધ્યે મધ્યે આભા શ્યામ
નયણવતાના નયણ નીરખે રે પામે પરમ વીશ્રામ ।૧૯।
પેચ પેચે પરમા વીધી રસ રે પ્રગટ કરીને દીધા
એહ પ્રકાર તણા મનોરથ રે અનેકના અનેક તે સીધા ।૭૦।
આડા પેચ દે જુમતે રે પાલવ ખોંસી દીધો
એક પટવસ્ત્ર તણો ટુક રે એહુ કરમાં લીધો ।૭૧।
આડા પેચ ઉપર તે પેચ રે એહને દીધો ત્યાંહાં
દોઢી આંઠ દેઇ રાખ્યો રે શોભા રહી ઉરમાંહાં ।૭૨।
ભાગ્યવાન ભગવદી એક ત્યાંહાં રે દીપક પ્રગટ કરી
ભીંત આથે ઉભા સનમુખ રે મુખ જુએ ઉલટ ભરી ।૭૩।
એહને ભાવે ભાગ્ય બહુના રે પ્રમુદીત થઇને હરખે
દીપક જોત ઉદ્યોતે કરી રે બહુકે શ્રીમુખ નીરખે ।૭૪।
પાછલના આગલ આવ્યા રે સનમુખ દર્શન કાજ
જાંહાં રહીને દર્શન હોએ રે તેમ ઉભો છે સમાજ ।૭૫।
કે જમણી બાંઇ દીશ રહી રે કે પાછલ રહયા પીઠે
કે ઉપર અટારીયે રહયા રે સુખ પામે અંગ દીઠે ।૭૬।
જે અંગે જે અરજી રહયા રે જે રહયા જેણે ઠામ
જાંહાં રહીને જે અંગ જુએ રે ત્યાંહાં હોએ પુરણ કામ ।૭૭।
અંગસેવક જે નીકટવરતી રે સેવામાં સાવધાન
કાજ તણો સમયો જાણી રે થયા તે કારજ વીધાન ।૭૮।
ગડુઆને મંદીર તે જઇ રે દીપક પ્રગટ કરી
લોભી છીરકી શીતલ કીધી રે રાખ્યો ગડુઓ ભરી ।૭૯।
મકરંદ મહેકાવ્યા અનેક રે મોખા મુગતા કીધા
પવન પ્રચાર પ્રગટ જોઇ રે એહના મનોરથ સીધા ।૨૮૦।

મૃતીકા લેઇ સ્થલે રાખી રે કોમલ પરમ સુવાસ
પનહી શીષ ચઢાવી અને રે લેઇ આવ્યા પ્રભુ પાસ ૧૨૮૧।
પ્રાણપ્રભુ સેજે બેઠા રે ચોકીયે ચરણ ધરી
ભાગ્યવાન કો પદકમલે રે તેલ લગાવે ફરી ૧૮૨।
કો સમે વાત રસે વીરમ્યા રે ઉઠવા થઇ અવાર
ઉઠવા સમે ચરણ ચોકી રે સરકાવી તેણીવાર ૧૮૩।
ચરણવસ્ત્ર જે જુલીચી સહીત રે લેઇ બીછાવ્યું ત્યાંહાં
તે ઉપર પદકમલ ધરી રે ઉઠયા અતી રસમાંહાં ૧૮૪।
શીતકાલ હોયે ત્યારે રે નીમો પહેરે પોતે
ગરમીમાં ઉઘાડે અંગ રે થકીત થયા સહુ જોતે ૧૮૫।
તેલતણી પરઠની જેહ રે તેહની કુંજલક ટાલી
ઉપરેણો મસ્તકે બાંધી રે ઉપવીત ગ્રહયું સંભાલી ૧૮૬।
એહ સમયની શોભા કહું રે કે કહું દીપકની જોત
કે ચાકચક્ષ ચતુરવરની રે કે અંગ ઉદ્યોત ૧૮૭।
કે નખશીખનુ રૂપ કહું રે કે મુસકની જે ઉદાર
જેહને જોઇ જગત જીવે રે મોહીત થઇ નરનાર ૧૮૮।
કે લેલાટ ભ્રકુટીનું વલણ રે કે ચંચલતા નયણ
શ્રષ્ટી ઉપર શુભ દ્રષ્ટી કરી રે કહેતા નાવે વયણ ૧૮૯।
નાસીકા નીકટ અધર અનુપ રે ઉપમાને નહીં કોઇ
કો મુરછીત અભીલાખી રહયા રે જે રહયા સનમુખ જોઇ ૧૯૦।
મહા ઉપકાર રૂપ અંગ એ રે દાન રસે ભરી
વ્યાકુલ વીવસ અવસ્તા રસની રે વીરહ વ્યાધી હરણી ૧૯૧।
કે કહું ગલમંડલની જ્યોતી રે દીપક જ્યોતે ઝગમગી
કે શ્રીઅંગ સમુચ કહું રે પ્રગટ રહયું રંગમગી ૧૯૨।
કહી કહીને શું શું કહું રે કહેવા શકય નહીં માહારી
એ સમે એ રૂપ જોઇ રે ઉગતી જુગતી મતી હારી ૧૯૩।
જમણે કર ઉપવીત લેઇ રે જમણે કરણે ધરી
ઉપરેણાનો પેચ ગ્રહી રે કરણ ઉપર તે કરી ૧૯૪।
લટકાસું ચરણાવીંદ રે લોભી ધરી પધારે
જેજે કરી આશીષ દે રે ભગવદી સરવસ વારે ૧૯૫।
પનહી લેઇ આગલ રાખી રે પેરી પ્રમુદીત થઇ
એણીપેરે ગહુઆને મંદીરે પધાર્યા રસમઇ ૧૯૬।
દીવટ ઉંચી કરી રાખી રે જાહાં લગી પોંચે જ્યોત
ભીતર પધાર્યા તે પછી રે દીપકનો છે ઉદ્યોત ૧૯૭।
નીહોરી નીહોરી દર્શન તે કરે રે પૃષ્ટ ભાગનું સહુ
જે ધસી આવ્યા છે રે ગલીએ રે ભાગ્યવાન બહુ ૧૨૯૮।

એણીપેરે દર્શન કરી વલ્યા રે બેઠા સ્થલ લેઇ
પધારતાંનો સમય તે જુએ રે સનમુખ થઇ મન દેઇ ।૨૯૯।
તેલ તણી સજ્યાનો સાજ રે લીધો ભીતર વેગ
કાજપરાયણ સીખ રહ્યા રે જેહના છે નીત્ય નેગ ।૩૦૦।
હવે બડભાગી બડી સેજ્યા રે ઢાલે છે બડભાગી
તે પ્રકાર કહું છું વીસદ રે એહોને ચરણે લાગી ।૧।
જે માહા ભાગ્યવંતી ભરૂચ રે ત્યાંહાંના ત્રીકમભાઇ
ઉજ્વલ ઉભય કુલે વીશુધ્ધ રે શ્રી અંગના સુખદાઇ ।૨।
આરાધનીય ભજનીય ઉપાસ્ય રે ગોકુલેશસું સણંધ
સરવારકમ ભાવી સુદેશ રે અન્ય સબંધ નહીં ગંધ ।૩।
સ્વકીયના હીતકારી પોષક રે ને વલી ઉપકાર રૂપ
પ્રસન્નતા અહુનીંશ મુખ પર રે વીલસે પરમ અતુપ ।૪।
જેહને માહાપ્રભુજીએ શ્રીમુખે રે કહયું બડો પરમ ઉદાર
તેહના ગુણ વર્ણન કાંહાં લગી રે વચને કહું વીસતાર ।૫।
પીતા નારાયણજી રામજીના પુત્ર રે પૃથ્વી માંહે પ્રસીધ
જેહને પુત્ર મોહનભાઇ રે અલૌકીકની માહાનીધ ।૬।
અતી ઉત્કર્ષ પીતા પુત્રે રે આપ સર્વ સંપન
એહોનું ભાગ્ય કાંહાં લગી કહું રે જેહો પર પ્રભુ પ્રસન્ન ।૭।
એહવા ત્રીકમભાઇ નીપુણ રે એણે મનોરથ કરી
ચંદન ઉતમ તણી સેજ રે લેટ કરી હીત ભરી ।૮।
ત્યાંહાં નીવાર નૌતન રેશમી રે હરીત અરૂણ સોહે
અતી વીચીત્રતાએ તે ભરી રે દેખત મનડા મોહે ।૯।
રાજતીબારીને મધ્ય રે તે ઢાલી છે સેજ
દક્ષીણ સીરાહણું પંગતી રે ઉતર કરી ભર હેજ ।૧૦।
તે ઉપર શુભ પલંગપોસ રે બાસતા મહીન તણો
બોરીયા જાલીની પંગતી રે પ્રરમ વીચીત્ર તણી ।૧૧।
અધ પાયા લગી થર ચોહોરે રે ફોરતા દીસે ચાર
ચારે સરાભરી બેસે રે કોણ કરૂં અનુહાર ।૧૨।
બે ભગવદી સામ સામા રહી પ્રથમ સેજ તે ખંભેરી
જીવ જંતુને ભ્રાંતે કરી રે ફેરવીને હેરી ।૧૩।
તે ઉપર તે પલંગપોસ રે રાખ્યો સુખદ સમારી
ચારે પાસે ભરી બેઠા રે શોભા પ્રગટી ભારી ।૧૪।
તે ઉપર સુપેતી સુખદ રે લઇ બીછાવી આણી
જેહવી જે રીતે જોએ રે તેવી મનમાંહાં જાણી ।૧૫।
શીતકાલ માંહાં સુપેતી અધીક રે નીચે બીછાવે જેહ
બાસાની ચાદર કોમલ રે ત્યાંહાં બીછાવે તેહ ।૩૧૬।

સીરાહણે લપેટણું રહે રે આસાનું સુખદાય
ઉભય સુપેતી ઓઢવાને રે મેલે છે મન ભાઈ ।૩૧૭।
તોસનું અસ્તર તેહને રે બાંધણું વરે અનુપ
રૂ૬ સુખદ નીતન કોમલ રે દેઇ અગરના ધુપ ।૧૮।
આસા તણી ખોલ તેહને રે એહવી સુપેતીયે સાર
ઢોડોરી સેજ ઉપર મેહેલી રે ઓઢવા પ્રાણાધાર ।૧૯।
ઢોડોરા સમીયાણા ચોકે રે ટેરા તીબારીએ રાજે
અંગીઠી એમ જતન ઘણુ રે કહેતા વાણી લાજે ।૨૦।
શીતકાલે એણીપેરે કરે રે ધરી અંતરગત નેહ
આંહાં ગરમીનો પ્રસંગ કહું રે આલતો આવે છે તેહ ।૨૧।
પંગતી દીશ સીરાહણુ એક રે સુક્ષમ રૂ૬ ભરી
ને આણીને સુપેતી પ્રાંત રે ઉપર લેઇ ધરી ।૨૨।
ચાદર બાસતાની કોમલ રે અતી મહીન બહુ મુલ
મધ્યે એક પાટ રાખ્યો રે ઉભય કર્યા સમતોલ ।૨૩।
ચોડી ચીપ સીવણ મહીન રે ખુંચે નહિં શ્રીઅંગે
સનમુખ રહી કર ફેરવી રે તેહ બીછાવી રંગે ।૨૪।
કર ફેરી કુંજલક ટાલી રે સંભાલીને બીછાવે
ચારે પાસ સુપેતી તલે રે દાબી ઉત્તમ ભાવે ।૨૫।
સીરાહણું મખમલ મહીન રે મૃદુલ પેરે જે ભરીયું
અતી કોમલ વાછલ્ય સહીત રે લેઇ સીરાહણે ધરીયું ।૨૬।
ત્યાંહાં મકતુલ શ્યામ કુંદણા રે જાબા કનક અનુપ
હરડે હાટકની સોડે રે ઉભયનું અદભુત રૂપ ।૨૭।
બાસતા પરમ મહીન કોમલ રે તેહનું લપેટણું કરી
ઢોહરૂં જુગતસું રાખી રે તેહ લપેટયુ ભરી ।૨૮।
એક દીશ સીરાહણાના તલે રે દાબે છે કર ફેરી
બીજી દીશ સુપેતી નીચે રે રાખ્યું ભાંત અનેરી ।૨૯।
વલતા સેજ બંધ તે સુભગ રે આણ્યા ભાંત સુદેશ
અરણ્ય દોર મકતુલની રે દીસે અનુપમ વેસ ।૩૦।
મખમલ શ્યામ તણા કુંદણા રે ઉભય પડછીએ તેહ
જરકસી ઉતરની હરડે રે સુંદર દીસે એહ ।૩૧।
ચારે પાયે સુધારીને રે ઢોહરે કસણે કરી કસી
કુંદણા ઉભય ઉભય બેહુ દીશ રે વીલસી રહયા હુલસી ।૩૨।
પુરવ દીશ પંગતી પાયે રે ટોપી રૂઇસું ભરી
તે પાયે પહેરાવી પ્રથમ રે અતીસે વાત્સલ્ય કરી ।૩૩।
સેજ થકી રાત્રે ઉઠી રે પધારવા એ વાટ
વામ પદે પાયો કપરસે રે જતન કર્યું તે માટ ।૩૩૪।

ચાદર મલમલની તે મહીન રે કે પંચતોલીયા તણી
ગરમીમાં એ ઓઢે રે પરમ સુખદ સોહામણી ।૩૩૫।
બાસાની મલમલ મહા શુભ રે અરૂણ અનુપમ ભાંત
ગીડદા ગોલ કર્યા તેહના રે પરભરીયા કરી ખાંત ।૩૬।
ત્યાંહાં ગલેફ ગાઢાના કરી રે છુટા મોહોરે કરી
તે ગીડદે પહેરાવીને રે રાખ્યા સીરાહણે ધરી ।૩૭।
ત્યાંહાં અતર અનુપમ સુચારૂ રે સોંધા મેદ જવાદ
લેઈ તે સમરપે છે રે સૌરભ મરજાદ ।૩૮।
રસ ગુલાબે સેજયા છીરકી રે કરીને સુક્ષમ રીત
વાત્સલ્યની પરમાવીધીસું રે ધરી અંતરગત પ્રીત ।૩૯।
ચાદર પંચતોલીયાની સુખદ રે જે છે ઓઢવા તણી
ચુણીને પંગતી દીશ રાખી રે ઓઢસે ગોકુલધણી ।૪૦।
ચાદરને ચારે ખુંટે રે સોંઘો લેઈ લગાવ્યો
અંતરને અનુમોદ સહીત રે ભાગ્યવાન મન ભાવ્યો ।૪૧।
ચારસો મછલીપટણનો એક રે લઈને ઢાંકયો સેજે
નીપુણ નીકટવર્તીએ સર્વ રે એમ કરી રાખ્યું હેજે ।૪૨।
સીરાહણા દીશ પડવાયા રે રાખ્યા બેહુ પાયે
નીપટ નીચા ઉંચા પણ નહીં રે જેહવા પ્રભુને સોહાએ ।૪૩।
ચોકી એક ચરણ તલને રે તેહ સમારી ઘણ
ગાદી પર ગલેફ સુંદર રે શું કહું શોભા તણુ ।૪૪।
ફીરતી ફરેવાજ ઉત્તમ રે જાલી કુંદણ ભરી
સેજ તલે સરકાવીને રે કાજપરાયણે ધરી ।૪૫
નીચે ચરણ જુલીચી ધરી રે ચરણવસ્ત્ર તે લપેટી
ચારે ખુંટ સુધારી સુખદ રે ને વલી કુંજલક મેટી ।૪૬।
પુર્વ દીશે પધારવાની રે વાટ મહા પ્રભુની જાંહાં
ચરણવસ્ત્ર સેજયા આગલ રે લેઈ બીછાવ્યું ત્યાંહાં ।૪૭।
પશ્ચીમ દીશા સીરાહણા નીકટ રે ચોકી એક ધરી
ઉંચે પાયે અતી વીચીત્ર રે ભેટ ભગવદીયે કરી ।૪૮।
તે ઉપર ગડુઓ રાખ્યો રે અતી શીતલ જલે ભરી
શ્રમ કરી જલ શીતલ કીધા રે ભકતે પંખા કરી ।૪૯।
કપુરદાની ચુનવટી ધરી રે ને ધર્યો પુષ્પનો હાર
બીડા સીધ્ધ કરી ધર્યા રે સહીત સર્વ ઉપહાર ।૫૦।
એહવી સેજ જોઈ જોઈ રે નીત ભામનડા લીજે
તન મન ધન સર્વસ્વ એકત્ર રે કરી ન્યોછાવર કીજે ।૫૧।
ઝમકતી ઝમકતી અતી ઠમકતી રે જોબન ભાવે ભરી
માન ભરી સૌભાગ્ય ભરી રે ગર્વ ભરી મદ ભરી ।૩૫૨।

ગુણથી ભરી શોભાએ ભરી રે શ્રંગાર ભરી શુભ ભરી
પ્રભુને અભીલાષે તે ભરી રે રસ અભીલાખ તે ભરી ૧૬૫૩।
પ્રેમ ભરી પ્રેમાનંદ ભરી રે અતી ગુઢાસય ભરી
મનોરથ તરૂ શત શાખ ભરી રે રતી રસ આશા ભરી ૧૫૪।
ઉલટ ભરી પ્રમોદ ભરી રે દાન સમોહે ભરી
અગણીત ભાવ રસાલે ભરી રે કામ કૌતીકે ભરી ૧૫૫।
ઉદ્યોધક બોધક રસ ભરી રે કામ ઉછાહ ભરી
ઉપકાર રૂપ દયાએ ભરી રે અદભુત કરણા ભરી ૧૫૬।
આકર્ષણ વીદ્યાએ ભરી રે મોહક વીદ્યાએ ભરી
સોંધે ભરી સુગંધ ભરી રે રતી વૈભવે પરભરી ૧૫૭।
રમણ ધામ રસકામ પુરક રે પ્રભુના સુખનુ વીરામ
ભકત ભાવ પુરક નીતપ્રતી રે ભકત તણુ અભીરામ ૧૫૮।
ઉર આસને બેસાડીને રે વાહાલાને વીલસાવે
એહનુ વર્ણન વીસદ કરી રે વચને કહેતાં નાવે ૧૫૯।
એહને મન મનોરથ અતીસે રે વાહાલો વેગે પધારે
મારા રસ વૈભવ જે સુખદ રે તે કયારે સતકારે ૧૬૦।
હવે છીણુ વીલંબ હોયે અસહી રે તેહ સહયો નવ જાયે
પ્રીય વીન રહી ન શકે એક પલ તે જુગ સમ થાયે ૧૬૧।
એમ આરત વાધી અતીસે રે વાહાલાને વીપ્રયોગે
પ્રાર્થના પ્રેમે તે કરે રે વેગે હોયે સંયોગ ૧૬૨।
એહવી બડભાગી સેજ્યા રે તે ભકતે સીધ કીધી
નમન કરી ઉર અંતર માંહાં રે અતીસે આશીષ દીધી ૧૬૩।
તનીયો હેમ પીઢા ઉપર રે ધુંટી કોમલ કયો
કુસુમ સુવાસે સુંગધ ભરી રે સીધ કરીને ધરીયો ૧૬૪।
ચરણ ક્ષાલણની ચોતરીએ જઈને રે ગડુઆ જલસું ભરી
મૃતીકા ત્યાંહાં નીકટ રાખી રે સનમુખ દીપક ધરી ૧૬૫।
પીઢા પર ગાદી સાદી રે મખમલ કેરી જેહ
બેસવાને તે સીધ કરી કીધી રે ચલણ ક્ષાલણને તેહ ૧૬૬।
જલ તાતું ઉકાલી દુંક સુંઠનો મહેલે
વાહાલાજીને ણાણ સદા રે પોઢવા સમે નીત્ય તે લે ૧૬૭।
એણી પેરે સીધ કરી રાખ્યુ રે જે જોઈએ ત્યાંહાં
કાજ પરાયણ કાજમાં રે તત્પર છે મન માંહાં ૧૬૮।
ભગવદી કો ભીંતે અટકી રે બેઠા હાર કરી
કો વેદીની ચોતરી ઉપર રે કો રહયા સનમુખ ભરી ૧૬૯।
કો ચરણ ક્ષાલણની ચોતરી રે પરનાલા ઢીંગ આવી
સામ સામા તે બેઠા બહુ રે દર્શન હીત મન ભાવી ૧૩૭૦।

કો જલઘરની સીઢી ઉપર રે કો જલઘરને દ્વાર
ચોક સર્વ ચતુરાયે ભર્યા રે ભીડ તણો નહીં પાર ।૩૭૧।
રાજતીબારીએ પંગતી દીશે રે અહીં અતી ભીડ ભરાઇ
હોમઘર દ્વાર આગલ રે જેમ તેમ રહયા સમાઇ ।૭૨।
તેહવી ભીડ અટાલીએ ભરી રે પરવરી રહી સહુ ઠામ
અગણીત શ્રષ્ટી સમુહ તણી રે કહાં લગી કહીએ નામ ।૭૩।
સર્વત્ર એમ ગહગહી ભર્યું રે ને વલી આવતા જાએ
કેમ કેમ કરી સમાઇ રહયા રે ને આવે તે સમાએ ।૭૪।
કો સમે પેંડામાની રે કાંકરી પહરી કરે
પનહી વીના પધારતા માંહાં રે રખે ચરણે અનુસરે ।૭૫।
પ્રાણ વલ્લભજીનો પેંડો રે જુએ છે આરત ભરીયા
શ્રવણ નયણ મન એકત્ર કરી રે એહ વીષે અનુસરીયા ।૭૬।
એહવે આહાટ થયો ભીતર રે ગડુઆ બડા તણો
તે સાંભલી સહુને મનમાં રે લાગે સોહામણો ।૭૭।
એ સાંભલી સહુ હલમલી રહયા રે દર્શન કેરે કાજ
આરત ભર એક ચીતે જુએ રે કયારે પધારે રાજ ।૭૮।
એહવે પધાર્યા પ્રાણ વલ્લભ રે સહુની આરત જાણી
ભકત વીરહ કાતર કૃપાલ રે કરૂણા મનમાં આણી ।૭૯।
પનહી ભીતરને ખુણે રે ઉતારી આધાર
લટકતા અટકતા લટકાસું રે પધારે તેણીવાર ।૮૦।
કો ધાઇ આવ્યા સનમુખ રે કો રહયા નીજ સ્થલ લેઇ
અતી એકાંત અટાલીના રે તેહ રહયા મન દેઇ ।૮૧।
કો જૈ જૈ કરી રહે રે કો કહે જૈ જૈ મહારાજ
ચીરનજીવો બહુ જીવો રે એમ કહે સર્વ સમાજ ।૮૨।
એહવામાં આવી પહોંચ્યા રે ચરણ ક્ષાલણને ઠામ
પીઢા પર આવી બેઠા રે વાહાલો પુરણ કામ ।૮૩।
ગડુઓ બડો બે ચરણ મધ્યે રે રાખીને કર ક્ષાલે
મૃતીકા લઇ મનોહર ભાંતે રે પદઅંબુજ ક્ષાલે ।૮૪।
ગડુએ જલધારા નામી રે કોગલા કરે અનેક
ઉપવીત કરણેથી ઉતારી રે આચમન કર્યું વીવેક ।૮૫।
વલતા ફરી બેઠા પીઢે રે મુખવસ્ત્રે મુખ પુંછે
ઉપર ધરી રહયા ખવાસ રે પાલવે કર તે અંગુછે ।૮૬।
કો સમે અહીં તબકડી સાજ રે આવે સુક્ષ્મ રીત
ફાલસા કે પીલુ હોએ રે તે લે કરીને પ્રીત ।૮૭।
કો સમે કાંઇ વાનો ચાલે રે તે પણ વીસદ ન થાએ
પ્રતીનીત પ્રતી ભાવે નૌતન રે એક કરીને કહેવાએ ।૩૮૮।

વલતું ઉષ્ણોદક આણ્યું રે કે૦ સમે સુંઠ સહીત
કે૦ સમે કેવલ જલ તાતુ રે ઉકાલ્યું જે વીદીત ૧૬૮૯૦
તે કટોરીમાં આણ્યુ રે શ્રીજીએ શ્રીકરે લીધું
સહેતુ સોહાતું જોઇ પોતે રે ઘુંટ ઘુંટ કરી પીધું ૧૬૯૦
તેહ કટોરી સોમી ઉપર રે ઉલટી વાલી પોતે
તે કર વલણ તણો૦ લટકે૦ રે ચકિત થયા સહુ જોતે ૧૬૯૧
કે૦ સમય કાંઇ ઔષધ રચતું રે લે એણે ઠામ
વિસઇ કરી કહેવાએ નહીં ન્યામિક કરીને નામ ૧૬૯૨
વલતા શ્રીમુખ પક્ષાલી રે પીઠે બેઠા ફરી
ભાગ્યવતા શ્રીમુખ જુવે રે સનમુખ નયણ ભરી ૧૬૯૩
કે૦ સેજ્યાને નીકટ ઉભા રે નીચા ખાંલી પાસ
કે૦ જલધર લગી ભીડ કરી રે દર્શનની કરી આશ ૧૬૯૪
કે૦ પંગતી સીરાહણા દીશ રે કે૦ ફીરતા રહયા અટકી
સેજ તણી પાછલ સહુકે૦ રે ભીડ રહી છે ઠઠકી ૧૬૯૫
સહુની દ્રષ્ટી સ્વરૂપ વીષે રે નયણ ભરી ભરી નીરખે
કે૦ ઉંચા નીચા થઇ થઇ રે સુંદર શ્રીમુખ પરખે ૧૬૯૬
ખવાસજી પહેલા ઉભા રે આવી તનીયેા લેઇ
કે૦ તષ્ટી ગડુઓ તે લેઇ રે મુખવસ્ત્ર લેઇ મન દેઇ ૧૬૯૭
જેને બહાર રહીને દર્શન રે હોએ રૂડી ભાંત
તે ત્યાંહાં આવીને અટકયા રે કરીને મનની ખાંત ૧૬૯૮
સેજ પધાર્યાનેા મનોરથ રે તે આવ્યા નીજ ઘેર
અનેક પ્રકાર તણા ઉછાહા રે કરે છે ઉલટ ભેર ૧૬૯૯
તે પ્રકાર તણેા પ્રસંગ રે કહીસ વીસઇ કરી
આહાં સેજે પધાર્યા પ્રભુ રે તે કહું પદ અનુસરી ૧૭૦૦
પ્રાણ વલ્લભજી પીઠે થકી રે ઉઠયા તેણીવાર
ભગવદી ભાગ્યવાન સહુ રે કરે છે જેજેકાર ૧૧
ઉભય દીશે તે પેંડા કરી રે ઉભા ભાગ્યવાન
તેહવે અનેક પ્રકાર તણા રે હોએ અભીનવ દાન ૧૨
કેને ઉઠયાને લટકે રે કેને શ્રીઅંગ વલણે
કેને પરઠનીની લાવણ્યે રે કેને કરને ચલણે ૧૩
કેને ઉપરણાને પેચે રે કેને ભ્રકુટી ભાવે
કેને નયણ સયણ રસ ભરી રે દાન હોએ એમ આવે ૧૪
કેને અધર ફરકનીમાં રે કેને ગ્રીવા લટકે
કેને સમગ્ર સ્વરૂપ જોઇ રે કે૦ વારી ફેરી કર ચટકે ૧૫
અંતર ભાવ સુચનના ભાવ રે કે૦ રહયા ત્યાંહાં મન રાખી
કે૦ મુસકનીમાં પાગ્યા રે કે૦ રહયા રસ અભીલાખી ૧૪૦૬

કે૦ ચાકચક્ષ ચતુરવરની રે રીઝયા એ દાન લેઇ
અંગ પ્રતીઅંગ તણા તે દાન રે કે૦ રહયા ત્યાં મન દેઇ ।૪૦૭।
જે જ્યાંહાંને દાને અટકયા રે ત્યાં સનમાન ઘણુ
તે દાને અરૂઝાઇ રહયા રે અલગા ન થાએ અણુ ।૮।
સર્વની મનવૃત ઇંદ્રી સહીત રે અંગે આકર્ષણ કરી
સ્વરૂપે સર્વને નીરાખીને રે સ્વરૂપ રસે ભરી ।૯।
પધારે લટકા સાથે રે અંતર ભાવારૂઢે
સેજ રસીકને રસે રાતા રે ભર્યા મનોરથ ગુઢે ।૧૦।
એમ લટકાસું નીકટ આવ્યા રે જ્યાંહાં રસીલી સેજ
આનંદને અનુમોદે ભરી રે ભરી રહી બહુ હેજ ।૧૧।
તે પુલકીત રોમાંચીત થઇ રે નીકટ આવ્યા બહુ જાણી
એ સુખ અનીરવચની અણવધ રે કહેતાં નાવે વાણી ।૧૨।
ચરણવસ્ત્ર જે બીછાવ્યું નીકટ રે ત્યાં ઉભા રહયા આવી
ચરણ ઉભય લટકે રે તે શોભા મન ભાવી ।૧૩।
ચરણવસ્ત્રે પુંછી રે પુર્વ સનમુખ થઇ
શ્રષ્ટી સોહાગ ભરીને નીરખે રે ઉભા આનંદ મઇ ।૧૪।
એહવે અવાસજી આવી આગલ રે ઉભા છે મન દેઇ
અતી કોમલ સુવાસે ભર્યો રે કરમાં તનીયેા લેઇ ।૧૫।
પ્રાણ વલ્લભજીએ પ્રથમ રે ઉપવતી જમણા કરસું
ગ્રહીને જમણે સ્કંધે નાખ્યું રે અતીસે લટકા ભરસું ।૧૬।
એ ભગવદી સનમુખ ઉભા રે ઉપરેણેા કર ધરી
તનીયેા પહેર્યાને તે સમય રે આગલ ઓટ કરી ।૧૭।
વલતેા તનીયેા એહુ કર ગ્રહી રે લીધેા ભાંતી સુખાલી
તની ઉભય આગલ આણી રે કટીની પાછલ વાલી ।૧૮।
ઉભય કરે ચપલાઇ સહીત રે ગ્રંથી તનીયાની દીધી
ને પછે પરદની છોડીને રે લટકે ઉપર લીધી ।૧૯।
જમણે કર જમણેા પાલવ રે તનીયા ઉપર લીધેા
ડાબે લઘુ લાઘવતાસું રે તે પણ ઉપર કીધેા ।૨૦।
તે ચપલાઇ સહીત લટકેા રે નયણે રહયા બહુ જોઇ
લઘુ લાઘવતામાં મોહયા રે પણ સમુજયા નહીં કોઇ ।૨૧।
એહુ પેચ પરદની તણા રે વામ કરે રહયા લેઇ
દક્ષીણ કર ભીતર મહેલી રે ઉભા કાછ દેઇ ।૨૨।
એણે સમે સેજયા પરથી રે ચોરસેા વેગે ઉઠાવ્યેા
ચાદર પંજતે ચુણી ધરી રે કર્યો મનોરથ મન ભાવ્યેા ।૨૩।
સેજ ઉપર આવી બેઠા રે મહા રસ ભાવ સહીત
તે પરદની જંઘા ઉપર રે રાખી રૂડી રીત ।૪૨૪।

વલતો ઉપરેણો મેલ્યો રે સીરાહણા દીશ ભણી
. ભાગ્યવાન જે નીકટવર્તી રે તેણે રાખ્યો ચુણી ।૪૨૫।
ચાદર જે તનમુખ મલમલ રે કે પંચતોલીયા તણી
. અતી કોમલ સુવાસ સોંધે રે જે ગુલાબ રસે સણી ।૨૬।
તેનો પાલવ ખેંચીને રે બેહુ જંઘા પર લીધી
. ઉલટે કરે કાછ ઢાંકી રે પરદની અલગી કીધી ।૨૭।
શ્રીઅંગ ઉઘાડે બેઠા રે ચરણ લટકતા કરી
. તેહ સમે સેવકે ચરણ તલે રે ચોકી આણી ધરી ।૨૮।
ને વલી તે નીકટ બેઠા રે ચરણ સંવાહન કરવા
. પદ પલવે પરસી પરસી રે અંતર આરત હરવા ।૨૯।
બેહુ ચરણાવીંદે રે બેસી ચરણ તલાસે
. શ્રીમુખ મોદ ભર્યા નીરખે રે ને કાંઇ પુછે છે આસે ।૩૦।
છોટો તકીયો ટેકાને રે પાછલ આણી ધરીયો
. ત્યાં અટકી બેઠા વાહાલો રે તે અંગે અનુસરીયો ।૩૧।
ચોહોંદીશ ચતુરાએ તે ભરી રે એક ટક નયણે નીરખે
. નીપુણ નાહ નર વરેંદ્ર રે શ્રષ્ટીને જોઇ હરખે ।૩૨।
કો કો તેલ સેજને સમય રે જે ગયા છે ઘેર
. વેગે કરી આવી ન શકયા રે કાંઇ એક થઇ અવેર ।૩૩।
વલતા તે આવી ઉભા રે નીચા સમૃધ્ધ માંહાં
. સ્વકીય તણો સંકોચ કરી રે નીકટ ન આવ્યા ત્યાંહાં ।૩૪।
એહવે ખવાસ બીડી લાવ્યા રે સાથે સર્વે સંજોગ
. ચુનવટી ને બરાસદાની રે વહાલાને ઉપયોગ ।૩૫।
પહેલા પુછે જલ લેસોજી રે રૂચી હોએ તો પ્રભુ માંગે
. ગડુઓ લેઇ આગલ રાખે રે પાન કરે અનુરાગે ।૩૬।
પાચન સમય પાન જલનુ રે પ્રાણપ્રભુજી કરે
. પ્રથમ પાન બહુધા ન કરે રે સદા બાણ એ ધરે ।૩૭।
બીડી કરમાં આપી રે કર પુંછીને લીધી
. વીકસીત મુખ ઉતાનુ કરીને રે લહેકે મુખમાં દીધી ।૩૮।
ફાંક બરાસ તણી લીધી રે ઉછાલી મુખ માંહાં
. ચુનવટીથી ચુનો આપ્યો રે તે લીધો છે ત્યાંહાં ।૩૯।
કોઇ કવીત કહે તે સુણે રે કો ગાન ઉચાર
. માલા વીસઇકની સાખી રે કો કહે તેણીવાર ।૪૦।
કો દુહા સોરઠા કહે રે કો પછાહી બાણ
. સ્નેહની સનમુખતા જોઇ રે સર્વ કરે તે પ્રમાણ ।૪૧।
કો સમે કોઇ પ્રશ્ન પુછે રે કો સમે સંદેહ
. કો સમે વાત વીવીધ કરે રે જેમાં અદભુત સ્નેહ ।૪૪૨।

અતી પ્રસન્ન સેજે બેઠા રે સેજ રસીલીના ભોગી
ભકત રસે અતીસે પાગ્યા રે સદા ભોગ સંજોગી ।૪૪૩।
અંગ પ્રતીઅંગ ઉમંગી રહયા રે રયણી રસમાં પાગી
પ્રમુદીત મોદ ભર્યા બેઠા રે અંતર અતી અનુરાગી ।૪૪।
રસ સમુહ ઉછલીત થઇ રે અનુસરીયો અંગે
રયણીના રસમાં વીલસ્યાને રે મોદ ભર્યા એ સંગે ।૪૫।
ફીરતે નયણ કટાક્ષ કરી રે ભરી ભરીને દ્રષ્ટી
શ્રષ્ટી સોહાગીને અવીલોકી રે કરે છે એમ રસવૃષ્ટી ।૪૬।
ભાગ્યવતા એ જોઈ જોઈને રે હરખે છે મન માંહાં
નીરંતર અનુભવી એ રસના રે જે ઉભા જ્યાંહાં ત્યાંહાં ।૪૭।
એહના મનોરથ અતી અગણીત રે ગીણના નવ થાએ
રસ વાચી રસ ભાવ ભર્યા રે કહેતા કહયા નવ જાએ ।૪૮।
રસે પાગ્યા સ્વરૂપે પાગ્યા રે લીલાએ પાગ્યા ઘણુ
અનીરવચની ભાવ એહ તણા રે વીસદ ન થાએ અણુ ।૪૯।
એમ ભાવે ભર ભાવાધીન રે ભાવાત્મીક થઇ થઇ
એ સ્વરૂપ જોઇ જોઇ થઇ રે રહયા રસમઈ ।૫૦।
એહ સમે જે ભીડ મચી રે કહેતાં કહી નવ જાએ
વચને કો સમજે નહીં રે અનુભવથી સમજાએ ।૫૧।
પરદની જે અલગી રાખી રે તેનો પાલવ લેઈ
અંગુલીમાં ભરાવીને રે નાસીકામાં દેઇ ।૫૨।
નીહોરાઈ અને નાસા રે પુંછે રે પરમ સુદેશ
તે લટકાની ભાંતી અનુપમ રે શું કહું પરમ સુવેશ ।૫૩।
ચલતો તે કર પંગતી દીશે રે નીહોરી લાંબો કીધો
ગડુઓ તષ્ટી લેઇ ઉભા રે તેસું ક્ષાલી લીધો ।૫૪।
ભાગ્યવાને મુખવસ્ત્ર ધર્યું રે કર પુંછે તે સાથ
કો સમે ચાદર જંઘા ઉપર રે તેસું પુંછે હાથ ।૫૫।
તેહ સમે ખવાસ બોલ્યા રે પોઢવા થઇ છે વાર
ચાલો રે ભાઇ વૈશ્નવ રે કાંઈ કરો છે અવાર ।૫૬।
એ સુણી મહા પ્રભુ પોતે રે સેજ ઉપર કર ધરી
સીરાહણા દીશ સરકીને રે પંગતી સનમુખ કરી ।૫૭।
સેજ્યા સુખાલીએ પોઢયા રે જૈ જૈ કહે સહુ સાથ
ચીરનજીવો બહુજીવો કહે રે વેગા ઉઠો નાથ ।૫૮।
ઉતાના પોઢી પછે રે ચાદર કરસું ગ્રહી
ખેંચીને આગલ લીધી રે હૃદય ઉપર તે રહી ।૫૯।
ચોકી ચરણ તલ તણી રે સેજ તલે સરકાવી
તેહ સ્થલે ચરણવસ્ત્ર રે નીચે જુલીચી બીછાવી ।૪૬૦।

હવે ભગવદી દર્શન કરી કરી રે કોઇ કોઇ ઘર દીશ વલીયા
નમન કરી આશીષ દેઇ દેઇ રે ચલ્યા કુલ્યા ફલીયા ।૪૬૧।
વલી અવાસજી અને કોઇ કોઇ રે એમ બોલે તેણીવાર
ચાલો ચાંલો વેગા થઇ રે પોઢવા થઇ છે અવાર ।૬૨।
કો ગરમીને સંકોચે કરીને રે કો અવાર થઇ જાણી
પરસ્પરને લેઇ ચાલ્યા રે વાત્સલ્ય મનમાં આણી ।૬૩
કો ખીન્યાને સંકોચે કરી રે કો સાતવીક મન ધરી
કો પોઢયા જાણી વલીયા રે જોતા ફરીફરી ।૬૪।
કો કો અટકી રહયા અલગા રે ચાલો ચાલો કહે ચાલે
મન અરૂજી રહયા સ્વરૂપે રે વીપ્રયોગ દુખ સાલે ।૬૬।
કેની દ્રષ્ટી સ્વરૂપમાં રે આગલ ડગલું ભરે
ચાલો કહે ત્યારે ચાલે રે ને વલી પાછા ફરે ।૬૫।
કો પાછે પગે પાછા ફરી રે શ્રીમુખ જોતા ચાલે
કો દીગમુઢ જોઇ રહયા રે વચને કહે નવ હાલે ।૬૭।
કો જે જે કહીને ચાલે રે કો આશીષ દેઇ દેઇ
કો મન એ ચરણે સોંપી રે ને રૂપ ઉર લેઇ ।૬૮।
એમ અનેક પ્રકારે કરી રે ભાવ આપાપણે ભરીયા
ભાગ્યવાન ભગવદી અહુ રે શ્રીમુખ જોઇ ઘેર ફરીયા ।૬૯।
નીકટવર્તી કોઇ કોઇ રે ને વલી રહયા અવાસ
તેહોની નીકટ ગોપ્યતાએ મનોરથની કરી આસ ।૭૦।
મહા ભાગ્યવાન સૌભાગીનો રે પરીકર પરમ વરેસ
વહેવાર ને સેવા અર્થે રે જે ગયા પરદેશ ।૭૧।
તે આવ્યા ઉમાહ ભર્યા રે કાજ ત્યાંના કરી
લેટ એકાંત તણે મનોરથે રે ઉભા મોદ ભરી ।૭૨।
અહીં એકાંત નીપટ જાણી રે આવ્યા પ્રભુને પાસ
આગલ ઉભા રહીને રે મનવૃત કરી પ્રકાશ ।૭૩।
થેલી રૂપૈયાની આગલ રે રાખી વીત સમાન
રાજ પ્રસન્ન થઇ પોતે રે કરજો કેને દાન ।૭૪।
શ્રી મહાપ્રભુ સતકાર કરી રે ને કરે અતી સનમાન
વચન માધુરીમાંએ હોએ રે એહોને મહા સુખ દાન ।૭૫।
મહા ભાગ્યવાન તણો પરીકર રે એણીપેરે લેટ કરે
તે થેલીઓ અવાસજી લેઇ રે બેઠકમાં ધરે ।૭૬।
એકાંત તણી લેટ રે એકાંત માંગણુ કાજ
કે જાણે મહા ભાગ્યવંતા રે કે જાણે મહારાજ ।૭૭।
એણીપેરે અનેક પ્રકારે હોએ રે લેટ એકાંતે ત્યાંહાં
પ્રભુના મન સૌકર્ય હીતે રે વીસદ કહેવાયે કયાંહાં ।૪૭૮।

કો એ સમે એણેજ સમય રે પ્રભુ પોઢયા ઉપરાંત
લોક પ્રતીષ્ઠીત સર્વ વલ્યા રે ને જાણી એકાંત ।૪૭૯।
જ્ઞાતમાં કોઈ ભટ ઉતમ રે કે વલી કો ભાણેજ
કે કુલમાં કોઈ બાલક રે તે આવે કરી હેજ ।૮૦।
ને ખવાસ આગલ એમ કહે રે મારે છે એક કાજ
તમો વીનતી કરીને પુછો રે જો તેડે મહારાજ ।૮૧।
તે જઈને વીનતી કરે રે અમુક આવ્યા છે ત્યાંહાં
શ્રીજી સાંભલીને તે કહે રે વેગ મોકલો આંહાં ।૮૨।
વલતા તે આવે એકાંત રે સંકોચ મનમાં ધરી
આવીને તે બેસી નીકટ રે પ્રભુ પ્રશ્ન પુછે હીત ભરી ।૮૩।
લાજતા સંકોચતા કહી ન શકે રે પણ આવશ્યક જાણી
નીચું જોઈ પ્રભુ આગલ રે એણીપેરે બોલ્યા વાણી ।૮૪।
કાજ હમારે જનોઈ તણુ રે કે વીવાહનુ કાજ
કન્યા પ્રૌઢ થઈ છે ઘણુ રે ને નથી એકો સાજ ।૮૫।
કો દોહેલ ઘરની ઘણી રે ખરચ ઘણો ઘર માંહાં
કરજ આગલ જઈ શકીએ નહીં રે તો અમે જઈએ કયાંહાં ।૮૬।
રાજ વીના કોને કહીએ રે કોથી સરે નહીં કાજ
એ સુણી મનમાં જાણી રે એમ બોલ્યા મહારાજ ।૮૭।
તુમકો સંકોચ કાહેકો રે એ ઘર હુ તુમારો
તું તો અપનોહી હે સદા રે મનમાં દેખી વીચારો ।૮૮।
એમ કહી સમાધાન કીધા રે ને કીધો સતકાર
બેસાડીને ખવાસજી રે તેડયા તેણીવાર ।૮૯।
કાનમાં વાત કરી થેલી રે મંગવાવી જે જાણી
તેના કાજ થકી અધીક રે આપ્યુ તેહોને આણી ।૯૦।
ને મનુહાર કરીને ઘણુ રે વીદાય કર્યા તેણીવાર
કેને ઘેર પોતે પઠવે રે એમ આપે અનીવાર ।૯૧।
સમાધાન મન લેઈ કરે રે જેમ નાવે સંકોચ
પાત્ર પ્રમુદીત થઇ વલે રે માગ્યાનો ન રહે સોચ ।૯૨।
કો સમે એણેજ સમે રે મનોરથ ભગવદી તણો
ચરણ છોહયાની આરત મનમાં રે એ અભીલાખ ઘણો ।૯૩।
અધીકારી કે ખવાસજી ને રે વીનતી કરી બહુ હેત
એકાંતનો સમયો જાણી રે એ રાખ્યો સંકેત ।૯૪।
તે ભાગ્યવાન શ્રીંગાર કરી રે ને ભુષણ બહુ મુલ
વસ્ત્ર સુવાસીત સોંધે ભર્યા રે કોણ કરૂં સમતોલ ।૯૫।
ભેટ તણી સામગ્રી લેઈ રે આવ્યા તેણે ઠામ
અધીકારી કે ખવાસજીએ રે વીનતી કરી લેઈ નામ ।૪૯૬।

રાજ અમુક વૈષ્ણવ આવ્યા રે ચરણ છોવાને કાજ
લેઇ સતકાર કરી સનમુખ રે બેસાડયા મહારાજ ।૪૯૭।
સમાધાન બહુ કરીને રે છોવરાવ્યા નીજ ચરણ
વાક્ય માધુરીએ સપન્ન રે કીધું આરત હરણ ।૯૮।
એણે ક્રમ તણી માલા રે ને તુલસીની જોડ
પહેરાવી બહુ પ્રમુદીત થઇ રે કરી મનમાં બહુ કોડ ।૯૯
ને વીનતી કીધી એણીપેરે રે માલા જે ધરી
પ્રાત પહેરજો કૃપા તે કરીને રે મારે મનોરથે કરી ।૫૦૦।
ધોતી ઉપરેણો ઉત્તમ રે કેશર સોંધે ભર્યો
આગલ રાખ્યો આણી રે પ્રભુજીએ અંગી કર્યો ।૧।
આજ્ઞા દીધી નાહીને રે પ્રાત પેરસું એહ
શ્રીકંઠની માલા આપી રે ધરીને અતીસે નેહ ।૨।
અધરામૃત કરમાં આપી રે વલતા કર્યા વીદાય
ફરી ચરણાવીંદ છોહી રે આનંદ અંગ ન સમાય ।૩।
એણીપેરે વીદાય થઇ વલીયા રે ફરીફરી શ્રીમુખ જોતા
એમ ચરણાવીંદ છોહવા રે આવે છે પરમ પનોતા ।૪।
નીજી સંપુર્ણના મનોરથ રે અનેકના અનેક પ્રકારે
તે આગલ સમયે જોઇ રે કહેસું કરી વીસ્તાર ।૫।
વલી એહ સમય વીનતી તણો રે કે સમે આવે તેહ
આવી એકાંત વીનતી કરે રે જેહને મનોરથ જેહ ।૬।
કેને કેશરે નવડાવ્યા તણો રે કેને પધરાવવાનો ઘેર
કેને સીખડી નૌતન કરવા રે તે કહે ઉલટ ભેર ।૭।
કેને ભીતર રસોઇ કરવા રે ને વૈષ્ણવની રસોઇ
તે એણે સમય કહી રાખે રે વીનતી કરીને કોઇ ।૮।
કે સમીયાના ને પીછવાડી રે લાવ્યા મનોરથ કરી
વીનીયોગની વીનતી કરી રે રાખે ઉલટ ભરી ।૯।
અહલ્યીનુ કારજ કાંઇ રે કે ઉછવ મન ધરી
કે પરદેશ પત્ર કાજે રે વીનવે વીનય કરી ।૧૦।
વહુ બેટી બાલઠમાં રે કેને હોચે નીજ કાજ
તે આવી એણે સમય રે વીનવે કહી મહારાજ ।૧૧।
એણે પ્રકારે અનેક ભાંતી રે વીનતી કરે છે જેહ
એ પ્રકાર ન્યાખીક કરી રે વીસહ ન થાયે તેહ ।૧૨।
એમ અભીલાખ અનેક તણા રે પુરણ કરે છે જેહ
સેજ સમે પોઢયા તે લગી રે કાંહાં લગી કહીએ તેહ ।૧૩।
વલતાં નીપટ નીકટવર્તી રે તે પણ ઘર દીશ વલીયા
પ્રભુના સુખ વાંછીત અહરનીશ રે ભાવ તણા જે બલીયા ।૫૧૪।

ને ખવાસજીએ દીપક રે લઇને ભીતર રાખ્યો
ગડુઆને મંદીર ગડુઓ રે ભરી ધર્યો અભીલાખ્યો ।૫૧૫।
ચરણ ક્ષાલણને સ્થલે તે જોઇ રે ત્યાંહાં પણ ગડુઓ ભરી
ભીતરથી કીમાડ માંડયા રે અહીંનુ કારજ કરી ।૧૬।
વલતા સ્થલ પોતાને જઇ રે સુતા છે ખવાસ
પ્રાત સમે ઉઠી સેવા રે કરવાની કરી આશ ।૧૭।
પ્રાણપ્રભુ અતી પ્રમુદીત થઇ રે પોઢયા સેજ સુખાલી
અંતરગતમાં આશીષ દે રે સહુ કો વાલી વાલી ।૧૮।
વેગે ઉઠી વેગા દર્શન રે હમને દીજે નાથ
છીણ વીલંબ કરીએ નહીં રે એમ કહે સઘલો સાથ ।૧૯।
અહીં સેવામાં ગોપાલદાસ રે અઢાર જાત જેહની
રાત્રી સંપુરણ એ જાગે રે એ સેવા છે એહની ।૨૦।
રાત્રી તણુ નીર્માણ પ્રભુ રે પુછે એહને જયારે
નક્ષત્ર જોઇ નિશ્ચય કરી રે વીનતી કરે ત્યારે ।૨૧।
બાધાને પ્રભુજી ઉઠસે રે સેજ થકી સુખ રાસ
ત્યારે એ ભાગ્યવાન રહે રે સેવામાં પાસ ।૨૨।
પુછવાના ઉતર એ કરે રે નીશી સંપુર્ણ જાગે
ઉતમ ભાવી ભગવદીને રે અતીસે વાહાલા લાગે ।૨૩।
હવે આગલ ભગવદી વલ્યા રે આપાપણે ધામ
મન ચરણારવિંદમાં રાખી રે ઉરમાં ધરી અભીરામ ।૨૪।
ભવન ભવન પ્રતી આવીને રે જે જે કરસે કૃત
તે ભાગ્યવાન ભગવદીની રે કાંઇ મનની મનવૃત ।૨૫।
આગલા માંગલ્યમાં રે વલી જે જે કહેવાસે
સંક્ષેપે સુચનીકાએ રે તે કાંઇ કહેસું આસે ।૨૬।
આદ્ય થકી એ પ્રસંગ પ્રગટ રે હવો છે પરમ રસાલ
મહેદ કૃપાની સહાયે કરી રે વીનવે દાસગોપાલ ।૫૨૭।

સયન આરતીથી પોઢયા લગણનું
માંગલ્ય - ૧૯ ઓગણીસમું
સમાપ્ત

માંગલ્ય – ૨૦

શ્રી પ્રાણ વલ્લભજી પોઢયા સેજ ઉપર સુખ કરીને
આનંદ ને અતી ઉછાહસું રસીકાને રસે અનુસરીને ।૧।
ભગવદી પરમ સૌભાગીયા આવ્યા તે નીજ મંદીર ભણી
અંતર રમણે એ સ્વરૂપ ઉરમાં લેઇને ગોકુલ ધણી ।૨।
સોચતા મનમાં અતી ઘણુ રોચતા રૂચી રસ પાનસું
આવે તે આલુંટન સહીત અતી ભાવતા સનમાનસું ।૩।
મલતીપાણે વાત વાહાલાની અતી પ્રેમે કરે
મારગે જાતાં પરસપર એ સ્વરૂપ ઉરમાં ભરે ।૪।
આપણા અનુભવ કહી પ્રમુદીત થઇને રીજતા
રસીયા રસીક વરના રસીલા આવે રસમાં ભીંજતા ।૫।
કેા સ્વરૂપ નખ શીખથી સરાહે અને રીઝે મન માંહાં
કેા કહે ઉદાર વરતુ રૂપ કહેા કહીએ કયાંહાં ।૬।
કેા લલીત લાવણ્યને સરાહે કેા સરાહે મુસકની
કેા દુરી દ્રષ્ટી અવલેાકની કહે એ અમારી જીવની ।૭।
કેા વચન અમૃત માધુરીને સરાહે છે પ્રેમે ભર્યા
કેા હાસ્ય કૌતીકને સરાહે જે રસમાં વર્યા ।૮।
સેજયાએ બેઠા ટેાંક વહાલે કરી છે હાંસી માંહાં
તે પરસપર હેાડરાવીને હંસતા તે આવે છે ત્યાંહાં ।૯।
કેા કહે તુમ સામું જે જોયું દુરી શુભ દ્રષ્ટે કરી
તે તમારી કરણા બલે મેં નીરખ્યું નયણા ભરી ।૧૦।
પછે ઉભય મુસકાઇને રીઝી અંગ ઉરસું ભીડતા
ઉપચાર અધીક નીરાધવાને કરે કરી મુખ બીડતા ।૧૧।
એહવા અનેક ગુંજ ને ગુઢ અનુભવ પરસપરે પ્રકાશતા
આવે છે નીજ ભવને ભવન અતી અંતરગત હુલાસતા ।૧૨।
કેા કથા ભાગવત વારતા જે કહી છે કારણમઇ
તે સાંભલી સાતવીક બુધે આવે ઉરમાં લઇ ।૧૩।
કેા સિંધદ્વારથી સુધા ચાલ્યા જમુનાજીએ
તે ઘેાલ ગાએ પુલીનમાં સુણી કરણ દ્વારા રસ પીએ ।૧૪।
કેા એક છીણુ બેસી વાહાલાજીની વાત કરીને
વલતા સમૃધને નમન કરી ઘેર આવીયા તે ફરીને ।૧૫।
કેા કેાઇ જશેાદા ધાટના તે ત્યાંહાં રહયા તેણી દીશે
કેા ખરીકના ખરીકે વલીયા થઇને અતી રસ વસે ।૧૬।
કેા કરણવેધ તણી હવેલીએ તે પેાંચ્યા જઇને
કેા આપાપણે મીલતે તે ઉભા રહી ચાલ્યા લેઇને ।૧૭।

મહા ભાગ્યવાન બડી હવેલીના જે પરમ સોહાગીયા
આવ્યા ને આવતા જાએ ને આવે છે અતી અનુરાગીયા ।૧૮।
આવી અને નીજ દ્વાર કો ઉભા રહયા છે ફરીને
પાછલ થકી આવે છે તેહને નીરખવા હીત ભરીને ।૧૯।
કહે તમો પાછલ થકી આવ્યા હવે પ્રભુ પોઢયા હસે
તે કહે પોઢયા જોઈ આવ્યા શ્રીમુખ પર ચાદર લસે ।૨૦।
એમ જે કો પાછલ થકી આવે સાંભલે તેહના કહયા
પછતાએ પોતે અમો પણ અવાર લગી કાં નવ રહયા ।૨૧।
એમ આરત નીરખ્યાનીએ મન પછીતાઈને મનસું કહે
વાહાલાજીનો વીપ્રયોગ એક ક્ષણુ કો નવ સહે ।૨૨।
પછે ભવનમાં જઇને તે કાજ ભવન તણા કરે
પણ પ્રભુની સુરતી કરીને પ્રતીછીણે નયણા ભરે ।૨૩।
અંતર રમણે આલુંટન લીલાનુ કરે છે મન માંહાં
સ્વરૂપને સનમુખે મન રાખી રહી પોતે આંહાં ।૨૪।
કહે ધન્ય બેઠક સોહતી સોહામણી શોભા ભરી
પ્રાગટની પેરે એહ અદભુત અલૌકીક આણી ધરી ।૨૫।
કહે એહ અનુપમ તીબારીને તોલ કેને કીજીએ
જ્યાં વાહાલોજી બીરાજે ભામણા એહના લીજીએ ।૨૬।
એ ચીત્ર જે ભીંતે લખ્યા છે અલૌકીક રૂપે રહયા
દેહ જડવતે નીરંતર એ સ્વરૂપ નીરખે ઉમહયા ।૨૭।
ચેતન અમોથી એ જડ ભલા જે અહર્નીશ પ્રભુને જુએ
દીવસે તે નીંદ્રા નીમીષ નહીં એ નીશીએ પલ ન સુવે ।૨૮।
ધન્ય સમીયાના સુખદ જે ઉપર આછાદી રહયા
ચીત્ર શુભ વૈભવ સહીત નીરખે પ્રભુને લહલહયા ।૨૯।
તેમાં ચીત્ર આસન ભેદના તે ભેદ ભેદી સુચવે
રમતા હસે મહા રસીકવર જે જોઇને રસ નવ નવે ।૩૦।
એ ત્રાટીયો શુભ ઠોર ભીંત સહીત જે પરસી રહી
તેમાં કમલકારી કામ ને શોભાએ અતી વરસી રહી ।૩૧।
એ સેજ પર શત વાર મારૂં અંગ વારી નાખીએ
જે ઉપર મારો નાહ વીલસે તે જોવાને અભીલાખીયે ।૩૨।
એ સુપેતી ચાદરો સોંધા વસ્ત્રને ન વીસારીએ
ગીરદાના ગુણ સૌભાગ્ય જોઇને આપોપું ઓવારીએ ।૩૩।
તનીયાની તની પર તન અમારા વારી તૃણ વત કરી
એહનુ સુખ સુરતે કરીને આવે ઉર અંતર ભરી ।૩૪।
ભાગ્ય તેના કયાં લગી હું સરાહું વચને કહી
વાહાલાજીને સુખ આપતા હસે જે ત્યાં સેજે રહી ।૩૫।

તેહના પદની રેણુને લેઇ લેઇ અને ભાલે ધરૂં
એ અનુભવ કર્યો ને એહની પ્રાર્થના કરૂં ૧૩૬।
કૃપા એહોનીએ કરી અને દાન એ હમને હોએ
એ દાનના રસ પાનને તે ઉપાય નહીં બીજો કોઇએ ૧૩૭।
જે જે સામગ્રી અહીંના ઉપયોગની એણે સમે
તેહનુ આલુંટન કરે અને તેહ મનમાં ગમે ૧૩૮।
સંધાન રહીત સર્વ કારજ કરે છે મન દેઇને
અલૌકીકમાં અલૌકીક મને લૌકીકે લૌકીક લેઇને ૧૩૯।
એહનુ અલૌકીક અને લૌકીક અલૌકીમાં સાણીયું
દીસે તે સહુ લૌકીક વતે પણ પડે નહીં કાંઇ જાણીયું ૧૪૦।
જે કૃપાપાત્ર પરમ સોહાગી મહા મહેદ કૃપા વડે
તેહને એ ભગવદીના તે સ્વભાવ સહીત સ્વરૂપ જડે ૧૪૧।
કેણે ભગવદી ઘેર નોતર્યા છે પ્રસાદ સામગ્રી દીતે
જેહને જેહવો મનોરથ છે તેહને તેમ આણી ચીતે ૧૪૨।
કેને ઉછવનો આગમ ને કો ઉછવ પછી તેડે તેહ
કેણે સહેજ મનને મનોરથે ભગવદી લેડયા કરી નેહ ૧૪૩।
સમુદાય કેણે તેડીયા કેણે છુટક મનને ભાવતે
કો ઘેર પોતા તણે લે એમ કર્યું આપ સોહાવતે ૧૪૪।
કો મહેદ ભાગ્યવાનને ઘેર સ્વત:થી બેઠા જઇ
કો કહે અમે ત્યાંહાંજ લેશું કો ગયા બીજ ઘેર લઇ ૧૪૫।
ત્યાંહાં ભગવદી અનેક આવી બેસે મલતી પાંતીના
ને પ્રસંગ ચાલે પ્રાણ વલ્લભજીના બહુ બહુ ભાંતીના ૧૪૬।
વલી સ્વરૂપના સૌકર્યનો તે વ્યોંત મલી મલી કરે
આ સુખાવહ ઉપયોગ આવ્યું આવસે એમ ચીત ધરે ૧૪૭।
આ કીજીએ જેમ પ્રભુને સૌકર્ય હોએ એહથી
એહવા સુખદ મનોરથ વીચારે અંતરગતના નેહથી ૧૪૮।
મહા ભાગ્યવાન સૌભાગીયા આલોચ કરે છે એણીપેરે
અતી સુખ પરાયણ પ્રભુના બેઠા તે સૌભાગી ઘેરે ૧૪૯।
પછે ખાનપાન સમાન ભાવે કરે જેમ જેહને ગમે
વીશ્રામ કરવાને તે ઉઠે જાગવું વેગા સમે ૧૫૦।
કોઇ નીપટ મલતીપાથના બેસે તે એકાંતે મલી
વારતા વાહાલાજીની તે કરે છે મનની રલી ૧૫૧।
એક કૃપણની વારતા કરે એ સમય કૃપણ કોઇ નહીં
દયા દાન ઉદારતાની વાત ચાલે છે અહીં ૧૫૨।
એક શુણ ચરીત્રની વારતા વીસ્તારસું ચાલે ઘણી
કહે કૃત્ય એહની કયાં લગી કહીએ તે પરમ સોહામણી ૧૫૩।

વલી કૃપા એહની અતી અનુપ સુભાવ શીલનુ શું કહું
કહે સહેજ લક્ષણ એહનાનો પાર જે હું નવ લહું ।૫૪।
આચરણ અલૌકીક થકી તે રસ લીલાનો પાર ન પામીયે
મરીયાદા જુત રસ ગોપ્ય જોઇને એહને શીર નામીયે ।૫૫।
કહે સ્વચ્છતા ને પવીત્રતાનુ શું કહું ફરી ફરીને
સત્ય સંકલ્પતા જોઇ નીર્ભય થયા અનુસરીને ।૫૬।
મનવૃત તણા એ જાણ ને વલી ભાવ ગ્રાહી ભકતના
ઉપજયા મનોરથ થકી પહેલા પુરે અનુરકતના ।૫૭।
ભકતનુ દુઃખ અસહી હોએ અને વીરહથી કાયર ઘણુ
થોડે કરેથી અનેક માને પોતાનુ નવ ગણે અણુ ।૫૮।
ધર્મ સહીત જે ટેક એહોની કાંહાં લગી એ સરાહીએ
પક્ષપાત જે શરણનો તેમાં મન અવગાહીએ ।૫૯।
એહના પ્રેમની પરમીત નહીં સ્નેહનુ શું કહી દાખીયે
ઢલણી એહની જોઇ જોઇને પ્રાણ વારી નાખીયે ।૬૦।
એક કહે નીત્ય ને નીત્યતાને સરાહીએ કહો શું કહી
એહની રીઝ ને રીઝવરતા ને પ્રવીનતા ન પડે લહી ।૬૧।
એક કહે એ ભકતનુ હારંદ્ર લહે હૈયા તણુ
વણ પ્રાર્થે પોતે થકી તે કાજ પુરે શત ગણુ ।૬૨।
ભાવદાયક ભકતના અને ભાવના પોષક વલી
મનોરથાંત કરે ક્ષણમાં આપણા ચીતમાં ભળી ।૬૩।
કહે ચતુરરાય શીરોમણી ચીતમાંનુ સર્વે લહે
આપણા મન વીચાર પહેલુ સર્વ આપણને કહે ।૬૪।
એક કહે ભોગ વરેસ એ અને ભોગદાયક પ્રતીનીતે
રસદાનને તો વીલંબ નહીં જો આવે એ એહોને ચીતે ।૬૫।
કો કહે એ પરમ કામી કામ ઉદીપન કરે
કામનો પરીતાપ ટાલી આરત્યાની આરત હરે ।૬૬।
કો કહે એ પરમ ત્યાગી ત્યાગ તે એહોનો સહી
જેણે વચન કાજ વીભુતી મહેલી ટેક ધર્મ તણી ગ્રહી ।૬૭।
કરે નીત્ય અંગીકાર જેહનો વચન અચલ સદા લગી
જસવાન કીર્તીવાન એ એમ કહે ગુણમાં પગી ।૬૮।
ક્ષમાવંત સુશીલતા અને સત્ય વચનજ ભાખવું
સ્વકીયનો સતકાર કરીને માન સહુનુ રાખવું ।૬૯।
એહની વચનની માધુરીમાં માધુરી કોટીક વારીએ
એહના નયણના સીંચનમાં સુખના સમુહ સંભારીએ ।૭૦।
એહનુ સ્વરૂપ શીખથી નખ લગી નખ થકી શીખ લગી જોઇએ
શું શું કહીને શું કહું એક એક અંગે મોહીએ ।૭૧।

એહનુ રૂપ લાવણ્ય ચાક્ષચક્ષ ને શોભાનુ શું કહું
અનીરવચનીય સ્વરૂપ ગુણ લીલા ચરીત્ર હું શું કહું ૧૭૨।
એક કહે એહના ગુણ ચરીત્ર તે કયાં લગી કહેસો તમે।
કહેજ પાર લહયો નથી તો કહી પેરે લહેસુ અમો ૧૭૩।
એહવા અગણ ગુણ કહી કહીને વીસ્તારસુ વાતો કરે
બેઠા છે પરમ સોહાગીયા એણીપેરે નીજ આરત હરે ૧૭૪।
કે। સુતાથી તે સુરતી કરે છે સ્વરૂપની નખશીખ લગી
એ રસમાં તે પાગ્યા ને રહયા છે રંગમગી ૧૭૫।
એક એક અંગ પ્રતીઅંગને નીરખે છે અંતરગત માંહાં
ચીન્હ તીલ મસ રંગ રસીલી જેહ જે છે જયાંહાં જયાંહાં ૧૭૬।
અંતર રમણે અંતરમાં રાખીને પ્રીયને જુએ
પ્રાતઃ ઉઠયાને નીરોધે રસ ભર્યા એમજ સુએ ૧૭૭।
કે। મલી બેઠા ધોલ ગાએ પરમ આનંદે ભર્યા
માધવદાસ તણા અને વલી નારાયણભાઈના કર્યા ૧૭૮।
ભલે આવ્યો રે ગોકુલ કેરો નાથ જે શ્રી વીઠલજીનો લાડીલો
એહવો કરૂણા સીંધુ કૃપાલ જે ગુજરાતીનો વલ્યો દાડીલો ૧૭૯।
વલી સજની સાંભલો વાત કેડે હરખ તે માએ નહીં
કુંવર વીઠલજીનો આવે ગાય છે એમ કહી કહી ૧૮૦।
આવોજી અચલ સોહામણી તમો સહીયર સમાણી મલીને
શ્રી ગોકુલનાથને નીરખીએ એમ ગાએ રસમાં ભણીને ૧૮૧।
કે। વીનય જુત વીનતી ગાએ દીનતા આણીને
કોઈ વીપ્રયોગ વીસયંક કહે છે ભાવ મન જાણીને ૧૮૨।
જેહને ભાવ જેહ ધોલે જેહ રસ જેહને ગમે
તેહ તે રસ આરદ્ર થઈને ગાય છે તેણે સમે ૧૮૩।
રસીયા જે રસીક વરેસના બેઠા છે કે। એકત્ર થઇ
એકાંતે અતી સંકોચ રહીત વારતા કરે રસમઇ ૧૮૪।
સેજયાએ જે કે। ગયા છે અને વલી જસે તેહની
પોતાની પ્રમુદીત થઇ કરે [અને વાહાલાના નેહની ૧૮૫।
કે। મીલણ બંધ વીસયંક અને વીચીક્ષણતાની કરે
કહે ભેદે રસ પ્રગટાવીને એ આરત અંગ તણી હરે ૧૮૬।
કે। સેજની કે। સ્વભાવની અને કોએ ભાવેણ પ્રીય તણી
એમ ગુઢ વાતો ગુંજની હંસી હંસી કરે સોહામણી ૧૮૭।
કોએ વીપ્રયોગી વીરહથી ચીંતાએ ચેન નહીં ચીતે
આઠ પ્રહર અધીરત એ સોચ ભર રહે છે નીતે ૧૮૮।
અસહનપણે અંતરગતેથી વીવસ મન વ્યાકુલ રહે
અંતર વીરહ અંતર દુરાવે અવસ્થા કેને કહે ૧૮૯।

એહને સોચ પોચ મનમાં રયણી થાએ છે તે જુગ ભરી
વલતા સમય થયે એમજ ઉઠી જાએ દર્શનને ફરી ૧૯૦।
કે૦ શીતલતા સાત્વીક બુધ્ધે બેઠા છે જે ઘેર જઇ
તે ગ્રંથ ચર્ચા પાઠ કાંઇ એક કરે છે પ્રમુદીત થઇ ૧૯૧।
જે શ્લોકનુ વ્યાખ્યાન ઘેર આવ્યા છે શ્રીમુખે સુણીને
તેહનુ અવગાહન કરે રીઝી નીજ શીષ ધુણીને ૧૯૨।
કહે કોણ ભાવ પ્રગટ કર્યા છે ભુત ભાવી નહીં કહીં
લેખનમાં તો લખ્યા નથી પણ આજ એ સુણ્યા અહીં ૧૯૩।
એક કહે શ્લોક મેં એક વાર શ્રીમુખે સાંભલ્યા
પણ આજના કહેતામાં એમાંહે ભાવ અધીક મલ્યા ૧૯૪।
એક કહે એહોની બાણ એહવી લેખન પર કેહેતાં નથી
કહે છે પોતાની ઢલણીએ નીજ સ્વરૂપ આયુરભાવથી ૧૯૫।
એમ સ્વરૂપનુ પ્રાબલ્ય સરાહીને ભાવે રીઝીને
વીસ્મય થઇ આનંદ પામે એ રસે ભીંજીને ૧૯૬।
કે૦ મંદીરમાંથી આવી અને કાંઇ ખાનપાન કરીને
દર્શન સમે ઉઠવાનુ સૌકર્ય મનમાં ધરીને ૧૯૭।
સુવે સવારા જઇને કહે સમય પહેલા જાગીયે
દર્શનમાં નીંદ્રા ન આવે સ્વરૂપ જોઇ અનુરાગીએ ૧૯૮।
એમ વીવીધ શ્રષ્ટી વીવીધ પ્રકારે જેહ જેહ રસમાં વરી
જેહને જેવો સબંધ છે ને જે જેહ ભાવે ભરી ૧૯૯।
તે તે તેણે ભાવ જુત આરત સહીત એણે સમે
બેઠા તે અલુંટન કરે છે સ્વરૂપનુ મનને ગમે ૧૧૦૦।
કે૦ નીંદ્રાને વસ થઇ સુએ કે૦ કે૦ નીંદ્રાને વસ નહીં
નીશી રસે વસ અહર્નીશ રહે એહવી સૃષ્ટી અલૌકીક એ અહીં ૧૧।
સુતા સ્વપ્નમાં સ્વરૂપનો પ્રત્યક્ષ અનુભવ જે હોએ
તે સ્વપ્નનો અનુભાવ ગુઢ વીસદ કરી ન કહે કોએ ૧૨।
સાંપ્રત્યથી અનુભવ અધીક હોએ તે એ સ્વપ્ન માંહાં
મરજાદ રંચ રહે નહીં એકરસપણુ એ રસ માંહાં ૧૩।
એ સ્વપ્નમાં કારણ બહુ અલૌકીક સ્વપ્ન મીથ્યા નથી
ભગવદ વીસઇકનું સ્વપ્ન સાચું શ્રીમુખે એમ કહયું કથી ૧૪।
અનુભવે સીધ આચાર્યજીથી જેહ જગતે જાણીયું
અને સીધ અનુભવ આપણે કરી કરી જેહ પ્રમાણીયું ૧૫।
તે સ્વપ્નનું કારણ લખું છું આ પ્રકારે એમ હોએ
છે તો પરમ અંગાધી પણ સુચન કરૂં સમુજે કોએ ૧૬।
એક અન્ય ઉપદેશે સ્વપ્ન હોય છે કેનુ કેને
આજ્ઞાને અર્થે સ્વપ્ન દેઇ અનુભાવ કહે છે એહને ૧૧૦૭।

ધર્મ નીરૂપણને અર્થ અને ઇચ્છા સુચકને હીતે
દોષ નીરૂપણ કરવા કહે છે આથી ચીતે ।૧૦૮।
કેને દોષ ભગવદી ઉપર હોએ તેની રક્ષાને સંભાલવા
તેની યોગ્યતા સ્વપ્નને દેખાડી દોષ એહનો ટાલવા ।૯।
નીજ કૃપાનુ જે સ્વરૂપ દેખાડવા સ્વપ્ન હોએ વલી
પુરક મનોરથ સ્વપ્ન હોએ ભકતની પડોંચે રલી ।૧૦।
આરત હરણ એક સ્વપ્ન ને વલી સ્વકીયના હીત અર્થનુ
એક આગમ સુચક હોય છે પ્રભુના સામર્થનુ ।૧૧।
એક સ્વાર્થ ને પરમારથ ને સંદેહ નીવારણ કાજને
સંશય તણા પરીહાર કારણ સ્વપ્ન હોએ સમાજને ।૧૨।
અંતઃકરણ પોષક અને અદ્ભુત વીચીત્ર સ્વપ્ન હોએ
પ્રભુના સબંધની સુચનીકા એ સ્વપ્નથી જાણે હોએ ।૧૩।
ભકતનો ભોગ નીવૃતવા એક દુષ્ટ સ્વપ્ન હોએ ઘણુ
સહુ દોષ સ્વપ્નમાં નીવૃતે કાંઈ નવ રહે અણુ ।૧૪।
ઐક્યતા સુચન કરવાને વસ્તુનુ સ્વરૂપ જણાવવા
સમાધાનને હીત સ્વપ્ન હોએ ભકતને ચીત આણવા ।૧૫।
કેને આરત માત્રે સ્વપ્નમા સમાધન કરી આરત હરે
કેને આરત વીન કેવલ અજ્ઞાને સ્વતઃથી સનમુખ કરે ।૧૬।
એક સ્વતઃ દર્શન આપવા સ્વપ્ન હોએ સોહામણુ
એક આરત પશ્ચાતાપ પ્રગટી ટાલવા પોતાપણુ ।૧૭।
અનુભવની સુરતી કરાવવાને સ્વપ્ન એહવું દેખીએ
વલી દેહ રહીત ને દેહધારી એકઠા સહુ દેખીએ ।૧૮।
જેહનુ વરણ વલ્લભજીએ રસ રીતે કર્યું હોય નેહનુ
જે અંગવદ અંગી કર્યા મેં લખ્યું છે એ તેહનુ ।૧૯।
તેહથી એહને સ્વપ્નમાં તે જણાવ્યુ સહુ જાણીએ
આપાપણા અનુભવ થકી તે સર્વ કેા પ્રમાણીએ ।૨૦।
એ ભકતનુ મન ઘટીને તે સ્વપ્નએ હોએ વધારવા
અનુભવ દેખાડે અપરમીત ફરી ભાવ સુધારવા ।૨૧।
પોતાના મનોરથ તણી ભકતને સ્વપ્નમાં આજ્ઞા દેઈ
તેહનુ કર્યું વીનીયોગ કરી ફરી જણાવે પોતે લેઈ ।૨૨।
જોગ્યતા ભકતની ભકતને દેખાડવા હોય છે એહ
એ રમણ સ્થલ મંદીરમાં શુભ સ્વપ્નમાં દેખે તેહ ।૨૩।
કેને રાજધાની આપણી ઉચતા જુત દેખાડીએ
અસાધારણ મહાતમે તેહને ત્રાસ પમાડીએ ।૨૪।
અંગીકાર સ્વપ્નમાં હોએ નીવેદન સ્વપ્નમાં કરે
સીધ્ધાંત સહીત શ્રીમુખ વચને અલૌકીક આરત હરે ।૨૫।

પુરૂષને સાક્ષાત રસની યોગ્યતાનો દેહ નહીં
તે સ્વપ્નમાં રસ યોગ્ય કરી રસ દાન તેહને હોએ અહીં ।૧૨૬।
સાક્ષાત અનુભવથી અધીક રસ પ્રગટ હોએ સ્વપ્ન માંહાં
મનોરથ તણુ અવશીષ્ટ ન રહે સ્વપ્ન સુખ કહીએ કયાંહાં ।૨૭।
કેને ચુંબન અધરામૃત ને માલા બીડું કેના કર માંહાં
દંતક્ષત કરતા કેા જાગે સાંપ્રત્ય સહુ દેખે ત્યાંહાં ।૨૮।
લીલા તણુ દર્શન હોએ લીલામા જોજન કરે
સાક્ષાત સંકોચ રહે પણ સ્વપ્નમાં અતી રસ ભરે ।૨૯।
સંકેત ગુહ્ય ને ગુંજની વારતા પ્રભુ સ્વપ્નને કહે
સ્વકીયસું ભીન્નતા નહીં એમ આપેાપું આપી રહે ।૩૦।
એહવા અનેક સ્વપ્ન અનેક પ્રકારે અનેક અનુભવે ભર્યાં
જેમાં હીત કારણ અલૌકીક જાએ નહીં વીસર્યા ।૩૧।
એક એકને તે અનેક ભાવે એહવા સ્વપ્ન સુતામાં હોએ
કેાએ જાગીને મલતીપાણે પરસપર અનુભવ કહે ।૩૨।
અનુભાવ જુત અનુભવ કરી એ સ્વપ્ન સાચું જાણીને
વીશ્વાસ પાત્ર વીશુધ્ધ ભાવી કરે સહુ મન આણીને ।૩૩।
એમ ભાંત ભાંતે પ્રથુક ભાવે રચણી એણીપેરે આચરે
પછે સમય થયે સેાહાગીયા મંદીર જઇ દર્શન કરે ।૩૪।
મહા ભાગ્યવાનનેા મનોરથ હવે કહું છું વીસર્ય કરી
રસપાત્ર રત્ન રમાંગનાને ચરણ કમલે અનુસરી ।૩૫।
નામ સરખા ગુણ ને કૃત્ય નામમાં પામીએ
એના સ્વભાવ શીલ એ નામ સમ એહના નામને શીર નામીએ ।૩૬।
એ દાનપાત્ર પરમ રસીલા દાન દાયક રસ ભર્યા
એ સ્વતઃ સીધ સમાજના કેવલ સ્વતઃ પ્રેમે વર્યા ।૩૭।
પ્રીયને પરમ અભીલષીત રસના દાન દાયક અભીનવા
ઇછીત મહા સુખદ ક્ષણે જીજુવે તે પ્રતીક્ષણ નવનવા ।૩૮।
પ્રીયના જે સુખ વાંછીત મનોરથ પ્રોય સુખે કરી સુખ લહે
મનમાં મન મેલી રહયા છે આરતે આરત લહે ।૩૯।
સ્વરૂપના હીતને અર્થે પ્રાગટ સ્વતઃથી કર્યા
અભીનવે ઉભય રસે તે પાગી કાજ ઉભય તણા સર્યા ।૪૦।
પ્રભુના મનોરથના સ્વરૂપ કે સુખ તણા એ સ્વરૂપ છે
ઇચ્છા તણુ અનુકરણ કે આનંદ કેરૂં રૂપ છે ।૪૧।
એહના રૂપની પરમીત નહીં ભાવની ભાવેણ શી કહું
ગુણ પ્રભુને ઉપયેાગ આવ્યા પાર તેનેા કેમ કહું ।૪૨।
એ સમાજની પદ રેણુને નયણે ધરી માથે ધરૂં
એહનુ ચરીત્ર વરેસ સુચન કર્યાને મનોરથ કરૂં ।૧૪૩।

અનેકે મનોરથ અનેક કીધાં તે મનને ભાવતાં
સ્વાર્થ પરમારથ સ્વતઃથી જે પ્રભુને મન આવતાં ।૧૪૪।
તેમાં એહોના મનોરથ તણુ નીર્માણ કાંઇ રહયું નથી
અને પ્રભુનું હીત સ્વતઃથી કહેવાએ નહીં વચને કથી ।૧૫।
તે માંહેનાં એક સમયનો હું પ્રસંગ સંક્ષેપે કહું
શરીર ભેદે રસ તણો હું પ્રકાર સમ્યક નવ લહું ।૧૬।
પણ એહોની કરૂણા બલે અને ભગવદ્ી વચને થકી
કાંઇ એક છાંટો માત્રે કહું છું એહોને સનમુખ તકી ।૧૭।
એ મહા રસીક રસપાત્ર જયારે ગયા છે ગુજરાતને
આરત સહીત વીનતી લખી ત્યાંહાં થકી નાના ભાંતને ।૧૮।
એક સખીની વીનતી આવી પ્રભુને પ્રેમે ભરી
તે અવસ્થા આરત ભરી જોઇ પ્રાણપ્રભુએ મન ધરી ।૧૯।
તેહના ઉતર પત્ર દ્વારા શ્રીહસ્તે હીત કરીને
પોતે લખ્યા પ્રમુદીત થઇ આરતે આરત ભરીને ।૧૦।
તે ઉપર તેહોનુ આવવું નીરધાર થયું ઇચ્છા બલે
એહોનુ ભાગ્ય સફલ ફલ્યું ઉતમ અસાધારણ ફલે ।૧૧।
પછે ત્યાંહાં રહીને મહા મનોરથના તે સાજ કર્યા બહુ
આભરણ વસ્ત્ર વીચીત્રતાના ઉભયતા કીધા સહુ ।૧૨।
ચરણ છોહવા કાજને સાજ સહુ લેઇ આંહાં આવીયા
દર્શન કરી આનંદ પામ્યા ઉભયતા મન ભાવીયા ।૧૩।
અહીં લગી એ પ્રસંગ સહુ તે સમય ઉથાપન માંહાં
મેં લખ્યો છે તે વીસદ કરીને તેરમે માંગલ્યે ત્યાંહાં ।૧૪।
તે ભાગ્યવાનનો મનોરથ અતીસે જે મોદારત ભર્યો
મહા ભાગ્ય રૂપ સ્વરૂપ હાને સ્વરૂપે પુરણ કર્યો ।૧૫।
એ ચરીત્ર પરમ અગાધ છે સાધ્ય નહીં કેને વચનથી
હું અયોગ્ય અનુભવ હીન તે કેમ કહું વીસદ કરી કથી ।૧૬।
પણ એહોની કરૂણા બલે ભાવની છાયા લેઇને
કાંઇ એક સુચન કરૂં છું એહને પદ મન દેઇને ।૧૭।
એ ભાગ્યવાનને મનોરથ છે પદકમલ પરશ્યા તણો
સંકેતનો શુભ સમય કયારે આવે પરમ સોહામણો ।૧૮।
તે આરત્યા અહરનીશ રહે ચીતમાં ચેન પડે નહીં
મનમાં ઉકતાએ ઘણુ અવકાસ કોઇ જડે નહીં ।૧૯।
જેમ જેમ જઇ દર્શન કરે તેમ તેમ આરત વાધતી
મનવૃત એહોની રહે પ્રતીછીણ મીલન રસ આરાધતી ।૧૦।
સ્વરૂપ સનમુખને નીરખતા જે અયોગથી આતુર હોએ
તે મન તણુ મનમાં જાણે વૃથા કેને કહે ।૧૧।

પ્રભુ દુરી દ્રષ્ટે નયણુમાં અનમાન કરે ઘણુ ઘણુ
તેમ તેમ તે મન શાંતા નહિ ને ચેન નહી પડે અણુ ।૧૬૨।
ઉદ્યમ વીચારે અતી ઘણેા પણ સમય કેા પામે નહીં
અવકાસનેા અનુરેાધ તેણે રાધે રેાધાયા અહીં ।૬૩।
પ્રાણેશને પણ એહને મીલવાની અતી આરત રહે
એ સબંધ જાણુ શીરેામણી ભકતની મનવત સહુ લહે ।૧૪।
હવે ઇચ્છ ને બલે એહેાને ભાગ્યે દીવસ નીશ્ચય કર્યો
તે સાંભલી આનંદ પામ્યા અંતરગત ઉલટ ભર્યા ।૧૫।
આનંદ મંગલ હવા મનમાં આજ દીન સૌભાગ્યનેા
મનેારથ તણે મન મેાદ પ્રગટયેા ફુલ્યેા ભાવ અનુરાગનેા ।૬૬।
કહે આજ દીન સૌભાગ્યનેા ભાગ્યે આવ્યેા ફરીને
વાહાલાજીએ સંભાલ લીધી સ્વતઃથી હીત ભરીને ।૬૭।
પછે ગયા દર્શનને તે શ્રીમુખ જોઇ અને ઉભા રહ્યા
નીરધારનેા સતકાર નયણુમાં એ જોઇ સર્વે લહયા ।૬૮।
ઉમંગ અંતરમાં દુરાવે દુરાવ્યેા દુરે કર્યાંહાં
અંગ અંગ નખશીખ લગી પગી રહયેા છે પ્રતી રેામ માંહાં ।૬૯।
ગંભીરતાના ગુણ થકી તે બાહાજ્ય કાંઇ નવ કરે
મહા મેાદ અંતરમાં રેાકે સહેજ અંગ ફુલ્યા ફીરે ।૭૦।
તે દીવસને તે નમન કરીને અંતરમાં આનંદ ભરે
પ્રભુના વીનીયેાગની તે સામર્થી સહુ સીધ કરે ।૭૧।
એમ ઘેર જઇ ગુજરાતથી જે સાજ આણ્યેા છે ફરી
તે સીધ કરી વીનીયેાગ કરવા મનમાં અતી ઉલટ ભરી ।૭૨।
જે ભાવે એ ભાવતા સંગે રસ સંજોગે કાજનુ
તે સર્વત્ર તત્પર કરી રાખે તેહ સમેના સાજનુ ।૭૩।
પેાતાને વાગેા વીચીત્ર જે કરી આણ્યેા છે વલી
તે ચુની સેાંધે સણીને એમ સીધ કર્યો મનની રલી ।૭૪।
અને સ્વરૂપનેા શ્રંગાર ભુષણ વસ્ત્ર જે વીનીયેાગના
તે વેશાંતર જે વીચીત્ર અતીસે રસમઇ રસ ઉપયેાગના ।૭૫।
તે સર્વ સીધ કરી સુધારી સેાંધામાં સણીને
એ સાથ લેઇ જવાને રાખ્યા કાજ ગેાકુલધણીને ।૭૬।
સીધ સામગ્રી કાંઇ સેજવાએ આરેાગ્યા તણી
રૂચતી વાહાલાજીને તે કરીને રાખી ઘણી ।૭૭।
વલી પુષ્પ કેરા હાર બે સેાંધામાં ચરચીને
બીડા સુગંધ ભર્યા કર્યા બહુ સામગ્રીએ રચીને ।૭૮।
તુલસીની માલા કેશરી દુલરી અને ગુંજા તણી
મનેારથ કરી પહેરાવવા રાખી તે પરમ સેાહામણી ।૭૯।

અંબર અને કસ્તુરી અતર અગર રસ ઉતમ ઘણો
માંહેં સામંત્રાઇ સુદેશ કરી સંતોષ કીધો તેહ તણો ।૧૮૦।
એમ વીધી કરીને વાંશલામાં રાખ્યો સંતોષ તે
સોંધા તણો અરગજો રંગી અતિ સુવાસિત સુખ પોષ તે ।૮૧।
પછે અંગ ઉબટણા કરીને નવવધુ ઘેર નાહયા
કેશ મુકલીત કરીને સુકવે પરમ ઉમહીયા ।૮૨।
એહવે સાંભલ્યું બાહેર પધાર્યા સેન આરતી કરીને
આંગણામાં ગાદી તકીએ બેઠા ઉલટ ભરીને ।૮૩।
તે ચોંકી ઉઠી ચાલીયા મહા ચતુરવરને નીરખવા
સાદાજ વસ્ત્ર ધરી આવ્યા જોઇ જોઈને હરખવા ।૮૪।
આવી અને એક ઓર ઉભા રહીને દર્શન કરે
સહુ અંગ અતી ઉકતાએ છે પણ નયણની આરત હરે ।૮૫।
ભાવતાને ભાવસું ભાવતી રચના કરીને
અંતરમાં અંતર રમણે રમે છે ફરી ફરીને ।૮૬।
ઉતર પ્રતીઉતર ઉભય દીશના મનમાં મનસું હોએ
એ રસ અનુપમ અભીનવો તે અનુભવે જાણે કોએ ।૮૭।
અયોગ રસથી આરત્યા એ રસ તણો અનુભવ કરે
વલી રૂદયમાં સ્વરૂપ લઇને ત્યાંહાં પોતે અનુસરે ।૮૮।
ચૈતન્ય થઇને સ્વરૂપને સાંપ્રત્ય નીરખે ભાવસું
રૂપ જોઇ રસ ભરી આવે અંગ અંગે ચાવસું ।૮૯।
જે છીણુ સંગમ વીના જાએ છે એહોને એહ સમે
ત્યાંહાં વીવીધ ચરીત્ર જુએ છે પણ તે એહોને મન નવ ગમે ।૯૦।
એહોનુ મન રસ રથે ચઢયું તે ત્યાંહાં ડોલ્યું ફીરે
એહ રસે રાતા રસીક બીજો સહુ રસ પરહરે ।૯૧।
ચતુરાને મન કાંઇ ચેન નહીં મેને મથીત કીધું મન
સંગમ રસે રસ પાગીયા થયો એ રસ જીવન ધન ।૯૨।
પછે એહોનુ હારંદ્ર લહી પ્રભુ તેલસેજ્યાએ ઉઠીયા
તે એહોને અંતરગતે આનંદના મેહ ત્રુઠીયા ।૯૩।
તે જોઇને પછે ઘેર આવ્યા વેગા થઈને રસ ભર્યા
અભીસરણ કરવા કાજના તે કાજ સર્વે આચર્યા ।૯૪।
ચોટી પાંથી ચોપસું તે કરી ભાવ ધરીને
જે શ્રંગારે રૂચી પ્રાણપ્રભુની તે કરે હીત ભરીને ।૯૫।
એ અનુભવી છે પ્રથમના પ્રભુની રૂચી જાણે સહુ
તેણે પ્રકારે તેહજ રીતે સાજ તે કીધા બહુ ।૯૬।
શ્રી અંગ ઉપયોગની જે ભેટ નાના ભાંતની
લાવ્યા છે અતી રૂચી કરીને અતી સુખાવહ શુભ જાતની ।૧૯૭।

પ્રતી એક અધીક રસે ભરી આપાપણે મનોરથે કરી
જુજવી જુગતે ચોપસું એકને એક રહી અનુસરી ।૧૯૮।
જયાં જે ભુષણ સોહે તેહ ત્યાંહાં ધરાવીયા
ભાવતાને સનમુખે થાવાને અતીસય ભાવીયા ।૯૯।
મહા મનોરથી અંગના શ્રંગાર જે મનોરથ ભર્યા
તે વીવીધ ભાંતી અનેકસું રચના સહીત પોતે કર્યા ।૨૦૦।
પ્રતી એકના ઉછાહા અલંકૃત મનોરથ જે વીસદ કહું
કહેતામાં અરૂજી રહું પણ પાર તેનો નવ લહું ।૧।
તે વીચીત્ર ચીત્ર રચીને લેઈ જાએ છે સાથે થઇ
સેજ્યા ઉપર તે સમર્પસે સનમુખ થઇને મન દેઇ ।૨।
એહને મનોરથે આરત્યા અને વીલંબે વીલંબ સહે નહીં
ઉછાહા ને અભીલાખ આરત એક થઇ રહયા અહીં ।૩।
એ પ્રતીક્ષણે પ્રતી એકનો પ્રતાપ અધીક પ્રગટ હોએ
તેહ સમે તદમઇ થાએ વીસદ કરી કહે કોઇ ।૪।
અભીશરણ અનેક પ્રકારનું એહનુ પરમ સોહામણુ
અતીસે વીચીત્ર પ્રકારનુ વાહાલાને પરમ સોહામણુ ।૫।
કો સમે હોમ તણે ઘેર આવીને એમજ રહે
કો સમે તે એકલા આવે વાત કેને નવ કહે ।૬।
કો સમે સર્વ કો સુતા પછે આવી અનુસરે
પોલીયાસું પરીચાર કરીને ઉભયતા આરત હરે ।૭।
કો સમે પુરૂષને વેશે વીચીત્ર વાગો ધરીને
સેજ બેઠા પછી આવે સર્વમાં અનુસરીને ।૮।
કો સમે પોઢયા પછે વાહાલોજી આરત ધરીને
આપ અનુચર મોકલી તેડાવે પ્રેમે કરીને ।૯।
રસીયાને રસ એહોસું ઘણો એહોને રસે પાગ્યા રહે
એહોની હીત માધુરીનો અંતરાય આરત નવ સહે ।૧૦।
જદ્યપી નાયક દક્ષ પણ પક્ષ છે તે એહોના નેહનો
એહોના રસમાં રસ અધીક સમ કરી કહીએ કેહનો ।૧૧।
એમ બહુ પ્રકારે અભીશરણ એ કરે પ્રેમ ધરી અને
વાહાલાજીની રૂચી અતી ઘણી કેમ કહું વીસદ કરી અને ।૧૨।
હવે ભીતરે કેને મોકલી જોવાડે પ્રભુજી શું કરે
તેણે કહયું સેજ્યા આગલ ઉભા શ્રીઅંગ તનીયો ધરે ।૧૩।
તે સાંભલી ઉતાવલા સોહતા વસ્ત્ર ધરીને
અને તે ઉપર ચાદરે ભુષણ આછાદન કરીને ।૧૪।
વલી સંગ લીધાની સામગ્રી સીધ કરી રાખી જેહ
સખીના કરમાં પોતે સર્વે લહી સોંપી તેહ ।૨૧૫।

અને આપ આગલ થકી ચાલ્યા બેઠકે જઈ બેસર્યા
સેજ્યા ઉપર બેઠા જોઈ કુલ્યા ફૂલ્યા માંહે ભર્યા ।૨૧૬।
પાછલ થકી સખી આવ્યા સર્વ સામગ્રી લેઈ
જતને દુરાવી અને બેઠા હોમઘરમાં જઈ ।૧૭।
ભીતર જઈને ગવાખમાં સર્વ સામગ્રી ધરી
વલી જતન તેહનું કરીને તે આવ્યા બાહેર ફરી ।૧૮।
એહવે તો મહા મનોરથીની વેગ આવી શુભ ઘડી
ભગવદી ઘેર વલ્યા ને પ્રભુજી પોઢયા સેજ બડી ।૧૯।
એહવી વચાલી જોઈને લઘુ ભાખવે ભીતર ગયા
એ ખવાસનું સંકેત રાખી હોમઘરમાં રહયા ।૨૦।
પછે વલ્યા સહુ ભગવદી ભાગ્યવાન ઘર દીશે થઈને
પોઢયા પ્રભુજીને જોઈ બહુપેર આશીષ દેઈને ।૨૧।
ત્યાંહાં ખવાસે સેજ નીકટ સહુ સાજ સીધ કરી ધર્યા
જલપાનનો ગડુઓ ને બીડા તષ્ટી ને ગડુઓ ભર્યા ।૨૨।
ભીતર સહુ સ્થલ જોઈને તે કીમાડ એહુ ભીતર થકી
માંગલી અને સાંકલી દીધી એણીપેરે કીધી તકી ।૨૩।
સાજ ઉપયોગી સહુ સીધ કરીને પોતે થકી
આજ્ઞા માગીને વલ્યા થા સમે સુવા ગયા સમયો તકી ।૨૪।
પછે ભાગ્યવાને ભાવતો શ્રંગાર નીજ અંગે કરી
અને વસ્ત્ર અનુપમ ભાંતીના પહેર્યા તે અતી ઉલટ ભરી ।૨૫।
આવ્યા તે મૃદુ મુસકની સહીત વલી વીસદ ભાવ દુરાવતા
મુખ અધર ભૃકુટી ભેદમું શુભ નયણ નચાવતા ।૨૬।
ઉછાહા ભર્યા આનંદ ભર્યા આરત ભર્યા ભાવે ભર્યા
કાંઇ મુસકાતા કાંઇ સંકુચાતા સેજ્યાને સનમુખ પરવર્યા ।૨૭।
દીપક તણી તે જયોત એની જયોતે અતી ઝગમગી રહી
તે અનુભવે અંતર લહે વચને તે નવ આવે કહી ।૨૮।
માનમું અતી ઠમકતા આવે તે શ્રીમુખ નીરખતાં
મોહ મન માંએ નહીં અંતરગતમાં હરખતાં ।૨૯।
પ્રાણપ્રભુ એ જોઈને ધીરજ રહે નહીં મન માંહાં
એહોના નેહની સુરતી કરીને સનમુખ આવ્યા ત્યાંહાં ।૩૦।
નીચા થઈ ચરણની દે મધ્યથી ઉઠાવીયા
ઉરમું લેઈ આલીંગીયા તે ઉભય અતી મન ભાવીયા ।૩૧।
સુરતી દેહ તણી ભુલી અંગ અંગ સીથીલ થયા
સંભાલ કોઇ રહી નહીં પ્રસવેદમાં ભીંજી ગયા ।૩૨।
નાયક નીપુણ અતી નેહ ભર ભરી અંક પરજંકે કર્યા
પવન પ્રેમ પ્રચાર કરીને કરખ દુખ તેના હર્યા ।૨૩૩।

એહોની આરતમાં આરત મનમાં હીત ચીત ધરીને
અભીલાખમાં અભીલાખ આણી રસમાં અનુસરીને ।૨૩૪।
એહોના મનોરથમાં મનોરથ પોતાનો ભેળીને
પોતાપણું અલગું કરી મનમાં મન મેહેલીને ।૩૫।
મહા રસ ભરી કરણા જે કોઇ એક કારણીક કૃપા ભરી
એવી કૃપાએ કંઠમાં કર મેહેલી બેઠા અનુસરી ।૩૬।
પુછે છે પરમ પ્રસન્ન થઇ વારતા વીવીધ પ્રકારની
એહોનુ દુઃખ અંગી કરી મનુહાર જુત વીસતારની ।૩૭।
રૂચી સહીત રૂચી રાખવા એહોની કહે છે મનવૃત ઘણી
અને આંતરીક પ્રસન્ન કરવા સાંભલે છે એહો તણી ।૩૮।
કો એક દીવસનો વીપ્રયોગ જે જુગ સમ વીત્યો એહને
તે ઉભય રસ એકત્ર કરી સુચવે નાતે નેહને ।૩૯।
કહે તમારે વીપ્રયોગે હમને સહાયક કો નવ થયું
જસ ગુણ ચરીત્ર તમારડા તેણે અમારૂં તન હયું ।૪૦।
અંગ પ્રતીઅંગની સુરતે સુરત સહુ ભુલી ગઇ
અનુભવ તમારો સાંભરેથી અંગ થયા સહુ દુઃખ મઇ ।૪૧।
આ સ્વરૂપ જે જીવન અમારૂં દેખતા આરત હરે
પ્રતીઅંગ પ્રતીરોમે સંતર્પણ થઇને તે અમી ઢલે ।૪૨।
તે વીપ્રયોગે સ્વરૂપને એ સ્વરૂપ દુઃખદાયક થયું
ને પ્રજ્વલતું પ્રતીછીણ રહે વીસદે નવ જાએ કહયું ।૪૩।
આ જોયે છે તે અધીરતાએ ધીર મન રહેતું નથી
એ સ્વપ્ન કે સાંપ્રત્ય દર્શન થાએ છે શું કહું કથી ।૪૪।
એ વચન પ્રેમદા તણા પરમ પ્રીય પ્રેમ ભર સાંભલી અને
પછે પ્રાણપ્રભુ પ્રસન્ન થઇ ઉચર્યા મનની રલી અને ।૪૫।
જે તમો વલી વચને કહી દેખાડો છો હમને એહ
પણ અમારા મનમાં પેસી જુઓ તો જાણો તેહ ।૪૬।
એ અનીરવચની વચનને સામર્થ વચન તણું નહીં
તો કેમ કરી વીસ્તારીએ સુણી ઉભય રીઝી રહયા અહીં ।૪૭।
એક પ્રશ્ન પ્રેમદાએ કર્યું છે અન્ય ઉપગતે આપણુ
પ્રાણ પ્રભુને તેહ સમે તે જણાવા પોતાતણુ ।૪૮।
જેમ વીપ્રયોગ જાણી અગ્નિ અંગમાં પ્રબલ બલે
તેમ પ્રેમ રૂપી વેલ તે શત શાખે નવ પલવ ફલે ।૪૯।
પ્રભાવે પ્રબલ અગ્નિ અને તેહ સ્નેહને નીવારીએ
તેમ તેમ સ્નેહ પ્રબલ હોએ પલ એક નહીં વીસારીએ ।૫૦।
એનુ કારણ કહોજી પુછીએ છે તમને
એ કોઇથી ભાંજે નહીં સંદેહ મોટો અમને ।૨૫૧।

ત્યાંહાં સ્નેહના પોષક અને સ્નેહના જાણ શીરોમણી
હારેંદ્ર લહી અને હીત ભરી બોલ્યા તે સ્નેહ તણા ધણી ।૧૫૨।
સર્વનુ બીજ તે જલ સીંચન જલે હોએ સહુ કોઇ
અહીંયા તાપ બીજ છે સ્નેહનું અગ્નિએ સીંચન હોઇ ।૧૫૩।
જેમ જેમ અગ્નિ વીરહની પ્રજલે તે પ્રતીઅંગે ઘણુ
તેમ તેમ સ્નેહનું બલ પ્રબલ થાયે છે પ્રતીક્ષણ શત ગણુ ।૧૫૪।
સર્વનુ પોષક જલે હોએ સ્નેહનુ પોષણ અગ્નિથી
પરીતાપ વીન પોષણનો હોય રીઝીને તે કહુંથી ।૧૫૫।
પછે ગાઢ આલીંગન દેઈને ભકત કહે છે ફરીફરી
આ પ્રગટ રૂદય તમારડું તો કોમલ કરૂણાકારી ।૧૫૬।
તે આટલા દીન હમને અંતરાલ કરવાની અને
જે રૂદય કઠણ કરી રાખ્યું હતું મન ભાવી અને ।૧૫૭।
તે રૂદય હવડા ગોપ્ય હમથી કરીને રાખ્યું કયાંહાં
આ તો પરમ કોમલ કહી મુસકાઇ રીઝે મન માંહાં ।૧૫૮।
ત્યાંહાં પ્રભુ ભકતને રૂદય પરસી વચન મધુરા ઉચરે
સતકાર નેહોના ભાવનો કરી રસ તણે ભાવે ભરે ।૧૫૯।
કહે કઠીન રૂદય તમારડું અનુભવ કરી કહું છું હમો
અને કહે નવ માનો તો નીજ કરે કરીને જુએ તમો ।૧૬૦।
એ પરસપર રસ અનુભવ કરીને ઉભય મુસકાયા ઘણુ
નયણ સયણે ભાવ સુચન કર્યા શું કહું તેહ તણુ ।૧૬૧।
કરૂણા ભર્યો રસ અનુભવી સાતવીકતા અંતર પગી
પ્રેમનો ઉપકાર પ્રભુનો લહી કહે ચરણે લાગી ।૧૬૨।
અમો નીःસાધની અને એ રાજથી ફલ ફલ્યું
આયાસ વીન સાધન રહીત આ સ્વરૂપ કેમ આવી મલ્યું ।૧૬૩।
એ વચન સાંભલીને પ્રભુજી રીઝી રસમાં ભલ્યા
પોતાપણુ અલગું થયું ને વચન કહે ફુલ્યા ફલ્યા ।૧૬૪।
અમો પણ નીસાધની સાધન અમોએ શું કર્યું
સાધન વીનાનું ફલ તમો પ્રગટ અમોને મલ્યુ રસ ભર્યું ।૧૬૫।
એ વચન સુણી સંકુચાઇને સૌભાગ્ય ગર્વે પાગીયા
વલી ભાવ સુચન કરીને ઉચરે અનુરાગીયા ।૧૬૬।
મહારાજ મેં એ શ્રીરાજના શ્રીઅંગની શોભા વીષે
ચાંચલ્યતાના ધર્મ જે પ્રતી ક્ષણ ક્ષણ ન્યારા લસે ।૧૬૭।
તે ધર્મ પ્રગટ થઇ દર્શન આપે છે તે અમને
તેહને અર્થે પ્રાર્થું છું વીનય કરીને તમને ।૧૬૮।
ચંચલતા એ ધર્મની તે તમારા મનને વીશે
સ્થાપીત માં કરસો એક છીણુ જોઇને તે અમ દીશે ।૧૬૯।

એ ધર્મ તે શોભા વીષે રાખજો ત્યાંહાંથી સોહીએ
એ શોભા ચંચલતા સહીત અમો જોઇ જોઇને મોહીએ ।૨૭૦।
અને રીઝીએ મનમાંહાં કૌતીક એ શોભાના જોઇ
પણ ચંચલતા એ મન વીષે તમો રાખસો માં ક્ષણ કોઇ ।૭૧।
મન તણી ચંચલતા જોઇ અસહી થાએ અમને
તમો દક્ષ નાયક અતી ચપલ માટે કહું છું તમને ।૭૨।
પછે પ્રાણપ્રભુજી કહે જે એ સત્ય કહો છો સર્વથા
પણ તમારે જે વીષે મન તે થાએ કેમે ન અન્યથા ।૭૩।
એમ ઉભયતા હારંદ્ર એકત્ર કરીને રસમાં ભલ્યા
અંતરની આરત હરીને પ્રેમે પ્રહસીત થઇ મલ્યા ।૭૪।
સેજ ઉપર સનમુખ બેઠા ભાગ્યવાન સોહાગીયા
પ્રતીઅંગ પ્રમુદીત થઇ સમર્પે પ્રણય જુત મહા ભાગીયા ।૭૫।
વંક ભ્રકુટી તણે ભાવે નયણના સતકારસું
રીઝવે મહા રસીક વરને મૃદુલ વચન ઉચારસું ।૭૬।
જે અંગ જેણીપેરે સમર્પ્યું જોઇએ તે તેમ કરે
આરત ઉતકંઠા પ્રગટ કરી ઉભયતા આરત હરે ।૭૭।
પ્રાણવલ્લભ અતી રસીક છે એહ રસના ભોગીયા
પ્રેમદાને રસે પાગ્યા રહે એ સદા રસ સંજોગીયા ।૭૮।
એણે નયણ ભ્રકુટી અધર રસના ગ્રીવા ઉર ભુજ કમલસું
ઉદર કટી રસઅંગ જંઘને પદ પલવ અતી અમલસું ।૭૯।
એ સર્વ અંગ અંગનાને સનમુખ સમર્પે છે રસ ભર્યા
પરસપર અંગના અંગે મનોરથ પુરણ કર્યા ।૮૦।
એ કોણ શ્રષ્ટી ને એ કોણ અંગ એ કોણ સમય સોહામણો
એ કોણ રસ લીલા પ્રગટ કરી રમે છે મોહામણો ।૮૧।
ત્યાંહાં અંગ ભેદ ન ભાવ ભેદાભેદ રસમઈ થઈ રમે
જે અંગનો અભિલાખ જે અંગને જેહને જે ગમે ।૮૨।
તે તેણીપેરે આરત્યા વીલસે થઇ થઇને રસમઇ
એક રસ અભીલાખતા આસન સુરતી ભુલી ગઇ ।૮૩।
ઇતર અનુસંધાન નહીં અતી મગ્ન થયા એ રસ માંહાં
એ અનીરવચનીય સમયને તે વીસદ કરી કહીએ કયાંહાં ।૮૪।
જ્યાં અંગને જોગ્યતા નહિં અનુભવ નહીં તે નયણને
ભાવે મન પહોંચે નહિં ત્યાંહાં શકય કયાંથી વયણને ।૮૫।
એણીપેરે અનીરવચની રસ વીલસી અને ઉલટ ભરી
સેજ્યા ઉપર એકત્ર થઇ બેઠા પરસપર અનુસરી ।૮૬।
કાંઇ ભોગ સામગ્રી ભવન થકી લાવ્યા છે જેહ
વીનતી કરી વીનીયોગ કરવા માની લીધી ભર નેહ ।૨૮૭।

તે અૈક્યતાએ બેસીને આદરે અંગીકૃત કરી
વચને વીસદ નવ થાય વાત એ છે અતીસે હીત ભરી ૧૨૮૮।
પછે બીડી આરોગી આરોગાવે છે અતીસય સુખ માંહાં
એક મનોરથની વીનતી પ્રભુજીને કીધી ત્યાંહાં ૧૮૯।
જે રાજ મુને મનોરથ છે વેશાંતર વાગા તણો
ગુજરાતથી અમો સીધ સહુ લાવ્યા છીએ કરી આદર ઘણો ૧૯૦।
તે રાજની ઢલણીએ મારા મનોરથ સહુ સીધ થશે
સીધ કર્યા છે ને વલી કરસે। એહવું મારે મન વસે ૧૯૧।
ત્યારે પ્રાણપ્રભુજી એમ કહે સંકોચ આવે અમને
પ્રાત ચી-હ પ્રગટ જણાયે તેહથી કહું તમને ૧૯૨।
ત્યારે ગુઢથી અતી ગુઢ આસય અંતરગતમાં ધરીને
લોકોતર કારણ સહીત તે ભકત કહે છે ફરીને ૧૯૩।
તમો આદથી આચર્યું છે ત્યાંહાં સકુંચાયા નથી
અમો વાત એ સહુ સાંભલી છે વીસદ શું કહીએ કથી ૧૯૪।
સુરતી અનુભવની દેખાડી વય કીશોર સમય તણી
રસારંભની જોબનની તે સર્વ આહીં આવી બની ૧૯૫।
અંગ લેઈ સ્વરૂપને હીતે સંકોચ રહીતે અવતર્યા
તે રૂપ તેણે ભાવ સહીતે તેહ આચરણ કર્યા ૧૯૬।
એ ગુઢ ભાવ ને ગુઢ રસ કારણ જે ગુઢા ગુઢ તણુ
લહે સ્વરૂપ કે સ્વરૂપના વેધી બીજા નહીં સમજે અણુ ૧૯૭।
એહ વચને વીવસ થઇને વસ થયા વાહાલો ત્યાંહાં
વેશાંતરની વીનતી માની એહોના રસ માંહાં ૧૯૮।
અને એહોને આજ્ઞા કરી જે તમો વેશાંતર કરો
વીચીત્ર વસ્ત્ર ધરી અને રસમાં આવી અનુસરો ૧૯૯।
ત્યારે એણે વીનતી કીધી હું તો એ અલીશરણ માંહાં
વેશાંતર વાગો ધરી આવી છું રાજ કને આંહાં ૧૩૦૦।
પણ હુંને રાજ તણો મનોરથ શુભ શ્રંગાર કર્યા તણો
ત્યારે અવસ્ય કહી કહયું પુરણ કરો હોએ તમ તણો ૧૧।
પછે બંટા આભુષણ તણા લેઈ બેઠા સેજયા ઉપરે
વીવીધ રચના કરીને શ્રંગાર વાહાલાને કરે ૧૨।
કેશ પરમ સુદેશ કરે કરી કમનીય ભાંતીની
ચોટી પાટી સમારી ભાવતી શોભા પાંતીની ૧૩।
વલી હીંગલો સેથે ભરી ત્યાંહાં ઉભય લર મુકતા તણી
ટીકા જડાવ સહીત રાખી રાજે પરમ સોહામણી ૧૪।
કજરોટીથી કાજલ લઈ પાતલી લીકે કરીને
ઉભય નયણા આંજીયા તે ઉભય ખુણા ભરીને ૧૩૦૫।

એહવા નયણ જોઇ નયણને ચુંબન દે તે ચતુરા હંસીને
ઉભય મુખકાંયા ઘણુ રીઝયા તે મન હુલસીને ।૩૦।
કંચુકી કમણા સમારીને એ ઉરોજ પુટમાં ધર્યા
તે શોભાની પરમીત નહીં જાણે ઉભય સાંચે ભર્યા ।૭।
તે જોઇ નીજ ઉર અંતર પટ રાખે તે સણગટ કરીને
એ ભાવ મનનુ મન લહે મુખકાંઇ મોઢે ભરીને ।૮।
સાડી સોહતી ધરાવી જે એહોને મન ભાવતી
પ્રભુને પરસે અનીરવચનીય શોભા પાવતી ।૯।
સોહતા શ્રંગાર જે જેણે અંગેથી સોહીયે
મહા મનોરથે લાવીયા તે ધરાવ્યા જોઇ મોહીએ ।૧૦।
એક એક અંગને અલંકુત કરી કરી અને જુએ ફરીફરી
પ્રતીઅંગ પુલકીત થઇને આરંદ્ર થઇ આવે ભરી ।૧૧।
વીસ્મય તે થાએ તે રૂપ જોઇ રૂપમાં પાગી રહે
પોતાનું નીંદી પોતાની રીઝ તે કેને કહે ।૧૨।
એ સ્વરૂપ જોઇ નીજ સ્વરૂપની સ્ફુરણા કેા નવ રહી
વેશાંતર શ્રીંગારે વીલક્ષણ શોભા નવ જાએ કહી ।૧૩।
શીખ થકી નખ પરજંત પ્રતીઅંગ અંગ અતી શ્રીંગારીયા
એ છે અતીસે ગોપ્ય રસ ભાટે નથી વીસતારીયા ।૧૪।
પુષ્પની માલા જે સોંઘે સુવાસીત આણી કરી
તેહ શ્રીકંઠે ધરાની બીજી પ્રીય એહને તે ધરી ।૧૫।
સોંઘા લગાવે સોહતા જે અનેક મકરંદે ભર્યા
એણીભાંતે અનેક પ્રકારનું મનોરથ પુરણ કર્યા ।૧૬।
કહે આજ મનોરથ મારા તે વીચાર્યા પુરણ થયા
વીનતી એ માને થકી પરીતાપ હૃદય તણેા ગયેા ।૧૭।
બીજા મનોરથ શત ગણા પ્રગટયા પ્રતીછીણુ વાધતા
તે અનીરવચનીય અંગ પ્રતીઅંગને આરાધતા ।૧૮।
દર્પણ લેઇ કરમાં શ્રીમુખ દેખાડે છે હીત ભરી
વાહાલેાજી નીજ મુખ જોઇને વલી જુએ છે તે ફરીફરી ।૧૯।
વલી નયણ ભ્રકુટી સયણના ભાવ તે ભીતર સુચવે
તે ભકત અવીલેાકન કરી એહ રસને અનુભવે ।૨૦।
વલી ભકત ને પ્રભુ એકઠા થઇ જુએ રૂપ સેાહામણું
એક એકનુ શુભ સ્વરૂપ તે એક એકને મોહામણું ।૨૧।
તે જોઇ ચુંબન દાન દે ભાવતે અંગે ભાવસું
અને રસ અન્યકત અધર ઉભય દીશ પાન કરે છે ચાવસું ।૨૨।
ભાકક રસે વીહવલ થયા મહા દાનને રસે પાગીયા
તે ફરી રસ વીલસવા આવેસ ભર્યા અનુરાગીયા ।૩૨૩।

આરસી લેઇ અલગી ધરી ને જે ભુષણ રસમાં કરખતા
તેહ તે ક્રમે અલગા કર્યા છે ઉભય દીશથી હરખતા ૧૩૨૪।
આનંદ ને મોટે ભર્યા રતીરસ ભર્યા મનોરથ ભર્યા
આરત ભર્યા અભીલાખ બહુ રસ વસે રસમાં અનુસર્યા ૧૨૫।
એતહ રસે રસ ભર્યા વાહાલો અનુસર્યા એણે રસે
નેહ નીરૂપમ એહોનો તે અનુભવી થયા રસ વસે ૧૨૬।
ઉભય અભીનવ રસ ભર્યા તે એક રસ અભીલાખીયા
ત્યાંહાં અંતરનો અંતરાઇ ટલીયો લોભાત્મક પુટ ચાખીયા ૧૨૭।
એ અમી સંજીવની મધુર મુરછીત મનોજ ઉદય કર
અને ઉદીપન સર્વાંગ વ્યાપી ઉભયતા રસનો ભર ૧૨૮।
પ્રતીઅંગનો રસ સમર્પ્યો અંગી કર્યા અંગે કરી
અંગ અંગે સંગ કરી ઉભયતા આરત હરી ૧૨૯।
તે અનુભવી અશ્રમ અધીક રસે લોભીયા રસ લાલચી
લોકોતર અદભુત અનુપમ મહા રસીક લીલા રચી ૧૩૦।
તે અનીરવચનીય વચને સામર્થ નહીં કહેવા તણુ
મહા રસીકને જ્યાં રસમાં રહેતું નથી પોતાપણુ ૧૩૧।
અંગ ભેદ ને ભાવ ભેદ સ્વરૂપ ભેદ ન કો લહે
સુરતી ભેદાભેદ નહીં વચને કરી ત્યાંહાં શું કહે ૧૩૨।
પ્રતીક્ષણે નૌતન એ રસ અભીલાખ નૌતન દેખીએ
ભાવ નૌતન રૂચી નવલ નીત્યતા રંચ ન પેખીએ ૧૩૩।
ઉમંગ રસમાતા ઉભય વીસ્તાર શકય ન વયણુને
અનુભવી અનુભવે શકય ને જ્યાં શકય ન નયણને ૧૩૪।
વીહીત ને વીપરીત રસ એ રસાવેસે થઇને
ઉતાનક તિર્જક આરતીક સ્થીત અનંત ચીત દેઇને ૧૩૫।
ભાવતી ભાવેણે ભોગ રસનો કરે છે રસવસ થઇ
વેસ અનુકરણે વીવસ થઇ રમે છે એમ રસમઇ ૧૩૬।
ઉભય ભરણીય રસ તણા એ રસ ભર્યા રસમાં ભરે
ઉભયતા મનોરથ અંત કરીને આરત હરે ૧૩૭।
એમ રાત્રી સંપુર્ણ સોહાગી મહા સોહાગ ભર્યા રમ્યા
મહા મનોરથે આવ્યા તે મહા નાયકને મન ગમ્યા ૧૩૮।
એણીપેરે અતી ઉદઓધ રસનો મનોરથ પુરીને
કામની કામના પુરણ કરી મદ ચુરીને ૧૩૯।
પ્રેમદા પ્રસન્ન કર્યા ઘણુ પ્રમુદીત થયા પોતે ત્યાંહાં
એહનો અતી વીસ્તાર છે કહી કહીને કહીએ કયાંહાં ૧૪૦।
પછે પ્રાત ભીત ને શ્રમ ઘણો શ્રીજીને જાણીને
વચન વીનય તણા કહ્યા વાત્સલ્ય મન આણીને ૧૪૧।

શાન્ત રસ સંભવે નહીં પણ સર્વ રસ વસ એહને
એ કેને વસ નહીં એ સર્વદા વસ નેહને ।૩૪૨।
હવે ભાવ ભર ભુષણ ધર્યા તે સમે પ્રેમે કરી
તે અંગ અવીલોકીને અબલા ઉતારે છે ફરી ।૪૩।
કહે એહ મનોરથ મારો ફરી પુરણ કરજો કોઇ સમે
વાહાલોજી કહે કો સમે શું કરજો જયારે તમને ગમે ।૪૪।
પછે હીંગલો સેંથામાંથી અને કાજલ નયણ તણુ જેહ
તે તેલ ભરી પુંછી નીવાર્યું લોક ભીતે કરી તેહ ।૪૫।
પછે ધોતી ઉપરેણો સુવાસીત લાવ્યા મનોરથ કરીને
તેહ તે સમે ધરાવ્યા પોતે તે આગલ ધરીને ।૪૬।
જે જે સામગ્રી ભેટની એકાંત આરોપવા તણી
વીનીયોગની વીનીયોગ આણી રીઝયા ગોકુલધણી ।૪૭।
વલી હેમ મુકતા તણી માલા અને તુલસીની જેહ
આરંદ્ર થયા આરોપતા અને નયણ ભરી આવ્યો નેહ ।૪૮।
ધીરજ રહયું નહીં રંચ એ વીપ્રયોગ કેરે આગમે
અંગ અંગ તણી સુરતી ભુલી ગઇ તેણે સમે ।૪૯।
કો વીલક્ષણ અસહી દુઃખ આવ્યું તે ઉરમાં ભરીને
કેમ કેમ કરી સંયોગ થયો જાવું છે હવડા ફરીને ।૫૦।
જેમ જેમ વાહાલોજી કરે મનુહાર મન મેલીને
તેમ તેમ તન વ્યાપે વ્યથા હીત માંહાં હીત ભેળીને ।૫૧।
નયણે જલધારા વહે અને કહે કાંઇ વયણથી
કંપે તન સ્વર ભંગ ગદગદ કંઠ થયો ઘટી રયણીથી ।૫૨।
ટગર ટગર જુએ શ્રીમુખ કહે તે ઘડી આવે વલી
ફરી આ ઘડી ક્યારે આવસે પહોંચસે મારી મન રલી ।૫૩।
પ્રીતમજીએ કંઠે લગાવી કર્યું ચુંબન નયણને
અધરે અધર સ્પર્શતા તે સતકાર કીધો મયણને ।૫૪।
શ્રીમુખથી બીડી સુવાસીત મુખે મુખ મેલીને
મેહેલી તેહોના મુખમાં રસમાં રસ ભેલીને ।૫૫।
શ્રીકંઠથી માલા પ્રસાદી આપી ઉતારી અને
તે પહેરીને ચરણાર્વીંદ પરસીયા અંગ વારી અને ।૫૬।
વલી દુખડા લેઇ વીનવે તે વીનય વાત્સલ્ય ભરીને
સાતવીક ભાવે આવર્યા ન શકે ઉચાર કરીને ।૫૭।
પ્રાત ભીત થકી કેમ કેમ કરીને તે વીદા કરી
ડગ ચાર ચાલે ને વલી જુએ શ્રીમુખ ફરીફરી ।૫૮।
તે તીબારીથી બારીએ આવ્યા તે હોમઘર તણી
ત્યાંહાં પ્રાણપ્રભુ સાથે થયા મનુહાર કીધી અતી ઘણી ।૩૫૯।

અને વીદાય વીનય કરી થયા તે સમય નવ જાએ કહયેા
અનુભવ્યું તે અનુભવે સમુજે ભાગ્યવાને તે લહયેા ।૬૬।
આથી તે બારણે ઉભા તેહને સોંપી કરીને
બારીએ સાંકલી દેઇ પોતે પધાર્યા ફરીને ।૬૧।
આવીને સેજયાએ બેઠા વચન શ્રીમુખથી કહી
નક્ષત્ર જોઇ જાણી રહયા જે નીશી નીપટ થોડી રહી ।૬૨।
દીપને સનમુખે રહી આરસીમાં શ્રીમુખ જુએ
સંદેહ કાજલનો નીવારે જાણે રખે જાણ કોએ ।૬૩।
વલી પીઠ રસ નયણે પગ્યેા અને દીઠ હીંગલોની રહી
કેશ ગુંથ્યાની જે કુંજલક મીટાવી મનમાં લહી ।૬૪।
ધોતી પહેરાવી હતી અતી સુખદ સોંઘે ભરી
અલગી મેલી તનીયેા લેઇ પહેર્યો તે ફરી ।૬૫।
ચરણ ક્ષાલણ મુખ માંરજન કરી ફરી સેજે આવીયા
સુખસેજે સુખસું પોઢીયા મનોરથ કરી મન ભાવીયા ।૬૬।
નીંદ્રા તેા કાંઇ આવે નહીં રાત્રી થોડીને મીસે
ભકતનીજ સુરતી કરે છે થઇ તેહોને રસ વસે ।૬૭।
તેહનુ આચરણ લક્ષણ વચન તણી જે ચાતુરી
ભાવ સ્નેહે લપેટાયા ઉર અંતર આવે ભરી ।૬૮।
તેહોના ગુણ ને ચરીત્ર લીલસ્યાનેા વીવેક વીચારતા
સમય ઉઠયાનેા થયેા એહોનુ મુખ સંભારતા ।૬૯।
પછે સમય થયેા અને ઉઠીયા જેમ જાણુ ઉઠયાની સદા
અતી નીંદ્રીત મોહી આલસ મોહે ભર પ્રમુદીત મુદા ।૭૦।
ઉઠીને મંગલ નીધી મંગલ સમે મંગલ ભર્યું
શ્રીમુખ મહા મંગલ ઉદધીનુ દાન ભગવદીને કર્યું ।૭૧।
જય જય કહી સહુ દર્શની દર્શન કરે આરત ભર્યા
જીવ જંત અનેકના તે કારજ એહ સમે સર્યા ।૭૨।
અને ભાગ્યવાન જે ઘેર ગયા છે મહા રસ વીલસીને
તેહના અંગ અંગ ઉમંગ ભર્યા તે રહયા છે હુલસીને ।૭૩।
મન સ્વરૂપમાં અરૂઝી રહયું છે ગુણ ચરીત્રે પગીને
હાવ ભાવ કટાક્ષ કીર્તીકમાં રહયું રંગમગીને ।૭૪।
ગુઢ ભાવ ને ગુઢ આશય અંતર આલુંટન કરે
ક્ષણમાં ઉમંગ ન માયે ક્ષણ માંહાં લોચન ભરે ।૭૫।
શું શું સંભારે મુખ તણુ અને પ્રેમની પરમીત નહીં
જે જે રસમાં મન ધરે ત્યાંહાં પાર તેા પામે કહીં ।૭૬।
વીછુર્યા તણું દુઃખ અંગમાં પસરી રહયું તે પ્રચુર થઇ
તેણે સ્વરૂપ સરવાંગે તે પાગ્યું થઇ રહયા એ રસમઇ ।૭૭।

કો કો સખી સમાન વયના જાણ જે એ રસ તણા
સંકેત જેહસું જણાવી અભીશરણ કર્યા સોહામણા ।૩૭૮।
તે પ્રથમથી આવી રહયા છે ઘેર એહોને નીરખવા
સરવાંગ એહોના પ્રસાદી તે જોઇ જોઇ હરખવા ।૭૯।
એહને જોઈને આલીંગીયા ચાંપી રહયા તે ઉર માંહાં
ઉભયતા આનંદીયા એ સમયને કહીએ કયાંહાં ।૮૦।
એહોના અંગ પ્રતીઅંગ આયુરભાવ અંતરનો જોઇ
પુછવા કહેવાની સુરતી રહી નહીં શું કહે કોઈ ।૮૧।
મહારસે ભર ઉભરી આવે કહેવાને અનુભવ ત્યાંહાં
પણ એકમાં શત સહસ્ત્ર આવી ઉલટે તે મન માંહાં ।૮૨।
બીડી પ્રસાદી લાવીયા તે વહેંચી આપી એહને
કહયું વાત કરવી છે ઘણી સુચવ્યું નાતે નેહને ।૮૩।
હવે સમે દર્શનનો થયો જઇએ પ્રથમ વેગા થઈ
ભુષણ વસ્ત્ર અભીસરણના તે તો ધર્યા અલગા લેઇ ।૮૪।
વલી સખી દીપક લેઇ ઉભી રહી છે શીર નાઇને
અને ચીન્હ જે પ્રગટ જણાએ મીટાવે મુસકાઇને ।૮૫।
સાદી ચાદર ઓઢીને આવ્યા તે દર્શને ફરી
મંગલ સમે મંગલ નીધી જોયા તે શુભ નયણે ભરી ।૮૬।
ચીત્રવત થઈને રહયા છે જયાંહાં ઉભા છે ત્યાંહાં
ભાવના જુત ભાવના તે વીતર્ક કરે છે મન માંહાં ।૮૭।
જે જે મનોરથ પુરીયા તે મનોરથ પુરણ કર્યા
પણ વીચાર્યા મનોરથ અનેક તે રૂદયમાં રહયા ધર્યા ।૮૮।
તે મનોરથ પુરણ કર્યાની આરત ઉરમાં વાધતી
તે ફરી ફરીને સંગ ઇચ્છે સ્વરૂપને આરાધતી ।૮૯।
કહે તે સમે સૌભાગ્યનો ક્યારે તે આવે ફરીને
મારો મનોરથ પુરણ કરૂં જે રહયો છે ઉર ભરીને ।૯૦।
જે પ્રગટ હોએ એકમાં અનેક નાના ભાંતીના
તેના રૂપ કાંઇ વચને કહયા જાયે નહીં તે જાતના ।૯૧।
જેણે મનોરથે ભરીને જુએ છે પ્રાણ વરેશને
કેશથી નખ પરજંત નખ થકી નીરખે કેશને ।૯૨।
મનમાં મોદ માએ નહીં અંતરગતે ફુલ્યા રહે
અંગ સંગ સ્વરૂપસું કીધો તે સુખ કેને કહે ।૯૩।
એણીપેરે સણગટે સંકુચાતાં સનમુખે જુવે સોહાગીયા
દુરી દ્રષ્ટે પ્રભુ જુએ એમ ઉભય રસમાં પાગીયા ।૯૪।
એણીપેરે લીલા નીત નવી પ્રતીક્ષણે નૌતન વાધતી
કરે છે કારણમઇ તે ભકતને આરાધતી ।૩૯૫।

એ નીત્યચરીત્ર છે નીત્ય નીતનીત અચલ અદ્ભુત રાજતું
લોમી પર એ પ્રસીદ્ધ લીલા અખીલ અનુપમ ભ્રાજતું ૧૩૯૬।
એ નીત્ય સ્વરૂપનુ નીત્યચરીત્ર નીત્યતા એહોની નીત્ય છે
સર્વ કાલે સર્વદા એ ભકતનેજ નીમીત છે ૧૯૭।
એમ ભકત સહીત રમણ લીલા પ્રાતથી પોઢયા લગી
ઉપયોગ પ્રતી એકનો રસ જે ઉભયતા પ્રેમે પગી ૧૯૮।
સુચવી સુચનીકા કરીને બુધ્ધીના અનુસારની
પણ એહોની પરમીત નહીં એ છે તે બહુ વીસ્તારની ૧૯૯।
જેમ રસનીધીથી રસ તણી કણીકા કે। લેઇ સંચય કરે
તેમજ એ મેં કર્યું છે તે ભાવ પોતાને ભરે ૧૪૦૦।
લોમી તલ એ પ્રગટ લીલા સ્વતઃથી આવીકરી
હસે ન કહીં એહવી મહા અસાધારણ સિધ્ધાંતે રસભરી ૧૧।
જયાં કેનો ગમ્ય નહીં પ્રવેશ નહીં એ રસ માંહાં
દેવ ઋષી મનુષ્ય કૃત્યના શાસ્ત્ર તેા જાણે કાંહાં ૧૨।
શાસ્ત્રને રીતે જોએ સ્વરૂપ એ દુજડે નહીં
એ સ્વતઃ પ્રાગટય સ્વતઃ દાને જણાવે જાણે અહીં ૧૩।
કેવલ કૃપાને બલ થકી ભગવદી એતનમાર્ગી
જેહને હીત પ્રાગટય હવું જે રહયા સ્વરૂપ રસે પગી ૧૪।
ધર્માદીક આચરણ ત્યાગી ધર્મીએ જે અનુસર્યા
તેહને હીત એ ચરીત્ર કરીને એ રસે પુરણ કર્યા ૧૫।
લીલા ગુણ ને ચરીત્ર શોભા ભાવ એ અલગા કરી
નીરાવરણ સ્વરૂપ નીરખે સ્નેહસું આરત ભરી ૧૬।
જેહને એ સ્વરૂપમાંથી તે બહાર ગમન નહીં કહીં
બાહયાભ્યંતર એ રસ સર્વાંગ વ્યાપીને અહીં ૧૭।
પ્રતીઅંગ પુરીત થઇ રહયેા અધીકાર જોઇ અંગને
તેણે અન્ય સહુ પરહરી ઇચ્છે ભાવ કેરા સંગને ૧૮।
તે એ ચરીત્રને અનુભવેથી તાદાત્મકતા સાંપડે
અને ભાવ સ્વરૂપાત્મક રસે ભર સર્વથા એહને જડે ૧૯।
એહવું પ્રાણ પ્રભુનુ નીત્યચરીત્ર પ્રતીનીત્યે પ્રતીક્ષણ જોઇએ
આધી આરત આંતરગતીની રમણ માત્રે ખોઇએ ૧૧૦।
મનમાં વીચાર્યું એ ગ્રંથની ફલશ્રુતી લખું હું વીસદ કરી
પણ સ્વરૂપ આચરભાવથી એમ ઉપજયું મનને ફરીફરી ૧૧૧।
જે ગ્રંથ સાધન રૂપ ત્યાંહાં ફલ અન્ય હોએ તેહનું
આતેા ફલાત્મક ગ્રંથ કેવલ સ્વરૂપ સાંપ્રત્ય નેહનું ૧૧૨।
સાધન તણે આધીન ફલ હોય છે તે ફલ ભીન્ન છે
આતેા સ્વરૂપ સાધન રહીત નહીં કેને આધીન છે ૧૪૧૩।

એહની ફલશ્રુતી કહયાની જોગ્યતા કેને નથી
ઇશ્વરેશ્વરને ગમ્ય નહીં તો અન્ય કો શું કહે કથી ।૪૧૪।
જે અક્ષર સ્વરૂપે લપેટયા સ્વરૂપ અક્ષરમાં પગ્યું
વચને વચને સ્વરૂપ સાંપ્રત્ય પ્રગટ દીશે રંગમગ્યું ।૧૫।
જેહના વચન સ્વરૂપાત્મીક ભાવ સ્વરૂપ રસે ભર્યા
શ્રવણ માત્રે સાંભરે જે પ્રભુનું અનુભવ કર્યા ।૧૬।
જે સાંભલતામાં સ્વરૂપ લીલા સહીત સહુ દ્રષ્ટે પડે
અનુભવ હરદયે આરૂઢ થાએ વીસયું સર્વે જડે ।૧૭।
ભકત સાથે પ્રાણપ્રભુજી ગોપ્ય પ્રગટ પ્રકારની
લીલા કરે છે અલીનવી જે પુષ્ટ રસ સુખ સારની ।૧૮।
તે ઉભય લીલા એહ ગ્રંથ જોએથી જણી પડે
અને મહેહની કરૂણા હોય તો સ્વરૂપ પણ એહોના જડે ।૧૯।
એ ગ્રંથ નામ કરી લગ્યું પણ ગ્રંથ કહીએ તેહને
જ્યાં ઉપપતી નીરદર્શન અન્યોકતી હોએ જેહને ।૨૦।
સાહીત્ય ને સીંધ્ધાત શીક્ષા સ્વમત દ્રષ્ટાંત જે
ઇતીહાસ પરમીત જેમાં તે ગ્રંથ કહીયે છીએજ તે ।૨૧।
આતો કેવલ સ્વરૂપ રસોમધ્ય જે પુષ્ટ રસમાં પાગીયું
નીરાવરણ નીરૂપાધી નીરૂપમ કેવલ પ્રમેયે અનુરાગીયું ।૨૨।
અને ભકતની કૃત અવસ્થા ભુત લખી છે આરત ભરી
નહીં જીવ વત નહીં જીવ કૃત અતી અલૌકીકતા સીધ કરી ।૨૩।
જ્યાંહાં પ્રભુ ભકતનો ઉભય રસ તે ઉભયતા ભાવે ભર્યા
જેહ રસમાં ભકત પાગ્યા તેહ પ્રભુએ સીધ કર્યા ।૨૪।
એમ ભકત ને પ્રભુ એક રસ વીલસે તે વીવસ થઇ થઇ
એક રસ અલીલાખીયા એ વાત છે કારણમઇ ।૨૫।
પણ અક્ષર ઉપજી નિબંધને કહીએ ગ્રંથ કરી અને
તે માટે મેં લગ્યું છે એહવો અસય ધરી અને ।૨૬।
એ ગ્રંથની ફલશ્રુતી રૂપ સ્વરૂપ તે ફલશ્રુતી ગ્રંથ માંહાં
મેં લખી છે તે કૃપા બલે અનુભવી સહુ જો જો ત્યાંહાં ।૨૭।
હવે આગલને માંગલ્યે ઉપસંહાર કહું છું એહનો
જેહ જોએથી જણાએ પ્રકાર સર્વે તેહનો ।૨૮।
મહેહની રૂચીની સહાએ મહેહ પદ રજ અનુસરી
ગોપાલદાસે નમન કરી કર જોડી એ વીનતી કરી ।૪૨૯।

ઇતીશ્રી સ્વરૂપ રસાવલી ગ્રંથ વ્યાશના ગોપાલદાસ વીરચીત
પોઢયા ઉપરાંતની લીલા વર્ણનો નામ
માંગલ્ય - ૨૦ વીસમું સમાપ્ત

માંગલ્ય – ૨૧ – એકવીસમું

રાગ – પ્રભાતી

જય જય મંગલ નીધી પરમ ઉદારજી
નીશી નીંદ્રા તજીને કામકીડા સજીજી
જે જે મંગલમઈ મંગલ નીધાનજી
મંગલ ઉદધી મહા મંગલ સ્વરૂપજી
જે જે રસીક વર ભોગી વરેશજી
રસમાં પાગ્યા ને રસ જુત જાગ્યાજી
જે જે કામોદ્બોધ કામ ઉદીપનજી
કામ કેલી રતી અને કામ કૌતકીજી
જે જે મહા કામી કામ ધામે વીરામીજી
સંજોગનું સાર જે નીત્ય વીહારજી
જે જે મહા ભોગીના પરમ સૌભાગીજી
મહા ભાગ્યરાસનુ પરમ સોભાગ્યજી
જે જે ઉનીંદ્રીત રસ ભર્યા જાગ્યાજી
જે જે જંભા જુત વીકસીત વદનજી
જે જે સેનોદ્ગીત રતી રસ ભર્યાજી
આરત્યાની આરત સહે ન લગારજી
જે જે અધર રસપાને ઘુમે નયણજી
અલસાયા અંગ સુંદરીયોને સંગજી
જે જે ડીગતા ડગમગ પગ ધરતાજી
વીકસીત મુદ્રીત વીલોકની વીલાસજી
જે જે ત્રીયા મુખ મકરંદના મધુપજી
નીસી રસ વીલસીને ઉદયે હુલસીજી
જે જે ચી-હે અંગ અલંકૃત દીસેજી
નીરખતા નયણ ન મટકે લગારજી
જે જે વીલક્ષણ વીચીત્ર વેસજી
દંતક્ષત નખક્ષત પીક પરાગજી
જે જે અંગનાઓના અંગ ઉપાસીજી
જે જે પ્રેમદાનુ પરીરંભણ આરાધીજી
જે જે આરાધની ભજનીય ઉપાસીજી
તન મન સર્વ સમર્પણ કરીજી
જેજે આરત પ્રગટી કરે રૂપજી
જેજે તાપાત્મક રસે વસ નીત્યજી

વાર નહીં રે જેના દાનનેજી
રસદાન કર્યું ભાગ્યવાનનેજી ।૧।
સનમાન મંગલ તણું કર્યું જી
મંગલ સમે સહુ મંગલે ભર્યું જી ।૨।
લેસ નહીં રૂચી બીજે કયાંહાંજી
અનુરાગ્યા રહે રે રસે અહીંજી ।૩।
સદા રે સંપન્ન રસ ભોગીયાજી
કામ કુશલ રે અંજોગીયાજી ।૪।
નામી એહજ જસમાં ઘણુજી
એહ આધાર છે એહ તણુજી ।૫।
ભાગ્ય જેના રે સ્વરૂપ માંહાંજી
સોહાગીએ સોહાગી કર્યા સહુ આંહાંજી ।૬।
અનુરાગ્યા અંતરના મોદસુંજી
મદને વીહવલ રે પ્રમોદસુંજી ।૭।
આનંદે પરવરી ઉઠ્યા સહીજી
જાગ્યા તે વાર આરત લહીજી ।૮।
વયણ ગંભીરે વાણી વદેજી
રંગ પાગ્યો રે દીસે રૂદેજી ।૯।
હરતા રે આરત અંતર તણીજી
આશ ભરી જુએ અભીસારીણીજી ।૧૦।
ઇંતર ગવને ગતી પંગથીજી
દર્શન દીધું રે સુસંગથીજી ।૧૧।
કેયલડું હીસે રે તે જોઇનેજી
તેહ વાર સ્વકીય સહુ કોઇનેજી ।૧૨।
અંગ સુદેશે સોહે ઘણુજી
કાહુ મીસ ચી-હ ભુષણ તણું જી ।૧૩।
હુલાસીરે એહોને દાન થકીજી
સાખી રે એ સુખને રહ્યા તકીજી ।૧૪।
ત્રીયા ગણ રાસી છે જેહનેજી
નેહે ભરી વસ રહે તેહનજી ।૧૫।
સ્વરૂપ દીદલ રસ મધ્યનુજી
એ સાધન મહાનીધીનું જી ।૧૬।

જેજે લોક વેદાતીત સ્વરૂપ સુદેશજી વેશ દ્વીજ વરે ધર્યો અહીંજી
વીપ્રયોગ ઉગ્ર સમગ્ર દીસે રૂપજી ભુપ એ અનીશ્વચની ત્યાંહાંજી ।૧૭।
જેજે અરાગ વીમધક સ્વરૂપજી રૂપ જેહનું રે કો નવ લહેજી
કહી કહીને પુરૂષોતમ કહેજી લહે નહીં રે તેહને શું કહેજી ।૧૮।
એહવું સ્વરૂપ જે અગમ્ય અગાધજી સાધ્ય કર્યું રે સ્વરૂપ બલેજી
ભકતને વીશે વીવસ થયા પોતેજી સોહતે રે ભાવે સનમુખ મલેજી ।૧૯।
જેજે ભકતના મન ઉત્સાહકારીજી નીત્ય વીહારી રે આનંદમયજી
આનંદ માત્ર કર પાદ મુખ ઉદરજી સુંદર રસમય રે રસે રમેજી ।૨૦।
જેજે સ્વકીય જનના સુખદાયજી ઉર ન સમાય રે એ ગુણ સુણીજી
એ ગુણના ગુણ કયાં લગી કહું જી રહું રે એ ગુણના થઇ રૂણીજી ।૨૧।
જેજેજેજેજેજે પરમ કૃપાલજી અતીસે દયાલે દર્શન આપ્યું જી
સ્વરૂપ સુદેશ મહા પરમ વરેશજી ભકતને રૂદય સ્થીર સ્થાપ્યું જી ।૨૨।
જોઇ જોઇ હરખી હરખીને રીજેજી ભીંજે છે મનમાં ભાવસું જી
રૂપ સુધા રસનુ કરે મહા પાનજી દાન સામર્થે તે ચાવસું જી ।૨૩।
સેજેથી ઉઠીને તનીયો ઉતાર્યોજી વાર્યો હું તે સમે અંગ જોઇજી
પરદની પહેરી ને પ્રગટી શોભા ગહેરીજી લહેરી શોભાની જોઇ રહ્યા મોહીજી ।૨૪।
રચણી રસે ભર વીલસ્યા છે જેહજી તે ઉભા દર્શન કરેજી
દુરી દ્રષ્ટે દુરે અંગે દુરી પ્રીતેજી રસ તણી રીતે ઉરમાં ધરેજી ।૨૫।
મલતીપાયે કરી પ્રીતની કાયેજી તેહસું વખાણે ભાગ્ય આપણુજી
કોણ સંયોગે આપણે એ વર પામ્યાજી વામ્યા રે દુઃખ સંસાર તણુયજી ।૨૬।
પરસપર રીઝે ને અંતરમાં ભીંજેજી અનુભવી ઉભય સંભોગીયાજી
ગુઢ સુચન કરી રસમાં ભરીયાજી ભાવે અનુસરી કહે ભોગીયાજી ।૨૭।
એક એકનુ અનુમોદન કરીજી ફરી ફરી ભાગ્ય સરાહે છેજી
નીજ સુખ સખીના સુખમાં સાણીજી સરખું જાણીને ઉભા છેજી ।૨૮।
મુસકાઇ મધુર વચન કહી કહીજી સનમુખ રહી સાદરપણેજી
સ્વરૂપ સુદેશ મહા વીચીત્ર વેશજી જુએ નયણ ભરીને આદરપણેજી ।૨૯।
દુરી દ્રષ્ટી વાહાલો ફરી ફરી નીરખેજી પરખે રે એહોના ભાવનેજી
સેનમાં શીક્ષા કરીને કહેજી લહે રે એહોના સુભાવનેજી ।૩૦।
એમ ઉભય ટકઝક રસ રીતજી પ્રીત એહનીનું શું કહીએજી
મોટમ માતમ નવ આપે લવ લેશજી ગુણ છે વીશેષ તે હું નવ લહું જી ।૩૧।
જ્યાંહાં મલે ત્યાંહાં પોતાનું મન આપીજી સ્થાપી રે તેહનુ મન મન માંહાંજી
સ્નેહ તણા અતી જાણ સુજાણુજી બાણ એહની રે કહીએ કયાંહાંજી ।૩૨।
ઉપરેણો લેઇ શ્રીમરતકે લપેટયોજી મેટી રે શોભા શુભ કેશનીજી
એક શોભા દઝે બીજી પ્રગટી અનેકજી વીવેક ન થાએ રે વરેશનીજી ।૩૩।
અંગ પ્રતીઅંગની ન્યારી ન્યારી શોભાજી લોભાયા રે નયણ ઉરઝી રહ્યાજી
અરઝાયા નયણ નવ સુરઝે લગારજી તેહના ભાગ્ય નવ બતએ કહ્યાજી ।૩૪।

અંગ અરવીંદ શોભા રૂપ મકરંદજી નયણ ભ્રમર ત્યાંહાં ભકતનાજી
ભાવને સ્વાદે કરે એ રસપાનજી દાન સામર્થે અનુરકતનાજી ।૩૫।
અનેક શોભા એ અંગ રૂપ રસધારજી અપરંપાર અછન વહેજી
ભાવે જોગ્યતાએ જેહનો અધીકારજી નાર વરેસ તેહજ લહેજી ।૩૬।
અનેક ભાવીને ભાવ સમ હોએ દાનજી પાન કરે રે ભીન્ન ભીન્ન રસેજી
તે સહુ કેા જે રસથી ન અઘાયજી ઉછાહા ન માએ તે સહુ રસ વસેજી ।૩૭।
તૃપ્તી થએ કેાઇ તૃપ્તી નવ થાએજી ઉર ન સમાએ તે વીલેાકતાજી
અહા રે સંજોગી એ સ્વરૂપ વીનીયેાગીજી એહ રસ તણા જેહ એહ ભેાકતાજી ।૩૮।
એ રસપાનમાં દાન છે અનેકજી તેહનેા વીવેક જે હું કેમ કહું જી
અનીરવચની એહનેા છે વીસ્તારજી તેહ તણેા પાર હું નવ લહું જી ।૩૯।
એણીપેરે રસમસ્યા રસમાં પાગ્યાજી અનુરાગ્યા સેજથી ઉઠીનેજી
રંગમગે અંગ ને ભરીયા છે રંગેજી અભીનવે આનંદે ઉઠીનેજી ।૪૦।
દેહકૃત્ય કાજને પધાર્યા રાજજી જૈજૈ ઉચરે સહુ સુંદરીજી
સંયેાગમાં વીપ્રયેાગ પ્રગટ કરીજી આરત હરીને પધાર્યા ફરીજી ।૪૧।
અરધુ ક્ષાલધુ કર્યા પુર્વ રીતજી પ્રીતે નીહાલે મન ભાવતાજી
તેલગાદી રચી તે હેામઘર માંહાંજી શેાભાશી કહું રે ત્યાંહાં આવતાજી ।૪૨।
તેલથી પડેાંચી સ્નાનાદીક તે કરીજી ધરી ધેાતી ઉપરેણેા ત્યાંહાંજી
પીઢ બેસીને કર્યું તીલક સુભાલજી બેહુ કાલની તે સંધ્યા કરી આંહાંજી ।૪૩।
ભીતર પધારીને જલઘરે આવ્યાજી ભાવ્યા રે ભકતને મન રઢીજી
ફરી બેઠકે આવી બેઠા ચટાર્યજી રહી લપટાઇ ત્રીય રૂપે ભલીજી ।૪૪।
કેશ નીવારી ને અવારી દાન દીધાજી સીધા રે ત્યાં કાજ સહુ પાત્રનાજી
લૌકીક દાન દક્ષીણાનુ નહીં માનજી સનમાન રસીક જન માનનાજી ।૪૫।
વલતા ભેાજન કરી પધાર્યા વેગેજી નેગે ચેાકીએ બેઠા આવીનેજી
કેશ પ્રસારણની લીલા કરીજી ભરી રસે મન ભાવીનેજી ।૪૬।
બીડું આરેાગીને મહા રસભેાગીજી સંજોગી સેજે પધાર્યાજી
મહા રસે ભરીને સુખ લીલા કરીજી હરી આરત ભકત વાર્યાજી ।૪૭।
નીંદ્રા રસ લેઈને ઉઠયા રસમઇજી લેઇ શેાભા કેાઇ અભીનવીજી
જૈજૈકાર સહુ કરે ઉચારજી તેહ વાર સુખ તણી નીધી હવીજી ।૪૮।
ગાદી મુ ઢે આવીને બેઠા મન ભાવીજી સભાએ શેાભીતા રાજતાજી
રહયા પરવેષ્ઠીત નેષ્ટીક સૃષ્ટીએજી રસ વૃષ્ટી કરે છે બીરાજતાજી ।૪૯।
વીચીત્રા વીષય વીધ વીધના અનેકજી તેહનેા વીવેક થાએ નહીંજી
બેઠા ઉથાપને લીલા ચરીત્રજી કરે છે તેહ કહેવાએ કહીંજી ।૫૦।
પછે જલઘરે પધારી સંધ્યા કરીજી ફરીને બેઠકે આવ્યાજી
બેસી ગાદી મુઢે તેલસેજયાએ પધાર્યાજી વાર્યા ભગવદી મન ભાવ્યાજી ।૫૧।
મુઠબંધા સમે સુખ કહેતાં ન આવેજી ભાવે રે શેાભા તેહ જોઇ જોઇજી
કેશની આભામાં સેત પેચજી પેચ પેચસું રે રહયા મેાહીજી ।૫૨।

તેહથી પહોંચી પાદત્રાણ પહેરીજી ગહેરી શોભાએ શોભા ભર્યાજી
અંગ આમોદે અનુમોદન કરતાંજી ૨સ ભરતા રે પોતે પરવરીયાજી ૧૫૩
અંગ પ્રતીઅંગની ચાકચક્ષ જેહજી તેહ રે વીસદ નવ થાએજી
જે મુસકની ને લટકની ચાલજી તેહ રસાલતા ન પડે કહીજી ૧૫૪
ચરણ ક્ષાલણ કરી ફરી સેજે આવ્યાજી ભાવ્યા રે ૨સાવેસે ભાવતાજી
૨સને આગમને અનુપમ શોભાજી ઉભા રે જુએ છે ભકત આવતાજી ૧૫૫
સેજ્યા આગલ આવી ઉભા રહ્યા જ્યાંહાંજી ત્યાંહાં તનીયે પહેરે વેગસું જી
આવી બેઠા સેજે તેહ નેહ ભરીજી ભરી મીટે જુએ સહુ નેગસું જી ૧૫૬
સુખસું પોઢયા આદર લેઇજી આશીષ દેઇ વલ્યા ભગવદીજી
વલતું રમણ ૨સ ઉલટ ભરેજી એણીપેરે લીલા નીત જગ વદીજી ૧૫૭
એણીપેરે નીતનું નીત ચરિત્રજી વીચીત્ર પ્રકારે શોભા નીત નવીજી
કૃત્ય આચરણ નીત એહ પ્રકારેજી જાણે જે એ ૨સ અનુભવીજી ૧૫૮
એક લીલામાં ચરીત્ર અનેકજી વીવેક તેહનો રે થાએ નહીં જી
અમીકાર લેદે ૨સપાત્ર તે જાણેજી તેહને વખાણે તે કેા શું કહીજી ૧૫૯
પ્રાતઃથી ઉઠીને પોઢયા પરયંતજી અતીસે અમીત ચરીત્ર એહજી
પોઢયા ઉપરાંતની લીલા ૨સ રીતજી પ્રીત કરી રે ભરી નેહજી ૧૬૦
તે એ ગ્રંથમાં ગ્રથીત કરીજી ભરી ભાવે રે ૨સે ભરીજી
કૃપાની કૃપાલતાએ મહેદની સહાએજી એહાની કૃપાને પદ અનુસરીજી ૧૬૧
મહેદ કૃપાએ ઇચ્છા તણે તે સામર્થજી અર્થ મારો તે અતીસે સચેાંજી
એહ પ્રસંગ મન તણે અંતરંગજી યથાગતી કાંઇ સુચન કર્યોજી ૧૬૨
પ્રથમ માંગલ્ય ત્રણે જગત આભરણનુજી નીતકૃત્ય પ્રતીઅંગનું કહયું જી
શીખથી આરંભીને નખ પર્યંતજી અતી રસવંત જેહવું લહયું જી ૧૬૩
એક એક અંગનુ ચરીત્ર જે ૨સાલજી પ્રાતઃકાલ થકી જે નીશા લગીજી
સ્વરૂપ વર્ણન તે શોભા જુત કહયું જી લહયું તેહવું રે અંગે પગીજી ૧૬૪
વલતું સમગ્ર શુભ સ્વરૂપ ચરીત્રજી વીચીત્ર પ્રકારે વીસદ કર્યું જી
ભકત સદીત બહુ ૨સે સંપન્નજી પરમ અનન્ય ૨સે ભર્યું જી ૧૬૫
જે માંહાં કેવલ સ્વરૂપના ધર્મજી કૃત્ય કૃપા મર્મ અનેક છે જી
૨સ જુત અનેક ૨સે સંપન્નજી ભીન્ન ભીન્ન બહુ વીવેક છે જી ૧૬૬
ભકતનુ કૃત્ય પ્રભુનુ આચરણજી એહુ શુભ કરણ સાથે કહયાજી
વીષય અનેક કહયા છે એહના જેહજી એ ગ્રંથ જોએથી પડે લહયાજી ૧૬૭
જે માંહે નીરૂપાધી સ્વરૂપ સુદેશજી કૃત્ય નીરૂપમ જે યથા વીધીજી
નીરૂપાધી ભકતના ભાવ સમેતજી નીરૂપાધી હેત તણા નીધીજી ૧૬૮
સ્વરૂપ રસાવલી ગ્રંથનું નામજી આવલી સ્વરૂપ તણી એહજી
ગાતા સુણતા મન અલગું ન થાએજી રહે ૨સમાં ઉર લરીયા નેહજી ૧૬૯
અનુભવમાં મન પાગ્યું રહે જેહજી અનરાગ્યું રહે ત્યાંહાં રંગમગીજી
ઇતર ગમન મનને નવ થાએજી ગાયે સુણે જે કોઇ મન લાગીજી ૧૭૦

એહવો સ્વરૂપ રસાવલી એ ગ્રંથજી ગ્રંથીત સ્વરૂપની આવલીજી
સ્વરૂપે લપેટયા સહુ અક્ષર સુદેશજી સ્વરૂપ લપેટયું રે અક્ષરે મલીજી ।૭૧।
સ્વરૂપાત્મીક જેહના અક્ષર સુભાવીજી ભાવી ભુતો ન કોઇ એહ સમજી
અક્ષરાત્મક જયાંહાં સ્વરૂપ તે દેખું જી શું વીસેખું ચરણે નમુજી ।૭૨।
એહવો એ ગ્રંથ ગ્રંથીત કર્યો સારજી પ્રાણાધારે સ્વકીય હીતેજી
કર્યું નીજ ઇચ્છા દ્વારા પ્રકાશજી દાસ ગોપાલે આણી ચીતેજી ।૭૩।
ને વલી મહા ભાગ્યરાસ સોહાગીજી અતી અનુરાગી જે મહેદ ઘણુજી
એહોની કૃપાનુ કરણા ભર્યું હેતજી અંકીત સહીત છે તેહો તણુજી ।૭૪।
માંગલ્ય એકવીસ એ ગ્રંથનો વીસ્તારજી દશ હજાર આઠસો બત્રીસ કલીજી
તેર સહસ્ત્ર બસો બાવીસ છે શ્લોકજી લોકોતર પહોંચી છે મન વલીજી ।૭૫।
એકેક માંગલ્યમાં વીષય અનેકજી તેહ વીવેક તે થાએ નહીંજી
તે માટે માંગલ્યની સુચનીકા મેં કરીજી ભરી ભાવે લખું અહીંજી ।૭૬।
પ્રથમ માંગલ્યે મંગલાચરણ કરીયજી ઉલટ ભર્યો રે આરંભ હવોજી
કેશથો આરંભીને ઠોડી પરજંતજી અતી સુખવંત દરસ અભીનવોજી ।૭૭।
શ્રીમુખના અંગ અવ્યવ સહીતજી વીહીત પ્રકારે વીવરણ કર્યાજી
પ્રતીએકના પ્રાતઃથી નીત્ય ચરીત્રજી પોઢયા લગી કહયા રે ઉલટ ભર્યાજી ૭૮।
બીજે માંગલ્યે થીવા તણુ નીતચરીત્રજી વીચીત્ર પ્રકારે વીસદ કર્યું જી
કરનું ચરીત્ર કહયું પોઢયા પરજંતજી અતી ઉનમત ભાવે ભર્યું જી ।૭૯।
ત્રીજે માંગલ્યે હૃદય થકી તે રસ ભરીજી ફરી ફરી રે પોઢયા લગીજી
ઉદર નાભી કટી જાનુ જંઘ સંગેજી ઉતરતા અંગ કહયા અંગે પગીજી ।૮૦।
ચરણ ચરીત્ર કહ્યું શોભાએ સંયુકજી ઉકત ભારી રે પહોંચી જહાંજી
મહીમા પ્રતાપ ને એનું જે સામર્થજી અર્થ લહીને કો કહે કયાંહાંજી ।૮૧।
એ ત્રણ માંગલ્યે કરી શીખથી લેખજી ચરણ દેઈ રે મન જયાંહાં રહયુજી
પ્રતીઅંગનુ શુભ સ્વરૂપ સહીતજી આવરણ રહીત રે વીસદ કર્યું જી ।૮૨।
ચોથે સમુગ એ સ્વરૂપ નિત્ય ચરીત્રજી વીચીત્ર પ્રકારે કહયું ફરીજી
દર્શન દાન થકી દેહકૃત લગીજી અતી રંગમગી રે ઉલટ ભરીયજી ।૮૩।
પાંચમે પ્રથમ નાહી પધાર્યાજી વાર્યા રે સેવક જોઇ એહજી
ભીતર મંગલ જોઇને ભકત વલીયાજી કુલ્યા ફુલ્યા રે ભર્યા નેહજી ।૮૪।
ભકત પરસપર અનુભવ કહેતાજી લહેતા રે સુખ આપણુજી
બીજી વાર નાહીને ભીતર જઇ બેઠાજી છઠે કહયું ચરીત્ર એ સોહામણુજી ।૮૫।
સાતમે ભકત ઘેર વલીયા તે ફરીજી ભોજન કરી અચવ્યા લગીજી
આઠમે અચવી આંગણ બેઠા ચોકીએજી ભાંતી અનોખીએ તે રંગમગીજી ।૮૬।
ચોકીએથી ઉઠી સેજયાએ રસ ભર બેઠાજી ત્રુઠીને દાન કર્યું ભકતનેજી
એણે માંગલ્યે કહયો એ પ્રસંગજી પોઢી ઉઠયા ભાગ્યે અનુરકતનેજી ।૮૭।
નવમે શ્રંગાર કરી આવ્યા સહુ ભકતજી અનુરકત દર્શનમાં થઇજી
ઉથાપને ઉઠી ચરણ ક્ષાલણ કરીજી ફરી પીઠે બેઠા છે રસમઇજી ।૮૮।

દસમે ઉથાપને આવ્યા ગાદી તજીએજી
સભા વર્ણન કર્યું ભાવ સમેતજી
એકાદસમે ઉથાપન કેરા વીષયજી
દ્વાદસે દેશ દેશની ભેટજી
તેરમે માંગલ્યે ઉથાપને ભેટ વલીજી
વીનતી વીનય સહીત આવે ઘણીજી
ચૌદમે માંગલ્યે વસંત ખેલાવેજી
પંદરમે પધરાવવા પોતા કેરે ધામજી
સોલમે માંગલ્યે ખેલ વસંતના થાએજી
વસંત પંચમી થકી ડોલ પર્યંતજી
સતરમે કુલમંડલીનો પ્રસંગજી
વલતા સંખ્યા કરી તબકડીએ આવ્યાજી
અઢારમે માંગલ્યે એમ ઉથાપન કહ્યાજી
એક એકમાં છે વીષય અનેકજી
અષ્ટા દસે સેન આરતીથી પધારીજી
તેલ સેન્યાએ બેસી તેલાભ્યંગ કરીજી
ગરમીએ ગાદી બેઠા સુખસેજે પોઢયાજી
માંગલ્ય ઓગણીસમે એહનો વીસ્તારજી
વીસમે વીસદ કર્યો પ્રસંગ અનુપજી
સુખસેજે સુખસું સુખનો કર્યો ભોગજી
વીસમે માંગલ્ય મંગલાચરણ થકીજી
બુદ્ધી પ્રમાણે અનુભવે અનુસરીજી
કેવલ સ્વરૂપ વરણન બ્રુત ચરીત્રજી
પોઢયાથી ઉઠી ફરી પોઢયા પર્યંતજી
વલી ફરી ઉઠી કરે નીત્ય તણુ કૃત્યજી
ફલશ્રુતી લખી છે સ્વરૂપ સમેતજી
એકવીસે ગ્રંથે કરી ગથના સર્વજી
એણીપેરે અમીત કૃપાને સામર્થજી
સ્વરૂપ રસાવલી ગ્રંથ એ નામજી
એહ અનન્ય ધર્મનું છે ધામજી
સ્વરૂપ નેષ્ટીક સ્વરૂપના રસપાત્રજી
સ્વરૂપ રસના મધ્યપાતી જે સુજાતીજી
જેહને કેવલ એ સ્વરૂપ રસનું દાનજી
નીરગલીતાર્થ જે ધર્મ રહીતજી
નખશીખ શીખ નખ રૂપમાં પાગ્યાજી
એહ વીન બીજું ન આવે જેને ચીતજી

શકીએ શું કહી રે શોભા એહજી
હેત જેહમાં રે ભર્યા નેહજી ।૮૯।
લખ્યા ભાવતા નવ નવાજી
આવે છે અહીં સમરપવાજી ।૯૦।
ભલી રે કરે રે ભગવદી મલીજી
ઘણી ઉતર લખે મન રલીજી ।૯૧।
નીજ બેઠકમાં સોહાગીયાજી
કામ પુરે રે અનુરાગીયાજી ।૯૨।
દાનતરાએ જે ખેલાવીયાજી
અતી સુખવંત મન ભાવીયાજી ।૯૩।
રંગ ભર્યા રે માલા કરેજી
અતી મન ભાવ્યા બેઠા જલઘરેજી ।૯૪।
અતી રસ ભર્યા ભાવે ભરીયાંજી
વીવેક ન થાએ રે વીસદ કર્યાજી ।૯૫।
સીધારીને આવી બેઠા આસનેજી
ફરીને સુખ આપ્યું દાસનેજી ।૯૬।
હેજે ભર્યા રે આનંદ મઈજી
નર નાર વલ્યા એ સુખ લેવજી ।૯૭।
રૂપ જાએ ન એહનુ કહયુજી
સંજોગીયા ભકતે તે સુખ લહ્યુંજી ।૯૮।
શકીયે રે જેહવું કૃપા બલેજી
કરી નમન રે સ્વરૂપ બલેજી ।૯૯।
વીચીત્ર પ્રકારે વીસદ કર્યું જી
અતી રસવંત ભાવે ભર્યું જી ।૧૦૦।
એમ નીતનુ નીત કૃત્ય જેહજી
હેત જેમાં રે કેવલ નેહજી ।૧।
પર્વે પર્વે ન્યારી કરીજી
અર્થ સર્યો રે આરત હરીજી ।૨।
કામ પુરક એ સ્વકીય તણુજી
નામ તેહવું રે સોહામણુજી ।૩।
પાત્ર શુદ્ધ રસના જેહજી
એ રસ જાણે જે ભર્યા નેહજી ।૪।
કરી સનમાન પોતે કર્યું જી
ધર્મી રૂપ રસે ભર્યું જી ।૫।
અતી અનુરાગ્યા રે એણે રસેજી
નીજ મન સોંપી રહ્યા રસ વસેજી ।૧૦૬।

એહ જીવન ધન સર્વસ્વ એહજી નેહ ભર્યા રે એહજ કહેજી
એ સ્વરૂપે જેને અનુસંધાનજી તે ભાગ્યવાન એ ગ્રંથ લહેજી ।૧૦૭।
એહવો એ ગ્રંથ કૃપા તણે તે સામર્થજી અર્થ પુરક રે એ સીધ થયોજી
એણે પ્રકારે રસ પ્રગટ કર્યાનોજી મન તણો સોચ ઓસદ ગયોજી ।૮।
એ સ્વરૂપ જથારથ જણ્યાનુ દાનજી પ્રારથી પ્રહસીત થઈ કર્યું જી
પ્રાગટ દશાએ અતી પ્રણય સમેતજી નીત્ય કરી કહ્યું અનુભાવે ભર્યું જી ।૯।
ને વલી મહેદ પદ રજનુ દાનજી સનમાન કર્યું રે મારે વીષેજી
તે અંગ અંગ રોમ રોમમાં પાગ્યું જી અનુરાગ્યું સ્વતઃ સબંધે લસેજી ।૧૦।
એહવા કારણ કરૂણાએ ભર્યા બહુજી સહુ કહયા રે જાએ નહીં જી
સૌભાગ્યનો મદ હૃદય અસમાતો થઈજી પ્રગટ કર્યો રે કાંઇ તેણે અહીં જી ।૧૧।
એહ કૃપાએ કરી ગ્રંથ હવો પુરણજી અપુર્ણતાને રસે ભર્યોજી
અપુર્ણે પુર્ણ પુર્ણે અપુર્ણજી ઇચ્છાએ એવો રસ સીધ કર્યોજી ।૧૨।
દાસ ગોપાલ હું વ્યારાનો પહેલા વાસીજી કાયસ્થ જ્ઞાતી રે મારી હૂતીજી
પીતા દેવજી મહેતો દેશમાં પ્રસીધ્ધજી માતા વાલબાઇ મહા શુભમતીજી ।૧૩।
સ્ત્રી જવાદે પુત્રી ગોમતી લહીએજી કહીએ શું વીસદ કહીનેજી
એહો પર મહેદ કૃપા કરી ઘણીજી ઘણી તણો સબંધ લહીનેજી ।૧૪।
કનીષ્ટ બેટી શ્યામબાઇ તેનું નામજી કામ તેનુ રે પહેલા સર્યું જી
જમાત સહીત હીત પ્રભુએ વીચારીજી નારી નર સહુ અંગીકૃત કર્યું જી ।૧૫।
પુત્ર વલ્લભદાસ ને મુકુંદદાસજી આશ એહની રે રસે ભરીજી
દોહીત્ર શ્યામદાસ સેવાએ સંપન્નજી સુમન એહનું રે સગે કરીજી ।૧૬।
સ્ત્રી અને પુત્રી પુત્રવધુ છે જેહજી તેહ હવું રે સનમુખ અહીં જી
કેવલ સ્વરૂપ ભજનીય રસ ભાવજી અન્યથા ભાવ રે કેને નહીં જી ।૧૭।
એણીપેરે સહુ પદકમલે અનુસરીયાજી સરીયા રે કાજ સહુ એહનાજી
એ ઉપકાર હું ને ભગવદી તણોજી ઘણો છે નામ લખું કેનાજી ।૧૮।
એહોની કરૂણાએ કરૂણાનાથે કરૂણાજી કીધી કો કારણ લહીનેજી
અનીરવચની તેનો છે વીસ્તારજી શું કહું વીસદ કહીનેજી ।૧૯।
એ ગ્રંથની ફલશ્રુતી લણી છે પહેલીજી વીસમેં માંગલ્યે રે વીસદ કરીજી
સ્વરૂપથી અધીક છે તેહના ધર્મજી મર્મ લહે શ્રષ્ટી જે રસે વરાજી ।૨૦।
કહયો અનુભવ રસ રસમાં પાગીજી અનુરાગી સ્વરૂપ રસે ભરીજી
ગ્રંથ ઉપસંહારનુ કીધું એણીપેરજી ભકતને પ્રભુની કૃપાએ કરીજી ।૨૧।
દાસગોપાલ કહે એહ વીપ્રયોગજી ભોગ જનીત બંધ કાપીએજી
વીપ્રયોગ રસમાંહે રસ દાનજી માન સહીત મુને આપીએજી ।૨૨।
વાત્સલ્યે વીનીયોગે અંગ માહું નીત્ય આવેજી ભાવે મુખ ને હીત સ્વરૂપનેજી
જેહનો આસય સમજે નવ કોઇજી જોઇ ઉભય મોહી રહયું રૂપનેજી ।૨૩।
સંવત સતર ને સતર સારજી માસ અસાડ વદી પંચમીજી
એણે દીવસે એ ગ્રંથ હવો સીધજી મહા નીધીની રે ચરણે નમીજી ।૧૨૪।

ઇતીશ્રી સ્વરૂપ રસાવલીનું
માંગલ્ય-૨૧-એકવીસમું સમાપ્ત